Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Trivedi, Bhavna A., 2011, " પુરાણગત વૈદિક સંદર્ભોનું સમીક્ષાત્મક અધ્યયન ",
thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/895

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

Reg. No. 3951 Date of Reg. : 31/07/2008

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, વિનયન વિદ્યાશાખાના સંસ્કૃત વિષયમાં**

**Ph.D.ની પદવી માટે પ્રસ્તુત**

# મહાનિબંધ (Thesis)

**:: શીર્ષક ::**

'પુરાણગત વૈદિક સંદર્ભોનું સમીક્ષાત્મક અધ્યયન'

['A critical study of The Vedic References in The Puranas']


**:: પ્રસ્તુતકર્ત્રી ::**

પ્રા. કુ. ભાવના એ. ત્રિવેદી

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,

બીલખા

**:: માર્ગદર્શક ::**

ડૉ. નવનીત જે. જોશી

અધ્યક્ષ અને પ્રો–ઈન–ચાર્જ

સંસ્કૃતવિભાગ અને અનુસ્નાતક કેન્દ્ર

એમ.બી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,

ગોંડલ


ઈ. સ. ૨૦૧૦

# CERTIFICATE

This is to certify that the content of this thesis entited-

**'પુરાણગત વૈદિક સંદર્ભોનું સમીક્ષાત્મક અધ્યયન'**

[' A critical study of The Vedic References in The Purãnas']

-is the original research work of **Prof. Ku. Bhavna A. Trivedi** carried out under my supervision.

I further certify that work has not been submitted either partly or fully to any other university or institution for the award of any degree.


[Prof. Navnit J. Joshi]
Head & Professor - in - charge
Dept. of Sanskrit with P.G. Center,
Shri.M.B. Arts & Commerce Colage,
Gondal.

# STATEMENT

I hereby declare that the work incorporated in the present thesis is original and has not been submitted to any University or Institute for the award of a Diploma or Degree.

I further declare that the results presented in the thesis consideretion made there-in, contribute in general to the advancement of knowledge in Sanskrit and in particuler to -

'પુરાણગત વૈદિક સંદર્ભોનું સમીક્ષાત્મક અધ્યયન'

[' A critical study of The Vedic References in The Purªnas'].

[Ku. Bhavna A. Trivedi]
Candidate

# નિવેદન

'वेदे सर्वं प्रतिष्ठितम्' અનુસાર કોઈ પણ ભારતીય વિદ્યા, દર્શન કે જ્ઞાનનાં મૂળ શોધતાં, વેદો સુધી પહોંચીને અટકી જવાય છે. સંપૂર્ણ ભારતીય સંસ્કૃતિનાં બીજો વેદોમાં સચવાયેલાં પડયાં છે. વૈદિક સાહિત્ય જેવું જ અન્ય બહુશ્રુત અને બહુખ્યાત ભારતીય સાહિત્ય પુરાણ–સાહિત્ય છે. વેદોએ ભારતીય સંસ્કૃતિનું રોપણ કર્યું છે, તો પુરાણોએ તેનું પોષણ. ભારતીય સમાજના તલથી માંડીને શિખર સુધીના વર્ગને આ બન્ને પ્રકારનાં સાહિત્યોએ સ્પર્શીને અનુપ્લાવિત  કરેલ છે. બન્ને અલગ–અલગ સાહિત્યપ્રકારો હોવા છતાં એકબીજાનાં પૂરક હોવાનો અહેસાસ અવારનવાર મનમાં થયા કરતો. સમયની દષ્ટિએ વેદો વિશ્વનું પ્રાચીનતમ સાહિત્ય છે; પરંતુ 'પુરાણ' એવું નામ પણ પ્રાચીનતાનું જ દ્યોતક હોવાથી, બન્ને વચ્ચેનો સંબંધ પૂરક–પૂર્યનો જ ન હોતાં કંઈક ભિન્ન કે વિશેષ હોવો જોઈએ– એ વિચાર આ સંશોધનકાર્ય કરવામાં મૂળ પ્રેરક છે. સંપૂર્ણ સ્વતંત્રપણે ઉદ્ભવેલું 'પુરાણ', વેદની અત્યધિક પ્રતિષ્ઠાની છાયામાં આવીને જ માત્ર વિકસ્યું હોય, એમ માનવાને અનેક કારણો હોવા છતાં મન માનતું ન હતું. આથી, આ અંગે ગહન અભ્યાસ કરવાથી કશુંક નવું બહાર લાવી શકાય, એમ વિચારીને 'हाथ कंगन को आरसी क्या' અનુસાર પુરાણના તજ્જ્ઞ મારા ગુઢવર્ય અને સગપણમાં મામા ડૉ. નવનીતભાઈ જોશી સાથે એતદ્ વિષયક ગહન ચર્ચા કરી. એમણે મને આ અંગે સંશોધન કરીને સ્વયં જ કશું પ્રાપ્ત કરવાની સલાહ આપી અને સાથે સાથે એ પણ જણાવ્યું કે, વૈદિક ગ્રંથોથી પુરાણનો સંબંધ જાણવો પૂરતા પુરાવાઓના અભાવે થોડો કઠિન થશે; પરંતુ પુરાણોના માધ્યમથી વેદ સુધી પહોંચવું પ્રમાણમાં સરળ રહેશે. મારા માર્ગદર્શનની ખરી શરૂઆત અહીંથી જ થઈ. પ્રસ્તુત સંશોધનકાર્યનો 'પુરાણગત વૈદિક સંદર્ભોનું સમીક્ષાત્મક અધ્યયન' વિષય પસંદકરવા પાછળ આ જ મુખ્ય હેતુ છે.

ઉત્સાહ કઠિન કાર્યનો મુખ્ય સાથી છે. આ વિષય મારા રસનું ક્ષેત્ર હોવાથી, ઉત્સાહ સાદ્યંત જળવાઈ રહ્યો અને એટલા જ ઉત્સાહથી પ્રાપ્ત થયેલ માર્ગદર્શને આ કાર્યને પરિણામ સુધી પહોંચાડયું.

આ સંપૂર્ણ સંશોધનકાર્યને પૂર્ણ કરવામાં મારા ગુઢવર્ય ડૉ. નવનીતભાઈ જોશીએ માત્ર માર્ગદર્શક તરીકેની શુષ્ક ફરજ જ નહી, સગપણમાં સગાં મામા થતાં હોવાથી લાડ–દુલાર અને કયારેક મીઠાં ઠપકાં આપવાનું કાર્ય પણ કર્યું. એમનો આભાર તો માનવો જ રહ્યો, પણ ભાણેજ તરીકેનો અધિકાર પણ કેમ ન જતાવવો! એથી એક અર્થમાં આ કાર્ય

મારા માટે 'મોસાળે જમણ' જેવું રહ્યું. મામીશ્રી આરાધનાબહેને પણ પોતાની વ્યસ્તતામાંથી સમય કાઢીને, મને આ કાર્યમાં અનેકવિધ મદદ કરીને મને પ્રોત્સાહિત કરી, આ તકે એમને પણ કેમ વિસરી શકું. આ બન્નેનો હું શતશત વંદન સાથે હૃદયપૂર્વક આભાર માનું છું.

મારા પૂ. પિતાશ્રી અનિરુદ્ધભાઈ એચ. ત્રિવેદી અને પૂ. માતાશ્રી હંસાબહેનને પણ પ્રણામ કરું છું. એમની લાગણી, હૂંફ અને પ્રેમે મને સતત–સતત આગળ વધવા પ્રેરી છે. એમને ફરી–ફરી વંદન કરું છું. નાના ભાઈ–બહેનો ચિ. નમ્રતા, ડૉ. દર્પણ, નિકુંજ, યશસ્, નિધિ, શ્યામ, વિશ્વા, રાજના પ્રેમને તો યાદ કરવો જ રહ્યો.

મારા સંશોધનકાર્યમાં મદદરૂપ બનનાર, સંસ્કૃતના અપ્રાપ્ય મૂળગ્રંથો અને અન્ય સામગ્રી મારા માટે સુગમ બનાવનાર અને સંશોધનકાર્ય વિશે વારંવાર પૂછતાં રહીને મને પ્રોત્સાહન અને સહકાર આપનારાં મોટા મામાશ્રી વિનોદભાઈ જોશી (ભાલજ્યોતિ વિદ્યાલય, બંધાળા), મામાશ્રી પ્રવીણભાઈ જોશી (ભાગવતાચાર્ય), વડિલબંધુશ્રી ડૉ. નીલેશભાઈ ત્રિવેદી, કેતનભાઈ મહેતા (જ્યોતિષાચાર્ય), પ્રજ્ઞેશભાઈ મહેતા અને રાજેશભાઈ ત્રિવેદી, વહાલી દીદીઓ પ્રતિભાદીદી, અંજનાદીદી, દિવ્યાદીદી તથા શ્રીમન્નથુરામ શર્મા આનંદાશ્રમ, બીલખાના ગ્રંથપાલીકા માનનીયા વિદ્યાબહેનનો ખૂબ ખૂબ આભાર.

આ સંશોધનકાર્યરૂપી મહાસાગરને તરી જવાંને જેમણે મને હલેસાં મારવામાં મદદ કરી છે, એવા અમારી કોલેજના આચાર્ય ડૉ. શાંતિલાલ ચોટલિયા, ડૉ. આર. સી. ફિચડિયા તથા પ્રા. નયનાબહેન પટેલ(ધાણક કોલેજ, બગસરા), પ્રિ. પંકજભાઈ પાઠક અને પ્રા. હિરલબહેન પાઠક (આર્ટ્સ કોલેજ, દેરડી), પ્રા. વિપુલભાઈ ત્રિવેદી (આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધારી), બહાઉદ્દીન કોલેજ, જુનાગઢ તથા પ્રતાપરાય આર્ટ્સ કોલેજ, અમરેલીના સંસ્કૃત વિભાગોનો તમામ સ્ટાફ, એચ. એચ. વાળા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બીલખાનો સમગ્ર સ્ટાફ તથા આ બધી કોલેજોના ગ્રંથપાલશ્રીઓ અને ખાસ કરીને એમ. બી. કોલેજ, ગોંડલના ગ્રંથપાલશ્રી મનીષભાઈ બુચનો આ તકે ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું.

અને અંતે........ આ કાર્યને પૂર્ણ કરવામાં પરોક્ષ રીતે સહાયક બનનારા ગ્રંથલેખકો, સંપાદકો, પ્રકાશકો અને અનુવાદકો તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક બનનાર નામી–અનામી અને આભારના અધિકારીઓનો પણ આભાર.

પ્રસ્તુત શોધ–પ્રબંધને તૈયાર કરવામાં શકય તેટલી તમામ સજાગતા વર્તી છે, છતાં માનવ સહજ અપૂર્ણતાને કારણે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો સુધિજનો ઉદાર હૃદયે ક્ષમા કરશે, એવી આશા સાથે.................

– પ્રા. કુ. ભાવના ત્રિવેદી

'પુરાણગત વૈદિક સંદર્ભોનું સમીક્ષાત્મક અધ્યયન'

# વિભાગ– ૧,

## પ્રકરણ – ૧ થી ૭

પ્રકરણ – ૧, પુરાણોની પ્રાચીનતા
પ્રકરણ – ૨, અઢાર પુરાણોનો ક્રમિક વિકાસ
પ્રકરણ – ૩, વેદો અને પુરાણોનો સંબંધ
પ્રકરણ – ૪, પુરાણોમાં વેદ–સંહિતાઓ સંબંધી માહિતી
પ્રકરણ – ૫, પુરાણોમાં બ્રાહ્મણગ્રંથો સંબંધી માહિતી
પ્રકરણ – ૬, પુરાણોમાં આરણ્યકગ્રંથો સંબંધી માહિતી
પ્રકરણ – ૭, પુરાણોમાં ઉપનિષદ સંબંધી માહિતી

# વિભાગ– ૨,

# પરિશિષ્ટ – ૧ થી ૩

પરિશિષ્ટ – ૧, વૈદિક સાહિત્ય સંબંધી ચાર્ટ્સ

પરિશિષ્ટ – ૨, અક્ષ્ટાદશ પુરાણો સંબંધી ચાર્ટ

પરિશિષ્ટ – ૩, સહાયકસંદર્ભગ્રંથોની અકારાદિ ક્રમે સૂચિ

- સંસ્કૃતગ્રંથો
- હિન્દીગ્રંથો
- અંગ્રેજીગ્રંથો
- ગુજરાતીગ્રંથો
- કોશગ્રંથો

# પરિશિષ્ટ – ૧
# વૈદિક સાહિત્ય સંબંધી ચાર્ટ્સ

# પરિશિષ્ટ – ૨
# અષ્ટાદશ પુરાણો સંબંધી ચાર્ટ

# પરિશિષ્ટ – ૩
# સંદર્ભગ્રંથોની અકારાદિ ક્રમે સૂચિ

# ◆ અનુક્રમણિકા ◆


| | વિગત | પાના નંબર |
|---|---|---|
| | અનુક્રમણિકા | ૦૦૧ થી ૦૦૨ |
| **પ્રકરણ–૧** | **પુરાણોની પ્રાચીનતા** | **૦૦૩ થી ૦૩૮** |
| | (અ) ભૂમિકા | ૦૦૪ થી ૦૧૪ |
| | (બ) પુરાણોની પ્રાચીનતા | ૦૧૫ થી ૦૩૪ |
| | પાદટીપ | ૦૩૫ થી ૦૩૮ |
| **પ્રકરણ–૨** | **અઢાર પુરાણોનો ક્રમિક વિકાસ** | **૦૩૯ થી ૧૩૫** |
| | (અ) આદિમ પુરાણ | ૦૪૨ થી ૦૪૭ |
| | (બ) પુરાણની દ્વિવિધ ધારાઓ | ૦૨૮૪ થી ૦૬૩ |
| | (ક) ઈતિહાસ – પુરાણ | ૦૬૪ થી ૦૭૭ |
| | (ડ) પુરાણ– સાહિત્ય | ૦૭૮ થી ૦૯૪ |
| | (ઇ) અઢાર પુરાણોનો પરિચય | ૦૯૫ થી ૧૨૭ |
| | પાદટીપ | ૧૨૮ થી ૧૩૫ |
| **પ્રકરણ–૩** | **વેદો અને પુરાણોનો સંબંધ** | **૧૩૬ થી ૧૮૭** |
| | (અ) ધાર્મિક દષ્ટિએ | ૧૪૦ થી ૧૫૮ |
| | (બ) સાહિત્યિક દષ્ટિએ | ૧૫૯ થી ૧૬૭ |
| | (ક) આધ્યાત્મિક દષ્ટિએ | ૧૬૮ થી ૧૭૩ |
| | (ડ) અવતારવાદની દષ્ટિએ | ૧૭૪ થી ૧૭૯ |
| | પાદટીપ | ૧૮૦ થી ૧૮૭ |
| **પ્રકરણ–૪** | **પુરાણોમાં વૈદિક સંહિતાઓ સંબંધી માહિતી** | **૧૮૮ થી ૨૯૬** |
| | (અ) વૈદિક સંહિતાઓ– | |
| | ઋક્, યજુષ્, સામ, અથર્વ | ૧૮૯ થી ૨૦૪ |

| | | |
|---|---|---|
| | (બ) વેદની શાખા – પ્રશાખાઓ | ૨૦૫ થી ૨૨૬ |
| | (ક) મંત્રો – સૂક્તો | ૨૨૭ થી ૨૪૫ |
| | (ડ) કથા – આખ્યાનો | ૨૪૬ થી ૨૮૩ |
| | પાદટીપ | ૨૮૪ થી ૨૯૬ |
| **પ્રકરણ–૫** | **પુરાણોમાં બ્રાહ્મણગ્રંથો** | **૨૯૭ થી ૩૧૬** |
| | **સંબંધી માહિતી** | ૨૯૭ થી ૩૧૩ |
| | પાદટીપ | ૩૧૪ થી ૩૧૬ |
| **પ્રકરણ–૬** | **પુરાણોમાં આરણ્યકગ્રંથો** | **૩૧૭ થી ૩૩૨** |
| | **સંબંધી માહિતી** | ૩૧૭ થી ૩૩૧ |
| | પાદટીપ | ૩૩૨ થી ૩૩૨ |
| **પ્રકરણ–૭** | **પુરાણોમાં ઉપનિષદગ્રંથો** | **૩૩૩ થી ૩૫૫** |
| | **સંબંધી માહિતી** | ૩૩૩ થી ૩૫૨ |
| | પાદટીપ | ૩૫૩ થી ૩૫૫ |
| | **પરિશિષ્ટો** | **૩૫૬ થી ૩૭૧** |
| **પરિશિષ્ટ–૧** | વૈદિક સાહિત્ય સંબંધી ચાર્ટ | ૩૫૬ થી ૩૫૯ |
| **પરિશિષ્ટ–૨** | અષ્ટાદશ પુરાણો સંબંધી ચાર્ટ | ૩૬૦ થી ૩૬૦ |
| **પરિશિષ્ટ–૩** | સંદર્ભ–ગ્રંથોની અકારાદિ ક્રમે સૂચિ | ૩૬૧ થી ૩૭૧ |
| | – સંસ્કૃતગ્રંથો | ૩૬૧ થી ૩૬૫ |
| | – હિન્દીગ્રંથો | ૩૬૬ થી ૩૬૭ |
| | – અંગ્રેજીગ્રંથો | ૩૬૮ થી ૩૬૮ |
| | – ગુજરાતીગ્રંથો | ૩૬૯ થી ૩૭૦ |
| | – કોશગ્રંથો | ૩૭૧ થી ૩૭૧ |

******

# પ્રકરણ– ૧, પુરાણોની પ્રાચીનતા

(અ) ભૂમિકા

(બ) પુરાણોની પ્રાચીનતા

પાદટીપ

# પ્રકરણ–૧, પુરાણોની પ્રાચીનતા

## (અ) ભૂમિકા

ભારતીય સંસ્કૃતિના મૂલાધારના રૂપમાં વેદોનું મહત્ત્યવ અને ગૌરવ અતુલનીય છે. વેદવિહિત વિચારધારાનો અક્ષુણ્ણ પ્રવાહ ભારતીય સંસ્કૃતિને પાવન કરતો નિરંતર વહેતો આવ્યો છે. વૈદિક વાઙ્મય એક એવો મહાનદ છે, જેની વિવિધ વિચારધારાઓ સમસ્ત વિશ્વને આપ્લાવિત કરતી રહી છે. વૈદિક જ્ઞાન અને દર્શનના વ્યાપક પ્રભાવને કારણે જ, ભારતીય સંસ્કૃતિ અનેકવિધ આક્રમણોની સામે પણ પૂર્વવત્ અવિચળપણે ટકી રહી છે. વેદોના અનુશીલનથી મનુષ્ય પોતાના અમૂલ્ય જીવનને સર્વપ્રકારે સમુન્નત બનાવીને ઇહલૌકિક તેમજ પારલૌકિક અભ્યુદયને પ્રાપ્ત કરી શકે છે. માનવીય જીવનમાં ઉપસ્થિત થતાં અવસ્થા, અધિકાર, સ્થાન, સંબંધાદિની સાથે સંયુક્ત પ્રસંગોના સમયે શ્રેષ્ઠ માર્ગ–પ્રદર્શન કરવાની ક્ષમતા, વૈદિક વિચારધારાઓની વિશેષતા છે. માનવીય કર્તવ્યોના વિષયમાં વૈદિક વિચારધારાઓનો દષ્ટિકોણ હંમેશાં વ્યાપક રહ્યો છે. તેનું સામાજિક જીવન અત્યંત ઉત્કૃષ્ટ આદર્શોની સાથે સંબદ્ધ છે, તો તેનો માનવીય પક્ષ, વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વની સાર્વભૌમ ભાવનાઓથી ઓતપ્રોત છે. વેદમંત્રોમાં સ્થાને–સ્થાને, માનવમાત્રને માટે પરસ્પર સૌહાર્દ, મિત્રતા તથા સહાય–ભાવનાનો ઉદાત્ત ઉપદેશ પ્રસ્તુત છે. એનાથી મનુષ્યોમાં પરસ્પર સુમતિ, સદ્વિચાર અને સદ્ભાવનાનો વિકાસ થઈ શકે છે.

આજે વિશ્વને જેની અત્યંત આવશ્યકતા છે, તે, મનુષ્યોમાં પરસ્પર સુમતિ, સદ્વિચાર અને સદ્ભાવનાના વિકાસને માટે વેદો મહત્ત્યવના પથપ્રદર્શક બની શકે તેમ છે. ઋગ્વેદ નોંધે છે કે,– 'મનુષ્યે મનુષ્યનું ચારે બાજુથી રક્ષણ કરવું જોઈએ.[૧] યજુર્વેદનું પણ વિધાન છે કે, 'હું પ્રાણીમાત્રને મિત્રની દષ્ટિએ નિહાળું'[૨] તો અથર્વવેદ પણ કહે છે કે,– 'આવો, આપણે બધા સાથે મળીને એવી પ્રાર્થના કરીએ, જેનાથી પરસ્પર સુમતિ તથા સદ્ભાવનાનો વિસ્તાર થાય !'[૩] ઋગ્વેદની આ ઉકિત– 'संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् ।'[૪]– તો વિશ્વપ્રસિદ્ધ જ છે. આથી, માનવમાત્રને પ્રતિ કલ્યાણની કામના, સદ્ભાવના અને સૌહાર્દના પ્રતિપાદક અને આદર્શમય ઉપદેશ આપનારા વેદો વિશ્વસાહિત્યના અનુપમ ગ્રંથો છે.

વિશ્વકલ્યાણકારી અને વિશ્વબંધુત્વની આવી જ ઉદાત્ત અને આદર્શમય ભાવનાઓથી ઓતપ્રોત, વિશ્વબંધુ વેદોના ઉપબૃંહણ(સ્પષ્ટીકરણ)ના હેતુથી

હેતુથી પુરાણોનું નિર્માણ થયું હોવાનું મહાભારતકારનું વિધાન છે.[૫] એમાં સરળ અને સુબોધ, ભાવગમ્ય અને અતિમંજુલ ભાષામાં વેદાર્થોનું વિશદીકરણ કરવામાં આવ્યું છે. વેદવિજ્ઞાનનું મનોરંજક ઉપાખ્યાનના રૂપમાં પ્રસ્તુતીકરણ પુરાણોની અદ્ભુત વિશેષતા છે. આ દષ્ટિએ પુરાણોનું ધાર્મિક મહત્ત્યવ તો છે જ, સાથેસાથે પૂર્વકાલિક આદર્શ સમાજનું સ્વરૂપ પણ તેમાંથી પ્રાપ્ત થતું હોવાથી, તેનું સામાજિક મહત્ત્યવ પણ અદ્વિતીય છે. છેક, પ્રાચીનકાળથી જ સમાજને એક તાંતણે બાંધી રાખવાનું ઉત્તરદાયિત્વ વિશેષતઃ પુરાણોએ જ નિભાવ્યું છે. એનું ઐતિહાસિક મહત્ત્યવ પણ સવિશેષ છે. પુરાણોએ મહદંશે વેદોનું વાસ્તવિક તાત્પર્ય સમજાવવા માટે અને માનવજીવનના ચરમલક્ષ્યરૂપ ભગવત્પ્રાપ્તિના અર્થે આવશ્યક ઐતિહાસિક ઘટનાઓનું જ વર્ણન કર્યું છે. પૌરાણિક ઇતિહાસની પુષ્ટિ શિલાલેખો, સિક્કાઓ, વિદેશીઓનાં યાત્રાવર્ણનો અને મોહેં–જો–દરો તથા હડપ્પા વગેરે જેવાં સ્થાનોએ કરવામાં આવેલ ઉત્ખનનો દ્વારા પ્રાપ્ત થયેલી વિભિન્ન વસ્તુઓથી પણ થયેલ છે.

ભારતીય સંસ્કૃતિ અને સનાતનધર્મની બાબતમાં પુરાણોનું મહત્ત્યવ પ્રાચીન સમયમાં હતું, આજે છે અને રહેશે. કારણ કે, પુરાણો સનાતનધર્મના ત્રણે કલ્યાણમાર્ગો– જ્ઞાન, કર્મ અને ભકિતતનું વિવિધ ઢંગથી ઉપસ્થાપન કરે છે. પુરાણો વેદોના ગંભીર અને સમાધિગમ્ય વિષયોને વિભિન્ન ભાવ, ભાષા, અલંકાર અને ગાથાઓ દ્વારા સ્ફુટ કરે છે. વસ્તુતઃ પુરાણો વેદના વ્યાખ્યાનગ્રંથો છે. એ સર્વથા વેદાનુકૂલ છે. પુરાણોમાં એક પણ વિષય વેદ–વિરુદ્ધ નથી. પુરાણોમાં જો કોઈને વેદવિરોધ કે પ્રતિકૂલતા દેખાતી હોય, તો તે તેની બુદ્ધિ કે સમજનો દોષ છે, પુરાણોનો નહીં. વેદો, જે સમયે પૃથ્વી પરની અન્ય બધી જ જાતિઓ ખાવા, પીવા તથા સૂવા સિવાય અન્ય કશું જ જાણતી ન હતી, એવા ઘોર અંધકારના સમયે પણ સભ્યતાની જયોતિ જલાવનારા આર્યોના ગ્રંથો છે. દેશી તથા વિદેશી બધા જ વિદ્વાનો માને છે કે, ઋગ્વેદની પૂર્વે એક પણ ગ્રંથ જગતને મળ્યો ન હતો. વિશ્વના જ્ઞાની તથા વિજ્ઞાનીઓએ આજ સુધીમાં જે કોઈ જ્ઞાનની વાતો શોધી કાઢી છે, તે બધી જ વેદોમાં સૂક્ષ્મ રૂપે વિદ્યમાન છે. એ વેદોના અર્થને જ સુગમતાપૂર્વક દષ્ટાંતો દ્વારા વિશદતાથી સમજાવવા માટે જ પુરાણોની રચના થયેલી છે. જેમ કે,–

‘विस्ताराय तु वेदानां स्वयं नारायणः प्रभुः ।
व्यासरूपेण कृतवान् पुराणानि महीतले ।।’[६]

અર્થાત્, 'વેદોના વિસ્તારને માટે સ્વયં નારાયણે જ વ્યાસના રૂપમાં પૃથ્વી

પર અવતરીને પુરાણોની રચના કરી છે.'

ગૂઢ રીતે કહેવાયેલા વૈદિક અર્થોને જયાં સુધી વિશદ તથા રોચક ઢંગથી ન કહી દેવામાં આવે ત્યાં સુધી પુરાણોની રચનાનું પ્રયોજન જ સિદ્ધ નથી થતું અને તેથી જ આખ્યાન, ઉપાખ્યાન, ગાથા, કલ્પશુદ્ધિ વગેરે દ્વારા મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન વ્યાસે તેનો વિસ્તાર કર્યો છે. વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે, –

'आख्यानैश्चाप्युपाख्यानैः गाथाभिः कल्पशुद्धिभिः ।

पुराणसंहितां चक्रे पुराणार्थविशारदः ।।'[७]

વેદોની જેમ પુરાણો પણ ઈશ્વરના નિઃશ્વાસો છે. વાજસનેયિ–બ્રાહ્મણોપનિષદમાં કહ્યું છે કે, – ''अस्य महतो भूतस्य निश्वसितमेतद् यद् ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गिरस इतिहासः पुराणम् ।''[८] આ મંત્રમાં ચારે વેદો, ઈતિહાસ અને પુરાણને મહાપુરુષ પરમેશ્વરના નિઃશ્વાસ કહ્યાં છે. અહીં 'નિઃશ્વાસ' શબ્દથી પરમેશ્વર અને વેદો તથા પુરાણોનો ઘનિષ્ઠ કે નિત્ય સંબંધ લક્ષિત થાય છે. ભગવાન અનાદિ અને અનંત છે, તેથી એમના નિઃશ્વાસરૂપ વેદો અને પુરાણો પણ અનાદિ અને અનંત છે. અથર્વવેદમાં તો પુરાણ વિષયક અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જેમ કે, –

'ऋचः सामानि छन्दांसि पुराणं यजुषा सह ।

उच्छिष्टाज्जज्ञिरे सर्वे दिवि देवा दिविश्रिताः ।।''[९]

તદુપરાંત, 'तमितिहासश्च पुराणं च गाथाश्च नाराशंसीश्चानुव्यचलन् ।'[१०]

તેમજ,

'इतिहासस्य च वै स पुराणस्य च गाथानां च नाराशंसीनां च प्रियं धाम भवति य एवं वेद ।।'[११] વગેરે.

મત્સ્યપુરાણમાં પણ કહ્યું છે કે, –

''पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।

अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिर्गताः ।।''[१२]

ન્યાયદર્શનનું આ વિધાન પણ અત્રે નોંધનીય છે –

''इतिहासं पुराणं पञ्चमं वेदानां वेदम् ।''[१३]

મનુસ્મૃતિ પણ વેદના મહત્ત્યવને દર્શાવતાં કહે છે –

''स्वाध्यायं श्रावयेत् पित्र्ये धर्मशास्त्राण्घि चैव हि ।

आख्यानानीतिहासांश्च पुराणानि खिलानि च ।।''[१४]

વેદ–પુરાણ–સ્મૃતિ–ન્યાયદર્શન વગેરે ગ્રંથોના ઉપરોકતત બધા જ ઉલ્લેખો પુરાણના અતિપ્રાચીનત્વ તથા મહત્ત્યવને સૂચવે છે. અથર્વવેદના ‘ऋचः सामानि छन्दांसि। ’ મંત્રથી તો 'પુરાણ' શબ્દ પ્રથમા વિભકિતતમાં અને 'યજુષા' શબ્દ તૃતીયા વિભકિતમાં હોવાથી, વેદોની અપેક્ષાએ પુરાણોની પ્રધાનતા સૂચિત થાય છે, તો મત્સ્યપુરાણના શ્લોક–‘‘पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।’માં પણ એ જ ભાવ રહેલો છે.

વસ્તુતઃ વેદ, રામાયણ, મહાભારત અને પુરાણો એક જ અખંડ ધર્મનું પ્રતિપાદન કરનારા ગ્રંથો છે. ઈતિહાસ–પુરાણગ્રંથોનું અધ્યયન કર્યા વિના વેદોના અર્થોને સમજવા ઘણા જ કઠિન છે. આ ગ્રંથોમાંથી કોઈપણ ગ્રંથ પ્રતિ આંગળી ઉઠાવવી, એ સમસ્ત ધર્મ પરનો આઘાત ગણાશે. તેથી, વેદોને માનવા અને રામાયણ, મહાભારત અને પુરાણોને ન માનવા, તે યોગ્ય જણાતું નથી. જે લોકો એવું માને છે, તેઓ વેદો અને પુરાણોના વાસ્તવિક તાત્પર્યને સમજતા નથી, એમ કહેવામાં જરાં પણ અતિશયોકિતત નથી.

ધાર્મિક દષ્ટિએ પુરાણો વેદવિહિત ધર્મનું જ સરલ, સુબોધ અને ભાવગમ્ય ભાષામાં વિશદ વર્ણન કરે છે. વૈદિકધર્મને લોકપ્રિય બનાવવાનું શ્રેય પુરાણોને જ મળે છે. વેદો અને પુરાણો એક જ સનાતનધર્મની રક્ષા કરનારા અને લોકકલ્યાણને માટે વિભિન્ન કાળમાં આવિર્ભૂત મહાગ્રંથો છે. પુરાણોનો મુખ્ય ઉદ્દેશ વેદનાં તત્ત્યવોને સાધારણ જન–સમાજ સુધી પહોંચાડવાનો છે. એ કાર્યની સિદ્ધિ માટે તેણે સરળ સંસ્કૃત ભાષાને માધ્યમ બનાવી છે. માત્ર ભારતમાં જ નહીં, પરંતુ બહારના અનેક દેશોમાં પણ પુરાણોએ ભારતીય વૈદિક વિચારધારાને પ્રવાહિત કરવાનો યશ પ્રાપ્ત કર્યો છે. પુરાણોની કૃપાથી બધી જ શ્રેણીના મનુષ્યોએ પોતાના જીવનને સંયમશીલ બનાવીને કલ્યાણના માર્ગે પ્રવૃત્ત થવાનો અધિકાર પ્રાપ્ત કર્યો છે.

વેદોએ જેને 'नेति नेति' અને ‘यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह’ કહીને મન, ઈન્દ્રિય અને બુદ્ધિથી પર દર્શાવેલ છે, તે પરમાત્માને, પુરાણોએ સાધારણ માનવના મન, ઈન્દ્રિય અને બુદ્ધિનો વિષય બનાવીને પ્રસ્તુત કરી આપેલ છે. વેદોનું બ્રહ્મ નામ અને રૂપથી પર છે, પરંતુ પુરાણોએ તેને સર્વનામી, સર્વરૂપી અને સર્વભાવમયના રૂપમાં વર્ણવેલ છે. વેદોના બ્રહ્મે જ પુરાણોમાં અસંખ્ય નામો, રૂપો અને ભાવો દ્વારા વિવિધ પ્રકારે પોતાને પ્રગટ કરેલ છે. એ જ બ્રહ્મા,

વિષ્ણુ અને શિવ છે, એ જ લક્ષ્મી, દુર્ગા અને સરસ્વતી છે. એ જ રામ, કૃષ્ણ, વામન, નૃસિંહ વગેરે છે અને એ જ ઇન્દ્ર, આદિત્ય, વરુણ, યમ, કુબેર અને અગ્નિ છે. વેદોના 'एकैव' બ્રહ્મને પુરાણોએ તમામ દેશ, કાળ અને સંપ્રદાયોમાં પ્રચલિત અનેક દેવ–દેવીઓનાં ચરિતો અને ઉપાસનાઓને સ્વીકારીને, એ બધાનાં માહાત્મ્યોની સુંદર ઢંગે પ્રસ્તુતી કરેલ છે. પુરાણોએ એક જ પરમાત્માને વિભિન્ન સંપ્રદાયો અનુસાર, વિભિન્ન નામો અને રૂપોમાં વર્ણવીને બધા જ સંપ્રદાયોને એક સૂત્રે બાંધ્યા છે અને  બધા જ ધર્મો, મતો, સાધનો, પ્રણાલિકાઓ અને વિશિષ્ટ તત્ત્યવોને અખંડિત રાખીને, એમના આંતરિક અભેદોને સુપ્રતિષ્ઠિત કરેલ છે. પુરાણો અનુસાર, પ્રત્યેક સંપ્રદાય ભિન્ન–ભિન્ન નામો અને રૂપોમાં એક વિશ્વાત્માની જ ઉપાસના કરીને પોતાના જીવનને કૃતાર્થ કરે છે. પુરાણોના પ્રભાવથી જ ભારતીય ધર્મ–જિજ્ઞાસુઓ વિવિધ સંપ્રદાયોમાં વિભકતત હોવા છતાં, એક જ ધર્મનું અનુસરણ કરે છે અને અનેક દેવી–દેવતાઓના ઉપાસક હોવા છતાં, એક જ અદ્વિતીય એવા બ્રહ્મના ઉપાસકો છે.પ્રત્યેક ઉપાસક એ જાણે છે કે, વૈષ્ણવો વિષ્ણુનાં જુદાં જુદાં નામ અને રૂપોમાં જેની ઉપાસના કરે છે, શૈવો શિવના વિભિન્ન રૂપોમાં અને શાકતતો કાલી, દુર્ગા તથા ચંડી વગેરેના રૂપમાં એની જ આરાધના કરે છે. જુદાં જુદાં પુરાણોએ જુદાં જુદાં નામ, રૂપ અને લીલાઓનો આશ્રય લઈને એક બ્રહ્મના જ વિશિષ્ટ આવિર્ભાવોના મહિમાનું કીર્તન કરતાં–કરતાં વિભિન્ન સંપ્રદાયોના હૃદય અને મનને વિશિષ્ટ રૂપે આકૃષ્ટ કર્યાં છે. આજે આપણા દેશમાં 'વિવિધતામાં એકતા અને એકતામાં વિવિધતા' નાં જે દર્શન થાય છે, તે પુરાણોને જ આભારી છે.

પુરાણોએ વિભિન્ન સંપ્રદાયોને એકસૂત્રે બાંધીને એક દષ્ટિએ સમગ્ર સમાજને પણ એકસૂત્રે બાંધવાનું કાર્ય કર્યું છે, તેથી સામાજિક દષ્ટિએ પણ પુરાણોનું ઘણું જ મહત્ત્યવ છે. પૂર્વકાલીન સમાજનું સ્વરૂપ આપણને પુરાણોમાંથી જ ઉપલબ્ધ થાય છે. અનેક વૈવિધ્યોની વચ્ચે પણ સમાજને સુગઠિત રાખવાનું પુણ્યકર્મ મહદંશે પુરાણોએ જ કર્યું છે.

પુરાણોમાં માનવજાતિનો ઈતિહાસ અને ખાસ કરીને પ્રાચીન ભારતનો ઈતિહાસ વર્ણવાયેલો છે. જેમાં અનેક રાષ્ટ્રોની સાથે જોડાયેલાં યુદ્ધો, કેટલીયે ઉથલપાથલો અને કેટલાયે લોકોના ઉત્થાન અને પતનનું કવિત્વપૂર્ણ ભાષામાં વર્ણન કરવામાં આવ્યું છે. જો કે, એ વર્ણનનો આંતરિક દષ્ટિકોણ

ઈતિહાસના સાધારણ દૃષ્ટિકોણ કરતાં જુદો છે. કેટલીક ઘટનાઓનો માત્ર ઉલ્લેખ કરી દેવો કે કેટલાક રાજાઓનાં ઉત્થાન અને પતનને જ સમાવી લેવાનું મુખ્ય કાર્ય પુરાણોનું નથી. પુરાણોની દૃષ્ટિએ તો એ બધું ભગવાનની લીલાના અંશરૂપ છે. પુરાણોમાં ઈશ્વરની સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયની લીલા, એમનું ન્યાય, કરુણા અને પ્રેમનું વિધાન અને તેના દ્વારા જીવ અને જીવના કર્મ–ફળ–દર્શનના વૈચિત્ર્યપૂર્ણ ઈતિહાસનો આશરો લઈને વર્ણન કરવામાં આવ્યું છે. મનુષ્ય પ્રાણીમાત્રના ઈતિહાસનું શ્રવણ તથા અધ્યયન કરીને, તેમાં ભગવત્–લીલાનું આસ્વાદન કરે, એ પુરાણોનું મુખ્ય લક્ષ્ય છે. એનાથી માનવજીવનના પુરુષાર્થ, ઉત્કર્ષ, અપકર્ષ અને જાતિના ઉત્થાન અને પતનનો ખ્યાલ એક નવીન રૂપમાં પ્રતીત થાય છે અને એ રીતે પુરાણોએ જીવ, જગત અને જગદીશને એકરૂપમાં પ્રસ્તુત કરીને, સમસ્ત માનવ–જગતની સંસ્કૃતિને એક ઉચ્ચતમ ભૂમિકા પર પ્રતિષ્ઠિત કરી છે. વસ્તુતઃ પુરાણોમાં નિર્દિષ્ટ ઈતિહાસને જાણવા કે મૂલવવાનો એક અલગ અને વિશિષ્ટ દૃષ્ટિકોણ કેળવવાની જરૂર છે. મૌર્યવંશી ચન્દ્રગુપ્તને ભારતનો પ્રથમ મહાસમ્રાટ માનવામાં આવે છે. પુરાણોમાં પણ એ વિગતો નોંધાયેલી છે; પરંતુ તેની પૂર્વે થયેલા અનેક દિગ્વિજયી સમ્રાટોનું શું? એ પ્રશ્ન પણ સૂચક અને વિચારણીય છે. શ્રીરામના પૂર્વજ રઘુની દિગ્વિજયી યશોગાથાનું માત્ર ગાન કરવા કરતાં, તેનો સ્વીકાર કરીને સશોધનો કરવાં વધારે ગ્રાહ્ય છે. સ્વયં શ્રીરામે પણ રાવણની લંકા પર વિજય મેળવ્યો હતો. 'સેતુબંધમ્'ની યોજના સામે ઉકળી ઉઠનારા ભારતીયની તદ્વિષયક સત્ય શોધવાની પણ પવિત્ર ફરજ બની જાય છે. પુરાણો એમાં સહાયક બની શકે તેમ છે. ચંદ્રગુપ્ત મૌર્ય પહેલા જો કોઈ મહાસમ્રાટો ન થયા હોવાનું માની લઈએ તો મહાભારત જેવા વિશ્વયુદ્ધ કક્ષાના મહાસંગ્રામમાં વિજય પ્રાપ્ત કરનાર યુધિષ્ઠિરની વિગતોનું મહત્ત્યવ માત્ર કાલ્પનિક જ બની રહેશે. 'મહાભારત' ગ્રંથના જય, ભારત કે મહાભારત જેવાં સંસ્કરણોનો સ્વીકાર સાહિત્યિક દૃષ્ટિએ યોગ્ય ગણવા છતાં, મહાભારતના યુદ્ધની વિગતો પ્રત્યે બેધ્યાન નથી બની શકાતું અને વિગતો એમ કહે છે કે, એ મહાસંગ્રામમાં માત્ર ભારતના જ નહીં, અન્ય પણ અનેક દેશ–વિદેશોના રાજાઓએ ભાગ લીધો હતો તથા રાજ્ય અને જીવ બન્ને ગુમાવ્યાં હતાં. મહાભારતના યુદ્ધ જેવું જ વેદમાં વર્ણવાયેલ 'દાસરાજ્ઞયુદ્ધ' વિશે પણ કહી શકાય. પૌરાણિક ઈતિહાસની પુષ્ટિ શિલાલેખો, મુદ્રાઓ તથા વિદેશીઓનાં યાત્રાવર્ણનો પરથી  પ્રચુરમાત્રામાં થઈ શકી છે. અધિક સંશોધનો હજૂ પણ અનેક

તથ્યો તથા સત્યને બહાર લાવી શકે છે. એ સંશોધનોમાં મહત્ત્યવનાં સાધનો બનવામાં જ પુરાણોનું ઐતિહાસિક મહત્ત્યવ અને ગૌરવ છે.

પુરાણો અતીતના ગૌરવગાનની સાથે વર્તમાનમાં સુખ–શાંતિનું વરદાન આપીને ભવિષ્યને માટે મુકિતતનો સંદેશ આપે છે. પુરાણોમાં તમામ વર્ગના મનુષ્યોને એમના અધિકારાનુસાર કર્મ કરીને સન્માર્ગને સાધવાના ઉપાયો બતાવ્યા છે. સર્વતોમુખી ઉન્નતિ, અભ્યુદય અને નિઃશ્રેયસની પ્રાપ્તિનું વિશદ વર્ણન પુરાણોએ પ્રસ્તુત કર્યું છે. પુરાણોમાં જ્ઞાન, વૈરાગ્ય, ભકિત, પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસ, યજ્ઞ, દાન, તપ, સંયમ, યમ, નિયમ, સેવા, દયા, વર્ણાશ્રમધર્મ, માનવધર્મ, પુરુષધર્મ, સ્ત્રીધર્મ, સદાચારાદિ વિવિધ કલ્યાણકારી ઉપદેશો સુંદર, સરલ, સરસ અને ઉપાદેય ભાષામાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

પુરાણોમાં તીર્થોનું ઘણું જ વિશદ વિવેચન છે, જેનાથી આપણને એ સ્થાનોની વિસ્તૃત ભૂગોળનું જ્ઞાન સારી રીતે થઈ શકે છે. જેમ કે, સ્કંદપુરાણના કાશીખંડમાં કાશીનાં પ્રત્યેક સ્થાન અને શિવલિંગોનું વિસ્તૃત વર્ણન છે, જેની સહાયથી કાશીના પ્રસિદ્ધ ભાગોનું જ્ઞાન આપણને ઠીક પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. બ્રહ્મપુરાણમાં સમસ્ત વિશ્વનું ભૌગોલિક વર્ણન છે. અજ્ઞાતવાસના સમયે અર્જુને અનેક તીર્થોની યાત્રા કરી હતી. અર્જુનની એ યાત્રાના વર્ણનમાંથી, આપણને મહાભારતકાલીન ભૌગોલિક વર્ણનની જાણકારી મળી રહે છે. પુરાણો દ્વારા ભારતનાં અસંખ્ય નગર, ગ્રામ, તીર્થ, પીઠ, ક્ષેત્ર, નદી, વન, પર્વત, અરણ્ય, સરોવર વગેરેનું જ્ઞાન મળી રહે છે, જે આધુનિક સંશોધનકર્તાઓને ઘણું જ સહાયક બની શકે તેમ છે. અંગ્રેજોએ નીલ નદીની જાણકારી પુરાણોની સહાયતાથી જ મેળવી છે. પુરાણોમાં બધા જ મનુષ્યોને માટે કોઈ એક જ તીર્થની કલ્પના કરવામાં નથી આવી, પરંતુ ભારતના બધા જ પ્રાંતોમાં પવિત્ર તીર્થો છે, સર્વત્ર ભગવાનની લીલા થઈ છે અને એ રીતે, પુરાણોએ સમસ્ત ભારતભૂમિને એક ચિન્મય ભગવદ્ધામના રૂપમાં આપણી સમક્ષ પ્રસ્તુત કરી છે. પુરાણોની કૃપાથી જ સમસ્ત ભારતવાસીને માટે સંપૂર્ણ ભારતભૂમિ સત્ત્યવમયી, સ્નેહમયી, દયામયી અને આનંદમયી જનની છે. એ દષ્ટિએ ભારતભૂમિના નિવાસીઓને ભારતની સેવા કરવાનું શિક્ષણ આપવાનું ઉત્તમ કાર્ય પણ પુરાણોએ કર્યું છે. પુરાણોનું ભૌગોલિક વર્ણન એ દષ્ટિએ પણ ઘણું જ મહત્ત્યવનું છે.

નિર્ગુણ બ્રહ્મોપાસના, સગુણ મૂર્તિપૂજા, વ્રત, દાન, તીર્થદર્શન વગેરેનું

માહાત્મ્ય પુરાણોમાં સુંદર રીતે આપવામાં આવ્યું છે. ભૂમિદાન, જલદાન, અન્નદાન, વિદ્યાદાન વગેરેનું મહત્ત્યવ ધર્મશાસ્ત્રીય દષ્ટિએ વર્ણવવામાં આવ્યું છે. પુરાણોમાં વર્ણવાયેલા ચરિત્રોના અભ્યાસથી જાણી શકાય છે કે, ધર્મ અને સદાચાર તરફ મનુષ્યોનું મન સદાય લાગી રહેતું હતું. જે ધર્મની રક્ષા કરતા હતા, તેનો વિજય થતો હતો અને જે અધર્મ કરતા હતા, તેનું પતન થતું હતું. અધાર્મિક અને અત્યાચારી રાજા વેન રાજયભ્રષ્ટ થઈને નરકગામી થયો અને તેનો જ પુત્ર મહારાજ પૃથુ ધર્મપૂર્વક શાસન કરવાને કારણે સમ્પૂર્ણ પૃથ્વીનો માલિક થયો, તેમ જ અંતે પિતાનો ઉદ્ધાર કરીને સ્વર્ગમાં ગયો. એ જ રીતે રાવણ, હિરણ્યકશિપુ, દુર્યોધન, કંસ વગેરેના અધઃપતન અને રામ, પ્રહ્લાદ, યુધિષ્ઠિર અને કૃષ્ણાદિને થયેલા વિજયલાભ દ્વારા ધર્મ–અધર્મ અને ફલ–અફલને સ્પષ્ટપણે પ્રગટ કરેલ છે.

પુરાણોમાં વ્રતકથાઓ અને દાન–ધર્મના વર્ણનો દ્વારા માનવહૃદયને અન્યોનાં કલ્યાણને માટે ઉત્સાહિત કરવામાં આવેલ છે તથા તીર્થોના માહાત્મ્ય–કીર્તન, દેવદર્શન અને પુણ્યાનુષ્ઠાનો દ્વારા મનુષ્યોનાં હૃદયોમાં ધર્મનો ભાવ જાગૃત કરવામાં આવ્યો છે. જે ધર્મ સ્મૃતિઓમાં સંક્ષેપમાં કહેવામાં આવ્યા છે, તે પુરાણોમાં દષ્ટાંતોની સાથે વિસ્તારથી વર્ણવાયેલા છે. ચારેય વર્ણોના કર્મવિભાગો, રાજધર્મવર્ણન, વિવાહ, આચારપદ્ધતિ, શ્રાદ્ધ, પ્રાયશ્ચિતવિધિ વગેરેનું વર્ણન પ્રત્યેક પુરાણમાં થયેલું છે. ડગલેને પગલે શ્રુતિ–સ્મૃતિઓનાં વચનો જેમનાં તેમ ઉદ્ધૃત કરી દેવામાં આવ્યાં છે. અહિંસા, કામ, ક્રોધ, લોભ, ત્યાગ, દયા, પરોપકાર, શરણાગતરક્ષા, સત્યનિષ્ઠાદિ સાધારણ ધર્મોનું વર્ણન તથા વર્ણાશ્રમધર્મ, જન્મકર્મવ્યવસ્થા વગેરે વિશેષ ધર્મોનું પ્રતિપાદન પુરાણોમાં સુંદર ઢબે કરવામાં આવ્યું છે. સંસ્કારવિધિ અને તેની પ્રશંસા, રાજધર્મ, સમાજધર્મ, અનુશાસનપ્રણાલી, વરગ્રહણ વગેરેની વ્યવસ્થા અગ્નિપુરાણ અને ગરુડપુરાણમાં વિસ્તારથી બતાવવામાં આવી છે. રાજયરક્ષા અને પ્રજાપાલનનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ધનુર્વિદ્યા, આગ્નેયાસ્ત્રપ્રયોગના પ્રકારો, યુદ્ધવિદ્યા વગેરેનું વર્ણન પણ મળે છે. ગરુડપુરાણમાં જયોતિષવિદ્યા, સામુદ્રિકવિદ્યા, આયુર્વિદ્યા, ચિકિત્સાના પ્રકારો વિસ્તૃતપણે આપવામાં આવ્યા છે. પ્રાચીન ભારતની ચિત્રવિદ્યા, શિલ્પકલા વગેરે જુદાં જુદાં પુરાણોમાં સ્પષ્ટ પણે દર્શાવવામાં આવી છે. ઉન્નત સમાજનો આદર્શ કેવો હોવો જોઈએ, પ્રાચીનકાળમાં સમાજ–ગઠન કેવા પ્રકારનું હતું, રાજનીતિ કેવા પ્રકારની હતી, ગૃહ અને ગૃહસ્થધર્મ કેવી રીતે ચાલતો હતો, યુદ્ધ, ચિકિત્સા,

શિલ્પ, સાહિત્ય, કાવ્ય, વ્યાકરણ, અલંકારાદિ શાસ્ત્રોમાં આર્યજાતિએ કેટલી ઉન્નતિ કરી હતી, એ બધાનું ચિત્ર પુરાણોમાં પૂર્ણતયા પ્રગટ થાય છે.

શુષ્ક ઉપદેશ મનુષ્યોના હૃદય પર પ્રભાવ પાડી શકતો નથી, તેથી પુરાણોએ અનેકવિધ ચરિત્રોનું વર્ણન કરીને રસમયીશૈલીમાં પોતાના લક્ષ્યને સાધ્યું છે. પુરાણોમાં ચાતુર્વર્ણ્ય તથા ચતુરાશ્રમના અનેક આદર્શપુરુષોનાં ચરિત્રો વિદ્યમાન છે. એ પૌરાણિક ચરિત્રો દ્વારા કયારેક પ્રેમની પવિત્રધારા, કયારેક દયાનો પ્રવાહ, કયારેક સ્વાર્થત્યાગની પરંપરા, કયારેક સત્યપાલનનો ઉત્સાહ, કયારેક ધર્મમય જીવનનો પ્રભાવ વ્યકતત કરેલો છે. પુરાણોમાં આદર્શપુરુષ, આદર્શજ્ઞાની, આદર્શ—બ્રહ્મચારી, આદર્શનારી, આદર્શૠષિ, આદર્શકર્મી, આદર્શવીરઅને આદર્શભકતતોના ચરિત્રો પ્રસ્તુત છે. એ બધાં ચરિત્રોનું મનન કરતાં માલુમ પડે છે કે, જ્ઞાનના આધાર વેદ અને દર્શનશાસ્ત્રોએ જીવોનું એટલું કલ્યાણ નથી કર્યું, જેટલું પુરાણોએ કર્યું છે.

આ પ્રમાણે, પુરાણો દ્વારા ભારતીય જીવનના આદર્શો, ભારતની સભ્યતા, સંસ્કૃતિ, વિદ્યા, કલા, વિજ્ઞાન, વૈભવ વગેરેના ઉત્કર્ષનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થાય છે. પુરાણોથી જ એ સમ્યક રીતે જાણી શકાય છે કે, પ્રાચીન સમયમાં ભારતીય આધિભૌતિક, આધિદૈવિક તથા આધ્યાત્મિક જ્ઞાન ઉન્નતિની ચરમસીમાએ પહોંચ્યું હતું. એથી એ પણ નિઃસંકોચ કહી શકાય છે કે, પુરાણો બદ્ધ, મુમુક્ષુ અને જીવનમુકતત ત્રણે મનુષ્યોને માટે સન્માર્ગ—પ્રદર્શક છે. પુરાણોનું મહત્ત્યવ અને ગૌરવ પણ એમાં જ સમાયેલું છે. પુરાણોમાં પ્રતિપાદિત તત્ત્યવોનું અનુશીલન કરીને કેટલાયે માણસોએ પોતાના જીવનને ધન્ય બનાવ્યું છે, કેટલાયે બનાવી રહ્યા છે અને કેટલાયે બનાવશે. આ બધી બાબતોને નજર સમક્ષ રાખીને, જો પુરાણોનું અધ્યયન કરવામાં આવે, તો જ પુરાણોનું વાસ્તવિક મૂલ્ય આંકી શકાય.

હિન્દુજાતિ સંસારની પ્રાચીનતમ જાતિ છે અને 'વેદો' આજે ઉપલબ્ધ થતું વિશ્વનું પ્રાચીનતમ સાહિત્ય છે. વિશ્વના તમામ ઈતિહાસવિદોએ આ બાબતનો એકસ્વરે સ્વીકાર કર્યો છે. વેદો અને પુરાણોનું સામંજસ્ય 'પુરાણ' ને પણ પ્રાચીનતમ સિદ્ધ કરે છે. વેદોને સનાતન અને અપૌરુષેય માનવામાં આવે છે. છતાં પાર્થિવ દષ્ટિએ વિચારતાં, અહીં એવી કલ્પના કરવી જરાં પણ અસ્થાને નહીં ગણાય કે, વેદોની રચનાની સાથેસાથે જ ઉદ્ભવેલી, તેના સ્પષ્ટીકરણ કે વિશદીકરણની સામાજિક માંગની પૂર્તિ માટે પુરાણોની રચના કરવામાં આવી હોય! અથવા તો

એ પણ શકય છે કે, પુરાણે વ્યકત કરેલ અર્થોને વેદોમાં વૈદિક શૈલીના માધ્યમથી સમાવી લેવામાં આવ્યા હોય! મત્સ્યપુરાણે સર્જેલી દ્વિધા[૧૫]નાં મૂળ, કદાચ આ કલ્પનાને સ્પર્શતાં હોય એવું બની શકે. વેદો અપૌરુષેય છે તો પુરાણ માનવીય છે, વેદો સનાતન છે તો પુરાણ અસનાતન, વેદો નિત્ય છે તો પુરાણ અનિત્ય છે. પરંતુ આ બધામાં એક વાત તો સામાન્ય છે જ કે, બન્ને પ્રાચીનતમ છે. શૈલી કે વર્ણનોની દૃષ્ટિએ ઘણાં પુરાણો અર્વાચીન છે, પરંતુ તેની પરંપરા તો પ્રાચીનતમ જ છે.

સમયની સાપેક્ષમાં પ્રાપ્ત થતા અર્થોને ગ્રહણ કરીને સ્વને પરિવર્તિત કરતાં જવું, એ પુરાણોની અકથિત લાક્ષણિકતા છે. વેદોમાં જે બાબતોનો માત્ર આભાસ જ છે, પુરાણોમાં એ જ કથાઓએ મનોરંજક બનીને વિસ્તાર તથા નવીન રૂપ ધારણ કરેલ છે. 'इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् ।' – ઋગ્વેદનું આ નાનું એવું ઉપાખ્યાન, આખા 'વામનપુરાણ' ની રચનાનું કારણ બને છે. અથર્વવેદ, ૩/૪/૫ નું રાજા પૃથુનું સંક્ષિપ્ત પૃથ્વીદોહન, મત્સ્ય, ભાગવતાદિ પુરાણોમાં અત્યંત વિસ્તારથી વર્ણવાયેલ છે. વસ્તુતઃ વેદો ઉપાખ્યાનમૂલક ગ્રંથો નથી. એમાં કોઈ સ્થળ–વિશેષના વર્ણનમાં માત્ર ઉદાહરણના રૂપમાં જ ઉપાખ્યાનોનો ઉલ્લેખ થયેલો છે, જયારે કે પુરાણોમાં એવાં આખ્યાનોપાખ્યાનોનું એકત્રીકરણ થયેલું છે, તેથી સ્વાભાવિકપણે જ એમાં એનો વિસ્તાર કરવામાં આવ્યો છે. કોઈ આખ્યાનનું વિસ્તારથી વર્ણન કરવાનો ઉદ્દેશ વેદોનો નથી. પરંતુ, વેદોમાં જે કથાઓ અત્યંત સંક્ષેપમાં કોઈ વિશેષ હેતુ સાથે વર્ણવાયેલ છે, એણે જ પુરાણોમાં વિસ્તૃત આખ્યાયિકાઓનું રૂપ ધારણ કરેલ છે. જ્ઞાન, કર્મ, ઉપાસનાદિનું જેવું વર્ણન વેદોમાં થયેલું છે, તેવું જ વર્ણન પુરાણો પણ પ્રસ્તુત કરે છે.

વેદો વિદ્વાન–પંડિત–ઉપાધ્યાયો માટેનું સાહિત્ય છે, જયારે પુરાણો સાધારણ મનુષ્યોમાં કૌતુહલપૂર્વક ભગવદ્‌ભકિત, સત્કર્મ, સદાચારાદિનું સમારોપણ કરનારું સાહિત્ય છે. વેદોમાં થયેલો આખ્યાનાદિનો અછડતો ઉલ્લેખ, પુરાણોમાં સ્વતંત્ર સ્વરૂપે અને વિસ્તારથી પ્રસ્તુત થાય છે, તેની પાછળ પણ આ જ કારણ છે. બન્ને પરંપરાઓનું તેની મૂળભૂત લાક્ષણિકતાઓને ધ્યાનમાં લઈને અધ્યયન કરવામાં આવે તો, એકને પ્રથમ અને અન્યને દ્વિતીય ક્રમ આપવો સંદેહાસ્પદ બનશે. વેદોની જેમ જ પુરાણોનું પ્રામાણ્ય પણ માનવામાં આવે છે અને વેદોની જેમ જ, પુરાણોને પણ સન્માનની દૃષ્ટિએ જોવા અને સાંભળવામાં આવે છે. ઊલટું, સાંપ્રતકાળ માં તો વેદો કરતાંય પુરાણોનું શ્રવણ સવિશેષ થતું જોવા મળે છે. આ બાબત તેની

લોકભોગ્યતા, લોકસમરસતા તથા લોકવેદતાને જ વ્યકત કરનારી છે. વાસ્તવમાં પંચલક્ષણોના પિંજરામાં પૂરાયેલું પુરાણ, પોતાના સ્વત્વને ખોઈ બેઠું હોય તેમ લાગે છે. ઉપાધ્યાયો(ઋષિઓ)ના સમય(વૈદિકયુગ)માં આમજનની અનુપસ્થિતિ અસંભવિત ગણાય. એકબાજુ જયાં સમાજના ઉચ્ચાસને બિરાજેલા ઋષિઓ પોતાની કક્ષા (દૃષ્ટિ) ને અનુરૂપ દર્શન (સાહિત્યસર્જન ?) કરી રહ્યા હતા, ત્યાં સમાજનો આમજન શું કરી રહ્યો હશે, ભલાં ! પુરાણનું શ્રવણ, મનન અને સર્જન સ્તો. અને એ સર્જન જ તો પુરાણોનું મૂળભૂત સ્વત્વ છે. પુરાણોના આ સ્વત્વે જ ‘पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम्’ એવું કહેવાને મત્સ્યપુરાણકારને પ્રેરિત કર્યો હતો. આવું કહેનાર કાંઈ મત્સ્યપુરાણકાર એકલો જ કે પ્રથમ જ નથી, સ્વયં શ્રુતિ પણ તેમાં શાખ પૂરે છે. જૂઓ, અથર્વવેદના આ શબ્દો –

‘ऋचः सामानि छन्दांसि पुराणं यजुषा सह ।
उच्छिष्टाज्जज्ञिरे सर्वे दिवि देवा दिविश्रिताः ।।’[१६]

અર્થાત્, 'યજુર્વેદની સાથે ઋક્, સામ, છન્દ (અથર્વ), પુરાણ અને દ્યુલોકમાં નિવાસ કરનારા દેવતાઓ (પણ) તે ઉચ્છિષ્ટ – યજ્ઞના અવશિષ્ટ – થી ઉત્પન્ન થયા.'

આવા જ અર્થમાં 'પુરાણ' ની પ્રાચીનતાનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ જોવા મળે છે – ‘तं गाथया पुराण्या पुनानमभ्यनूषत । उतो कृपन्त धीतयो देवानां नाम बिभ्रतीः ।।’[१७] અહીં પ્રયુકત ‘गाथया पुराण्या’ દ્વારા પ્રાચીનતમ ગાથાઓના અસ્તિત્વની માહિતી મળે છે, જે ઋગ્વેદ કરતાં પણ પ્રાચીન હોવાનું અનુમાન અહીં સહજરીતે જ થઈ શકે છે. એ 'પુરાણી ગાથા' જ 'પુરાણ' નું પ્રારંભિક સ્વરૂપ (સ્વત્વ) છે. આ ગાથાઓ કે, જે યુગો–યુગોથી આમજનમાનસમાં સ્થિત, આમજને અનુભવેલ, આમજને સ્તવેલ અને આમજન દ્વારા જ સંવર્ધિત થયેલ 'પુરાણમ્' નું ઉદ્ભવબિંદુ કહી શકાય.

આમ, 'પુરાણમ્' ને વેદરૂપી મહાવૃક્ષને સહારે, પરંતુ સ્વતંત્રતાપૂર્વક પલ્લવિત થયેલ વેલીના રૂપમાં પણ મૂલવી શકાય તેમ છે. તેના આખ્યાનો–પાખ્યાનાત્મક સ્વત્વને સમય અને સમાજે કથોપકથન અને વેદોએ આચાર, દર્શનાદિનો માર્ગાધાર પૂરો પાડીને સતત નવપલ્લવિત રાખ્યું. પુરાણોની પ્રાચીનતાની પૂર્વભૂમિકાના રૂપમાં આ બાબતોને જાણવાની મનઃસ્થિતિ અયોગ્ય નહીં જ ગણાય.

## (બ) પુરાણોની પ્રાચીનતા

ભારતીય સંસ્કૃતિના ઉચ્ચતમ આદર્શો પુરાણો અને વેદોમાં સચવાયેલા છે. ભારતીય સુધીજનો કોઈપણ ગ્રંથની ઉપયોગિતા કે ઉપાદેયતાને વિશેષ મહત્ત્યવ આપે છે. જે તે ગ્રંથ લોકવ્યવહારમાં કેટલો મદદરૂપ છે? જીવનના અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડવામાં કેટલો સહાયક છે? વગેરે જેવા પ્રશ્નો દ્વારા, તે દરેક ગ્રંથને તપાસી–મૂલવી જૂએ છે. પુરાણોને જ્યારે આ પ્રશ્નોની એરણ પર ચડાવીએ ત્યારે પુરાણનું મહત્ત્યવ અને હિંદુજાતિ એનો આટલો આદર શાં માટે કરે છે, એ બાબતનો ખ્યાલ આવે છે.

પુરાણોએ ચોતરફ વિસ્તરેલ બ્રહ્મને જગતના માનવ–સમાજની વચ્ચે લાવી, માનવોમાં રહેલ દેવત્વ અને ઈશ્વરીય પ્રબળતાને દર્શાવીને માનવમુશ્કેલીઓને સરળતાથી દૂર કરી છે. પુરાણ–વર્ણિત જગત સ્થૂળ ન રહેતાં આનંદરૂપ ભગવાનની લીલાભૂમિ બની જાય છે. ઈશ્વર વિશુદ્ધ સત્ત્યવયુકત દેહ ધારણ કરી, આ જગત પર ફરીને ચોમેર સત્ત્યવયુકત વિચારો ફેલાવે છે. પુરાણ બધા જ મનુષ્યોને ઈશ્વરીયલીલાની આનંદયુકત અનુભૂતિ કરવાનું સૂચવે છે. પુરાણોમાં કોઈ એક જ તીર્થને મહત્ત્યવ ન આપતાં, ભારતનાં અનેક સ્થળો પર ઈશ્વરીયલીલા દર્શાવીને ભારતભૂમિને અવતારભૂમિ તરીકે વિશ્વ સમક્ષ મૂકી છે. પુરાણોના આશીર્વાદરૂપે જ પ્રત્યેક ભારતવાસી માટે ભારતભૂમિ સ્નેહમય, દયામય, સત્ત્યવમય, આનંદમય અને વાત્સલ્યમય બની છે. એક રીતે ભારતીયોને ભારતભૂમિની સેવા કરવાની ઉત્તમ પ્રેરણા પુરાણોએ જ આપેલ છે. પ્રાચીન ભારતના ગૌરવપૂર્ણ ઈતિહાસનું વિસ્તૃત જ્ઞાન મેળવવા પુરાણો મહત્ત્યવનાં સાધનો બની રહે છે. ભારતના અનેક રાજા–મહારાજાઓનાં ચરિત્રો, તેના જન્મથી માંડીને પતન સુધીની માહિતીનું વર્ણન, ભગવાનની સૃષ્ટિ, સ્થિતિ અને લયની લીલા, તેના ઉચ્ચ આદર્શોનો જીવનરાહ, કર્મફળની પ્રધાનતા વગેરે વિષયોને ઐતિહાસિક આધારો દ્વારા દર્શાવાયાં છે. પુરાણોનું મુખ્ય લક્ષ્ય મનુષ્યોના ઈતિહાસનો પરિચય આપી, તેમાં ઈશ્વરીયલીલાનો અનુભવ કરાવવાનું છે. પુરાણોના માધ્યમથી મનુષ્યજીવનમાં અનુભવાતો ઉત્કર્ષ – અપકર્ષ, કર્મ, પુરુષાર્થ અને જાતિનું ઉત્થાન–પતન વગેરે એક નવાં જ પરિરૂપમાં જોવા મળે છે. આ રીતે પુરાણોએ જીવ–જગત–જગદીશની એકરૂપતા દર્શાવી, માનવસંસ્કૃતિને એક ઉન્નતભૂમિમાં પ્રતિષ્ઠિત કરી દીધી છે.

પુરાણોમાં પ્રાપ્ત થતી માહિતીઓ એટલી બધી વ્યાપક છે કે, તેની રચના કોઈ એક જ સમયે થઈ હોવાનું કહી શકાય તેમ નથી. 'પુરાણ' શબ્દ પોતે જ પ્રાચીનતાનો સૂચક છે. વેદકાળથી જ ભારતીય વિદ્વાનોએ પોતપોતાની કૃતિઓમાં ઘણા જ આદર સાથે પુરાણોના ઉલ્લેખો કર્યા છે. પુરાણોના ઈહલૌકિક તથા પારલૌકિક અભ્યુદયને સાધનારા ઉપદેશોથી જ હિંદુસમાજ સૃષ્ટિકાળથી માંડીને આજપર્યંત વિશ્વની સભ્યજાતિઓમાં અગ્રણી બની રહ્યો છે. સંસ્કૃત સાહિત્યનાં પ્રાચીન સ્તરો સંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકગ્રંથો, ઉપનિષદો તથા સૂત્ર અને સ્મૃતિગ્રંથો વગેરે પર નજર નાખીએ તો પુરાણની પ્રાચીનતા માલુમ પડે છે. આ બધા પ્રાચીનગ્રંથોમાંથી પ્રાપ્ત થતા પુરાણ વિષયક ઉલ્લેખો દ્વારા તેની પ્રાચીનતાને આ પ્રમાણે નોંધી શકાયઃ

### ❖ વેદોમાં પૌરાણિક ઉલ્લેખો :

વેદોને અપૌરુષેય ગણવામાં આવે છે. તે સ્વતઃ પ્રગટ થયા છે. ઋગ્વેદમાં 'પુરાણ' શબ્દ અનેક અર્થોમાં પ્રયોજાયલો જોવા મળે છે. જો કે મહદંશે તે, 'પ્રાચીનતા'ના અર્થમાં જ પ્રયુક્ત થયેલો જોઈ શકાય છે. ઋગ્વેદમાં 'પુરાણ' શબ્દનો પ્રયોગ અનેક મંત્રોમાં મળી આવે છે. જેમ કે, 'सना पुराणमध्येम्यारान्महः पितुर्जनितुर्जामि तन्नः ।'[૧૮] માં, 'पुराणमोकः सख्यं शिवं वां युवोर्नरा द्रविणं जह्नाव्याम् ।'[૧૯] માં ઉપરાંત, 'चाक्लृप्रेतेन ऋषयो मनुष्या यज्ञे जाते पितरो नः पुराणे ।'[૨૦] વગેરેમાં 'પુરાણ' શબ્દ 'પ્રાચીનતા'નો અર્થ દર્શાવે છે. યજુર્વેદમાં પણ બે મંત્રો[૨૧]માં 'पुराणाः' એમ બહુવચનમાં 'પ્રાચીનો' ના અર્થમાં પ્રયોજાયેલ છે. પરંતુ, ઋગ્વેદમાં એક અન્ય મંત્ર– 'तं गाथया पुराण्या पुनानमभ्यनूषत ।'[૨૨] માં 'પુરાણ' શબ્દ ગાથાના વિશેષણ તરીકે યોજવામાં આવ્યો છે. આથી ફલિત થાય છે કે, 'પુરાણ' મૂળભૂત રીતે એવી કેટલીક ગાથાઓ છે કે, જેનો ઉદય અતિપ્રાચીનકાળ માં થયો હતો. પ્રારંભમાં એ ગદ્યમાં હશે અને પછીથી ધીમે ધીમે પદ્યરૂપને પામેલ હશે. 'પુરાણ' નું એ પ્રારંભિક પદ્યરૂપ જ (અને કેટલુંક ગદ્યરૂપ પણ), ગાથાઓના રૂપમાં વૈદિકગ્રંથોમાં સ્થાન પામ્યું હશે. (વિષ્ણુપુરાણમાં જોવા મળ તું પ્રાચીન ગદ્ય, આ બાબતનો ઉચિત પુરાવો છે) અહીં એવી કલ્પના પણ કરી શકાય છે કે, સાહિત્ય પ્રાચીનતમ કાળથી જ હંમેશાં બે ધારાઓમાં વહેતું આવ્યું છે. એક એ ધારા કે જે સમાજના સુશિક્ષિત વર્ગમાં પ્રચલિત રહેતી અને બીજી એ કે, જે આમવર્ગમાં પ્રતિષ્ઠિત રહેતી. મનુષ્ય પ્રારંભથી જ સુશિક્ષિત

અવસ્થામાં હોવાની કલ્પના અશક્ય છે. પરંતુ જેમ જેમ તેનો બૌદ્ધિક વિકાસ થતો ગયો તેમ તેમ તેનું સાહિત્ય પણ ક્રમશઃ ઉચ્ચતર બનતું ગયું હશે. વેદોમાંથી મળી આવતી ગાથાઓ, નારાશંસીઓ વગેરેનાં સ્વરૂપોને જોતાં જણાય છે કે, તે આમવર્ગનું સાહિત્ય હશે અને ક્રમશઃ વૈદિકગ્રંથોમાં સ્થાન પામ્યું હશે. 'પુરાણ' નો વિકાસ પણ આમવર્ગના સાહિત્ય તરીકે જ થયેલો છે. પુરાણોનું મુખ્ય કર્મ વેદોના ગૂઢાર્થોને આમજન સમક્ષ સરળતાથી રજૂ કરવાનું છે. તેથી, પુરાણોનો વેદો સાથે એકદમ નિકટનો સંબંધ છે. છતાં, પુરાણો સંપૂર્ણપણે લોકાભિમુખ સાહિત્ય છે. ઋગ્વેદ (૯/૯૯/૪) માં ગાથાના વિશેષણ તરીકે પ્રયુકતત 'પુરાણ' શબ્દનો પણ આ રીતે મેળ બેસાડી શકાય છે. સુશિક્ષિતવર્ગમાં પ્રચલિત હોવા છતાં પણ જે–તે સાહિત્યનાં મૂળભૂત બીજો તો આમસમાજમાં જ રહેલાં હોય છે. ગાથાઓ પણ એ પ્રકારનું સાહિત્ય છે. 'પુરાણ' શબ્દથી રૂઢ નહીં થયેલું, એવું પુરાણ–સાહિત્ય, ગાથાઓનું પણ ઉદ્‌ગમ–સ્થાન ગણી શકાય. આથી કહી શકાય કે, સંહિતાકાળમાં પણ પુરાણ–સાહિત્ય 'લોક–સાહિત્ય' ના રૂપમાં આમવર્ગમાં પ્રચલિત હતું જ, જેનો કેટલોક અંશ 'ગાથા–નારાશંસી' ના રૂપમાં સંહિતાગ્રંથોમાં સ્થાન પામ્યો. 'પુરાણ' સતત વિકસતું અને વિસ્તરતું રહેલું સાહિત્ય છે. એ તેનો જન્મજાત સ્વભાવ છે. તેથી, ગાથાઓના મૂળને ફંફોસતાં, 'પુરાણ'નું મૂળ જરૂર લાધી શકે. સંભવતઃ એ ઋગ્વેદ કરતાં પણ પ્રાચીન છે. મત્સ્યપુરાણકાર નોંધે છે, કે –

"पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।
अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिर्गताः ।।" (મત્સ્યપુરાણ, ૫૩/૩).

અર્થાત્, 'બ્રહ્માએ બધાં જ શાસ્ત્રોમાં સૌ પ્રથમ પુરાણનું સ્મરણ કર્યું અને ત્યારપછી, તેમના મુખોમાંથી વેદો નિકળ્યા.'

અહીં એ સ્મરણીય છે કે, મત્સ્યપુરાણનો સમાવેશ પ્રાચીન પુરાણોમાં થાય છે. આ શ્લોકમાં પુરાણકારે દર્શાવેલું પુરાણનું વેદતુલ્ય મહત્ત્યવ, પુરાણની સશકતત પરંપરાને સૂચવે છે. કોઈ કારણવશ એ પરંપરા કે પુરાવો આપણાં સુધી પહોંચી શકયો નહીં હોય. 'પુરાણ' અંગે મત્સ્યપુરાણકારનું જ વિધાન છે, કે – 'તે (પુરાણ) 'नित्यं शब्दमयं पुण्यं शतकोटिप्रविस्तरम्'[૨૩] છે. વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત પુરાણનું એકવચન પણ આ અર્થમાં જ અભિપ્રેત છે. હાલ પ્રાપ્ત 'पुराणानि' (૧૮ મહાપુરાણો વગેરે) તો વ્યાસ દ્વારા કરવામાં આવેલું 'पुराणम्' નું સંક્ષિપ્ત વર્ગીકરણ માત્ર જ છે. અહીં એ પણ નોંધનીય છે કે, પ્રસ્તુત શ્લોકાનુસાર, બ્રહ્માએ એ

'પુરાણ' નું સ્મરણ કર્યું છે અને સ્મરણ કર્યાં વિના કોઈ સાહિત્યની રચના શકય બનતી નથી. તેથી વેદોની રચના કરતાં પૂર્વે બ્રહ્માએ સ્વાભાવિકપણે જ પોતાની સામે ઉપલબ્ધ અર્થોનું સ્મરણ કર્યું હોય. એ અર્થો એમને 'પુરાણ' માંથી પ્રાપ્ત થયા હોવાનું શકય છે. 'પુરાણ' શબ્દનો 'પ્રાચીન' અર્થ પણ અહીં વધારે સૂચક બની જાય છે. અને સ્મરણ પણ તેનું જ કરવાનું હોય કે થઈ શકે કે, જેનું પ્રથમ અસ્તિત્વ/દર્શન સિદ્ધ થયેલું હોય.

સુશિક્ષિતવર્ગનું સાહિત્ય હોવાથી વેદોને સ્વાભાવિકપણે જ વધારે માન અને ગૌરવ પ્રાપ્ત થાય. જયારે કે, તેની તુલનામાં લોકસાહિત્ય હોવાના નાતે પુરાણોનું ઉતરતું સ્થાન અંકાયું હશે. વ્યાસ અને બ્રહ્માની આપણા માનસપટ પર અંકિત થતી કાલ્પનિક આકૃતિઓમાં પણ આનો સંકેત મળી રહે તેમ છે. એક બાજુ ઠિંગણું કદ અને કૃષ્ણવર્ણ છે તો બીજી બાજુ શુભ્રવર્ણયુકતત પ્રૌઢ આર્યદેહ છે. એ બન્નેની એવી આકૃતિઓ કલ્પવા પાછળ કયો ભાવ હશે! વેદો તપઃફલશ્રુત છે. તેમાં પ્રસ્તુત અર્થો (બ્રહ્માની) કઠિન તપસ્યાથી શુદ્ધ થયેલા છે. શ્રુતિ–સ્મૃતિના વિરોધમાં સ્મૃતિ અપ્રમાણ બની જતી હોવા પાછળનું આ જ કારણ છે. મૂળભૂત રીતે તો બન્ને એક જ અર્થને પ્રસ્તુત કરે છે. જેમ આપણે સાંભળેલ અને નજરે જોયેલ બન્ને અર્થોને ગ્રહણ કરીએ છીએ તેમ જ. સાંભળેલા અર્થ કરતાં જોયેલા અર્થ પર આપણે વધારે વિશ્વાસ મૂકીએ છીએ. જયારે કે, મૂળભૂત રીતે તો બન્ને ઈન્દ્રિયાર્થો જ છે. 'विरोधे त्वनपेक्षं स्यात्।' એવા જૈમિનીય સૂત્ર (૧/૩/૩) થી પણ એ જ ભાવને ગ્રહણ કરી શકાય છે, પરંતુ તેથી 'પુરાણ' ની પ્રાચીનતાને તો નથી જ નકારી શકાતી.

સૂકતતોનું દર્શન કરનારા ઋષિઓ બ્રાહ્મણો હતા. અથવા તો સૂકતત–દર્શન પછી બ્રહ્મત્વને પ્રાપ્ત કરતા હતા. વિશ્વામિત્ર તેનું જાણિતું ઉદાહરણ છે. પ્રસ્તુત શ્લોકમાં પ્રયોજાયેલ 'वक्त्रेभ्यो – મુખોમાંથી' એવો બહુવચનનો પ્રયોગ વ્યાસની જેમ બ્રહ્માની પણ પરંપરા હોવાનું અનુમાન કરાવે છે.

અથર્વવેદના એક મંત્ર (૧૧/૭/૨૪)માં પુરાણનો ઉદ્‌ભવ 'ઉચ્છિષ્ટ' માંથી બતાવેલ છે. તે મંત્ર આ મુજબ છે–

'ऋचः सामानि छन्दांसि पुराणं यजुषा सह ।
उच्छिष्टाज्जज्ञिरे सर्वे दिवि देवा दिविश्रिताः ।।'

અર્થાત્, 'ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ અને યજુર્વેદની સાથે પુરાણો પણ તે

ઉચ્છિષ્ટમાંથી– યજ્ઞના અવશેષોમાંથી અથવા જગત પર શાસન કરતા યજ્ઞમય પરમાત્મામાંથી ઉત્પન્ન થયાં અને દ્યુલોકમાં નિવાસ કરનારા દેવો પણ તેમાંથી જ ઉત્પન્ન થયા છે.'

અથર્વવેદના આ મંત્રથી પણ પુરાણની પ્રાચીનતા વધારે સ્પષ્ટ થાય છે. વેદને માટે જેમ 'વેદભગવાન' શબ્દ છે, તેમ પુરાણને માટે પણ 'પુરાણપુરુષ' શબ્દ છે જ અને એ બન્ને, એક જ 'પરમાત્મા' ના સૂચક છે. આ સંદર્ભે અથર્વવેદનો નીચેનો મંત્ર ખાસ ઉલ્લેખનીય છે–

'यत्र स्कम्भः प्रजनयन् पुराणं व्यवर्तयत् ।

एकं तदङ्गं स्कम्भस्य पुराणमनुसंविदुः ।।'[२४]

અર્થાત્, 'જ્યાં ઈશ્વરે જ (વ્યાસના રૂપમાં) અવતરીને (ગુરુ–શિષ્યપરંપરામાં) જે પુરાણને વિસ્તારેલ છે, તે પુરાણને ઈશ્વરનું જ એક અંગ જાણવું જોઈએ.'

અથર્વવેદ અન્ય વેદોની અપેક્ષાએ અર્વાચીન મનાય છે. વ્યાસો(લૌકિક) અને બ્રાહ્મણો(વૈદિક)ની પરંપરાઓ વચ્ચેના કોઈ મતભેદ કે વિખવાદને ટાળવાનો ઉદ્દેશ પણ આ મંત્રોમાં હોઈ શકે છે. અથર્વવેદની દષ્ટિએ 'પુરાણ' ઋગ્વેદ, સામવેદ તથા યજુર્વેદનું સમકક્ષ છે. પરવર્તી વૈદિક સાહિત્યમાં ઈતિહાસ–પુરાણનો વિશેષ અને સ્પષ્ટ ઉલ્લેખ સમાજમાં પુરાણની વધેલી પ્રતિષ્ઠાને દર્શાવે છે.

અથર્વવેદના અન્ય એક મંત્ર[૨૫]માં 'પુરાણ' શબ્દ ઈતિહાસ, ગાથા તથા નારાશંસી સાથે પ્રયોજાયેલો મળી આવે છે – 'तमितिहासश्च पुराणं च गाथाश्च नाराशंसीश्चानुव्यचलन्।' અહીં ઈતિહાસ, ગાથા તથા નારાશંસીની સાથે કરવામાં આવેલો 'પુરાણ' શબ્દનો પ્રયોગ સૂચવે છે કે, આ મંત્રની રચનાના સમયે, તેનો અર્થ માત્ર 'પ્રાચીન' નથી રહ્યો, પરંતુ તેના સાહિત્યિક અર્થમાં રૂઢ થઈ ચૂકયો છે. પુરાણનું સાહિત્યિક સ્વરૂપ ઈતિહાસ, ગાથા તથા નારાશંસીને સમાન હતું. લૌકિક કથાવૃત્તોનું તેમાં પ્રાધાન્ય રહેતું. સમાજમાં પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ પ્રાપ્ત કરનારા લોકનાયકોને આનુષંગિક બાબતો તેના મુખ્ય વર્ણ્યવિષયો હતા. હાલ ઉપલબ્ધ પુરાણોમાં એવા કેટલાયે વૃત્તાંતો વર્ણવાયેલા છે, જેને ઐતિહાસિક દષ્ટિએ ગણના કરતાં વૈદિકયુગ કે તેના કરતાં પણ પ્રાચીન હોવાનું અનુમાન કરી શકાય છે. જેમ કે, દાશરથિ રામના પૂર્વજો એવા પરમ પ્રતાપી અનેક સૂર્યવંશીઓની

કથાઓ, હિરણ્યકશિપુ, બલિ, બાણાસુરાદિ દૈત્યસમ્રાટોની કથાઓ તથા અન્ય અનેક પ્રાચીન ઘટનાઓ. જો કે, વિગતોની પ્રસ્તુતીમાં ભેળસેળ કરવાની પુરાણકારોની આદત હોઈ શકે છે, પરંતુ તેઓના કથનને અસત્ય માનવાનાં કોઈ કારણો નથી. એ બધાનો વૈદિક સાહિત્યમાં ઉલ્લેખ ન હોવાં પાછળનું કારણ પણ સ્પષ્ટ છે કે, તે બાબતોનું વર્ણન કરવું, એ ઈતિહાસ—પુરાણનું જ ખાસ ક્ષેત્ર હતું. લૌકિક બાબતો હોવાના નાતે, વૈદિક અને ખાસ કરીને સંહિતાઓમાં એ વિશેષ સ્થાન ન જ પામે, તે સ્વતઃ સિદ્ધ થઈ શકે છે. તેમ છતાં શંબર, નમુચિ વગેરે દૈત્ય—સમર્થકોના ઉલ્લેખો, રજૂ થનાર વિષયને આનુષંગિક ઉદાહરણોના રૂપમાં, થયેલા જ છે.

વેદોમાં વિષય—પ્રસ્તુતીની બે ધારાઓ જોઈ શકાય છે. જેમાંથી એક ધારા પૂર્ણ ધાર્મિક છે અને તેમાં દેવતાઓનું વર્ણન, સ્તુતિ તથા પ્રાર્થનાને સ્થાન આપવામાં આવ્યું છે. અન્ય ધારામાં લૌકિક બાબતોને વર્ણવતાં સૂકતોને ગણાવી શકાય. તેમાં લોકપ્રસિદ્ધ વ્યકિત—ચરિત્રો તથા વૃત્તોનો સમાવેશ થાય છે. દાનસ્તુતિઓ, ગાથાઓ તથા નારાશંસીઓ વગેરે આ પ્રકારના વૃત્તાંતો છે. ઋગ્વેદમાં પણ અનેક દાનસ્તુતિઓ તથા નારાશંસીઓ મળી આવે છે. જેમાં, મંત્રદષ્ટા ઋષિ પોતાના કોઈ આશ્રયદાતા, શાસક કે મૂલ્યવાન દાન કે ભેટ આપનારની ઐતિહાસિકવૃત્તથી યુકત સ્તુતિ કરે છે. 'પુરાણ' નો સંબંધ સાહિત્યિક દષ્ટિએ આ ધારા સાથે જોડી શકાય તેમ છે. અથર્વવેદના વ્રાત્યસ્તોમમાં ઈતિહાસ, ગાથાઓ, નારાશંસીઓની સાથે 'પુરાણ' શબ્દનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છેઃ

'स बृहतीं दिशमनुव्यचलत् ।। तमितिहासश्च पुराणं च गाथाश्च नाराशंसीश्चानुव्यचलन् ।। इतिहासस्य च वै स पुराणस्य च गाथानां च नाराशंसीनां च प्रियं धाम भवति य एवं वेद ।।[२६]

અર્થાત્, 'તે (વ્રાત્યદેવ) બૃહતી (મોટી—પૂર્વ) દિશાની તરફ ચાલ્યો. ઈતિહાસ, પુરાણ, ગાથાઓ તથા નારાશંસીઓ તે (વ્રાત્યદેવ) ને અનુસરી. જે એવા (વ્યાપક—વ્રાત્યદેવ) ને જાણે છે, તે ઈતિહાસ, પુરાણ, ગાથાઓ તથા નારાશંસીઓનું પ્રિય ધામ બને છે.'

અહી 'પુરાણ' નો ઈતિહાસથી જુદો અને સ્વતંત્ર પ્રયોગ ધ્યાનાકર્ષક અને નોંધનીય છે. આ બાબત તેની ઈતિહાસ, ગાથાઓ તથા નારાશંસીઓને સમાન જ સાહિત્યિકતાને દ્યોતિત કરનારી છે. પુરાણ—સાહિત્યને જાણનારા કે તેની રચના કરનારા લોકો તે સમયના સમાજમાં અસ્તિત્વ ધરાવતા હતા. એવા પુરાણવિદોનું સમાજમાં એક

વિશિષ્ટ સ્થાન હતું, એ અથર્વવેદના આ મંત્ર પરથી કહી શકાય છેઃ

'येत आसीद् भूमिः पूर्वा यामद्धातय इद् विदुः ।

यो वै तां विद्यान्नामथा स मन्येत पुराणवित् ।।'[૨૭]

અર્થાત્, 'આ(દેખાતી ભૂમિ) થી પહેલા (અર્થાત્, પહેલા કલ્પવાળી) જે ભૂમિ હતી, તે ભૂમિને સત્યજ્ઞાની પુરુષો જ જાણી શકે છે. જે દૃઢ નિશ્ચય કરી, પહેલા કલ્પવાળી ભૂમિને જાણી લે, તેને ખરાં અર્થમાં 'પુરાણવિદ' તરીકે માનવો.'

પ્રસ્તુત મંત્રમાં કરવામાં આવેલ 'पुराणवित्' નો ઉલ્લેખ એવું દર્શાવે છે કે, અથર્વવેદકાળમાં પુરાણ—સાહિત્ય તથા પુરાણવેત્તાઓનું અસ્તિત્વ હતું. આમ, વૈદિક મંત્રોથી એવું પ્રતીત થાય છે કે, ઋગ્વેદના સમયમાં 'પુરાણ' શબ્દ પ્રચલિત હતો જ. એટલું જ નહીં, અથર્વવેદના સમયમાં તો 'પુરાણ' તથા 'પુરાણવિદ' ના અસ્તિત્વનો સ્પષ્ટ ખ્યાલ પણ આ મંત્રો દ્વારા પ્રાપ્ત થાય છે.

### ❖ બ્રાહ્મણયુગમાં પૌરાણિક ઉલ્લેખો :

શતપથબ્રાહ્મણ તથા ગોપથબ્રાહ્મણમાંથી પ્રાપ્ત થતા 'पुराण'ના અનેકવિધ ઉલ્લેખો, એ યુગમાં અસ્તિત્વમાન 'પુરાણ'ના સ્વરૂપ અને સ્થાનને સારી રીતે સ્પષ્ટ કરી આપે છે. એ ઉલ્લેખો દ્વારા તે સમયની 'પુરાણ' ની લોકપ્રિયતાને પણ પ્રમાણિત કરી શકાય છે. બ્રાહ્મણગ્રંથોમાં, શતપથબ્રાહ્મણનાં ઉદ્ધરણો વિશેષ મહત્ત્યવનાં છે. એ ગ્રંથમાં અનેક સ્થાનોએ પુરાણ વિષયક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તેમાં યજ્ઞના નવમા દિવસે પુરાણનો પાઠ કરવાનું સૂચન છેઃ 'अथ नवमेऽहनि किञ्चतपुराणमाचक्षीत ।'[૨૮] પુરાણનો પ્રતિદિન પાઠ કરનાર વ્યકિતત દેવતાઓને તૃપ્ત કરે છે, એવું વિધાન પણ શતપથબ્રાહ્મણમાં છેઃ —

'एष देवांस्तर्पयति य एवं विद्वान् वाकोवाक्यमितिहासपुराणमित्यहरहः स्वाध्यायमधीते ।।'[૨૯]

અર્થાત્, 'વાકોવાકય, ઈતિહાસ અને પુરાણનો નિત્ય પાઠ કરવો જોઈએ, એવું જે જાણે છે, તે દેવોને તૃપ્ત કરે છે.'

આવો જ અર્થ ધરાવતું એક અન્ય વિધાન પણ 'શતપથબ્રાહ્મણ'માં નોંધાયેલું છેઃ

'मध्वाहुतयो ह वा एता देवानाम् । यदनुशासनानि विद्या वाकोवाक्यमितिहास पुराणं गाथा नाराशंसस्यः । य एवं विद्वान् अनुशासनानि विद्यावाकोवाक्यमितिहासपुराणं

गाथा नाराशंसीरित्यहरहः स्वाध्यायमधीते ।मध्वाहुतिभिरेव तद्देवांस्तर्पयति ।'[30]

અહીં બતાવે છે કે– 'અનુશાસન, વિદ્યા, ઈતિહાસ–પુરાણ, ગાથા તથા નારાશંસીના સ્વાધ્યાયથી વેદોને મધુપૂર્ણ આહુતિઓ પ્રાપ્ત થાય છે. આ સ્વાધ્યાય કરનાર વિદ્વાન મધુપૂર્ણ આહુતિઓથી દેવોને તૃપ્ત કરે છે.'

તદુપરાંત,

'ऋग्वेदो यजुर्वेदो सामवेदोऽथर्वाङ्गिरस इतिहासपुराणं विद्या उपनिषदः श्लोकाः सूत्राणि अनुव्याख्यानानि व्याख्यानानि वाचैव सम्राट् प्रजायते ।'[31]

અર્થાત્, "ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વાંગિરસ, ઈતિહાસપુરાણ, વિદ્યા, ઉપનિષદ, શ્લોક, સૂત્ર, અનુવ્યાખ્યાન તથા વ્યાખ્યાન (વાણી/વાઙ્મય છે.) વાણીથી જ સમ્રાટ ઉત્પન્ન થાય છે."

આ બધા ઉલ્લેખોનો સંબંધ 'બ્રહ્મયજ્ઞ' સાથે છે. જુદા જુદા વેદોના સ્વધ્યાય પણ વિભિન્ન ફળ પ્રદાન કરનાર છે. અનુશાસનવિદ્યા, વાકોવાકય, ઈતિહાસપુરાણ, ગાથા તથા નારાશંસીનો સ્વધ્યાય કરવાથી દેવોને પણ મધુપૂર્ણ આહુતિઓ મળે છે. દેવો ખુશ થાય છે. શતપથબ્રાહ્મણના આ ઉલ્લેખોમાં ઈતિહાસપુરાણ સાથે જ પ્રયુકત થયેલ જોઈ શકાય છે. જો કે, પારિપ્લવ્યાખ્યાનના વર્ણનમાં તે બન્ને અલગ–અલગ પણ પ્રયોજાયેલ જોઈ શકાય છેઃ

'अथाष्टमेऽह्निमत्स्याश्च मत्स्यहनश्चोपसमेता भवन्ति तानुपदिशतीतिहासो वेदः सोऽयमिति किञ्चिदितिहासमाचक्षीत । अथ नवमेऽह्नितानुपदिशति पुराणं वेदः सोऽयमिति किञ्चित पुराणमाचक्षीत ।[32]

પ્રસ્તુત ઉલ્લેખમાં જોઈ શકાય છે કે, ઈતિહાસનું પ્રવચન આઠમા દિવસે અને પુરાણનું પ્રવચન નવમા દિવસે કરવાનું કહ્યું છે. આ એવું બતાવે છે, કે ઈતિહાસ અને પુરાણ એકબીજાથી સ્વતંત્ર ગણાવા લાગ્યાં હતાં. જેથી શતપથબ્રાહ્મણના સમયમાં 'પુરાણ' ઈતિહાસથી અલગ અસ્તિત્વ ધરાવતું થઈ ગયું હતું. પ્રારંભમાં ઈતિહાસ અને પુરાણના વિષયોમાં સમાનતા હતી, પરંતુ પછીથી બન્નેમાં અલગતા આવી ગઈ. ગોપથબ્રાહ્મણ પુરાણને માટે 'વેદ' સંજ્ઞા પ્રયોજે છે અને પુરાણવેદને ઈતિહાસવેદથી અલગ માને છેઃ

'पञ्चवेदान् निरमिमत सर्पवेदं पिचाशवेदमसुरवेदमितिहासवेदं पुराणवेदम् ।[33]

અર્થાત્, 'પાંચ વેદોનું નિર્માણ કર્યુંઃ સર્પવેદ, પિચાશવેદ, અસુરવેદ, ઈહિાસવેદ અને પુરાણવેદ.'

આ બધા વેદોની ઉત્પત્તિ કઈ–કઈ દિશાઓમાંથી થઈ, તે અંગે પણ ગોપથ જણાવે છે કે–

'स खलु प्राच्या एव दिशः सर्पवेदं निरमिमत दक्षिणस्याः पिचाशवेदं प्रतीच्या असुरवेदमुदीच्या इतिहासवेदं ध्रुवायाश्चोर्ध्वायाश्च पुराणवेदम् ।[३४]

અર્થાત્, 'પ્રાચી (પૂર્વ) દિશામાંથી સર્પવેદનું, દક્ષિણદિશામાંથી પિચાશવેદનું, પશ્ચિમદિશાથી અસુરવેદનું, ઉત્તરદિશામાંથી ઈતિહાસવેદનું તથા ધ્રુવા (પગથી નીચેની દિશા) અને ઉર્ધ્વ (માથાની બરાબર ઉપરની) દિશામાંથી પુરાણવેદનું નિર્માણ કર્યું.'

આના પરથી કહી શકાય છે કે, તે યુગમાં 'પુરાણ' સ્વતંત્ર વેદ કે વેદને સમાન જ માન્યશાસ્ત્ર હતું. આ બધા જ (પાંચેય) વેદોમાંથી અલગ–અલગ પાંચ વ્યાહૃતિઓની ઉત્પત્તિ પણ દર્શાવી છેઃ

'स तान् पञ्चवेदानभ्यश्राम्यदभ्यतपत् समतपत् । तभ्यः श्रान्तेभ्यस्तप्तेभ्यः संतप्तेभ्यः पञ्चमहाव्याहृतीर्निरमिमतवधृत् करत् गृहत् महत्तदिति । वृधादिति सर्पवेदात्, करदिति पिशाचवेदात् गृहदित्यसुरवेदात् महदितीतिहासवेदात् तदिति पुराणवेदात् ।'[३५]

'અર્થાત્, તે પાંચ વેદોમાંથી ક્રમશઃ પાંચ વ્યાહૃતિઓનું નિર્માણ થયું– અવધૃત્, કરત્, ગૃહત્, મહત્ અને તત્. (જેમાંથી) અવધૃત્ સર્પવેદમાંથી, કરત્ પિચાશવેદમાંથી, ગૃહત્ અસુરવેદમાંથી, મહત્ ઈતિહાસવેદમાંથી અને તત્ પુરાણવેદમાંથી'

આમ, ભિન્ન–ભિન્ન દિશાઓમાંથી ઉત્પન્ન થવાને લીધે તથા ભિન્ન–ભિન્ન વ્યાહૃતિઓનાં ઉદ્‌ગમસ્થાનો હોવાને લીધે, ગોપથબ્રાહ્મણ પ્રમાણે ઈતિહાસ અને પુરાણ વિભિન્ન વિદ્યાઓ છે. તે યુગમાં બન્નેની ભિન્નતા નકિક થઈ ગઈ હતી.

ગોપથબ્રાહ્મણ એમ પણ માને છે કે, કલ્પ, રહસ્ય, બ્રાહ્મણ, ઈતિહાસ, ઉપનિષદ, અન્વાખ્યાન તથા પુરાણોની સાથે બધા વેદોનું નિર્માણ થયું હતું–

'एवमिमे सर्वे वेदा निर्मिताः सफल्याः सरहस्याः सब्राह्मणाः सोपनिषत्काः सेतिहासाः सान्वाख्याताः सपुराणाः ।'[३६]

ગોપથબ્રાહ્મણ ઈતિહાસ તથા પુરાણને અલગ અલગ વિદ્યાઓ તરીકે ઓળખાવે છે. તદુપરાંત, ગોપથબ્રાહ્મણ, પૂર્વભાગ, ૧/૧૦માં પણ ઈતિહાસ તથા પુરાણને સ્વતંત્ર અને અલગ અલગ વેદના રૂપમાં ઉદ્‌ભવ્યા હોવાનું દર્શાવ્યું છે.

એથી પણ એમ લાગે છે કે, તે યુગમાં બન્નેનું અલગપણું નિશ્ચિત થઈ ગયું હશે. શતપથબ્રાહ્મણમાં 'ઈતિહાસપુરાણ' સાથે જ પ્રયુકતત થયેલાં જોવા મળે છે. તેનાથી તે બન્નેનું વિષય—ઐકય સિદ્ધ થાય છે. અલબત્ત, કેટલાંક સ્થાને સ્વતંત્રરૂપે પણ ઉલ્લેખાયેલાં છે. જેમ કે, ૧૩/૪/૩/૧૨માં ઈતિહાસનો અને ૧૩/૪/૩/૧૩માં પુરાણનો સ્વતંત્રપણે ઉલ્લેખ થયેલો છે. જેથી, એ કાળથી તે બન્નેને અલગ અલગ ગ્રંથનાં રૂપમાં ગણાવવાની શરૂઆત થઈ ગઈ હશે.

**❖ આરણ્યક—ઉપનિષદયુગમાં પૌરાણિક ઉલ્લેખો :**

વૈદિકયુગના અંતિમ ચરણના સાહિત્ય આરણ્યકગ્રંથો અને ઉપનિષદોમાં પણ પુરાણ વિષયક ઘણી માહિતી ઉપલબ્ધ થાય છે. જેમકે, તૈત્તિરીયારણ્યકમાં કહ્યું છે કે—

‘यद् ब्राह्मणानीतिहासान् पुराणानि कल्पान् गाथा नाराशंसीर्भेदाहुतयो देवानामभवन् ।’[૩૭]

અર્થાત્, 'જે બ્રાહ્મણો, ઈતિહાસો, પુરાણો, કલ્પો, ગાથાઓ, નારાશંસીઓ જેવા ભેદવાળી દેવતાઓની આહુતિઓ ઉત્પન્ન થઈ.'

અહીં પ્રાપ્ત થતાં ‘पुराणानि’ શબ્દથી એમ લાગે છે કે, અહીં પુરાણમાં આવતાં આખ્યાનો બહુવચન દ્વારા અભિપ્રેત છે અથવા તો ઈતિહાસથી સ્વતંત્ર થયેલાં પુરાણોની સંખ્યાનો વ્યાપ વધ્યો હશે. 'બૃહદારણ્યકોપનિષદ'માં તો પુરાણના ઉદ્ભવને વેદના ઉદ્ભવની સાથે જ બતાવવામાં આવ્યો છે. બીજી રીતે કહીએ તો અહીં વેદની પેઠે પુરાણોને પણ નિત્ય માનવામાં આવ્યાં છે. ઈતિહાસ અને પુરાણને તેમાં ઈશ્વરના શ્વાસો તરીકે ગણાવેલા છે. 'બૃહદારણ્યકોપનિષદ' માં વિધાન છે કે —

‘स यथाऽऽर्द्रेन्धाग्नेर्ब्याहितात् पृथग्धूमा विनिश्चिरन्ति एवं वा अरेऽस्य महतो भूतस्य निःश्वसितमेतद् यदृग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वांगिरस इतिहासपुराणम् ।’[૩૮]

અર્થાત્, 'ભીનાં લાકડાને બાળવાથી જે રીતે ધૂમાડો અલગ — અલગ નીકળે છે, તે રીતે પરમાત્માની સત્તા નિઃશ્વસિત જ છે. જેમકે, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વાંગિરસ તથા ઈતિહાસ—પુરાણ.'

આવા જ અર્થના સંદર્ભે વાજસનેયિબ્રાહ્મણોપનિષદમાં પણ કહેવામાં આવ્યું છે કે, —

"अस्य महतो भूतस्य निश्वसितमेतद् यद् ऋग्वेदा यजुर्वेदः सामवेदोऽर्थर्वाङ्गिरस इतिहासः पुराणम्।"[૩૯]

'છાંદોગ્યોપનિષદ'ના સમયમાં પુરાણનાં માન અને મહત્ત્યવ વધ્યાં હોય તેમ જણાય છે. પુરાણને વેદ–સમકક્ષ જ નહીં, પણ વેદ તરીકે જ સન્માન આપીને 'પંચમવેદ' તરીકે ઓળખાવેલ છે. છાંદોગ્યોપનિષદમાં વિધાન છે કે–

'ऋग्वेदं भगवोऽध्येमि यजुर्वेदं सामवेदमाथर्वणं चतुर्थमितिहासपुराणं पंचमम्, वेदानां वेदं,.......।'[૪૦]

અહીં, ઈતિહાસપુરાણને 'પંચમવેદ' કહીને તેનું ગૌરવગાન કરવામાં આવ્યું છે. 'છાંદોગ્યોપનિષદ'માં અન્યત્ર પણ એક સ્થાને 'પુરાણ'ને 'પાંચમા વેદ' તરીકે ઓળખાવેલ છેઃ

'ऋग्वेदो यजुर्वेदः सामवेद अथर्वणश्चतुर्थ इतिहासपुराणः पञ्चमो वेदानां वेदः।'[૪૧]

અહીં, છાન્દોગ્યોપનિષદ પણ 'પુરાણ' ને વેદોની હરોળમાં મૂકે છે. એટલું જ નહીં, તે બન્નેને નિત્ય પણ માને છે.

આમ, વૈદિક સાહિત્યના અભ્યાસ દ્વારા કેટલીક એવી બાબતો સ્પષ્ટ થાય છે કે, જેણે પરવર્તીકાળમાં પુરાણ–સાહિત્યના વિકાસને પોષ્યો છેઃ

→ પરમાત્મા (કે ઉચ્છિષ્ટ) થી વેદો અને ઈતિહાસ–પુરાણ ઉત્પન્ન થયાં છે.
→ વેદની જેમ પુરાણ પણ શાશ્વત છે.
→ ઈતિહાસ–પુરાણને પ્રાચીન શાસ્ત્રો પાંચમા વેદ તરીકે ઓળખાવે છે.
→ ઈતિહાસ–પુરાણનું ઉદ્‌ભવ–સ્થાન સ્વર્ગ છે.
→ ઈતિહાસની સાથે પુરાણ પણ તે સમયે મૌખિક ન રહેતાં, શાસ્ત્ર અથવા ગ્રંથના રૂપમાં પ્રસ્થાપિત હતું.
→ અધ્યયનના વિષયોમાં તેનું આગવું સ્થાન હતું.
→ આરણ્યકોના સમયમાં પુરાણ કોઈ એક રૂપમાં ન રહેતાં, તેનું વિવિધ ભાગોમાં વિભાજન થઈ ચૂકયું હતું.
→ આખ્યાનરૂપમાં તે ખૂબ જ જાણિતાં બની ચૂકયાં હતાં.
→ ઈતિહાસ–પુરાણ પાપનો નાશ કરવાનું સામર્થ્ય ધરાવે છે.

આ બધી બાબતોના આધારે વૈદિકકાળમાં સ્થિત 'પુરાણ' નું સ્થાન અને તેના સ્વરૂપ વિષયક અનુમાન સ્પષ્ટતઃ થઈ શકે છે. સમયની સાથે–સાથે સમાજમાં 'પુરાણ' નું માન–સન્માન વધ્યું છે.

**❖ ધર્મસૂત્ર–સ્મૃતિગ્રંથોમાં પૌરાણિક ઉલ્લેખો :**

ધર્મશાસ્ત્રીયગ્રંથોએ પુરાણને ધર્મની સાથે જોડી દીધેલ છે. આ ગ્રંથોમાંથી પુરાણના અસ્તિત્વના, તેના અધ્યયન તેમજ અધ્યયનથી મળતા પુણ્યનો સંકેત કરનારા અનેક પુરાવાઓ તેમાં પ્રાપ્ત થાય છે. 'આશ્વલાયનગૃહ્યસૂત્ર'માં પુરાણના પઠનના ઉલ્લેખો ૩/૩/૧, ૩/૪/૬ વગેરે સ્થાનોએ પ્રાપ્ત થાય છે. આ ગ્રંથમાં ઈતિહાસપુરાણને 'અમૃતની નહેરો' કહેલ છે.[૪૨] 'ગૌતમધર્મસૂત્ર' એવું બતાવે છે કે, સામાન્ય માણસની સાથે સાથે શાસકવર્ગના લોકો માટે પણ પુરાણસાહિત્યનું જ્ઞાન જરૂરી છે અને વેદ–વેદાંગ સહિત ઈતિહાસ–પુરાણાદિમાં કુશળ વ્યકિતને 'બહુશ્રુત' કહ્યો છે :

'स एष बहुश्रुतो भवति लोके वेद-वेदांगवित् वाक्यो-वाक्येतिहासपुराणकुशलः ।'[૪૩]

ધર્મશાસ્ત્રીયગ્રંથોમાં સૌથી મહત્ત્યવનો ઉલ્લેખ 'આપસ્તંબધર્મસૂત્ર' નો છે, જેમાં કોઈક પુરાણના બે શ્લોકોને ઉદ્ધૃત કરવામાં આવ્યા છેઃ

'अष्टाशीति सहस्राणि ये प्रजामीषिरर्षयः ।
दक्षिणेनार्यम्णः पन्थानं ते श्मशानानि भेजिरे ।।
अष्टाशीति सहस्राणि ये प्रजां नेमिरर्षयः ।
उत्तरेणार्यम्णः पन्थानं तेऽमृतत्वं हि भेजिरे ।। [૪૪]

અર્થાત્, 'અઠયાસી હજાર ઋષિઓ સંતાનની પ્રાપ્તિ ઈચ્છતા હતા. તેઓ અર્યમાના દક્ષિણમાર્ગથી ચાલી શ્મશાન પહોંચ્યા. પરંતુ જે અઠયાસી હજાર ઋષિઓ સંતાનની ઈચ્છા કરતા ન હતા, તેણે અર્યમાના ઉત્તરમાર્ગથી ચાલી અમૃતત્વની કામના કરી હતી. તેણે અર્યમાના ઉત્તરમાર્ગથી ચાલી અમૃતત્વને પ્રાપ્ત કર્યું.'

શ્રીશંકરાચાર્યે બૃહદારણ્યકોપનિષદ, ૬/૨/૧૫ પરના ભાષ્યમાં એક સ્મૃતિવચન ટાંકેલ છે, જે ઉપરના શ્લોકો સાથે ઘણું જ સામ્ય ધરાવે છે. તે શ્લોક આ પ્રમાણે છેઃ

'अष्टाशीति सहस्राणामृषीणामूर्ध्वरेतसाम् ।
उत्तरेणार्यम्णः पन्थास्तेऽमृतत्वं हि भेजिरे ।।'[૪૫]

પ્રસ્તુત શ્લોક અને 'આપસ્તમ્બધર્મસૂત્ર'ના ઉપરોકત શ્લોકો વચ્ચેનું સામ્ય નોંધનીય છે. જો કે, આ બન્ને શ્લોકો કયાંથી લેવામાં આવ્યા હશે, તે સ્થાન બતાવવું મુશ્કેલ છે, પરંતુ આ શ્લોકોને જ સમાન ભાવ ધરાવતાં પદ્યો પુરાણોમાં

અનેક સ્થાનોએ ઉપલબ્ધ થાય છે. 'બ્રહ્માંડપુરાણ'માં બે સ્થળોએ પિતૃયાન અને દેવયાનની ચર્ચા કરવામાં આવી છે. જેમાંથી એક સ્થાને તો ઉપરના શ્લોકોને એકદમ મળતા આવતા શ્લોકો જ છેઃ

'अष्टाशीतिसहस्राणि प्रोक्तानि गृहमेधिनाम् ।
अर्यम्णो दक्षिणा ये तु पितृयानं समाश्रिताः ।।
गृहमेधिनां तु संख्येयाः श्मशानान्याश्रयन्ति ये ।
अष्टाशीतिसहस्राणि निहिता ह्युतरायणे ।
ये श्रूयन्ते दिवं प्राप्ता ऋषय उर्ध्वरेतसः ।।'[૪૬]

આ જ પુરાણમાં, અન્યત્ર આ શ્લોકો પરનું જ જાણે કે વિશદ ભાષ્ય દર્શાવવામાં આવ્યું છે.[૪૭] વિષ્ણુપુરાણ,[૪૮] પદ્મપુરાણ[૪૯] તથા મત્સ્યપુરાણ[૫૦]માં પણ આ જ પ્રકારના શ્લોકો મળે છે.

આનાથી એવું પ્રતીત થાય છે કે, 'આપસ્તંબધર્મસૂત્ર'ના સમયમાં કોઈક પુરાણ અવશ્ય પ્રચલિત હશે.

એટલું જ નહીં, એ ગ્રંથમાં જ અન્યત્ર તો 'ભવિષ્યપુરાણ' નો સ્પષ્ટ નામોલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. જેમકે,–

'आभूतसंप्लवास्ते स्वर्गजितः, पुनः सर्गे बीजार्था भवन्तीति भविष्यत्पुराणे ।'[૫૧]

અર્થાત્, 'પિતૃઓએ પ્રલયકાળ સુધી સ્વર્ગનો જય કરેલ છે (અને) પુનઃ સર્ગ (સૃષ્ટિના પુનર્સર્જન) ના સમયે તેઓ બીજરૂપ બને છે, એવું ભવિષ્યપુરાણનું કથન છે.'

'આપસ્તમ્બધર્મસૂત્ર' ના આ મહત્ત્યવપૂર્ણ ઉલ્લેખથી એવું જાણવા મળે છે કે, તે સમયે 'ભવિષ્યપુરાણ' નામનો કોઈ ગંથ અસ્તિત્વ ધરાવતો હતો. અહીં 'પુરાણ' શબ્દ તો પ્રાચીનતાનો સૂચક છે, પરંતુ 'ભવિષ્ય' સાથે તેનો સમન્વય કઈ રીતે સાધવો, તે સમસ્યારૂપ છે. કેમકે, તેનો ખરો સંબંધ તો ભવિષ્યમાં થનારી ઘટનાઓ સાથે થઈ શકે છે. અત્યારે પ્રાપ્ત થતું 'ભવિષ્યપુરાણ' કલિયુગમાં થનારા રાજવંશોની વિગતો આપે છે. આપસ્તમ્બધર્મસૂત્રનો રચનાકાલ ઈ.સ. પૂર્વે ૫૦૦ કે ૬૦૦ નો માનવામાં આવે છે. તેથી કદાચ તેના કરતાં પણ થોડું પૂર્વે એટલે કે ઈ.સ. પૂર્વે ૮૦૦ આસપાસ 'भविष्यत्' નામધારી કોઈ પુરાણગંથની રચના અવશ્ય થઈ હશે. અત્યારે પ્રાપ્ત થતું 'ભવિષ્યપુરાણ' એ જ છે કે, તેનાથી ભિન્ન તે કહી શકવું મુશ્કેલ છે. કદાચ તે સમય સૂત્રકાળ હોવાથી વર્તમાનના ભવિષ્યપુરાણનું સૂત્રરૂપ

હોઈ શકે છે. સમય જતાં, તેમાં લોકપ્રસિદ્ધ આખ્યાનોનું ઉમેરણ થતાં આજે પ્રચલિત ભવિષ્યપુરાણ અસ્તિત્વમાં આવ્યું હશે.

'આપસ્તમ્બધર્મસૂત્ર'ના ભવિષ્યપુરાણ સંબંધી આ ઉલ્લેખ વિશે આચાર્ય બલદેવ ઉપાધ્યાય નોંધે છે કે, –

'आपस्तम्ब धर्मसूत्र का रचना काल ईस्वी पूर्व पञ्चम-षष्ठ शतक माना जाता है। उस समय पुराण का रूप आजकल उपलब्ध, पुराण के समान ही धर्मशास्त्रीय विषय से सम्पन्न था। 'पुराण' के सामान्य निर्देश के संग में 'भविष्यपुराण' का विशिष्ट निर्देश इस तथ्य का विशद प्रतिपादक है कि उस युग में कम से कम एक पुराण का प्रणयन हो चुका था। इस प्रकार ग्रन्थ रूप में पुराण का यह निर्देश निःसन्देह प्रावीन तथा महत्त्वपूर्ण है।'[૫૨]

આ ઉપરાંત, એક સ્થાને બ્રાહ્મણને મારવાના પ્રસંગના વિભિન્ન મતોને દર્શાવતાં કહ્યું છે કે,–

'यो हिंसार्थमभिक्रान्तं हन्ति मन्युरेव मन्युं स्पृशति, न तस्मिन् दोष इति पुराणे।'[૫૩]

વ્યાસસ્મૃતિ કહે છે કે, વેદમાં પારંગત થવા માટે માત્ર વેદના છ અંગોની મીમાંસા જ પૂરતી નથી, પરંતુ ઈતિહાસ–પુરાણની મીમાંસા કે અનુશીલન પણ આવશ્યક છે :

'मीमांसते च यो वेदान् षड्भिरङ्गै सविस्तरैः ।
इतिहासपुराणानि स भवेद् वेदपारगः ।।

તથા

ब्राह्मण-क्षत्रिय-विशस्त्रयो वर्णा द्विजातयः ।
श्रुतिस्मृतिपुराणोक्तधर्मयोगस्तु नेतराः ।।'[૫૪]

અર્થાત્, 'બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણે દ્વિજાતિ કહેવાય છે અને તેઓને માટે (ક્રમશઃ) શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોમાં કહેવાયેલા ધર્મનો યોગ જ ઈચ્છનીય છે, અન્ય નહીં.'

મનુસ્મૃતિ એવું નોંધે છે કે, તે સમયે પુરાણપાઠને વેદપાઠ જેટલો જ મહત્ત્યવનો ગણવામાં આવતો–

'स्वाध्यायं श्रावयेत पित्र्ये धर्मशास्त्राणि चैव हि ।
आख्यातानीतिहासांश्च पुराणानि खिलानि च ।।'[૫૫]

શિષ્યને જ્ઞાન આપતાં પહેલાં તેની પરીક્ષા કરી લેવી જોઈએ.

અજ્ઞાત કુળવાળા શિષ્યને વેદ, ધર્મ, પુરાણ તથા તત્ત્યવનો ઉપદેશ ન કરવો જોઈએ, પરંતુ એક સંવત્સર સુધી ગુરુની પાસે વિદ્યાની પ્રાપ્ત્યર્થે જે રહેલો હોય, તેને જ તેનો ઉપદેશ કરવો જોઈએ. આ સંદર્ભમાં ઉશનસ્—સ્મૃતિનું વિધાન છે કે—

'वेदं धर्मं पुराणं च तथा तत्त्वानि नित्यशः ।
संवत्सरोषिते शिष्ये गुरुज्ञानं विनिर्दिशेत् ।।'[५६]

યાજ્ઞવલ્કયસ્મૃતિ પુરાણને 'વિદ્યાસ્થાન' તરીકે ગણાવે છે. તેના ઉપોદ્‌ઘાતમાં ૧૪ વિદ્યાઓનાં સ્થાનો દર્શાવવામાં આવ્યાં છેઃ

'पुराण-न्याय-मीमांसा-धर्मशास्त्राङ्गमिश्रिताः ।
वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दशः ।।'[५७]

અહીં પુરાણને વિદ્યા અને ધર્મનું સ્થાન ગણાવીને તેને વેદ જેટલું જ પવિત્ર અને ગ્રાહ્ય માનવામાં આવેલ છે. અન્યત્ર, પુરાણના પાઠથી દેવો તથા પિતૃઓની વિશેષ તૃપ્તિ થતી હોવાનું કહ્યું છે.[૫૮] આ ઉપરાંત પણ ઘણાં સ્થાનોએ આ સ્મૃતિમાં 'પુરાણ'ના ઉલ્લેખો મળી આવે છે.[૫૯]

## ❖ મહાભારતમાં પૌરાણિક ઉલ્લેખો :

મહાભારત પણ સંસ્કૃત સાહિત્યનો પ્રાચીન અને મહનીય ગ્રંથ છે. આ દળદાર ગ્રંથ ભારતીય સંસ્કૃતિના જ્ઞાનકોશ સમાન છે. પુરાણની અનેક કથાઓ તેમાં વર્ણવાયેલી છે. જો કે, તેમાં પુરાણોની નામાવલી જોવા નથી મળતી, પરંતુ પુરાણોની અષ્ટાદશની સંખ્યા અંગે મહાભારતકારને માહિતી હોવાનું સ્પષ્ટ છે. પુરાણ વિષયક ઉલ્લેખો તેમાં અનેક સ્થળોએ પ્રાપ્ત થાય છે. મહાભારતના અનુશાસનપર્વમાં કહ્યું છે કે,—

'પુરાણ, મનુસ્મૃતિ, અંગો સહિત વેદો અને ચિકિત્સાશાસ્ત્ર આ ચારેય ઈશ્વરની આજ્ઞાથી સિદ્ધ થયેલાં છે, એટલે તેમનું વર્ણન યથાર્થ અને પ્રમાણભૂત છે. કુતર્કની મદદથી તેનું ખંડન કરવું યોગ્ય નથી.'[૬૦]

અન્યત્ર એક જગ્યાએ એવું પણ જોવા મળે છે કે, પુરાણોમાં અનેક દિવ્ય કથાઓ આવે છે. (અને) તેમાં વિશિષ્ટ બુદ્ધિમાનોના આદિવંશોનાં વર્ણનો પણ મળી આવે છે.

'पुराणे हि कथा दिव्या आदिवंशाश्च धीमताम् ।
कथ्यन्ते ये पुराऽस्माभिः श्रुतपूर्वाः पितुस्तव ।।'[६१]

એ ઉપરાંત, મહાભારતમાં એવું વિધાન પણ મળી આવે છે કે, સત્યવતીપુત્ર વ્યાસે સૌપ્રથમ અઢાર પુરાણોની રચના કરી અને ત્યારપછી મહાભારત રચ્યું–

‘अष्टादश पुराणानि कृत्वा सत्यवतीसुतः ।
पश्चाद् भारतमाख्यानं चक्रे तदुपबृंहितम् ।।’ [૬૨]

વ્યાસનો એવો પણ મત છે કે, ઇતિહાસ અને પુરાણ દ્વારા વેદોને સમજાવવાનો કે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ–

‘इतिहासपुराणाभ्यां वेदं समुपबृंह्यते ।
बिभेत्यल्पश्रुताद्वेदो मामयं प्रहरिष्यति ।।’[૬૩]

મહાભારતમાં એક સ્થાને તો 'વાયુપુરાણ'નો સ્પષ્ટ નામોલ્લેખ પણ થયેલો જોવા મળે છે–

‘एतत्ते सर्वमाख्यातमतीतानागतं तथा ।
वायुप्रोक्तमनुस्मृत्य पुराणमृषिसंस्तुतम् ।।’[૬૪]

વ્યાસજી મહાભારતના શ્રવણથી પ્રાપ્ત થતાં ફળને, પુરાણોના શ્રવણથી પ્રાપ્ત થતાં ફળની સાથે સરખાવે છે–

‘अष्टादशपुराणानां श्रवणाद्यत्फलं लभेत् ।
तत्फलं समवाप्नोति वैष्णवो नात्र संशयः ।।’[૬૫]

આદિપર્વમાં પુરાણના વર્ણ્ય–વિષયો અંગે કહ્યું છે કે,–

‘माहात्म्यमपि चास्तिक्यं सत्यं शौचं दयार्जवम् ।
विद्वद्भिः कथ्यते लोके पुराणे कविसत्तमैः ।।’[૬૬]

અર્થાત્, 'પુરાણમાં આસ્તિકતા, સત્ય, શૌચ, દયા, શ્રેષ્ઠ કવિઓ દ્વારા વર્ણવવામાં આવે છે અને વિદ્વાનો તેનો જ આશ્રય લઈને વર્ણન કરે છે.'

આના પરથી સ્પષ્ટ થાય છે કે, પુરાણોને તે સમયમાં ખૂબ જ આદરપૂર્વક જોવામાં આવતાં. આદિપર્વમાં કહ્યું છે કે,–

‘पुराणपूर्णचन्द्रेण श्रुतिज्योत्स्ना प्रकाशिता ।’[૬૭]

અહીં, પુરાણને પૂર્ણચંદ્ર સાથે તથા વેદોને ચાંદની સાથે સરખાવવામાં આવેલ છે. આ ઉલ્લેખમાં પુરાણના આધિપત્યનો સ્વીકાર કરવામાં આવ્યો છે, શ્રુતિ એ પુરાણરૂપી ચન્દ્રનો પ્રકાશ છે. અન્ય અર્થ એ પણ તારવી શકાય છે કે, જે શ્રુતિના અર્થને લોકો સુધી પહોંચાડે છે.

**❖ રામાયણમાં પૌરાણિક ઉલ્લેખો :**

વાલ્મીકિરચિત 'રામાયણ' માં પણ પુરાણ અને પુરાણવિદના નિર્દેશો મળી આવે છે. તેમાં દશરથના સારથી સુમંતને અનેક સ્થળોએ પુરાણવિદ તરીકે રજૂ કરવામાં આવ્યો છે–

'इत्युक्त्वान्तःपुरद्वारमाजगाम पुराणवित् ।'[६८]

તેમજ,

'स तदन्तःपुरद्वारं समतीत्य जनाकुलम् ।
प्रविभक्तां ततः कक्षामाससाद पुराणवित् ।।''[६९]

અહીં સુમંતને પુરાણવિદ્ તરીકે દર્શાવેલ છે. એ તો સ્પષ્ટ જ છે કે, સુમંત સૂત હતો, તેથી પુરાણો સાથે તેનો સંબંધ હોય એ સ્વાભાવિક છે. પ્રાચીન સમયમાં પુરાણો અને ગાથાઓનું ગાન આ સૂતલોકો જ કરતા હતા. બાલકાંડમાં પુરાણોમાંથી પ્રાપ્ત થતા પુરાવૃત્તનું શ્રવણ સૂતે રાજાને કરાવ્યું હોવાનો ઉલ્લેખ છેઃ

'इत्युक्त्वा तु रहः सूतो राजानमिदमब्रवीत् ।
श्रूयतां यत् पुरावृत्तं पुराणेषु यथाश्रुतम् ।।[७०]

અહીં સૂતોના 'પુરાવૃત્તકથન' કે 'પુરાણશ્રવણ' ના કાર્યનો આધાર સ્પષ્ટપણે પ્રાપ્ત થાય છે. આથી વાલ્મીકિ પુરાણોથી સારીરીતે પરિચિત હતા, તેમ કહી શકાય.

**❖ કૌટિલ્યકૃત 'અર્થશાસ્ત્ર'માં પૌરાણિક ઉલ્લેખો :**

રામાયણ, મહાભારત જેવા ઈતિહાસ ગ્રંથો ઉપરાંત, કૌટિલ્યે પણ પોતાના 'અર્થશાસ્ત્ર'માં પુરાણ તથા ઈતિહાસનો અનેક સ્થળોએ નિર્દેશ કરેલો છે. અવળા માર્ગે જતાં રાજાને રોકવા માટે ભલામણ કરતાં અર્થશાસ્ત્રકાર કહે છે–

'मुख्यैरवगृहीतं वा राजानं तत् प्रियाश्रितः ।
इतिवृतपुराणाभ्यां बोधयेदर्थशास्त्रवित् ।।'[७१]

આનાથી સ્પષ્ટ છે કે, કૌટિલ્યના સમયમાં પુરાણોમાં પ્રસ્તુત સદાચાર સંબંધી વિષયોને સમાજમાં પૂરતું માન મળતું હતું. વેદના સ્વરૂપને વર્ણવતાં કૌટિલ્ય કહે છે કે–

''સામ, ઋક્ તથા યજુર્વેદને 'ત્રયી' કહેવામાં આવે છે. આ ત્રયી અને

અથર્વવેદ તેમજ ઈતિહાસનો 'વેદ'માં સમાવેશ થાય છે.''[૭૨]

કૌટિલ્ય પુરાણને ઈતિહાસનો જ એક ભાગ માને છેઃ—

'પુરાણ, આખ્યાયિકા, ઉદાહરણ, ધર્મશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર આ બધાની ગણતરી ઈતિહાસમાં કરવી જોઈએ.'[૭૩]

રાજા પાસેથી વેતનની પ્રાપ્તિ કરતાં અધિકારીઓ અંગે કૌટિલ્યનું કથન છે કે, —

'રાજા કાર્તાન્તિક, નૈમિતિક, મૌહૂર્તિક, પૌરાણિક, સૂત અને માગધો તથા પુરોહિત, આ અધિકારીઓને સહસ્રગણું વેતન આપીને નિયુકત કરે.'[૭૪]

આ બધા ઉદાહરણો દર્શાવે છે કે, ઇ.સ. પૂર્વે ત્રીજી સદીમાં પુરાણનો વકતા (પૌરાણિક) રાજાની અનુમતિ દ્વારા નિયુકત થતો અને તેનું વેતન એક હજાર મુદ્રા, તે યુગમાં અપાતું. આનાથી તે યુગમાં પૌરાણિકોના મહત્ત્વ અંગે સુંદર માહિતી પ્રાપ્ત કરી શકાય છે.

### ❖ અન્ય પ્રાચીનગ્રંથોમાં પૌરાણિક ઉલ્લેખો :

વિષ્ણુપુરાણના તૃતીય અંશના તૃતીય અધ્યાયમાં અઠ્ઠાવીસ વ્યાસોની પરંપરાને વર્ણવવામાં આવી છે. અત્યાર સુધીમાં વ્યતીત અઠ્ઠાવીસ દ્વાપરયુગોમાં પ્રત્યેકમાં ભગવાન વિષ્ણુ ભિન્ન નામથી પ્રગટ થઈને વેદોનો વ્યાસ—વિસ્તાર કરે છે. એ બધા દ્વાપરયુગોમાંથી તૃતીય દ્વાપરયુગમાં ભગવાન વિષ્ણુએ શુક્રાચાર્ય—વ્યાસના રૂપમાં વેદનો વિસ્તાર પુરાણાદિના રૂપમાં કરેલો.[૭૫] આ શુક્રાચાર્ય દ્વારા પ્રણીત અન્ય ગ્રંથ 'શુક્રનીતિ' માં પણ પુરાણ—વિષયક પાયાની માહિતી આપવામાં આવી છે. એ ગ્રંથ, રાજયશાસન સંબંધી નીતિ વિષયક બાબતોનું વર્ણન કરતો એક પ્રાચીન ગ્રંથ છે. એમાં 'પુરાણ' શબ્દને તેનાં લક્ષણો સહિત પૌરાણિક શૈલીમાં જ સમજાવવામાં આવ્યો છે—

‘सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंशानुचरितं यस्मिन्पुराणं तद्धि कीर्तितम् ।।’ [૭૬]

તેમજ 'પૌરાણિક' શબ્દને આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યો છે—

‘साहित्यशास्त्रनिपुणः संगीतज्ञश्च सुस्वरः ।
सर्गादिपञ्चज्ञाता च स वै पौराणिकः स्मृतः ।।’ [૭૭]

'શુક્રનીતિ'માં 'ત્રયી' શબ્દને આ પ્રમાણે સમજાવવામાં આવ્યો છે—

'अङ्गानि वेदाश्चत्वारो मीमांसा-न्याय-विस्तरः ।
धर्मशास्त्रपुराणानि त्रयीदं सर्वमुच्यते ।।' [૭૮]

પુરાણોનું મહત્ત્યવ સમજાવતાં શુક્રનીતિમાં કહ્યું છે કે–

'धर्मतत्त्वं हि गहनमतः सत्सेवितं नरः ।
श्रुतिस्मृतिपुराणानां कर्म कुर्याद्विचक्षणः ।।' [૭૯]

'ધર્મતત્ત્યવ અત્યંત ગહન છે. તેથી બુદ્ધિશાળી મનુષ્યે સજ્જનો દ્વારા સેવાયેલ શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોમાં પ્રતિપાદિત કર્મોનું જ પાલન કરવું જોઈએ.'

આ ઉપરાંત, મત્સ્યપુરાણ, માર્કણ્ડેયપુરાણ, પતંજલિનું મહાભાષ્ય વગેરે જેવા અનેક પ્રાચીન ગ્રંથોમાં પુરાણો વિષયક વિસ્તૃત માહિતી પ્રાપ્ત થાય છે. જેનાથી પુરાણોની પ્રાચીનતા તો સ્વયં સ્પષ્ટ થઈ જ જાય છે, સાથે–સાથે પ્રાચીનકાળમાં તેની સશકત પરંપરા પણ વિદ્યમાન હોવાનું અનુમાન કરી શકાય છે. પરવર્તી કુમારીલ, શંકરાચાર્ય વગેરે જેવા દાર્શનિક આચાર્યોના ગ્રંથોમાં તથા બાણભટ્ટ, દંડી વગેરે જેવા ગદ્યસ્વામીઓના ગ્રંથોમાં પણ પુરાણો વિષયક વિસ્તૃત ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જે દર્શાવે છે કે, પુરાણોની લોકોપયોગીતા, લોકોપજીવિતા તથા પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા સમાજના નિમ્ન સ્તરથી માંડીને ઉપલા સ્તર સુધી વિસ્તરેલી હતી.

વસ્તુતઃ 'પુરાણ' માનવજાતનું આદિમતમ અને ક્રમશઃ વિકસેલું તથા વિસ્તરેલું સાહિત્ય છે. પ્રસ્તુત લેખકને મત્સ્યપુરાણના શ્લોક – 'पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम्।।' [૮૦] માં રહેલું તથ્ય વિશેષ આકર્ષક જણાય છે. સંભવતઃ 'પુરાણ'માં પ્રારંભિક તબક્કે સૂક્ષ્મ આધ્યાત્મિક વિચાર તથા તત્ત્યવાનુશીલનના સ્થાને માત્ર બોધાત્મક કથાઓ અને ઐતિહાસિક ઘટનાઓનો જ સંગ્રહ થયેલો હશે અને પછીથી વૈદિક વિષયોના ગૂઢ અર્થોને સ્પષ્ટ અને સુગમ કરવા, એ બધી કથા–ઘટનાઓને દૃષ્ટાંતના રૂપમાં પ્રસ્તુત કરવાની શરૂઆત થઈ હશે. વેદો પ્રારંભથી જ સમાજના ઉચ્ચ શિક્ષિત વર્ગનું સાહિત્ય રહ્યું હોવાથી, સમાજમાં તેની પ્રતિષ્ઠા પણ પુરાણોની અપેક્ષાએ અધિક રહી છે. વેદો મહદંશે જીવનનાં ગૂઢતમ રહસ્યોને પ્રસ્તુત કરનારું સૂક્ષ્મ સાહિત્ય છે. જયારે કે પુરાણો સમાજ અને તેના પ્રત્યેક વર્ગને સ્પર્શનારું પ્રમાણમાં સ્થૂળ સાહિત્ય છે. આ બાબત જ બન્ને વચ્ચેના ભેદાંકન અને મૂલ્યાંકનમાં મહત્ત્યવની

છે. વસ્તુતઃ સાહિત્યની ગતિ સ્થૂળથી સૂક્ષ્મ પ્રતિ હોય છે. તેની પ્રારંભિક અવસ્થા સ્થૂળ રૂપમાં જ હોય છે અને પછી ધીમે ધીમે તે સૂક્ષ્મતા તરફ વહે છે. સમયના વહેણમાં જયારથી વેદોના અર્થોને સ્પષ્ટ કરવાની શૈલી પુરાણોમાં પ્રવેશી ત્યારથી પુરાણ–સાહિત્યે પોતાના મૂળ પ્રાકૃતિક રૂપને ત્યજીને વેદોની ઓથે વિકસવાનું શરૂ કર્યું. પરિણામે, કથાઓ, આખ્યાયિકાઓ, ઐતિહાસિક ઘટનાઓ વગેરેની પ્રસ્તુતીનું એક માત્ર લક્ષ્ય, અધિકારાનુસાર અને વિવિધ પ્રકારે આત્મજ્ઞાન અને તેની પ્રાપ્તિના સાધનનું પ્રતિપાદન કરવાનું જ બની રહ્યું. વેદોને સમાન પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરવાની લ્હાયમાં પુરાણ પોતાની મૂળ ચાલને પણ ભૂલી ગયું. વૈદિક સિંચનથી પ્રતિષ્ઠા તો પ્રાપ્ત થઈ, પણ પોતાના મૂળ પ્રવાહથી તે વિખૂટું પડી ગયું. અત્યારે આપણી પાસે ઉપલબ્ધ એવાં વિક્ષિપ્ત પુરાણોના આધારે 'પુરાણ'ની પ્રાચીનતા તપાસવા જતાં, તેનાં મૂળ વેદો પાસે જઈને આ કારણે જ અટકી જાય છે.

******

## —: પાદટીપ :—

१. 'पुमान् पुमांसं परिपातु विश्वतः । ऋग्वेद, ६/७५/७४

२. 'मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे ।' यजुर्वेद, ३६/१८

૩. अथर्ववेद, ३०/३/४

४. ऋग्वेद, १०/१६१/२

૫. મહાભારત, ૧/૧/૧૬૮

૬. પુરાણાર્ણવ, ૧/૨૫

૭. વિષ્ણુપુરાણ, ૩/૬/૧૫

૮. વાજસનેયિબ્રાહ્મણોપનિષદ, ૨/૪/૧૦

૯. અથર્વવેદ, ૧૧/૭/૨૪

૧૦. અથર્વવેદ, ૧૫/૬/૧૧

૧૧. અથર્વવેદ, ૧૫/૬/૧૨

૧૨. મત્સ્યપુરાણ, ૫૩/૩

૧૩. ન્યાયદર્શન, ૪/૧/૬૨

૧૪. મનુસ્મૃતિ, ૩/૨૩૨

૧૫. 'पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।
अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिर्गता ।।' मत्स्यपुराण, ५३/३

૧૬. अथर्ववेद, ११/७/२४

૧૭. ऋग्वेद, ६/६६/४

૧૮. ऋग्वेद, ३/५४/६

૧૯. ऋग्वेद, ३/५८/६

૨૦. ऋग्वेद, १०/१३०/६

૨૧. -'ताभ्यां पतेम सुकृतामु लोकं यत्रऽऋषयो जग्मुः प्रथमजाः पुराणाः ।।'यजुर्वेद, १८/५२
-'तदनुप्रेत सुकृतामु लोकं यत्रऽऋषयो जग्मुः प्रथमजाः पुराणाः ।।' यजुर्वेद, १८/५८

૨૨. ऋग्वेद, ६/६६/४

૨૩. मत्स्यपुराण, ३/३

૨૪. अथर्ववेद, ११/७/२५

૨૫. अथर्ववेद, १५/६/११

૨૬. अथर्ववेद, १५/६/१०-११-१२

૨૭. अथर्ववेद, ११/८/७

૨૮. शतपथब्राह्मण, १३/४/३/१३

૨૯. शतपथब्राह्मण, ११/५/७/६

૩૦. शतपथब्राह्मण, ११/५/६/८

૩૧. शतपथब्राह्मण, १४/६/१०/६

૩૨. शतपथब्राह्मण, १३/४/३/१२,१३

૩૩. ગોપથબ્રાહ્મણ, પૂર્વભાગ, ૧/૧૦

૩૪. ગોપથબ્રાહ્મણ, પૂર્વભાગ, ૧/૧૦

૩૫. એજન, પૂર્વભાગ, ૧/૧૦

૩૬. ગોપથબ્રાહ્મણ, પૂર્વભાગ, ૨/૧૦

૩૭. તૈત્તિરીયારણ્યક, પ્રપાઠક—૨, અનુવાક્—૯

૩૮. બૃહદારણ્યકોપનિષદ, ૨/૪/૧૧

૩૯. વાજસનેયિબ્રાહ્મણોપનિષદ, ૨/૪/૧૦

૪૦. છાંદોગ્યોપનિષદ, ૭/૧/૨

૪૧. છાંદોગ્યોપનિષદ, ૭/૧/૪

૪૨. 'इतिहासपुराणानीत्यमृतस्य कुल्याः ।' आश्वलायनगृह्यसूत्र, ३/३/३

૪૩. ગૌતમધર્મસૂત્ર, ૮/૪—૬

૪૪. આપસ્તમ્બધર્મસૂત્ર, ૨/૯/૨૩/૩—૪

૪૫. બૃહદારણ્યકોપનિષદ, ૬/૨/૧૫ પરનું શ્રીશંકરાચાર્યજીનું ભાષ્ય.

૪૬. બ્રહ્માંડપુરાણ, ૬૫/૧૦૩—૧૦૪

૪૭. 'अष्टाशीतिसहस्राणि मुनीनां गृहमेधिनाम् ।
सवितुर्दक्षिणं मार्गश्रिता ह्याचन्द्रतारकम् ।।
क्रियावतां प्रसंख्यैषा ये श्मशानानि भेजिरे ।
लोकसंख्यविहारेण भूतारम्भकृतेन च ।।

इच्छाद्वेषरताच्चैव मैथुनोपगमाच्च वै ।
तथाकामकृतेनोऽसेवनाद्विषयस्य च ।।
इत्येतैः कारणैः सिद्धाः श्मशानानीह भेजिरे ।
प्रजैषिणस्ते मुनयो द्वापरेष्विह जज्ञिरे ।।
नागवीथ्युत्तरे यच्च सप्तर्षिभ्यश्च दक्षिणम् ।
उत्तरः सवितुः पन्थाः देवयानस्तु स स्मृतः ।।
यत्र ते विशिनः सिद्धाः विमला ब्रह्मचारिणः ।
सन्ततिं ये जुगुप्सन्ते तस्मान्मृत्युर्जितस्तु तैः ।।
अष्टाशीति सहस्राणि तेषामप्यूर्ध्वरेतसाम् ।
उदकपन्थानमर्यम्णः श्रिता ह्याभूतसंप्लवात् ।।
इत्येतैः कारणैः शुद्धैस्तेऽमृतत्वं हि भेजिरे ।
आभूतसंप्लवस्थानममृतत्वं विभाव्यते ।।' બ્રહ્માંડપુરાણ, ૫૪/૧૫૯–૧૬૬

૪૮. વિષ્ણુપુરાણ, ૩/૮
૪૯. પદ્મપુરાણ, રેવાખંડ
૫૦. મત્સ્યપુરાણ, ૧૨૪/૧૦૨–૧૧૦
૫૧. એજન, ૨/૬/૨૪/૬
૫૨. 'पुराण-विमर्श', पृ १६
૫૩. આપસ્તમ્બધર્મસૂત્ર, ૧/૧૦/૨૯/૭
૫૪. વ્યાસસ્મૃતિ, ૪/૪૫
૫૫. મનુસ્મૃતિ, ૩/૨૩૨
૫૬. ઉશનસ્ સ્મૃતિ, ૩/૩૪
૫૭. યાજ્ઞવલ્કયસ્મૃતિ, ઉપોદ્‌ઘાત, શ્લોક–૩
૫૮. એજન, ૧/૪૫–૪૬
૫૯. એજન, ૧/૧૦૧, ૩/૧૮૯ વગેરે
૬૦. 'पुराणं मानवो धर्मः साङ्गो वेदश्चिकित्सितम् ।
आज्ञासिद्धानि चत्वारि न हन्तव्यानि हेतुभिः ।।' મહાભારત, અનુશાસનપર્વ,
૬૧. મહાભારત, આદિપર્વ, ૫/૨.
૬૨. મહાભારત, આદિપર્વ, અનુક્રમણિકાપર્વ, શ્લોક ૬૭.
૬૩. મહાભારત, આદિપર્વ, ૧/૬૪.

૬૪. મહાભારત, વનપર્વ, ૧૯૧/૧૬

૬૫. મહાભારત, સ્વર્ગારોહણપર્વ, અ. ૬

૬૬. મહાભારત, આદિપર્વ, ૧/૨૪૦

૬૭. મહાભારત, આદિપર્વ, ૧/૮૬

૬૮. રામાયણ, અયોધ્યાકાંડ, ૧૫/૧૮

૬૯. રામાયણ, અયોધ્યાકાંડ, ૧૬/૧

૭૦. રામાયણ, બાલકાંડ, ૯/૧

૭૧. અર્થશાસ્ત્ર, ૫/૬

૭૨. 'सामर्ग्यजुर्वेदास्त्रयस्त्रयी अथर्ववेदेतिहासवेदौ च वेदाः ।' અર્થશાસ્ત્ર, ૧/૩

૭૩. 'पुराणमितिवृतमाख्यायिकोदाहरणं धर्मशास्त्रमर्थशास्त्रं चेतीतिहासाः ।।' અર્થશાસ્ત્ર, ૪/૧૩

૭૪. અર્થશાસ્ત્ર, ૫/૩

૭૫. 'तृतीये चोशना व्यासश्चतुर्थे च बृहस्पतिः ।' विष्णुपुराण, ३/३/१२

૭૬. શુક્રનીતિ, ૪/૨૬૪

૭૭. શુક્રનીતિ, ૧/૧૫૯

૭૮. શુક્રનીતિ, ૧/૧૫૪

૭૯. શુક્રનીતિ, ૩/૩૮

૮૦. मत्स्यपुराणम्, ५३/३

******

# પ્રકરણ– ૨, અઢાર પુરાણોનો ક્રમિક વિકાસ

ભૂમિકા

(અ) આદિમ પુરાણ

(બ) પુરાણની દ્વિવિધ ધારાઓ

(ક) ઈતિહાસ – પુરાણ

(ડ) અઢાર પુરાણો

(ઇ) પુરાણ – સાહિત્ય

પાદટીપ

## પ્રકરણ–૨, અઢાર પુરાણોનો ક્રમિક વિકાસ

### ભૂમિકા

સાંપ્રતકાળમાં પ્રાપ્ત થતું વિપુલ પુરાણ–સાહિત્ય તેના ઉદ્‌ભ અને વિકાસની યાત્રા પ્રત્યે સ્વાભાવિકપણે જ જિજ્ઞાસા જન્માવે છે. અતિશય પ્રાચીન સમયમાં પ્રચલિત 'પુરાણ' શબ્દથી માંડીને અત્યારના વ્યાપક વિસ્તાર ધરાવતાં સાહિત્યના કલેવરને પ્રાપ્ત કરવા સુધીની તેની વિકાસયાત્રા પણ એટલી જ રોચક છે. વેદોમાં પ્રયુક્ત 'પ્રાચીનતા' નો અર્થ ધરાવનાર 'પુરાણ' શબ્દ, સમયની સાથે વહેતાં–વહેતાં અતિ વિશાળ સાહિત્ય–દેહને ધારણ કરે છે. ઉપરાંત, આશ્ચર્યની વાત તો એ છે કે, એ સાહિત્યમાં પરવર્તી કાળમાં પણ જે–તે સમયની ઘટનાઓ તથા પ્રસિદ્ધ ચરિત્રો વગેરેનો ઉમેરો થતો ગયો છે[૧] અને એ બાબતે જ એના વિશાળ દેહનું ઘડતર કર્યું છે. ભવિષ્યપુરાણમાં પ્રાપ્ત થતો અંગ્રેજોનો ઉલ્લેખ એની અર્વાચીનતાને દર્શાવે છે, તો વૈદિક સાહિત્યમાંથી મળતો તેનો ઉલ્લેખ એની પ્રાચીનતાને દ્યોતિત કરે છે; પરંતુ આના પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે, આ સાહિત્ય ખૂબ જ મોટા સમયગાળાને આવરી લે છે. એ એવો સમયગાળો છે કે, જેની એક દિશામાં ઋગ્વેદ છે, તો, બીજી દિશામાં એકદમ નજીકનો જ ઈતિહાસ છે. એ જ પ્રમાણે, વ્યાસ પહેલાનો અને વ્યાસ પછીનો સમય પણ પુરાણના સાહિત્યિક સ્વરૂપના વિકાસને જ દર્શાવે છે.[૨] આ સાહિત્યના વિકાસમાં વ્યાસોનો સૌથી વિશેષ ફાળો રહ્યો છે. વ્યાસોની પરંપરાએ જ આ સાહિત્યને જીવાડયું, પોષ્યું અને વિસ્તાર્યું છે. આચાર્ય બલદેવ ઉપાધ્યાય 'વ્યાસ' શબ્દને વ્યકિતવાચક ન માનતા, પદ કે ઉપાધિવાચક માને છે.[૩] જો કે, પં. રામશંકર પુરાણના વિકાસનો યશ સૂતજાતિના લોકોને આપે છે. એમના મતે – 'સૂતજાતિના લોકો પારંપરિક રીતે જે શ્લોકો કંઠસ્થ રાખતા, તેને 'પુરાણ' કહે છે.'[૪] આ રીતે 'વ્યાસો' કે 'સૂતો' એ જ પુરાણ–સાહિત્યનું ઘડતર તેમજ વિકાસ કરેલ છે.

પ્રાચીનકાળમાં સમગ્ર પુરાણ–સાહિત્ય એક જ (શતકોટિપ્રવિસ્તરમ્) 'પુરાણ' માં સંકલિત હતું. જેને 'આદિમ પુરાણ' તરીકે ઓળખાવી શકાય. આ પુરાણ સ્વર્ગલોકમાં અસ્તિત્વ ધરાવતું હતું. સમય જતાં, કૃષ્ણદ્વૈપાયન વ્યાસે તેના અઢાર વિભાગો કરીને, પોતાની શિષ્ય–પરંપરા દ્વારા તેને મનુષ્યલોકમાં પ્રચલિત કર્યું. આ બાબત પુરાણોના વિકાસમાં વ્યાસોના ફાળાને દર્શાવે છે. વ્યાસ–પરંપરા પણ આ દષ્ટિએ ઘણી પ્રાચીન છે. પુરાણને ઈતિહાસની અર્થચ્છાયામાંથી મુક્ત

કરવાનું કાર્ય આ વ્યાસોએ જ કર્યું છે.

પુરાણોનો વિકાસ અતિ દીર્ઘકાલીન છે. તેથી જેમ જેમ પુરાણ–સાહિત્યનો વિકાસ થતો ગયો તેમ તેમ તેના સ્વરૂપમાં પણ ફેરફારો થતા ગયા છે. પુરાણના પ્રકારો–ઉપપ્રકારો –ઔપપ્રકારો તેના આ સ્વરૂપ–ભેદના કારણે જ અસ્તિત્વમાં આવ્યા છે. પુરાણ–સાહિત્ય જેમ જેમ સમય–માર્ગ પર આગળ વધતું ગયું અને વિકસતું ગયું, તેમ તેમ તેમાં અનેકવિધ નૂતન વિષયો પણ પ્રચુર માત્રામાં જોડાતા ગયા. આ વિષય–વૈવિધ્ય અને વિષય–પ્રાચુર્ય પણ તેના અવનવા પ્રકારોના સૃજનમાં કારણરૂપ બનેલ છે અને એ રીતે પુરાણોના મહાપુરાણ, ઉપપુરાણ, ઔપપુરાણાદિ પ્રકારો પ્રચલિત બન્યા છે. કેટલાક વિદ્વાનોએ તો પુરાણોના આથી પણ વધારે પ્રકારો દર્શાવ્યા છે. જેમ કે, જ્ઞાનાનંદ સરસ્વતીએ 'ધર્મકલ્પદ્રુમ'માં પુરાણોના મહાપુરાણો, ઉપપુરાણો, ઔપપુરાણો, ઉપોપપુરાણો અને ઉપૌપપુરાણો જેવા પાંચ પ્રકારો દર્શાવ્યા છે; પરંતુ એ બધામાં મહાપુરાણો, ઉપપુરાણો અને ઔપપુરાણોને જ વધારે માન્યતા પ્રાપ્ત થયેલી છે.

'પુરાણ' શબ્દ સામાન્યતઃ મહાપુરાણો માટે પ્રયોજાય છે, પરંતુ આ શબ્દ મહાપુરાણોની સાથે જ ઉપપુરાણો તથા ઔપપુરાણોને પણ એટલાં જ લક્ષિત કરે છે. જયારે પુરાણોની સંખ્યા અતિશય વધી ગઈ ત્યારે મુખ્ય અને પ્રાચીન પુરાણોને કંઈક વિશિષ્ટતાથી ઓળખાવવાની આવશ્યકતા ઊભી થઈ. આથી 'પુરાણ' શબ્દની સાથે 'મહત્' વિશેષણના પ્રયોગ દ્વારા પ્રાચીન અને મુખ્ય અઢાર પુરાણોનો દ્યોતક એવો 'મહાપુરાણ' શબ્દ અસ્તિત્વમાં આવ્યો. બ્રહ્મવૈવર્તપુરાણ,[૫] શ્રીમદ્ભાગવતપુરાણ,[૬] ભવિષ્યપુરાણ,[૭] તથા વાયુપુરાણ,[૮] અને મત્સ્યપુરાણ[૯] માં મુખ્ય અઢાર પુરાણોને માટે જ 'મહા' કે 'બૃહદ્' જેવાં વિશેષણોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જયારે અન્ય પુરાણોમાં તો માત્ર 'પુરાણ' શબ્દ જ તેને માટે પ્રયોજાયેલ છે. બ્રહ્મવૈવર્ત અને શ્રીમદ્ભાગવતપુરાણમાં પણ મહાપુરાણોને માટે 'પુરાણ' શબ્દનો જ પ્રયોગ થયેલો છે. દેવીભાગવતપુરાણ તો સ્વયં જ પોતાને 'મહાપુરાણ' તરીકે સિદ્ધ કરતું જણાય છે.

આદિમપુરાણથી વિસ્તરેલી પુરાણોની પરંપરા માત્ર 'મહાપુરાણ' કે 'પુરાણ' સુધી જ સીમિત નથી રહી, પરંતુ જ્ઞાતિપુરાણો કે સ્થલમાહાત્મ્યો સુધી વિસ્તરીને વર્તમાનકાળને સ્પર્શી છે. પુરાણની આ પરંપરાનો વ્યાપ અનેકાનેક સદીઓ સુધી વિસ્તરેલો છે.

## (અ) આદિમ પુરાણ

વર્તમાન સમયમાં પ્રાપ્ત થતાં પુરાણોનો અભ્યાસ કરતાં સ્વાભાવિકપણે જ એવા પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે, પુરાણ તેના ઉદ્‌ભવકાળે કેવું હશે? તેનું પ્રાથમિક સ્વરૂપ કેવું હશે? તેની રચના કોણે અને કયારે કરી હશે? તેનો વ્યાપ આટલો બધો કઈ રીતે વિસ્તર્યો? વગેરે. પુરાણોની પ્રાચીનતાના ઉલ્લેખોને તપાસતાં માલુમ પડે છે કે, પુરાણોનો ઉદ્‌ભવ અત્યંત પ્રાચીન સમયમાં રહેલો છે. માર્કણ્ડેયપુરાણનું કથન છે કે, –

'उत्पन्नमात्रस्य पुरा ब्रह्मणोऽव्यक्तजन्मनः ।

पुराणमेतद् वेदाश्च मुखेभ्योऽनुविनिःसृताः ।। मार्कण्डेयपुराण, ४५/२०

અર્થાત્, 'પ્રાચીનકાળમાં ઉત્પન્ન થતાંની સાથે જ બ્રહ્માનાં મુખોમાંથી આ પુરાણ અને વેદો પ્રગટ થયાં'

આના પરથી કહી શકાય કે, પુરાણોની ઉત્પત્તિ બ્રહ્મા જેટલી પ્રાચીન છે. પરંતુ અહીં પ્રયોજાયેલ 'पुराणमेतद्' જેવો એકવચનીય પ્રયોગ પણ કોઈક સંકેત કરતો જણાય છે. કેમકે, ચારવેદો માટે 'वेदाः' એમ બહુવચનનો પ્રયોગ થયેલો છે, જયારે કે, અઢાર પુરાણો માટે 'पुराणमेतद्' એમ એકવચન શા માટે? આ પ્રશ્નનો ઉત્તર મત્સ્યપુરાણ આ પ્રમાણે આપે છે –

'पुराणमेकमेवासीत् तदा कल्पान्तरेऽनघ ।

त्रिवर्गसाधनं पुण्यं शतकोटिप्रविस्तरम् ।।' मत्स्यपुराण, ५३/४

અર્થાત્, 'હે રાજા, પહેલાં કલ્પાન્તરમાં ત્રિવર્ગના સાધનરૂપ અને પુણ્ય આપનારું તથા સો કરોડ શ્લોકોવાળું પુરાણ (સંખ્યામાં) એક જ હતું.'

આથી, બ્રહ્માનાં મુખમાંથી ઉત્પન્ન થનારું પુરાણ, તે, આ 'આદિમ' કે 'શતકોટિપ્રવિસ્તર' પુરાણ જ હોવાનું કહી શકાય. કેમકે, આ અંગે સ્વયં મત્સ્યપુરાણકાર પણ નોંધે છે કે, –

'पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।

अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिर्गता ।।' मत्स्यपुराण, ५३/३

અર્થાત્, 'બધાં જ શાસ્ત્રોમાં બ્રહ્માએ સૌ પ્રથમ પુરાણનું સ્મરણ કર્યું અને ત્યારપછી, તેના મુખોમાંથી વેદો નીકળ્યા.'

અત્યંત પ્રાચીનકાળમાં પુરાણ એક જ હોવાના ઉલ્લેખો પદ્મપુરાણ[૧૦]

તથા સ્કન્દપુરાણ[૧૧]માંથી પણ મળી આવે છે. આજે પણ આ સો કરોડ શ્લોકોના વિસ્તરવાળું પુરાણ, દેવલોકમાં પ્રતિષ્ઠિત હોવાનું મત્સ્યપુરાણ નોંધે છેઃ

'अद्यापि देवलोकेऽस्मिन्‌ शतकोटिप्रविस्तरम्‌ ।।
तदर्थोऽत्र चतुर्लक्षं संक्षेपेण निवेशितम्‌ ।
पुराणानि दशाष्टौ च साम्प्रतं तदिहोच्यते ।।' मत्स्यपुराण, ५३/१०-११

આનો અર્થ એ થયો કે, વર્તમાનમાં પ્રાપ્ત થતાં અઢારપુરાણોની મૂળ સામગ્રીનો વિસ્તાર સો કરોડ શ્લોકોનો હતો અને એના અર્થોને ચાર લાખ શ્લોકો અને અઢાર પુરાણોમાં સંક્ષિપ્ત કરવામાં આવ્યા છે. જેવી રીતે એક જ શતસાહસ્રવેદના ઋક્, યજુસ્, સામ અને અથર્વ એમ ચાર પાદ માનવામાં આવે છે,[૧૨] તેવી જ રીતે સો કરોડ શ્લોકોના આદિમપુરાણના સમયાંતરે વિષયાનુક્રમ પ્રમાણે બ્રહ્મ, મત્સ્ય, પદ્મ, વિષ્ણુ, વાયુ, વરાહાદિ અઢાર ભેદો થયા.[૧૩]

અત્યારે પ્રાપ્ત થતાં અઢારેય પુરાણોનો રચના–વ્યવહાર વેદોના રચનાકાળ સમયે જ શરૂ થઈ ચૂકયો હતો. વર્તમાનમાં પ્રાપ્ત થતાં પુરાણોના ઉપક્રમ અને ઉપસંહારને જોતાં, તેમજ નારદ, મત્સ્યાદિ પુરણોમાં આપવામાં આવેલી સૂચિઓથી એ સ્પષ્ટ થાય છે કે, આ બધાં જ પુરાણોનો સંબંધ બ્રહ્માજી અને તેમના માનસપુત્રો સાથે છે. સમય જતાં, પોતાના શિષ્ય–પ્રશિષ્યો પ્રતિ ગુરુજનોએ વક્તા બનીને આ પુરાણોનાં સંકલન અને સંસ્કરણો કર્યાં.

વેદોને અપૌરુષેય માનવામાં આવે છે. તેના સર્જનમાં બ્રહ્મા પણ માત્ર સાધન જ છે. ગૌતમ, ભરદ્વાજ, અત્રિ, કશ્યપ, વામદેવ, વસિષ્ઠાદિ ઋષિઓને પણ વેદમંત્રોના માત્ર દૃષ્ટા જ માનવામાં આવે છે. તેઓ વેદોના કર્તાના રૂપમાં સ્વીકાર્ય નથી, તેમ પુરાણોની મૌલિક સામગ્રીના કર્તા પણ કોઈ નથી. બ્રહ્માજી પણ તેના સ્મરણમાં માત્ર સાધનરૂપ છે અને અનેક ઋષિઓ તેના વક્તાઓ છે; પરંતુ વેદો હોય કે પુરાણો, બન્નેનાં મૂળ બ્રહ્માજી સુધી પહોંચીને અટકી જતાં માલુમ પડે છે. આથી એમ કહી શકાય કે, જેમ વેદોનો પ્રારંભ બ્રહ્માજીથી થાય છે, તેમ જ પુરાણોનો પ્રારંભ પણ બ્રહ્માજીથી જ ગણી શકાય. વેદ તથા પુરાણ બન્નેનો આવિર્ભાવકાળ એક જ માની શકાય. સદીઓ સુધી શતકોટિપ્રવિસ્તર આદિમપુરાણ શિષ્ય–પરંપરાથી ઉપદિષ્ટ થતું હતું. ગુરુ–શિષ્યોની આ પરંપરાને 'વ્યાસ–પરંપરા' તરીકે પણ ઓળખવામાં આવે છે.[૧૪] પુરાણોના બધા જ પ્રવક્તાઓ 'વ્યાસ' નામથી ઓળખાતા હતા.

શ્રીમદ્દેવીભાગવતપુરાણમાં આ વ્યાસોની પરંપરાને વિસ્તારથી કહેવામાં આવી છે. આ પુરાણના મતે પુરાણોના પ્રવક્તા એવા બ્રહ્માથી શરૂ કરીને કુલ અઠ્ઠાવીસ વ્યાસો થઈ ગયા છે, જેમણે પુરાણસંહિતાનું પ્રવચન કરેલું છેઃ

'अतीतास्तु तथा व्यासाः सप्तविंशतिरेव च ।
पुराणसंहितास्तैस्तु कथितास्तु युगे युगे ।।'[१५]

શ્રીમદ્દેવીભાગવતપુરાણમાં આ અઠ્ઠાવીસ વ્યાસોની પરંપરાને પણ ક્રમશઃ આ પ્રમાણે દર્શાવેલ છેઃ

'(૧) સ્વયંભુવ બ્રહ્મા, (૨) પ્રજાપતિ, (૩) ઉશનસ્, (૪) બૃહસ્પતિ, (૫) સવિતૃ, (૬) મૃત્યુ, (૭) મઘવન, (૮) વસિષ્ઠ, (૯) સારસ્વત, (૧૦) ત્રિધામા, (૧૧) ત્રિવૃષ, (૧૨) ભરદ્વાજ, (૧૩) અંતરિક્ષ, (૧૪) ધર્મ, (૧૫) ત્રયારુણિ, (૧૬) ધનંજય, (૧૭) મેધાતિથિ, (૧૮) વ્રતી, (૧૯) અત્રિ, (૨૦) ગૌતમ, (૨૧) ઉત્તમ હર્યાત્મા, (૨૨) વેન વાજશ્રવા, (૨૩) સોમ અમુષ્યાયણ, (૨૪) તૃણબિંદુ, (૨૫) વ્યાસભાર્ગવ, (૨૬) શક્તિ, (૨૭) જાતુકર્ણ્ય અને (૨૮) કૃષ્ણદ્વૈપાયન.'[૧૬]

વિષ્ણુપુરાણમાં પણ થોડા ફેરફાર સાથે આ જ નામો પ્રાપ્ત થાય છેઃ

'द्वापरे प्रथमे व्यस्ताः स्वयं वेदाः स्वयंभुवा ।
द्वितीये द्वापरे चैव वेदव्यासः प्रजापतिः ।।
तृतीये चोशना व्यासश्चतुर्थे तु बृहस्पतिः ।
सविता पञ्चमे व्यासो मृत्युः षष्ठे स्मृतः प्रभुः ।।
सप्तमे च तथैवेन्द्रो वसिष्ठश्चाष्टमे स्मृतः ।
सारस्वतश्च नवमे त्रिधामा दशमे स्मृतः ।।
एकादशे तु त्रिवृषा भरद्वाजस्ततः परम् ।
त्रयोदशे चान्तरिक्षो वणी चापि चतुर्दशे ।।
त्रय्यारुणः पञ्चदशे षोडशे तु धनञ्जयः ।
क्रतुञ्जयः सप्तदशे ऋणज्योऽष्टादशे स्मृतः ।।
ततो व्यासो भरद्वाजो भरद्वाजात् तु गौतमः ।
गौतमादुत्तमो व्यासो हर्यात्मा योऽभिधीयते ।।
अथ हर्यात्मनो वेणः स्मृतो वाजश्रवान्वयः ।
सोमशुष्मायनस्तस्मात् तृणबिंदरिति स्मृतः ।।
ऋक्षोऽभूद् भार्गवस्तस्माद् वाल्मीकिर्योऽभिधीयते ।

तस्मादस्मात्पिता शक्तिर्व्यासस्तस्मादहं मुने ।।
जातूकर्णोऽभवन्मत्तः कृष्णद्वैपायनस्ततः ।
अष्टाविंशतिरित्येते वेदव्यासाः पुरातनाः ।।'[૧૭]

વિષ્ણુપુરાણની આ સૂચિના આધારે કહી શકાય તેમ છે કે, વ્યાસોની પરંપરાનું પ્રવર્તન બ્રહ્માજીથી થયેલું છે. વાયુપુરાણમાં પણ આ યાદી આપવામાં આવી છે.[૧૮] આ પરંપરાએ યુગો સુધી પુરાણસંહિતાનું સમાજમાં પ્રચલન અને પ્રવર્તન જાળવી રાખ્યું હતું. શતકોટિપ્રવિસ્તરપુરાણસંહિતાને પેઢીઓ સુધી મૌખિક રૂપમાં આ પરંપરાએ જ સાચવી રાખી હતી. પ્રત્યેક ચતુર્યુગીના દ્વાપરયુગમાં કોઈને કોઈ વ્યાસે પ્રધાનપણે આ સંહિતાને પોષીને વર્તમાનયુગ સુધી પહોંચાડેલ છે. પુરાણોની કાલગણના અનુસાર અત્યારે અઠ્ઠાવીસમો કલિયુગ ચાલી રહ્યો છે. પ્રવર્તમાન ચતુર્યુગીના દ્વાપરયુગમાં વ્યાસોની પરંપરાની આગેવાની કરનાર વ્યાસનું નામ કૃષ્ણદ્વૈપાયનવ્યાસ છે. તેઓ પરાશર અને સત્યવતીના પુત્ર હતા. વ્યાસોની પરંપરામાં એમનું કાર્ય વિશિષ્ટ પ્રકારનું કહી શકાય તેમ છે. કલિયુગના પ્રભાવથી બળ, બુદ્ધિ અને વીર્ય જેમના ક્ષીણ થઈ ગયા છે, તેવા મનુષ્યોને માટે શતકોટિપ્રવિસ્તર પુરાણસંહિતાને પચાવવી કે ગ્રહણ કરવી અશકય હોવાનું માનીને,[૧૯] કૃષ્ણદ્વૈપાયનવ્યાસે તેનું ચારલાખશ્લોકોમાં અને અઢાર વિભાગોમાં સંક્ષિપ્તીકરણ અને વિભાજન કરી નાખ્યું. એટલું જ નહીં, તેણે સૌ પ્રથમ પુરાણને લિપિબદ્ધ પણ કર્યું. આમ, વર્તમાનમાં પ્રાપ્ત થતાં અઢાર પુરાણો શતકોટિપ્રવિસ્તર– પુરાણસંહિતાનો જ સંક્ષેપ છે.

વર્તમાનથી અતીતના ઊંડાણ તરફ ગતિ કરતાં જોઈ શકાય છે કે, પ્રારંભે બ્રહ્માજી દ્વારા જ શતકોટિપ્રવિસ્તરપુરાણસંહિતાનું સ્મરણ કે પ્રવર્તન થયેલું છે. કેમકે, વ્યાસોની પરંપરાના એ આદ્યપુરુષ છે. એથી એ આદિમપુરાણના રચયિતા તરીકે બ્રહ્માને જ માની શકાય. બ્રહ્માજીએ એક જ સમયે બે કાર્યો કર્યાં. એક તો વેદની શતસાહસ્રીસંહિતાનું તેના અધ્યયન અને સુરક્ષાને માટે ચાર પ્રભાગોમાં વિભાજન કર્યું તથા તે વિભાગોને પોતાના ચાર શિષ્યોમાં વહેંચી દીધા. એ શિષ્યોએ પણ પોતાના શિષ્યો–પ્રશિષ્યોને તેનું અધ્યયન કરાવ્યું અને એ રીતે વેદની અક્ષુણ્ણપરંપરાને એક નવું જ રૂપ પ્રદાન કર્યું, તો એમનું અન્ય કાર્ય તે આ આદિમપુરાણનું આકલન હતું.

સંસારનાં અલૌકિક અને અગોચર રહસ્યો તથા વિદ્યાને ગૂઢ અને

ગહન ભાષામાં વેદસંહિતા દ્વારા પ્રસ્તુત કર્યા પછી, સૃષ્ટિ અને પ્રલય વિષયક વિગતો અને ઋષિઓ, દેવતાઓ તથા રાજાઓ વગેરેનાં ચરિત્રોને આવશ્યકતા અનુસાર સંક્ષિપ્ત કે વિસ્તૃત રૂપમાં સંકલિત કરીને પોતાની બુદ્ધિ–પ્રતિભા દ્વારા આમજનને પણ સમજાય જાય તેવી સરળ, સુબોધ, સુગમ અને મનોહર શૈલીમાં આખ્યાનોપાખ્યાનો વડે આદિમપુરાણસંહિતાના રૂપમાં પ્રસ્તુત કર્યાં. પોતાના અતિદીર્ઘ આયુષ્યકાળમાં ઘટિત અનેકાનેક ઘટનાઓ, પાત્રો, કથાનકો, આખ્યાનો વગેરેને લગતી વિગતોનું સ્મરણ કરી–કરીને, તે બધાને, એમણે આ આદિમપુરાણસંહિતામાં સંકલિત કર્યાં. પરિણામે, એ સંહિતાનું રૂપ શતકોટિશ્લોકો સુધી વિસ્તર્યું. બ્રહ્મા તો સ્વયં સરસ્વતીના સ્વામી છે. એમને માટે આવું વિરાટ કાર્ય પણ સામાન્ય હતું. ક્ષણાર્ધમાં સૃષ્ટિનું સર્જન કરનાર બ્રહ્માને માટે આ સાક્ષીકર્મ પણ હતું. એમણે પોતાના આ કાર્યને પોતાના પુત્રો 'પ્રજાપતિ' સમક્ષ પ્રકટ કર્યું. પ્રજાપતિએ તેને ઉશનસ્ (શુક્રાચાર્ય)ને તથા ઉશનસે બૃહસ્પતિને અને ત્યારબાદ ક્રમશઃ તે સવિતૃ (સૂર્ય), મૃત્યુ (પુરાણો અનુસાર યમ), મઘવન (ઇન્દ્ર), વસિષ્ઠ, સારસ્વત વગેરેની પરંપરાથી સંસારમાં પ્રવર્ત્યું.

આમ, વર્તમાન સમયમાં પ્રાપ્ત થતાં પુરાણોનો ઉદ્ભવ દૈવીકાર્યના રૂપમાં થયેલો જોઈ શકાય છે. એમનું મૂળ રૂપ સુદીર્ઘકાય હતું. એમનું અધ્યયન કરનાર કે કરાવનાર દિવ્ય કોટિના, તેજસ્વી પ્રતિભા અને વિરાટ વ્યકિતત્વના સ્વામી હતા. પુરાણોમાં આપવામાં આવેલી વ્યાસોની પરંપરાની સૂચિનું અધ્યયન કરતાં એ વાત સ્પષ્ટ થાય છે કે, એ પરંપરામાં દર્શાવવામાં આવેલાં પાત્રો ક્રમશઃ દિવ્યતાથી માનવતા તરફ ગતિ કરતાં જણાય છે. પ્રજાપતિ સ્વયં બ્રહ્માના જ માનસપુત્ર છે, જયારે કે શુક્રાચાર્ય અને બૃહસ્પતિનું સ્થાન, પુરાણો અનુસાર ચોકકસપણે દેવતાઓ કરતાં, એમના ગુરુ હોવાના નાતે, ઉચ્ચ કક્ષાનું હતું. સૂર્ય, યમ અને ઈન્દ્ર દૈવી પાત્રો છે. વસિષ્ઠથી ઉચ્ચકક્ષાની માનવતાએ આ પરંપરામાં પ્રવેશ કર્યો છે. જેનું અંતિમ ચરણ કૃષ્ણદ્વૈપાયન વ્યાસ છે. આ બધી બાબતો એક દષ્ટિએ બ્રહ્માના આદિકાર્ય–આદિમપુરાણની વહનશકિતના ઉત્તરોત્તર ઘટાડાને તો સૂચિત કરે જ છે, સાથેસાથે કૃષ્ણદ્વૈપાયનની સમક્ષ ઉપસ્થિત થયેલી પુરાણસંહિતાના સંક્ષેપની જરૂરિયાતને પણ દ્યોતિત કરે છે. પુરાણોના મૂળરૂપ આદિમપુરાણ સુધી પહોંચવાનો આ જ માર્ગ ગણી શકાય.

જો કે, અહીં એ વાત સ્મરણીય છે કે, આદિમપુરાણ પોતાના સમયમાં મૌખિકરૂપે કે કંઠસ્થ અવસ્થામાં અવસ્થિત હતું. તે શબ્દદેહે ઉપસ્થિતિ ધરાવતું હતું, ગ્રંથદેહે નહીં. સમયની સાથે સાથે જ્ઞાનના સીમાડાઓ અત્યંત વિસ્તર્યા હતા. આની સામે તેને ગ્રહણ કરનારા વર્ગની બૌદ્ધિક તેમજ કંઠસ્થ કરવાની ક્ષમતામાં ક્રમશઃ ઘટાડો થતો જતો હતો.

પુરાણોના ઉપક્રમ અને ઉપસંહારને ધ્યાને લેતાં, તેમજ મત્સ્ય, નારદ વગેરે પુરાણોમાં આપવામાં આવેલી સૂચિઓને જોતાં, એ સ્પષ્ટપણે પ્રતીત થાય છે કે, પુરાણોના આદિ વક્તા બ્રહ્મા, વિષ્ણુ, શિવ, સ્કન્દ, પરાશર, અગ્નિ, સાવર્ણિ, માર્કણ્ડેય તથા સનકાદિક વગેરે છે. જયારે શ્રોતાઓ બ્રહ્મા, મરીચિ, વાયુ, ગરુડ, નારદ, વસિષ્ઠ, મનુ, જૈમિનિ, પુલસ્ત્ય વગેરે ઋષિઓ છે. પુરાણોમાં આપવામાં આવેલી આ સૂચિઓમાંથી આદિમપુરાણનું પ્રવચન કોણે અને કોની સામે કરેલું હશે, એ પણ કલ્પના કરી શકાય તેમ છે. આ બધામાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ–ત્રિદેવમાં પણ પ્રથમ તો બ્રહ્માનું જ સ્થાન છે. એથી અહીં એક એવી કલ્પના પણ કરી શકાય તેમ છે કે, વ્યાસ–પરંપરાની પૂર્વે આ પરંપરા કદાચ 'બ્રહ્મ–પરંપરા' તરીકે પણ જાણિતી હોઈ શકે છે. આદિમપુરાણનું પ્રચલન મુખ્યત્વે આ પરંપરામાં જ રહેલું હોવાનું કહી શકાય.

## (બ) પુરાણની દ્વિવિધ ધારાઓ

પુરાણો વેદ જેટલું જ પ્રાચીન સાહિત્ય છે. વેદ અને પુરાણો સંબંધી પરવર્તી તમામ માન્યતાને દૂર રાખીને વિચારતાં જણાય છે કે, 'પુરાણ' જ માનવતાનું પ્રાચીનતમ અને પ્રાકૃતિક ગાન છે. વેદો અને પુરાણોનું સામંજસ્ય 'પુરાણ' ને પણ પ્રાચીનતમ સિદ્ધ કરે છે. વેદોને સનાતન અને અપૌરુષેય માનવામાં આવે છે. છતાં પાર્થિવ દૃષ્ટિએ વિચારતાં, અહીં એવી કલ્પના કરવી જરાં પણ અસ્થાને નહીં ગણાય કે, વેદોની રચનાની સાથેસાથે જ ઉદ્‌ભવેલી, તેના સ્પષ્ટીકરણ કે વિશદીકરણની સામાજિક માંગની પૂર્તિ માટે પુરાણોની રચના કરવામાં આવી હોય! અથવા તો એ પણ શકય છે કે, પુરાણે વ્યકત કરેલ અર્થોને વેદોમાં વૈદિક શૈલીના માધ્યમથી સમાવી લેવામાં આવ્યા હોય! મત્સ્યપુરાણે દર્શાવેલ મત– ‘पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् । अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिर्गता ।।’ નાં મૂળ, કદાચ આ કલ્પનાને સ્પર્શતાં હોય એવું બની શકે. પ્રસ્તુત શ્લોકમાં પ્રયોજાયેલ 'वक्त्रेभ्यो – મુખોમાંથી' એવો બહુવચનનો પ્રયોગ વ્યાસની જેમ બ્રહ્માની પણ પરંપરા હોવાનું અનુમાન કરાવે છે. વેદો અપૌરુષેય છે તો પુરાણ માનવીય છે, વેદો સનાતન છે તો પુરાણ અસનાતન, વેદો નિત્ય છે તો પુરાણ અનિત્ય છે. પરંતુ આ બધામાં એક વાત તો સામાન્ય છે જ કે, બન્ને પ્રાચીનતમ છે. શૈલી કે વર્ણનોની દૃષ્ટિએ ઘણાં પુરાણો અર્વાચીન છે, પરંતુ તેની પરંપરા તો પ્રાચીનતમ જ છે. પ્રસ્તુત પ્રબંધના આ જ પ્રકરણમાં આગળ જણાવ્યું છે, તે, બ્રહ્મ–પરંપરામાં પ્રચલિત આદિમપુરાણ વેદોના સાપેક્ષમાં જ સમયપથ પર અલબત્ત, મૌખિક રૂપમાં પ્રવહ્યું છે. ઉપરાંત, અપૌરુષેય, નિત્ય અને સનાતન એટલે વૈદિક કે વેદમાં સમાવિષ્ટ બાબતો અને પૌરુષેય, અનિત્ય અને અસનાતન એટલે પૌરાણિક કે પુરાણમાં સમાવિષ્ટ બાબતો; એમ કહેવામાં સમાજે બન્નેને બક્ષેલી કે સ્વીકારેલી કક્ષાનું જ સ્પષ્ટીકરણ થાય છે, બન્નેના વાસ્તવિક સ્થાન, સ્વરૂપ કે વસ્તુસ્થિતિનું નિર્દેશન તેમાં જોઈ શકાતું નથી.

પુરાણ પ્રાકૃત સમાજનું સાહિત્ય છે. સમાજમાંથી સમયની સાપેક્ષમાં પ્રાપ્ત થતા અર્થોને ગ્રહણ કરીને સ્વને પરિવર્તિત કરતાં જવું, એ પુરાણોની અકથિત લાક્ષણિકતા છે. વેદોમાં જે બાબતોનો માત્ર આભાસ જ પ્રાપ્ત થાય છે, પુરાણોમાં એ જ કથાઓએ મનોરંજક બનીને વિસ્તાર તથા નવીન રૂપ ધારણ

કરેલ જોઈ શકાય છે. 'इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदं समूढमस्य पांसुरे ।' – ઋગ્વેદ(૧/૨૨/૧૭)નું આ નાનું એવું ઉપાખ્યાન, આખા 'વામનપુરાણ' ની રચનાનું કારણ બને છે. એ જ રીતે અથર્વવેદ (૧૨/૧/૪૮) ના 'वाराहेण पृथिवीसंविदाना' – આ મંત્રમાં વરાહપુરાણના મૂળ જોઈ શકાય છે. અથર્વવેદ, ૩/૪/૫ નું રાજા પૃથુનું સંક્ષિપ્ત પૃથ્વીદોહન, મત્સ્ય, ભાગવતાદિ પુરાણોમાં અત્યંત વિસ્તારથી વર્ણવાયેલ છે. વસ્તુતઃ વેદો ઉપાખ્યાનમૂલક ગ્રંથો નથી. એમાં કોઈ સ્થળવિશેષના વર્ણનમાં માત્ર ઉદાહરણના રૂપમાં જ ઉપાખ્યાનોનો ઉલ્લેખ થયેલો છે, જ્યારે કે પુરાણોમાં એવાં આખ્યાનોપાખ્યાનોનું એકત્રીકરણ થયેલું છે, તેથી સ્વાભાવિકપણે જ એમાં એનો વિસ્તાર કરવામાં આવ્યો છે. કોઈ આખ્યાનનું વિસ્તારથી વર્ણન કરવાનો ઉદ્દેશ વેદોનો નથી. પરંતુ, વેદોમાં જે કથાઓ અત્યંત સંક્ષેપમાં કોઈ વિશેષ હેતુ સાથે વર્ણવાયેલ છે, એણે જ પુરાણોમાં વિસ્તૃત આખ્યાયિકાઓનું રૂપ ધારણ કરેલ છે. જ્ઞાન, કર્મ, ઉપાસનાદિનું જેવું વર્ણન વેદોમાં થયેલું છે, તેવું જ વર્ણન પુરાણો પણ પ્રસ્તુત કરે છે. વસ્તુતઃ એક સાથે જ પ્રવર્તિત થયેલી વૈદિક અને પૌરાણિક, એવી બે ધારાઓએ, ભિન્ન–ભિન્ન રૂપે એક જ વિષયવસ્તુને પોષેલ છે. વેદોએ પોતાના સ્થાન અને સ્વરૂપને અનુરૂપ તેનું પોષણ કરેલ છે અને પુરાણોએ પોતાની શૈલીમાં એ જ બાબતને વ્યક્ત કરેલ છે.

વેદો વિદ્વાન–પંડિત–ઉપાધ્યાયો માટેનું સાહિત્ય છે, જ્યારે પુરાણો સાધારણ મનુષ્યોમાં કૌતુહલપૂર્વક ભગવદ્‌ભકિત, સત્કર્મ, સદાચારાદિનું સમારોપણ કરનારું સાહિત્ય છે. વેદોમાં થયેલો આખ્યાનાદિનો અછડતો ઉલ્લેખ, પુરાણોમાં સ્વતંત્ર સ્વરૂપે અને વિસ્તારથી પ્રસ્તુત થાય છે, તેની પાછળ પણ આ જ કારણ છે. બન્ને પરંપરાઓનું તેની મૂળભૂત લાક્ષણિકતાઓને ધ્યાનમાં લઈને અધ્યયન કરવામાં આવે તો, એકને પ્રથમ અને અન્યને દ્વિતીય ક્રમ આપવો સંદેહાસ્પદ બનશે. વેદોની જેમ જ પુરાણોનું પ્રામાણ્ય પણ માનવામાં આવે છે અને વેદોની જેમ જ, પુરાણોને પણ સન્માનની દષ્ટિએ જોવા અને સાંભળવામાં આવે છે. ઊલટું, સાંપ્રતકાળમાં તો વેદો કરતાંય પુરાણોનું શ્રવણ સવિશેષ થતું જોવા મળે છે. આ બાબત તેની લોકભોગ્યતા, લોકસમરસતા તથા લોકવેદતાને જ વ્યકત કરનારી છે.

વાસ્તવમાં પંચલક્ષણોના પિંજરામાં પૂરાયેલું પુરાણ, પોતાના સ્વત્વને ખોઈ બેઠું હોય તેમ લાગે છે. વેદોની દિવ્યકક્ષાની પ્રતિષ્ઠાએ પુરાણોને પોતાનાથી ઉતરતી કક્ષાએ સ્થિત કરી દીધું. આમાં વેદોનું ઊર્ધ્વગમન અને પુરાણનું અધોગમન

લક્ષિત થાય છે. ઉપાધ્યાયો (ઋષિઓ)ના સમય(વૈદિકયુગ)માં આમજનની અનુપસ્થિતિ અસંભવિત ગણાય. એકબાજુ જ્યાં સમાજના ઉચ્ચાસને બિરાજેલા ઋષિઓ પોતાની કક્ષા (દષ્ટિ) ને અનુરૂપ દર્શન (સાહિત્યસર્જન ?) કરી રહ્યા હતા, ત્યાં સમાજનો આમજન શું કરી રહ્યો હશે, ભલાં ! પુરાણનું શ્રવણ, મનન અને સર્જન સ્તો, એમાં આશ્ચર્યને કોઈ જ સ્થાન નથી, અને એ સર્જન જ તો પુરાણોનું મૂળભૂત સ્વત્વ છે. પુરાણોના આ સ્વત્વે જ 'पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम्' એવું કહેવાને મત્સ્યપુરાણકારને પ્રેરિત કર્યો હશે. મત્સ્યપુરાણમાં આ એક જ વાત બે સ્થાનોએ[૨૦] કહેવાયેલ હોવાથી, તેનું વજન આપોઆપ વધી જાય છે. અને આવું કહેનાર તે એકલો જ કે પ્રથમ જ નથી, માર્કણ્ડેયપુરાણ પણ કહે છેઃ

'उत्पन्नमात्रस्य पुरा ब्रह्मणोऽव्यक्तजन्मनः ।
पुराणमेतद् वेदाश्च मुखेभ्योऽनुविनिःसृताः ।।' मार्कण्डेयपुराण, ४५/२०

અર્થાત્, 'જેનો જન્મ અવ્યકત છે, એવા બ્રહ્માએ ઉત્પન્ન થતાંની સાથે જ, એમના મુખોમાંથી પ્રથમ આ પુરાણ અને (તેના) પછી વેદો નિકળ્યા.'

મહાભારતમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે,–

'पुराणपूर्णचन्द्रेण श्रुति ज्योत्स्नाः प्रकाशिता ।' મહાભારત, ૫/૧/૪૬.

'પુરાણરૂપી ચન્દ્ર દ્વારા વેદરૂપી ચાંદની પ્રકાશિત થયેલી છે.'

સ્વયં શ્રુતિ પણ તેમાં શાખ પૂરે છે. જૂઓ, અથર્વવેદના આ શબ્દો –

'ऋचः सामानि छन्दांसि पुराणं यजुषा सह ।
उच्छिष्टाज्जज्ञिरे सर्वे दिवि देवा दिविश्रिताः ।।'[૨૧]

અર્થાત્, 'યજુર્વેદની સાથે ઋક્, સામ, છન્દ (અથર્વ), પુરાણ અને દ્યુલોકમાં નિવાસ કરનારા દેવતાઓ (પણ) તે ઉચ્છિષ્ટ – યજ્ઞના અવશિષ્ટ – થી ઉત્પન્ન થયાં.'

આવા જ અર્થમાં 'પુરાણ' ની પ્રાચીનતાનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ જોવા મળે છે – 'तं गाथया पुराण्या पुनानमभ्यनूषत । उतो कृपन्त धीतयो देवानां नाम बिभ्रतीः ।।'[૨૨] અહીં પ્રયુકત 'गाथया पुराण्या' દ્વારા પ્રાચીનતમ ગાથાઓના અસ્તિત્વની માહિતી મળે છે, જે ઋગ્વેદ કરતાં પણ પ્રાચીન હોવાનું અનુમાન અહીં સહજરીતે જ થઈ શકે છે. એ 'પુરાણી ગાથા' જ 'પુરાણ' નું પ્રારંભિક સ્વરૂપ (સ્વત્વ) છે. આ ગાથાઓ કે, જે યુગો–યુગોથી આમજનમાનસમાં સ્થિત, આમજને અનુભવેલ, આમજને સ્તવેલ અને આમજન દ્વારા જ સંવર્ધિત થયેલ 'પુરાણમ્' નું ઉદ્ભવબિંદુ કહી શકાય.

આમ, 'પુરાણમ્' ને વેદરૂપી મહાવૃક્ષને સહારે તેમજ સ્વતંત્રતાપૂર્વક પલ્લવિત થયેલ વેલીના રૂપમાં પણ મૂલવી શકાય તેમ છે. તેના આખ્યાનો–પાખ્યાનાત્મક સ્વત્વને સમય અને સમાજે કથોપકથન અને વેદોએ આચાર, દર્શનાદિનો માર્ગાધાર પૂરો પાડીને સતત નવપલ્લવિત રાખ્યું. પુરાણોની પ્રાચીનતાની પૂર્વભૂમિકાના રૂપમાં આ બાબતોને જાણવાની મનઃસ્થિતિ અયોગ્ય નહીં જ ગણાય.

આ પ્રકરણના 'પુરાણની દ્વિવિધ ધારાઓ' નામના પ્રસ્તુત મુદ્દાને સવિશેષ સમજવા માટે આ પૂર્વભૂમિકાને સમજવી અતિ આવશ્યક જણાય છે, એથી આ ચર્ચાને અહીં પુનઃ રજૂ કરવામાં આવી છે.

પુરાણ વસ્તુતઃ એ યુગથી પ્રારંભાયેલું સાહિત્ય છે કે, જયારે આર્યોમાં સૌ પ્રથમ કુટુંબભાવના પ્રવેશેલી અને ટોળીઓમાં ભટકતું જીવન વિતાવતા હતા. એ એમનું પ્રાકૃત જીવન હતું. પુરાણ પણ એ સમયનું પ્રાકૃત સાહિત્ય છે. એ સમયનો મનુષ્ય પ્રકૃતિથી એકદમ નિકટ હતો. પ્રકૃતિમાં સમરસ હતો. બ્રહ્માના સૃષ્ટિ–સર્જનથી એ એકદમ નજદીક હતો. પુરાણે સૌ પ્રથમ એ લોકોના જીવનને ઉદ્ઘાટિત કર્યું હતું. એ સમયથી માંડીને અત્યાર સુધી અવિચ્છિન્નપણે વહેતી આવેલી પુરાણધારા બે ભિન્ન સ્વરૂપોમાં વહી છે. (૧) સ્વતંત્રધારા (બ્રહ્મપરંપરા) અને (૨) વેદ–પ્રભાવિતધારા (વ્યાસપરંપરા). પુરાણ પોતાના પ્રાકૃત સ્વરૂપમાં સ્વતંત્ર હતું; પરંતુ વેદની પ્રતિષ્ઠા વધતાં, તે વેદના પ્રભાવ તળે આવી ગયું. બ્રહ્મા દ્વારા સ્માર્ત પુરાણ સ્વતંત્રગામી હતું. કૃષ્ણદ્વૈપાયન વ્યાસે તેને સંપૂર્ણપણે વેદપ્રભાવિત બનાવી દીધું.

હવે આપણે પુરાણની આ બન્ને ધારાઓને વિસ્તારથી સમજવાનો અહીં પ્રયાસ કરીએઃ

### (૧) સ્વતંત્રધારા (બ્રહ્મપરંપરા) :

'पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।' અનુસાર પુરાણના પ્રથમ પ્રવર્તક બ્રહ્માજી હતા. જો કે, બ્રહ્માએ પણ તેનું સ્મરણ જ કરેલું, રચના નહીં. એથી પુરાણને બ્રહ્મા કરતાં પણ પ્રાચીન માની શકાય; પરંતુ આ તેનો ઉપલબ્ધ સાહિત્યિક પુરાવો હોવાથી, સાંપ્રતયુગમાં પુરાણના પ્રથમ પ્રવર્તક તરીકે બ્રહ્માને ગણાવી શકાય. સૃષ્ટિ–સર્જનનું કાર્ય કરતાં બ્રહ્માએ બધાં જ શાસ્ત્રો, વિદ્યાઓ, કલાઓ વગેરેનું સર્જન કર્યું, જેનો પ્રારંભ પુરાણથી કર્યો. આ પુરાણનું બહુમાન હતું. સર્ગ, વિસર્ગ, તથા કલ્પાન્તરની અનેક ઘટનાઓ, વિષયો, બાબતો,

દેવો, ઋષિઓ, રાજાઓ, ભક્તો, વીરપુરુષો વગેરેનાં ચરિત્રોને યાદ કરી કરીને, એમણે પુરાણમાં સમાવિષ્ટ કર્યાં. એ બધાંની સંખ્યા એટલી બધી હતી કે, પુરાણનું કદ વિસ્તરીને શતકોટિપ્રવિસ્તર થયું. પુરાણનું આ આદિમ સ્વરૂપ હોવાથી તેને 'આદિમપુરાણ' કહી શકાય.

બ્રહ્માએ પોતે યાદ કરી કરીને એ બધી પૌરાણિક બાબતો પોતાના પુત્રો–શિષ્યો સમક્ષ પ્રસ્તુત કરી. આ એ જ પુત્રો કે શિષ્યો હતા, જેઓ ઋષિ તરીકે પ્રસિદ્ધ થયા હતા. પુરાણોએ એ તમામની વિગતો વિસ્તારથી આપી છે. એમની પાસેથી એમના પુત્રો, પૌત્રો, પ્રપૌત્રો, શિષ્યો, પ્રશિષ્યો વગેરેએ પુરાણને પ્રાપ્ત કર્યું અને પુરાણ એક પરંપરાના માધ્યમથી વિસ્તર્યું. આ પરંપરા જ 'બ્રહ્મપરંપરા' છે. વેદથી અપ્રભાવિત હોવાના કારણે જ તેને 'સ્વતંત્રપરંપરા' પણ કહી શકાય.

બ્રહ્માથી વિસ્તરેલી આ પરંપરાને વિશેષ અભ્યાસાર્થે અહીં પુનઃ નોંધીએઃ

'(૧) સ્વયંભુવ બ્રહ્મા, (૨) પ્રજાપતિ, (૩) ઉશનસ્, (૪) બૃહસ્પતિ, (૫) સવિતૃ, (૬) મૃત્યુ, (૭) મઘવન, (૮) વસિષ્ઠ, (૯) સારસ્વત, (૧૦) ત્રિધામા, (૧૧) ત્રિવિષ્ટ, (૧૨) ભરદ્વાજ, (૧૩) અંતરિક્ષ, (૧૪) ધર્મ, (૧૫) ત્રૈયારુણિ, (૧૬) ધનંજય, (૧૭) મેધાતિથિ (ક્રતુંજય), (૧૮) વ્રતી (ઋણજય), (૧૯) અત્રિ, (૨૦) ગૌતમ (શરદ્વાન), (૨૧) ઉત્તમ હર્યાત્મા, (૨૨) વેન વાજશ્રવા, (૨૩) સોમ અમુષ્યાયણ (સોમશુષ્મ), (૨૪) તૃણબિંદુ, (૨૫) (ઋક્ષ) ભાર્ગવ, (૨૬) શકિત, (૨૭) જાતુકર્ણ અને (૨૮) કૃષ્ણદ્વૈપાયન.'

આ પરંપરાનો પ્રારંભ બ્રહ્માથી થાય છે. વિષ્ણુપુરાણ સ્વયંભુવ બ્રહ્મા ઉપરાંત, અન્ય નવ બ્રહ્માની સૂચિ આપે છેઃ

‘अथान्यान् मानसान् पुत्रान् सदृशानात्मनोऽसृजत् ।।
भृगुं पुलत्स्यं पुलहं क्रतुमङ्गिरसं तथा ।
मरीचिं दक्षमत्रिं च वशिष्ठं चैव मानसम् ।।
नव ब्रह्माण इत्येते पुराणे निश्चयं गताः ।’ [૨૩]

અર્થાત્, 'ત્યારપછી (બ્રહ્માએ) પોતાના જેવા જ અન્ય માનસપુત્રો– ભૃગુ, પુલત્સ્ય, પુલહ, ક્રતુ, અંગિરસ, મરીચિ, દક્ષ, અત્રિ અને વસિષ્ઠનું સર્જન કર્યું. પુરાણોમાં આ બધા 'નવબ્રહ્મા' તરીકે પ્રસિદ્ધ છે.'

વિષ્ણુપુરાણમાં નિર્દિષ્ટ આ 'નવબ્રહ્મા' નો પુરાણોમાં અન્યત્ર

'પ્રજાપતિ' તરીકે ઉલ્લેખ થયેલો છે. બ્રહ્માએ સૌ પ્રથમ પ્રજાપતિને પુરાણનું જ્ઞાન આપ્યું. આ 'પ્રજાપતિ' શબ્દ પોતાના અર્થમાં ઘણો જ વ્યાપક છે. પુરાણોમાંથી બ્રહ્માના પુત્રો એવા અનેક પ્રજાપતિઓની માહિતી પ્રાપ્ત થાય છે. એમનું કાર્ય સૃષ્ટિ કરવાનું હતું. પુરાણોમાં બ્રહ્માના પુત્ર એવા આ પ્રજાપતિઓ આ પ્રમાણે છેઃ મરીચિ, અત્રિ, અંગિરા, પુલત્સ્ય, પુલહ, ક્રતુ, પ્રચેતા, વસિષ્ઠ, ભૃગુ અને નારદ. આ દસ પ્રજાપતિઓ ઉપરાંત, દક્ષને પણ પ્રજાપતિ તરીકે દર્શાવવામાં આવેલ છે.[૨૪] કેટલાંક સ્થળે એકવીસ પ્રજાપતિઓનો ઉલ્લેખ પણ મળે છે. જે આ પ્રમાણે છેઃ બ્રહ્મા, સૂર્ય, મનુ, દક્ષ, ભૃગુ, ધર્મરાજ, યમરાજ, મરીચિ, અંગિરા, અત્રિ, પુલત્સ્ય, પુલહ, ક્રતુ, વસિષ્ઠ, પરમેષ્ઠિ, વિવસ્વાન, સોમ, કર્દમ, ક્રોધ, અર્વાક્ અને ક્રીત.[૨૫] આ ઉપરાંત, એક રુચિ નામના પ્રજાપતિનો ઉલ્લેખ પણ મળી આવે છે, જેને સ્વાયંભુવ મનુની પુત્રી આકૂતિના સંયોગથી યજ્ઞ અને દક્ષિણા નામના બે યુગલ સંતાનો થયા હતા.[૨૬] બ્રહ્માના પૌત્ર અને મરીચિના પુત્ર કશ્યપ પ્રજાપતિનો ઉલ્લેખ આ યાદીઓમાં થયેલ નથી, તે આશ્ચર્યજનક છે. તમામ દેવો, દાનવો, દૈત્યો, સર્પો, નાગો, ગાંધર્વો વગેરે એમનાં જ સંતાનો હતાં. અન્ય પ્રજાપતિઓ કરતાં એમની સંતતિનો વ્યાપ સુદીર્ઘ હતો. પરંપરામાં પણ 'પ્રજાપતિ' શબ્દ ખાસ કરીને દક્ષ તથા કશ્યપની સાથે રૂઢ થઈ ગયેલો જોઈ શકાય છે. સંભવતઃ મરીચિનો ઉલ્લેખ થયેલો હોવાથી આમ બન્યું હશે.

આ પ્રજાપતિઓમાંથી બ્રહ્માએ સૂર્ય, મૃત્યુ, વસિષ્ઠ તથા અત્રિને સવિશેષપણે પુરાણનું જ્ઞાન આપ્યું હશે. કેમકે, પૂર્વોક્ત પરંપરા—સૂચિમાં આ નામો પ્રત્યક્ષપણે મળી આવે છે. આ ઉપરાંત, બ્રહ્માએ ભૃગુને પણ પુરાણ સંબંધી જ્ઞાન આપ્યું હોવાની કલ્પના થઈ શકે છે. કેમકે, ભૃગુના પુત્ર ઉશનસ્ (શુક્રાચાર્ય) નો ઉલ્લેખ પણ પરંપરામાં કરવામાં આવ્યો છે. શુક્રાચાર્ય દૈત્યોના ગુરુ હતા. આના પરથી એવી કલ્પના પણ કરી શકાય છે કે, પુરાણ એ સમયમાં માત્ર આર્યો પૂરતું જ સીમિત ન હતું. પરંપરામાં શુક્રાચાર્ય પછી બૃહસ્પતિનો ઉલ્લેખ છે. જે દેવોના ગુરુ હતા. વાયુપુરાણ એમને પ્રજાપતિ તરીકે ઉલ્લેખે છે.[૨૭] તે પ્રજાપતિ અંગિરાના પુત્ર હતા.[૨૮] તેથી ભૃગુની જેમ બ્રહ્માએ અંગિરાને પણ પુરાણનું જ્ઞાન આપ્યું હોવાનું કહી શકાય. એવી જ રીતે પરંપરામાં કશ્યપનો ઉલ્લેખ નથી, પરંતુ એમના પુત્રો સવિતૃ (સૂર્ય) તથા મઘવનનાં નામો જોઈ શકાય છે. બ્રહ્મપુરાણનું પ્રવચન બ્રહ્માએ મરીચિ સમક્ષ કરેલું છે. કશ્યપ આ મરીચિના જ પુત્ર હતા. વિષ્ણુપુરાણ વસિષ્ઠને

બ્રહ્માના માનસપુત્ર તરીકે ઓળખાવે છે. તે પુરાણોમાં પ્રસિદ્ધ 'નવબ્રહ્મા' તથા એકવીસ પ્રજાપતિઓમાંના એક હતા.[૨૯] નારદપુરાણ અનુસાર તેના ઉત્તરભાગનું પ્રવચન વસિષ્ઠએ માંધાતાને કરેલું. એ જ રીતે અગ્નિપુરાણ અનુસાર તેનું પ્રકથન અગ્નિ દ્વારા વસિષ્ઠ સમક્ષ કરવામાં આવેલું છે. મત્સ્યપુરાણાનુસાર વસિષ્ઠ બ્રહ્માના માનસપુત્ર હતા.[૩૦] આ બધા પરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે, પરંપરામાં નિરૂપવામાં આવેલ 'પ્રજાપતિ' શબ્દનો અર્થ 'પુરાણોક્ત બધા જ પ્રજાપતિ' એવો થાય છે. પુરાણના પ્રવચન, વિકાસ અને વિસ્તરણમાં તેઓનો અતિ મહત્ત્યવનો અને પાયાનો ફાળો હતો. પ્રજાપતિઓની એકવીસની સંખ્યાને ધ્યાનમાં લેતાં, સમજાય છે કે, એ સમયે પણ પુરાણની પરંપરા કેટલી સશક્ત હશે. ઉપરાંત, એ પણ સ્પષ્ટ થાય છે કે, પ્રજાપતિઓમાંથી ઘણા મંત્રદષ્ટા પણ હતા. એથી પુરાણ અને વેદ એવા વિભાગોની કટ્ટરતા એ સમયે અસ્તિત્વ ધરાવતી ન હતી. એ સમયે સમગ્ર જ્ઞાન એક વિદ્યાના રૂપમાં સ્થિત હતું. જેમ વેદવિદ્યા તેમ પુરાણ પણ વિદ્યા જ ગણાતું હતું. આચાર્ય બલદેવ ઉપાધ્યાય નોંધે છે કેઃ

“पुराण का यह उदय ‘विद्या’ के रूप में समजना चाहिए । यह अव्यवस्थित रूप से था और इसका प्रवचन किसी ग्रन्थ से नहीं किया जाता था, अपि तु मौखिक रूप से ही ।”[૩૧]

પ્રજાપતિઓ પુરાણવિદ્યામાં માત્ર માહિર જ ન હતા, તેની અનેક મહત્ત્યવની ઘટનાઓના તેઓ સાક્ષીઓ પણ હતા. સૂર્ય, મૃત્યુ, મઘવનાદિ પુરાણવિદોએ આ પરંપરાને આગળ વિસ્તારી હતી. બ્રહ્માંડપુરાણાનુસાર, મૃત્યુએ સૂર્ય પાસેથી પુરાણનું શ્રવણ કરીને ઈન્દ્ર (મઘવન) ને સંભળાવ્યું હતું.[૩૨] એ જ રીતે બ્રહ્માંડ તથા વાયુપુરાણ અનુસાર, ત્રિધામાએ સારસ્વત પાસેથી આ બન્ને પુરાણોનું શ્રવણ કરેલું અને પછી, તે બન્નેનું પ્રવચન તેણે શરદ્વાન સમક્ષ કર્યું હતું. શરદ્વાને એ બન્ને પુરાણો અંતરિક્ષને સંભળાવ્યાં હતાં. તેણે તે ત્રૈયારુણિને કહ્યાં હતાં.[૩૩] અંતરિક્ષ જયંતી તથા ૠષભના પુત્ર હતા.[૩૪] પરંપરામાં બારમા ક્રમ પર દર્શાવેલ ભરદ્વાજ મત્સ્ય તથા વાયુપુરાણાનુસાર બૃહસ્પતિના પુત્ર હતા. તે પુરાણ ઉપરાંત, અન્ય વિદ્યાઓમાં પણ પારંગત હતા. તે ૠગ્વેદના છઠ્ઠા મંડળના દષ્ટા તથા આયુર્વેદના ગ્રંથ 'ભાવપ્રકાશ' અનુસાર ઈન્દ્ર પાસેથી આયુર્વેદ શીખીને પૃથ્વીલોક પર તેના પ્રવર્તક છે. મત્સ્યપુરાણાનુસાર ધર્મ બ્રહ્માના સ્તનાન્ત ભાગથી ઉત્પન્ન થયેલ પુત્ર છે.[૩૫] ધનંજયે ત્રૈયારુણિ પાસેથી બ્રહ્માંડપુરાણનું શ્રવણ કરીને ક્રતુંજયને કહ્યું હતું.[૩૬]

ત્રૈયારુણિએ તેને વાયુપુરાણ પણ સંભળાવ્યું હતું.[૩૭] અઢારમા દ્વાપરયુગના વ્યાસ તરીકે પુરાણોમાં અલગ અલગ નામો મળી આવે છે. શ્રીમદ્દેવીભાગવતપુરાણ વ્રતી, વિષ્ણુપુરાણ ઋણજય તથા બ્રહ્માંડપુરાણ ઋજીષનાં નામો આપે છે.[૩૮] અત્રિ બ્રહ્માના જ પુત્ર હતા. તે એમની આંખોમાંથી ઉત્પન્ન થયા હતા.[૩૯] ગૌતમ બ્રહ્માના માનસપુત્ર હતા.[૪૦] બ્રહ્માંડપુરાણાનુસાર તે ઉતથ્યના પુત્ર હતા અને એમનું અન્ય નામ શરદ્વાન હતું.[૪૧] બ્રહ્માંડપુરાણ તથા વાયુપુરાણના વિકાસમાં તેનો અનન્ય ફાળો હોય તેમ જણાય છે. અલબત્ત, એમના સમયમાં પુરાણોનું સ્વતંત્ર વિભાજન થયું ન હતું. એથી, એ બન્ને પુરાણોને લગતાં વિષયોના વિકાસ અને વિસ્તરણમાં તથા પરંપરાને નિભાવવામાં એમનું પ્રદાન ઉલ્લેખનીય રહ્યું હશે. એવું, પુરાણોના અધ્યયનથી જણાય છે. પરંપરામાં ચોવીસમા સ્થાન પર તૃણબિંદુ છે, તેણે સોમશુષ્મ પાસેથી બ્રહ્માંડપુરાણ અને વાયુપુરાણ શીખીને દક્ષ પ્રજાપતિને સંભળાવ્યું હતું.[૪૨] ઋક્ષ ભાર્ગવ ભૃગુવંશી હતા. તે પુરંજયના પુત્ર અને હર્યશ્વના પિતા હતા.[૪૩] આ પરંપરામાં તેનો અન્વય પણ નોંધનીય છે. વસિષ્ઠથી શરૂ થયેલી પરંપરાને તેના પુત્ર શકિતએ આગળ વધારી હતી. વિષ્ણુપુરાણના પ્રવચનકર્તા પરાશર છે અને તે સ્વયં પોતાના પિતા શકિતનો ઉલ્લેખ આ પરંપરાનો નિર્દેશ કરતાં કરે છે– 'तस्मादस्मात्पिता शक्तिर्व्यासस्तस्मादहं मुने।'[૪૪] વાયુપુરાણાનુસાર જાતુકર્ણ વસિષ્ઠના પ્રપૌત્ર, શકિતના પૌત્ર અને પરાશરના પુત્ર હતા.[૪૫] કૃષ્ણદ્વૈપાયનના જન્મ સમયે તે પુરોહિતપણું કરતા હતા. તેથી તે કૃષ્ણદ્વૈપાયન વ્યાસના જયેષ્ઠ ભ્રાતા હતા.[૪૬]

આમ, વ્યાસ પૂર્વેની પુરાણકારોની આ પરંપરા કેટલી સશક્ત હતી, તેનું અનુમાન આના પરથી કરી શકાય છે. આ પરંપરાના પુરાણવિદોએ મૌખિકરૂપે પુરાણને સદીઓ સુધી જાળવ્યું હતું, વિસ્તાર્યું હતું. કોઈપણ જાતની મુદ્રણવ્યવસ્થાના અભાવમાં પણ તેઓએ પુરાણનો વારસો અસ્ખલિતપણે પેઢિઓ સુધી જાળવ્યો હતો. એ સમયે પુરાણ વેદનું અનુસર ન હતું; પરંતુ સહયાત્રી હતું. વેદોના વિસ્તરણમાં આખ્યાનોપાખ્યાન, કથા–ગાથાઓ વગેરેના રૂપમાં પુરાણે ફાળો આપ્યો હતો, તો આચાર, વ્યવહાર, દર્શનાદિ બાબતોનાં વર્ણનોમાં વેદોએ પુરાણને સહાય કરી હતી. આ બન્ને વિદ્યાઓ ઘણા જ લાંબા સમય સુધી ઉપકાર્યોપકાર્ય બનીને એકબીજાની પૂરક રહી હતી. સમય જતાં સમાજમાં વેદોની પ્રતિષ્ઠા વધતી ચાલી. વેદજ્ઞો સ્વયંને ઉચ્ચ કક્ષાના માનવા, મનાવવા અને પ્રસ્થાપિત કરવા લાગ્યા. આ કારણથી પુરાણ વેદની તુલનાએ દ્વિતીય સ્તરનું બની ગયું. આમ બનવામાં સ્વયં

પુરાણ પણ કારણભૂત હતું. વેદની જેમ તેનું શાખાઓ—પ્રશાખાઓ વગેરેમાં કોઈ નિયત વિભાજન થયેલું ન હતું. તેનું સ્વરૂપ બે—લગામ હતું. ઉપરાંત, બધા જ પૌરાણિકોમાં પણ પરસ્પર કોઈ સંવાદ કે સંકલનનો અભાવ હતો તથા તેના વિસ્તરણની સીમા પણ બે—મર્યાદ હતી. પરિણામે, માહિતીના પ્રદર્શનમાં કે સ્પષ્ટીકરણમાં તેઓ વચ્ચે કોઈ એકવાકયતા ન રહી, જેથી એક સમયના સહયાત્રી પુરાણે ફરજિયાતપણે વેદના પ્રભાવ તળે આવવું પડયું. જો કે, આ એક ધીમી ગતિએ ચાલેલી લાંબી પ્રક્રિયા હતી. જેનો આંશિક પ્રારંભ છેક વસિષ્ઠના સમય પછીથી જ શરૂ થઈ ગયો હતો. સમાજમાં વધેલી દેવભાવનાએ અનેક ફાંટાઓ—માન્યતાઓ—સંપ્રદાયોને જન્માવ્યા હતા. હવે સમાજને માત્ર કથા કે આખ્યાનોમાં જ રસ ન હતો. તેને તો પોતાના જે—તે ઈષ્ટદેવતાની મહત્તાને પણ પ્રસ્થાપિત કરવી હતી. વેદની સાથે પોતાનું સામંજસ્ય સિદ્ધ કરવા, વૈદિક દેવતાઓને એમના મૂળ સ્વરૂપોની સાથે સ્વીકારીને પોતાની આગવી શૈલી દ્વારા પુરાણે પ્રસ્તુત કરવા માંડયા. વૈદિક વિચારો, વેદોનું દર્શન, વેદમાન્ય આચારોને અપનાવીને તથા વૈદિક માન્યતા પ્રાપ્ત કરવા માટે, તેને પોતાની ઢબે પ્રસ્તુત કરવામાં પુરાણે પોતાનામાં રહેલાં ઈતિહાસ—તત્ત્યવને ગૌણ બનાવી દીધું. પ્રાચીન ભારતના ઈતિહાસ પર આ ઘણો મોટો કુઠારાઘાત હતો. સંભવતઃ પરવર્તી સમયમાં વ્યાસે કરેલી મહાભારતની રચના, એ આ ઘાને પૂરવાનો મહાપ્રયાસ હતો.

સમાજનો પ્રત્યેક વિદ્વદ્વર્ગ પોતપોતાના પ્રામાણ્યને સિદ્ધ કરવા પરસ્પર શાસ્ત્રાર્થ ચલાવતો હતો. ભારતીય અધ્યાત્મનો એ સુવર્ણયુગ હતો, ગૂઢતમ પરમતત્ત્યવને જાણવા—પિછાણવાની મથામણે ભારતીય દર્શનને ગગનચૂંબી ઊંચાઈ બક્ષી. વેદોના પ્રામાણ્ય દ્વારા અનેક વાદો પ્રચલિત બન્યા. આમ, સંપૂર્ણ સમાજ જ ‘सर्वं वेदे प्रतिष्ठितम्’ નો નારો લઈને ચાલતો હતો, ત્યારે પુરાણ પોતાની સ્વતંત્રતાને ટકાવી રાખવા સક્ષમ ન હતું. પુરાણવિદો પણ જુદાં જુદાં વિધિ—વિધાનો અને દર્શનોની લાંબી—પહોળી માયાજાળમાં ફસાઈ ગયા. પુરાણના અસ્તિત્વ સામે મોટો પ્રશ્નાર્થ ખડો થયો. આમસમાજમાં તે પ્રિય હતું, પરંતુ વિદ્વાનોમાં માન્યતા પ્રાપ્ત કરવા, પુરાણ પાસે વેદની છાયામાં આવવા સિવાયનો અન્ય કોઈ ઉપાય ન હતો. ‘इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् ।’ અર્થાત્, 'ઈતિહાસ અને પુરાણની સહાયતાથી વેદનું ઉપબૃંહણ કરવું જોઈએ.' એ માન્યતાનો મર્મ અહીં સુપૂર્ણપણે બંધબેસતો જણાય છે. એ માન્યતા સમાજના માનસપટ પર એટલી તો ગાઢપણે છવાઈ ગઈ

કે, એના પડઘાઓ હજુ પણ સંભળાય છે. જૂઓ, એક સાંપ્રતકાલીન વિદ્વાનના એવા જ અર્થભર્યા શબ્દો–

'गूढ़ता से कहे गये वैदिक अर्थ को जब तक विशद एवं रोचक ढंग से न कहा जाय तब तक पुराणों की रचना का प्रयोजन ही पूर्ण नहीं होता ।'[४७] જાણે કે, પુરાણના અસ્તિત્વનું સાર્થક્ય વેદોના અર્થોને સ્પષ્ટ કરવામાં જ રહેલું હોય !

આમ છતાં, પુરાણનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પુરાણવિદોએ એકત્રિત થઈને, પુરાણના સંકલનનું આંદોલન શરૂ કર્યું. જેનું નેતૃત્વ વસિષ્ઠના વંશજોએ કર્યું.

## (૨) વેદ–પ્રભાવિતધારા (વ્યાસપરંપરા) :

આચાર્ય બલદેવ ઉપાધ્યાયનું વિધાન છે કે, –

''इतिहास-पुराण अपने आरम्भिक जीवन में केवल विद्याविशेष थे । इनके कोई विशिष्ट ग्रन्थ न थे । ये मौखिक रूप से ही जनता में प्रचलित थे । आज भी जनसामान्य में बहुत सी कहानियाँ या आख्यान ऐसे है, जिनके रचयिता का न तो पता है, और न जो किसी ग्रन्थ में ही निबद्ध हैं । वे परम्परा के रूप में एक वक्ता के मुख से दूसरे वक्ता के पास पहुँचते हैं और उनका मनोरंजन तथा उपदेश किया करते हैं । मेरी द्दष्टि में उस आरम्भिक युग में इतिहास-पुराण की भी यही स्थिति थी । जिन शास्त्रों का ग्रन्थरूप में प्रणयन हो गया था, उनके खण्डों की सूचना। ऋक् के सूक्त, यजुष् के अनुवाक, साम के दशत, अथर्वाङ्गिरस के पर्व इसलिए निर्दिष्ट है कि इन वेदों का निबन्धन ग्रन्थरूप में हो गया था । किन्तु पुराण और इतिहास के सम्बन्ध में इस प्रकार ग्रन्थीय विभाजन का संकेत नहीं है ।''[૪૮]

વ્યાસના સમય પહેલા પુરાણ ઘણું જ અવ્યવસ્થિત હતું. તેનું પ્રવચન મૌખિક અને મૌલિક રીતિથી થતું હતું. દરેક પુરાણવિદ પોતાની સ્વતંત્ર શૈલીથી તેનું કથન કરતો હતો. ઋગ્વેદના સાતમા મંડળના દ્દષ્ટા વસિષ્ઠ છે. સંભવતઃ એ મંડળનું ગ્રંથના રૂપમાં પ્રણયન કર્યા પછી, પુરાણને ગ્રંથબદ્ધ કરવાનો વિચાર વસિષ્ઠના મનમાં સ્ફુર્યો હશે. જેને એમના વંશજોએ ક્રમશઃ સાકાર કર્યો હતો. નારદપુરાણ અનુસાર, તેના ઉત્તરભાગનું પ્રવચન વસિષ્ઠએ માંધાતાને કરેલું. એ જ રીતે અગ્નિપુરાણ અનુસાર, તેનું કથન અગ્નિ દ્વારા વસિષ્ઠ સમક્ષ કરવામાં આવેલું, પરંતુ એ પુરાણને ગ્રંથબદ્ધ કરી શકયા ન હતા. વસિષ્ઠપુત્ર શકિત આ અંગે કશું

કરે, તે પહેલાં એમનો રાક્ષસોએ વધ કરી નાખેલો, એથી સંપૂર્ણ પુરાણને ગ્રંથબદ્ધ કરવાનું સૌ પ્રથમ આંશિક કાર્ય પરાશરે કર્યું હશે, એમ કહી શકાય. પરાશરે પોતાના ઈષ્ટદેવતા વિષ્ણુ સાથે સંબદ્ધ પુરાણના કેટલાક ભાગને ગ્રંથબદ્ધ કર્યો હતો, જે પછીથી 'વિષ્ણુપુરાણ' તરીકે પ્રસિદ્ધ બન્યો. અન્ય પુરાણો કરતાં પરિમાણની દષ્ટિએ નાનું હોવા છતાં તેનું મહત્ત્યવ ઘણું જ છે. કેમકે, વિષ્ણુપુરાણ પોતાને 'પુરાણસંહિતા' તરીકે ઓળખાવે છે, જે એક નોંધનીય બાબત છે. મહાપુરાણોની ગણનાના ક્રમમાં બધે જ વિષ્ણુપુરાણનું તૃતીય સ્થાન દર્શાવેલ છે.[૪૯] પરંતુ ક્રમની દષ્ટિએ તૃતીય હોવા છતાં, ઐતિહાસિક ઘટના—ચક્રની દષ્ટિએ વિષ્ણુપુરાણ જ સર્વપ્રથમ પુરાણ ગણાવું જોઈએ. કેમકે, તેના રચયિતા કૃષ્ણદ્વૈપાયનના પિતા પરાશર છે. વિષ્ણુપુરાણના પ્રથમ અધ્યાયમાં આનો નિર્દેશ આ પ્રમાણે છેઃ

'જ્યારે પરાશરના પિતા શકિતને રાક્ષસોએ મારી નાખ્યા ત્યારે ક્રોધિત પરાશરે પ્રતિશોધ લેવા રાક્ષસોના વિનાશાર્થે 'રક્ષોઘ્ન—સત્ર' નો પ્રારંભ કર્યો. એ યજ્ઞમાં હજારો રાક્ષસો હોમાઈ ગયા. આથી રાક્ષસોના પિતા પુલત્સ્ય તથા વસિષ્ઠ(પરાશરના પિતામહ)એ પરાશર પાસે જઈને, તેના ક્રોધને અયોગ્ય ગણાવ્યો. વસિષ્ઠના સમજાવવાથી, તે શાંત થયા અને યજ્ઞ બંધ કર્યો. આથી પુલત્સ્ય તથા વસિષ્ઠ અત્યંત પ્રસન્ન થયા અને તેમણે પરાશરને 'પુરાણસંહિતાના રચયિતા થવાનું વરદાન અને આશીર્વાદ આપ્યા ('पुराणसंहिताकर्ता भवान् वत्स भविष्यति ।').[૫૦] ત્યારપછી, કોઈ એકવાર સૃષ્ટિ વગેરેના વિષયમાં મૈત્રેયે પ્રશ્ન કરતાં પરાશરને સંપૂર્ણ પુરાણસંહિતાનું સ્મરણ થયું અને તેમણે મૈત્રેયને – ''सोऽहं वदाम्यशेषं ते मैत्रेय परिपृच्छते । पुराणसंहितां सम्यक् तां निबोध यथायथम् ।।''[૫૧] એમ કહીને પુરાણસંહિતા સંભળાવી.'[૫૨]

વસિષ્ઠના પૌત્ર પરાશર ઈતિહાસપુરાણના જ્ઞાતા અને વેદ– વેદાંગોમાં પારંગત હતા.[૫૩] પુલત્સ્ય અને પિતામહ વસિષ્ઠના વરદાન અને આશીર્વાદથી એમણે પુરાણના ક્ષેત્રે એક નૂતન યુગનો પ્રારંભ કર્યો. મૌખિક અને અવ્યવસ્થિતરૂપે રહેલ પુરાણને તેણે સૌ પ્રથમ ગ્રંથસ્થ કર્યું. તેના પુત્ર કૃષ્ણદ્વૈપાયન દ્વારા કરવામાં આવનાર સંપૂર્ણ પુરાણના ઉદ્ધારના તેઓ આધાર બન્યા. એમણે રચેલ પુરાણસંહિતા (વિષ્ણુપુરાણ !) માં પુરાણગંથનું જે સ્વરૂપ નિયત કરવામાં આવ્યું હતું, એ જ માર્ગે ચાલીને કૃષ્ણદ્વૈપાયને અન્ય પુરાણોનું સંકલન કર્યું હતું. પુરાણનું પંચલક્ષણાત્મક સ્વરૂપ પ્રથમતયા પરાશરે જ પ્રયોજયું હતું. 'पुराणं पञ्चलक्षणम्' એવી પુરાણની

વિભાવના મહદંશે આ પરંપરાની જ દેણ છે. પુરાણોના સંકલનમાં આ વિભાવનાએ મહત્ત્યવનો ભાગ ભજવ્યો છે. પુરાણનું ચોક્કસ સ્વરૂપ નિશ્ચિત કરવામાં વ્યાસે આ વિભાવનાને જ સાધનરૂપ ગણી હતી. એમણે (પરાશરે) જે પુરાણસંહિતાની રચના કરી હતી, તેની વિભાવના કંઈક આવી હતી–

'आख्यानैश्चाप्युपाख्यानैर्गाथाभिः कल्पजोक्तिभिः ।
पुराणसंहितां चक्रे पुराणार्थविशारदः ।।'[54]

અર્થાત્, 'આખ્યાનો, ઉપાખ્યાનો, ગાથાઓ (તથા) કલ્પોકિતઓ વડે પુરાણના અર્થના વિશારદે પુરાણસંહિતાની રચના કરી.'

વિષ્ણુપુરાણના સાક્ષ્યથી એમ જણાય છે કે, પરાશરે વિષ્ણુપુરાણનું સંકલન પોતાના આયુષ્યના ઉત્તરાર્ધમાં કર્યું હશે. અથવા તો એમના પુત્ર કૃષ્ણદ્વૈપાયને વેદનું શાખાઓમાં વિભાજન અને સંકલન કર્યા પછી કર્યું હશે. વિષ્ણુપુરાણના પ્રથમ અધ્યાયમાં મૈત્રેય જે પ્રશ્નો દ્વારા પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરે છે, તેમાં તેમનું એક કથન એ છે કે– 'वेदशाखाप्रणयनं यथावद् व्यासकर्तृकम् ।' (૧/૧/૧૩). અર્થાત્, 'વ્યાસજી દ્વારા જે રીતે વેદ–શાખાઓનું પ્રણયન કરવામાં આવ્યું (તે બધું મને સંભળાવો)'. 'વ્યાસ'નો અર્થ અહીં ચોક્કસપણે 'કૃષ્ણદ્વૈપાયન' જ છે.

વૈદિક સાહિત્ય તેમજ પૌરાણિક સાહિત્યના ક્ષેત્રોમાં સૌથી વધારે પ્રતિષ્ઠિત નામ કૃષ્ણદ્વૈપાયન–'વ્યાસ' નું છે. એ વર્ણે કૃષ્ણ (શ્યામ) હોવાથી 'કૃશ્ણ' તરીકે ઓળખાયા અને એમનો જન્મ દ્વીપ (ટાપુ)માં થયો હોવાથી 'દ્વૈપાયન' તરીકે પ્રસિદ્ધ છે. એમણે વેદસંહિતા તથા પુરાણસંહિતાનું સંકલન કરીને તેમને શાખાઓ, પ્રશાખાઓ તથા વિભાગોમાં વિભાજિત કરેલ છે. 'વ્યાસ' ના અર્થો– 'વિસ્તરણ, વિભાજન, પૃથકતા, પ્રસાર, પ્રણયન, ફેલાવો, વ્યવસ્થા, સંકલન વગેરે થાય છે. પરાશરપુત્ર કૃષ્ણદ્વૈપાયને વેદનો વિસ્તાર અને વિભાજન કરેલ હોવાથી, તે 'વેદવ્યાસ' તરીકે ઓળખાય છે ('विव्यास वेदान्यस्मात्स तस्माद् व्यास इति स्मृतः ।). વિષ્ણુપુરાણમાં પણ નોંધાયેલું છે :

'वेदमेकं चतुर्भेदं कृत्वा शाखाशतैर्विभुः ।
करोति बहुलं भूयो वेदव्यासस्वरूपधृक् ।।' विष्णपुराण, ३/२/५६

તેણે એક વેદનું ચાર ભેદ અને સેંકડો શાખાઓમાં વિભાજન કર્યું. 'વેદોનો વ્યાસ'–ના વિશિષ્ટ કાર્યથી કૃષ્ણદ્વૈપાયનની પ્રતિષ્ઠા એટલી બધી વધી ગઈ કે, સ્વયં તેઓ તો 'વ્યાસ' તરીકે ઓળખાયા જ, સાથે સાથે આખી પરંપરા પણ

'વ્યાસ–પરંપરા' તરીકે પ્રસિદ્ધ થઈ. વ્યાસે અનેક અદ્વિતીય કાર્યો કર્યાં હતાં. વેદોનું વિભાજન, અઢારપુરાણોનું સંકલન, મહાભારતની રચના, બ્રહ્મસૂત્રોનું પ્રણયન વગેરે તેના અગાધ પાંડિત્ય અને અલૌકિક પ્રતિભાનાં ઉદાહરણો છે. સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં આ એમનું અપ્રતિમ–અનુપમ–અદ્વિતીય કાર્ય છે. પોતાના એ મહાનતમકાર્ય દ્વારા એમણે માત્ર સંસ્કૃતસાહિત્ય જ નહીં, પરંતુ સમગ્ર ભારતીય સંસ્કૃતિને નવપલ્લવિત કરી છે.

વ્યાસે ચાર વેદોનું સંકલન પૂર્ણ કર્યા પછી, (કંઠસ્થ આદિમપુરાણના રૂપમાં રહેલ) સૃષ્ટિ અને પ્રલયના પ્રતિપાદક મંત્રોનો સંગ્રહ કરીને કથાનક, આખ્યાન, ઉપાખ્યાનાદિ દ્વારા તથા દેવતાઓ, ઋષિઓ અને રાજાઓ વગેરેનાં ચરિત્રો અને સંવાદોને આવશ્યકતા અનુસાર સંક્ષિપ્ત કે વિસ્તૃત કરીને, પોતાની અપૂર્વ કાવ્યપ્રતિભા દ્વારા સરળ, સુગમ અને મનોહર બનાવીને, વિષયક્રમ પ્રમાણે જુદા જુદા અઢાર ભાગોમાં વિભાજિત કરીને, ચાર લાખ શ્લોકોના પરિમાણવાળી એક વિશાળ 'પુરાણસંહિતા' આપણી સમક્ષ પ્રસ્તુત કરી. આ ઉપરાંત, વ્યાસે ચાર વેદો અને અઢાર પુરાણોનું સંકલન કરીને, તેની સુરક્ષાને માટે પોતાના શિષ્ય– પ્રશિષ્યોનો એવો સુદર પ્રબંધ કર્યો કે, અનેક વિષમ પરિસ્થિતિઓ ઉપસ્થિત થવા છતાંય, વેદો અને પુરાણોની અક્ષુણ્ણ પરંપરા આજે પણ ટકી રહી છે.

આ પ્રમાણે, 'પુરાણસંહિતા' ના પ્રણયન દ્વારા વ્યાસે પુરાણને સુવ્યવસ્થિત રૂપમાં પ્રસ્થાપિત કર્યું. આવા વ્યાસકર્મથી પુરાણવિષયક અવ્યવસ્થાનો અંત આવ્યો. આ સાંગોપાંગ પુરાણસંહિતાના વિકાસમાં વસિષ્ઠના વંશજોનું ક્મિક પ્રદાન પ્રશંસનીય છે. એમનું વંશવૃક્ષ આ પ્રમાણે આપી શકાયઃ

બ્રહ્મા (સ્વયંભૂ)
વસિષ્ઠ (માનસપુત્ર)
શકિત
પરાશર
જાતુકર્ણ્ય — કૃષ્ણદ્વૈપાયન (વ્યાસ)
શુકદેવજી

પુરાણના સંકલનના વિચારનું બીજ વસિષ્ઠથી રોપાયેલું છે. પોતાનું અધુરું કાર્ય પરાશર પાસે પૂર્ણ કરવાના આશયથી જ એમણે પરાશરને પુરાણસંહિતા રચવાના આશીર્વાદ આપ્યા હતા. પોતાના પુત્ર શકિતના અઘટિતથી પુરાણસંહિતાના

સંકલનનું કાર્ય એમણે પૌત્ર પાસે કરાવ્યું. અલબત્ત, એ કાર્ય આંશિક હતું, પરંતુ એમના પ્રપૌત્ર કૃષ્ણદ્વૈપાયને તેને પૂર્ણ કર્યું. જયારે કે, પરાશરના પૌત્ર શુકદેવજીમાં તેનો ચરમોત્કર્ષ જોઈ શકાય છે. વેદવ્યાસની સાથે તેના તત્ત્વવજ્ઞાની પુત્ર શુકદેવનું નામ પુરાણના પ્રચાર અને પ્રસારના ઇતિહાસમાં સુવર્ણાક્ષરોમાં લખવા લાયક છે. તેના જન્મની કથા જુદા જુદા રૂપે પ્રાપ્ત થાય છે. મહાભારતના શાંતિપર્વમાં તેનું આખ્યાન વિસ્તારથી વર્ણવ્યું છે.[૫૫] અરણિકાષ્ઠ દ્વારા તેની ઉત્પત્તિ થઈ હોવાનું ત્યાં વર્ણવેલ છે. આ કારણે જ, તે 'આરણેય' કે 'અરણિસુત' તરીકે પણ ઓળખાય છે. એમના દ્વારા પ્રણીત 'શ્રીમદ્‌ભાગવતપુરાણ' ભકિતસંપ્રદાયનું અણમોલ મોતી છે. સર્વપુરાણોમાં પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિમાં તે શિરમોર છે. જ્ઞાન, કર્મ અને ભકિતના સમુચ્ચય દ્વારા શ્રીકૃષ્ણની લીલાઓનું ગાન કરીને, ભકિતનું પ્રાધાન્ય તેમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. શ્રીમદ્‌ભાગવતપુરાણનું સંકલન તો વ્યાસે જ કર્યું છે, પરંતુ શુકદેવના પ્રયાસથી જ તે પ્રસિદ્ધ બન્યું છે. શુકદેવનો એ પ્રયાસ એટલો તો ઉત્કૃષ્ટ હતો કે, પુરાણ પ્રતિ સમાજમાં સૌ પ્રથમ પૂજયતાનો ભાવ પ્રવેશ્યો. પ્રારંભમાં માન–સન્માનની દષ્ટિએ સમાજમાં જોવાતું પુરાણ, વેદોની પ્રતિષ્ઠાને કારણે હીન દશાને પામ્યું હતું. શુકદેવના પ્રયાસથી શ્રીમદ્‌ભાગવતપુરાણે વેદો કરતાં પણ વધારે માનનીય સ્થાન મેળવ્યું. ભગવાન વિષ્ણુ વસિષ્ઠવંશજોના ઈષ્ટદેવતા હતા. એ બાબતને પરાશરે પણ પોતાની પુરાણસંહિતમાં ધ્યાનમાં રાખી હતી. વ્યાસે તેને શ્રીમદ્‌ભાગવતપુરાણમાં સર્વોત્તમતા બક્ષી, તો શુકદેવે એ પુરાણના પ્રચાર અને પ્રસાર દ્વારા વિષ્ણુના અંશાવતાર શ્રીકૃષ્ણની લીલાઓનું ઉત્કટ ગાન કરીને પૂજયતા સાથે વિષ્ણુભકિતને પ્રસ્થાપિત કરી. આમ, પરાશર, વ્યાસ તથા શુકદેવની ત્રણ પેઢીઓએ પુરાણના પ્રણયન, પ્રતિષ્ઠા તથા પ્રસારમાં પોતાનો અનન્ય ફાળો આપીને પુરાણને સુવ્યવસિથત કર્યું..

વ્યાસની શિષ્ય–પ્રશિષ્યોની પરંપરા પણ વિસ્તૃત છે. પુરાણસંહિતાનું પ્રણયન કરીને વ્યાસે પોતાના શિષ્ય રોમહર્ષણ (લોમહર્ષણ)ને તેનું અધ્યયન કરાવ્યું અને તેના પ્રસારનું કાર્ય પણ તેને સોંપ્યું હોવાનું પુરાણમાં નોંધાયેલું છેઃ

‘પ્રખ્યાતો વ્યાસશિષ્યોઽભૂત્ સૂતો વૈ રોમહર્ષણઃ ।
પુરાણસંહિતાં તસ્મૈ દદૌ વ્યાસો મહામુનિઃ ।।’[૫૬]

અર્થાત્, 'રોમહર્ષણ સૂત નામનો એક પ્રખ્યાત વ્યાસ–શિષ્ય થઈ ગયો. મહામુનિ વ્યાસે પુરાણસંહિતા તેને આપી (ભણાવી).'

લોમહર્ષણે પણ પોતાની એક પુરાણસંહિતા બનાવી, જે વ્યાસની પુરાણસંહિતા પર આધારિત હતી. એ સંહિતાને તેણે પોતાના છ શિષ્યોને ભણાવી હોવાનો નિર્દેશ વાયુપુરાણ આપે છેઃ

'षट्शः कृत्वा मयाप्युक्तं पुराणमृषिसत्तमाः ।
आत्रेयः सुमतिर्धीमान् काश्यपो ह्यकृतव्रणः ।
भारद्वाजोऽग्निवर्चाश्च वासिष्ठो मित्रायुश्च यः ।।
सावर्णिः सोमदत्तिश्च सुशर्मा शांशपायनः ।
एते शिष्या मम ब्रह्मन् पुराणेषु दृढव्रताः ।।'[૫૭]

અર્થાત્, 'હે બ્રહ્મન્, મારા વડે કહેવાયેલ (એ) પુરાણસંહિતાને ઋષિસત્તમ અને બુદ્ધિશાળી (એવા) સુમતિ આત્રેય, અકૃતવ્રણ કાશ્યપ, અગ્નિવર્ચા ભારદ્વાજ, મિત્રાયુ વાસિષ્ઠ, સોમદત્તિ સાવર્ણિ અને સુશર્મા શાંશપાયન— આ મારા પુરાણોમાં દઢવ્રતધારી શિષ્યોને છ—છના વિભાગો કરીને ભણાવી.'

અહીં એક મહત્ત્યવનો પ્રશ્ન નોંધનીય છે કે, પુરાણોની સંખ્યા અઢાર કઈ રીતે થઈ ? કેમકે, વ્યાસે અઢારવિભાગોમાં વિભાજિત પુરાણનું સંકલન કર્યું હોવાનું તો સર્વમાન્ય છે અને એટલું જ સ્વીકાર્ય છે, તેણે એક જ પુરાણસંહિતાની રચના કરી હોવાનું. તો પછી, અઢાર પુરાણોનું સ્વતંત્ર અસ્તિત્વ કયારે અને કઈ રીતે શકય બન્યું! ઉપરાંત, લોમહર્ષણ સુતે પણ વ્યાસ પાસેથી પુરાણસંહિતાને પ્રાપ્ત કરીને પોતે પણ પુરાણસંહિતા લખી. આમ, પુરાણના વિકાસમાં લોમહર્ષણનો ફાળો ઉલ્લેખનીય છે, પરંતુ તેનો વિશેષ ફાળો અઢાર પુરાણોના માત્ર વિભાજન જ નહીં, સ્વતંત્ર અસ્તિત્વમાં રહેલો છે. લોમહર્ષણે પોતાની શિષ્ય—પરંપરામાં પોતે લખેલી પુરાણસંહિતાને તેના છ શિષ્યોને છ—છના વિભાગો કરીને ભણાવી હોવાનો નિર્દેશ વાયુપુરાણના ઉપરોકત સંદર્ભમાં જોઈ શકાય છે. એટલું જ નહીં, વાયુપુરાણ આ ઘટનાને વિસ્તારતાં આગળ નોંધે છે કે, —

'त्रिभिस्तिस्रः कृतास्तिस्रः संहिताः पुनरेव हि ।
काश्यपः संहिताकर्ता सावर्णिः शांशपायनः ।।
मामिका च चतुर्थी स्यात् सा चैषा पूर्वसंहिता ।
सर्वास्ता हि चतुष्पादाः सर्वाश्चैकार्थवाचिकाः ।।'[૫૮]

વાયુપુરાણના આ ઉદ્ધરણથી એવું ફલિત થાય છે કે, લોમહર્ષણે પોતાના શિષ્યોને, જે છ—છના વિભાગો કરીને પુરાણસંહિતા ભણાવી હતી, તેના

પરથી લોમહર્ષણના છ શિષ્યોમાંથી (ત્રણ શિષ્યો) અકૃતવ્રણ કાશ્યપ, સોમદત્તિ સાવર્ણિ તથા સુશર્મા શાંશપાયને પણ પોતપોતાની સંહિતાઓ રચી.[૫૯] આમ, કુલ ચાર સંહિતાઓ અસિતત્વમાં આવી. તે બધી જ ચાર પાદથી યુકત અને એક જ અર્થનું કથન કરનારી હતી. પરંતુ અહીં મહત્ત્યવનું વિધાન– 'तिस्रः संहिताः पुनरेव हि' છે. જેનો અર્થ, તે ત્રણેય શિષ્યોએ પણ ત્રણ–ત્રણ સંહિતાઓ લખી, એવો થાય છે. આમ, છ–છ વિભાગોવાળી ત્રણ સંહિતાઓ તેઓ દ્વારા લખાઈ. અર્થાત્‌, કુલ વીસ સંહિતાઓ, તે સમયે અસ્તિત્વમાં આવી. જેમાંથી એક વ્યાસરચિત અને એક લોમહર્ષણની, એ બેને બાદ કરતાં જે અઢાર સંહિતાઓ બચી, એ જ અઢાર પુરાણો. વર્તમાન સમયમાં ઉપસ્થિત અઢાર પુરાણોનું પ્રારંભિક રૂપ, એ અઢાર સંહિતાઓ જ હતી. સમય જતાં સામાજિક, ધાર્મિક તથા સાંસ્કૃતિક વગેરે કારણોને લીધે સ્વતંત્ર પુરાણના રૂપમાં જુદાં જુદાં કાલઘટકોમાં તેનો વિકાસ થયો.

આમ, વ્યાસોની આ પરંપરાએ પુરાણના વિકાસ, વિભાગ અને વિસ્તરણમાં અનન્ય ભાગ ભજવેલો છે. વેદના શાખા–પ્રશાખાઓમાં કરવામાં આવેલા વિભાગીકરણ પરથી જ વ્યાસને પુરાણોના વિભાગીકરણનો પણ વિચાર આવ્યો હશે. વ્યાસ, લોમહર્ષણ તથા તેના શિષ્યોએ રચેલી પ્રભાગયુકત પુરાણસંહિતા– એ ત્રણેમાં કેવળ પાઠાન્તરમાં જ ભિન્નતા હતી, ત્રણેનો અર્થ તો સમાન જ હતો, વેદની શાખાઓની જેમ('पाठान्तरे पृथग्भूता वेदशाखा यथा तथा ।')– એમ વેદની શાખાઓની પુથકતાની સાથે કરવામાં આવેલી પુરાણના વિભાગીકરણની સરખામણી દર્શાવતું વાયુપુરાણનું આ વિધાન એમ માનવાને પ્રેરે છે. અલબત્ત, વ્યાસે અઢાર વિભાગોમાં વિભાજિત એક જ પુરાણસંહિતાનું સંકલન કર્યું હતું. પરંતુ તેના શિષ્યો–પ્રશિષ્યોએ તેને અઢાર સ્વતંત્ર ભાગોનું રૂપ આપ્યું હતું.

આ રીતે પુરાણ તેના આદિમરૂપથી બે જુદી જુદી ધારા–પરંપરાઓમાં વિકાસ પામતું હાલના સ્વરૂપને પામ્યું છે. પ્રારંભિક બ્રહ્મપરંપરામાં તે સંપૂર્ણપણે મૌખિક, મૌલિક અને મુકત હતું. જયારે વ્યાસ–પરંપરામાં તે ગ્રંથબદ્ધ, પરંપરિત અને નિયત સ્વરૂપ–લક્ષણોવાળું બની ગયું હતું. જો કે એના કારણે, પરવર્તી સમયમાં અઢાર પુરાણો પરંપરાના પ્રવહમાન પ્રવાહથી અલગ પડી ગયા હતા. તેનો વિકાસ તેના લક્ષણાત્મક સ્વરૂપે અટકાવી દીધો હતો. પુરાણની પરંપરા તો છેક વીસમી સદી સુધી વિકસતી ચાલી છે. ઉપપુરાણો, ઔપપુરાણો, ઉપોપપુરાણો, જ્ઞાતિપુરાણો અને સ્થલમાહાત્મ્યો વગેરે વિકાસની એ ગતિમાન પરંપરાનાં જ વિભિન્ન રૂપો છે.

## (ક) ઈતિહાસ–પુરાણ

'ઈતિહાસ–પુરાણ' એવો શબ્દ છે, જે પ્રાચીન સમયથી સંસ્કૃત સાહિત્યમાં સ્વતંત્રતયા તેમજ એકબીજાના પૂરક તરીકે પણ પ્રયોજાયેલ છે. આ બાબતની સ્પષ્ટતા માટે સૌ પ્રથમ તો બન્નેના અર્થોને સમજવા જરૂરી છે. ત્યારપછી, બન્નેના સંબંધ અને વૈષમ્યને સ્પષ્ટ કરી શકાય.

**❖ 'પુરાણ' શબ્દનો અર્થ :**

પુરાણો હિંદુઓની ધાર્મિક, દાર્શનિક, ઐતિહાસિક, સામાજિક અને રાજનૈતિક સંસ્કૃતિનો વિશ્વકોશ છે. 'પુરાણ' શબ્દ પ્રાચીનકાળનો દ્યોતક છે. 'પુરાણ' શબ્દની વ્યુત્પત્તિ અને અર્થ પાણિનિ, યાસ્ક અને સ્વયં પુરાણોએ પણ દર્શાવેલ છે. પાણિનિના એક સૂત્ર[૬૦] અનુસાર 'पुराभवम्' અર્થાત્, 'પ્રાચીનકાળમાં થનાર' એ અર્થમાં 'પુરાણ' શબ્દનો પ્રયોગ થયો છે. જેમાં 'पुरा' શબ્દને 'ट्यु' પ્રત્યય કરીને 'तुट्' ના આગમથી 'પુરાતન' શબ્દ નિષ્પન્ન થયો છે. મહર્ષિ યાસ્કાચાર્યે પોતાના 'નિરુકત' નામના ગ્રંથમાં 'પુરાણ' ની વ્યુત્પત્તિ આ પ્રમાણે આપી છે–'पुराणं कस्मात् ? पुरा नवं भवति ।'[૬૧] અર્થાત્, 'પુરાણ શા માટે કહેવાય છે ? જે પ્રાચીન હોવા છતાં પણ નવું હોય છે.' શ્રીમદ્‌ભગવદગીતામાં દિવ્ય પુરુષના વિશેષણ તરીકે 'અનાદિ' અર્થમાં 'પુરાણ' શબ્દ પ્રયોજાયો છે– 'कविं पुराणमनुशासितारम्' અર્થાત્, '(ભગવાન) ક્રાંતદર્શી, અનાદિ અને અનુશાસક છે.'[૬૨] વાયુપુરાણ 'પુરાણ' શબ્દની વ્યુત્પત્તિ–'पुरा अनति ।' એટલે કે 'જે પ્રાચીનકાળમાં જીવિત હતું, તે.'–એમ આપે છે.[૬૩] પદ્મપુરાણ થોડું ભિન્ન નિર્વચન આપતાં કહે છે કે– 'पुरा परंपरा वष्टि कामयते ।' અર્થાત્, ' જે પ્રાચીનતા કે પરંપરાની કામના કરે છે, તેને 'પુરાણ' કહે છે.'[૬૪] બ્રહ્માંડપુરાણ આનાથી જુદી વ્યુત્પત્તિ આપે છે– 'पुरा एतद् अभूत ।' પ્રાચીનકાળ માં આવું થયું હતું.' મત્સ્યપુરાણમાં કહ્યું છે કે–'पुरातनस्य कल्पस्य पुराणानि विदुर्बुधाः ।' અર્થાત્, 'પુરાતન કલ્પને બુદ્ધિશાળી લોકો 'પુરાણ' તરીકે ઓળખે છે.'[૬૫] છાંદોગ્યોપનિષદ મુજબ, સનત્કુમાર પાસે બ્રહ્મવિદ્યા શીખવા આવેલા નારદ પોતે શીખેલી વિદ્યાઓને વર્ણવતાં, ઈતિહાસપુરાણને 'પંચમવેદ' તરીકે ઓળખાવે છે.[૬૬] ન્યાયદર્શન, ૪/૧/૬૨ પરના ભાષ્યમાં વાત્સ્યાયન પણ 'ઈતિહાસ–પુરાણ'ને 'પંચમવેદ' તરીકે ઓળખાવે છે.[૬૭] ભાગવતપુરાણ પણ આ જ બાબતને અનુસરતાં, ઈતિહાસ–પુરાણને 'પાંચમો વેદ' તરીકે ઓળખાવે છે.[૬૮] મહાભારતકાર, "ઈતિહાસ

અને પુરાણોની સહાયતાથી જ વેદોના અર્થનો વિસ્તાર અને સમર્થન કરવું જોઈએ." એમ કહે છે.[૬૯] ઈતિહાસ–પુરાણને વેદોનાં 'ઉપાંગ' પણ કહેવામાં આવ્યાં છે. 'સીતોપનિષદ' ના આ વિધાન પરથી 'પુરાણ' નું મંત્ર–બ્રાહ્મણાત્મક વેદથી પૃથકત્વ સિદ્ધ થાય છે.[૭૦] શ્રી બલદેવ ઉપાધ્યાયના મતે–" 'પુરાણ' શબ્દ ઋગ્વેદમાં બાર કરતાં પણ વધારે સ્થાનો પર મળે છે અને તેનો અર્થ 'પ્રાચીન/પૂર્વકાળમાં બનનારી ઘટના' થાય છે."[૭૧]

સ્વામી નિશ્ચલાનંદસરસ્વતીનું આ અંગેનું વિધાન પણ નોંધનીય છેઃ

" 'पुराण' शब्द का अर्थ पुरातन या प्राचीन है । मन्त्र-ब्राह्मणात्मक वेद अनादि, अपौरुषेय हैं । श्रीव्यासादिविरचित पुराण अर्थतः अनादि होते हुए भी पौरुषेय हैं । प्रजापति पितामह को सर्वप्रथम पुराणों का स्मरण हुआ, पुनः वेदों का । इस प्रकार वेदों की अभिव्यक्ति की अपेक्षा पुराणों की अभिव्यक्ति पुरातन होने के कारण पुराण को 'पुराण' कहा गया है ।"[૭૨]

આ ઉપરાંત, વાયુપુરાણને મહાભારતકારે 'વંશાવળી આપનાર પુરાણ' તરીકે ઓળખાવ્યું છે. કૌટિલ્ય તેના 'અર્થશાસ્ત્ર'માં 'पौराणिकः' નો ઉલ્લેખ કરે છે. રામાયણમાં પણ સુમંતને 'पुराणज्ञ' તથા 'पुराणोक्तः' તરીકે ઓળખાવેલ છે. ગૌતમધર્મશાસ્ત્રમાં 'બહુશ્રુત'ની વ્યાખ્યા આપતાં નોંધ્યું છે કે, ' જે વ્યકિત વેદ, વેદાંગ ઉપરાંત ઈતિહાસ–પુરાણમાં પણ કુશળ હોય, તે 'બહુશ્રુત' છે.' તો 'વ્યાસશ્રુતિ' માં કેવળ વેદ અને વેદાંગની મીમાંસા કરનાર જ નહીં, પરંતુ ઈતિહાસ–પુરાણને ધ્યાનમાં રાખીને મીમાંસા કરનારને વેદપારંગત કહી શકાય, એમ કહ્યું છે. 'યાજ્ઞવલ્ક્યશ્રુતિ'માં ચૌદ વિદ્યામાં 'પુરાણ'ને પણ સ્થાન આપવામાં આવ્યું છે.'શુક્રનીતિ'માં કહ્યું છે કે, "જે વ્યકિત સાહિત્ય, સંગીત, સર્ગાદિને જાણે, તેને 'પૌરાણિક' કહેવાય." મનુને મતે પિતૃકર્મ કરતી વખતે પુરાણનું શ્રવણ કરાવવું જોઈએ. માર્કણ્ડેયપુરાણ વેદ અને પુરાણને મત્સ્યપુરાણની જેમ બ્રહ્માના મુખમાંથી આવિર્ભાવ પામેલાં ગણાવે છે. બાણભટ્ટ પોતાની કૃતિ 'હર્ષચરિત'માં શ્લેષથી વાયુપુરાણનાં અને પુરાણનાં કેટલાંક લક્ષણોનો નિર્દેશ કરે છે.

આ બધાનું તાત્પર્ય એ છે કે, 'પુરાણ' શબ્દનો અર્થ 'પ્રાચીન' છે. તેમાં નાવિન્યનો અભાવ છે. જો કે, 'પુરાણ' શબ્દ ખાસ કરીને મહર્ષિ વ્યાસકૃત 'અઢાર પુરાણો' એ અર્થમાં રૂઢ થઈ ગયો હોવાથી, 'પુરાણ' શબ્દ સાંભળતાં જ વ્યાસકૃત અઢાર પુરાણોનું સ્મરણ થઈ આવે છે. આ બધી વ્યુત્પત્તિઓને આધારે એમ પણ સ્પષ્ટ થાય છે કે, પુરાણનો વર્ણ્યવિષય પ્રાચીનકાળ સાથે સંકળાયેલ છે. જો કે, પુરાણ પ્રાચીન હોવા છતાં કાલાન્તરે ઉત્પન્ન થતાં પરિવર્તનોને તે પોતાનામાં આત્મસાત્ કરી લે છે.

આમ, 'પુરાણ' શબ્દનો અર્થ 'પ્રાચીન' એવો થાય છે. વ્યુત્પત્તિથી જોઈએ તો પણ જેમાં નૂતનતાનો ભાવ નથી. એથી, 'પુરાણ' શબ્દનાં વિવિધ અર્થઘટનો થયેલાં હોવા છતાં તેમાં રહેલો પ્રાચીનતાનો ભાવ પ્રત્યેક અર્થમાં તેની સાથે જ રહ્યો છે.

### ❖ 'ઇતિહાસ' શબ્દનો અર્થ :

'ઇતિહાસ' શબ્દ 'इति', 'ह' અને 'आस' જેનો સંયુક્ત અર્થ 'આ પ્રમાણે, ચોક્કસ, હતું' એવો થાય છે. અર્વાચીન શબ્દકોશોમાં 'इतिहासः' શબ્દને આ પ્રમાણે દર્શાવેલ છેઃ '{इति+ह+आस (अस् धातु, लिट् लकार, अन्य पुरुष, एक वचन)} (परंपरा से प्राप्त उपाख्यान समूह) - धर्मार्थकाममोक्षाणामुपदेशसमन्वितम्, पूर्ववृत्तं कथायुक्तमितिहासं प्रचक्षते ।'[૭૩] અન્ય શબ્દકોશ 'ઇતિહાસ' શબ્દને આ પ્રમાણે સમજાવે છેઃ '(पुं०) {इतिह पारम्पर्योपदेश आस्तेऽस्मिन् इति विग्रहे इतिह ✓आस् + घञ्} वह पुस्तक जिसमें बीते हुए काल की प्रसिद्ध घटनाओं और तत्कालीन प्रसिद्ध पुरुषों का वर्णन हो । वह ग्रन्थ जिसमें धर्म, अर्थ, काम और मोक्ष का उपदेश प्राचीन कािनकों से युक्त हो ।'[૭૪] અહીં 'इतिह' અવ્યયની સાથે 'आस्' ધાતુનો સમાસ બનાવીને 'ઇતિહાસ શબ્દને સિદ્ધ થતો દર્શાવ્યો છે. પ્રાચીનકાળમાં ચોક્કસપણે બનતી ઘટના 'ઇતિહાસ' શબ્દથી દર્શાવવામાં આવતી હતી. નિરુકત પરની ટીકામાં દુર્ગાચાર્યનું વિધાન છે કે, — ''निदानभूतः 'इति ह एवमासीत्' इति य उच्यते स इतिहासः''[૭૫] 'ઇતિહાસ' શબ્દનો વ્યુત્પત્તિથી પ્રાપ્ત થતો અર્થ 'પ્રાચીનકાળમાં વાસ્તવિકતયા ઘટિત થનારી ઘટના' નો દ્યોતક છે. અથર્વવેદ તથા બ્રાહ્મણગ્રંથોમાં આ શબ્દ 'પુરાણ' થી ભિન્ન અને સ્વતંત્રરૂપે આ જ અર્થમાં પ્રયોજાયેલો જોઈ શકાય છે. યાસ્કે સ્પષ્ટપણે દેવાપિ અને શંતનુની કથાને 'ઇતિહાસ' કહ્યો છે.[૭૬] એ જ પ્રમાણે, વિશ્વામિત્રની સુદાસ પૈજવનના પુરોહિત થવાની ઘટનાને પણ 'ઇતિહાસ' કહ્યો છે.[૭૭] પરવર્તી કાળમાં પુરાણોમાં 'ઇતિહાસ' શબ્દનો પ્રયોગ 'ઇતિવૃત' અર્થમાં જ મળે છે. તેનાથી એ સ્પષ્ટ થાય છે કે, કાલ્પનિક કથા કે આખ્યાનને 'પુરાણ' તરીકે અને વાસ્તવિક ઘટનાને 'ઇતિહાસ' તરીકે ઓળખવામાં આવતાં હતાં.[૭૮]

સામાન્યતયા આલોચકો મહાભારતને જ ઇતિહાસ કહે છે. કેમકે, સ્વયં મહાભારત જ પોતાને 'ઇતિહાસ' તરીકે ઓળઆવે છેઃ

'जयो नामेतिहासोऽयं श्रोतव्यो विजिगीषुणा ।' उद्योगपर्व, १३६/१८

'इतिहासोत्तमादस्माज्जायन्ते कविबुद्धयः ।' आदिपर्व, २/३८५

રાજશેખરના મતાનુસાર, ઇતિહાસ બે પ્રકારનો હોય છેઃ (૧) પરિક્રિયા

એટલે કે, એક નાયકવાળી કથા જેમકે, રામાયણ તથા (૨) પુરાકલ્પ એટલે કે, બહુનાયકોવાળી કથા જેમકે, મહાભારત.[૭૯] આ રીતે રાજશેખર પોતાની માન્યતાને સીમિત ન રાખતાં વિસ્તારતાં જણાય છે. મહાભારતની સાથે રામાયણનો પણ ઈતિહાસમાં સમાવેશ કરવા, તેણે 'ઈતિહાસ' ના બે પ્રકારો દર્શાવ્યા છે, જે તેની પોતાની સ્વતંત્ર માન્યતા જણાય છે.

આ બધી ચર્ચાને અંતે, 'ઈતિહાસ'નો સ્પષ્ટ અર્થ તારવવો હોય તો 'પ્રાચીન સમયની ઘટનાઓ' એમ કહી શકાય.

### ❖ 'ઈતિહાસ–પુરાણનો સંબંધ :

પ્રાચીન ગ્રંથોમાં પુરાણનો સંબંધ ઈતિહાસની સાથે એટલો બધો ઘનિષ્ઠ છે કે, બન્ને 'ઈતિહાસ–પુરાણ'ના સંયુક્ત નામથી અનેક સ્થાનોએ ઉલ્લેખિત છે. ઈતિહાસનો ઉલ્લેખ અત્યંત પ્રાચીન ગ્રંથોમાં હોવાથી, ખાસ કરીને વિદેશી વિદ્વાનોમાં એવી ભ્રામક માન્યતા જોવા મળે છે કે, ભારતીયો ઈતિહાસની કલ્પનાથી સદંતર અપરિચિત હતા, પરંતુ એ ધારણા અયોગ્ય છે. યાસ્કના કથન અનુસાર, ઋગ્વેદમાં 'ત્રિવિધ બ્રહ્મ'માં ઈતિહાસ–મિશ્ર મંત્રો મળે છે.[૮૦] અથર્વવેદના એક મંત્રમાં 'પુરાણ' શબ્દ ઈતિહાસ, ગાથા તથા નારાશંસી સાથે પ્રયોજાયેલો મળી આવે છેઃ 'तमितिहासश्च पुराणं च गाथाश्च नाराशंसीश्चानुव्यचलन् ।।'[૮૧] અહીં ઈતિહાસ, ગાથા તથા નારાશંસીની સાથે કરવામાં આવેલો 'પુરાણ' શબ્દનો પ્રયોગ સૂચવે છે કે, આ મંત્રની રચનાના સમયે, તેનો અર્થ માત્ર 'પ્રાચીન' નથી રહ્યો, પરંતુ તેના સાહિત્યિક અર્થમાં રૂઢ થઈ ચૂક્યો છે. પુરાણનું સાહિત્યિક સ્વરૂપ ઈતિહાસ, ગાથા તથા નારાશંસીને સમાન હતું. લૌકિક કથાવૃત્તોનું તેમાં પ્રાધાન્ય રહેતું. સમાજમાં પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ પ્રાપ્ત કરનારા લોકનાયકોને આનુષંગિક બાબતો તેના મુખ્ય વર્ણ્યવિષયો હતા. હાલ ઉપલબ્ધ પુરાણોમાં એવા કેટલાયે વૃત્તાંતો વર્ણવાયેલા છે, જેને ઐતિહાસિક દૃષ્ટિએ ગણના કરતાં વૈદિકયુગ કે તેના કરતાં પણ પ્રાચીન હોવાનું અનુમાન કરી શકાય છે. જેમ કે, દાશરથિ રામના પૂર્વજો એવા પરમ પ્રતાપી અનેક સૂર્યવંશીઓની કથાઓ, હિરણ્યકશિપુ, બલિ, બાણાસુરાદિ દૈત્યસમ્રાટોની કથાઓ તથા અન્ય અનેક પ્રાચીન ઘટનાઓ. જો કે, વિગતોની પ્રસ્તુતીમાં ભેળસેળ કરવાની પુરાણકારોની આદત હોઈ શકે છે, પરંતુ તેઓના કથનને સાવ જ અસત્ય માનવાનાં કોઈ કારણો નથી. એ બધાનો વૈદિક સાહિત્યમાં ઉલ્લેખ ન હોવા પાછળનું કારણ પણ સ્પષ્ટ છે કે, તે બાબતોનું વર્ણન કરવું,

એ ઇતિહાસ–પુરાણનું જ ખાસ ક્ષેત્ર હતું. લૌકિક બાબતો હોવાના નાતે, વૈદિક અને ખાસ કરીને સંહિતાઓમાં એ વિશેષ સ્થાન ન જ પામે, તે સ્વતઃ સિદ્ધ થઈ શકે છે. છતાં શંબર, નમુચિ વગેરે દૈત્ય–સમર્થકોના ઉલ્લેખો, રજૂ થનાર વિષયને આનુષંગિક ઉદાહરણોના રૂપમાં, થયેલા જ છે. પુરાણવિદોનું સમાજમાં વિશિષ્ટ સ્થાન હતું, એ અથર્વવેદના નીચેના મંત્ર પરથી કહી શકાય છેઃ

'येत आसीद् भूमिः पूर्वा यामद्धा तय इद् विदुः ।

यो वै तां विद्यान्नामथा स मन्येत पुराणवित् ।।'[८२]

પ્રસ્તુત મંત્રમાં કરવામાં આવેલ 'पुराणवित्' નો ઉલ્લેખ એવું દર્શાવે છે કે, અથર્વવેદકાળમાં પુરાણ–સાહિત્ય તથા પુરાણવેત્તાઓનું અસ્તિત્વ હતું.

પરવર્તી બ્રાહ્મણગ્રંથોમાં, શતપથબ્રાહ્મણનાં ઉદ્ધરણો વિશેષ મહત્ત્યવનાં છે. એ ગ્રંથમાં અનેક સ્થાનોએ પુરાણ વિષયક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તેમાં યજ્ઞના નવમા દિવસે પુરાણનો પાઠ કરવાનું સૂચન છે : 'अथ नवमेऽहनि किञ्चत्पुराणम्-आचक्षीत ।'[८३] પુરાણનો પ્રતિદિન પાઠ કરનાર વ્યકિતતદેવતાઓને તૃપ્ત કરે છે, એવું વિધાન પણ શતપથબ્રાહ્મણમાં છે –

'एष देवांस्तर्पयति य एवं विद्वान् वाकोवाक्यमितिहास- पुराणमित्यहरहः स्वाध्यायमधीते ।।'[८४]

અર્થાત્, 'વાકોવાકય, ઇતિહાસપુરાણનો નિત્ય પાઠ કરવો જોઈએ, એવું જે જાણે છે, તે દેવોને તૃપ્ત કરે છે.' આવા જ અર્થવાળું એક અન્ય વિધાન પણ શતપથબ્રાહ્મણમાં નોંધાયેલું છેઃ

'मध्वाहुतयो ह वा एता देवानाम् । यदनुशासनानि विद्या वाकोवाक्यमितिहास पुराणं गाथा नाराशंसस्यः। य एवं विद्वान् अनुशासनानि विद्यावाकोवाक्यमितिहासपुराणं गाथा नाराशंसीरित्यहरहः स्वाध्यायमधीते ।मध्वाहुतिभिरेव तद्देवांस्तर्पयति ।'[८५]

અહીં બતાવે છે કે– "અનુશાસન, વિદ્યા, ઇતિહાસ–પુરાણ, ગાથા તથા નારાશંસીના સ્વાધ્યાયથી વેદોને મધુપૂર્ણ આહુતિઓ પ્રાપ્ત થાય છે. આ સ્વાધ્યાય કરનાર વિદ્વાન દેવોને તૃપ્ત કરે છે."

તદુપરાંત,

'ऋग्वेदो यजुर्वेदो सामवेदोऽथर्वाङ्गिरस इतिहासपुराणं विद्या उपनिषदः श्लोकाः सूत्राणि अनुव्याख्यानानि व्याख्यानानि वाचैव सम्राट् प्रजायते ।'[८६]

અર્થાત્, "ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વાંગિરસ, ઇતિહાસપુરાણ,

વિદ્યા, ઉપનિષદ, શ્લોક, સૂત્ર, અનુવ્યાખ્યાન તથા વ્યાખ્યાન વાણી (વાઙ્મય) છે. વાણીથી જ સમ્રાટ થાય છે."

આ ઉપરાંત, શતપથબ્રાહ્મણ, ૧૧/૫/૭/૯ તથા ૧૩/૪/૩/૧૨ વગેરેમાં પણ પુરાણ વિષયક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

ગોપથબ્રાહ્મણ માને છે કે, કલ્પ, રહસ્ય, બ્રાહ્મણ, ઈતિહાસ, ઉપનિષદ, અન્વાખ્યાન તથા પુરાણોની સાથે બધા વેદોનું નિર્માણ થયું હતું–

'एवमिमे सर्वे वेदा निर्मिताः सकल्याः सरहस्याः सब्राह्मणाः सोपनिषत्काः सेतिहासाः सान्वाख्याताः सपुराणाः ।'[૮૭]

ગોપથબ્રાહ્મણ ઈતિહાસ તથા પુરાણને અલગ અલગ વિદ્યાઓ તરીકે ઓળખાવે છે. તદુપરાંત, ગોપથબ્રાહ્મણ, પૂર્વભાગ, ૧/૧૦માં પણ ઈતિહાસ તથા પુરાણને સ્વતંત્ર અને અલગ અલગ વેદના રૂપમાં ઉદ્‌ભવ્યા હોવાનું દર્શાવ્યું છે. એમ લાગે છે કે, તે યુગમાં બન્નેનું અલગપણું નિશ્ચિત થઈ ગયું હશે. શતપથબ્રાહ્મણમાં 'ઈતિહાસપુરાણ' સાથે જ પ્રયુકત થયેલાં જોવા મળે છે. તેનાથી તે બન્નેનું વિષય–ઐકય સિદ્ધ થાય છે. અલબત્ત, કેટલાંક સ્થાને સ્વતંત્રરૂપે પણ ઉલ્લેખાયેલાં છે. જેમ કે, ૧૩/૪/૩/૧૨ માં ઈતિહાસનો અને ૧૩/૪/૩/૧૩ માં પુરાણનો સ્વતંત્રપણે ઉલ્લેખ થયેલો છે. જેથી, એ કાળથી, તે બન્ને અલગ અલગ ગ્રંથનાં રૂપમાં ગણાવા શરૂ થઈ ગયાં હશે.

આરણ્યકો અને ઉપનિષદોમાં પણ પુરાણ વિષયક માહિતી ઉપલબ્ધ છે. તૈત્તિરીયારણ્યકમાં કહ્યું છે કે–

'यद् ब्राह्मणानीतिहासान् पुराणानि कल्पान् गाथा नाराशंसीर्भेदाहुतयो देवानामभवन् ।'[૮૮]

અહી પ્રાપ્ત થતાં 'पुराणानि' શબ્દથી એમ લાગે છે કે, અહી પુરાણમાં આવતાં આખ્યાનો બહુવચન દ્વારા અભિપ્રેત છે અથવા તો ઈતિહાસથી સ્વતંત્ર થયેલાં પુરાણોની સંખ્યાનો વ્યાપ વધ્યો હશે. બૃહદારણ્યકોપનિષદમાં તો પુરાણના ઉદ્‌ભવને વેદના ઉદ્‌ભવ જેવો બતાવવામાં આવ્યો છે. બીજી રીતે કહીએ તો અહી વેદની પેઠે પુરાણોને પણ નિત્ય માનવામાં આવ્યાં છે. બૃહદારણ્યકોપનિષદમાં વિધાન છે કે –

'स यथाऽऽर्द्रेन्धाग्नेर्ख्याहितात् पृथग्धूमा विनिश्चिरन्ति एवं वा अरेऽस्य महतो भूतस्य निःश्वसितमेतद् यदृग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वांगिरस इतिहासपुराणम् ।'[૮૯]

છાંદોગ્યોપનિષદના સમયમાં પુરાણનાં માન અને મહત્ત્યવ વધ્યાં

હોય તેમ જણાય છે. પુરાણને વેદ–સમકક્ષ જ નહીં, પણ વેદ તરીકે જ સન્માન આપીને 'પંચમવેદ' તરીકે ઓળખાવેલ છે.

છાંદોગ્યોપનિષદમાં વિધાન છે કે–

'ऋग्वेदं भगवोऽध्येमि यजुर्वेदं सामवेदमाथर्वणं चतुर्थमितिहास पुराणं पंचमम्, वेदानां वेदं,........।'[९०]

અહીં ઈતિહાસપુરાણને 'પંચમવેદ' કહીને તેનું ગૌરવગાન કરવામાં આવ્યું છે. છાંદોગ્યોપનિષદમાં અન્યત્ર પણ (૭/૧/૪ તથા ૭/૨/૧ વગેરે) 'પુરાણ'ને 'પાંચમા વેદ' તરીકે ઓળખાવેલ છે.

ધર્મશાસ્ત્રીયગ્રંથોએ પુરાણને ધર્મની સાથે જોડી દીધેલ છે. પુરાણના અસ્તિત્વના, તેના અધ્યયન તેમજ અધ્યયનથી મળતા પુણ્યનો સંકેત કરનારા અનેક પુરાવાઓ તેમાં પ્રાપ્ત થાય છે. 'આશ્વલાયનગૃહ્યસૂત્ર'માં પુરાણના પઠનના ઉલ્લેખો ૩/૩/૧, ૩/૪/૬ વગેરે સ્થાનોએ પ્રાપ્ત થાય છે. ત્યાં ઈતિહાસપુરાણને અમૃતની નહેરો કહેલ છે.[૯૧] ગૌતમધર્મસૂત્ર એવું બતાવે છે કે, સામાન્ય માણસની સાથે સાથે શાસકવર્ગના લોકો માટે પણ પુરાણસાહિત્યનું જ્ઞાન જરૂરી છે અને વેદ–વેદાંગ સહિત ઈતિહાસ–પુરાણાદિમાં કુશળ વ્યકિતને 'બહુશ્રુત' કહ્યો છે :

'स एष बहुश्रुतो भवति लोके वेद-वेदांगवित् वाक्योवाक्येतिहासपुराण कुशलः ।'[९२]

ધર્મશાસ્ત્રીયગ્રંથોમાં સૌથી મહત્ત્યવનો ઉલ્લેખ 'આપસ્તંબધર્મસૂત્ર' નો છે, જેમાં કોઈક પુરાણના બે શ્લોકોને ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.[૯૩] તેનાથી એવું પ્રતીત થાય છે કે, આપસ્તંબધર્મસૂત્રના સમયમાં કોઈક પુરાણ અવશ્ય પ્રચલિત હશે. એટલું જ નહીં, એ ગ્રંથમાં જ અન્યત્ર તો 'ભવિષ્યપુરાણ' નો સ્પષ્ટ નામોલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. જેમકે,–

'आभूतसंप्लवास्ते स्वर्गजितः, पुनः सर्गे बीजार्था भवन्तीति भविष्यत्पुराणे ।'[९४]

અર્થાત્, 'પિતૃઓએ પ્રલયકાળ સુધી સ્વર્ગને જીતેલ છે (અને) પુનઃસર્ગ સૃષ્ટિના પુનર્સર્જનના સમયે તેઓ બીજરૂપ બને છે, એવું ભવિષ્યપુરાણનું કથન છે.'

આપસ્તમ્બધર્મસૂત્રના ભવિષ્યપુરાણ સંબંધી આ ઉલ્લેખ વિશે આચાર્ય બલદેવ ઉપાધ્યાય નોંધે છે કે, –

'आपस्तम्ब धर्मसूत्र का रचना काल ईस्वी पूर्व पञ्चम-षष्ठ शतक माना जाता है । उस समय पुराण का रूप आजकल उपलब्ध, पुराण के समान ही धर्मशास्त्रीय

विषय से सम्पन्न था । 'पुराण' के सामान्य निर्देश के संग में 'भविष्यपुराण' का विशिष्ट निर्देश इस तथ्य का विशद प्रतिपादक है कि उस युग में कम से कम एक पुराण का प्रणयन हो चुका था । इस प्रकार ग्रन्थ रूप में पुराण का यह निर्देश निःसन्देह प्राचीन तथा महत्त्वपूर्ण है ।'[૯૫]

આ ઉપરાંત, આપસ્તમ્બધર્મસૂત્રમાં એક સ્થાને બ્રાહ્મણને મારવાના પ્રસંગના વિભિન્ન મતોને દર્શાવતાં કહ્યું છે કે,–

'यो हिंसार्थमभिक्रान्तं हन्ति मन्युरेव मन्युं स्पृशति, न तस्मिन् दोष इति पुराणे ।'[૯૬]

વ્યાસસ્મૃતિ કહે છે કે, "વેદપારગ થવા માટે ઇતિહાસ–પુરાણની મીમાંસા કે અનુશીલન આવશ્યક છે :

'मीमांसते च यो वेदान् षड्भिरङ्गै सविस्तरैः ।
इतिहासपुराणानि स भवेद् वेदपारगः ।।
ब्राह्मण-क्षत्रिय-विशस्त्रयो वर्णा द्विजातयः ।
श्रुतिस्मृतिपुराणोक्तधर्मयोगस्तु नेतराः ।।'[૯૭]

મનુસ્મૃતિ એવું નોંધે છે કે, તે સમયે પુરાણપાઠને વેદપાઠ જેટલો જ મહત્ત્યવનો ગણવામાં આવતો–

''स्वाध्यायं श्रावयेत पित्र्ये धर्मशास्त्राणि चैव हि ।
आख्यातानीतिहासांश्च पुराणानि खिलानि च ।।'[૯૮]

શિષ્યને જ્ઞાન આપતાં પહેલાં તેની પરીક્ષા કરી લેવી જોઈએ. એ સંદર્ભમાં ઉશનસ્–સ્મૃતિનું વિધાન છે કે–

'वेदं धर्मं पुराणं च तथा तत्त्वानि नित्यशः ।
संवत्सरोषिते शिष्ये गुरुज्ञानं विनिर्दिशेत् ।।'[૯૯]

યાજ્ઞવલ્કયસ્મૃતિ પુરાણને 'વિદ્યાસ્થાન' તરીકે ગણાવે છે –

'पुराण-न्याय-मीमांसा-धर्मशास्त्राङ्गमिश्रिताः ।
वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दशः ।।'[૧૦૦]

અહીં પુરાણને વિદ્યા અને ધર્મનું સ્થાન ગણાવીને તેને વેદ જેટલું જ પવિત્ર અને ગ્રાહ્ય માનવામાં આવેલ છે. અન્યત્ર, આ જ ગ્રંથમાં પુરાણના પાઠથી દેવો તથા પિતૃઓની વિશેષ તૃપ્તિ થતી હોવાનું કહ્યું છે.[૧૦૧] આ ઉપરાંત પણ ઘણાં સ્થાનોએ આ સ્મૃતિમાં 'પુરાણ'ના ઉલ્લેખો મળી આવે છે.[૧૦૨]

મહાભારત અને રામાયણમાં પણ ઇતિહાસ–પુરાણ વિષયક આ મુજબનાં વિધાનો પ્રાપ્ત થાય છેઃ

મહાભારતના અનુશાસનપર્વમાં કહ્યું છે કે, "પુરાણ, મનુસ્મૃતિ, અંગો સહિત વેદો અને ચિકિત્સાશાસ્ત્ર આ ચારેય ઈશ્વરની આજ્ઞાથી સિદ્ધ થયેલાં છે, એટલે તેમનું વર્ણન યથાર્થ અને પ્રમાણભૂત છે. કુતર્કની મદદથી તેનું ખંડન કરવું યોગ્ય નથી. જયારે એક જગ્યાએ એવું પણ જોવા મળે છે કે, પુરાણોમાં અનેક દિવ્ય કથાઓ આવે છે. તેમાં વિશિષ્ટ બુદ્ધિમાનોના આદિવંશોનાં વર્ણનો પણ મળી આવે છેઃ

'पुराणे हि कथा दिव्या आदिवंशाश्च धीमताम् ।
कथ्यन्ते ये पुरास्माभिः श्रुतपूर्वाः पितुस्तव ।।'[१०३]

એ ઉપરાંત, મહાભારત માને છે કે, સત્યવતીપુત્ર વ્યાસે સૌપ્રથમ અઢાર પુરાણોની રચના કરી અને ત્યારપછી મહાભારત રચ્યું–

'अष्टादश पुराणानि कृत्वा सत्यवतीसुतः ।
पश्चाद् भारतमाख्यानं चक्रे तदुपबृंहितम् ।।'[१०४]

વ્યાસનો એવો પણ મત છે કે, ઇતિહાસ અને પુરાણ દ્વારા વેદોને સમજાવવાનો કે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ–

'इतिहासपुराणाभ्यां वेदं समुपबृंह्यते ।
बिभेत्यल्पश्रुताद्वेदो मामयं प्रहरिष्यति ।।'[१०५]

મહાભારતમાં એક સ્થાને તો 'વાયુપુરાણ'નો સ્પષ્ટ નામોલ્લેખ પણ થયેલો જોવા મળે છે –

'एतत्ते सर्वमाख्यातमतीतानागतं तथा ।
वायुप्रोक्तमनुस्मृत्य पुराणमृषिसंस्तुतम् ।।'[१०६]

વ્યાસજી મહાભારતના શ્રવણથી પ્રાપ્ત થતાં ફળને, પુરાણોના શ્રવણથી પ્રાપ્ત થતાં ફળની સાથે સરખાવે છે–

'अष्टादशपुराणानां श्रवणाद्यत्फलं लभेत् ।
तत्फलं समवाप्नोति वैष्णवो नात्र संशयः ।।'[१०७]

વાલ્મીકિરચિત રામાયણમાં પણ પુરાણ અને પુરાણવિદના નિર્દેશો મળી આવે છે. તેમાં દશરથના સારથી સુમંતને અનેક સ્થળોએ પુરાણવિદ તરીકે રજૂ કરવામાં આવ્યો છે–

'इत्युक्त्वान्तः पुरद्वारमाजगाम पुराणवित् ।'[१०८]

તેમજ,

‘स तदन्तः पुरद्वारं समतीत्य जनाकुलम् ।
प्रविभक्तां ततः कक्षामाससाद पुराणवित् ।।’’[१०९]

અહીં સુમંતને પુરાણવિદ્ તરીકે દર્શાવેલ છે. એ તો સ્પષ્ટ જ છે કે, સુમંત સૂત હતો, તેથી પુરાણો સાથે તેનો સંબંધ હોય, એ સ્વાભાવિક છે. પ્રાચીન સમયમાં પુરાણો અને ગાથાઓનું ગાન આ સૂતો જ કરતા હતા. આથી વાલ્મીકિ પુરાણોથી સારી રીતે પરિચિત હતા, તેમ કહી શકાય.

રામાયણ, મહાભારત જેવા ઈતિહાસ ગ્રંથો ઉપરાંત, કૌટિલ્યે પણ પોતાના 'અર્થશાસ્ત્ર'માં પુરાણ તથા ઈતિહાસનો અનેક સ્થળોએ નિર્દેશ કરેલો છે. અવળાં માર્ગે જતાં રાજાને રોકવા માટે ભલામણ કરતાં અર્થશાસ્ત્રકાર કહે છે—

‘मुख्यैरवगृहीतं वा राजानं तत् प्रियाश्रितः ।
इतिवृत्तपुराणाभ्यां बोधयेदर्थशास्त्रवित् ।।’[११०]

આનાથી સ્પષ્ટ છે કે, કૌટિલ્યના સમયમાં પુરાણોમાં પ્રસ્તુત સદાચાર સંબંધી વિષયોને સમાજમાં પૂરતું માન મળતું હતું. વેદના સ્વરૂપને વર્ણવતાં કૌટિલ્ય કહે છે કે—

"સામ, ઋક્ તથા યજુર્વેદને 'ત્રયી' કહેવામાં આવે છે. આ ત્રયી અને અથર્વવેદ તેમજ ઈતિહાસનો 'વેદ'માં સમાવેશ થાય છે."[૧૧૧]

કૌટિલ્ય પુરાણને ઈતિહાસનો એક ભાગ માને છે :

‘‘पुराणमितिवृत्तमाख्यायिकोदाहरणं धर्मशास्त्रमर्थशास्त्रं चेतीतिहासाः ।।’’

અર્થાત્, "પુરાણ, આખ્યાયિકા, ઉદાહરણ, ધર્મશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર આ બધાની ગણતરી ઈતિહાસમાં કરવી જોઈએ."[૧૧૨]

વિષ્ણુપુરાણના તૃતીય અંશના તૃતીય અધ્યાયમાં અઠ્ઠાવીસ વ્યાસોની પરંપરાને વર્ણવવામાં આવી છે. અત્યાર સુધીમાં વ્યતીત અઠ્ઠાવીસ દ્વાપરયુગોમાં પ્રત્યેકમાં ભગવાન વિષ્ણુ ભિન્ન—ભિન્ન નામથી પ્રગટ થઈને, વેદોનો વ્યાસ—વિસ્તાર કરે છે. એ બધા દ્વાપરયુગોમાંથી તૃતીય દ્વાપરયુગમાં ભગવાન વિષ્ણુએ શુક્રાચાર્ય—વ્યાસના રૂપમાં વેદનો વિસ્તાર પુરાણાદિના રૂપમાં કરેલો.[૧૧૩] આ શુક્રાચાર્ય દ્વારા પ્રણીત અન્ય ગ્રંથ 'શુક્રનીતિ' માં પણ પુરાણ—વિષયક પાયાની માહિતી આપવામાં આવી છે. એ ગ્રંથ, રાજયશાસન સંબંધી નીતિ વિષયક બાબતોનું વર્ણન કરતો એક પ્રાચીન ગ્રંથ છે. એમાં 'પુરાણ' શબ્દને તેનાં લક્ષણો સહિત પૌરાણિક શૈલીમાં જ સમજાવવામાં આવ્યો છે—

'सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंशानुचरितं यस्मिन्पुराणं तद्धि कीर्तितम् ।।'[૧૧૪]

તેમજ 'પૌરાણિક' શબ્દને આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યો છે–

'साहित्यशास्त्रनिपुणः संगीतज्ञश्च सुस्वरः ।
सर्गादिपञ्चज्ञाता च स वै पौराणिकः स्मृतः ।।'[૧૧૫]

'શુક્રનીતિ'માં 'ત્રયી' શબ્દને આ પ્રમાણે સમજાવવામાં આવ્યો છે–

'अङ्गानि वेदाश्चत्वारो मीमांसा-न्याय-विस्तरः ।
धर्मशास्त्रपुराणानि त्रयीदं सर्वमुच्यते ।।'[૧૧૬]

પુરાણોનું મહત્ત્યવ સમજાવતાં શુક્રનીતિમાં કહ્યું છે કે–

'धर्मतावं हि गहनमतः सत्सेवितं नरः ।
श्रुतिस्मृतिपुराणानां कर्म कुर्याद्विचक्षणः ।।'[૧૧૭]

'ધર્મતત્ત્યવ અત્યંત ગહન છે. તેથી બુદ્ધિશાળી મનુષ્યે સજ્જનો દ્વારા સેવાયેલ શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોમાં પ્રતિપાદિત કર્મોનું જ પાલન કરવું જોઈએ.'

આ ઉપરાંત, અનેક પ્રાચીન ગ્રંથોમાં ઈતિહાસ–પુરાણ વિષયક વિસ્તૃત માહિતી પ્રાપ્ત થાય છે. જેનાથી ઈતિહાસ–પુરાણની પ્રાચીનતા સ્વયં સ્પષ્ટ થઈ જાય છે. વસ્તુતઃ 'પુરાણ' માનવજાતનું આદિમતમ અને ક્રમિક વિકસેલું તથા વિસ્તરેલું સાહિત્ય છે, તો ઈતિહાસ માનવીયતાનો ક્રમિક વિકાસ દર્શાવે છે. પુરાણ–સાહિત્યને વેદો કરતાં ઊતરતું અને અર્વાચીન માની લેવામાં આવ્યું છે. વસ્તુતઃ સાહિત્યની ગતિ સ્થૂળથી સૂક્ષ્મ પ્રતિ હોય છે. તેની પ્રારંભિક અવસ્થા સ્થૂળ રૂપમાં જ હોય છે અને પછી ધીમે ધીમે તે સૂક્ષ્મતા તરફ વહે છે. સમયના વહેણમાં જયારથી વેદોના અર્થોને સ્પષ્ટ કરવાની શૈલી પુરાણોમાં પ્રવેશી ત્યારથી પુરાણ–સાહિત્યે પોતાના મૂળ પ્રાકૃતિક રૂપને ત્યજીને વેદોની ઓથે વિકસવાનું શરૂ કર્યું. પરિણામે, કથાઓ, આખ્યાયિકાઓ, ઐતિહાસિક ઘટનાઓ વગેરેની પ્રસ્તુતીનું એક માત્ર લક્ષ્ય, અધિકારાનુસાર અને વિવિધ પ્રકારે આત્મજ્ઞાન અને તેની પ્રાપ્તિના સાધનનું પ્રતિપાદન કરવાનું જ બની રહ્યું. વેદોને સમાન પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરવાની લ્હાયમાં પુરાણ પોતાની મૂળ ચાલને પણ ભૂલી ગયું. વૈદિક સિંચનથી પ્રતિષ્ઠા તો પ્રાપ્ત થઈ, પણ પોતાના મૂળ પ્રવાહથી તે વિખૂટું પડી ગયું. અત્યારે આપણી પાસે ઉપલબ્ધ એવાં વિક્ષિપ્ત પુરાણોના આધારે 'પુરાણ'ની પ્રાચીનતા તપાસવા જતાં, તેનાં મૂળ વેદો પાસે જઈને આ કારણે જ અટકી જાય છે.

**❖ ઇતિહાસ–પુરાણ–વૈષમ્ય :**

પ્રાચીન સમયમાં ઇતિહાસ અને પુરાણનો સંબંધ એટલો ગાઢ હતો કે, તે બન્નેને સ્પષ્ટતયા ભિન્ન દર્શાવનારા પુરાવાઓનો અભાવ છે. મહાભારત પોતાને માત્ર ઇતિહાસ જ નહીં, પરંતુ 'ઇતિહાસોત્તમ' તરીકે ઓળખાવે છે, તો અન્યત્ર 'પુરાણ' શબ્દનો પ્રયોગ પણ પોતાને માટે કરે છે.[૧૧૮] એ જ રીતે વાયુપુરાણ 'પુરાણ' હોવા છતાં પોતાને 'પુરાતન ઇતિહાસ' કહે છે.[૧૧૯] અને એવો જ અર્થ બ્રહ્માંડપુરાણ પણ પોતાને માટે વ્યક્ત કરે છે.[૧૨૦] આના પરથી એવું લાગે છે કે, પ્રાચીનકાળમાં ઇતિહાસ અને પુરાણ વચ્ચેની ભેદરેખા સુનિશ્ચિત ન હતી. સમય જતાં બન્નેનું વૈષમ્ય અસ્તિત્વમાં આવ્યું હતું અને પુરાણ તથા ઇતિહાસનું ક્ષેત્ર ભિન્ન અને સ્વતંત્ર મનાયું છે. છાંદોગ્યોપનિષદના શાંકરભાષ્યમાં આ બન્નેની ભિન્નતા સ્પષ્ટપણે દર્શાવવામાં આવી છેઃ

'इतिहासित्युर्वशीपुरूरवसोः संवादादिः 'उर्वशी हाप्सरा' इत्यादि ब्राह्मणमेव । पुराणम् 'असद्वा इदमग्र आसीत्' इत्यादि ।'[१२१]

અહીં શંકરાચાર્યના કથન અનુસાર, ઇતિહાસ અને પુરાણ– બન્ને વેદમાં ઉપલબ્ધ છે. ઉર્વશી તથા પુરુરવાના સંવાદને સૂચિત કરતાં 'उर्वशी ह्यप्सराः, पुरूरवसमैडं चक्रमे' વગેરે બ્રાહ્મણ (શતપથબ્રાહ્મણ, ૧૧/૫/૧/૧) 'ઇતિહાસ' છે, જયારે કે, 'असद्वा इदमग्र आसीत्' વગેરે સૃષ્ટિની પ્રક્રિયાનું વર્ણન કરતું વિવરણ 'પુરાણ' છે. અહીં શંકરાચાર્યની દષ્ટિએ બન્નેની ભિન્નતા જોઈ શકાય છે. પ્રાચીન આખ્યાન તથા આખ્યાયિકાનો સૂચક એવો ભાગ 'ઇતિહાસ' છે અને સૃષ્ટિ–પ્રક્રિયાનું વર્ણન 'પુરાણ' છે. શંકરાચાર્યનો સમય ઈ.સ.ની સાતમી/આઠમી સદીનો માનવામાં આવે છે. એ સમય સુધીમાં પૌરાણિક સાહિત્ય સંપૂર્ણપણે વિકસિત થઈ ચૂક્યું હતું, એથી શંકરાચાર્યને માટે એ બન્નેની ભિન્નતા દર્શાવવી કે પ્રસ્થાપિત કરવી મુશ્કેલ કાર્ય ન હતું. પરંતુ વૈદિક સાહિત્યના પ્રાચીન ભાષ્યકાર સાયણાચાર્ય પોતાના શતપથબ્રાહ્મણ પરના ભાષ્યમાં, શંકરાચાર્યથી સાવ ઊલટી જ વાત કરે છેઃ

''आपो ह वा इदमग्रे सलिलमेवास (शतपथब्राह्मण, ११/१/६/१) इत्यादिकं सृष्टि-प्रतिपादकं ब्राह्मणमितिहासः । 'उर्वशीह्यप्सराः पुरूरवसमैडं चक्रमे' (शतपथब्राह्मण, ११/५/१/१) इत्यादीनि पुरातनपुरुषवृत्तांतप्रतिपादकानि पुराणम् ।''[१२२]

અહીં, સાયણાચાર્ય 'आपो ह वा इदमग्रे सलिलमेवास' ને ઇતિહાસ અને ઉર્વશી તથા પુરુરવાના આખ્યાનને પુરાણ માને છે.

આમ, પ્રાચીનતર ગ્રંથોમાં ઈતિહાસ અને પુરાણ વચ્ચેનો ભેદ એકદમ પાતળો છે. આનું કારણ કદાચ એ હોઈ શકે કે, એ સમયે બેમાંથી એકનું પણ સ્વરૂપનિર્ધારણ હજુ સુધી થયું ન હતું. જયારે કે, શંકરાચાર્યના સમય સુધીમાં ઈતિહાસ વિષે તો કોઈ ચોક્કસ વિભાવના અસ્તિત્વ ધરાવતી ન હતી, પરંતુ પુરાણનું પંચલક્ષણાત્મક સ્વરૂપ નિશ્ચિત થઈ ચૂકયું હતું. શંકરાચાર્ય પૂર્વે ઈ.સ. ની પાંચમી સદીમાં થઈ ગયેલા અમરસિંહે પોતાના કોશગ્રંથમાં પુરાણને પંચલક્ષણાત્મક કહ્યું છે.[૧૨૩] એમની સમક્ષ ઉપલબ્ધ વિગતોના આધારે એમણે આ વ્યાખ્યાન આપ્યું છે. જો કે, અમરસિંહ પૂર્વે અનેક પુરાણોમાં પણ આ લક્ષણ આપવામાં આવ્યું હોવાથી, પુરાણ અને ઈતિહાસ વચ્ચેના ભેદને સ્પષ્ટ કરી શકાય છે. પુરાણનું પંચલક્ષણાત્મક સ્વરૂપ તેમાં વર્ણવાયેલા વિષયોના આધારે નિયત થયું છે. પુરાણના એ પાંચ લક્ષણો આ પ્રમાણે છેઃ (૧) સર્ગ—સૃષ્ટિ, (૨) પ્રતિસર્ગ—પ્રલય, (૩) વંશ, (૪) મન્વન્તર અને (૫) વંશાનુચરિત. આ પાંચ લક્ષણો સિવાય દાન, વ્રત, તીર્થ તથા ઈશ્વરના અવતારોનું વર્ણન પણ તેમાં કરવામાં આવે છે.

ઈતિહાસનો વર્ણ્યવિષય આનાથી જુદો હોય છે. તે પ્રાચીન આખ્યાનોનું વર્ણન કરે છે, પરંતુ તેનું ક્ષેત્ર ઘણું જ વ્યાપક છે. અર્થાત્, ઈતિહાસ એ માત્ર તિથિક્રમ અને ઘટનાઓનું જ સંકલન નથી, પરંતુ વિભિન્ન વિષયોની શીક્ષા આપીને તથા લોકવ્યવહારનાં તત્ત્યવોને પણ વર્ણવીને, તે મનુષ્યના હૃદયમાંથી મોહ અને અજ્ઞાનને પણ દૂર કરે છે. ઈતિહાસ વિશે કોઈકે કહ્યું છે કે, –

‘इतिहासप्रदीपेन मोहावरणघातिना ।
लोकगर्भगृहं कृत्स्नं यथावत् संप्रकाशितम् ।।’

અર્થાત્, 'મોહરૂપી આવરણનો ઘાત કરનાર (હટાવનાર), ઈતિહાસરૂપી દીપક વડે, લોકગર્ભરૂપી ગૃહ જેવું હોય તેવું જ, સંપૂર્ણપણે પ્રકાશિત કરાય છે.'

સંસ્કૃત સાહિત્યમાં સ્વીકૃત ઈતિહાસની આ ભાવનાને કારણે જ, 'મહાભારત' તથા 'રામાયણ' જેવાં ઐતિહાસિક કાવ્યો સંપૂર્ણ ઈતિહાસને વર્ણવતાં હોવાં છતાંય માત્ર ઈતિહાસ–કાવ્યો નથી બની રહેતાં. ભારતીય ઈતિહાસકારોનું લક્ષ્ય માત્ર ઘટનાઓનો તિથિક્રમ જ આપવાનું ન હોવાથી, એ બન્ને મહાકાવ્યો ઐતિહાસિકકાવ્યો કરતાં 'આદિમહાકાવ્યો' કે 'આર્ષમહાકાવ્યો' તરીકે વધારે પ્રસિદ્ધ બન્યાં છે. તેમાં રજૂ થયેલ તત્ત્યવદર્શી વાતોના અતિવિસ્તારને કારણે તેમાં રહેલું

ઇતિહાસ–તત્ત્યવ વિસારે પડી જાય છે. મહાભારતના એકલાખ શ્લોકોમાંથી ઇતિહાસ તો માત્ર પાંચમા ભાગમાં જ વર્ણવાયો છે. સંસ્કૃતસાહિત્યકારોની માનસિકતા 'સ્વ' ને બદલે 'તત્' ને વધારે કેન્દ્રમાં રાખનારી હોવાથી, આમ બનવા પામ્યું છે. જેના કારણે ભોગવવાનું ઇતિહાસના ભાગે આવ્યું છે. જો કે, કલ્હણ જેવાએ કંઈક અંશે એ દિશામાં પ્રયાસ કર્યો છે, પરંતુ તેમાં પણ કવિની કાવ્યચાતુરી તો ભળી જ છે. પ્રાચીન ભારતનો કોઈ સમુચિત ઇતિહાસ પ્રાપ્ત થતો નહીં હોવા પાછળ પણ આ બાબત જ કારણભૂત છે.

પ્રાચીનગ્રંથોમાંથી ઇતિહાસ અને પુરાણ વિષયક જે માહિતી પ્રાપ્ત થાય છે, તેના પરથી ફલિત થાય છે કે, પ્રાચીન સમયમાં ઇતિહાસ અને પુરાણ બન્ને એક જ વિષયને પ્રગટ કરતાં હતાં. પરંતુ સમય જતાં બન્ને સ્વતંત્રપણે વિકસ્યાં હતાં. અલબત્ત, પુરાણનો વિષય–વ્યાપ ઇતિહાસ કરતાં વધારે હોવાથી મહદંશે ઇતિહાસ પુરાણમાં જ સમાવિષ્ટ થઈ જતો. અહીં એ બાબત પણ નોંધનીય છે કે, કૌટિલ્યે ઇતિહાસના ક્ષેત્રમાં પુરાણને સમાવિષ્ટ ગણાવેલ છે :

'पुराणमितिवृत्तमाख्यायिकोदाहरणं धर्मशास्त्रमर्थशास्त्रं चेति इतिहासः ।'[૧૨૪]

આમ, ઇતિહાસ અને પુરાણનો સંબંધ તે બન્નેના સામ્યમાં પણ પ્રતીત થાય છે અને બન્નેના વૈષમ્યથી પણ સિદ્ધ થાય છે. આ બન્ને શાસ્ત્રો એકબીજાના પૂરક છે અને પરસ્પરના સહકારથી જ વિકસ્યાં અને વિસ્તર્યાં છે. બન્નેનું ક્ષેત્ર એક સમાન હોવા છતાં, ઘણું ભિન્ન પણ છે.

## (૬) પુરાણ–સાહિત્ય

પુરાણોનો વિકાસ અતિ દીર્ઘકાલીન છે. તેથી જેમ જેમ પુરાણ–સાહિત્યનો વિકાસ થતો ગયો તેમ તેમ તેના સ્વરૂપમાં પણ ફેરફારો થતા ગયા છે. પુરાણના પ્રકારો તેના આ સ્વરૂપ–ભેદના કારણે જ અસ્તિત્વમાં આવ્યા છે. પુરાણ–સાહિત્ય જેમ જેમ સમય–માર્ગ પર આગળ વધતું ગયું અને વિકસતું ગયું તેમ તેમ તેમાં અનેકવિધ નૂતન વિષયો પણ પ્રચુર માત્રામાં જોડાતા ગયા. આ વિષય–વૈવિધ્ય અને વિષય–પ્રાચુર્ય પણ તેના અવનવા પ્રકારોના સૃજનમાં કારણરૂપ બનેલ છે અને એ રીતે પુરાણોના મહાપુરાણ, ઉપપુરાણ, ઔપપુરાણાદિ પ્રકારો પ્રચલિત બન્યા છે. કેટલાક વિદ્વાનોએ તો પુરાણોના આથી પણ વધારે પ્રકારો દર્શાવ્યા છે. જેમ કે, જ્ઞાનાનંદ સરસ્વતીએ 'ધર્મકલ્પદ્રુમ'માં પુરાણોના મહાપુરાણો, ઉપપુરાણો, ઔપપુરાણો, ઉપોપપુરાણો અને ઉપૌપપુરાણો જેવા પાંચ પ્રકારો દર્શાવ્યા છે; પરંતુ એ બધાંમાં મહાપુરાણો, ઉપપુરાણો અને ઔપપુરાણોને જ વધારે માન્યતા પ્રાપ્ત થયેલી છે.

પુરાણ–સાહિત્યના વિસ્તૃત પરિચય માટે પુરાણના એ ત્રણેય પ્રકારને આપણે વિગતે તપાસીએ :

### ❖ પુરાણો :

'પુરાણ' શબ્દ સામાન્યતઃ મહાપુરાણો માટે પ્રયોજાય છે, પરંતુ આ શબ્દ મહાપુરાણોની સાથે જ ઉપપુરાણો તથા ઔપપુરાણોને પણ એટલો જ લક્ષિત કરે છે. જ્યારે પુરાણોની સંખ્યા અતિશય વધી ગઈ ત્યારે મુખ્ય અને પ્રાચીન પુરાણોને કંઈક વિશિષ્ટતાથી ઓળખાવવાની આવશ્યકતા ઊભી થઈ. આથી 'પુરાણ' શબ્દની સાથે 'મહત્' વિશેષણના પ્રયોગ દ્વારા પ્રાચીન અને મુખ્ય અઢાર પુરાણોનો દ્યોતક એવો 'મહાપુરાણ' શબ્દ અસ્તિત્વમાં આવ્યો. બ્રહ્મવૈવર્તપુરાણ (૪/૧૩૩/૭), શ્રીમદ્‌ભાગવતપુરાણ (૧૨/૭/૧૦ તથા ૧૨/૭/૨૨), ભવિષ્યપુરાણ (૩/૪/૨૫/૨૨૦) તથા વાયુપુરાણ (૧૦૪/૨–૧૪) અને મત્સ્યપુરાણ (૫૩/૬૧) માં અઢાર પુરાણોને માટે 'મહા' કે 'બૃહદ્' જેવાં વિશેષણોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જ્યારે અન્ય પુરાણોમાં માત્ર 'પુરાણ' શબ્દ જ પ્રયોજાયેલ છે. બ્રહ્મવૈવર્ત અને શ્રીમદ્‌ભાગવત–પુરાણમાં પણ મહાપુરાણોને માટે 'પુરાણ' શબ્દનો જ પ્રયોગ થયેલો છે. શ્રીમદ્

ભાગવતપુરાણ અઢાર મહાપુરાણોનાં નામો આ પ્રમાણે દર્શાવે છે—

'ब्राह्मं पाद्मं वैष्णवं च शैवं लैंगं सगारुडम् ।
नारदीयं भागवतमाग्नेयं स्कान्दसंज्ञितम् ।।
भविष्यं ब्रह्मवैवर्तं मार्कण्डेयं सवामनम् ।
वाराहमात्स्यं कौर्मं च ब्रह्माण्डाख्यमिति त्रिषट् ।।'[125]

(૧) બ્રહ્મ, (૨) પદ્મ, (૩) વિષ્ણુ, (૪) શિવ (વાયુ), (૫) લિંગ, (૬) ગરુડ, (૭) નારદ, (૮) ભાગવત, (૯) અગ્નિ, (૧૦) સ્કન્દ, (૧૧) ભવિષ્ય, (૧૨) બ્રહ્મવૈવર્ત, (૧૩) માર્કણ્ડેય, (૧૪) વામન, (૧૫) વારાહ, (૧૬) મત્સ્ય, (૧૭) કૂર્મ, (૧૮) બ્રહ્માંડ.

જયારે દેવીભાગવતકાર અઢાર પુરાણોની ગણના સાંકેતિક અને સંક્ષિપ્તરૂપે આ પ્રમાણે કરે છે—

'मद्वयं भद्वयं चैव ब्रत्रयं वचतुष्टयम् ।
अनापद् लिङ्-ग-कू-स्कानि पुराणानि पृथक्-पृथक् ।।'[126]

'મ (થી શરૂ થતાં) બે, ભ (થી શરૂ થતાં) બે, બ્ર (થી શરૂ થતાં) ત્રણ, વ (થી શરૂ થતાં) ચાર તથા અ (અગ્નિ), ના (નારદ), પદ્ (પદ્મ), લિઙ્ (લિઙ્ગ), ગ (ગરુડ), કૂ (કૂર્મ) અને સ્ક (સ્કંદ), એટલા છૂટા છૂટા— એમ (અઢાર) પુરાણો છે.' આ બધા (અઢાર) પુરાણોને નીચે પ્રમાણે દર્શાવી શકાય :

મ = (૧) મત્સ્ય, (૨) માર્કણ્ડેય,
ભ = (૩) શ્રીમદ્ભાગવત, (૪) ભવિષ્ય,
બ્ર = (૫) બ્રહ્મ, (૬) બ્રહ્માંડ, (૭) બ્રહ્મવૈવર્ત,
વ = (૮) વાયુ, (૯) વરાહ, (૧૦) વામન, (૧૧) વિષ્ણુ,
તથા એક—એક (૧૨) અગ્નિ, (૧૩) નારદ, (૧૪) પદ્મ, (૧૫) લિઙ્ગ, (૧૬) ગરુડ, (૧૭) કૂર્મ અને (૧૮) સ્કંદપુરાણ.

પરંપરાનુસાર, પુરાણો—મહાપુરાણોની સંખ્યા અઢાર જ માનવામાં આવી છે. જો કે, શિવપુરાણમાં[127] પુરાણોની સંખ્યા છવ્વીસ દર્શાવવામાં આવી છે; પરંતુ ત્યાં આમ થવાનું કારણ એવું પણ હોય શકે કે, 'પુરાણ' શબ્દથી અન્ય ઉપપુરાણો કે ઔપપુરાણોને પણ લક્ષિત કરવામાં આવ્યા હોય! આ ઉપરાંત પણ, અનેક પુરાણોમાં અઢાર પુરાણોની યાદી આપવામાં આવી છે; પરંતુ એ યાદીઓમાં ઘણી જ ભિન્નતા જોવા મળે છે. કયાંક નામભેદ છે, તો કયાંક ક્રમભેદ છે. જેમ કે, કૂર્મપુરાણમાં બ્રહ્માંડપુરાણને 'વાયવીય' કહેવામાં આવ્યું છે જયારે

મત્સ્યપુરાણ, સ્કંદપુરાણ, નારદીયપુરાણ અને અગ્નિપુરાણમાં ચતુર્થ (શિવ કે વાયુ) પુરાણને 'વાયવીયપુરાણ' કહેવામાં આવેલ છે. અન્ય તમામ મહાપુરાણોમાં આ સૂચિ આ ચારેય પુરાણો જેવી જ છે, પરંતુ તેમાં વાયવીયપુરાણનાં સ્થાને શિવપુરાણનો નામોલ્લેખ થયેલો છે. વસ્તુતઃ એક જ પુરાણનું નામ શિવ કે વાયવીય છે. આ પુરાણમાં ચોવીસ હજાર શ્લોકો છે અને તે બે ભાગોમાં વહેંચાયેલું છે. વાયુપ્રોક્ત હોવાથી, તેને વાયુપુરાણ અને તેના પ્રતિપાદ્ય દેવતા શિવ હોવાથી તેને શિવપુરાણ કહેવામાં આવે છે. 'तेन प्रोक्तं एवं साऽस्य देवता इति' ના નિયમ મુજબ એ બાબતને સિદ્ધ કરી શકાય છે. બ્રહ્માંડપુરાણને પણ, તે વાયુપ્રોક્ત હોવાથી વાયવીયપુરાણ કહેવામાં આવ્યું હશે. પુરાણોમાં આપવામાં આવેલી અઢાર પુરાણોના નામની સૂચિ અંગે ચૌધરી શ્રીનારાયણસિંહનું કથન છે કે, –

''पुराणों की समस्त तालिकाओं में प्रायः नाम-साम्य होते हुए भी क्रमभेद दिखलायी पड़ता है । स्थूलदृष्ट्या पुराणों की नाम तालिका का पाँच क्रम प्राप्त होते है । इन्हें क्रमशः (१) विष्णुपुराणीय, (२) कूर्मपुराणीय, (३) लिङ्गपुराणीय, (४) संयुक्तक्रमीय एवं (५) यथेच्छक्रमीय कहा जा सकता है ।''[૧૨૮]

– અને જે પુરાણોમાં આવી નામાવલી આપવામાં આવી છે, તે બધાં પુરાણોનું પોતાનું અવલોકન દર્શાવીને તેઓ કહે છે કે, –

''महापुराणों के उपर्युक्त क्रमों के अवलोकन से यह सुस्पष्ट होता है कि प्रायः विष्णुपुराणीय क्रम पुराणों में अङ्गीकृत हुआ हे । अपि च, किसी एक पुराण में स्वीकृत उसी पुराण की संख्या से भी इस क्रम की पुष्टि होती है ।''[૧૨૯]

અઢારેય મહાપુરાણોનો વિષ્ણુપુરાણીય ક્રમ આ પ્રમાણે છેઃ

(૧) બ્રહ્મપુરાણ, (૨) પદ્મપુરાણ, (૩) વિષ્ણુપુરાણ, (૪) શિવપુરાણ, (૫) શ્રીમદ્ભાગવતપુરાણ, (૬) નારદીયપુરાણ, (૭) માર્કણ્ડેયપુરાણ, (૮) અગ્નિપુરાણ, (૯) ભવિષ્યપુરાણ, (૧૦) બ્રહ્મવૈવર્તપુરાણ, (૧૧) લિંગપુરાણ, (૧૨) વરાહપુરાણ, (૧૩) સ્કંદપુરાણ, (૧૪) વામનપુરાણ, (૧૫) કૂર્મપુરાણ, (૧૬) મત્સ્યપુરાણ, (૧૭) ગરુડપુરાણ અને (૧૮) બ્રહ્માંડપુરાણ.[૧૩૦]

પુરાણોનો આ ક્રમ શ્રીમદ્ભાગવતપુરાણ (૧૨/૧૩/૩–૮) તથા મત્સ્યપુરાણ (૫૩/૧૨–૫૬) માં પણ જોવા મળે છે.

**❖ ઉપપુરાણો :**

પુરાણો સદીઓ સુધી અવિરતપણે વિકસતું રહેલું સાહિત્ય છે. જે તે સમયનાં પ્રસિદ્ધ લોક–વૃત્તાંતો, કથાઓ વગેરેને આત્મસાત્ કરતું–કરતું આગળ પ્રવહ્યું છે. અનેક નવા નવા વિષયો તેમાં સમાવિષ્ટ થતા રહ્યા હોવાથી, તેનું કદ અતિ વ્યાપક બનવા લાગેલું. આજ સુધીનાં વિશાળ પુરાણ–સાહિત્યનો સ્વરૂપગત વિકાસ પણ થયો છે. પુરાણોની સાથે સાથે ઉપપુરાણોની રચના પણ ઘણા જ પ્રાચીનકાળથી થવા લાગી હતી. જેનું પ્રમાણ પણ અતિશય હતું. આ ઉપપુરાણો પણ પ્રાચીન ભારતીય સમાજ અને વિચારધારાનો અતિ મૂલ્યવાન દસ્તાવેજી પુરાવો છે. સંભવતઃ સૈકાઓથી મહાપુરાણો એવાં અઢાર પુરાણોનું વર્ચસ્વ અને મહત્ત્યવ પ્રસ્થાપિત થયેલાં છે. તેથી મહાપુરાણોથી અલગ પાડવા માટે પુરાણને 'ઉપ' ઉપસર્ગ લગાવવામાં આવ્યો હશે. આથી પુરાણોની અપેક્ષાએ ઉપપુરાણો વિશે ઉપેક્ષાવૃત્તિ પ્રવર્તે છે. ઉપપુરાણો વિશે થયેલું સંશોધનકાર્ય પ્રમાણમાં અલ્પ છે. પ્રોફે. એચ. એચ. વિલ્સને પાંચેક પૃષ્ઠોમાં ઉપપુરાણો વિશે માહિતી આપી છે (Visnupurana, Eng. Trans., Introduction, PP. 86 to 91). જ્યારે મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રીની બંગાળની એશિયાટિક સોસાયટીની સંસ્કૃત હસ્તપ્રતોની વર્ણનાત્મક સુચિમાં માત્ર નામ–નિર્દેશ જ મળે છે (Descriptive Catalogue of the Sanskrit Manuscripts (Vol. v), Bengal Royal Asiatic Society, PP. 110- 215, Manuscripts of the puranas). પ્રોફે. એમ. વિન્ટરનિત્ઝે પોતાના ઇતિહાસગ્રંથમાં સાતેક પાનામાં થોડાંક ઉપપુરાણોનો પરિચય આપેલો છે (History of Indian literature, Part-1). તેવી જ રીતે જે. એન. ફર્કૂહરે ભારતીય ધાર્મિક સાહિત્યની રૂપરેખા આપતાં ગ્રંથમાં અમૂક જ ઉપપુરાણોની માહિતી ટૂંકમાં આપી છે (Outlines of Indian Religious Literature of India). પ્રોફે. મેકડોનલે સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં માત્ર ચાર લીટીમાં જ ઉપપુરાણોનો ઉલ્લેખ કરેલ છે (History of Sanskrit Literature, PP. 302). ધર્મ અને નીતિના વિશ્વકોશમાં ચૌદ લીટીઓ જ ઉપપુરાણ માટે પર્યાપ્ત ગણી છે(Encyclopaedia of Religion and Ethics, Vol. X, PP. 455). ડૉ. આર. સી. હાઝરાએ સૌપ્રથમવાર ઉપપુરાણો વિશે ત્રણ ભાગમાં વિશાળ ગ્રંથ રચીને, તેને પૂરતો ન્યાય આપવાનો પ્રયત્ન કર્યો છે (Studies in the Upapuranas, Vol. I, II & III).

આથી, આધુનિકયુગને અનુરૂપ વૈજ્ઞાનિક અને વિવેચનાત્મક અભિગમ અપનાવીને લાંબા સમયથી ઉપેક્ષિત એવા આ સાહિત્ય પ્રત્યે પૂરતું ધ્યાન અપાવું આવશ્યક જણાય છે.

## ❖ ઉપપુરાણ: અર્થ અને સ્વરૂપ

પૌરાણિક સાહિત્ય એટલું બધું વ્યાપક છે કે, તેની ચોક્કસ સંખ્યા હજુ સુધી નિશ્ચિત થઈ શકી નથી. મહાપુરાણોની સંખ્યા અઢાર નક્કિ હોવા છતાં ભિન્ન ભિન્ન સ્થળોએ દર્શાવામાં આવેલાં મહાપુરાણો ની એક સ્વતંત્ર યાદી બનાવવામાં આવે તો તે સંખ્યા અઢાર કરતાં ઘણી વધી જાય છે. અર્થાત્, કયાં અઢાર પુરાણોને મહાપુરાણો ગણવા, તે બાબતમાં મતભેદ પ્રવર્તે છે. જો કે, ઉપપુરાણો પણ અઢાર જ છે; પરંતુ જેવું મહાપુરાણોની બાબતે છે, તેવું જ ઉપપુરાણોની બાબતમાં પણ છે. કયાં અઢાર પુરાણો ઉપપુરાણો છે, તે ચોક્કસપણે કહી શકાય તેમ નથી. હા, એટલું ચોક્કસ કહી શકાય કે, જે મહાપુરાણો નથી, તે ઉપપુરાણો છે. અર્થાત્, જેને મહાપુરાણોમાં ન સમાવી શકાય, તે ઉપપુરાણો છે અને આ બાબત જ તેના અર્થને સિદ્ધ કરવામાં સહાયક બની રહે છે. અઢાર મહાપુરાણોથી જુદાં પાડવા અને સ્વતંત્ર સાહિત્ય તરીકે પ્રસ્થાપિત કરવા માટે જ 'ઉપપુરાણ' શબ્દ પ્રચાર પામ્યો હોવાનું જણાય છે. આ શબ્દમાં રહેલ 'ઉપ' પદનો અર્થ 'ગૌણ' કે 'અલ્પ' એવો થાય છે. વૈયાકરણીય દષ્ટિએ 'ઉપપુરાણ' શબ્દ સામાસિક શબ્દ છે. જેમાં 'ઉપ+પુરાણ' એમ પ્રાદિ સમાસ રહેલો છે. 'મહાપુરાણ' શબ્દ પ્રમાણમાં પરવર્તી કાળમાં પ્રચલિત બન્યો છે. મત્સ્યપુરાણ,[૧૩૧]શ્રીમદ્ભાગવતપુરાણ[૧૩૨] અને બ્રહ્મવૈવર્તપુરાણ[૧૩૩]માં તે પ્રયોજાયેલો છે. આમ છતાં તે ખૂબ જ પ્રચલિત બની ગયો હોવાથી સર્વત્ર તેનો સ્વીકાર થયેલો છે. અઢાર મહાપુરાણોને ચુસ્તપણે માનનારાઓ તો મત્સ્યપુરાણમાં પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત મુજબ ઉપપુરાણોને મહાપુરાણોની સમકક્ષ સ્થાન આપવા સંમત કે તત્પર ન હતા, પરંતુ પરવર્તી પુરાણ–કૃતિઓ એટલી બધી પ્રખ્યાત અને લોકપ્રિય બની હતી કે, તેની સદંતર ઉપેક્ષા થઈ શકે તેમ ન હતી. તેથી સમન્વયાત્મક દષ્ટિકોણ ધરાવનાર મત્સ્યપુરાણે એક સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે. તેનું માનવું છે કે, 'પ્રસ્થાપિત અઢાર મહાપુરાણોથી ભિન્ન જે કોઈ પુરાણગ્રંથ હોય, તેને મહાપુરાણોમાંથી કોઈક એકમાંથી ઉદ્ભવ પામેલ માનવો જોઈએ –

'अष्टादशभ्यस्तु पृथग्पुराणं यत् प्रदिश्यते ।
विजानीध्वं द्विजश्रेष्ठास्तदेतेभ्यो विनिर्गतम् ।।'[૧૩૪]

આમ, અઢાર મહાપુરાણોની ગૌરવપૂર્ણ સ્થિતિ અને સંખ્યા પણ યથાવત્ જળવાઈ રહી અને તેની સાથોસાથ ઉપપુરાણોને પણ ઉચિત સ્થાન મળ્યું. જો કે, અહીં એ નોંધનીય છે કે, મત્સ્યપુરાણમાં 'ઉપપુરાણ' ને બદલે 'ઉપભેદ' શબ્દનો પ્રયોગ થયેલો છે. પરંતુ આ શબ્દ ઉપપુરાણોના સંદર્ભે એટલે કે મહાપુરાણોના ઉપ–ભેદના રૂપમાં પ્રયોજાયેલો છે, તેથી ઉપપુરાણનો એક અર્થ 'મહાપુરાણોના ઉપ–ભેદ' એવો આપમેળે જ સિદ્ધ થઈ જાય છે.

આના પરથી સ્પષ્ટ થાય છે કે, નવી અને ઓછી પ્રતિષ્ઠિત પુરાણ–રચનાઓને 'ઉપપુરાણ' એવું સામાન્ય શિર્ષક આપવામાં આવ્યું અને પહેલાં અઢાર પ્રચલિત મહાપુરાણોના 'ખિલ' (પરિશિષ્ટ) ગણવામાં આવ્યાં. આ જ કારણથી કેટલાંક પુરાણોમાં આ નૂતન પુરાણ–રચનાઓને 'ઉપપુરાણ' શિર્ષક હેઠળ એકત્રિત કરવામાં આવી. એટલું જ નહીં પણ, તે (ઉપપુરાણો) પોતે જ પોતાને કોઈ એક મહાપુરાણ સાથે–ખિલ સ્વરૂપે–સંકળાયેલ ગણાવે છે. જેમ કે, સૌરપુરાણ પોતાને બ્રહ્મપુરાણનું ખિલ ગણાવે છે. તેના દરેક અધ્યાયની પુષ્પિકામાં તેને બ્રહ્મપુરાણનું ઉપપુરાણ કહેલ છે– 'इदं ब्रह्मपुराणस्य खिलं सौरमनुत्तमम् ।'

સમાન્યરીતે, 'પુરાણના નિયત સર્ગાદિ પંચલક્ષણોનું નિરૂપણ જેમાં ન થયેલું હોય, તે ઉપપુરાણ' એમ કહી શકાય. પરંતુ શિવપુરાણ, દેવીભાગવત–પુરાણવગેરે જેવાં કેટલાંક ઉપપુરાણોમાં સર્ગ, વિસર્ગ વગેરેનું વર્ણન થયેલું છે અને એ કારણે જ શિવપુરાણાદિ પોતાને મહાપુરાણમાં ઘટાવે છે. તેથી પુરાણોનાં એ પંચલક્ષણોના આધારે ઉપપુરાણોનું સ્વરૂપ સ્પષ્ટ થઈ શકતું નથી. તેના સ્વરૂપને સ્પષ્ટ કરવા, એક અન્ય બાબતને આધારરૂપ ગણીએ– ઉપપુરાણમાં કોઈ ગૌણ દેવતાને મહત્ત્વ પ્રદાન કરવામાં આવ્યું હોય છે. જેમ કે, ગણપતિ–ગણેશપુરાણ, સૂર્ય–સૌરપુરાણ વગેરે– તો પણ ઉપપુરાણનું સ્પષ્ટ સ્વરૂપ દર્શાવી શકાતું નથી. કેમ કે, શિવપુરાણ, દેવીભાગવતપુરાણ જેવાં પુરાણોમાં શિવ અને શિવાનો મહિમા ગાવામાં આવ્યો છે. આ બન્ને પુરાણો ઉપપુરાણો છે. પરંતુ તેમાં નિરૂપિત શિવ અને શકિતત હિંદુધર્મના અતિ મહત્ત્યવના દેવતાઓ છે.

પુરાણોની રચનાનો સમય અતિ વ્યાપક છે તથા પુરાણો આમજન–સમુદાયનું સાહિત્ય છે. સમગ્ર પૌરાણિક સાહિત્યના ઘડતરમાં આ

બન્ને બાબતોએ ઘણો જ મહત્ત્યવનો ભાગ ભજવ્યો છે. જે તે સમયના સમાજમાં પ્રવર્તતી માન્યતાઓ, ધાર્મિક રીતિ–રિવાજો તથા નીતિ–નિયમો, રાજકીય અને ભૌગોલિક સ્થિતિ, અનુશ્રુતિઓ, જનશ્રુતિઓ વગેરે બાબતોએ પુરાણના કલેવરને પોષ્યું છે. અતિ પ્રાચીનયુગમાં પુરાણને ઈતિહાસથી ભિન્ન અને વિશિષ્ટ માનવામાં આવતું હતું. પરંતુ જેમ જેમ પુરાણોના સ્વરૂપમાં અભિવૃદ્ધિ થતી ગઈ તેમ તેમ આ ભિન્નતા અને વિશિષ્ટતા ઘટતી ગઈ. પરિણામે (૧) ઈતિહાસ અને પુરાણ, (૨) ઈતિહાસ–પુરાણ તથા (૩) પુરાણ એવા ક્રમથી પણ પુરાણના સ્વરૂપને વિકસેલું કહી શકાય. પુરાણમાં ધીમે ધીમે થયેલો ઈતિહાસનો અંતર્ભાવ અને પરિણામે ઉદ્ભવેલા પુરાણના સ્વરૂપને ઉપપુરાણની એકદમ નિકટનું સ્વરૂપ ગણાવી શકાય.

સૌરપુરાણ સ્પષ્ટતયા જણાવે છે કે,–

'सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंशानुचरितं चैव पुराणं पञ्चलक्षणम् ।।
ब्राह्मादिनां पुराणानामुक्तमेत्तु लक्षणम् ।
एतच्चोपपुराणानां खिलत्वाल्लक्षणं स्मृतम् ।।[૧૩૫]

'પુરાણમાં સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વંતર અને વંશાનુચરિત એમ પાંચ લક્ષણો હોય છે. તેથી મહાપુરાણોના 'ખિલ' સમાન ઉપપુરાણોમાં પણ આ જ (પાંચ) લક્ષણો હોય છે, એમ સ્વીકારવામાં આવ્યું છે.'

જયારે બ્રહ્મવૈવર્તપુરાણ (૪/૧૩૧/૯–૧૦) પ્રમાણે ઉપપુરાણમાં સર્ગાદિ પાંચ લક્ષણો હોય છે અને મહાપુરાણમાં સૃષ્ટિ, વિસૃષ્ટિ, સ્થિતિ, પાલન, કર્મવાસના, મનુવાર્તા, પ્રલયવર્ણન, મોક્ષનિરૂપણ, હરિકિર્તન અને દેવકિર્તન હોય છે. ઉપપુરાણોના મૂળભૂત સ્વરૂપમાં સંભવતઃ ઉપરોક્ત પાંચ વિષયોનું નિરૂપણ નહીં હોય. કારણ કે, હાલ પ્રાપ્ત થતાં ઉપપુરાણોનાં પરિક્ષણથી જણાય છે કે, તેમાંનાં મોટા ભાગનાં પાંચ લક્ષણો ધરાવતાં નથી. એ ખરું કે, પુરાણોમાં ઉપર જણાવેલાં પાંચ લક્ષણોનું નિરૂપણ થવું જોઈએ, એવી પ્રબળ પ્રાચીન પરંપરા હતી. તેમ છતાં, ઉપપુરાણમાં રાજાઓ અને ઋષિઓની વંશાવળીના નિરૂપણ પર ગંભીરપણે ભાર મૂકવામાં આવ્યો હોય તેમ જણાતું નથી. તેનું સંભવિત કારણ એમ જણાય છે કે, ઉપપુરાણો સ્થાનિક ધાર્મિક માન્યતાઓ અને જરૂરિયાતોને અનુલક્ષીને તથા તેની અપેક્ષાઓને સંતોષવા રચાયાં હતાં, તેથી તે મહાપુરાણોથી જુદાં પડે છે. ઉપરાંત, અહીં એ પણ નોધનીય છે કે, તેની રચના થઈ, તે સમયમાં

વંશાવળીઓ ઉપેક્ષિત થવા લાગી હતી. જે ઉપપુરાણોમાં સૂર્યવંશ અને ચંદ્રવંશના રાજાઓની વંશાવળીઓ આપવામાં આવી છે, તેનો મુખ્ય આશય પોતાની પ્રાચીનતાની છાપ ઊભી કરવાનો હતો. વળી, કલિયુગના રાજાઓની વંશપરંપરા વિશે કશું કહેવામાં આવ્યું નથી. એટલું જ નહીં, પણ ઉપપુરાણોમાં નિરૂપિત વંશાવળીઓને યથાર્થરૂપે રજૂ કરવાની દરકાર પણ રાખવામાં આવી હોય તેમ જણાતું નથી. તેમજ એ વંશાવળીઓમાં અમુક મહત્ત્યવના રાજાઓનાં નામો સાથે નવી દંતકથાઓ કલ્પીને અસંગતપણે જોડી દેવામાં આવેલી છે. સંભવતઃ આ કારણે જ ઉપપુરાણ વિષયક સાહિત્ય પ્રત્યે ઉપેક્ષા દાખવવામાં આવી હશે. પરંતુ આ સઘળી મર્યાદાઓ હોવા છતાં ધર્મ અને સંસ્કૃતિના ઇતિહાસની દૃષ્ટિએ ઉપપુરાણોનું અત્યંત મૂલ્ય છે. તેના દ્વારા ભારતીય સમાજ અને જીવનનાં વિવિધ પાસાંઓ, પુરાકથાઓ, મૂર્તિપૂજા, દેવતાવાદ, ભકિત, દર્શન, શ્રદ્ધા–અંધશ્રદ્ધા, ઉત્સવો, નૈતિક માન્યતાઓ વગેરે વિશે ઊંડી સૂઝ સાંપડે છે. પ્રાચીન ભારતમાં વિકસિત વિજ્ઞાન અને સાહિત્યની વિવિધ શાખાઓ અંગે અગત્યની માહિતી પૂરી પાડતાં હોવાથી, સંસ્કૃત સાહિત્યના કાયમ માટે લુપ્ત બનેલા કેટલાક આકર ગ્રંથોની પુનઃરચના કરવામાં ઉપપુરાણો અત્યંત સહાય કરે છે.

આમ, ઉપપુરાણોનું સ્વરૂપ અને મહત્ત્યવ પણ મહાપુરાણો જેટલું અને જેવું જ છે. ઉપરાંત, મહાપુરાણો ખૂબ જ ગૌરવપૂર્ણ અને પ્રમાણભૂત સ્થાન પામ્યાં હોવાથી વિવિધ સાંપ્રદાયિકોએ તેમાંના આખેઆખા ભાગના સ્થાને પોતાની કાલ્પનિક અને નવી માહિતીઓ તેમાં ઉમેરી દીધી છે. આથી, અત્યારે પ્રાપ્ત થતાં મહાપુરાણોનું સ્વરૂપ અનેક પરિવર્તનો અને પ્રક્ષેપોવાળું હોવાથી, તે ઓછાં વિશ્વસનીય બન્યાં છે. આનાથી ઊલટું ઉપપુરાણો ગૌણ–ઓછાં મહત્ત્વનાં ગણાતાં હોવાથી તેમાં બહુ થોડાં ઉમેરણો થયાં છે. તેમાંથી કેટલાંકનું મૂળભૂત સ્વરૂપ તથા વિશિષ્ટ સાંપ્રદાયિક માળખું યથાવત્ જળવાઈ રહ્યું છે. તેથી જ કેટલાંક ઉપપુરાણો તો હાલનાં ઘણાં મહાપુરાણો કરતાં વધારે પ્રાચીન પુરવાર થાય છે.

### ❖ ઉપપુરાણઃ ઉદ્ભવ અને વિકાસ

પારાશરોપપુરાણ (૧/૨૭–૨૮) નોંધે છે કે, વ્યાસ પાસેથી અઢાર પુરાણોનું શ્રવણ કર્યા પછી ઋષિઓએ ઉપપુરાણોને પ્રકટ કર્યાં. કૂર્મપુરાણમાં પણ કહ્યું છે કે,–

'अन्यान्युपपुराणानि मुनिभिः कथितानि तु ।
अष्टादश पुराणानि श्रुत्वा संक्षेपतो द्विजाः ।।'[१३६]

સ્કંદપુરાણ પણ આવા જ અર્થને પ્રસ્તુત કરે છેઃ

'अष्टादशपुराणानि श्रुत्वा सत्यवतीसुतात् ।
अन्यान्युपपुराणानि मुनिभिः कीर्तितानि तु ।।'[१३७]

નિબંધકારો પણ આ પરંપરાને યોગ્ય માને છે. તેથી, ઉપપુરાણોનો સમય મુખ્ય પુરાણોના રચનાકાળ પછીનો ગણવામાં આવે છે. વળી, ઉપપુરાણોને મુખ્ય પુરાણો કરતાં ઉતરતી કોટિનાં સ્વીકારેલાં છે. મત્સ્યપુરાણ મુજબ તો ઉપપુરાણો મહાપુરાણના માત્ર ઉપભેદો જ છે. ઉપરાંત, મુખ્ય અઢાર પુરાણોથી ભિન્ન કોઈ પણ પુરાણ કૃતિ, કોઈ એક મુખ્ય પુરાણમાંથી ઉદ્‌ભવ પામી હોવી જોઈએ. ઉપપુરાણોના ઉદ્‌ભવને લગતો આ સિદ્ધાંત ખૂબ પ્રચલિત થયો છે. કારણ કે કેટલાંક પુરાણો અને નિબંધકારો (रघुनंदनकृत स्मृतितत्त्वम्, पृ ७६२, नित्याचारप्रदीपः, पृ १६, चतुर्वर्गचिन्तामणिः, पृ ५३२ તથા वीरमित्रोदयः, परिभाषाप्रकाशः, पृ १३) આ સિદ્ધાંતને અનુસરે છે. આની પાછળનો તેઓનો ઉદ્દેશ ઉપપુરાણના ઉદ્‌ભવ અને વિષય કે સ્વરૂપને, આ સિદ્ધાંતને અનુરૂપ સમજાવવાનો જણાય છે. અથવા તો જે–તે લેખકને પરિચિત સૂચિમાં અનિર્દિષ્ટ પુરાણકૃતિને ઉપપુરાણવર્ગમાં સમાવિષ્ટ કરવાનું અભિપ્રેત લાગે છે. આ રીતે ઉપપુરાણોને મુખ્યપુરાણો જેટલી જ પ્રમાણભૂતતા પ્રાપ્ત થાય, તેવો આશય પણ જણાય છે. મિત્રમિશ્ર તથા મધુસૂદન સમસ્વતી એવો નિર્દેશ કરે છે કે, ઉપપુરાણો મુખ્યપુરાણોમાંથી ઉદ્‌ભવ પામ્યાં હોવાથી તેનો અલગ ઉલ્લેખ થયો નથી, અને તેને મુખ્ય પુરાણોમાં જ સમાવી લીધાં છેઃ

''एतान्युपपुराणानि पुराणेभ्य एव निर्गतानीति याज्ञवल्क्येन पुराणत्वेन संगृहितानि ।'' वीरमित्रोदयः, परिभाषाप्रकाशः, पृ १५ તથા ''अत्रोपपुराणानामपि पुराणेऽन्तरर्भावः ।'' प्रस्थानभेदः, पृ १.

અગાઉ નોંધ્યા મુજબ, સૌરપુરાણ (૯/૪/૫) અનુસાર ઉપપુરાણો મુખ્યપુરાણનાં ખિલ (પુરવણી) છે, તેમાં આ સિદ્ધાંતનું સમર્થન મળે છે. આ બધા પરથી સ્પષ્ટપણે પ્રતિપાદિત કરી શકાય કે, ઉપપુરાણોનો ઉદ્‌ભવ મુખ્ય પુરાણોમાંથી થયો છે, એ સિદ્ધાંત લાંબા સમયથી પ્રચલિત થઈ ચુકયો છે.

જો કે, ઉપપુરાણો આ સિદ્ધાંતને માન્ય ગણતા નથી. ઊલટું, મોટાભાગનાં (નરસિંહપુરાણ, દેવીપુરાણ, કાલિકાપુરાણ વગેરે) ઉપપુરાણો પોતાને

ઉપપુરાણને બદલે માત્ર 'પુરાણ' તરીકે જ ઓળખાવે છે. એટલું જ નહીં, પોતાનું પ્રામાણ્ય સિદ્ધ કરવાં, તે પોતાને કોઈ પણ પુરાણ સાથે સંબંધ હોવાનું પણ દર્શાવતાં નથી. વળી, ઉપપુરાણોમાંથી કેટલાંક એવાં પણ છે કે, જે પોતાનાં સ્થાન અને મહત્ત્યવને પ્રતિપાદિત કરવા મુખ્યપુરાણોની સ્પર્ધા કરે છે (શિવપુરાણ, વાયવીયસંહિતા, ૧/૧/૪૧, દેવીભાગવતપુરાણ, ૧/૩/૧૬ વગેરે). ઉપરાંત, કેટલાંક ઉપપુરાણો તો પોતાને મહાપુરાણો કરતાં પણ ચડિયાતાં ગણાવે છે (પરાશરોપપુરાણ, ૧/૨૮). એ ખાસ નોંધપાત્ર છે કે, હાલ ઉપલબ્ધ થતાં પ્રાચીનતર ઉપપુરાણો ઉપપુરાણોની નામાવલી આપતાં નથી. તેમજ, તેને માટે પ્રયોજાતા 'ઉપપુરાણ' એવા નામથી પણ માહિતગાર નથી. તદુપરાંત, આગળ દર્શાવેલ 'ઉપપુરાણો મુખ્ય પુરાણોમાંથી ઉદ્‌ભવ્યાં છે' – એ સિદ્ધાંતથી પણ તે (દેવીપુરાણ, સામ્બપુરાણ, નરસિંહપુરાણ વગેરે) પરિચિત નથી. આમ, ઉપપુરાણોની ઉત્પત્તિ અંગે પ્રચલિત સિદ્ધાંત અને ઉપપુરાણોનાં પોતાનાં મન્તવ્યો વચ્ચે ભારે વિસંવાદ જોવા મળતો હોવાથી, આ સિદ્ધાંતની ખરાઈ અંગે શંકા ઊભી થાય છે. વસ્તુતઃ ઉપપુરાણોના ઉદ્‌ભવ અંગે સ્પષ્ટ નિર્ણય દર્શાવતાં પહેલાં મહાપુરાણો અને ઉપપુરાણોની તુલનાત્મક, તલસ્પર્શી અને સર્વાંગીણ સમીક્ષા અને અધિક અન્વેષણની આવશ્યકતા જણાય છે.

'ઉપપુરાણ' શબ્દ 'અમરકોશ' માં જોવા મળતો નથી. તેમ જ, વિષ્ણુપુરાણ જેવાં ઘણાં પ્રાચીન પુરાણોમાં એક પણ ઉપપુરાણનો નામોલ્લેખ નથી. આ અંગે આચાર્ય બલદેવ ઉપાધ્યાયનું કથન છે કે,–

"उपपुराण का उल्लेख तथा विशिष्ट नामों का अनुल्लेख यही सिद्ध करता है कि इन पुराणों में पृथक् तथा भिन्न 'उपपुराण' का सामान्य उदय तो हो गया था, परन्तु सम्भवतः विशिष्ट उपपुराणों की रचना नहीं हुई थी।"[૧૩૮]

આ પરથી એવું અનુમાન થઈ શકે કે, ઉપપુરાણો અસ્તિત્વમાં આવ્યાં, તે પહેલા અઢાર મહાપુરાણોનું સ્વરૂપ સ્પષ્ટ બની ચૂકયું હતું. વળી, કૂર્મપુરાણાદિમાં નોંધાયેલી પરંપરાનુસાર વ્યાસે અઢાર મહાપુરાણોની રચના પૂર્ણ કરી, ત્યારપછી જુદા જુદા ઋષિઓએ ઉપપુરાણોનું સર્જન કર્યું હતું. મુખ્ય પુરાણો અસ્તિત્વમાં આવ્યાં પછી ધાર્મિક સંપ્રદાયોમાંથી જે ઘણા પેટા સંપ્રદાયો વર્ચસ્વ પામતા ગયા, તે બધામાં સ્થાનિક દેવતાને મુખ્ય સંપ્રદાયના કોઈક દેવતા સાથે અભિન્ન ગણવાનું વલણ મુખ્યત્વે કારણભૂત જણાય છે. ઉપરાંત, સૌર,

શાક્ત વગેરે અન્ય સંપ્રદાયો અગાઉથી પ્રસ્થાપિત થયેલા સંપ્રદાયો સાથે સ્પર્ધા કરવા લાગ્યા અને એ રીતે પોતાનું વર્ચસ્વ જમાવવા લાગ્યા હતા. એ બધામાં શાક્તસંપ્રદાય સૌથી વધારે પ્રતિષ્ઠા પામ્યો. સૌરસંપ્રદાયે પણ પ્રમાણમાં સારું એવું કાઠું કાઢેલું. સૌરસંપ્રદાયના વર્ચસ્વ અંગે નીચેનાં પુસ્તકો દર્શનીય છેઃ

(1) 'Outlines of Religious Literature of India, J.N.Farquhar, PP. 151-153.

(2) 'Vaisnvism, Saivism and Minor Riligious Systems', R. G. Bhandarkar, PP. 153-155.

(3) 'Development of Hindu Iconography', J. N. Banerjee, PP. 137-140, 198-199, 430-445.

આ પેટા સંપ્રદાયો અને સ્વતંત્ર સંપ્રદાયોના પોત–પોતાના સ્માર્ત અનુયાયીઓ હતા. એ લોકોએ અગાઉથી પ્રચલિત થયેલાં પુરાણોમાં અમુક અધ્યાયો પ્રક્ષેપરૂપે ઉમેર્યા. ઉપરાંત, અમુક કિસ્સાઓમાં પોતાની વિશિષ્ટ વિચારધારાના પ્રચાર માટે એમણે તદ્દન નવા અને સ્વતંત્ર પુરાણગ્રંથોની રચના કરીને તેને પણ 'પુરાણ' નામ આપ્યું. એ રીતે સમય જતાં પુરાણોની સંખ્યામાં ઉમેરો થતો ગયો. આ પરંપરા ક્રમશઃ આગળ ચાલી. જો કે, પ્રસિદ્ધ અઢાર મહાપુરાણોના પુરસ્કર્તાઓ દૃઢપણે માનતા હતા કે, અઢાર મહાપુરાણો સિવાય બીજી કોઈ વધારાની પુરાણ–કૃતિ હોઈ શકે નહીં. તેથી એવાં નવાં પુરાણોને, પ્રચલિત અઢાર મહાપુરાણોને સમકક્ષ સ્થાન આપવા તેઓ તૈયાર ન હતા. જયારે બીજી બાજુ એ નવી પુરાણ–રચનાઓ એટલી બધી પ્રખ્યાત અને પ્રચલિત બની ગઈ હતી કે, તેની સાવ ઉપેક્ષા કરવાનું શકય ન હતું. પરિણામે, મત્સ્યપુરાણમાં એવા ભાવાર્થના શ્લોકો ઉમેરવામાં આવ્યા કે, અઢાર મહાપુરાણોથી ભિન્ન જે કોઈ પુરાણગ્રંથ હોય, તે તેમાંના કોઈ એમાંથી ઉદ્ભવ પામેલો માનવો જોઈએ. આમ થતાં અઢાર મહાપુરાણોનું ગૌરવ અને સંખ્યા બરાબર જળવાઈ શકયાં અને સાથે સાથે ઉપપુરાણોને પણ ઉચિત સ્થાન મળી ગયું.

### ❖ ઉપપુરાણઃ સમય અને સંખ્યા

ઉપપુરાણોરૂપી વિપુલ સાહિત્યનો પ્રારંભ પ્રમાણમાં પ્રાચીનકાળમાં થયો હશે, તેમાં કોઈ શંકા નથી. પરંતુ સાથે સાથે એ પણ સ્વીકારવું જોઈએ કે, તેમાંનાં અમુક ઘણાં અર્વાચીન સમયમાં રચાયાં હશે. કૂર્મપુરાણના જે શ્લોકોમાં

અઢાર ઉપપુરાણોનો નિર્દેશ છે, તેને રઘુનંદન(स्मृतितत्त्वम्, पृ ७६२-७६३), મિત્રમિશ્ર(वीरमित्रोदयः, परिभाषाप्रकाशः, पृ १३-१४) અને હેમાદ્રી (चतुर्वर्गचिन्तामणि, पृ ५३२-५३३)એ ઉદ્ધૃત કરેલ છે. નરસિંહ વાપેયીએ નોંધ્યું છે કે, 'ઉપપુરાણ—સૂચિમાં સમાવિષ્ટ થયેલાં શીર્ષકો કૂર્મપુરાણમાંથી લેવામાં આવ્યાં છે.' (नित्याचारप्रदीपः, प्रकरण-१, पृ १६) આને મળતી યાદી કૂર્મપુરાણ, સ્કંદપુરાણ, પરાશરોપપુરાણ અને ગરુડપુરાણમાં પણ ઉપલબ્ધ થાય છે. (કૂર્મપુરાણ, ૧,૧,૧૬—૨૦, સ્કંદપુરાણ, ૭/૧/૨/૧૧—૧૫, પરાશરોપપુરાણ, ૧/૨૮/૩૧ તથા ગરુડપુરાણ, ૧/૨૨૩/૧૭—૨૦). આમાંનાં ગરુડપુરાણનો સમય ઈ. સ. ૮૫૦થી ૧૦૦૦ સુધીનો ગણી શકાય (Studies in the Puranic Records on Hindu Rites and costoms, Dr. R. C. Hazra, PP. 141-145). વળી, બલ્લાલસેન કૂર્મપુરાણ અને આદિપુરાણમાં આવતી ઉપપુરાણોની યાદીઓનો ઉલ્લેખ કરે છે (उक्ताभ्युपपुराणानि व्यक्तदानविधानि च । दानसागर, पृ ३). આ બધાં પ્રમાણોને આધારે એવો નિષ્કર્ષ તારવી શકાય છે કે, કૂર્મપુરાણમાં મળી આવતાં અઢાર ઉપપુરાણના સમૂહનો સમય ઈ. સ. ૮૫૦ પહેલાનો છે. ઉપપુરાણોની રચનાની પૂર્વસીમા મત્સ્યપુરાણ, અ. ૫૩ના આધારે નિર્ધારિત કરી શકાય. તેમાં નારસિંહ, નંદી, સામ્બ અને આદિત્ય એમ ફકત ચાર જ ઉપપુરાણોનો નામોલ્લેખ થયો છે. સંભવતઃ અન્ય કેટલાક ઉપપુરાણોની પણ મત્સ્યપુરાણને જાણ હશે, પરંતુ તે કુલ અઢાર ઉપપુરાણો હોવા અંગે કશો ઉલ્લેખ કરતું નથી. મત્સ્યપુરાણના આ ભાગનો સંભવિત સમય ઈ. સ. ૫૫૦ થી ૬૫૦ જણાય છે. જયારે ઉપપુરાણોનાં નામોનો નિર્દેશ કરતાં શ્લોકો પ્રક્ષિપ્ત હોવાનું વિદ્વાનો માને છે (નરસિંહ વાજપેયી, नित्याचारप्रदीपः, प्रथमं प्रकरणम्, पृ १८, લક્ષ્મીધર कृत्यकल्पतरुः, ब्रह्मचारीकाण्ड, पृ ३०). પરંતુ ભાષા વગેરેની વિશેષતાના આધારે તેને બહુ પાછળના સમયમાં મૂકી શકાતાં નથી. તેથી ઉપપુરાણોના આધારના સમૂહની રચના આશરે ઈ. સ. ૬૫૦ થી ૮૦૦ માં થઈ હોવાનું સ્વીકારી શકાય છે.

જો કે, ઉપપુરાણોનો અઢારનો સમૂહ અસ્તિત્વમાં આવ્યો, તે સમયને તેમાંના પ્રત્યેકનો રચનાકાળ ગણી શકાય નહીં. કારણ કે, આ અઢારેય કોઈ એક સંપ્રદાય સાથે સંબંધ ધરાવતાં નથી. તેથી, તે બધાનો સમય એક જ હોઈ શકે નહીં. તેમ છતાં, મત્સ્યપુરાણનો ચાર ઉપપુરાણનો નિર્દેશ પુરવાર કરે છે કે, બધાં પુરાણો અસ્તિત્વમાં આવ્યાં, તેનાથી ખૂબ પહેલાંના સમયમાં તેની રચના થયેલી

હોવી જોઈએ. આથી એમ સ્વીકારી શકાય કે, ઉપપુરાણોની રચનાનો પ્રારંભ ગુપ્તકાળમાં એટલે કે, ઈ. સ. ની ત્રીજી કે ચોથી સદીમાં થયો હશે. જો કે, પરંપરાનુસાર તો ઉપપુરાણની રચનાનો સમય આનાથી પણ પ્રાચીન માનવામાં આવે છે.

પરંપરાગત રીતે મહાપુરાણોની સંખ્યા અઢાર નિશ્ચિત થયેલી છે. આ બાબતને ચુસ્તપણે વળગી રહીને, ઉપપુરાણની સંખ્યા પણ અઢારની જ મયાદિત કરવાનો સભાન અને સબળ પ્રયાસ થયેલો છે. આ પ્રમાણે સંખ્યાને સીમિત કરનારા વિદ્વાનો સારી રીતે જાણતા હોય છે કે, ખરેખર ઉપપુરાણોની સંખ્યા વધારે છે. ઉપપુરાણોની યાદી કૂર્મપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, નિત્યાચારપ્રદીપ વગેરેમાં ઉપલબ્ધ થાય છે (કૂર્મપુરાણ, ૧/૧/૧૬–૨૦, બ્રહ્મવૈવર્તપુરાણ, કૃષ્ણજન્મખંડ, ૧૩૩/૨૨–૨૬, नित्याचारप्रदीपः, प्रथमं प्रकरणम्). મત્સ્યપુરાણમાં નારસિંહ, નંદી, સામ્બ અને આદિત્ય એમ ફકત ચાર જ પુરાણોનો નામોલ્લેખ છે. તેથી સંભવતઃ અઢાર ઉપપુરાણોથી મત્સ્યપુરાણકાર અજ્ઞાત હશે. જયારે બૃહદ્ધર્મોત્તરપુરાણ સ્પષ્ટતઃ જણાવે છે કે, ઉપપુરાણો અઢાર છે. ઉપરાંત અઢારે પુરાણોનાં નામો દર્શાવીને ઉમેરે છે કે, અન્ય મારીચ અને કપિલસંહિતા જેવાં ઉપપુરાણો પણ, તે અઢાર જેટલાં જ પ્રમાણભૂત છે (બૃહદ્ધર્મોત્તરપુરાણ, ૧/૨૫–૨૭). મહાપુરાણોનાં નામો અંગે લગભગ સર્વસંમતિ પ્રવર્તે છે, પરંતુ ઉપપુરાણોનાં નામો વિશે આવું ઐકમત્ય જોવા મળતું નથી. કૂર્મપુરાણ અઢાર ઉપપુરાણોને આ પ્રમાણે ગણાવે છેઃ (૧) સનત્કુમારોકત, (૨) નારસિંહ, (૩) કૃમારભાષિત (સ્કાંદ), (૪) નંદીભાષિત શિવધર્મ, (૫) દુર્વાસાપ્રોકત આશ્ચર્ય, (૬) નારદીય, (૭) કાપિલ, (૮) વામન, (૯) ઉશનસ્પ્રોકત, (૧૦) બ્રહ્માંડ, (૧૧) વરુણ, (૧૨) કાલિકા, (૧૩) માહેશ્વર, (૧૪) સામ્બ, (૧૫) સૌર, (૧૬) પરાશરોકત, (૧૭) મારીચ અને (૧૮) ભાર્ગવ (કૂર્મપુરાણ ૧/૧/૧૭–૨૦). નિત્યાચારપ્રદીપમાં નરસિંહ વાજપેયી ૧૮ ઉપપુરાણોનાં નામો આપે છે, પરંતુ એ યાદી તેણે કૂર્મપુરાણાનુસાર જ આપી હોવાથી તેમાં નામોનો તફાવત નથી. જયારે કૂર્મપુરાણના આધારે જ રઘુનંદને ઉદ્ધૃત કરેલી યાદીમાં ત્રીજા ક્રમે વાયવ્ય, સાતમા અને આઠમા ક્રમો પર નંદીકેશ્વરકૃત બે પુરાણો તથા પંદરમા ક્રમ પર બધા પુરુષાર્થોને સફળ બનાવનાર દેવપુરાણ અને અઢારમું ભાસ્કરપુરાણ પ્રાપ્ત થાય છે. જેમાં ઘણી ભિન્નતા જોવા મળે છે. (मलमासतावम्, पृ ७१२-७१३). હેમાદ્રિએ

આપેલા કૂર્મપુરાણના અવતરણમાં અઢાર ઉપપુરાણોનાં નામોમાં નોંધપાત્ર તફાવત છે. તેમાં ત્રીજા ક્રમ પર નંદીને બદલે નારદ એવું પાઠાંતર છે, તો છઠ્ઠા ક્રમે નારદોકત, આઠમા ક્રમે માનવ તથા સોળમા ક્રમ પર પરાશરોકત પ્રવર એટલે કે, ઉત્તમપુરાણ તેમજ સત્તરમા તથા અઢારમા ક્રમે ભાગવતદ્વય દર્શાવેલ છે. જો કે, એ બંને ભાગવતપુરાણોનાં નામો અંગે કોઈ સ્પષ્ટતા નથી (चतुर्वर्गचिन्तामणि, પૃ ૫૩૨-૫૩૩). સ્કંદપુરાણમાં આપવામાં આવેલી અઢાર ઉપપુરાણોની નામાવલીમાં પણ ઘણો જ તફાવત છે. ઉપરાંત, પ્રથમ છ ઉપપુરાણોને કયાં મહાપુરાણો સાથે સંબંધ છે, તે ઉપપુરાણોનાં નામો સાથે દર્શાવેલ છે. જેમ કે, –

(૧) સૌરોપપુરાણ– બ્રહ્મપુરાણ સાથે સંબંધ ધરાવે છે. તેમાં બે સંહિતાઓ છે, જે સનત્કુમાર અને સૂર્ય, એમ બન્નેએ વારાફરતી કહેલ છે. (૨) નારસિંહ– પદ્મપુરાણ સાથે જોડાયેલ છે.

(૩) શૌકેય– વૈષ્ણવપુરાણ સાથે સંલગ્ન છે.

(૪) બાર્હસ્પત્ય– વાયવ્યપુરાણ સાથે સંબદ્ધ છે.

(૫) દૌર્વાસસ્– શ્રીમદ્‌ભાગવતપુરાણ સાથે સંકળાયેલ છે.

(૬) નારદીય– ભવિષ્યપુરાણમાં સમાયેલું છે.

(૭) થી (૧૫) કૂર્મપુરાણમાં દર્શાવ્યા પ્રમાણે છે. પરંતુ (૧૬) પારાશર, (૧૭) ભાગવત અને (૧૮) કૌર્મપુરાણ કહેલ છે (સ્કંદપુરાણ, રેવાખંડ, ૧/૪૫–૫૨). આ ઉપરાંત, ગરુડપુરાણ (૧/૨૨૩/૧૭–૨૦), પદ્મપુરાણ (પાતાલખંડ, ૧૧૫/૯૪–૯૭), દેવીભાગવતપુરાણ (૧/૩/૧૩/–૧૬), બૃહદ્ધર્મોત્તરપુરાણ (૧/૨૫/૨૩/–૨૬), એકામ્રપુરાણ (૧/૨૦–૨૩) તથા વારુણોપપુરાણ (પ્રથમાધ્યાય) વગેરેમાં આપવામાં આવેલાં અઢાર ઉપપુરાણોનાં નામોમાં ઘણી જ ભિન્નતા જોવા મળે છે. વળી, એકના એક પુરાણનો જુદી જુદી યાદીઓમાં જુદાં જુદાં શીર્ષકોથી ઉલ્લેખ થયેલો છે. આથી, એટલું નક્કિ છે કે, ઉપપુરાણોની કુલ સંખ્યા અઢારથી ઘણી વધારે હતી. ઉપરાંત, આ યાદીઓમાં નિર્દિષ્ટ ઉપપુરાણો સિવાય બીજાં પણ કેટલાંક ઉપપુરાણો પ્રકાશિત થયેલાં છે તો અન્ય કેટલાંક હસ્તપ્રતરૂપે છે. (Asiatic Society of Bengal Catalogue- V) જયારે કેટલાંકનાં નામો ફકત સંદર્ભો અને અવતરણો મારફત જાણી શકાય છે. પરંતુ આ ઉપરાંત, બીજાં પણ કેટલાંક ઉપપુરાણો અવશ્ય હોવા જોઈએ, જેનાં અસ્તિત્વ અંગે અણસાર પણ ન મળે, તે રીતે લુપ્ત થઈ ગયાં હશે. હાલ ઉપલબ્ધ થતાં ઉપપુરાણો સંખ્યા અને તેમાં

સમાવિષ્ટ સામગ્રીની બાબતમાં ખૂબ સમૃદ્ધ છે ("The Uppurfnic works are still rich in number and content." -Dr. R. C. Hazra, Studies in the Uppuranas, Voll. 1, PP. 14). સંસ્કૃત સાહિત્યના વિશાળ ગ્રંથ–સમૂહના વ્યાપક સર્વેક્ષણના આધારે એકસોથી પણ વધારે ઉપપુરાણોનાં નામો એકત્રિત કરી શકાય છે.

**❖ ઔપપુરાણ :**

મહાપુરાણોના ખિલભાગ અર્થાત્ પૂરકના રૂપમાં ઉપપુરાણોની નિષ્પત્તિ માનવામાં આવી છે. સૌરપુરાણ ઉપપુરાણોને પુરાણોનો ખિલભાગ કહે છે. તે સ્વયંને પણ બ્રહ્મપુરાણનો ખિલભાગ માને છેઃ

'खिलान्युपपुराणानि यानि चोक्तानि सूरिभिः ।
इदं ब्रह्मपुराणस्य खिलं सौरमनुत्तमम् ।।'[૧૩૯]

મત્સ્યપુરાણ ફકત ચાર જ ઉપપુરાણોનો ઉલ્લેખ કરે છે, જે આપણે આગળ જોયું. પ્રચલિત પરંપરાનુસાર ઉપપુરાણોની સંખ્યા અઢાર માનવામાં આવે છે. 'Studies in the Uppuranas' નામના ગ્રંથમાં ડૉ. આર. સી. હાઝરાએ શતાધિક ઉપપુરાણોનો ઉલ્લેખ કરેલો છે. પરંતુ, સ્વયં પુરાણોમાં પ્રાપ્ત થતી માહિતીના આધારે ઉપપુરાણોની આધિકારિક સંખ્યા અઢાર જ માનવામાં આવે છે. વસ્તુતઃ ચતુર્વેદના પૂરક સ્વરૂપ જેમ ચાર ઉપવેદોની કલ્પના–ગણના કરવામાં આવી છે તેમ અઢાર પુરાણોના પૂરકરૂપમાં અઢાર ઉપપુરાણોની કલ્પના કે ગણના પણ ન્યાયસંગત ગણી શકાય છે અને એ રીતે જ, અઢાર ઉપપુરાણોના પણ ખિલભાગરૂપ અઢાર ઔપપુરાણો માનવામાં આવે છે. શ્રી માધવાચાર્ય શાસ્ત્રી અઢાર ઔપપુરાણોનાં નામો 'बृहद्विवेकाध्याय' માંથી નીચે મુજબ ઉદ્ધૃત કરે છેઃ

'आद्यं सनत्कुमारञ्च नारदीयं बृहच्च यत् ।
आदित्यं मानवं प्रोक्तं नंदिकेश्वरमेव च ।।
कौर्मं भागवतं ज्ञेयं वाशिष्ठं भार्गवं तथा ।
मुद्गलं कल्किदेव्यौ च महाभागवतं तथा ।।
बृहद्धर्मं परानन्दं वह्निं पशुपतिं तथा ।
हरिवंशं ततो ज्ञेयमिदमौपपुराणकम् ।।'[૧૪૦]

(૧) સનત્કુમાર, (૨) બૃહદ્ નારદીય, (૩) આદિત્ય, (૪) માનવ,

(૫) નંદી, (૬) કૌર્મ, (૭) ભાગવત, (૮) વાશિષ્ઠ, (૯) ભાર્ગવ, (૧૦) મુદ્‌ગલ, (૧૧) કલ્કિ, (૧૨) દેવી, (૧૩) મહાભાગવત, (૧૪) બૃહદ્ધર્મ, (૧૫) પરાનંદ, (૧૬) વહ્નિ, (૧૭) પશુપતિ તથા (૧૮)હરિવંશ.

કેટલાંક ઔપપુરાણોનાં નામો ઉપપુરાણ કે મહાપુરાણનાં જેવાં જ છે. આ અંગે સ્પષ્ટતા કરતાં શ્રી આનંદસ્વરૂપ ગુપ્ત નોંધે છે કે, –

"कतिपय औपपुराणों का नाम उपपुराणों के सद्दश देखकर उन्हें उपपुराण ही मानने की प्रवृत्ति सम्भावित है । किन्तु, यह उचित नहीं प्रतीत होता । क्योंकि अपने तुल्य नाम वाले उपपुराणों का खिलभाग होने से उन औपपुराणों का तत्सद्दश नामकरण होना सर्वथा सम्भव है ।"[૧૪૧]

શ્રી જ્ઞાનાનંદ સરસ્વતીએ 'धर्मकल्पद्रुम' માં પુરાણોના પાંચ પ્રકારો દર્શાવ્યા છેઃ (૧) મહાપુરાણો, (૨) ઉપપુરાણો, (૩) ઔપપુરાણો, (૪) ઉપોપપુરાણો અને (૫) ઉપૌપપુરાણો. પરંતુ, પુરાણોના આવા પાંચ ભેદો બહુ સ્વીકાર્ય બન્યા નથી. તેમજ, ઔપપુરાણોમાં ઉપપુરાણોનાં નામોનો સમાવેશ થયેલો જોવા મળે છે. સંભવતઃ ઉપરોક્ત પાંચ ભેદો, ઉપપુરાણોના જ બાકીના ભેદો પાડવામાં આવ્યા જણાય છે. વળી, મહાપુરાણોના જેમ શૈવ, વૈષ્ણવ, સૌર અને શાક્તત જેવા ભેદો પાડવામાં આવે છે, તેમ ઉપપુરાણોના પણ વિભાગો જોવા મળે છે. જેમ કે, (૧) શૈવ– માહેશ્વર, પશુપતિ, સ્કંદ અને શૈવપુરાણ, (૨) વૈષ્ણવ– વિષ્ણુધર્મોત્તર, વિષ્ણુધર્મ, નરસિંહ, બૃહન્નારદીય, નારદીય, આદિ, કલ્કિ, પરાશર, પરાનંદ, સનત્કુમાર, વશિષ્ઠ, મરીચ, વરુણ, દુર્વાસસ્‌, ઔશનસ્‌ અને હરિવંશ, (૩) સૌર– સૌરધર્મોત્તર અને સૌરપુરાણ, (૪) શાક્તત– કાલિકા, દેવી, મહાભાગવત, નંદી, બૃહન્નંદીકેશ્વર અને શારદાપુરાણ તથા (૫) ગણપતિ– ગણેશપુરાણ અને મુદ્‌ગલપુરાણ.

ઉપરાંત, સમગ્રપણે જોતાં એ પણ કહી શકાય છે કે, ઉપપુરાણો અને ઔપપુરાણોમાં મહાપુરાણોની કથા કયારેક સંક્ષિપ્ત તો કયારેક પરિવર્તિત થયેલી હોય છે.કયારેક એમાં ચમત્કારપૂર્ણ કથાઓનો સમાવેશ કરવામાં આવે છે, તો કયારેક મૂળમાં આવતી કથાનો ત્યાગ થયેલો હોય છે. આમ, આ બધી વિશેષતાઓ પરથી જણાય છે કે, મહાપુરાણોની જેમ ઉપપુરાણો તથા ઔપપુરાણોમાં પરંપરાગત બાબતોનો સમાવેશ થતો હતો.

વિષ્ણુપુરાણ (૩/૬/૨૫) અનેસૌરપુરાણ (૯/૪–૫) અનુસાર પુરાણની

પંચલક્ષણાત્મિકા પરિભાષા મહાપુરાણ અને ઉપપુરાણ બન્નેને લાગુ પાડી શકાય છે. જો કે, શ્રીમદ્‌ભાગવતપુરાણ (૧૨/૭/૧૦) અને બ્રહ્મવૈવર્તપુરાણ (૪/૧૩૩/૬) અનુસાર પંચલક્ષણી પરિભાષા ઉપપુરાણોને અને દશલક્ષણોવાળી પરિભાષા મહાપુરાણોને લાગુ પાડી શકાય છે. પરંતુ, આ લક્ષણ–ભેદ આભાસ જ છે. વસ્તુતઃ પોતાના વિશેષ પ્રયોજનને કારણે શ્રીમદ્‌ભાગવતપુરાણે પુરાણોની દસલક્ષણોવાળી પરિભાષા આપી છે. પ્રથમ લક્ષણોની જેમ દ્વિતીય લક્ષણો પણ બન્નેમાં વ્યાપ્ત છે. આથી વ્યાવહારિક દષ્ટિએ મહાપુરાણો અને ઉપપુરાણોમાં એ જ ભેદ માની શકાય કે, સ્વયં મહાપુરાણોમાં જેને જેને મહાપુરાણોની નામાવલીઓમાં પરિગણિત કરવામાં આવ્યાં છે, તે મહાપુરાણો અને અન્ય ઉપપુરાણો છે. પુરાણ, ઉપપુરાણ અને ઔપપુરાણ– ત્રણેયની સૂચિઓમાં અનેક સમાન નામોનો ઉલ્લેખ થયેલો છે. આથી એવો ભ્રમ થઈ કશે છે કે, એક જ ગ્રથ ત્રણેય સૂચિઓમાં સમાવિષ્ટ થયેલો છે. પરંતુ, તે યોગ્ય નથી. વસ્તુતઃ મહાપુરાણોની નામાવલીમાં આવેલાં જે તે નામના પુરાણોનો ખિલ ભાગ ઉપપુરાણમાં અને તે ઉપપુરાણોનો પણ ખિલ ભાગ ઔપપુરાણોમાં સમાવિષ્ટ માનવો જોઈએ. છેલ્લે, શાસ્ત્રી રેવાશંકર મેઘજીના શબ્દો નોંધીને સમાપન કરીએ;

"જેટલાં ઉપપુરાણો અને ઔપપુરાણો છે, તે બધાની રચના અઢાર પુરાણોમાંથી જ થઈ છે. પ્રાચીન સુવિજ્ઞ પંડિતોએ પુરાણોની છાયા લઈને તેનું નિર્માણ કર્યું છે. વિસ્તાર ન થઈ જાય એ ભયથી મોટી મોટી કથાઓને કયાંક કયાંક ટૂંકી કરીને લખી છે અને કયાંક કયાંક કથાઓને છોડી પણ દીધી છે, કયાંક કયાંક વિલક્ષણ કથાઓનો સમાવેશ થાય છે તો કયાંક કથાન્તર છે. આટઆટલું થવા છતાં તેનું મૂળ પુરાણો જ છે. (નાંદીપુરાણ, નિવેદન, પૃ. ૧૩).

## (ઇ) અઢારપુરાણોનો પરિચય

પુરાણોની જે ગણના—સૂચિ જુદાં જુદાં પુરાણોમાં આપવામાં આવી છે, તેમાં આરંભ બ્રહ્મ(પુરાણ)થી અને અંત બ્રહ્માંડ(પુરાણ)થી થાય છે તથા મધ્યમાં બ્રહ્મવૈવર્તપુરાણ બ્રહ્માની સૃષ્ટિને વર્ણવે છે. આનાથી એવું સમજાય છે કે, પુરાણો સૃષ્ટિનું પ્રતિપાદન કરતાં કરતાં બ્રહ્માથી આરંભીને બ્રહ્માંડ સુધી આપણા જ્ઞાનને પહોંચાડી દે છે. તેમજ આદિ, મધ્ય અને અંતમાં બ્રહ્મનું કિર્તન કરીને બ્રહ્મથી આપણા જ્ઞાનને વિચલિત થવા નથી દેતાં. આથી કહેવાયું છે કે, 'आदावन्ते च मध्ये च हरिः सर्वत्र गीयते ।' કળિયુગના મનુષ્યોના અલ્પાયુ અને અલ્પજ્ઞ હોવાને કારણે વ્યાસે દેવલોકમાં સ્થિત સો કરોડ શ્લોકવાળા પુરાણનો સારાંશ લઈને ચાર લાખ શ્લોકોમાં ૧૮ પુરાણોનું નિર્માણ કર્યું છે.[૧૪૨] આથી કેટલાક વિદ્વાનોનો મત છે કે, અઢાર પુરાણો સ્વતંત્ર ગ્રંથો નથી, પરંતુ જેમ એક ગ્રંથમાં અનેક અધ્યાયો હોય છે તેમ, પુરાણો પણ કોઈ એક ગ્રંથનાં અઢાર પ્રકરણો છે. આ કારણે જ તેમનો ક્રમ નિયત છે. કોઈ બે કે વધુ સ્વતંત્ર ગ્રંથોમાં એક સરખો ક્રમ જોવા મળતો નથી, વકતતાની ઈચ્છાનુસાર તેના અધ્યાયોમાં અદલા બદલી થઈ શકે છે; પરંતુ પુરાણોમાં એવું નથી. એમનો એક નિશ્ચિત ક્રમ છે અને એ ક્રમ પુરાણોમાં સર્વત્ર જોઈ શકાય છે. પુરાણોમાં મુખ્ય અઢાર પુરાણો વિશે મતભેદ જોવા મળે છે. શ્રીમદ્—ભાગવતપુરાણના બારમા સ્કંધના સાતમા અધ્યાયમાં વ્યાસે અઢાર પુરાણોનો પરિચય આ પ્રમાણે આપ્યો છેઃ

'ब्राह्मं पाद्मं वैष्णवं च शैवं लैंगं सगारुडम् ।
नारदीयं भागवतमाग्नेयं स्कान्दसंज्ञितम् ।।
भविष्यं ब्रह्मवैवर्तं मार्कण्डेयं सवामनम् ।
वाराहमात्स्यं कौर्मं च ब्रह्माण्डाख्यमिति त्रिषट् ।।'[૧૪૩]

અર્થાત્, (૧) બ્રહ્મપુરાણ, (૨) પદ્મપુરાણ, (૩) વિષ્ણુપુરાણ, (૪) શિવપુરાણ, (૫) લિંગપુરાણ, (૬) ગરુડપુરાણ, (૭) નારદીયપુરાણ, (૮) ભાગવતપુરાણ, (૯) અગ્નિપુરાણ, (૧૦) સ્કંદપુરાણ, (૧૧) ભવિષ્યપુરાણ, (૧૨) બ્રહ્મવૈવર્તપુરાણ, (૧૩) માર્કણ્ડેયપુરાણ, (૧૪) વામનપુરાણ, (૧૫) વરાહપુરાણ, (૧૬) મત્સ્યપુરાણ, (૧૭) કૂર્મપુરાણ અને (૧૮) બ્રહ્માંડપુરાણ.

નારદપુરાણના ૯૨મા અધ્યાયમાં ૧૮ પુરાણોનાં નામોનો નિર્દેશ આ

પ્રમાણે આપવામાં આવ્યો છેઃ

'ब्राह्मं पाद्मं वैष्णवं च वायवीयं तथैव च ।
भागवतं नारदीयं मार्कण्डेयं च कीर्तितम् ।।
आग्नेयश्च भविष्यश्च ब्रह्मवैवर्तलिंगके ।
वाराहं च तथा स्कान्दं वामनं कूर्मसंज्ञकम् ।।
मात्स्यं च गारुडं तद्वद् ब्रह्माण्डाख्यमितित्रिषट् ।'

અર્થાત્, (૧) બ્રહ્મપુરાણ, (૨) પદ્મપુરાણ, (૩) વિષ્ણુપુરાણ, (૪) વાયુપુરાણ, (૫) ભાગવતપુરાણ, (૬) નારદીયપુરાણ, (૭) માર્કણ્ડેયપુરાણ, (૮) અગ્નિપુરાણ, (૯) ભવિષ્યપુરાણ, (૧૦) બ્રહ્મવૈવર્તપુરાણ, (૧૧) લિંગપુરાણ, (૧૨) વરાહપુરાણ, (૧૩) સ્કંદપુરાણ, (૧૪) વામનપુરાણ, (૧૫) કૂર્મપુરાણ, (૧૬) મત્સ્યપુરાણ, (૧૭) ગરુડપુરાણ તથા (૧૮) બ્રહ્માંડપુરાણ.

પુરાણોની ઉપરોકતત બન્ને નામાવલીઓમાં ચોથા ક્રમે રહેલ વાયુપુરાણ અને શિવપુરાણોના તફાવતને બાદ કરતાં બાકીનાં તમામ નામો સરખાં જ છે, જે અન્ય પુરાણો તથા પરંપરાને પણ માન્ય છે. તેથી, પુરાણોના પરિચય સંબંધી આ પ્રકરણમાં શિવપુરાણ અને વાયુપુરાણ એમ બન્નેને ગણતાં, કુલ ૧૯ પુરાણોનો પરિચય પ્રસ્તુત થયેલ છે. ભાગવતપુરાણ સંબંધી વૈમનસ્યને ધ્યાને ન લેતાં, શ્રીમદ્ભાગવતપુરાણનો જ પરિચય આપવામાં આવ્યો છેઃ

### (૧) બ્રહ્મપુરાણ :

પુરાણોની મોટાભાગની નામાવલીઓમાં આ પુરાણને પ્રથમ ગણાવવામાં આવેલ છે. વિષ્ણુપુરાણકાર નોંધે છે કે, –

'आद्यं सर्वपुराणानां पुराणं ब्राह्ममुच्यते ।
अष्टादश पुराणानि पुराणज्ञाः प्रचक्षते ।।'

જો કે, દેવીભાગવતપુરાણાનુસાર આ પાંચમું પુરાણ છે. આ પુરાણ બે વિભાગોમાં વહેંચાયેલું છેઃ પૂર્વભાગ અને ઉત્તરભાગ. બન્ને ભાગોના મળીને કુલ ૨૪૫ અધ્યાયો છે. બ્રહ્મપુરાણને પહેલા બ્રહ્માનું માહાત્મ્ય દર્શાવનારું ગણાવવામાં આવતું હતું, સ્કંદપુરાણમાં તેનું પ્રમાણ ઉપલબ્ધ છે. પરંતુ હવે બ્રહ્મપુરાણના ૨૪૫મા અધ્યાયાનુસાર, તેને વૈષ્ણવપુરાણ માનવામાં આવે છે. આ પુરાણમાં ભગવાન વિષ્ણુના અવતારોની વિશેષતા અને ઓરિસ્સામાં આવેલ પ્રસિદ્ધ

જગન્નાથજી અને તેના સ્થાનનું માહાત્મ્ય વિશેષરૂપે વર્ણવેલ છે. ઓરિસ્સામાં જ આવેલ કોણાદિત્યતીર્થ (કોણાર્ક) તથા તત્સંબંધી સૂર્યપૂજાનું મહત્ત્યવપૂર્ણ વર્ણન છે. મૃત્યુ પછીની અવસ્થાઓ ઉપરાંત, આ પુરાણમાં સાંખ્યયોગની પણ ઘણા વિસ્તારથી સમીક્ષા કરવામાં આવી છે. કૃષ્ણચરિત્ર તથા પુરુષોત્તમમાહાત્મ્ય પણ વિસ્તારપૂર્વક આપવામાં આવ્યાં છે. નારદપુરાણમાં બ્રહ્મપુરાણનો જે વિષયાનુક્રમ આપવામાં આવેલ છે, તે પ્રમાણે તેમાં દસહજાર શ્લોકો છેઃ

'ब्राह्मं पुराणं तत्रादौ सर्व्वलोकहिताय वै ।
व्यासेन वेदविदुषा समाख्यातं महात्मना ।।
तद्वै सर्वपुराणग्र्यं धर्मकामार्थमोक्षदम् ।
नानाख्यानेतिहासाढ्यं दशसाहस्रमुच्यते ।।'

વિષ્ણુપુરાણ, શિવપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, શ્રીમદ્ભાગવતપુરાણ અને માર્કણ્ડેયપુરાણમાં પણ આ પુરાણના શ્લોકોની સંખ્યા દસહજાર જ દર્શાવવામાં આવી છે. જો કે મત્સ્યપુરાણાનુસાર આ પુરાણની શ્લોક–સંખ્યા ૧૩૦૦૦ છેઃ

'ब्रह्मणाभिहितं पूर्वं यावन्मात्रं मरीचये ।
ब्राह्मं त्रिदशसाहस्रं पुराणं परिकीर्त्यते ।।'

કૂર્મપુરાણ, પદ્મપુરાણ, લિંગપુરાણ તથા વરાહપુરાણમાં પણ બ્રહ્મપુરાણને તેર હજાર શ્લોકોનું દર્શાવેલ છે.

### (૨) પદ્મપુરાણ :

વિષ્ણુપુરાણાનુસાર આ પુરાણનો ક્રમ દ્વિતીય છે. અન્ય પુરાણો પણ આને દ્વિતીય જ માને છે, પરંતુ દેવીભાગવતપુરાણ માર્કણ્ડેયપુરાણને દ્વિતીય માને છે. અત્યારે પ્રાપ્ત પદ્મપુરાણમાં પાંચ ખંડો છે– (૧) સૃષ્ટિખંડ, (૨) ભૂમિખંડ, (૩) સ્વર્ગખંડ, (૪) પાતાલખંડ અને (૫) ઉત્તરખંડ. નારદપુરાણ નોંધે છે કે, –

'श्रुणु पुत्र ! प्रवक्ष्यामि पुराणं पद्मसंज्ञकम् ।
तथेदं पञ्चभिः खण्डैरुदितं पापनाशनम् ।।'

કેટલાંક સ્થાનોએ સૃષ્ટિખંડ, ભૂમિખંડ, સ્વર્ગખંડ, બ્રહ્મખંડ, પાતાલખંડ, ઉત્તરખંડ અને ક્રિયાખંડ એમ સાતખંડોની વિગતો પણ મળે છે. મુંબઈના વેંકટેશ્વરપ્રેસમાંથી પ્રકાશિત પદ્મપુરાણના નાગ પબ્લિશર્સ, દિલ્હી દ્વારા કરવામાં આવેલ પુનર્મુદ્રણમાં ચોથા સ્થાને બ્રહ્મખંડને તથા સાતમા સ્થાને ક્રિયાયોગસારખંડને

ઉમેરીને કુલ સાત ખંડો આપવામાં આવ્યા છે. ખંડોના ક્રમમાં પણ મતભેદ જોવા મળે છે. કયાંક સ્વર્ગખંડને જ આદિખંડ માનેલ છે અને સૃષ્ટિખંડને અંતિમ માનેલ છે, પરંતુ સ્વયં પદ્મપુરાણ જ પોતાના વિભાગોને આ પ્રમાણે દર્શાવે છેઃ

'प्रथमं सृष्टिखण्डं हि भूमिखण्डं द्वितीयकम् ।
तृतीयं स्वर्गखण्डं च पातालं तु चतुर्थकम् ।।
पंचमं चोत्तखण्डं सर्वपापप्रणाशनम् ।'[१४४]

પદ્મપુરાણના પ્રથમ સૃષ્ટિખંડમાં હિરણ્યમય પદ્મની ઉત્પત્તિનો વૃત્તાંત અને સંસારની ઉત્પત્તિનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. દ્વિતીય ભૂમિખંડમાં સપ્તદ્વીપ, સપ્તસાગર, વન, પર્વત અને નદીઓ વગેરેનું વર્ણન થયેલું છે જયારે તૃતીય સ્વર્ગખંડમાં વૈકુંઠલોકનું વર્ણન, પરલોકસાધન, પરલોકવર્ણન, પ્રલયનું લક્ષણ, શિવલિંગના અર્ચનનો વિધિ, વૈષ્વતિલકવિધાન અને તેના વિવિધ નિયમો આપવામાં આવેલ છે. ચતુર્થ પાતાલખંડમાં રામચરિત તથા કૃષ્ણચરિતનું વિસ્તૃત વર્ણન મળી આવે છે જયારે કે અંતિમ ઉત્તરખંડમાં અપવર્ગસાધન, મોક્ષશાસ્ત્રનો પરિચય, અનેક તીર્થો તથા વ્રતોનો મહિમા, ગૃહસ્થાશ્રમધર્મનું વિવેચન, નવધાસૃષ્ટિનું વર્ણન અને સાત્ત્યિવક, રાજસ તથા તામસપુરાણોના પાઠનું માહાત્મ્ય નિરૂપાયેલ છે. મત્સ્યપુરાણ તથા નારદપુરાણમાં આપવામાં આવેલ પદ્મપુરાણનાં લક્ષણ અને વિષયનુક્રમ આજે પ્રાપ્ત થતા પદ્મપુરાણની સાથે ઘણાં જ મળતાં આવે છે. અઢાર પુરાણોમાં પદ્મપુરાણનું સ્થાન ઘણું જ ઊંચું છે. આ પુરાણમાં માત્ર, નારાયણના નાભિકમળમાંથી ઉત્પન્ન બ્રહ્મ દ્વારા કરવામાં આવેલ સૃષ્ટિ–વિસૃષ્ટિનું જ વર્ણન નથી, પરંતુ વેદમાં પ્રતિપાદિત દહરવિદ્યાના હૃદયપદ્મનું વિશદ વર્ણન છે. આથી, આ પુરાણનું વૈષ્ણવોમાં ઘણું જ માન છે.

નાગ પબ્લિશર્સના પુનર્મુદ્રણ અનુસાર, પદ્મપુરાણના પ્રથમ સૃષ્ટિખંડમાં ૮૨ અધ્યાયો છે, દ્વિતીય ભૂમિખંડમાં ૧૨૫, તૃતીય સ્વર્ગખંડમાં ૬૨, ચતુર્થ બ્રહ્મખંડમાં ૨૬, પાંચમા પાતાલખંડમાં ૧૧૭ અને છઠ્ઠા ઉત્તરખંડમાં ૨૫૫ અને સાતમા ક્રિયાયોગસારખંડમાં ૨૬ અધ્યાયો મળે છે.

મત્સ્યપુરાણાનુસાર આ પુરાણની શ્લોક–સંખ્યા ૫૫૦૦૦ છેઃ

'पाद्मं तत्पञ्चपञ्चाशत् सहस्राणीह पठ्यते ।'[१४५]

બ્રહ્મવૈવર્તપુરાણાનુસાર આ પુરાણમાં ૫૯૦૦૦ શ્લોકો છે.

**(૩) વિષ્ણુપુરાણ :**

વિષ્ણુપુરાણમાં પૌરાણિક ભૂગોળનું સાંગોપાંગ વિવેચન તથા ચારેય આશ્રમોનાં કર્તવ્યોનું વિશેષ વર્ણન છે. શ્રીમદ્‌ભાગવતપુરાણની જેમ જ, આમાં પણ કૃષ્ણચરિત્રનું વિસ્તૃત વર્ણન, સોમવંશ, યયાતિચરિત્ર તથા વેદની અનેક શાખાઓનું વિશિષ્ટ વર્ણન છે. આ પુરાણ વૈષ્ણવધર્મનો મૂલાધાર છે. સ્વામી રામાનુજાચાર્યે પોતાના 'શ્રીભાષ્ય'માં વિષ્ણુપુરાણના શ્લોકોને જ પ્રમાણના રૂપમાં ઉદ્ધૃત કરેલા છે. આ પુરાણમાં સુંદર ઢબે જ્ઞાનની સાથે ભકિતનું સામંજસ્ય કરવામાં આવ્યું છે. મુખ્યતયા આ પુરાણમાં ભગવાન વિષ્ણુની ઉપાસનાનું વર્ણન હોવા છતાં, તેમાં સંકિર્ણતા નથી. અનેક પ્રકારની ધર્મકથાઓ, વ્રતો, નિયમો, વેદાંત, જયોતિષ, રાજવંશાખ્યાન વગેરેથી આ પુરાણ પરિપૂર્ણ છે.

દેવીભાગવતપુરાણ સિવાયનાં તમામ પુરાણો આને ત્રીજું પુરાણ માને છે, પરંતુ દેવીભાગવતપુરાણ આને દસમું પુરાણ માને છે. આ પુરાણનું વિભાજન કુલ છ અંશોમાં થયેલું છે. પ્રથમ અંશમાં ૨૨, દ્વિતીય અંશમાં ૧૬, તૃતીય અંશમાં ૧૮, ચતુર્થ અંશમાં ૨૪, પાંચમા અંશમાં ૩૮ તથા છઠ્ઠા અંશમાં ૮ એમ કુલ ૧૨૬ અધ્યાયો છે.

મત્સ્યપુરાણમાં આ પુરાણની શ્લોક–સંખ્યા ૨૩૦૦૦ કહેલ છેઃ

'त्रयोविंशतिसाहस्रं तत्प्रमाणं विदुर्बुधाः ।।' [૧૪૬]

નારદપુરાણના ૯૪મા અધ્યાયમાં વિષ્ણુપુરાણનો પરિચય આ પ્રમાણે આપવામાં આવ્યો છેઃ

'श्रृणु वत्स ! प्रवक्ष्यामि पुराणं वैष्णवं महत् ।
त्रयोविंशतिसाहस्रं सर्वपातकनाशनम् ।।
यत्रादिभागे निर्दिष्टाः षडंशाः शक्तिजेन ह ।
मैत्रेयायादिमे तत्र पुराणस्यावतारिका ।।'

નારદપુરાણના આ વર્ણનમાં વિષ્ણુપુરાણના વિભાજન અને શ્લોકો અંગે સુંદર માહિતી પ્રાપ્ત થાય છે. અત્યારે ઉપલબ્ધ વિષ્ણુપુરાણમાં ૧૬૦૦૦ શ્લોકો પ્રાપ્ત થાય છે. નારદપુરાણમાં અન્યત્ર વિષ્ણુપુરાણના છઠ્ઠા અંશ પછી ઉત્તરખંડ પણ હોવાનું વર્ણવ્યું છે. તેથી વિષ્ણુપુરાણમાં પ્રાપ્ત ન થતાં ૭૦૦૦ શ્લોકો સંભવતઃ વિષ્ણુધર્મોત્તરપુરાણ હોઈ શકે છે.

**(૪) શિવપુરાણ :**

શિવપુરાણ અને વાયુપુરાણ વિશે મતૈકય નથી. કોઈ કહે છે કે, બન્ને ભિન્ન–ભિન્ન પુરાણો છે તો કોઈ કહે છે કે, બન્ને એક જ છે. વિષ્ણુપુરાણ, પદ્મપુરાણ, માર્કણ્ડેયપુરાણ, કૂર્મપુરાણ, વરાહપુરાણ, લિંગપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, ભાગવતપુરાણ તથા સ્કંદપુરાણમાં શિવપુરાણનો ઉલ્લેખ છે.બૃહદ્ધર્મોત્તરપુરાણના પૂર્વખંડના ૨૫મા અધ્યાયમાં આપવામાં આવેલ મહાપુરાણો તથા ઉપપુરાણોની સૂચિમાં શિવપુરાણને મહાપુરાણમાં દર્શાવેલ છે. પરંતુ મત્સ્યપુરાણ, નારદપુરાણ અને દેવીભાગવતમાં શિવના સ્થાને વાયુપુરાણનો ઉલ્લેખ છે તથા મુદ્ગલપુરાણમાં શિવપુરાણ તથા વાયુપુરાણ બન્નેનો ઉલ્લેખ છે. શિવપુરાણ વાયુઋષિએ કહેલ હોવાથી, તેનું બીજું નામ વાયુપુરાણ કે વાયવીયપુરાણ છે. વિશ્વકોશકારના મતે એક જ ગ્રંથના વાયુ અને શિવ એવાં બન્ને નામો છે અને બન્નેમાં એક જ વિષયનું પ્રતિપાદન થયેલું છે, પરંતુ અત્યારે ઉપલબ્ધ થતાં વાયુપુરાણ કરતાં શિવપુરાણના વિષયોમાં ભિન્નતા જોવા મળે છે. એથી એ સ્પષ્ટ છે કે, બન્ને ભિન્ન–ભિન્ન ગ્રંથો છે. ભગવાન શંકરના ચરિત્ર, ઈતિહાસ તથા કથાઓનું વર્ણન શિવપુરાણની વિશેષતા છે.

વેંકટેશ્વર પ્રેસ, મુંબઈથી પ્રકાશિત થયેલ શિવપુરાણમાં સાત સંહિતાઓ છેઃ (૧) વિદ્યેશ્વરસંહિતા, (૨) રુદ્રસંહિતા, (૩) શતરુદ્રસંહિતા, (૪) કોટિરુદ્રસંહિતા, (૫) ઉમાસંહિતા, (૬) કૈલાસસંહિતા અને (૭) વાયવીયસંહિતા. આમાંથી દ્વિતીય રુદ્રસંહિતામાં સૃષ્ટિ, સતી, પાર્વતી, કુમાર અને યુદ્ધ જેવા પાંચ ખંડો છે અને સાતમી વાયવીયસંહિતાનું વિભાજન પૂર્વખંડ અને ઉત્તરખંડમાં થયેલું છે. શિવપુરાણની વાયવીયસંહિતાના પ્રથમ અધ્યાયમાં એક અન્ય દ્વાદશસંહિતાત્મક શિવપુરાણનો ઉલ્લેખ પણ છે. જેનાં નામો આ પ્રમાણે આપવામાં આવ્યાં છેઃ

'विद्येश्वरं तथा रौद्रं वैनायकमनुत्तमम् ।
भौमं मातृपुराणं च रुद्रैकादशकं तथा ।।
कैलाशं शतरुद्रं च कोटिरुद्राख्यमेव च ।
सहस्रकोटिरुद्राख्यं वायवीयं ममः परम् ।।
धर्मसंज्ञं पुराणं चेत्येवं द्वादशसंहिताः ।
तदेवं लक्षमुद्दिष्टं शैवं शाखाविभेदतः ।।'

આ દ્વાદશસંહિતામાં એક લાખ શ્લોકો હોવાનું અહીં દર્શાવ્યું છે,

સંહિતા અનુસાર તેની શ્લોક–સંખ્યા પણ પછીના શ્લોકોમાં આપી છે, જે આ પ્રમાણે છે:

| | | |
|---|---|---|
| (૧) વિદ્યેશ્વરસંહિતા | ૧૦,૦૦૦ | શ્લોકો |
| (૨) રૌદ્રસંહિતા | ૮૦૦૦ | " |
| (૩) વિનાયકસંહિતા | ૮૦૦૦ | " |
| (૪) ઔમસંહિતા | ૮૦૦૦ | " |
| (૫) માતૃસંહિતા | ૮૦૦૦ | " |
| (૬) રુદ્રૈકાદશસંહિતા | ૧૩,૦૦૦ | " |
| (૭) કૈલાસસંહિતા | ૬૦૦૦ | " |
| (૮) શતરુદ્રસંહિતા | ૧૦,૦૦૦ | " |
| (૯) કોટિરુદ્રસંહિતા | ૧૦,૦૦૦ | " |
| (૧૦) સહસ્રકોટિસંહિતા | ૧૦,૦૦૦ | " |
| (૧૧) વાયુપ્રોકતસંહિતા | ૫૦૦૦ | " |
| (૧૨) ધર્મસંહિતા | ૪૦૦૦ | " |
| કુલ | ૧,૦૦,૦૦૦ | શ્લોકો |

આ પુરાણની રચના સ્વયં શિવજીએ કરી છે, પરંતુ શિવપુરાણની વિદ્યેશ્વરસંહિતામાં લખ્યું છે કે, વ્યાસે તેનો સંક્ષેપ ૨૪૦૦૦ શ્લોકોમાં કર્યો છે, જે હાલ ઉપલબ્ધ છે. દ્વાદશસંહિતાઓવાળું શિવપુરાણ અત્યારે પ્રાપ્ત થતું નથી.

**(૪)વાયુપુરાણ :**

સ્કંદપુરાણ, મત્સ્યપુરાણ તથા નારદપુરાણાનુસાર શ્વેતકલ્પમાં વાયુ દ્વારા કહેવામાં આવેલ શિવના માહાત્મ્યથી યુક્ત પુરાણ વાયવીય યા વાયુપુરાણના નામે પ્રસિદ્ધ છે. અન્ય પુરાણોની જેમ વાયુપુરાણમાં પણ સર્ગ, પ્રતિસર્ગ, મન્વન્તર વગેરે વિષયોનું વર્ણન કરવામાં આવેલું છે. આ પુરાણમાં વંશાનુચરિતનું વર્ણન ઘણું જ ઓછી માત્રામાં થયેલું છે. સમસ્ત ભૂમંડળ પર સ્થિત દેશો, ત્યાંના નિવાસીઓના આચાર, વિચાર, સ્વભાવ, સભ્યતા, રુચિ અને ભૌગોલિક સ્થિતિ વગેરેનું વર્ણન પણ છે. ભુવનવિન્યાસ અને શ્રાદ્ધકલ્પ આ પુરાણના મુખ્ય વર્ણ્યવિષયો છે. દાનધર્મ, રાજધર્મ, લોક–વ્યવહાર, વ્રતનિર્ણય, નર્મદામાહાત્મ્ય વગેરેનું પણ વર્ણન થયેલું છે. યજ્ઞોની ઉત્પત્તિ, વિધિ અને તેના દ્વારા પ્રાપ્ત થતી સિદ્ધિઓ તથા સંગીતશાસ્ત્રનું પણ

વિશદ વર્ણન થયેલું છે. સંગીતના સ્વર, ગ્રામ, મૂર્ચ્છના તથા ૩૦૦ જેટલા અલંકારોનું વર્ણન ઉલ્લેખનીય અને ઉપયોગી છે.

વાયુપુરાણ વિશે નારદપુરાણનું કથન છે કે, –

'चतुर्थं वायुना प्रोक्तं वायवीयमिति स्मृतम् ।
शिवभक्तिसमयोगात् शैवं तच्चापराख्यया ।।
चतुर्विंशतिसंख्यातं सहस्राणि तु शौनक ! ।'

મત્સ્યપુરાણમાં પણ નોંધ્યું છે કે, –

'श्वेतकल्पप्रसंगेन धर्म्मान् वायुरिहाऽब्रवीत् ।
तत्र तद्वायवीयं स्याद्रुद्रमाहात्म्यसंयुतम् ।
चतुर्विंशत्सहस्राणि पुराणं तदिहोच्यते ।।'[१४७]

આ પ્રમાણે, નારદપુરાણ તથા મત્સ્યપુરાણના મતાનુસાર આ પુરાણની શ્લોક–સંખ્યા ચોવીસ હજાર છે, પરંતુ એના ૧૧૨ અધ્યાયોમાં કુલ ૧૨૦૦૦ શ્લોકો જ છે. તેથી બાકીના ૧૩૦૦૦ શ્લોકો કોઈ પણ કારણથી લુપ્ત થઈ ગયા હશે.

### (૫) શ્રીમદ્ભાગવતપુરાણ :

પુરાણોમાં આપવામાં આવેલી પુરાણોની ગણનામાં માત્ર 'ભાગવતપુરાણ' નો જ નિર્દેશ છે. તેથી વૈષ્ણવો વિષ્ણુના મહિમાને વર્ણવનાર શ્રીમદ્ભાગવતને અને શાકતતો શકિતતમહિમાસૂચક દેવીભાગવતને ભાગવતપુરાણ માને છે. એ બન્નેમાંથી કયું ભાગવત મહાપુરાણ છે? એ વિશે વિદ્વાનોમાં મતભેદ જોવા મળે છે. કેમ કે, બન્ને ભાગવતોની શ્લોક–સંખ્યા ૧૮૦૦૦ છે અને બન્નેનું વિભાજન ૧૨–૧૨ સ્કંધોમાં થયેલું છે તથા વિભિન્ન પુરાણોમાં બન્નેને મહાપુરાણ માનવાના પ્રમાણો પણ ઉપલબ્ધ થાય છે. નારદપુરાણાનુસાર શ્રીમદ્ભાગવતને અને શિવપુરાણ તથા મત્સ્યપુરાણાનુસાર દેવીભાગવતને મહાપુરાણ માની શકાય છે. આવી પરિસ્થિતિમાં કોને મહાપુરાણ કહેવું અને કોને ઉપપુરાણ, એ એક જટિલ સમસ્યા છે. જો કે, પુરાણોમાંથી પ્રાપ્ત થતાં પ્રમાણો, શ્રીમદ્ભાગવતપુરાણના પક્ષને વધારે સબળ બનાવનારા છે.

મત્સ્યપુરાણમાં 'ભાગવત'ની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે, –

'यत्राधिकृत्य गायत्रीं वर्ण्यते धर्म्मविस्तरम् ।

वृत्रासुरवधोपेतं तद्भागवतमुच्यते ।।
सारस्वतस्य कल्पस्य मध्ये ये स्युर्नरामराः ।
तद्वृत्तान्तोद्भवं लोके तद्भागवतमुच्यते ।।
अष्टादशसहस्राणि पुराणं तत् प्रकीर्तितम् ।'[१४८]

અર્થાત્, 'જે ગ્રંથમાં ગાયત્રીનું અવલંબન કરીને ધર્મને વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવ્યો છે અને જે વૃત્રાસુરના વધના વૃત્તાંતથી યુકતત છે તથા જે સારસ્વત કલ્પના મનુષ્યો તથા દેવોની કથાઓથી ભરપુર છે અને જેમાં ૧૮૦૦૦ શ્લોકો છે, તેને ભાગવત કહે છે.'

મત્સ્યપુરાણમાં આપવામાં આવેલી ભાગવતપુરાણની આ વ્યાખ્યા દેવીભાગવત તથા શ્રીમદ્ભાગવત બન્ને પુરાણોને સમાન રીતે લાગુ પડે છે. જયારે કે પદ્મપુરાણના મતે, જે ગ્રંથમાં અનેક પ્રકારે કૃષ્ણના ચરિત્રનું વર્ણન છે તથા જે કલિયુગમાં કૃષ્ણદ્વૈપાયન દ્વારા ભાષિત છે. જેને શુકદેવજીએ સભામાં રાજા પરીક્ષિતને સંભળાવ્યું હતું, તે પુરાણોમાં શ્રેષ્ઠ એવું ભાગવતપુરાણ છે –

'पुराणेषु च सर्वेषु श्रीमद्भागवतं परम् ।
यत्र प्रतिपदं कृष्णो गीयते बहुदर्शिभिः ।।
श्रीमद्भागवतं शास्त्रं कलौ कृष्णेन भाषितम् ।
परीक्षिते कथां वक्तुं सभायां संस्थिते शुके ।।'

અહી પદ્મપુરાણ સ્પષ્ટપણે શ્રીમદ્ભાગવતપુરાણને જ 'ભાગવતપુરાણ' તરીકે સિદ્ધ કરે છે. નારદપુરાણમાં પણ ભાગવતપુરાણનું લક્ષણ આપતાં નોંધ્યું છે કે, –

'मरीचे ! श्रृणु वक्ष्यामि वेदव्यासेन यत्कृतम् ।
श्रीमद्भागवतं नाम पुराणं ब्रह्मसम्मितम् ।।
तदष्टादश साहस्रं कीर्तितं पापनाशकम् ।
सुरपादपरूपोऽयं स्कन्धैर्द्वादशभिर्युतः ।।
भगवानेव विप्रेन्द्र ! विश्वरूपीक्षमीरितः ।'

આ પ્રમાણે, નારદપુરાણ અને પદ્મપુરાણમાં ભાગવતપુરાણનાં જે લક્ષણો આપવામાં આવ્યાં છે, તે શ્રીમદ્ભાગવતપુરાણને વધારે લાગુ પાડી શકાય છે. સ્કંદપુરાણમાં પણ કહ્યું છે કે, –

'दश सप्त पुराणानि कृत्वा सत्यवतीसुतः ।

नाप्तवान्मनसा तोषं भारतेनापि भामिनि ।।
चकार संहितामेतां श्रीमद्‌भागवतीं पराम् ।'

અહીં પ્રસ્તુત સ્કંદપુરાણકારના મતના આધારે કહી શકાય છે કે, જો દેવીભાગવતની ગણના પુરાણ તરીકે થતી હોત તો સ્કંદપુરાણકાર 'સત્તર પુરાણની રચના કરીને' ને બદલે 'અઢારપુરાણની રચના કરીને' એમ નોંધત. તેથી મહાપુરાણ તરીકે દેવીભાગવતને ન માનતાં, શ્રીમદ્‌ભાગવતપુરાણને જ માનવું વધારે યોગ્ય જણાય છે.

શ્રીમદ્‌ભાગવતપુરાણ એક એવો મહાગંથ છે કે , જેનું કાવ્યસૌંદર્ય, તાત્ત્વિક રહસ્ય તથા વિષયબાહુલ્ય વિદ્વતાની કસોટીરૂપ છે. તેમાં ભૂગોળ, ઇતિહાસ, ખગોળ, નીતિ, દર્શન, જ્ઞાન–વિજ્ઞાન, કલા તથા અન્ય અનેક વિષયોનું રસપ્રદ અને મનોરંજક વર્ણન છે. તેનો દશમો સ્કંધ શ્રીકૃષ્ણચરિત્રની પરિસીમા છે. તેમાં પ્રસ્તુત વેદાંતદર્શનના સિદ્ધાંતો તથા નારદપંચરાત્ર અને ગીતાના અપૂર્વ દાર્શનિક તત્ત્યવોના વિસ્તૃત વર્ણનને લીધે, તે વૈષ્ણવદર્શન–ધર્મનો એક વંદનીય ગ્રંથ બની જાય છે.

**(૬) નારદપુરાણ :**

નારદપુરાણને વૈષ્ણવપુરાણ કહેવામાં આવે છે. તેમાં વૈષ્ણવોંના અનુષ્ઠાનાદિ તથા તે સંપ્રદાયની દીક્ષાનું વિધાન વિસ્તારથી વર્ણવવામાં આવ્યું છે. નારદપુરાણના પૂર્વ અને ઉત્તર એમ બે ખંડો છે. તેના પૂર્વખંડમાં સંપ્રદાયવાદને સ્થાન નથી, પરંતુ ઉત્તરખંડમાં વૈષ્ણવસંપ્રદાયનું વિશિષ્ટ અને વિશેષ સ્થાન છે. પૂર્વખંડમાં ચાર વર્ણો અને આશ્રમોનાં આચાર–વિચાર, શ્રાદ્ધકર્મ, પ્રાયશ્ચિત વગેરેનું વિશેષ વર્ણન છે જયારે વ્યાકરણ, નિરુકત, છંદઃશાસ્ત્ર વગેરેનો વિચાર એક એક અધ્યાયમાં કરવામાં આવ્યો છે. તેમાં રામ, કૃષ્ણ, વિષ્ણુ, શિવ, હનુમાન, કાલી વગેરેના મંત્રોનું વિધિવત્ વર્ણન કરવામાં આવ્યું છે અને તે બધામાં વિષ્ણુભકતતની શ્રેષ્ઠતા દર્શાવવામાં આવી છે. આ પુરાણની સૌથી મોટી વિશેષતા એ છે કે, તેમાં અઢારેય પુરાણોની વિષયાનુક્રમણિકા વિસ્તૃતપણે આપવામાં આવી છે. નારદપુરાણનો આ અંશ એકદમ ઉપયોગી અને મહત્ત્યવપૂર્ણ છે. તેમાં આપવામાં આવેલી બધા પુરાણોની શ્લોકબદ્ધ અને સંક્ષિપ્ત વિષયસૂચિથી એ સ્પષ્ટ થઈ શકે છે કે, કયા પુરાણમાં કયો અંશ પાછળથી ઉમેરવામાં આવ્યો છે કે છોડી દેવામાં આવ્યો છે.

શિવપુરાણની ઉત્તરસંહિતામાં નારદપુરાણને જ નારદીયપુરાણ પણ કહેવામાં આવતું હોવાનું નોંધ્યું છે –

'नारदोक्तं पुराणन्तु नारदीयं प्रचक्षते ।'

નારદપુરાણના પૂર્વખંડમાં ચાર પાદ અને ૧૨૫ અધ્યાયો તથા ઉત્તરખંડમાં ૮૨ અધ્યાયો છે. બન્ને ખંડોના મળીને કુલ ૨૦૭ અધ્યાયો છે. નારદપુરાણના જ ૯૭મા અધ્યાયમાં સ્વયંનુ લક્ષણ આપતાં નોંધ્યું છે કે, –

'श्रृणु विप्र ! प्रवक्ष्यामि पुराणं नारदीयकम् ।
पंचविंशतिसाहस्रं बृहत्कल्पकथाश्रयम् ।।'

મત્સ્યપુરાણના ૫૩મા અધ્યાયમાં દર્શાવ્યા પ્રમાણે, જે ગ્રંથમાં નારદે બૃહત્કલ્પના પ્રસંગમાં અનેક ધર્મકથાઓ કહી છે, તે જ ૨૫૦૦૦ શ્લોકોવાળું નારદપુરાણ છે. જેમ કે, –

'यत्राह नारदो धर्म्मान् बृहत्कल्पाश्रयान् बहून् ।
पञ्चविंशत्सहस्राणि नारदीयं तदुच्यते ।।'[૧૪૯]

નારદપુરાણમાં દર્શાવવામાં આવ્યા પ્રમાણેનો જ વિષયાનુક્રમ નારદપુરાણનો છે, પરંતુ અત્યારે પ્રાપ્ત થતાં નારદપુરાણમાં શ્લોકોની સંખ્યા ૨૨૦૦૦ જ છે. તેથી બાકીના ૩૦૦૦ શ્લોકો લુપ્ત થઈ ગયા હોવાનું કહી શકાય.

## (૭) માર્કણ્ડેયપુરાણ :

માર્કણ્ડેયપુરાણ પ્રાચીન પુરાણો માંહેનું એક છે. લોકપ્રસિદ્ધ 'દુર્ગાસપ્તશતી' આ પુરાણનો જ એક મહત્ત્વવપૂર્ણ અંશ છે. શંકરાચાર્ય, બાણભટ્ટ, મયૂરકવિ વગેરેએ પોતપોતાના ગ્રંથમાં માર્કણ્ડેયપુરાણના શ્લોકોને પ્રમાણના રૂપમાં ગ્રહણ કર્યા છે. આ પુરાણમાં કોઈ વિશેષ સાંપ્રદાયિક ભાવ નથી. આ કારણે બૌદ્ધવિદ્વાનો પણ માર્કણ્ડેયપુરાણનો આદર કરે છે. નેપાળના રાજકીય પુસ્તકાલયમાં ઈ. સ. ૮૦૯માં એક બૌદ્ધાચાર્ય દ્વારા લખવામાં આવેલી દુર્ગાસપ્તશતીની હસ્તપ્રત આજે પણ મોજુદ છે. માર્કણ્ડેયપુરાણમાં સતી મદાલસાનું આખ્યાન ઘણા જ વિસ્તારથી આપવામાં આવ્યું છે. મૃત્યુ પછીની કથા, શ્રાદ્ધકર્મનું વર્ણન, દત્તાત્રેયાખ્યાન, યોગમાં આવતી અડચણો અને તેનાથી બચવાના ઉપાયો, પ્રણવનો મહિમા, ભુવનકોશ–વર્ણન, વંશ અને વંશાનુચરિત વગેરે વિષયો પણ સુંદર ઢબે નિરૂપાયા છે. આ પુરાણમાં નારપુરાણોકતત સૂચિ પ્રમાણેનું જ કથાનક પ્રાપ્ત થાય છે. આમાં અનેક એવી

કથાઓ છે કે જે અન્ય કોઈ પુરાણોમાં મળતી નથી. નારદપુરાણના ૯૮મા અધ્યાયમાં આ પુરાણનો પરિચય આ પ્રમાણે આપવામાં આવ્યો છે –

'अथतः संप्रवक्ष्यामि मार्कण्डेयाभिधं मुने ! ।
पुराणं सुमहत् पुण्यं पठतां श्रृण्वतां सदा ।।
यत्राधिकृत्य शकुनीन् सर्वधर्मनिरूपणम् ।
मार्कण्डेयेन मुनिना जैमिनेः प्राक् समीरितम् ।।'

મત્સ્યપુરાણના ૫૩મા અધ્યાયમાં માર્કણ્ડેયપુરાણ વિશે આ પ્રમાણે લખ્યું છે :

'यत्राधिकृत्य शकुनीन् धर्म्मान् धर्मविचारणा ।
व्याख्याता वै मुनिप्रश्ने मुनिभिर्धर्मचारिभिः ।।
मार्कण्डेयेन कथितं तत्सर्वं विस्तरेण तु ।
पुराणं नवसाहस्रं मार्कण्डेयमिहोच्यते ।।'[१५०]

તેમજ, શિવપુરાણની ઉત્તરસંહિતામાં લખ્યું છે કે, જે પુરાણમાં મહામુનિ માર્કણ્ડેયજી વકતતા થયા હતા, તે જ સાતમું માર્કણ્ડેયપુરાણ છેઃ

'यत्र वक्ताऽभवत् खण्डे मार्कण्डेयो महामुनिः ।
मर्किण्डेयपुराणं हि तदाख्यातं च सप्तमम् ।।'

નારદપુરાણ, મત્સ્યપુરાણ તથા શિવપુરાણમાં માર્કણ્ડેયપુરાણનાં જે વિષયો આપવામાં આવેલ છે, તે ઉપલબ્ધ માર્કણ્ડેયપુરાણમાં જોવા મળે છે. લગભગ તમામ અર્વાચીન વિદ્વાનો માર્કણ્ડેયપુરાણની યથાર્થતા, મૌલિકતા અને પ્રાચીનતાનો સ્વીકાર કરે છે. મત્સ્યપુરાણ, નારદપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ તથા શ્રીમદ્–ભાગવતપુરાણમાં દર્શાવ્યા પ્રમાણે, માર્કણ્ડેયપુરાણમાં ૧૩૭ અધ્યાયો અને ૯૦૦૦ શ્લોકો હોવા જોઈએ; પરંતુ અત્યારે પ્રાપ્ત થતાં આ પુરાણમાં ૧૨૯ અધ્યાયો અને માત્ર ૬૯૦૦ શ્લોકો જ છે. તેથી, લગભગ ૨૧૦૦ જેટલા શ્લોકો ઓછા છે. નારદપુરાણમાં આપવામાં આવેલી આ પુરાણની વિષયાનુક્રમણિકા પરથી જાણવા મળે છે કે, મહારાજા નરિષ્યન્તના ચરિત્ર પછી પણ ઈક્ષ્વાકુચરિત્ર, તુલસીચરિત્ર, શ્રીકૃષ્ણનું બાલચરિત્ર, રામચન્દ્રકથા, સોમવંશ, પુરુરવા, નહુષ, યયાતિચરિત્ર, સાંખ્ય, પ્રપંચસત્ત્યવ અને માર્કણ્ડેય વગેરેનાં વર્ણનો પણ હતાં; પરંતુ અત્યારે પ્રાપ્ત થતા માર્કણ્ડેયપુરાણમાં નરિષ્યન્તચરિત્ર પછીના વિષયો નથી જોવા મળતા. આથી, સંભવતઃ આ બધી કથાઓને જોડતાં માર્કણ્ડેયપુરાણની કુલ શ્લોક–સંખ્યા ૯૦૦૦ ની થઈ શકે છે.

**(૮) અગ્નિપુરાણ :**

આ પુરાણના વકતા અગ્નિ અને શ્રોતા મહર્ષિ વસિષ્ઠ છે. અગ્નિપુરાણને સમસ્ત ભારતીય વિદ્યાઓનો કોશ કહેવામાં આવે છે. આ પુરાણના અભ્યાસથી માલુમ પડે છે કે, પુરાણોનો ઉદ્દેશ સાધારણ જન–સમાજમાં વિદ્યાઓનો પ્રચાર કરવાનો છે. આ પુરાણના ૩૮૩ અધ્યાયોમાં વિવિધ વિષયોનો સંનિવેશ આશ્ચર્ય જન્માવનારો છે. આ પુરાણમાં વિવિધ અવતારોનાં વર્ણનોની સાથે સાથે રામાયણ, મહાભારત અને હરિવંશની કથાઓનો સાર પણ આપવામાં આવ્યો છે. અનેક પ્રકારનાં મંદિરોનાં નિર્માણની કલાના નિરૂપણની સાથે સાથે મૂર્તિપ્રતિષ્ઠા અને તેનું પૂજાવિધાન પણ વિસ્તૃતપણે દર્શાવવામાં આવ્યું છે. ચારેય વેદ, વેદાંગો અને દાર્શનિક વિષયો ઉપરાંત, પશુચિકિત્સા, ધર્મશાસ્ત્ર, આયુર્વેદ, ધનુર્વિદ્યા, ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજનીતિ, તંત્રવિદ્યા, વિવિધ દીક્ષાઓ વગેરેનું પણ વિશેષ વર્ણન કરવામાં આવ્યું છે. કાવ્યના સુંદર નિરૂપણની સાથે અલંકારશાસ્ત્રનો વિચાર ઘણી જ માર્મિક રીતે રજુ કરવામાં આવ્યો છે. છંદશાસ્ત્રનું નિરૂપણ આઠ અધ્યાયોમાં કરવામાં આવ્યું છે. વ્યાકરણ વિષયક પણ રોચક ચર્ચા કરવામાં આવી છે. કૌમારવ્યાકરણના નામે વ્યાકરણની લઘુ આવૃત્તિ, એકાક્ષરકોશ, નામલિંગાનુશાસન તથા યોગશાસ્ત્રનું વિચન અને અદ્વૈત વેદાંતનો સાર સંકલિત કરવામાં આવ્યો છે. આ પુરાણના અધ્યયનથી જ્ઞાન–વિજ્ઞાનનો ગાઢ પરિચય પ્રાપ્ત થાય છે અને તેથી જ કહેવાયું છે કે, –

'आग्नेये हि पुराणेऽस्मिन् सर्वा विद्याः प्रदर्शिताः ।'

નારદપુરાણની વિષયાનુક્રમણિકા અને ઉપલબ્ધ અગ્નિપુરાણના વિષયોની સૂચિને જોતાં જણાય છે કે, ઈશાનકલ્પ અને અગ્નિ–વસિષ્ઠના સંવાદને બાદ કરતાં લગભગ બધા જ વિષયો એકબીજાને મળતા આવે છે. અત્યારે પ્રાપ્ત થતા અગ્નિપુરાણમાં ઈશાનકલ્પનો વૃત્તાંત મળતો નથી, પરંતુ તેના બીજા અધ્યાયમાં કહેવામાં આવ્યું છે કે, – 'प्राप्ते कल्पे तु वाराहे कूर्मरूपोऽभवद्धरिः ।' – એ પ્રમાણે વારાહકલ્પનો પ્રસંગ છે અને અગ્નિની સાથે વસિષ્ઠની કથાનો કોઈ પ્રસંગ નથી. બ્રહ્માના માનસપુત્ર મરીચિ ઋષિએ દ્વાદશવાર્ષિકસત્રમાં અગ્નિને જે ધર્માનુષ્ઠાનનો ઉપદેશ આપેલો, તેના આધારે જ આ પુરાણનો પ્રારંભ થાય છે. સ્કંદપુરાણના શિવરહસ્યખંડમાં લખ્યું છે કે, અગ્નિના માહાત્મ્યને પ્રદર્શિત કરવાનું જ આ પુરાણનું મુખ્ય લક્ષ્ય છે, પરંતુ એ વિષયક કોઈ કથા આ પુરાણમાં પ્રાપ્ત થતી નથી.

અત્યારે અગ્નિપુરાણ અને વહ્નિપુરાણ નામે બે પુરાણો પ્રાપ્ત થાય છે. અગ્નિપુરાણના ઘણા વિષયો વહ્નિપુરાણમાં પ્રાપ્ત થતા હોવા છતાં, આ બન્ને પુરાણો વચ્ચે ઘણી ભિન્નતા છે.

નારદપુરાણના ૯૯મા અધ્યાયમાં અગ્નિપુરાણનો પરિચય આ પ્રમાણે આપવામાં આવ્યો છેઃ

'अथातः संप्रवक्ष्यामि तवाग्नेयपुराणकम् ।
ईशानकल्पवृत्तान्तं वसिष्ठायाऽनलोऽब्रवीत् ।।
तत्पञ्चदशसाहस्रं नाम्ना चरितमद्भुतम् ।
पठतां श्रृण्वतां चैव सर्वपापहरं नृणाम् ।।'

વાંચવા કે સાંભળવાથી બધા પાપોને હરનાર આ પુરાણને ઈશાનકલ્પમાં અગ્નિએ વસિષ્ઠને કહ્યું હતું અને તેના ૧૫૦૦૦ શ્લોકો હતા; પરંતુ મત્સ્યપુરાણમાં કહ્યું છે કે, –

'यत्तदीशानकं कल्पं वृत्तान्तमधिकृत्य च ।
वसिष्ठायाग्निना प्रोक्तमाग्नेयं तत् प्रचक्षते ।
तच्च षोडशसाहस्रं सर्वक्रतुफलप्रदम् ।।'[१५१]

અગ્નિપુરાણનું પ્રવચન, ઈશાનકલ્પમાં વસિષ્ઠ સમક્ષ અગ્નિએ કરેલું અને બધા જ યજ્ઞોનું ફળ આપનાર આ પુરાણમાં ૧૬૦૦૦ શ્લોકો હતા. અત્યારે પ્રાપ્ત થતાં અગ્નિપુરાણમાં ૧૧૫૦૦ શ્લોકો છે, જેથી કાળનો પ્રભાવ આ પુરાણ પર પણ થયો હોવાનું કહી શકાય.

### (૯) ભવિષ્યપુરાણ :

ભવિષ્યપુરાણમાં સૃષ્ટિની ઉત્પત્તિ અને ભૂગોળનું સુંદર વર્ણન છે. આ પુરાણ સૂર્યને બ્રહ્મ–સ્વરૂપે પ્રસ્તુત કરે છે. સૂર્યને વિવિધ રંગનાં પુષ્પો ચડાવવાથી પ્રાપ્ત થતાં ફળોનું અલગ અલગ વિધાન તેમાં આપવામાં આવ્યું છે. તેમાં ઉપાસનાવિધિ, વ્રતવિધિ, ત્યાજય પદાર્થોનું રહસ્ય, વેદાધ્યયનવિધાન, ગાયત્રીમાહાત્મ્ય, સન્ધ્યાવંદનનો સમય, ચારેય વર્ણોના વિવાહની વ્યવસ્થા, કાળા નાગથી ડસાયેલ પુરુષનું લક્ષણ, વિષ ફેલાવાનું વર્ણન, વિષહરણી, મૃતસંજીવની બૂટીનું વર્ણન અને કલિયુગના રાજાઓની વંશાવળી છે, પરંતુ પાંડવોથી માંડીને ગુપ્તવંશના રાજાઓ સુધીનું વર્ણન નથી. ગૃહસ્થ જીવનનાં સદાચાર અને કર્તવ્યો

તથા સ્ત્રીધર્મોનું વિસ્તૃત વર્ણન મળે છે. આ પુરાણના બ્રાહ્મપર્વમાં પ્રાપ્ત થતી એક ઐતિહાસિક કથા અનુસાર, કૃષ્ણના પૌત્ર સામ્બે પોતાના કુષ્ઠરોગની શાંતિ માટે સૂર્યની સ્થાપના કરી, પરંતુ તેના માટે યોગ્ય પૂજકો મળી શકયા નહીં. આથી, નારદના કહેવા પ્રમાણે, ગરુડ શાકદ્વીપમાંથી ૧૮ પ્રકારના મગબ્રાહ્મણોને તેડી મંગાવ્યા. ભવિષ્યપુરાણમાં આ બ્રાહ્મણોની રહેણી–કરણી, રીત–રિવાજ વગેરેનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. આ વર્ણન શાકદ્વીપી બ્રાહ્મણોની પરંપરાના પરિચય માટે ઘણું જ ઉપયોગી છે. મુગલો તથા અંગ્રેજો અને રાણી વિકટોરીયાની, આ પુરાણમાં પ્રસ્તુત ઘણી કથાઓ આધુનિક પ્રક્ષિપ્ત માલુમ પડે છે. देहली, सन्डे, फर्वरी વગેરે જેવા આધુનિક શબ્દો પણ પ્રાપ્ત થાય છે. નારદપુરાણમાં ભવિષ્ય– પુરાણના જે વિષયો કહ્યા છે, તેની સાથે આ કથાઓનો જરાં પણ મેળ ખાતો નથી. નારદપુરાણના ૧૦૦મા અધ્યાયમાં આ પુરાણનાં લક્ષણો આ પ્રમાણે આપ્યાં છેઃ

'अथातः संप्रवक्ष्यामि पुराणं सर्वसिद्धिदम् ।  
भविष्यं भवतः सर्वलोकाभीष्टप्रदायकम् ।।  
चतुर्दशसहस्रं तु पुराणं परिकीर्तितम् ।  
भविष्यं सर्वदेवानां साम्यं यत्र प्रकीर्तितम् ।।'

મત્સ્યપુરાણમાં લખ્યું છે કે, જે ગ્રંથમાં ચતુર્મુખ બ્રહ્મા (સૂર્ય)નું માહાત્મ્ય વર્ણવીને અઘોરકલ્પના વૃત્તાંતમાં જગતની સ્થિતિ અને ભૂતગ્રામનું લક્ષણ વર્ણવેલ છે, તેમજ જેમાં અધિકાંશ ભવિષ્યચરિત્ વર્ણિત છે, તે ભવિષ્યપુરાણના નામે વિખ્યાત છેઃ

'यत्राधिकृत्य माहात्म्यादित्यस्य चतुर्मुखः ।  
अघोरकल्पवृत्तांतप्रसंगेन जगत्स्थितम् ।।  
मनवे कथयामास भूतग्रामस्य लक्षणम् ।  
चतुर्दशसहस्राणि तथा पञ्चशतानि च ।।  
भविष्यचरितप्रायं भविष्यं तदिहोच्यते ।'[૧૫૨]

ભવિષ્યપુરાણનું વિભાજન પાંચ પર્વોમાં થયેલું છેઃ

'प्रथमं कथ्यते ब्राह्मं द्वितीयं वैष्णवं स्मृतम् ।  
तृतीयं शैवमाख्यातं चतुर्थं त्वाष्ट्रमुच्यते ।।  
पञ्चमं प्रतिसर्गाख्यं सर्वलोकैः सुपूजितम् ।  
एतानि तात! पर्वाणि लक्षणानि निबोध मे ।।'

(૧) બ્રાહ્મપર્વ, (૨) વૈષ્ણવપર્વ, (૩) શૈવપર્વ, (૪) સૌરપર્વ અને (૫) પ્રતિસર્ગપર્વ. આમાં કુલ ૬૦૫ અધ્યાયો છે. નારદપુરાણમાં કહ્યા પ્રમાણે, આમાં ૧૪૦૦૦ શ્લોકો છે, પરંતુ મત્સ્યપુરાણ અને બ્રહ્મવૈવર્તપુરાણાનુસાર ૧૪૫૦૦ શ્લોકો છે.

## (૧૦) બ્રહ્મવૈવર્તપુરાણ :

નારદપુરાણ પ્રમાણે, બ્રહ્મવૈવર્તના ઉપક્રમમાં કૃષ્ણે બ્રહ્મતત્ત્યવનું પ્રકાશન કર્યું હતું, તેથી આનું નામ બ્રહ્મવૈવર્ત પડયું, પરંતુ પ્રચલિત બ્રહ્મવૈવર્તમાં એવું કશું જોવા મળતું નથી. એમ કહેવાય છે કે, બ્રહ્મવૈવર્તમાં પહેલાં બ્રહ્મના વિવર્તનો વિષય વર્ણવાયેલ હતો, પરંતુ તેના દ્વિતીય સંસ્કરણથી સાવર્ણિ–વસિષ્ઠસંવાદમાં કૃષ્ણચરિત્ર જોડી દેવામાં આવ્યું. ત્યારબાદ, તે આદિત્ય–માહાત્મ્યવાળો સૌરગ્રંથ ગણાયો. પછીથી સંસ્કાર પામીને, તે વૈષ્ણવગ્રંથ કહેવાયો. વૈષ્ણવો આ પુરાણને સાત્ત્યિવકપુરાણ કહે છે, પરંતુ આ પુરાણ તંત્રનું પ્રકાશન પણ કરે છે. આથી આને રાજસપુરાણ પણ માનવામાં આવે છે. કેમ કે, શકિતના વર્ણનનું પ્રાધાન્ય હોવાથી, આને દેવીયામલ વગેરેમાં શાકત કહેવામાં આવેલ છે. મત્સ્યપુરાણ તથા શિવપુરાણ, આને બ્રહ્મના મહિમાનું પ્રકાશન કરનારું પુરાણ કહે છે, પરંતુ સ્વયં બ્રહ્મવૈવર્તપુરાણમાં વિષ્ણુની મહત્તા જ પ્રતિપાદિત થયેલી છે, તેથી આને વૈષ્ણવપુરાણ માનવામાં આવે છે.

બ્રહ્મવૈવર્તપુરાણ બધાં જ જ્ઞાનોનો ભંડાર અને વૈષ્ણવોના ગળાનો હાર છે. આના પ્રતિપાદ્ય ગોલોકવાસી ભગવાન શ્રીકૃષ્ણ અને એમની આહ્લાદિની શકિતત રાધિકાજી છે, જે સર્વદા ગોલોકમાં ગાયો તથા ગોપ–ગોપીઓની સાથે રાસલીલા કરતાં, ભકતજનોને અલૌકિક આનંદ આપતાં રહે છે.

આ પુરાણ ચાર ખંડોમાં વિભાજિત થયેલું છેઃ (૧) બ્રહ્મખંડ, (૨) પ્રકૃતિખંડ, (૩) ગણેશખંડ અને (૫) શ્રીકૃષ્ણજન્મખંડ. આ પુરાણના અર્ધા ભાગમાં પ્રથમ ત્રણ ખંડો છે અને અને અર્ધા ભાગમાં શ્રીકૃષ્ણ–જન્મનો પૂર્વાદ્ધ અને ઉત્તરાદ્ધ વર્ણવાયેલ છે. પ્રથમ બ્રહ્મખંડમાં જેનું ધ્યાન વૈષ્ણવ, યોગીરાજ તથા સંતસમૂહ કરે છે, તે પરબ્રહ્મનું અને દેવ–દેવી તથા તમામ જીવોની ઉત્પત્તિનું વર્ણન છે. દ્વિતીય પ્રકૃતિખંડમાં દેવીઓનું પવિત્ર પરિત્ર, જીવોનો કર્મવિપાક, કવચ, સ્તોત્ર, મંત્ર અને પૂજાનું વિધાન, પ્રકૃતિલક્ષણ નિરૂપણ, પુણ્યાત્મા તથા પાપીઓનાં સ્થાનોનો નિર્દેશ,

શુભાશુભ કર્મો તથા જુદાં જુદાં નરકોનું વર્ણન છે. આ ખંડમાં રાધાનું વર્ણન દર્શનીય છે. તૃતીય ગણેશખંડમાં ગણેશના જન્મ તથા ચરિત્રનું વર્ણન, મંત્ર, તંત્ર તથા કવચોનું વિવરણ આપેલું છે. આ ખંડમાં અતિથિસત્કારની પ્રશંસા કરવામાં આવી છે. મનુષ્યના વિદ્યાદાતા, અન્નદાતા, ભયત્રાતા, જન્મદાતા તથા કન્યાદાતા, એમ પાંચ પ્રકારના પિતાનું રોચક વર્ણન છે. આ ખંડની વિશેષતા એ છે કે, તેમાં ગણેશને શ્રીકૃષ્ણના અવતારના રૂપમાં વર્ણવેલ છે. ચતુર્થ શ્રીકૃષ્ણજન્મખંડમાં પવિત્ર ભારતવર્ષમાં કૃષ્ણનો જન્મ, કર્મ, પૃથ્વીના ભારનું હરણ અને સજ્જનોની મર્યાદાનું રક્ષણ તથા રાધાના સ્વરૂપનું વર્ણન છે. ઉપરાંત, ભગવાનને સમર્પિત કર્યા વિનાના અન્ન અને જળને વિષ્ઠા તથા મૂત્ર સમાન ત્યાજય ગણાવેલ છે. બ્રહ્મવૈવર્તપુરાણનો મુખ્ય ઉદ્દેશ ભગવાન શ્રીકૃષ્ણના ચરિત્રને વર્ણવવાનો છે. શ્રીમદ્ભાગવતપુરાણના દશમસ્કંધને બાદ કરતાં શ્રીકૃષ્ણલીલાનું એટલું વિસ્તૃત વર્ણન અન્યત્ર કયાંય પ્રાપ્ત થતું નથી. આના પાંચમા પ્રકૃતિખંડમાં ભગવાન શ્રીકૃષ્ણના આદેશાનુસાર દુર્ગા, લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી તથા રાધાના રૂપમાં પોતાને પરિણત કરતી પ્રકૃતિનું વિશિષ્ટ વર્ણન છે. સાવિત્રી તથા તુલસીની કથા ઘણી જ રોચક અને આકર્ષક છે.

મત્સ્યપુરાણના ૫૩મા અધ્યાયમાં આ પુરાણનાં લક્ષણો આ પ્રમાણે વર્ણવ્યાં છેઃ

'रथन्तरस्य कल्पस्य वृत्तान्तमधिकृत्य च ।
सावर्णिना नारदाय कृष्णमाहात्म्यमुत्तमम् ।।
यत्र ब्रह्मवाराहस्य चरितं वर्ण्यते मुहुः ।
तदष्टादशसाहस्रं ब्रह्मवैवर्तमुच्यते ।।'[१५३]

નારદપુરાણના ૧૦૧મા અધ્યાયમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છેઃ

'श्रृणु वत्स! प्रवक्ष्यामि पुराणं दशमं तव ।
ब्रह्मवैवर्तकं नाम वदिमार्गानुदर्शकम् ।।
सावर्णिर्यत्र भगवान् साक्षाद्देवर्षये ऽर्थितः ।
नारदाय पुराणार्थं प्राह सर्वमलौकिकम् ।।
धर्म्मार्थकाममोक्षाणां सारं प्रीतिर्हरौ हरे ।
तयोरभेदसिद्ध्यर्थं ब्रह्मवैवर्तमुत्तमम् ।।'

શિવપુરાણના ઉત્તરખંડમાં લખ્યું છે કે, –

'विवर्तनाद् ब्रह्मणस्तु ब्रह्मवैवर्तमुच्यते ।'

નારદપુરાણ, મત્સ્યપુરાણ તથા શિવપુરાણનાં લક્ષણો તથા કથાઓની સાથે પ્રાપ્ત બ્રહ્મવૈવર્તપુરાણનું ઐકય નથી. રથન્તરકથન, નારદસાવર્ણિસંવાદ, બ્રહ્મવરાહવૃત્તાંત, બ્રહ્મવિવર્તપ્રસંગ વગેરેનો તેમાં અભાવ છે. શિવપુરાણ, મત્સ્યપુરાણ, શ્રીમદ્‌ભાગવતપુરાણ, નારદપુરાણ તથા સ્વયં બ્રહ્મવૈવર્તપુરાણમાં તેની શ્લોકસંખ્યા ૧૮૦૦૦ દર્શાવવામાં આવેલ છે. તેના બ્રહ્મખંડમાં ૩૦, પ્રકૃતિખંડમાં ૬૭, ગણેશખંડમાં ૪૬ અને કૃષ્ણજન્મખંડમાં ૧૩૩ અધ્યાયો છે.

**(૧૧) લિંગપુરાણ :**

આ પુરાણમાં શિવ દ્વારા સૃષ્ટિનો આવિર્ભાવ વર્ણવવામાં આવેલ છે. અહીં શિવલિંગની પૂજાનું સુંદરવર્ણન મળે છે. ભગવાન શિવના ૨૮ અવતારો, શિવ સંબંધી વ્રતો તથા તીર્થોનું વિશેષ વર્ણન કરવામાં આવ્યું છે. શૈવદર્શનને અનુરૂપ પશુ, પાશ અને પશુપતિ શબ્દોની વિવેચનાત્મક વ્યાખ્યા પ્રસ્તુત કરવામાં આવી છે. આ પુરાણમાં લિંગોપાસનાની ઉત્પત્તિ સુંદર ઢબે દર્શાવવામાં આવી છે. આ પુરાણ શિવતત્ત્વની મીમાંસા માટે ઘણું જ ઉપાદેય છે. શિવપુરાણમાં કહેવામાં આવ્યું છે કે, આમાં લિંગનું ચરિત વર્ણવાયેલ હોવાથી, આનું નામ 'લિંગપુરાણ' પડયું છે – ‘लिङ्गस्य चरितोक्तत्वात् पुराणं लिङ्गमुच्यते ।’

વિભિન્ન પુરાણોમાં લિંગપુરાણનાં જે લક્ષણો આપવામાં આવ્યાં છે, તે અત્યારે પણ મળી આવે છે. લિંગપુરાણમાં લખ્યું છે કે, ઈશાનકલ્પવૃત્તાંતના પ્રસંગમાં બ્રહ્મા દ્વારા જે પુરાણ કહેવામાં આવ્યું છે, તેનું નામ લિંગપુરાણ છે :

‘ईशानकल्पवृत्तान्तमधिकृत्य महात्मना ।
ब्रह्मणा कल्पितं पूर्वं पुराणं लैंगमुत्तमम् ।।’

નારદપુરાણના ૧૦૨મા અધ્યાયમાં લિંગપુરાણનાં લક્ષણો આ પ્રમાણે કહ્યાં છે :

‘तदेव व्यासदेवेन भागद्वयसमाचितम् ।
पुराणं लिंगमुदितं बह्वाख्यानविचित्रतम् ।।
तदेकादशसाहस्रं हरमाहात्म्यसूचकम् ।
परं सर्वपुराणानां सारभूतं जगत्त्रये ।।’

મત્સ્યપુરાણના ૫૩મા અધ્યાયમાં લિંગપુરાણનો પરિચય આ પ્રમાણે આપ્યો છે :

'यत्राग्निर्लिङ्गमध्यस्थः प्राह देवो महेश्वरः ।
धर्मार्थकाममोक्षार्थमाग्नेयमधिकृत्य च ।।
कल्पान्तं लिंगमित्युक्तं पुराणं ब्रह्मणा स्वयम् ।
तदेकादशसाहस्रं फाल्गुन्यां य प्रयच्छति ।।'[૧૫૪]

નારદપુરાણ અનુસાર આ પુરાણના પૂર્વ અને ઉત્તર એમ બે ભાગ છે. પૂર્વભાગમાં ૧૦૮ અને ઉત્તરભાગમાં ૫૫ અધ્યાયો છે. રેવામાહાત્મ્ય, શ્રીમદ્ભાગવત, નારદપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ અને મત્સ્યપુરાણ અનુસાર આ પુરાણમાં ૧૧૦૦૦ શ્લોકો છે. નવલકિશોર પ્રેસ, લખનૌથી પ્રકાશિત લિંગપુરાણના વિષયો નારદપુરાણની વિષયસૂચિને મળતા આવે છે. હલાયુધે પોતાના 'બ્રાહ્મણસર્વસ્વ' માં બૃહલ્લિંગપુરાણનું વચન ઉદ્ધૃત કરેલ છે, પરંતુ હાલ એ પુરાણ ઉપલબ્ધ નથી. એ ઉપરાંત, વસિષ્ઠલિંગપુરાણ નામનું એક અન્ય પુરાણ પણ મળે છે.

## (૧૨) વરાહપુરાણ :

વરાહપુરાણ ભગવાન વિષ્ણુ વિષયક વિવિધ વ્રતોને વર્ણવે છે. પ્રતિપદાથી માંડીને પુનમ સુધીની તિથિઓનાં વ્રતો અહીં વર્ણવવામાં આવ્યાં છે. વિષ્ણુના વરાહ અવતારનું વર્ણન પણ અહીં કરવામાં આવ્યું છે. વ્રત, તીર્થ, દાન, પ્રતિમા અને તેનો પૂજાવિધિ, શૌચાચાર, શ્રાદ્ધ વગેરેનું વર્ણન પણ કરવામાં આવ્યું છે. આ પુરાણના બે અંશો વિશેષ મહત્ત્વપૂર્ણ છે. પ્રથમ મથુરામાહાત્મ્ય કે જેમાં મથુરાનાં સમસ્ત તીર્થોનું વર્ણન છે અને દ્વિતીય નાચિકેતોપાખ્યાન, જેમાં સમ અને નચિકેતાની કથાની સાથે સાથે સ્વર્ગ અને નરકનું વિવેચનાત્મક વર્ણન છે. વરાહપુરાણની આ કથા કઠોપનિષદની કથા સાથે ઘણું જ સામ્ય ધરાવે છે, પરંતુ તેમાં આધ્યાત્મિકતાનો અભાવ છે. પુરાણનાં પંચલક્ષણો અને ભુવનકોશનું વર્ણન ઘણું જ સંક્ષેપમાં કરવામાં આવ્યું છે.

નારદપુરાણના ૧૦૩ મા અધ્યાયમાં વરાહપુરાણનાં લક્ષણો આ પ્રમાણે આપવામાં આવ્યાં છેઃ

'श्रृणु वत्स ! प्रवक्ष्यामि वाराहं वै पुराणकम् ।
भागद्वययुतं शश्वद्विष्णुमाहात्म्यसूचकम् ।।
मानवस्य तु क्ल्पस्य प्रसंगं मत्कृतं पुरा ।

निबबन्ध पुराणेऽस्मिंश्चतुर्विंशसहस्रके ।।
व्यासो हि विदुषां श्रेष्ठः साक्षान्नारायणो भुवि ।'

મત્સ્યપુરાણાનુસાર, જે ગ્રંથમાં માનવકલ્પના પ્રસંગે વિષ્ણુ દ્વારા પૃથ્વીને મહાવરાહનું માહાત્મ્ય કહેવામાં આવ્યું છે, તે વરાહપુરાણના નામથી વિખ્યાત છે :

'महावराहस्य पुनर्माहात्म्यमधिकृत्य च ।
विष्णुनाभिहितं क्षोण्यै तद्वाराहमिहोच्यते ।।
मानवस्य प्रसंगेन कल्पस्य मुनिसत्त्माः! ।
चतुर्विंशसहस्राणि तत्पुराणमिहोच्यते ।।'

મત્સ્યપુરાણ, ૫૩/૩૮–૩૦.

નારદપુરાણ તથા મત્સ્યપુરાણાનુસાર આ પુરાણમાં ૨૪૦૦૦ શ્લોકો છે, પરંતુ અત્યારે ઉપલબ્ધ વરાહપુરાણમાં ૧૭૦૦૦ શ્લોકો જ મળે છે. તેથી આ પુરાણ અપૂર્ણ છે. નારદપુરાણોકત લક્ષણોની સાથે ઉપલબ્ધ વરાહપુરાણના વિષયોનો મેળ હોવા છતાં, નારદપુરાણ અનુસારની શ્લોક–સંખ્યા પ્રાપ્ત થતી નથી. ઉપરાંત, નારદપુરાણ આ પુરાણના બે ભાગ હોવાનું કહે છે. તેથી એમ લાગે છે કે, આ પુરાણનો માત્ર પૂર્વાર્દ્ધ જ છપાયો છે. ઉત્તરભાગના પુલત્સ્ય–કુરુરાજસંવાદમાં તીર્થોનું અલગથી અને વિસ્તારપૂર્વકનું વર્ણન, અનેક ધર્માખ્યાનો તથા પૌષ્કરપર્વ વગેરે પ્રાપ્ત થતાં નથી. તેથી, કાં તો આ પુરાણનો મોટો ભાગ અન્ય પુરાણમાં મળી ગયો છે કે પછી સદંતર લુપ્ત થઈ ગયો છે, તે અત્યારે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

### (૧૩) સ્કંદપુરાણ :

સ્કંદપુરાણ બધાં જ પુરાણોમાં સૈથી મોટું અને અનેક આશ્ચર્યજનક ઉપાખ્યાનોથી યુકતત છે. શિવ–ઉપાસકોને માટે પરમ માનનીય અને વર્ણાશ્રમ–વ્યવસ્થામાં માનનારાઓને માટે પરમ આદરણીય છે. આ પુરાણમાં પ્રાચીન ભારતનાં અનેક તીર્થોનું તેમજ ભૌગોલિક સ્થાનોનું અત્યંત વિશદ વર્ણન છે, જે ભૂગોળના અભ્યાસુઓને માટે ખૂબ જ ઉપયોગી છે. ભારતના પ્રાચીનકાળના ભૂવૃત્તાંતનો પૂર્ણતયા પરિચય આ પુરાણ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. અનેક વિષયોથી યુકતત હોવા છતાં પણ આ એક અત્યંત પ્રાચીન પુરાણ છે, એમાં કોઈ જ શંકાને સ્થાન નથી.

નારદપુરાણના ૧૦૪ મા અધ્યાયમાં આ પુરાણનાં લક્ષણો આ પ્રમાણે આપવામાં આવ્યાં છેઃ

'श्रृणु वक्ष्ये मरीचे ! त्वं पुराणं स्कन्दसंज्ञितम् ।
यस्मिन् प्रतिपदं साक्षान्महादेवो व्यवस्थितः ।।
पुराणे शतकोटौ तु यच्छैवं वर्णितं मया ।
लक्षितस्यार्थजातस्य सारो व्यासेन कीर्तितः ।।
स्कन्दाह्वयस्यात्र खण्डाः सप्तैव परिकल्पिताः ।
एकाशीतिसहस्रन्तु स्कान्दं सर्व्वाकृधन्तनम् ।।
यः श्रृणोति पठेद्वापि स तु साक्षाच्छिवः स्थितः ।
यत्र माहेश्वरा धर्माः षण्मुखेन प्रकाशिताः ।।
कल्पे तत्पुरुषे वृत्तः सर्वसिद्धिविधायकाः ।'

મત્સ્યપુરાણના ૫૩ મા અધ્યાયમાં સ્કંદપુરાણનો પરિચય આપતાં લખ્યું છે કે, જે પુરાણમાં સ્કંદે તત્પુરુષ કલ્પના પ્રસંગે અનેક ચરિત, ઉપાખ્યાન તથા માહેશ્વરધર્મ પર પ્રકાશ પાથર્યો છે, એ જ ૮૧૧૦૦ શ્લોકોવાળું સ્કંદપુરાણ મૃત્યુલોકમાં વિખ્યાત છે :

'यत्र माहेश्वरान् धर्म्मानधिकृत्य च षण्मुखः ।
कल्पे तत्पुरुषे वृत्ते चरितैरुपबृंहितम् ।।
स्कान्दं नाम पुराणं तदेकाशीति निगद्यते ।
सहस्राणि शतं चैकमिति मर्त्येषु गद्यते ।।'[૧૫૫]

શિવપુરાણના ઉત્તરખંડમાં પણ સ્કંદપુરાણનો પરિચય આ પ્રમાણે મળે છે :

'यत्र स्कन्दः स्वयं श्रोता वक्ता साक्षान्महेश्वरः ।
तत्र स्कान्दं समाख्यातमेकाशीति च संख्यकम् ।।'

નારદપુરાણમાં દર્શાવવામાં આવેલ સ્કંદપુરાણનું સ્વરૂપ અત્યારે પ્રાપ્ત થતાં સ્કંદપુરાણને એકદમ મળતું આવે છે. આથી અનુમાન કરી શકાય છે કે, જે સમયે નારદપુરાણમાં પુરાણોની વિષયાનુક્રમણી સંકલિત કરવામાં આવી હતી, તે સમયે સાત ખંડોવાળું સ્કંદપુરાણ પ્રચલિત હતું. નારદપુરાણમાં આ પુરાણનું વિભાજન સાત ખંડોમાં દર્શાવ્યું છે. અત્યારે પ્રાપ્ત થતું સ્કંદપુરાણ સાત ખંડોમાં વિભાજિત છે. નારદપુરાણ અનુસાર આ વિભાજન આ પ્રમાણે છે :

'स्कान्दं तु सप्तधा भिन्नं वेदव्यासेन धीमता ।
एकाशीतिसहस्राणि शतं चैकं च संख्यया ।।
तस्यादिमो विभागस्तु स्कन्दमाहात्म्यसंयुतः ।

माहेश्वरः समाख्यातो द्वितीयो वैष्णवस्य च ।।
तृतीयो ब्रह्मणः प्रोक्तः सृष्टिसंक्षेपसूचकः ।
काशीमाहात्म्यसंयुक्तश्चतुर्थः परिपठ्यते ।।
रेवायां पञ्चमो भाग उज्जयिन्याः प्रकीर्तितः ।
षष्ठः कल्पार्चनं विश्वं तापीमाहात्म्यसूचकः ।।
सप्तमोऽथ विभागोऽयं स्मृतः प्राभासिको द्विजाः ।
सर्वे द्वादशसाहस्रं विभागाः साधिकाः स्मृताः ।।'

સ્કંદપુરાણનું વેદવ્યાસે સાત ખંડોમાં વિભાજન આ પ્રમાણે કર્યું છે : (૧) માહેશ્વરખંડ, (૨) વૈષ્ણવખંડ, (૩) બ્રહ્મખંડ, (૪) કાશીખંડ, (૫) અવંતીખંડ, (૬) નાગરખંડ અને (૭) પ્રભાસખંડ. આ બધા ખંડોમાં ક્રમશઃ ૧૭૪, ૧૫૩, ૮૭, ૧૦૦, ૩૮૭, ૧૭૯ અને ૪૧૪ અધ્યાયો છે. બધા મળીને ૧૬૭૧ અધ્યાયો અને ૮૧૦૦૦ શ્લોકો છે. પ્રત્યેક ખંડ (લગભગ) બાર–બાર હજાર શ્લોકોવાળો છે.

હાલ સ્કંદપુરાણના બે સંસ્કરણો મળે છે. જેમાં એકનું વિભાજન ખંડોમાં અને બીજાનું સંહિતાઓમાં થયેલું છે. સંહિતાઓમાં વિભાજિત સ્કંદપુરાણની શંકરસંહિતાના હાલસ્વમાહાત્મ્યમાં લખ્યું છે કે, સ્કંદપુરાણ છ સંહિતાઓ અને ૫૦ ખંડોથી સુશોભિત છે :

'स्कान्दमद्यापि वक्ष्यामि पुराणं श्रुतिसारजम् ।
षड्विधं संहिताभेदैः पञ्चाशत्खण्डमण्डितम् ।।
आद्या सनत्कुमारोक्ता द्वितीया सुतसंहिता ।
तृतीया शाङ्करी प्रोक्ता चतुर्थी वैष्णवी तथा ।।
पञ्चमी संहिता ब्राह्मी षष्ठी सा सौरसंहिता ।'

સ્કંદપુરાણની સૂતસંહિતામાં પણ આ છ સંહિતાઓ તથા પ્રત્યેકની શ્લોક–સંખ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે –

'ग्रन्थेन चैव षट्त्रिंशत्सहस्रेणोपलक्षिता ।।
आद्या तु संहिता विप्रा ! द्वितीया षट्सहस्रिका ।
तृतीया ग्रन्थतस्त्रिंशत् सहस्रेणोपलक्षिता ।।
चतुर्थी संहिता पञ्चसहस्रेणाभिनिर्मिता ।
ततो ह्यन्या सहस्रेण ग्रन्थेनैव विनिर्मिता ।।
अन्या सहस्रतः सृष्टा ग्रन्थतः पण्डितोत्त्माः! ।'

પ્રસ્તુત શ્લોકોમાં દર્શાવ્યા પ્રમાણે, –

| | |
|---|---|
| (૧) સનત્કુમારસંહિતામાં | ૩૬,૦૦૦ |
| (૨) સૂતસંહિતામાં | ૬,૦૦૦ |
| (૩) શંકરસંહિતામાં | ૩૦,૦૦૦ |
| (૪) વૈષ્ણવસંહિતામાં | ૫,૦૦૦ |
| (૫) બ્રાહ્મસંહિતામાં | ૩,૦૦૦ |
| (૬) સૌરસંહિતામાં | ૧,૦૦૦ |
| કુલ | ૮૧,૦૦૦ શ્લોકો. |

સ્કંદપુરાણના ખંડ–વિભાજન પ્રમાણે, તેના પ્રથમ માહેશ્વરખંડના ત્રણ પેટાવિભાગો છે– (૧) કેદારખંડ, (૨) કુમારિકાખંડ અને (૩) અરુણાચલ–માહાત્મ્ય. કેદારખંડમાં શિવનો મહિમા, દક્ષયજ્ઞ અને તેનો ભંગ, લિંગપૂજા, સમુદ્રમંથન, ઇન્દ્રને લાગેલ બ્રહ્મહત્યાનું પાપ, નહુષને ઇન્દ્રપદની સોંપણી, શ્વેતાખ્યભૂપતિ ચરિત વગેરેના વર્ણનો છે. કૌમારિકાખંડમાં અર્જુનની તીર્થયાત્રા, નર્મદા, મહીસાગર, કુમારનાથ, સ્તમ્ભેશ્વર, બર્બરીતીર્થ, ગુપ્તક્ષેત્ર વગેરેનું વર્ણન છે. જયારે અરુણાચલમાહાત્મ્યમાં કમ્પાનદીનું વર્ણન, મહિષાસુરવધની કથા વગેરે નિરૂપાયેલ છે. દ્વિતીય વૈષ્ણવખંડમાં વેંકટાચલમાહાત્મ્ય, પુરુષોત્તમમાહાત્મ્ય, બદરિકાશ્રમમાહાત્મ્ય, કાર્તિક, માર્ગશીર્ષ તથા વૈશાખમાસના માહાત્મ્યો, ભાગવતમાહાત્મ્ય તથા અયોધ્યામાહાત્મ્ય વર્ણવાયેલ છે. તૃતીય બ્રાહ્મખંડના સેતુમાહાત્મ્ય, ધર્મારણ્ય અને બ્રાહ્મોત્તર જેવા વિભાગો છે. ચતુર્થ કાશીખંડમાં કાશીનો મહિમા દર્શાવ્યો છે. પાંચમા અવંતીખંડમાં અવંતી અને નર્મદાક્ષેત્રનાં માહાત્મ્યો છે. છઠ્ઠા નાગરખંડમાં તાપીનદીનો મહિમા અને ત્રિશંકુનું આખ્યાન છે. નાગર બ્રાહ્મણોની ઉત્પત્તિ અને તેઓના ઈષ્ટદેવ હાટકેશ્વરનું વર્ણન આ ખંડની વિશેષતા છે અને સાતમા પ્રભાસખંડમાં પ્રભાસક્ષેત્ર, વસ્ત્રાપથ, અર્બુદાચલ અને દ્વારિકાક્ષેત્રના વિસ્તૃત વર્ણનો છે. સ્કંદપુરાણનો આ સૌથી મોટો ખંડ છે.

**(૧૪) વામનપુરાણ :**

વામનપુરાણમાં વામન અવતારની કથાની સાથે વિભિન્ન અવતારોની કથાઓ પણ વર્ણવવામાં આવી છે. વિષ્ણુના અવતારની સાથે સંલગ્ન હોવાથી, આ એક વૈષ્ણવપુરાણ છે. છતાં, આમાં શિવનો મહિમા વિસ્તારથી આપવામાં આવ્યો

છે. શિવ, શિવમાહાત્મ્ય, શિવતીર્થ, શિવશિવાવિવાહ, ગણેશની ઉત્પત્તિ, કાર્તિકેયનું પાવન ચરિત્ર વગેરેનું વર્ણન દર્શનીય છે. તદુપરાંત, અનેક તીર્થો અને વનોનું માહાત્મ્ય અને સૃષ્ટિવર્ણન તથા ધર્મનું નિરૂપણ ઘણી જ સુંદર ઢબે થયેલું છે. નારદપુરાણના ૧૦૫ મા અધ્યાયમાં વામનપુરાણનાં લક્ષણો આ પ્રમાણે આપવામાં આવ્યાં છે :

श्रुणु वत्स! प्रवक्ष्यामि पुराणं वामनाभिधम् ।
त्रिविक्रमचरित्राढ्यं दशसाहस्रसंख्यकम् ।।
कूर्मकल्पसमाख्यानं वर्गत्रयकथानकम् ।
भागद्वयसमायुक्तं वक्तृश्रातृिशुभावहम् ।।'

મત્સ્યપુરાણાનુસાર, જેમાં બ્રહ્માએ વામનના માહાત્મ્યનું આલંબન લઈને ત્રિવર્ગના વિષયોનું કીર્તન કર્યું છે, તેને વામનપુરાણ કહે છે –

त्रिविक्रमस्य माहात्म्यमधिकृत्य चतुर्मुखः ।
त्रिवर्गमभ्यधात्त्च्च वामनं परिकीर्तितम् ।।
पुराणं दशसाहस्रं कूर्मकल्पानुगं शिवम् ।'[૧૫૬]

નારદપુરાણમાં દર્શાવ્યા પ્રમાણે, આ પુરાણના બે ભાગ છે અને તેના શ્લોકોની સંખ્યા ૧૦,૦૦૦ છે, પરંતુ અત્યારે પ્રાપ્ત થતું વામનપુરાણ, માત્ર ૯૫ અધ્યાયો અને ૬,૦૦૦ શ્લોકો જ ધરાવે છે. તેથી, આ પુરાણ અપૂર્ણ હોવાનું કહી શકાય. સંભવતઃ અત્યારે આ પુરાણનો માત્ર પૂર્વભાગ જ પ્રાપ્ત થાય છે. આ પુરાણના ઉત્તરભાગનું અન્ય નામ બૃહદ્વામનપુરાણ પણ મળે છે. એ ઉત્તરભાગમાં માહેશ્વરી, ભાગવતી, સૌરી અને ગાણેશ્વરી નામની એક હજાર શ્લોકોની ચાર સંહિતાઓનો ઉલ્લેખ મળે છે. પ્રથમ માહેશ્વરીસંહિતામાં કૃષ્ણ અને તેના ભકતોનું કીર્તન છે. ભાગવતીસંહિતામાં જગદંબાના અવતારની કથા છે. તૃતીય સૌરસંહિતામાં પાપનાશક ભગવાન સૂર્યનું માહાત્મ્ય વર્ણવાયું છે અને ગાણેશ્વરીસંહિતામાં ગણેશજીનું ચરિત્ર અંકિત છે.

**(૧૫) કૂર્મપુરાણ :**

કૂર્મપુરાણ ભગવાન વિષ્ણુના કૂર્માવતાર સાથે સંલગ્ન હોવા છતાં, તેમાં ભગવાન શિવ મુખ્ય દેવતાના રૂપમાં વર્ણવાયેલ છે અને તેને દેવાધિદેવ માનવામાં આવેલ છે. એમની જ કૃપાથી શ્રીકૃષ્ણને જામ્બવતી મળી હતી. આ પુરાણમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં કોઈ અંતર માનવામાં આવ્યું નથી. એમને

એક જ બ્રહ્મની ત્રણ મૂર્તિઓ કહેલ છે. આ પુરાણમાં શક્તિતસહસ્રનામની સાથે સાથે શક્તિતપૂજા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. પૂર્વભાગમાં સૃષ્ટિપ્રકરણ પછી પાર્વતીની તપસ્યા અને તેના સહસ્રનામોનું મહત્ત્યવપૂર્ણ વર્ણન છે. કાશી અને પ્રયાગનું પણ વિસ્તૃત વર્ણન આપવામાં આવ્યું છે. જયારે ઉત્તરભાગમાં ઈશ્વરગીતા અને વ્યાસગીતા વર્ણવાયેલ છે. ઈશ્વરગીતામાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની જેમ જ ધ્યાનયોગ દ્વારા ભગવાન શિવના સાક્ષાત્કારનું સુંદર વર્ણન છે. વ્યાસગીતામાં ચારેય આશ્રમોનાં કર્તવ્યોનું દિગ્દર્શન કરાવેલ છે.

નારદપુરાણના અધ્યાય ૧૦૬ અનુસાર, કૂર્મપુરાણનો પરિચય આ પ્રમાણે છે :

'श्रृणु वत्स! मरीचेऽद्य पुराणं कूर्मसंज्ञितम् ।
लक्ष्मीकल्पानुचरितं यत्र कूर्म्मवपुर्हरिः ।।
धर्म्मार्थकाममोक्षाणां माहात्म्यं च पृथक् पृथक् ।
इन्द्रद्युम्नप्रसंगेन प्राहर्षियो दयाधिकम् ।।
तत् सप्तदशसाहस्रं सचतुःसंहितं शुभम् ।
यत्र ब्राह्माः पुरा प्रोक्ता धर्मा नानाविधा मुने ।।
नानाकथाप्रसंगेन नृणां सद्‌गतिदायकाः ।'

મત્સ્યપુરાણમાં લખ્યું છે કે, જે પુરાણમાં કૂર્મરૂપી જનાર્દને રસાતલમાં ધર્મ, અર્થ કામ અને મોક્ષનું માહાત્મ્ય ઇન્દ્રદ્યુમ્નના પ્રસંગમાં ઇન્દ્ર અને ઋષિઓની સમક્ષ વર્ણન કર્યું છે અને જેમાં લક્ષ્મીકલ્પનો વિષય વર્ણવાયેલો છે, તે જ ૧૮,૦૦૦ શ્લોકોવાળું કૂર્મપુરાણ છે :

'यत्र धर्म्मार्थकामानां मोक्षस्य च रसातले ।
माहात्म्यं कथयामास कूर्मरूपी जनार्दनः ।।
इन्द्रद्युम्नप्रसंगेन ऋषिभ्यः शक्रसन्निधौ ।
अष्टादशसहस्राणि लक्ष्मीकल्पानुषङ्गिकम् ।।'[૧૫૭]

હાલ, પ્રાપ્ત થતું કૂર્મપુરાણ પૂર્વ અને ઉત્તર એમ બે ભાગોમાં વિભાજિત થયેલું છે. પૂર્વભાગમાં ૫૩ અને ઉત્તરભાગમાં ૪૬, એમ કુલ ૯૯ અધ્યાયો છે. આમાં નારદપુરાણ અનુસાર ૧૭,૦૦૦ અને મત્સ્યપુરાણાનુસાર ૧૮,૦૦૦ શ્લોકો હોવા જોઈએ, પરંતુ અત્યારે પ્રાપ્ત થતાં કૂર્મપુરાણમાં માત્ર ૬,૦૦૦ શ્લોકો જ મળે છે. ૧૨,૦૦૦ શ્લોકોનો કશો પત્તો નથી. સ્વયં કૂર્મપુરાણમાં નોંધ્યું છે કે,–

'इदन्तु पञ्चदशमं पुराणं कौर्म्ममुत्तमम् ।
चतुर्धा संस्थितं पुण्यं संहितानां प्रभेदतः ।।
ब्राह्मी भागवती सौरी वैष्णवी च प्रकीर्तिता ।
चतस्रः संहिताः पुण्या धर्म्मकामार्थमोक्षदाः ।।
इयं तु संहिता ब्राह्मी चतुर्वेदैश्च सम्मिता ।
भवन्ति षट्सहस्राणिश्लोकानामत्र संख्यया ।।'[૧૫૮]

અહીં શ્લોકોની સંખ્યા ૬,૦૦૦ બરાબર કહી છે, પરંતુ વિષયોની દૃષ્ટિએ ઘણી જ ઉણપ જોવા મળે છે. અહીં દર્શાવેલ બ્રાહ્મી, ભાગવતી, સૌરી અને વૈષ્ણવી જેવી ચાર સંહિતાઓમાંથી એકમાત્ર બ્રાહ્મીસંહિતાના વિષયો જ ૬,૦૦૦ શ્લોકોમાં વર્ણવાયેલા છે. તેથી, આ પુરાણનો ઘણો જ મોટોભાગ લુપ્ત થઈ ગયો હોવાનું કહી શકાય.

**(૧૬) મત્સ્યપુરાણ :**

મત્સ્યપુરાણ તેના વ્યાપક વર્ણ્યવિષયો અને પ્રાચીનતાના કારણે ઘણું જ પ્રસિદ્ધિને પામ્યું છે. ભગવાન વિષ્ણુના મત્સ્યાવતાર સાથે આ પુરાણ જોડાયેલું છે. મહામત્સ્ય અને મનુનો પ્રલય વિષયક સંવાદ, માનસીસૃષ્ટિ પછી મૈથુનીસૃષ્ટિનો પ્રારંભ, બ્રહ્મા અને સરસ્વતીનો પ્રસંગ, પૃથુચરિત્ર, સૂર્યસોમવંશવર્ણન, યયાતિચરિત્ર, તળાવ, બગીચા અને કૂપાદિનું નિર્માણ, મૂર્તિની રચના અને પ્રતિષ્ઠાનું વિધાન, વિવિધ દાનો તથા વ્રતો અને તેનાં ફળોનું કથન, પ્રયાગમાહાત્મ્ય, નદી, પર્વતાદિનું વર્ણન, વિવિધ દ્વીપોનો ઉલ્લેખ, યુગવિવરણ, તારકોપાખ્યાન, દેવાસુરસંગ્રામ, નર્મદામાહાત્મ્ય, સાવિત્રી–ઉપાખ્યાન, રાજધર્મવર્ણન, શુકનોનું વિધાન, ગૃહનિર્માણ વગેરેનું સુંદર વિવેચન આ પુરાણમાં કરવામાં આવેલું છે. શ્રાદ્ધકલ્પનું વર્ણન પણ સુંદર રીતે થયેલું છે. તીર્થરાજ પ્રયાગનું ભૌગોલિક વર્ણન તથા મહત્ત્યવ ઘણાં જ ઉપાદેય છે. ભગવાન શિવની સાથે ત્રિપુરાસુરનું યુદ્ધ ઘણું જ આશ્ચર્યકારક છે. વિશ્વપ્રસિદ્ધ કાશીનું માહાત્મ્ય વિશેષ રૂપે વર્ણવાયું છે. મત્સ્યપુરાણમાં આપવામાં આવેલાં બધાં જ પુરાણોનાં લક્ષણો ઘણાં જ ઉપયોગી છે. ઋષિઓના વંશોનું વર્ણન ઓ રાજધર્મના મહત્ત્વનું પ્રતિપાદન, તેની વિશેષતાનું કારણ છે.

મત્સ્યપુરાણમાં લખ્યું છે કે, જે પુરાણમાં કલ્પના પ્રારંભે ભગવાન જનાર્દને મત્સ્યરૂપે શ્રૃત્યર્થ અને નૃસિંહવર્ણનના પ્રસંગમાં સાત કલ્પના વિષયનું વર્ણન કર્યું છે, તે મત્સ્યપુરાણ છે –

'श्रुतीनां यत्र क्ल्पादौ प्रवृत्यर्थं जनार्दनः ।
मत्स्यरूपेण मनवे नरसिंहस्य वर्णनम् ।।
अधिकृत्याब्रवीत् सप्तकल्पवृत्तं मुनीश्वराः! ।
तन्मात्स्यमिति जानीध्वं सहस्राणि चतुर्दश ।।' [૧૫૯]

નારદપુરાણના ૧૦૭ મા અધ્યાયમાં આ પુરાણનો પરિચય આ પ્રમાણે આપવામાં આવ્યો છે :

'अथ मात्स्यं पुराणं ते प्रवक्ष्ये द्विजसत्तम! ।
यत्रोक्तं सत्यकल्पानां वृत्तं संक्षिप्य भूतले ।।
व्यासेन वेदविदुषा नरसिंहोपवर्णनम् ।
उपक्रम्य तदुद्दिष्टं चतुर्दशसहस्रकम् ।।'

નારદપુરાણ ઉપરાંત, રેવામાહાત્મ્ય, શ્રીમદ્‌ભાગવતપુરાણ, બ્રહ્મવૈવર્ત અને સ્વયં મત્સ્યપુરાણ અનુસાર, આ પુરાણની શ્લોક–સંખ્યા ૧૪,૦૦૦ છે, પરંતુ દેવીભાગવતમાં મત્સ્યપુરાણના ૧૯, ૦૦૦ શ્લોકો કહેવામાં આવ્યા છે અને ક્રમમાં સોળમું હોવા છતાં, આને પ્રથમ ગણાવ્યું છે. આ પુરાણમાં કુલ ૨૯૦ અધ્યાય છે.

**(૧૭) ગરુડપુરાણ :**

આ તાર્ક્ષ્યકલ્પનું પુરાણ છે. ભગવાન વિષ્ણુએ આની કથા ગરુડને કહી છે. આ પુરાણમાં પૂર્વ અને ઉત્તર એમ બે ખંડો છે. પૂર્વખંડમાં વિવિધ વિદ્યાઓનું વિસ્તૃત વર્ણન અને અનેક રત્નોની પરીક્ષાનું વિધાન કરવામાં આવ્યું છે. રાજનીતિનું વિવેચન પણ ઘણા વિસ્તાથી કરવામાં આવ્યું છે. ૨૬ અધ્યાયોમાં આયુર્વેદિક ચિકિત્સાનું વર્ણન અને નિદાન ખૂબ જ સુંદર રીતે આલેખાયું છે તથા બુદ્ધિને વિશુદ્ધ અને તીવ્ર બનાવવા માટે વિવિધ ઔષધીઓના સેવનનું વર્ણન છે. જુદા જુદારોગોને દૂર કરવા માટે ઉપયોગી ઔષધીઓ પણ બતાવવામાં આવી છે. પશુચિકિત્સાના વર્ણન પછી ૬ અધ્યાયોમાં છંદશાસ્ત્રનું વિવેચનાત્મક વર્ણન છે. દાર્શનિક સિદ્ધાંતોના નિરૂપણની સાથે સાથે ગીતાનું ફળકથન પણ કહેવામાં આવ્યું છે. ઉત્તરખંડમાં વર્ણવવામાં આવેલ પ્રેતકલ્પ હિંદુસમાજમાં ઘણો જ લોકપ્રિય છે, જેમાં મનુષ્યના મૃત્યુ પછી જીવની શું ગતિ થાય છે? તે કઈ યોનિમાં કઈ રીતે જાય છે? અને ત્યાં શું ભોગવે છે? વગેરે બાબતોનું વર્ણન વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે. ખાસ કરીને શ્રાદ્ધના સમયે પ્રેતકલ્પ અત્યંત પુણ્યપ્રદ માનવામાં આવે છે. મૃત્યુ પછીના દશદિવસો (દશાહ) દરમ્યાન આ પુરાણનું શ્રવણ શ્રાદ્ધકર્મનું એક અત્યંત

આવશ્યક અંગ મનાય છે, કેમ કે, તેમાં પ્રેતયોનિનું વિશેષ વર્ણન છે. વેંકટેશ્વર પ્રેસ, મુંબઈથી પ્રસિદ્ધ થયેલ ગરુડપુરાણ ત્રણ ખંડો– પૂર્વખંડ, પ્રેતખંડ અને ઉત્તરખંડમાં વિભાજિત થયેલું છે. જો કે, તેના વિષય–નિરૂપણમાં કશો તફાવત નથી.

મત્સ્યપુરાણમાં લખ્યું છે કે, વિષ્ણુએ ગરુડકલ્પમાં ગરુડના જન્મના પ્રસંગમાં વિશ્વાણ્ડથી માંડીને, જે પુરાણનું વર્ણન કર્યું છે, તેનું નામ ગરુડપુરાણ છે અને તેની શ્લોક–સંખયા ૧૮,૦૦૦ છે :

'यदा च गारुडे कल्पे विश्वाण्डाद् गरुडोद्‌भवम् ।
अधिकृत्याब्रवीद्विष्णुर्गारुडं तदिहोच्यते ।।
तदष्टादशकम् चैव सहस्राणीह पठ्यते ।[१६०]

નારદપુરાણમાં આ પુરાણની શ્લોક–સંખ્યા ૧૯,૦૦૦ કહી છે –

'मरीचे! श्रृणु वच्म्यद्य पुराणं गारुडं शुभम् ।
गारुडायाब्रवीत् पृष्डो भगवान् गरुडासनः ।।
एकोनविंश साहस्रं तार्क्ष्यकल्पकथाचितम् ।

મત્સ્યપુરાણ અનુસાર આ પુરાણમાં ૧૮,૦૦૦ શ્લોકો છે. જયારે નારદપુરાણ, શ્રીમદ્‌ભાગવતપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ તથા રેવામાહાત્મ્ય પ્રમાણે ૧૯,૦૦૦ શ્લોકો હોવા જોઈએ. મત્સ્યપુરાણ અને નારદપુરાણમાં દર્શાવવામાં આવેલાં ગરુડપુરાણનાં લક્ષણો અને વિષયો અત્યારે મળતા ગરુડપુરાણમાં મહદંશે મળે છે. જો કે શ્લોક–સંખ્યા પૂરી રીતે નથી મળતી. ઉપલબ્ધ ગરુડપુરાણમાં લગભગ સાતથી આઠ હજાર શ્લોકો ખૂટે છે. આ પુરાણના ભવિષ્યરાજવંશાખ્યાનને વાંચવાથી જણાય છે કે, આ પુરાણ જનમેજયના સમયમાં સંકલિત થયું હશે. ભવિષ્યરાવંશવર્ણનમાં રાજા શૂદ્રક સુધીના રાજાઓનાં નામોનો ઉલ્લેખ છે. વિષ્ણુપુરાણ તથા મત્સ્યપુરાણની જેમ આંધ્ર, ગુપ્ત વગેરે રાજાઓનો ઉલ્લેખ ન હોવાથી ગરુડપુરાણ વિષ્ણુપુરાણ તથા મત્સ્યપુરાણની અપેક્ષાએ પ્રાચીન જણાય છે.

## (૧૮) બ્રહ્માંડપુરાણ :

બ્રહ્માંડપુરાણ ઉપલબ્ધ ૧૮ પુરાણોમાં સૌથી પ્રાચીન પુરાણ મનાય છે. સ્કંદપુરાણની જેમ બ્રહ્માંડપુરાણમાં પણ અનેક માહાત્મ્યો વર્ણવવામાં આવ્યાં છે. આ પુરાણમાં બ્રહ્માંડનું સાંગોપાંગ વર્ણન કરવામાં આવ્યું છે. વિશ્વની ભૂગોળનું

વિસ્તૃત અને રોચક વર્ણન દર્શનીય છે. જમ્બુદ્વીપ, પર્વત અને નદીઓનું વર્ણન બહુ જ વિસ્તારથી કરવામાં આવ્યું છે. અન્ય દ્વીપોનાં વર્ણનો પણ થયેલાં છે. નક્ષત્રમંડળ અને યુગોનું વિશેષ દિગ્દર્શન છે. વિશ્વવિખ્યાત ક્ષત્રિયોના વંશોનું વર્ણન ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું જ ઉપયોગી છે. નારદપુરાણમાં આપવામાં આવેલી સુચિ પ્રમાણે, અધ્યાત્મરામાયણ બ્રહ્માંડપુરાણનો જ અંશ છે, પરંતુ અત્યારે ઉપલબ્ધ બ્રહ્માંડપુરાણમાં તેનો અભાવ છે, જે નોંધનીય છે.

નારદપુરાણના ૧૦૯ મા અધ્યાયમાં બ્રહ્માંડપુરાણનો પરિચય આ પ્રમાણે આપવામાં આવ્યો છે :

'શ્રૃણુ વત્સ! પ્રવક્ષ્યામિ બ્રહ્માણ્ડાખ્યં પુરાતનમ્ ।
યચ્ચ દ્વાદશસાહસ્રં ભાવિકલ્પકથાયુતમ્ ।।
ચતુર્થ ઉપસંહારઃ પદાશ્ચત્વાર એવ હિ ।।
પૂર્વપાદદ્વયં પૂર્વો ભાગોऽત્ર સમુદાહૃતઃ ।
તૃતીયો મધ્યમો ભાગશ્ચતુર્થસ્તૂત્તરો મતઃ ।।'

મત્સ્યપુરાણમાં લખ્યું છે કે, બ્રહ્મા અને બ્રહ્માંડના માહાત્મ્યનું આલંબન લઈને, જે પુરાણ કહેવામાં આવ્યું છે અને બ્રહ્મા વડે કહેવામાં આવેલ ભવિષ્યકલ્પનો વૃત્તાંત, જેમાં વિસ્તારથી કહેવામાં આવ્યો છે, તે ૧૨,૨૦૦ શ્લોકોવાળું બ્રહ્માંડપુરાણ છે :

'બ્રહ્મા બ્રહ્માણ્ડમાહાત્મ્યમધિકૃત્યાબ્રવીત્ ।
તચ્ચ દ્વાદશસાહસ્રં બ્રહ્માણ્ડં દ્વિશતાધિકમ્ ।।
ભવિષ્યાણાં ચ કલ્પાનાં શ્રૂયતે યત્ર વિસ્તરઃ ।
તદ્બ્રહ્માણ્ડપુરાણઞ્ચ બ્રહ્મણા સમુદાહૃતમ્ ।।'

મત્સ્યપુરાણ તથા રેવાખંડ અનુસાર બ્રહ્માંડપુરાણમાં ૧૨,૨૦૦ શ્લોકો અને નારદપુરાણ, શ્રીમદ્ભાગવતપુરાણ તથા બ્રહ્મવૈવર્તપુરાણાનુસાર ૧૨,૦૦૦ શ્લોકો આ પુરાણમાં હોવા જોઈએ. ઉપલબ્ધ બ્રહ્માંડપુરાણમાં શ્લોકોની સંખ્યા ૧૨,૦૦૦ અને અધ્યાયોની સંખ્યા ૧૬૧ છે.

આ પ્રમાણે, અઢારેય પુરાણોનો સંક્ષિપ્ત પરિચય આપણે જોયો.

પુરાણોનો એક વિશિષ્ટ પરિચય પણ આપી શકાય છે. અઢાર પુરાણોનો એક ક્રમ નિયત થયેલો છે. આ રીતે ક્રમને નિયત કરવા પાછળ કોઈ રહસ્યમય કારણ હોઈ શકે છે. જો પુરાણોનું મનન કરવામાં આવે તો આ બાબત

સ્પષ્ટ થઈ શકે છે. પુરાણોનો એક મહત્ત્યવનો પ્રતિપાદ્ય વિષય 'સૃષ્ટિવર્ણન' છે. દરેક પુરાણમાં સૃષ્ટિનું એક વિશિષ્ટ ચિત્ર રજૂ થયું છે. પુરાણોના ઉપર્યુકત ક્રમને નજર સમક્ષ રાખીને, એ દરેક ચિત્રને મૂલવવામાં આવે તો એક સળંગ વિષય આપણી સામે ઉપસ્થિત થાય છે. આ બાબતને પ્રત્યેક પુરાણના સંદર્ભે વિસ્તારથી જોઈએ તો–

**(૧) બ્રહ્મપુરાણ :** સર્વ પ્રથમ માનવમસ્તિષ્કમાં એક વિચાર ઉત્પન્ન થાય છે કે, 'આ સંપૂર્ણ દશ્યમાન જગત કોણે બનાવ્યું?' આનો ઉત્તર બ્રહ્મપુરાણ આપે છે. બ્રહ્માના સ્વરૂપનું પૂર્ણ વર્ણન અને તેના દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ, એ આ પુરાણનો વિશિષ્ટ વિષય છે.

**(૨) પદ્મપુરાણ :** બ્રહ્મા કયાંથી આવ્યા? કોણે બનાવ્યા? આ જિજ્ઞાસાની તૃપ્તિ આ પુરાણ કરે છે. આમાં બ્રહ્માના ઉત્પાદક તથા આધારભૂત પક્ષનું સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવ્યું છે.

**(૩) વિષ્ણુપુરાણ :** જેના થકી બ્રહ્મા 'પદ્મભૂ' તરીકે ઓળખાય છે, તે પદ્મ કયાંથી આવ્યું? તે શંકાના નિવારણ રૂપે વિષ્ણુપુરાણ વિષ્ણુના સ્વરૂપનું નિરૂપણ કરી, તેની નાભિમાંથી પદ્મની ઉત્પત્તિ બતાવે છે.

**(૪) વાયુપુરાણ :** એ પદ્મ જેની નાભિમાંથી ઉત્પન્ન થયું છે, તે વિષ્ણુ કયાં વિરાજમાન થઈને રહે છે? તેના ઉત્તરરૂપે વાયુપુરાણ તેના આધારરૂપ સહસ્ર મસ્તકવાળા શેષનાગના સ્વરૂપનું વર્ણન કરે છે.

**(૫) શ્રીમદ્ભાગવતપુરાણ :** શેષનાગ કયાં સ્થિત છે? તેના સમાધાન રૂપે આ પુરાણ સરસ્વાન્ ક્ષીરસાગરનું વર્ણન પ્રસ્તુત કરે છે. આ પુરાણને સારસ્વતકલ્પનું પુરાણ આ કારણે જ કહે છે.

**(૬) નારદપુરાણ :** ક્ષીરસમુદ્રમાં શેષશૈયાની પાસે વીણાધારી નારદજી સદાય વિરાજમાન રહે છે. આ રહસ્યને વ્યકતત કરવા માટે નારદપુરાણની રચના થયેલી છે. સંસારથી સંબદ્ધ અને છતાં સંસારથી અલિપ્ત થઈને ભગવાન પાસે રહેતાં નારદનું પૂર્ણ વિવરણ આ પુરાણમાં રજૂ થયેલું છે.

આ રીતે, આ છ પુરાણોમાં સૃષ્ટિની ઉત્પત્તિના મૂળને સમજાવવામાં આવેલ છે. આ પુરાણોમાં સૂક્ષ્મતત્ત્યવથી સ્થૂળતત્ત્યવ તરફની ગતિ જોઈ શકાય છે.

**(૭) માર્કણ્ડેયપુરાણ :** પ્રકૃતિ જ સમસ્ત બ્રહ્માંડનું મૂળ તત્ત્યવ છે, એ બાબતને આ પુરાણ સ્પષ્ટ કરી આપે છે.

**(૮) અગ્નિપુરાણ :** આ પુરાણમાં અગ્નિને મૂળતત્ત્યવ કહેલ છે.

**(૯) ભવિષ્યપુરાણ :** આ પુરાણ 'સૌરપુરાણ'ના નામથી પણ પ્રસિદ્ધ છે. આમાં સૂર્યને મૂળતત્ત્વ તરીકે દર્શાવવામાં આવેલ છે.

**(૧૦) બ્રહ્મવૈવર્તપુરાણ :** મૂળ સિદ્ધાંતને સ્થિર બનાવતાં મૂળતત્ત્યવ તરીકે બ્રહ્મા છે અને તેનાથી જ આ જગત રહેલું છે, એવું પ્રતિપાદન આ પુરાણનું છે. જયાં કારણનો કોઈ વિકાર ન હોય તો પણ કાર્યની પ્રતીતિ થાય, તેને વિવર્ત કહે છે. અહીં પણ સૃષ્ટિના કારણરૂપ બ્રહ્મામાંથી સૃષ્ટિનું સર્જન થતું હોવા છતાં, એ પોતે વિકૃત થતાં નથી અને એનાં કાર્યરૂપ જગતની પ્રતીતિ થાય છે. વાસ્તવમાં જગત મિથ્યા જ છે, એ પ્રકારના વિવર્તને આ પુરાણ વર્ણવે છે.

**(૧૧) લિંગપુરાણ :** જગતની સ્થૂળતાનું કારણ આ પુરાણમાં નિરૂપાય છે. સાંખ્યમાં બધા વ્યકત પદાર્થોને 'લિંગ' કહે છે. ન્યાયશાસ્ત્રમાં અનુમાનના હેતુને 'લિંગ' કહે છે. 'लीनं गमयतीति लिङ्गं ।' અર્થાત્, 'જે અજ્ઞાત વસ્તુનું જ્ઞાન કરાવે, તેને 'લિંગ' કહે છે. આ રીતે અવ્યકતતમાંથી વ્યકતત થવું, તે જ સ્થૂળતા છે. અથવા તો અવ્યકતત–પ્રકૃતિમાં લીન તત્ત્યવો જ જગતની સ્થૂળતાનું કારણ બને છે, એ બાબતને આ પુરાણ નિરૂપે છે.

**(૧૨) વરાહપુરાણ :** જયારે અવ્યકતતમાંથી વ્યકતત પદાર્થ પ્રસૂત થાય છે, ત્યારે તેનો પિંડ કઈ રીતે બંધાય છે, તેનું વર્ણન આ પુરાણ કરે છે. વરાહનો એક અર્થ 'વાયુ' પણ થાય છે– 'वृणोति च अहनोति च वराहः ।' અર્થાત્, 'ચારેબાજુથી જે વ્યાપ્ત કરે છે, તે 'વરાહ'. વાયુ પણ બધા પદાર્થોને ચારેબાજુથી વ્યાપીને રહે છે, તેથી તે પણ વરાહ જ છે. વાયુના કારણે, બ્રહ્માંડમાં જે પાંચ પ્રકારનાં મંડલો બને છે, એનું વર્ણન વાયુપુરાણ કરે છે.

**(૧૩) સ્કન્દપુરાણ :** વરાહ એટલે વાયુ અને વાયુ એ અગ્નિવિશેષ છે. આ અગ્નિના પાંચ પ્રકાર છે– સંવત્સરાગ્નિ, વૈશ્વાનરાગ્નિ, કુમારાગ્નિ, ચિત્યાગ્નિ અને પાશુકાગ્નિ. આ બધામાં મધ્યમ કુમારાગ્નિને પ્રધાન માની પૃથ્વી, શરીરો વગેરેના પ્રારંભનો બોધ કરાવનાર આ તેરમું સ્કન્દપુરાણ છે. કુમારનું અન્ય નામ સ્કન્દ પણ છે. કુમારાગ્નિ સૃષ્ટિનું મહત્ત્વનું તત્ત્વ છે અને એનું બોધક સ્કન્દપુરાણ છે.

**(૧૪) વામનપુરાણ :** કુમારાગ્નિ પોતાના સ્થાનમાં ફેલાય છે. તેની આ ક્રિયાને 'વિક્રમણ' કહે છે. વિક્રમણ ત્રણ હોય છે. વામનપુરાણ આ ત્રણેય વિક્રમણનું

નિરૂપણ કરે છે. આ પુરાણમાં વિષ્ણુ વામનરૂપે પોતાનાં ત્રણ પગલાંથી પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોકને માપી લે છે. આ બાબત કુમારાગ્નિના ત્રણ વિક્રમણને સૂચવે છે.

**(૧૫) કૂર્મપુરાણ :** પુરાણોમાં પ્રજાપતિ કશ્યપથી બધાં જ પ્રાણીઓની ઉત્પત્તિ બતાવી છે. કશ્યપનું બીજું નામ કૂર્મ છે. કૂર્મ અર્થાત્, 'यदकरोत तत् कूर्मः।' તેણે (કશ્યપે) જ પ્રજાની ઉત્પત્તિ કરી, એટલે તે 'કૂર્મ' કહેવાયો.

**(૧૬) મત્સ્યપુરાણ :** સૂર્યમંડલના કાન્તિવૃત્તમાં ત્રણ ઋષિ કહેવાયા છેઃ વસિષ્ઠ, મત્સ્ય અને અગત્સ્ય. આ ત્રણેય ઋષિ સૃષ્ટિના વિકાસમાં પૂર્ણરૂપે સહાયક બને છે. આમાં મધ્યમાં રહેલ મત્સ્યઋષિ કેન્દ્રસ્થાને છે. આ મત્સ્યનું નિરૂપણ કરનાર પુરાણ, તે મત્સ્યપુરાણ.

**(૧૭) ગરુડપુરાણ :** આ સૃષ્ટિનું સાંગોપાંગ નિરૂપણ થઈ ગયાં પછી તેની લોકાન્તર ગતિના કયા પ્રકારો છે, તેનો વિષય આ સત્તરમા ગરુડપુરાણમાં નિરૂપાયો છે.

**(૧૮) બ્રહ્માંડપુરાણ :** આ લોક—લોકોત્તરોનો કેટલો વિસ્તાર છે, તે આ અઢારમું બ્રહ્માંડપુરાણ સ્પષ્ટ કરે છે.

આ રીતે, બ્રહ્મથી આરંભીને બ્રહ્માંડ સુધીના ક્રમિક વિષયોને વ્યાસે અઢાર પુરાણોના માધ્યમથી વિસ્તૃતપણે સ્પષ્ટ કરેલ છે. બ્રહ્મથી માંડીને બ્રહ્માંડ સુધીના જ્ઞાનને જ સૃષ્ટિવિદ્યા કહે છે અને આ 'સૃષ્ટિવિદ્યાનું જ ક્રમિક નિરૂપણ પુરાણોમાં થયેલું છે.

નારદપુરાણ, મત્સ્યપુરાણ, દેવીભાગવતાદિ જેવાં વિવિધ પુરાણોએ આપેલાં પુરાણોનાં લક્ષણો અને વિષયો કેટલાંક પુરાણોમાં મળે છે, તો કેટલાંકમાં નથી મળતાં. શ્રીમદ્ભાગવતપુરાણ, વિષ્ણુપુરાણ, લિંગપુરાણ, મત્સ્યપુરાણ અને બ્રહ્માંડપુરાણમાં એ વિષયોનું યથાતથા નિરૂપણ ઠીક ઠીક પ્રમાણમાં મળે છે. શ્લોકસંખ્યા પણ બરાબર જણાય છે. જ્યારે કે, માર્કણ્ડેયપુરાણ, નારદપુરાણ અને પદ્મપુરાણમાં વિષયનિરૂપણ તો બરાબર જોઈ શકાય છે, પરંતુ શ્લોકસંખ્યા ઓછી છે. વિષ્ણુપુરાણ, શિવપુરાણ, ગરુડપુરાણ, વામનપુરાણ, વરાહપુરાણ અને કૂર્મપુરાણમાં કેટલાંક વિષયો જ મળે છે અને શ્લોકસંખ્યા પણ ઓછી છે. સ્કંદપુરાણ અને બ્રહ્મપુરાણમાં મોટાભાગના વિષયો મળે છે, પરંતુ શ્લોકસંખ્યા અધિક જણાય છે. અગ્નિપુરાણ અને બ્રહ્મવૈવર્તપુરાણમાં લક્ષણો બરાબર નથી મળતાં, પરંતુ

તેના વિષય—વૈવિધ્ય અને તેની ઉપોગીતાને આધારે તેને પ્રામાણિક માનવામાં આવે છે. જયારે કે, ભવિષ્યપુરાણમાં અને ખાસ કરીને પ્રતિસર્ગપર્વમાં ન તો લક્ષણો ઘટિત થાય છે કે ન તો તેની શ્લોકસંખ્યા બરાબર છે અને આ કારણે જ, તે અત્યારે ઉપેક્ષિત અને અશ્રદ્ધેય મનાવા લાગ્યું છે.

આમ, પુરાણ પોતાની સદીઓની પરંપરામાં અનેક ઉતાર—ચડાવમાંથી પસાર થયું છે. પુરાણશ્રેષ્ઠ શ્રીમદ્ભાગવતપુરાણ કે ગરુડપુરાણ જેવાં પુરાણોએ તો વેદ કરતાં પણઅધિક પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરીને સમાજમાં માનભર્યું સ્થાન મેળવ્યું છે. સાંપ્રત સમયમાં વેદો કરતાં પણ પુરાણોનું અધ્યયન અધિક થઈ રહ્યું છે, તે 'પુરાણ'ની વધેલી પ્રતિષ્ઠાનું જ દ્યોતક છે.

**–: પાદટીપ :–**

૧. 'પુરાણપ્રવેશ', પરિચ્છેદ–૩, ૪, ૩૨, ૮૨

૨. 'PURAN', (July-1960), pp. 109-111 (Pub. All India Kashiraj Nyas, Ramnagar, Banaras)

૩. 'પુરાણવિમર્શ', પૃ. ૬૩

૪. માનવાર્ષભાષ્ય, પૃ. ૪૬

૫. બ્રહ્મવૈવર્તપુરાણ, ૪/૧૩૩/૭

૬. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૭/૧૦ તથા ૧૨/૭/૨૨

૭. ભવિષ્યપુરાણ,૩/૪/૨૫/૨૨૦

૮. વાયુપુરાણ, ૧૦૪/૨–૧૪

૯. મત્સ્યપુરાણ, ૫૩/૬૧

૧૦. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અધ્યાય ૧

૧૧. સ્કંદપુરાણ, રેવાખંડ, ૧/૨૩/૩૦

૧૨. 'आद्यो वेदश्चतुष्पादः शतसाहस्रसम्मितः ।
ततो दशगुणः कृत्स्नो यज्ञोऽयं सर्वकामधुक् ।। વિષ્ણુપુરાણ, ૩/૪/૧

૧૩. 'व्यासरूपमहं कृत्वा संहरामि युगे युगे ।
चतुर्लक्षप्रमाणेन द्वापरे द्वापरे सदा ।।
तथाष्टादशधा कृत्वा भूर्लोकेऽस्मिन् प्रकाश्यते ।
अद्यापि देवलोकेऽस्मिन् शतकोटिप्रविस्तरम् ।।
तदर्थोऽत्र चतुर्लक्षं संक्षेपेण निवेशितम् ।
पुराणानि दशाष्टौ च साम्प्रतं तदिहोच्यते ।। મત્સ્યપુરાણ, ૫૩/૯–૧૧

૧૪. ''व्यास किसी एक व्यक्ति का अभिधान न होकर एक पदाधिकारी का नाम है ।''
- आचार्य बलदेव उपाध्याय, 'पुराण-विमर्श', पृ ६३

૧૫. શ્રીમદ્‌દેવીભાગવતપુરાણ, ૧/૩/૨૪

૧૬. 'द्वापरे प्रथमे व्यस्ताः स्वयं वेदाः स्वयंभुवा ।
प्रजापतिर्द्वितीये तु द्वापरे व्यासकार्यकृत् ।।
तृतीये चोशना व्यासश्चतुर्थे तु बृहस्पतिः ।
पञ्चमे सविता व्यासः षष्ठे मृत्युस्तथापरे ।।

मघवा सप्तमे प्राप्ते वसिष्ठस्त्वष्टमे स्मृतः ।
सारस्वतस्तु नवमे त्रिधामा दशमे तथा ।।
एकादशेऽथ त्रिवृषो भरद्वाजस्ततः परम् ।
त्रयोदशे चान्तरिक्षो धर्मश्चापि चतुर्दशे ।।
त्रय्यारुणिः पञ्चदशे षोडशे तु धनञ्जयः ।
मेधातिथिः सप्तदशे व्रती ह्यष्टादशे तथा ।।
अत्रिरेकोनविंशेऽथ गौतमस्तु ततः परम् ।
उत्तमश्चैकविंशेऽथ हर्यात्मा परिकीर्तितः ।।
वेनो वाजश्रवाश्चैव सोमोऽमुष्यायणस्तथा ।
तृणबिंदुस्तथा व्यासो भार्गवस्तु ततः परम् ।।
ततः शक्तिर्जातुकर्ण्यः कृष्णद्वैपायनस्ततः ।
अष्टाविंशतिसंख्येयं कथिता या मया श्रुता ।।'

श्रीमद्देवीभागवतपुराण, १/३/२६-३३

१७. વિષ્ણુપુરાણ, ૩/૩/૧૧–૧૯

१८. વાયુપુરાણ, ૨૩/૧૫૧

१९. 'क्षीणायुषः क्षीणसत्वान्दुर्मेधान्वीक्ष्य कालतः ।
ब्रह्मेशाद्यैर्लोकपालैर्याचितो धर्मगुप्तये ।। શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૬/૪૭

२०. મત્સ્યપુરાણ, ૩/૩–૪ તથા ૫૩/૪

२१. अथर्ववेद, ११/७/२४

२२. ऋग्वेद, ६/६६/४

२३. વિષ્ણુપુરાણ, ૧/૭/૪–૬

२४. શ્રીમદ્ભાગવતપુરાણ, ૨/૬/૭, ૪/૫/૧૭, ૭/૧૨/૨૬, ૫/૨૩/૫, ૧૦/૫૪/૪૯ તથા

'दक्षो मरीचिरत्रिश्च भृग्वाद्याश्च प्रजेश्वराः ।
जगत्यत्र महाभाग नित्यसर्गस्य हेतवः ।।' વિષ્ણુપુરાણ, ૭/૩૪

२५. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૩/૨૭, ૨/૩/૨, ૭/૮/૩૮

२६. વિષ્ણુપુરાણ, ૧/૭/૧૮–૧૯

२७. વાયુપુરાણ, ૨/૧૯, ૩/૫, ૩૮/૪૪

૨૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૪/૧/૩૫

૨૯. વિષ્ણુપુરાણ, ૧/૭/૫

૩૦. મત્સ્યપુરાણ, ૩/૭

૩૧. 'पुराण-विमर्श', पृ ५६

૩૨. બ્રહ્માંડપુરાણ, ૪/૪/૬૦,

૩૩. બ્રહ્માંડપુરાણ, ૪/૪/૬૧, વાયુપુરાણ, ૧૦૩/૬૧,

૩૪. શ્રીમદ્ભાગવતપુરાણ, ૫/૪/૧૧, ૧૧/૨/૨૧

૩૫. મત્સ્યપુરાણ, ૩/૧૦

૩૬. બ્રહ્માંડપુરાણ, ૨/૩૫/૧૨૦, ૪/૪/૫૨

૩૭. વાયુપુરાણ, ૧૦૩/૬૩

૩૮. શ્રીમદ્દેવીભાગવતપુરાણ, ૧/૩/૩૦, વિષ્ણુપુરાણ, ૩/૩/૧૫,
બ્રહ્માંડપુરાણ, ૨/૩૫/૧૨૧

૩૯. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩//૧૨/૨૧–૨૩, મત્સ્યપુરાણ, ૩/૬, ૯/૨૭

૪૦. મત્સ્યપુરાણ, ૧૭૧/૨૭, ૧૯૨/૧૧

૪૧. બ્રહ્માંડપુરાણ, ૨/૩૫/૧૨૨,

૪૨. બ્રહ્માંડપુરાણ, ૨/૩૫/૧૨૩, ૪/૪/૬૪–૬૫, વાયુપુરાણ, ૧૦૩/૬૪

૪૩. વિષ્ણુપુરાણ, ૪/૧૯/૫૭–૫૮

૪૪. વિષ્ણુપુરાણ, ૩/૩/૧૮

૪૫. વાયુપુરાણ, ૧/૧૦

૪૬. વાયુપુરાણ, ૯૮/૯૩

૪૭. 'पं. श्रीकृष्णमणि त्रिपाठी, पौराणिक रहस्यों का अनुशीलन', पृ ४

૪૮. 'पुराण-विमर्श', पृ ५५

૪૯. નારદપુરાણ, ૯૨/૧–૩, શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૮/૨૩–૨૪,
વિષ્ણુપુરાણ, ૩/૬/૨૧–૨૪, મત્સ્યપુરાણ, ૫૩/૧૨–૫૭

૫૦. વિષ્ણુપુરાણ, ૧/૧/૩૦

૫૧. વિષ્ણુપુરાણ, ૧/૧/૩૪

૫૨. વિષ્ણુપુરાણ, પ્રથમ અંશનો પ્રથમાધ્યાય

૫૩. 'इतिहासपुराणज्ञं वेदवेदाङ्गपारगम् ।
धर्मशास्त्रादितत्त्वज्ञं वशिष्ठतनयात्मजम् ।। विष्णुपुराण, १/१/४

૫૪. બ્રહ્માંડપુરાણ, ૨/૩/૩૧, વિષ્ણુપુરાણ, ૩/૬/૧૫, વાયુપુરાણ, ૬૦/૨૧

૫૫. મહાભારત, શાંતિપર્વ, અ. ૨૩૧ થી ૨૫૫

૫૬. વિષ્ણુપુરાણ, ૩/૬/૧૬

૫૭. વાયુપુરાણ, ૬૧/૫૫–૫૬

૫૮. વાયુપુરાણ, ૬૧/૫૭–૬૧

૫૯. આ ઘટનાનો ઉલ્લેખ વાયુપુરાણ ઉપરાંત, વિષ્ણુપુરાણ, ૩/૬/૧૭–૧૮, શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૭/૫, અગ્નિપુરાણ, ૨૭૧/૧૧–૧૨માં પણ મળી આવે છે.

૬૦. પાણિનિસૂત્ર, ૪/૩/૨૩.

૬૧. યાસ્કાચાર્ય, નિરુક્ત–૩/૧૯/૨૪.

૬૨. શ્રીમદ્ભગવદગીતા, ૮/૯

૬૩. 'यस्मात् पुरा ह्यनतीदं पुराणं तेन स्मृतम् ।' વાયુપુરાણ, ૧/૧/૧૮૩.

૬૪. પદ્મપુરાણ, ૫/૨/૫૩.

૬૫. મત્સ્યપુરાણ, ૫૩/૭૧.

૬૬. 'ऋग्वेदं भगवोऽध्येमि यजुर्वेदं सामवेदमथर्वणं चतुर्थमितिहासपुराणं पंचमं वेदानां वेदम् ।' છાંદોગ્યોપનિષદ, ૭/૧.

૬૭. 'इतिहासपुराणं पंचमं वेदानां वेदः ।' ન્યાયદર્શન, ૪/૧/૬૨.

૬૮. 'इतिहासपुराणं च पंचमो वेद उच्यते ।' શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૪/૨૦.

૬૯. 'इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् ।' મહાભારત, આદિપર્વ, ૧/૨૬૭.

૭૦. 'इतिहासपुराणाख्यमुपांगं च प्रकीर्तितम् ।' સીતોપનિષદ, ૨૯

૭૧. આચાર્ય બલદેવ ઉપાધ્યાય, 'पुराणविमर्श' પૃ. ૪.

૭૨. 'कल्याण' मासिक, पुराणाङ्क, पृ ३५

૭૩. 'संस्कृत-हिन्दी कोश', वामन शिवराम आप्टे, पृ १७४

૭૪. 'संस्कृत-शब्दार्थ-कौस्तुभ', चतुर्वेदी द्वारकाप्रसाद शर्मा, पृ २१४

૭૫. નિરુક્ત, ૨/૨૪ ૫૨ની દુર્ગાચાર્યની ટીકા

૭૬. 'तत्रेतिहासमाचक्षते-देवापिश्चार्ष्टिषेणः शन्तनुश्च कौरव्यौ भ्रातरौ बभुवतुः ।

निरुक्त, २/१०

૭૭. 'तथा तत्रेतिहासमाचक्षते-विश्वामित्र ऋषिः सुदासः पैजवनस्य पुरोहितो बभुव ।'

निरुक्त, २/२४

૭૮. 'अत्राप्युदाहरतीममितिहासं पुरातनम् ।' मत्स्यपुराण, ७२/६

૭૯. 'परिक्रिया पुराकल्प इतिहासगतिर्द्विधा ।
स्यादेकनायका पूर्वा द्वितीया बहुनायका ।।' काव्यमीमांसा

૮૦. 'त्रितं कूपेऽवहितमेतत् सूक्तं प्रतिबभौ । तत्र ब्रह्मेतिहास-मिश्रमृङ्मिश्रं गाथामिश्रं भवति । त्रितस्तीर्णतमो मेधया बभूव ।'

निरुक्त, ४/६

૮૧. અથર્વવેદ, ૧૫/૬/૧૧

૮૨. અથર્વવેદ, ૧૧/૮/૭

૮૩. શતપથબ્રાહ્મણ, ૧૩/૪/૩/૧૩

૮૪. શતપથબ્રાહ્મણ, ૧૧/૫/૭/૯

૮૫. શતપથબ્રાહ્મણ, ૧૧/૫/૬/૮

૮૬. શતપથબ્રાહ્મણ, ૧૪/૬/૧૦/૬

૮૭. ગોપથ, પૂર્વભાગ, ૨/૧૦

૮૮. તૈત્તિરીયારણ્યક, પ્રપાઠક—૨, અનુવાક્—૯

૮૯. બૃહદારણ્યકોપનિષદ, ૨/૪/૧૧

૯૦. છાંદોગ્યોપનિષદ, ૭/૧/૨

૯૧. 'इतिहासपुराणानीत्यमृतस्य कुल्याः ।' આશ્વલાયનગૃહ્યસૂત્ર, ૩/૩/૩

૯૨. ગૌતમધર્મસૂત્ર, ૮/૪—૬

૯૩. આપસ્તંબધર્મસૂત્ર, ૨/૯/૨૩/૩—૫

૯૪. આપસ્તંબધર્મસૂત્ર, ૨/૬/૨૪/૬

૯૫. 'पुराण-विमर्श', पृ १६

૯૬. આપસ્તમ્બધર્મસૂત્ર, ૧/૧૦/૨૯/૭

૯૭. વ્યાસસ્મૃતિ, ૪/૪૫

૯૮. મનુસ્મૃતિ, ૩/૨૩૨

૯૯. ઉશનસ્ સ્મૃતિ, ૩/૩૪

૧૦૦. યાજ્ઞવલ્કયસ્મૃતિ, ઉપોદ્‌ઘાત, શ્લોક—૩.

૧૦૧. યાજ્ઞવલ્કયસ્મૃતિ, ૧/૪૫—૪૬

૧૦૨. એજન, ૧/૧૦૧, ૩/૧૮૯ વગેરે

૧૦૩. મહાભારત, આદિપર્વ, ૫/૨

૧૦૪. મહાભારત, આદિપર્વ, અનુક્રમણિકાપર્વ, શ્લોક ૬૭

૧૦૫. મહાભારત, આદિપર્વ, ૧/૬૪

૧૦૬. મહાભારત, વનપર્વ, ૧૯૧/૧૬

૧૦૭. મહાભારત, સ્વર્ગારોહણપર્વ, અ. ૬

૧૦૮. રામાયણ, અયોધ્યાકાંડ, ૧૫/૧૮

૧૦૯. રામાયણ, અયોધ્યાકાંડ, ૧૬/૧

૧૧૦. અર્થશાસ્ત્ર, ૫/૬

૧૧૧. 'सामर्ग्यजुर्वेदास्त्रयस्त्रयी अथर्ववेदेतिहासवेदौ च वेदाः ।' અર્થશાસ્ત્ર, ૧/૩

૧૧૨. અર્થશાસ્ત્ર, ૪/૧૩

૧૧૩. 'तृतीये चोशना व्यासश्चतुर्थे च बृहस्पतिः ।' विष्णुपुराण, ३/३/१२

૧૧૪. શુક્રનીતિ, ૪/૨૬૪

૧૧૫. શુક્રનીતિ, ૧/૧૫૯

૧૧૬. શુક્રનીતિ, ૧/૧૫૪

૧૧૭. શુક્રનીતિ, ૩/૩૮

૧૧૮. 'द्वैपायनेन यत् प्रोक्तं पुराणं परमर्षिणा ।
सुरैर्ब्रह्मर्षिभिश्चैव श्रुत्वा यदभिपूजितम् ।। महाभारत, आदिपर्व, १/१७

૧૧૯. 'इमं यो ब्राह्मणं विद्वानितिहासं पुरातनम् ।
श्रुणुयाद् श्रावयेद्वापि तथाऽध्यापयतेऽपि च ।।
धन्यं यशस्यमायुष्यं पुण्यं वेदैश्च संमतम् ।
कृष्णद्वैपायनेनोक्तं पुराणं ब्रह्मवादिना ।।' वायुपुराण, १०३/४८, ५१

૧૨૦. બ્રહ્માંડપુરાણ, ૪/૪/૪૭, ૫૦

૧૨૧. છાંદોગ્યોપનિષદ, ૭/૧ પરનું શાંકરભાષ્ય

૧૨૨. શતપથબ્રાહ્મણ, ૧૧/૫/૬/૮ પરનું સાયણભાષ્ય

૧૨૩. 'आन्वीक्षिकी दण्डनीतिस्तर्कविद्यार्थशास्त्रयोः ।
आख्यायिकोपलब्धार्था पुराणं पञ्चलक्षणम् ।।' अमरकोश, १/६/५

૧૨૪. અર્થશાસ્ત્ર, ૧/૫

૧૨૫. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૭/૨૩–૨૪

૧૨૬. દેવીભાગવત, ૧/૩/૨૧

૧૨૭. ઉમાસંહિતા, ૧૩/૪૧

૧૨૮. वराहपुराण, भुमिका, पृ १३

૧૨૯. वराहपुराण, भुमिका, पृ १५

૧૩૦. વિષ્ણુપુરાણ, ૩/૬/૨૦–૨૪

૧૩૧. મત્સ્યપુરાણ, ૫૩/૫૯

૧૩૨. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૭/૧૦ તથા ૧૨/૭/૨૨

૧૩૩. બ્રહ્મવૈવર્તપુરાણ, ૪/૧૩૧/૭ તથા ૪/૧૩૧/૧૦

૧૩૪. મત્સ્યપુરાણ, ૫૩/૬૨–૬૩

૧૩૫. સૌરપુરાણ, ૯/૪/૫

૧૩૬. કૂર્મપુરાણ, ૧/૧/૧૬.

૧૩૭. સ્કંદપુરાણ, શિવમાહાત્મ્યખંડ, ૧/૧૨–૧૩

૧૩૮. 'पुराणविमर्श', पृ ७५

૧૩૯. સૌરપુરાણ, ૯/૧૨.

૧૪૦. पुराणदिग्दर्शन, पृ ५

૧૪૧. वराहपुराणम्, भूमिका, पृ XI

૧૪૨. 'वीर्यं तेजो बलं चाल्पं मनुष्याणामवेक्ष्य च ।
हिताय सर्वभूतानां वेदभेदान् करोति सः ।।' વિષ્ણુપુરાણ, ૩/૩/૬–૮

૧૪૩. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૭/૨૩–૨૪

૧૪૪. પદ્મપુરાણ, ભૂમિખંડ, ૧૨૫/૪૮–૪૯

૧૪૫. મત્સ્યપુરાણ, અધ્યાય ૫૩

૧૪૬. મત્સ્યપુરાણ, ૫૩/૧૭

૧૪૭. મત્સ્યપુરાણ, ૫૩/૧૮

૧૪૮. મત્સ્યપુરાણ, ૫૩/૨૦–૨૨

૧૪૯. મત્સ્યપુરાણ, ૫૩/૨૩

૧૫૦. મત્સ્યપુરાણ, ૫૩/૨૫–૨૬

૧૫૧. મત્સ્યપુરાણ, ૫૩/૨૮–૨૯

૧૫૨. મત્સ્યપુરાણ, ૫૩/૩૦, ૩૧

૧૫૩. મત્સ્યપુરાણ, ૫૩/૩૩–૩૪

૧૫૪. મત્સ્યપુરાણ, ૫૩/૩૬–૩૭

૧૫૫. મત્સ્યપુરાણ, ૫૩/૪૧–૪૨

૧૫૬. મત્સ્યપુરાણ, ૫૩/૪૪–૪૫

૧૫૭. મત્સ્યપુરાણ, ૫૩/૪૬–૪૭

૧૫૮. કૂર્મપુરાણ, ૧/૧/૨૨–૨૪

૧૫૯. મત્સ્યપુરાણ, ૫૩/૪૯–૫૦

૧૬૦. મત્સ્યપુરાણ, ૫૩/૫૨–૫૩.

******

# પ્રકરણ– ૩, વેદો અને પુરાણોનો સંબંધ

(અ) ધાર્મિક દૃષ્ટિએ

(બ) સાહિત્યિક દૃષ્ટિએ

(ક) આધ્યાત્મિક દૃષ્ટિએ

(ડ) અવતારવાદની દૃષ્ટિએ

પાદટીપ

# પ્રકરણ–૩, વેદો અને પુરાણોનો સંબંધ

## ભૂમિકા

વેદો અને પુરાણો ભારતીય સંસ્કૃતિના બે મૂલાધારો છે. મહાન આદર્શો, ગહન અને એટલી જ સૂક્ષ્મ વૈચારિકતા, ઉચ્ચતમ જીવનમૂલ્યો, પ્રશિષ્ટ નૈતિકતા, આકાશ જેટલું ઊંચું અધ્યાત્મજ્ઞાન, પ્રેરક આચારો અને વ્યવહારો દ્વારા ભારતીય સંસ્કૃતિએ વિશ્વમાં અદ્વિતીય અને અગ્રસર સ્થાન પ્રાપ્ત કર્યું છે, તે વૈદિક અને પૌરાણિક સાહિત્યને જ આભારી છે. વેદો તો સંસારનું પ્રાચીનતમ સાહિત્ય છે જ, પુરાણો પણ પરવર્તી મનાતાં હોવાં છતાં, અત્યંત પ્રાચીન છે. અહીં પુરાણો કયારે લખાયાં? એ પ્રશ્ન મહત્ત્યવનો નથી, પરંતુ એની પરંપરા કયારથી શરૂ થઈ, એ બાબત મહત્ત્વની છે. પ્રારંભમાં બન્ને સ્વતંત્રરૂપે વિકસેલાં અને પછીથી એકબીજાનાં પૂરક બનેલાં આ બન્ને પ્રકારનાં સાહિત્યોનો સંબંધ સદીઓ પુરાણો છે. બન્નેએ ઉત્કૃષ્ટતયા સભાનપણે ભારતીય સંસ્કૃતિના વટવૃક્ષનું સિંચન કર્યું છે.

વૈદિક સાહિત્ય બહુ જ વિશાળ અને જ્ઞાનના ભંડાર સમાન છે, તેની ભાષા પોતાની ઘણી જ આગવી વિશેષતાઓ ધરાવે છે. પ્રાચીન સમયમાં વેદો સમાજનું શિષ્ટ અને ઉચ્ચવર્ગનું સાહિત્ય હતું. સમાજના મૂર્ધન્ય વિદ્વાનોને તે કંઠસ્થ હતું અને તેનું અધ્યયન પણ મૌખિકતયા થતું હતું; પરંતુ સમયની સાથે સાથે પરવર્તીકાળમાં વેદની ભાષા દુરુહ બની. તેને સમજનારો પંડિતવર્ગ સીમિત બનવા લાગ્યો. આવા સમયે ભારતીય પ્રજાને સમાજની ઉન્નતિ, પાપકર્મની નિવૃત્તિ, લોક–પરલોક સુધારનારી પ્રવૃત્તિ અને સદાચારની વૃત્તિ વગેરેનું સ્પર્શતું વૈદિક જ્ઞાન સામાન્ય માણસ સુધી પહોંચતું બંધ થયું. એ કટોકટીના સમયે વેદ અને વૈદિક સાહિત્યના પ્રચાર અને પ્રસારની જરૂરિયાત ઊભી જઈ. એ અંધાધૂંધીને પહોંચી વળવા વેદના પૂરક તરીકે જ્ઞાનરૂપ પુરાણના પ્રસારનો પ્રારંભ થયો. પુરાણનાં મુખ્ય લક્ષ્યોમાં એક, ભારતીય સમાજના દરેક વર્ગના ઉદ્ધાર અને કલ્યાણનું છે. વેદનાં ગંભીર રહસ્યો અને જ્ઞાનને લૌકિક ભાષા દ્વારા સરળ અને સુબોધ શૈલીમાં લોકો સુધી પહોંચાડવાનું છે. એથી વેદની દુરુહતાને દૂર કરવા અને તેના યોગ્ય અર્થોને સમાજના પ્રત્યેક અંગ સુધી લઈ જવા પુરાણ એક સુયોગ્ય સહાયકના રૂપમાં તેની વહારે આવ્યું અને વેદોએ પોતાના વેદત્વને છોડયા વગર અર્થસિદ્ધિને પ્રાપ્ત કરી.

પુરાણોમાં વેદની પુષ્ટિ અનેક સ્થાનોએ જોવા મળે છે. જેને દર્શાવતાં

જીવગોસ્વામીએ 'પુરાણ'ની થોડી વિશિષ્ટ વ્યુત્પત્તિ આપી છેઃ 'पुरणात् पुराणम्' અર્થાત્, 'જે વેદાર્થને પૂર્ણ કરે છે, તે પુરાણ'.[૧] એક બાબત તો સર્વ સ્વીકૃત છે કે, સમાન ગુણો ધરાવતી વસ્તુઓ જ એક–બીજાની પૂરક અને સહાયક બને છે. જેમ શુદ્ધ સોનાના હારને પૂર્ણ કરવા શુદ્ધ સોનું જ ઉપયોગી બને છે, અન્ય ધાતુઓ ઉપયોગમાં ન લઈ શકાય અને અન્ય ધાતુનો ઉપયોગ કરતાં તેની શુદ્ધતાને હાનિ પહોંચે છે, તેમ વેદને સમજવા માટે પુરાણો જ ઉપયુકત ગણાય. પુરાણોમાં એવા અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે કે, જેમાં તેણે પોતાને વેદ–સમકક્ષ ગણાવ્યું હોય. સ્કંદપુરાણનું કથન છે કે,– સૃષ્ટિના પ્રારંભે દેવોના પિતામહ બ્રહ્માએ ઉગ્ર તપ કર્યું, જેના ફળ સ્વરૂપે પદ અને ક્રમથી યુકત વેદોનો આવિર્ભાવ થયો. તેની સાથે સર્વશાસ્ત્રમય પુરાણનો પણ આવિર્ભાવ થયો. જે નિત્ય શબ્દમય, પુણ્યદાયક અને વિસ્તારમાં એક સો કરોડ શ્લોકો ધરાવતું હતું. આ પુરાણ પણ વેદની જેમ બ્રહ્માના મુખમાંથી ઉત્પન્ન થયું. શ્રીમદ્ભાગવતમાં પણ આ વાત કહેલ છે. આમ અહીં પુરાણ પોતાના અસ્તિત્વ વિશે વેદની જેમ જ પ્રમાણ આપે છે. બૃહન્નારદીયપુરાણમાં દર્શાવવામાં આવ્યું છે કે, –

'हरिर्व्यासस्वरूपेण जायते च युगे युगे ।
चतुर्लक्षप्रमाणेन द्वापरे द्वापरे सदा ।।
तदष्टादशधा कृत्वा भूर्लोके निर्दिशत्यपि ।
अद्यापि देवलोके तु शतकोटिप्रविस्तरम् ।।'

ભૂલોકમાં ચારલાખનો અને દેવલોકમાં સો કરોડનો વિસ્તાર પુરાણોનો જાણવો જોઈએ. 'વેદ'ની જેમ 'પુરાણ' અનાદિ છે. કારણ કે, વેદોની જેમ વ્યાસરૂપ ધારણ કરીને સ્વયં ભગવાન દ્વારા જ પુરાણનો આવિર્ભાવ થયલો છે. આનાથી જ પુરાણનું વેદોપબૃંહણત્વ સિદ્ધ થાય છે. મહાભારતનું આ પ્રસિદ્ધ વાકય– 'इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् ।' તેનું સાક્ષ્ય છે. વેદ અને પુરાણ અનાદિ છે. બંને પ્રતિકલ્પમાં આવિર્ભાવ પામ્યાં છે. એ અંશમાં સમાનતા હોવા છતાં સ્વર અને ક્રમાદિના વૈલક્ષણ્યથી બન્નેમાં પરસ્પર ભેદ છે. કેટલાંયે વ્રતો વિધિ–વિધાનો વેદમાં વર્ણવાયેલાં નથી, તેનું અનુષ્ઠાન ન કરવું, એવો તેનો અર્થ લગારે થતો નથી; પરંતુ જે વેદમાં ઉપલબ્ધ થતું નથી છતાં પુરાણોક્ત હોવાથી ગ્રાહ્ય માનવું જોઈએ. કેમકે, વેદમાં ગ્રહોનું ભ્રમણ, કાલશુદ્ધિ, તિથિઓનો ક્ષય–વૃદ્ધિ, અને પર્વ, ગ્રહ વગેરેના નિર્ણયો નથી, પરંતુ પુરાણોમાં આ બધું છે. જે વાત વેદમાં મળતી નથી, તે

સ્મૃતિમાં લક્ષિત થઈ જાય છે. પુરાણોમાં વિધાન છે કે, વેદાર્થની અપેક્ષાએ પુરાણાર્થને વધારે (ગહન) માનવો જોઈએ. તેમાં કોઈ જ શંકા નથી કે, પુરાણોમાં વેદ સારી રીતે પ્રતિષ્ઠિત છેઃ

'न वेदे कालसञ्चारो न शुद्धिः कालबोधिनी ।
तिथिवृद्धिक्षयो वापि न पर्वग्रहनिर्णयः ।।
इतिहासपुराणैस्तु कृतोऽयं निर्णयः पुरा ।
यन्न दृष्टं हि वेदेषु तत्सर्वं लक्ष्यते स्मृतौ ।।
उभयोर्यन्न दृष्टं हि तत्पुराणैः प्रगीयते ।
वेदार्थादधिकं मन्ये पुराणार्थं वरानने ।।
वेदाः प्रतिष्ठिताः सम्यक् पुराणे नात्र संशयः ।।'[२]

સ્કંદપુરાણમાં શ્રુતિ–સ્મૃતિને બે નેત્ર અને પુરાણને હૃદય તરીકે ઓળખાવ્યું છે. એક નેત્રથી હીન મનુષ્ય કાણો અને બન્નેના અભાવમાં આંધળો કહેવાય છે, પરંતુ પુરાણહીન મનુષ્ય હૃદયશૂન્ય છે. કાણા અને આંધળા તો તેની અપેક્ષાએ ઘણા જ સારા છેઃ

'श्रुति-स्मृती उभे नेत्रे पुराणं हृदयं स्मृतम् ।
एकेन हीनः काणः स्याद् द्वाभ्यामन्धः प्रकीर्तितः ।।
पुराणहीनाद् हृच्छून्यात्काणान्धावपि तौ वरौ ।'

આમ પુરાણો અને વેદો વચ્ચે ઘણો જ ગાઢ સંબંધ જોઈ શકાય છે.

## પ્રકરણ–૩, વેદો અને પુરાણોનો સંબંધ

### (અ) ધાર્મિક દષ્ટિએ

ભારતીય સંસ્કૃતિમાં 'ધર્મ' શબ્દનો પ્રયોગ, તેના પ્રચલિત સામાન્ય અર્થ કરતાં જુદો અને ઘણો જ વ્યાપક અર્થમાં કરવામાં આવ્યો છે. હિંદુધર્મ મનુષ્યને સંસારનાં બંધનોથી પૂર્ણતયા મુક્ત અને સ્વતંત્ર કરે છે. મનુષ્યના જીવનનું ચરમલક્ષ્ય પુરુષાર્થ વડે જન્મોની પરંપરાથી છૂટીને પૂર્ણમોક્ષની પ્રાપ્તિ છે. આ જગતમાં બાહ્ય અને આંતરિક (શારીરિક અને માનસિક) પરિસ્થિતિઓ દુર્ભાગ્યનો ઉદય થતાં મનુષ્યને પરતંત્ર બનાવે છે. આત્માનો નિર્બાધ વિકાસ કરીને, એ પરતંત્રતાથી મુક્ત થઈ શકાય છે. આત્માને વિકસાવવાનાં અને મુક્ત કરવાનાં અનેક સાધનો અને માર્ગો હિન્દુધર્મમાં જોઈ શકાય છે. હિન્દુધર્મ એ બધાં જ સાધનો કે માર્ગોના આધારે પ્રવૃત્ત થયેલ વિવિધ સંપ્રદાયોનું સામુદાયિક સ્વરૂપ છે. હિન્દુધર્મનું કોઈ ચોક્કસ સ્વરૂપ કે નિયમગત માળખું એ કારણે જ જોવા મળતું નથી. તે માત્ર બુદ્ધિ દ્વારા નિષ્પન્ન લુખા–સુકા તર્કોનું સંયોજન જ નથી, તેના તાર હૃદય અને આત્મા સાથે પણ જોડાયેલા છે. 'धारयतीति धर्मः' એવી ધર્મની વ્યાખ્યાની વ્યાપકતા ઈહલોક અને પરલોક સુધી વિસ્તરે છે. આ જગતના ક્ષેમ અને કુશળની જ નહીં, હિંદુધર્મ પરલોકના કલ્યાણ અને મંગલની પણ કામના કરે છે અને લૌકિક તથા પારલૌકિક તમામ બાબતોની ચિંતા કરી, તેનાથી મુક્ત કરીને આત્માને પરમ તત્ત્યવની સાથે જોડી દે છે. વિશ્વના પ્રાચીન, પ્રાચીનતમ કે અર્વાચીન તમામ ધર્મોમાં હિંદુધર્મનું સ્થાન એટલે જ અદ્વિતીય છે. સભ્યતા એ જીવનને સાધનોથી સંપન્ન કરી, સરળ અને સુખમય બનાવવાની એક પદ્ધતિ છે તો સંસ્કૃતિ એ માનવજીવનના આદર્શોને આત્મસાત્ કરતી જીવનપ્રણાલી છે. વેદમાં મનુષ્યને જીવન જીવવા જરૂરી એવા ન્યુનતમ સર્વસાધનોના વિકાસ સુધી સભ્યતાએ સિદ્ધિ હાંસલ કરી હતી. મનુ પ્રમાણે ધર્મનાં નિમ્ન દસ લક્ષણો છેઃ

'धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।<br>
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ।।'

વેદો હિંદુધર્મ કે જેને સનાતનધર્મના અન્ય નામથી પણ ઓળખવામાં આવે છે, તેનું સ્થાપક અને પ્રેરક બિંદુ છે. વેદના ઋષિના ભાવલોકમાં, હૃદયગુહામાં કે આંતરમનમાં જે આદર્શોના ઉત્તુંગ હિમાલયને સર કરવામાં આવ્યો હતો તે

શાશ્વત મૂલ્યો ધરાવતા સિદ્ધાંતોમાં તત્કાલીન સંસ્કૃતિનાં દર્શન કરી શકાય છે. માનવીની વ્યકિતગત પ્રતિષ્ઠાથી માંડી વિશ્વબંધુત્વની ભાવના સુધી વેદના ધર્મે જે અવનવા આદર્શો આપ્યા છે, તેનાથી વધુ સારી ધાર્મિક ક્ષેત્રે ઉન્નતિ આપણે કરી શકયા નથી. ધર્મ અને તત્ત્વવજ્ઞાનના ક્ષેત્રમાં ઋષિઓનું જ પ્રદાન ભારતમાં અદ્વિતીય રહ્યું છે. સૂર્ય અને ચંદ્ર પ્રકાશમાન રહેશે ત્યાં સુધી તે સ્વીકારાશે તેમાં કોઈ શંકા નથી. સદીઓ પૂર્વે મનુએ શ્રદ્ધાપૂર્વક આદેશ આપ્યો કે, 'वेदोऽखिलो धर्ममूलम्' અને ભારતીય બહુજનસમાજ આ વિધાનની યથાર્થતાની સામે સ્વપ્ને પણ પ્રશ્ન કરવા તૈયાર નથી, એ જ દર્શાવે છે કે, વેદવિહિત ધર્મને ભારતમાં કેવું ગૌરવભર્યું સ્થાન સાંપડયું છે.

વેદના કાલના ધર્મનું ચિત્ર આવા નાનકડા પ્રકરણમાં આપવાનો પ્રયાસ એ તેને અન્યાય કરનારો સાબિત થાય તેમ છે, છતાં કેટલીક મહત્ત્યવની બાબતોને નજર સમક્ષ રાખીને વૈદિક ધર્મનું સ્વરૂપ સમજવાનો પ્રયાસ કરીએઃ

માનવતા એ આ યુગની અનેરી આકાંક્ષા છે. માનવતામાંથી દિવ્યતા તરફ ગતિ કરવા વેદના ઋષિએ અગ્નિની સ્તુતિ કરતું એક સૂક્ત આપ્યું છે.[૩] એક સ્થળે વેદમાં સ્પષ્ટ કહેવાયું છે કે,– 'मनुर्भव जनया दिव्यं जनम् ।' – માનવ બનો, દિવ્યજનોને જન્માવો. એક અર્થમાં ઋગ્વેદનો માનવબાળને આ અનેરો સંદેશ છે. વાસ્તવમાં માનવી એ હાડચામનું હરતું ફરતું હાડપિંજર નથી. એથી કંઈક વિશેષ છે. ભગવાન વેદવ્યાસે તો પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું છે કે, માનવીથી શ્રેષ્ઠ બીજું કાંઈ જ નથી–

'गुह्यं ब्रह्म तदिदं ब्रवीमि नहि मानुषाच्छ्रेष्ठतरं हि किञ्चित् ।'[૪]

શબના સંસ્કાર, અન્ય લોકની કલ્પના વગેરેની બાબતમાં ઋગ્વેદના દસમા મંડળમાં ૧૪ થી ૧૮ સૂક્તોમાં પર્યાપ્ત માહિતી મળે છે. અગ્નિદાહ શબ માટેનો સર્વોત્તમ અને સર્વમાન્ય સંસ્કાર હતો. વળી, 'मृण्मयं गृहम्' ના નિર્દેશ પરથી દાટવાની ક્રિયા પણ થતી હતી, તેમ મનાય છે. ચિતા જલાવવામાં આવે તે પહેલા શબની સાથે સુતેલી સ્ત્રીને ઊભી કરવામાં આવતી અને ધનુષ્યને લઈ લેવામાં આવતું. આથી એવી કલ્પના કરવામાં આવે છે કે, આ પૂર્વે પત્ની અને ધનુષ્ય બાળ વામાં આવતાં હશે. મૃતાત્માને ઉચ્ચ લોકમાં બેઠેલા પિતૃઓ અને યમ સાથે આનંદ કરવા માટે જવાની વાત વેદમાં આવે છે. યમને પિતૃલોકમાં જનારાઓમાં સર્વપ્રથમ અને માનવ માટે માર્ગશોધક માનવામાં આવે છે. તેના ચાર આંખવાળા સરમાના પુત્રો એવા બે કૂતરાંના ઉલ્લેખો મળે છે. લાંબા નાકવાળા, પ્રાણથી તૃપ્ત થનારા

આ બે કૂતરાંઓને યમના દૂત માન્યા છે.

વૈદિક સાહિત્યમાં સ્વર્ગ વિષયક કલ્પના પણ સુંદર રીતે થયેલી ઉપલબ્ધ થાય છે. ત્યાં રાત અને દિવસ સુંદર અને આનંદદાયક છે. ત્યાં રાજા વૈવસ્વત રહે છે. ત્યાં રોગી, નિરોગી અને નિર્બળ બલિષ્ઠ બની જાય છે. ત્યાં મનુષ્ય પોતાના ઈષ્ટ અને પૂર્તના ફળને પામે છે. આત્માને સ્વર્ગમાં સોમ, મધુ, ઘૃત, દૂધ વગેરે આનંદદાયક પદાર્થો મળે છે. અપ્સરાની વાત પણ ત્યાં છે. અથર્વવેદ અનેક સ્ત્રીઓ સ્વર્ગમાં છે, એમ જરૂર કહે છે.[૫] વળી લોકોની પ્રત્યેક કામનાઓ પૂરી કરનાર ધેનુ સ્વર્ગમાં છે. એવી ભાવના પણ વ્યક્ત થઈ છે.[૬] આ સ્વર્ગલોક અપરિમિત છે.[૭] દેવોએ યજ્ઞ, શ્રમ, તપ અને આહુતિ વડે સ્વર્ગને જીતી લીધો.[૮] આટલા માટે બ્રાહ્મણગ્રંથોમાં સ્પષ્ટ વિધાન છે કે, 'સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો જોઈએ.'[૯] આમ, ઋગ્વેદની સંહિતામાં સ્વર્ગની કોઈક ભાવના બંધાઈ, જેનું અથર્વવેદમાં વધુ દઢીકરણ થયું અને બ્રાહ્મણગ્રંથોમાં સ્વર્ગનું સ્વરૂપ સુનિશ્ચિત થઈ ચૂક્યું. સ્વર્ગ ઉપરાંત, વિષ્ણુના પરમ પદની કલ્પના સુરમ્ય અને આકર્ષક છે. જેની નોંધ ઓછી લેવામાં આવી છે. વિષ્ણુના પરમ પદમાં મધુનું ઝરણું છે.[૧૦] આ પદને જ્ઞાની, જાગરુક, વિપ્ર અને વિદ્વાન પ્રાપ્ત કરી શકે છે.[૧૧] પાછળથી આવેલી વૈકુંઠની કલ્પનામાં વિષ્ણુ વિષયક મંત્રોએ અવશ્ય ભાગ ભજવ્યો હશે. સ્વર્ગથી ભિન્ન એવી નરકની કલ્પના ઋગ્વેદમાં શબ્દ દ્વારા અભિધેય બની નથી, પરંતુ અથર્વવેદમાં તો સ્પષ્ટરીતે તેનો ઉલ્લેખ છે. શુકલ યજુર્વેદમાં ગાઢ અંધકારથી ઘેરાયેલ 'असूर्या' નામના લોકની વાત છે.[૧૨] ઐતરેયારણ્યકમાં ઈશાન ખૂણામાં વિસર્પી, નૈઋત્યમાં અવિસર્પી, અગ્નિમાં વિષાદી અને વાયવ્યમાં અવિષાદી એવા નરકોના પ્રકારોની પણ વાત આવી છે.[૧૩] આમ, સ્વર્ગ અને નરકની કલ્પના અતિ પ્રાચીન અને ઘણું ખરું સંહિતાઓના સમયથી અસ્તિત્વમાં આવી છે.

વેદના કાલમાં અનેક દેવતાઓનાં સ્વરૂપોની ચર્ચા છે. સાથે સાથે એક પરમ તત્ત્યવની પણ વિપુલ ચર્ચા છે. યાસ્કાચાર્યે પૃથ્વીસ્થાનીય દેવોમાં પૃથ્વી, અગ્નિ, સોમ, અંતરીક્ષસ્થાનીય દેવોમાં ઇન્દ્ર, વાયુ, મરુત, પર્જન્ય તેમજ દ્યુસ્થાનીય દેવોમાં સૂર્ય, યમ, વિષ્ણુ, સવિતા વગેરેની ચર્ચા નિરુક્તના સાતમા અધ્યાયમાં કરી છે. વેદમાં આરંભમાં પ્રકૃતિના તત્ત્વોની પૂજા હતી. પછી ઇન્દ્ર, વિષ્ણુ વગેરેની વીરપૂજા આવી. વૈદિક સાહિત્યમાં પ્રચલિત ધર્મમાં પુરોહિતનું સ્થાન અત્યંત અગત્યનું હતું. તે રાજાને ધર્મક્રિયાઓ કરાવતો અને રાજપ્રશાસનમાં પણ સલાહકાર

બની શકતો. વસિષ્ઠ જેવા મહાનુભાવો સૂર્યવંશના પુરોહિતપદને શોભાવતા હતા, તેવો પુરાણોમાં પણ ઉલ્લેખ છે. વિશ્વામિત્ર પણ સુદાસના પુરોહિત હતા. પુરોહિતપદનું ગૌરવ ત્યાંસુધી સ્વીકારાયું હતું કે, અગ્નિને પણ દેવોના પુરોહિતપદનું માન અપાયું હતું.

વેદમાં વિવિધ દેવતાઓનું વર્ણન છે, સ્તુતિઓ છે, એમના પરાક્રમોની ગાથાઓ છે અને એમની પાસેથી ઐહિક કે પારલૌકિક સુખની કામના કરવામાં આવી છે. વેદના મોટા ભાગના દેવો પ્રકૃતિની ઘટનાનું પ્રતિનિધિત્વ કરે છ. પ્રકૃતિના મન પર પ્રબળ છાપ ઉપજાવનાર પ્રસંગ પ્રત્યે અહોભાવથી અંજાઈને કે પ્રકૃતિના માનવબાંને અનુરૂપ તત્ત્યવ પ્રત્યે કૃતજ્ઞતાના ભાવથી આકર્ષાઈને ઋગ્વેદમાં દેવોની સ્તુતિ કરવામાં આવી છે. પરિણામે પ્રકૃતિનાં તત્ત્યવોનું માનવીકરણ દેવોની બાબતમાં થયું છે. અગ્નિ, સૂર્ય, ઉષા, રાત્રિ વગેરે આ પ્રકારના દેવો છે. યાસ્કાચાર્યે નિરુકતમાં દેવોના હાથપગ જેવાં અંગ—ઉપાંગો અને રથ કે આયુધ જેવાં ઉપકરણોની ચર્ચા કરી છે. માનવે પોતાનો દેવ પોતાના જેવો કલ્પ્યો અને તેનામાં પોતાના કરતાં વિશેષ શકિતની સંભાવનાઓ કલ્પી છે. વેદમાં કયાંક પ્રથમ માનવીકરણ થાય, તેમાંથી દૈવીકરણ પ્રત્યે વિચાર ગતિ કરે છે. સવારમાં સૂર્ય પહેલાં પધારતી ઉષા દ્યૌની દુહિતા બની અને રંગબેરંગી વસ્ત્રો સજી આવતી નર્તકીની ઉપમા પામી. પછી તેનામાં દૈવી શકિતઓની સંભાવના આવી. આમ, દેવનું ભૌતિકમાંથી નૈતિક સ્વરૂપ ઘડાયું. માનવમાંથી અતિ માનવ અંશ પ્રત્યે ગતિ થઈ. કયાંક તો સ્વપ્રયત્નથી માનવીમાંથી દેવ બન્યાની વાત ઋગ્વેદમાં છે. ઋભુઓ આનું ઉદાહરણ છે. કેટલીકવાર કોઈ દેવનું વિશેષણ પાછળથી સ્વતંત્ર દેવ તરીકે પરિણમ્યું છે. ઉદા. સવિતૃ એટલે પ્રેરણા આપનાર, વિવસ્વત્ એટલે ચમકતા, આ બન્ને મૂળ સૂર્યના વિશેષણો હતાં જેમાંથી સવિતા સ્વતંત્ર દેવ થઈ ગયા. કયાંક પ્રકૃતિની ઘટનાને આધારે કલ્પાયેલ દેવ સમય પસાર થતાં તેનો મૂળ ઘટનાથી નાતો તોડીને નવા જ સ્વરૂપ, સ્થાન કે માનનો ભાજન બની ગયો. આરંભમાં વરુણ સર્વવ્યાપી આકાશનું પ્રતિનિધિત્વ કરતા હતા. પછી નીતિમત્તાના દેવ બની ગયા અને પોતાના સાગર— નિવાસને કારણે પુરાણોમાં પાણીના દેવ થઈ ગયા. આમ દેવવિષયક કલ્પના ક્રમિક રીતે વિકાસ પામી છે. આથી ઋગ્વેદમાં દેવતાશાસ્ત્ર સર્જનના સ્તરે હતું. ઋગ્વેદમાં દેવોના વિવિધ સ્વરૂપોનું વર્ણન છેઃ (૧) સ્થૂળ અને (૨) સૂક્ષ્મ. દષ્ટિગોચર થતો ભૌતિક અગ્નિ તે સ્થૂળ અને તેનું કાવ્યમય વર્ણન પણ છે. પરંતુ

અંતરના અંધકારને ફેડનાર કે ઈપ્સિત પદાર્થને આપનાર અગ્નિના અન્ય સૂક્ષ્મ કલ્પનાગમ્ય સ્વરૂપને પણ વેદનો કવિ નવાજે છે. કેટલીકવાર દેવનાં આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એવાં ત્રણ સ્વરૂપો પણ વેદમાં મળે છેઃ

'उद् वयं तमसस्परि ज्योतिष्पश्यन्त उत्तरम् ।
देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ।।'[१४]

અહીં સૂર્યનું અંધકારથી પર એવું 'उत्' એ આધિભૌતિક સ્વરૂપ છે. 'उत्तरम्' એ તેથી વધુ સારું એવું આધિદૈવિક સ્વરૂપ છે અને 'उत्तमम्' સર્વોત્તમ એવું આધ્યાત્મિક સ્વરૂપ છે. સામાન્ય રીતે દરેક દેવમાં પ્રકાશ, સર્વજ્ઞતા, અમરતા, પવિત્રતા, ભકતોદ્ધારક શકિત, બુદ્ધિમતા, કાર્યસાધકતા, દયા વગેરે ગુણોનો અધ્યારોપ કરવામાં આવે છે. વળી એક દેવનું અન્ય સાથે તાદાત્મ્ય પણ વારંવાર દર્શાવાયું હોવાથી એક દેવના ગુણો કે કાર્યો અનેક દેવોમાં જણાય છે. આ પરસ્પર વિરોધ નથી પણ સર્વદેવમાં વિલસતી ઐકયની ભાવનાનું પરિણામ છે. વૈદિક ધર્મમાં યજ્ઞ કેન્દ્રસ્થાને હોવાથી દરેક દેવનું આગમન યજ્ઞમાં થાય અથવા તે યજ્ઞ સાથે જોડાય એ ભાવના વારંવાર વ્યકત થવા પામી છે. આ માટે સોમપાનાર્થે દેવોનું યજ્ઞમાં આહ્વાન વેદમાં ખાસ સ્થાન પામ્યું છે. દેવની અનેક પ્રકારની શકિતઓમાં ભૌતિક તેમજ આધ્યાત્મિક ઉન્નતિ આપવાની શકિતનો વારંવાર ઉલ્લેખ થયો છે. ઋગ્વેદમાં અગ્નિદેવની સ્તુતિ કરતાં લગભગ ૨૦૦ જેટલાં સૂક્તો મળી આવે છે. તે સ્વર્ગ, અંતરિક્ષ અને પૃથ્વી ત્રણે સ્થાનનો દેવ છે. ઋગ્વેદના બીજા મંડળના પહેલા સૂક્તમાં તેને દ્યૌ, ઈન્દ્ર, વિષ્ણુ, બ્રહ્મા, બ્રહ્મણસ્પતિ, વરુણ, મિત્ર, અર્યમન્, ત્વષ્ટા, રુદ્ર અને ભગ સાથે એક બતાવવામાં આવ્યો છે. વેદનો સૌથી વધારે પ્રસિદ્ધ, પ્રતિષ્ઠિત અને પરાક્રમી દેવ ઈન્દ્ર છે. ઋગ્વેદમાં તેના પરાક્રમની યશોગાથા સારો એવો વિસ્તાર પામી છે. તે પોતાના મહાન પરાક્રમથી વિશ્વનું પ્રતિમાન બનેલ છે.

વેદકાલીન દેવતાઓમાં પરવર્તી કાળમાં સૌથી વધારે પ્રસિદ્ધિ વિષ્ણુને મળેલી છે. સૂક્તસંખ્યા કે ઉલ્લેખની દષ્ટિએ વિષ્ણુનું મહત્ત્યવ ઋગ્વેદમાં ઘણું ઓછું જણાય છે, એવા ભ્રામક ખ્યાલનું નિરસન સાચે જ જરૂરી છે. શ્રી અરવિંદ લખે છે કે,–

"યુરોપીય વિદ્વાનોએ એક મતને લાંબા સમય સુધી લોકપ્રિય બનાવ્યો હતો કે, 'પૌરાણિક દેવોમાં વિષ્ણુ તથા શિવની મહત્તા પાછળથી વિકાસ પામી છે. વેદમાં એ બે દેવોનું મહત્ત્વ બહુ નથી. અને તે ઈન્દ્ર તથા અગ્નિ કરતાં ગૌણ દેવો છે.' વૈદિક દેવોની અગત્યનું માપ તેમને ઉદ્દેશીને લખાયેલાં સૂકતો પરથી અથવા

ઋષિઓના વિચારોમાં તેમના કરાતા આહ્વાનના પ્રમાણ પરથી કાઢવાનું નથી, પણ તે માપ તે દેવો જે કાર્ય કરે છે, તેના પરથી કાઢવાનું છે. જેમને ઉદ્દેશીને વધારેમાં વધારે સૂકતો લખાયાં છે, તે અગ્નિ અને ઈન્દ્ર વિષ્ણુ કે રુદ્ર કરતાં વધારે મહાન નથી, પણ તે દેવો આંતર તથા બાહ્ય જગતમાં, જે કાર્યો પરિપૂર્ણ કરે છે, તે ખૂબ સક્રિય, પ્રધાન અને પ્રાચીન ગૂઢવાદિઓની માનવશાસ્ત્રીય સાધનામાં સીધી રીતે અસરકારક હતાં, તે એક કારણથી જ તેમને માટે સૂકતો લખાયાં છે.''[૧૫]

વેદમાં વિષ્ણુનાં જે અનેક પરાક્રમો છે, તેમાં તેના ત્રણ પગલાંની વાત વારંવાર આવે છે. કેટલાક વિદ્વાનો અહીં વામન અવતારનાં ત્રણ પગલાંની કથાનું મૂળ નિહાળે છે. કેટલાકને મન વિષ્ણુ એ સૂર્ય દેવતા છે. સૂર્યનો ઉદય, મધ્યાહન અને અસ્ત એ ત્રણ પગલાં છે. એમ ઔર્ણવાભ માને છે. તે પૃથ્વી, વાયુ અને અંતરિક્ષ છે, એમ શતપથબ્રાહ્મણમાં કહ્યું છે.[૧૬] ત્રણ લોકમાંથી પસાર થવાનો માર્ગ એ ત્રણ પગલાં છે, એવું પ્રાચીનોમાં શાકપૂણિ અને અર્વાચીનોમાં બર્ગેન, મેકડોનલ વગેરે સ્વીકારે છે. દીર્ઘતમસે પોતે ચોથા મંત્રમાં પૃથ્વી, આકાશ અને ત્રિધાતુ (ત્રિવિધ તત્ત્યવ)ને ત્રણ પગલાં ગણાવ્યાં છે. ત્રિધાતુ એટલે સ્વર્ગથી પર અથવા તેનાથી પણ પર રહેલી ઉચ્ચતમ ભૂમિકા અને એ સર્વ વ્યાપક વિષ્ણુનુંપરમ પગલું અથવા પરમ ધામ છે. એમ શ્રી અરવિંદ અર્થ ઘટાવે છે. તેઓ મુજબ વિષ્ણુ વિશાળ અને વ્યાપક ગતિવાળા દેવ છે. તે પાર–ચેતન આનંદમાં, મનનાં સ્વર્લોકમાં, શારીરિક ચેતનાની ભૂમિમાં 'त्रेधा विचक्रमाणः' છે. વિષ્ણુ ત્રિષધસ્થ– પૃથ્વી નીચલું પદ, અંતરિક્ષ વચલું પદ અને સ્વર્ગ ઉચ્ચતર પદમાં રહેલ છે. એક એવો લોક છે કે, જયાં આત્માની પરિપૂર્ણતા પ્રગટે છે. તે વિષ્ણુનું પરમપદ છે. અને ત્યાં મધુનું ઝરણું વહે છે. તે પરમપદમાંથી આપણા ઉપર વિશાળ, પરિપૂર્ણ, અમર્યાદ પ્રકાશ રેલાય છે; સર્વવ્યાપક વિષ્ણુ વૈશ્વિક દેવ છે. પરાત્પર અસ્તિત્વનો સ્વામી છે, પરાત્પર આનંદનો પ્રભુ છે.[૧૭]

બ્રાહ્મણગ્રંથો કે જે વાસ્તવમાં વેદના મંત્રો પર પ્રથમ ભાષ્ય હોવાનું ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. તેમાં અગ્નિ કરતાં વિષ્ણુનું મહત્ત્વ વિશેષ છે એમ સ્પષ્ટ દર્શાવ્યું છે–'अग्निमुखं प्रथमो देवतानां संगतानामुत्तमो विष्णुरासीत् ।'[૧૮] છતાં વેદમાં વિષ્ણુનું મહત્ત્યવ નથી, પાછળથી થયું છે, એવી પશ્ચિમના વિદ્વાનોએ કરેલી ઘણી પાછળની કલ્પનાને આપણે પાછળ મૂકીને જ ચાલવાનું ઈષ્ટ છે. ગીતા અનુસાર સઘળા વેદો દ્વારા વૈદ્ય–જાણવા યોગ્ય જો કોઈ હોય તો તે વિષ્ણુ છે.[૧૯] મહાકવિ

કાલિદાસ પણ વિષ્ણુ 'सप्तसामोपगीत' છે, એમ જણાવે છે.[૨૦] વિષ્ણુપુરાણ[૨૧] શ્રીમદ્ભાગવતપુરાણ[૨૨] વગેરેમાં વેદપ્રતિપાદ્ય તરીકે વિષ્ણુનું મહત્ત્યવ દર્શાવાયું છે. આમ, પરંપરાએ પણ વિષ્ણુનું વૈદિક મહત્ત્યવ સ્વીકાર્યું છે. આનંદતીર્થ (મધ્વાચાર્ય) મુજબ વિષ્ણુ વેદ, રામાયણ, પુરાણ અને મહાભારતના આદિ, અંત અને મધ્યમાં વર્ણવાયા છે.[૨૩] આમ, ભારતીય વિદ્વાનો વિષ્ણુ માટે સૂક્ત–સંખ્યાની દૃષ્ટિએ ઓછા હોય તો પણ વેદમાં તેમનું મહત્ત્વ સહેજ પણ ઓછું સ્વીકારવા તૈયાર નથી.

વૈદિક ધર્મમાં અગ્નિપૂજાનું મહત્ત્યવ અત્યંત સ્પષ્ટ પ્રતીત થાય છે. દેવ પ્રત્યેકૃતજ્ઞતાની અભિવ્યકિત કાજે અનેક પ્રકારના યજ્ઞોનો આવિસ્કાર વેદના ધર્મમાં થયો છે. આરંભમાં સીધાસાદા અને કેવળ યજમાન અને યજમાનપત્ની દ્વારા ઉજવી શકાય તેવા યજ્ઞોમાંથી રાજસૂય કે અશ્વમેધ જેવા મહાન યજ્ઞોનો આવિર્ભાવ થયો હતો. બ્રાહ્મણગ્રંથોમાં મોટો ભાગ આવી યજ્ઞાદિની પ્રક્રિયાની જ ચર્ચાવિચારણા કરે છે. આ યજ્ઞોમાંથી ધીમે ધીમે સૂક્ષ્મતાના સંચરણથી આધ્યાત્મિકતા પ્રત્યે વિચારણા થઈ અને માનસિક યજ્ઞો વિચારાયા. ઉપનિષદના કાળમાં યજ્ઞરૂપી નાવને સંસારસાગર તરવા માટે 'अदृढ' કહી દેવામાં આવી અને જ્ઞાનની પ્રતિષ્ઠા થઈ. વૈદિક ધર્મમાં યજ્ઞસંસ્થા કેન્દ્રસ્થાને હતી. યજ્ઞોનું મહત્ત્યવ એ સમયમાં સવિશેષ હતું. સમગ્ર બ્રાહ્મણસાહિત્ય યજ્ઞને અનુલક્ષીને રચાયું છે. ૠગ્વેદમાં યજ્ઞ શબ્દ પૂજન, યજનના અર્થમાં પ્રયોજાયો છે. ધીમે ધીમે યજ્ઞમાં આપવામાં આવતી અનેક આહુતિથી યુક્ત અનુષ્ઠાનને યજ્ઞ માનવામાં આવ્યો. કાળે કરીને યજ્ઞસંસ્થાનો ક્રમિક વિકાસ તો એ કક્ષાએ પહોંચ્યો કે, વિશ્વના કોઈપણ દેશમાં યજ્ઞ કે પૂજનવિધિનું આ કક્ષાનું સૂક્ષ્મ વિવેચન થયું નથી.

વેદોના કર્મકાંડનું સૌથી વધારે મહત્ત્યવનુ સાધન યજ્ઞ છે. વેદોમાં યજ્ઞ સંબંધિત જેટલા મંત્રો પ્રાપ્ત થાય છે, તેટલા અન્ય કોઈ પણ વિષય માટે નથી. આથી જ યજ્ઞને વેદોનો પ્રાણ કહેલ છે. વસ્તુતઃ વિશ્વકલ્યાણને માટે યજ્ઞો દ્વારા દૈવી શકિતઓનું સંવર્ધન કરવાનો મર્મ અહીં રહેલો છે. યજ્ઞોમાં વેદમંત્રો દ્વારા અગ્નિમાં દ્રવ્યની આહુતિ આપવામાં આવે છે, જેનાથી મનુષ્ય દેવતાને પ્રસન્ન કરે છે. અહીં એક બાબત ધ્યાનાર્હ છે કે, વેદના દેવતાઓ પ્રકૃતિના તત્ત્યવો છે. પ્રકૃતિની પ્રસન્નતા સુખ, શાંતિ અને સમૃદ્ધિને ખેંચી લાવે છે. આ વિશે યજ્ઞધૂમની મહત્તા તો આજના વિજ્ઞાને પણ સ્વીકારેલ છે. યજ્ઞ ધર્મ–સાધનનું ઘણું જ મોટું અંગ છે. આથી જ, શાસ્ત્રોમાં ધર્મ અને યજ્ઞને એકબીજાના પર્યાય માન્યા છે. વિશેષતા માત્ર

એટલી જ છે કે, જે કાર્ય પરમાત્માની પ્રાપ્તિ માટે અને દૈવી જાગતના સંવર્ધનને માટે કરવામાં આવે, તેને યજ્ઞ કહે છે અને શેષ તે ધર્મ છે. ઈશ્વરીયકાર્યનું અનુસંધાન કરવાથી જાણી શકાય છે કે, બ્રહ્મની આધ્યાત્મિક વિભૂતિઓનો વિકાસ ઋષિઓ દ્વારા, આધિદૈવિક વિભૂતિઓનો વિકાસ દેવતાઓ દ્વારા, આધિભૌતિક વિભૂતિઓનો વિકાસ પિતૃઓ દ્વારા, વિશેષ કલાનો વિકાસ મનુષ્યો દ્વારા અને સાધારણ કલાનો વિકાસ જડ જીવો દ્વારા થાય છે. બ્રહ્મની સાથે તાદાત્મ્ય સ્થાપવા માટે એ પાંચેયની સેવા આવશ્યક છે અને એથી જ પંચમહાયજ્ઞોમાં, એ પાંચેયની સેવાના પ્રકારો બતાવ્યા છે.

વર્ણધર્મ હિંદુજાતિનો પ્રાણ છે. તેના વિના સંસારમાં હિંદુજાતિનું અસ્તિત્વ શકય નથી. હિંદુઓ પર હજારો વર્ષોથી કરવામાં આવેલ અત્યાચાર અને આક્રમણ સામે પણ, આ જાતિ આજસુધી જે જીવિત છે, તેનું મૂળ કારણ વર્ણવ્યવસ્થા જ છે. મનુષ્યના શરીરમાં મુખ્ય ચાર અંગો છેઃ મસ્તક, હાથ, ઉદર અને પગ. શરીરના રક્ષણને માટે જરૂરી તમામ વસ્તુઓનો સંગ્રહ આ ચારથી જ થાય છે. મસ્તક વિચારપૂર્વક શરીરની રક્ષાનો ઉપાય બતાવે છે. હાથ તેની બાધાઓને દૂર કરે છે. ઉદર ગ્રહણ કરેલી વસ્તુઓને પચાવીને સમગ્ર શરીરને શકિત પહોંચાડે છે અને પગ સેવકના રૂપમાં શરીરને ઉપયોગી વસ્તુઓના સંગ્રહમાં સહાયતા કરે છે. આથી શરીરની રક્ષાને માટે આ ચારેય અંગોની જરૂરિયાત છે અને પોતપોતાનાં કાર્યોને લીધે, એ ચારેય આદરણીય છે. ચારેયના પરસ્પર પ્રેમ અને સમ્યક્ સહાયતાથી જ સંપૂર્ણ શરીરની રક્ષા થઈ શકે છે. જેમ શરીરની રક્ષાને માટે આ ચાર અંગ છે, તેમ સમાજરૂપી શરીરની રક્ષાને માટે ચારેય વર્ણો ચાર અંગો સમાન છે. બ્રાહ્મણ હિંદુસમાજના વિરાટ શરીરનું મુખ કે મસ્તક છે, ક્ષત્રિય ભુજા, વૈશ્ય ઉદર અને શૂદ્ર પગ સમાન છે. સમાજરક્ષાને માટે આ ચારેયની આવશ્યકતા છે અને તેથી જ વેદોમાં આ ચારેયની ઉત્પત્તિ વિરાટપુરુષના શરીરમાંથી બતાવવામાં આવી છેઃ

‘ब्राह्मणोऽस्य मुखमासीद्  बाहू राजन्यः कृतः ।
ऊरू तदस्य यद्वैश्यः  पद्भ्यां शूद्रोऽजायत ।।’[२४]

વર્ણધર્મની જેમ આશ્રમધર્મનું મહત્ત્યવ પણ વેદોમાં જોઈ શકાય છે. વર્ણધર્મના આચારો મનુષ્યને ઉચ્છૃંખલતાથી બચાવે છે તો આશ્રમધર્મ તેને ઉત્તરોત્તર નિવૃત્તિમાર્ગમાં આગળ વધારીને આત્મા તરફ લઈ જાય છે. આશ્રમધર્મના પણ

ચાર પ્રકારો છેઃ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. બ્રહ્મચર્યાશ્રમમાં ગુરુની સેવા અને વિદ્યાભ્યાસ દ્વારા ધર્માનુકૂલ પ્રવૃત્તિઓનું પાલન કરવાનું શીખવવામાં આવે છે. ગૃહસ્થાશ્રમમાં ધર્માનુકૂલ પ્રવૃત્તિ કરવામાં આવે છે. વાનપ્રસ્થાશ્રમ નિવૃત્તિધર્મનું પાલન કરવાનું શીખવે છે. આ આશ્રમમાં તપસ્યારૂપી અગ્નિમાં શરીર, મન અને બુદ્ધિને પવિત્ર કરવામાં છે. સંન્યાસાશ્રમમાં નિવૃત્તિધર્મનો પૂરો અભ્યાસ થાય છે, જેનાથી તે જીવ જ્ઞાનદષ્ટિથી આત્માનું દર્શન કરીને નિઃશ્રેયસની પ્રાપ્તિ કરે છે. આમ, નિવૃત્તિરૂપી વૃક્ષનું બીજ બ્રહ્મચર્યાશ્રમમાં રોપાય છે, ગૃહસ્થાશ્રમમાં અંકુરિત થાય છે, વાનપ્રસ્થાશ્રમમાં પુષ્પિત અને પલ્લવિત થાય છે અને સંન્યાસાશ્રમમાં ત્યાગ, સાધન અને જ્ઞાનથી પરિપુષ્ટ બનીને નિત્યાનંદમય મોક્ષસ્વરૂપ અમૃતફળ ઉત્પન્ન કરે છે.

અહીં રજૂ થયેલ વૈદિકધર્મની કેટલીક વિશેષતાઓને ધ્યાને લઈને, હવે આપણે ધાર્મિક દષ્ટિએ વેદો તેમજ પુરાણો વચ્ચે કઈ રીતનો સંબંધ છે, તે જરાં વિસ્તારથી તપાસીએઃ

પ્રસ્તુત પ્રબંધમાં આગળ કહેવાયું છે કે, પુરાણ મુલતઃ વેદથી સ્વતંત્ર છે, પરંતુ પરવર્તીકાળમાં વૈદિક સંપ્રદાય પુરાણનું ઉપબૃંહણ હોવાથી પુરાણોમાં વેદ તથા વેદવર્ણીત વિષયોની પ્રશંસા અને મહત્તા ઘણા મોટા પ્રમાણમાં મળે છે. ધાર્મિક તેમજ સાંપ્રદાયિક દષ્ટિએ પ્રાપ્ત થતી પ્રશંસાનું કારણ એ છે કે, એ સંપ્રદાયોમાં વેદનું પ્રામાણ્ય એમની પોતાની દષ્ટિ પ્રમાણે સ્વીકારવામાં આવતું હતું. પુરાણોમાં વેદને 'અભ્યુદયનિઃશ્રેયસકારક',[૨૫] 'સર્વ પ્રાણીઓને માટે ચક્ષુ સ્વરૂપ',[૨૬] 'ધર્માધર્મમાં પરમ પ્રમાણ',[૨૭] 'વર્ણાશ્રમવ્યવસ્થાપક',[૨૮] 'શ્રેષ્ઠશાસ્ત્ર'[૨૯] વગેરે અનેક પ્રકારે વર્ણવવામાં આવેલ છે. મત્સ્યપુરાણકાર તો, આ બધા કરતાં આગળ વધીને કહે છે કે,– 'वेदोऽखिलो धर्ममूलाचारश्चैव तद्विदाम् ।'[૩૦] અર્થાત્, 'વેદ સંપૂર્ણ ધર્મ અને તેને જાણનારના આચારોનું મૂળ છે.' માર્કણ્ડેયપુરાણ પણ વેદત્રયીમાં વિશ્વ પ્રતિષ્ઠિત હોવાનું માને છે.[૩૧] વેદને સાક્ષાત્ બ્રહ્મ–સ્વરૂપ માનવા પાછળ પણ આ જ મનોવૃત્તિ રહેલી છે. કૂર્મપુરાણકારનું વિધાન છે કે,–'ब्रह्मणः सहजं रूपं नित्यैषा शक्तिरव्यया ।'[૩૨] વેદની આ મહત્તાના કારણે જ પુરાણોમાં વેદનિંદાને પાપ કહેવામાં આવેલ છે.[૩૩] વેદનિંદકોને માટે કઠોર શબ્દોનો પ્રયોગ પણ પુરાણોમાં મળે છે.[૩૪]

વેદની જેમ જ વેદધર્મ કે શ્રૌતધર્મની પ્રશંસા અને મહત્તા પણ પુરાણોમાં દર્શાવવામાં આવી છે. પુરાણોમાં શ્રૌત–સ્માર્તધર્મનાં ભિન્ન–ભિન્ન લક્ષણો પણ

આપવામાં આવ્યાં છે. જેમકે,–

'श्रौतं स्मार्तं च धर्मं च ब्रह्मणा च प्रचोदितम् ।
दाराग्निहोत्रसंयोगमृग्यजुःसामसंज्ञितम् ।।
इत्यादि लक्षणं श्रौतं धर्मं सप्तर्षयोऽब्रुवन् ।
परंपरागतं धर्मं स्मार्तं चाऽऽचारलक्षणम् ।
वर्णाश्रमाचारयुतं प्रभुः स्वायम्भूवोऽब्रवीत् ।।[૩૫]

આ લક્ષણોથી એ સ્પષ્ટ છે કે, શ્રૌતધર્મ યજ્ઞપ્રધાન છે અને વિવાહસંસ્કાર તેનું મુખ્ય અંગ છે. શ્રૌતધર્મનું આ લક્ષણ વૈદિક દૃષ્ટિકોણને સ્પષ્ટ કરે છે. વૈદિકધર્મમાં પત્નીવર્જિત જીવન સામાન્યતયા માન્ય નથી. પત્નીને ત્યાગીને સંન્યાસ ગ્રહણ કરવાનું અવૈદિક હોવાનું કેટલાક આધુનિક વિદ્વાનો માને છે.[૩૬] વેદો ધર્માચરણમાં બધે જ સપત્નીક જીવનની મહત્તા દર્શાવે છે. જો કે, વિશુદ્ધ મોક્ષધર્મમાં ગૃહસ્થજીવનની અનુપયોગિતા જોવા મળે છે. પુરાણોમાં આવા શ્રૌતધર્મને શ્રેયસ્કરતમ કહેવામાં આવેલ છે[૩૭] અને એના વક્તાઓ એવા સપ્તર્ષિઓ પણ ગૃહસ્થી જ હોવાનું પુરાણોમાં જોઈ શકાય છે. તેઓ પુત્રાદિના માધ્યમથી વિદ્યા–જ્ઞાનને સુરક્ષિત રાખતા હતા. એ તો સ્પષ્ટ જ છે કે, પુરાણોમાં માત્ર શ્રૌતધર્મનું જ પ્રતિપાદન નથી, સ્માર્તધર્મ અને આગમધર્મનું પણ વિશેષ પ્રતિસ્થાપન છે. અંતિમ ચરણમાં પુરાણધર્મ શ્રૌતધર્મની જેમ સ્વપ્રતિષ્ઠિતધર્મના રૂપમાં સન્માન પામ્યો છે. પદ્મપુરાણ આ બન્નેને એક સાથે એક જ વાકયમાં, પરંતુ ભિન્નતયા નિર્દેશે છે.[૩૮] મત્સ્યપુરાણનું પણ કથન છે કે,–

'अथ त्रेतायुगस्यादौ मनुः सप्तर्षयश्च ये ।
श्रौतस्मार्ते ब्रुवन् धर्मे ब्रह्मणा तु प्रचोदिताः ।।'

અર્થાત્, 'ત્રેતાયુગના આદિમાં જે મનુ અને સપ્તર્ષિઓ હતા, તેઓએ બ્રહ્માની પ્રેરણાથી શ્રૌત અને સ્માર્ત (બન્ને) ધર્મોનું પ્રવચન કર્યું હતું.'[૩૯]

મત્સ્યપુરાણકારનું એવું પણ જણાવે છે કે,–

'ऋचो यजूंषि सामानि मन्त्राश्चाथर्वणास्तु ये ।
सप्तर्षिभिश्च ये प्रोक्ताः स्मार्ते तु मनुरब्रवीत् ।।'[૪૦]

અર્થાત્, ' ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ સંબંધી જે મંત્રો સપ્તર્ષિઓએ કહેલા છે, સ્માર્તધર્મમાં તે મનુએ કહ્યા છે.'

આ પ્રમાણે, સ્માર્તધર્મ વૈદિક ધર્મનું જ અનુસરણ હોવાનું સ્વયં

પુરાણોએ જ નોંધ્યું છે. ભારતીય આર્ય—સનાતનધર્મના તમામ આચારો, વ્યવહારો, નિયમો, વગેરેના વિકાસમાં સૌથી વધારે ફાળો પુરાણોનો જ છે. વિવાહાદિ સંસ્કારો, યજ્ઞાદિ કર્મકાંડો, શૌચાદિ આચારોને પુરાણોએ પોષીને ધર્મશાસ્ત્રનું કાર્ય કર્યું છે. અનેકવિધ સંપ્રદાયોને એકસૂત્રે બાંધીને એક જ ધર્મના નેજા તળે ટકાવી રાખીને ઐક્ય સાધવાનું મહત્ત્વનું કાર્ય પણ પુરાણોએ જ કર્યું છે.

વેદનું ઉપબૃંહણ કરવાને કારણે જ પુરાણને વેદાધીન કે વેદાનુગામી કહેવામાં આવ્યાં છે. પુરાણની એ અધીનતાને કારણે જ શ્રુતિ અને સ્મૃતિથી પુરાણનું પ્રામાણ્ય અલ્પ સ્વીકારાયું છે. વ્યાસ—પરંપરામાં પ્રાયઃ વેદપ્રામાણ્યવાદીઓ દ્વારા અજ્ઞાનીઓને લક્ષ્ય બનાવીને પ્રચલિત પુરાણોની રચના કરવામાં આવી છે—એવું પુરાણોનાં વચનોથી જાણી શકાય છે. આ કારણે જ, જે પુરાણ પહેલા ધર્મના ક્ષેત્રથી મહદંશે બહિષ્કકૃત હતું, તે ક્રમશઃ ધાર્મિક વિષયોથી પૂર્ણ થવા લાગ્યું તથા પરવર્તી કાળમાં તેનું પ્રમાણ્ય પણ દાર્શનિકો દ્વારા સ્વીકારાવા લાગ્યું. પ્રાચીન સૂત્રગ્રંથોમાં તથા મનુસંહિતામાં ધર્મના વિષયમાં પુરાણનું સાક્ષાત્ પ્રામાણ્ય કહેવામાં નથી આવ્યું; પરંતુ યાજ્ઞવલ્કયએ ધર્મના પ્રમાણના રૂપમાં પુરાણને માન્યતા પ્રદાન કરી છે.[૪૧] યાજ્ઞવલ્કયના સમય સુધીમાં પુરાણ વૈદિક સંપ્રદાયમાં પ્રવેશીને મર્યાદિત સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યું હતું. શંકરાચાર્ય દ્વારા પુરાણવાક્યોનો ઉપયોગ ઉદ્ધરણ આપવામાં અલ્પ માત્રામાં કરવામાં આવ્યો છે, જેનાથી એ સિદ્ધ થાય છે કે, ધર્મક્ષેત્રે પુરાણવિદ્યાનું પ્રામાણ્ય સ્વીકૃત હોવા છતાં પ્રચલિત પુરાણોનાં વચનોનો અત્યધિક આદર ન હતો. કુમારિલે પણ પુરાણોનું પ્રામાણ્ય ધર્મક્ષેત્રે સ્વીકાર્યું છે, પણ ઉદ્ધરણો ઘણી જ ઓછી માત્રામાં આપ્યાં છે. શંકરાચાર્યના સમય પછીના આચાર્યોના ગ્રંથોમાં પુરાણોના પ્રચુર ઉદ્ધરણો પ્રાપ્ત થાય છે, જે પુરાણની તત્કાલીન પ્રતિષ્ઠાને તો દર્શાવે જ છે, સાથે સાથે ધર્મના વિકાસમાં પુરાણે આપેલ ક્રમિક પ્રદાનને પણ પ્રસ્તુત કરે છે. વેદમાંથી વિવિધ શાસ્ત્રોની ઉત્પત્તિ થઈ હોવાનો મત પુરાણોમાં અનેક સ્થળોએ જોવા મળે છે.[૪૨] જેનાથી એવું જ્ઞાત થાય છે કે, પ્રચલિત પુરાણોના રચનાકાળે વેદનું સ્થાન ઘણું જ મહત્ત્વપૂર્ણ હતું અને પુરાણકાર પણ વેદની સર્વશીર્ષતાને સ્વીકારતો હતો. સાંપ્રદાયિક દષ્ટિના અતિરેકને કારણે આ દષ્ટિનો અપલાપ પણ સાંપ્રદાયિક ધર્મના પ્રસંગમાં કરવામાં આવ્યો છે, એ પણ જાણવા યોગ્ય છે.

પુરાણોમાં વેદપ્રશંસાની સાથે વેદનિંદા પણ જોવા મળે છે. જો કે,

વૈદિક સંપ્રદાયોમાં પ્રચલિત પુરાણોના ઉપબૃંહણ હોવાના કારણે વેદનિંદાનો કોઈ પ્રસંગ ઉપસિથત નથી થતો, છતાં દાર્શનિક યુકિત, સામ્પ્રદાયિક દષ્ટિ તથા કર્મકાંડીય દુઃશીલતાને કારણે વેદની નિંદા કરવામાં આવી છે, એ પુરાણગત નિંદાપ્રકરણોમાં સ્પષ્ટતયા જોઈ શકાય છે.

દાર્શનિક દષ્ટિએ પુરાણોમાં ત્રયીધર્મની નિંદા પણ ઘણાં સ્થળે જોઈ શકાય છે,[૪૩] જેનું લક્ષ્ય કર્મકાણ્ડના દોષો જ માત્ર છે. જો કે, તત્ત્વવતઃ તો કર્મકાણ્ડ પણ દૂષિત નથી, લોભાદિપૂર્વક થવાને કારણે જ કર્મકાણ્ડ દૂષિત મનાય છે. ચિત્તશુદ્ધિને માટે કર્માચરણ અભિષ્ટ જ છે. આ માર્ગમાં પણ નૈષ્કર્મ્યસિદ્ધિ પ્રાપ્ત થાય છે. આવી દાર્શનિક દષ્ટિ શ્રીમદ્‌ભાગવતપુરાણમાં જોવા મળે છે.[૪૪] વેદાધ્યયન, યજ્ઞ, જપ, જ્ઞાનાભ્યાસ, ધ્યાન એ ક્રમ શાશ્વત તત્ત્વવને માટે છે, એવું માર્કણ્ડેયપુરાણનું માનવું છે.[૪૫] વૈદિકકર્મમાર્ગ સદોષ છે, તેનાથી પુનર્જન્મનો નાશ નથી થતો, યજ્ઞપ્રાપ્યફળ ચિરસ્થાયી નથી, એવો મત પદ્મપુરાણનો છે.[૪૬] કર્મમાર્ગની અવિદ્યાયુકતતાને પણ વૈદિકધર્મની અપકૃષ્ટતાના હેતુરૂપ કહેલ છે.[૪૭] કેટલીક દોષયુકત અસંગતતાઓને બાદ કરતાં વૈદિક યજ્ઞ જરાં પણ નિંદ્ય નથી. હિંસાદિ દોષ તથા યાજ્ઞિકોનો લોભ વગેરેને કારણે જ યજ્ઞને નિંદ્ય માનવામાં આવેલ છે. હિંસાદિને કારણે યજ્ઞનિંદાના પ્રસંગો પુરાણોમાં કયાંક કયાંક મળે છે. ઋત્વિજોની અનૈતિકતા યજ્ઞનિંદાનો એક પ્રબળ હેતુ છે. આવું અનૈતિક આચરણ બ્રાહ્મણકાળથી પણ પ્રાચીન છે.[૪૮] શ્રીમદ્–ભાગવતપુરાણમાં આ બાબત વધારે સજીવપણે પ્રતિપાદિત થઈ છે.[૪૯] જૈનધર્મના વર્ણન–પ્રસંગમાં પણ યજ્ઞીય પશુહિંસાની નિંદા કરવામાં આવી છે.[૫૦] યાજ્ઞિકોના લોભ, દંભ, અજ્ઞાન વગેરેને કારણે પણ વેદનિંદાપરક વાકયો પ્રયોજાયેલ છે. યાજ્ઞિકોની ચરિત્રહીનતા, નૃશંસતા વગેરેનાં સ્પષ્ટ વર્ણનો પુરાણોમાં મળે છે. યજ્ઞના નિમિત્તે પુરાણોમાં મળતી વૈદિકધર્મની નિંદા બધે જ લોભી યાજ્ઞિકોને લક્ષ્ય બનાવીને કરવામાં આવી છે, એવું સ્પષ્ટપણે પ્રતીત થાય છે.[૫૧]

યજ્ઞનિંદાનું મૂળ પણ ઘણું જ પ્રાચીન છે. છેક, મુંડકોપનિષદમાં પણ યાજ્ઞિકક્રિયાની અસાર્થકતા બતાવવામાં આવી છે.[૫૨] વસ્તુતઃ જ્ઞાનવિરહિત કર્મકાંડની જ નિંદા પુરાણોમાં કરવામાં આવી છે. પુરાણો વૈદિક ધર્મના સંપૂર્ણપણે પક્ષપાતી છે. કેટલીક સાંપ્રદાયિક અંધશ્રદ્ધાઓને કારણે પણ પુરાણોમાં વૈદિક ધર્મની નિંદા થયેલી જોવા મળે છે. કયાંક કયાંક પોતાને અભીષ્ટ ધર્મને વેદધર્મની જેમ જ સન્માનિત કરવામાં આવ્યો છે. એ પણ એક પ્રકારે વેદધર્મનો અપકર્ષ જ છે.

તુલસીપત્રથી કરવામાં આવતી હરિપૂજાને બહુદ્રવ્યસાધ્ય અશ્વમેધયજ્ઞ કરતાં પણ વધારે ગણવામાં આવે, તો તે એક દષ્ટિએ (સ્વધર્મની તુલનાએ) વેદધર્મનો અપકર્ષ જ છે. આવાં કેટલાંક ઉદાહરણો જોઈએ તો– 'ભકિતહીનને માટે ચતુર્વેદનો પાઠ પણ નિરર્થક છે',[૫૩] 'જેણે હરિપૂજા કરી છે, તેણે અગ્નિહોત્ર કરેલ છે, એમ સમજવું',[૫૪] શ્રૌત કે સ્માર્તકર્મની સિદ્ધિને માટે હરિચક્ર ધારણ કરવું જોઈએ'[૫૫] વગેરે. આ પ્રકારનાં વચનો નિઃસંદેહ સાંપ્રદાયિક અંધતાનાં જ્ઞાપક છે. શ્રૌતકર્મને માટે હરિચક્રના ધારણની આવશ્યકતા શ્રૌતસૂત્રોમાં કયાંય કહી નથી. વેદધર્મની જટિલતા અને પુરાણધર્મની સફળતા દર્શાવવા માટે પણ વૈદિકધર્મની અપકૃષ્ટતા કરવામાં આવી હોવાનું પણ જોઈ શકાય છે – પદ્મપુરાણમાં યજ્ઞતીર્થની તુલનાએ તીર્થગમનને યજ્ઞ કરતાં પણ શ્રેયસ્કર કહેવામાં આવેલ છે.[૫૬] ભવિષ્યપુરાણમાં યજ્ઞની તુલનાએ સૂર્યપૂજાની શ્રેષ્ઠતા દર્શાવવામાં આવી છે.[૫૭] મત્સ્યપુરાણમાં પણ યજ્ઞની અપેક્ષાએ તીર્થને પ્રશસ્તતર કહેવામાં આવેલ છે.[૫૮] પદ્મપુરાણ તીર્થગમનને અગ્નિષ્ટોમ યજ્ઞ કરતાં પણ વધારે ફળદાયી માને છે. [૫૯] બૌદ્ધ, જૈન વગેરે દ્વારા પ્રચારિત ધર્મથી પરંપરાગત ધર્મની રક્ષા માટે, તીર્થવ્રતાદિમૂલક સહજધર્મની પ્રશંસા કરવામાં આવી હોવાનું પણ એના દ્વારા જણાય છે. પુરાણકારોને માટે એ પ્રદર્શિત કરવું અભીષ્ટ હતું કે, એમના દ્વારા પ્રચારિત ધર્મ સહજ છે અને વૈદિકધર્મની જેમ ફળદાયી પણ છે. શ્રીમદ્‌ભાગવતપુરાણમાં ભકિત વગેરેની તુલનાએ વેદધર્મને ઊતરતો દર્શાવવામાં આવ્યો છે.[૬૦] ભકિતમાર્ગમાં યજ્ઞની અનાવશ્યકતા સ્વીકારવામાં આવી છે.[૬૧] અહીં જોવા મળતો વૈષ્ણવ દષ્ટિનો અતિરેક જ વૈદિકધર્મના અપકર્ષનું કારણ છે. ભકિતતત્ત્યવનું વિવેચન કરતાં કહ્યું છે – 'मुह्यन्ति आम्नायवादिनः' 'ભકિતની ભવ્યતામાં વેદવાદી પણ મોહ પામી જાય છે.'[૬૨]

આ બધાં દષ્ટાંતોથી એ સ્પષ્ટ થાય છે કે, પુરાણો સહેતુક વૈદિકધર્મનો અપકર્ષ બતાવે છે. મૂલતઃ તો એ બધી બાબતોની આડશમાં પુરાણોએ વૈદિકધર્મનો જ વિકાસ અને વિસ્તાર કરેલો છે. પુરાણો વેદવિરુદ્ધ હોઈ જ ન શકે. પદ્મપુરાણ તેમજ શ્રીમદ્‌ભાગવતપુરાણમાં જ તેનાં સાક્ષ્યો મળી આવે છે. યજ્ઞોની મહત્તાને પ્રદર્શિત કરતાં પદ્મપુરાણ કહે છે કે, –

'यज्ञेनाप्यायिता देवा वृष्ट्युत्सर्गेण मानवाः ।
आप्यायनं वै कुर्वन्ति यज्ञाः कल्याणहेतवः ।।'[૬૩]

અર્થાત્, 'યજ્ઞોથી દેવતાઓનું આપ્યાયન (વર્ધન) થાય છે. યજ્ઞો દ્વારા

વૃષ્ટિ થવાથી મનુષ્યોનું પાલન–પોષણ થાય છે. આ પ્રકારે જગતનું પાલન–પોષણ કરતાં હોવાથી યજ્ઞો કલ્યાણના હેતુરૂપ છે.'

શ્રીમદ્ભાગવતપુરાણ પણ નોંધે છેઃ

'यस्य राष्ट्रे पुरे चैव भगवान् यज्ञपुरुषः ।
इज्यते स्वेन धर्मेण जनैर्वर्णाश्रमान्वितैः ।।
परितुष्यति विश्वात्मा तिष्ठतो निजशासने ।
तस्मिंस्तुष्टे किमप्राप्यं जगतामीश्वरेश्वरे ।।'[૬૪]

અર્થાત્, 'જે (રાજા)ના રાષ્ટ્રમાં વર્ણાશ્રમધર્મીઓ દ્વારા ભગવાન યજ્ઞપુરુષનું યજન થાય છે, તેના પર વિશ્વાત્મા (ઈશ્વર) પ્રસન્ન થાય છે. એમના તુષ્ટ થવાથી જગતમાં એવો કોઈ જ પદાર્થ નથી, જે અપ્રાપ્ય હોય!'

અન્ય પુરાણોમાં પણ કહ્યું છે કે, –

'यज्ञैराप्यायिता देवा वृष्ट्युत्सर्गेण वै प्रजाः ।
आप्यायन्ते तु धर्मज्ञ! यज्ञाः कल्याणहेतवः ।।'[૬૫]

અર્થાત્, 'હે ધર્મજ્ઞ! યજ્ઞોથી દેવતાઓનું વર્ધન અને પોષણ થાય છે. યજ્ઞો દ્વારા વૃષ્ટિ થવાથી મનુષ્યોનું પાલન–પોષણ થાય છે. આ પ્રમાણે પ્રાયઃ જગતનું પાલન–પોષણ કરનાર હોવાથી યજ્ઞોને કલ્યાણના હેતુ કહેલ છે.'

'यज्ञाद्देवाः प्रजाश्चैव यज्ञादन्ननियोगिनः ।
सर्वं यज्ञात्सदा भावि सर्वं यज्ञमयं जगत् ।।'[૬૬]

અર્થાત્, 'યજ્ઞથી દેવતાઓ, સમસ્ત પ્રજા, અન્નોપજીવી પ્રાણીઓ છે અને યજ્ઞ પર જ સંપૂર્ણ ભાવિ સદૈવ નિર્ભર રહે છે. આ પ્રમાણે સમસ્ત જગત યજ્ઞમય છે.'

'यज्ञेषु देवास्तुष्यन्ति यज्ञे सर्वं प्रतिष्ठितम् ।
यज्ञेन ध्रियते पृथ्वी यज्ञस्तारयति प्रजाः ।।
अन्नेन भूता जीवन्ति यज्ञे सर्वं प्रतिष्ठितम् ।
पर्जन्यो जायते यज्ञात्सर्वं यज्ञमयं ततः ।।'[૬૭]

અર્થાત્, 'યજ્ઞોથી દેવતાઓ સંતુષ્ટ થાય છે, યજ્ઞમાં જ બધું પ્રતિષ્ઠિત છે. યજ્ઞે પૃથ્વીને ધારણ કરી રાખી છે. યજ્ઞ જ પ્રજાને પાપોથી બચાવે છે. અન્નથી પ્રાણી જીવિત રહે છે, તે અન્ન વર્ષાથી ઉત્પન્ન થાય છે અને વર્ષાની ઉત્પત્તિ યજ્ઞથી થાય છે, તેથી ચરાચર જગત યજ્ઞમય છે.'

પદ્મપુરાણમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે, જે વ્યકિત જે ઈચ્છાથી યજ્ઞ કરે છે, તેની તે ઈચ્છા પૂર્ણ થાય છે. નિષ્કામભાવે યજ્ઞાનુષ્ઠાન કરનારને બ્રહ્મપદની પ્રાપ્તિ થાય છે.[૬૮] શ્રીમદ્‌ભાગવતપુરાણે તો ત્યાં સુધી કહ્યું છે કે, જયાં ભગવાનની કથા ન થતી હોય, ભગવાનનો ભકત ન હોય અને જયાં યજ્ઞો ન થતાં હોય ત્યાં સુરેન્દ્રલોક (સ્વર્ગ) હોય તો પણ ન રહેવું જોઈએઃ

'न यत्र वैकुण्ठकथासुधापगा न साधवो भागवतास्तदाश्रयाः ।
न यत्र यज्ञेशमखा महोत्सवाः सुरेन्द्रलोकोऽपि न वै स सेव्यताम् ।।'[६९]

વાયુપુરાણમાં યજ્ઞના પ્રચલન સંદર્ભે એક સુંદર કથાનક આપવામાં આવ્યું છે, જેમાં વૈદિકધર્મની પ્રતિષ્ઠાને બચાવી રાખવાના પુરાણના પ્રયત્નોનાં દર્શન થાય છે. એ કથાનક શબ્દશઃ આ મુજબ છેઃ

'શાંશપાયને કહ્યું– 'હે સૂતજી! પૂર્વકાળમાં સ્વાયંભુવ મન્વન્તરના ત્રેતાયુગના પ્રારંભે યજ્ઞનું પ્રચલન કયા પ્રકારે થયું? તેને વિસ્તારપૂર્વક બતાવો. જયારે સત્યુગની સાથે તેની સંધ્યા પણ સમાપ્ત થઈ, અને ત્રેતાયુગની સાથે તેની સંધિ પ્રારંભ થઈ, એ સમયે ઋષિઓએ તથા મનુએ કઈ રીતે પુનઃ વર્ણાશ્રમની વ્યવસ્થા સંપન્ન કરી? અને કયા પ્રકારે એ તમામ યજ્ઞીય વસ્તુઓને એકત્રિત કરીને યજ્ઞનું પ્રચલન કર્યું?' શાંશપાયનની આવી જિજ્ઞાસાભરી વાત સાંભળીને સૂતજીએ કહ્યું, હે શાંશપાયન! જે પ્રકારે ત્રેતાયુગના પ્રારંભકાળે યજ્ઞની પ્રથા પ્રચલિત થઈ, એને હું બતાવું છું, સાંભળો. જયારે ત્રેતાના પ્રારંભમાં વૃષ્ટિ થયા પછી તમામ પ્રકારની ઔષધીઓ પૃથ્વી પર ઉત્પન્ન થઈ ગઈ, લોકો ઘર, દ્વાર, આશ્રમ અને નગરની વાર્તામાં લીન થઈ ગયા, તે સમયે વિશ્વભોકતા દેવરાજ ઈન્દ્રે વર્ણાશ્રમધર્મની વ્યવસ્થા કરીને ઐહિક અને પારલૌકિક નિઃશ્રેયસની પ્રાપ્તિને માટે મંત્રો તથા સંહિતાઓનો પ્રચાર કરીને તથા તેને યથાયોગ્ય કર્મોમાં નિયંત્રિત કરીને બધા દેવતાઓની સાથે સંપૂર્ણ સામગ્રીઓ તથા ઉપકરણો સહિત યજ્ઞની પ્રથા પ્રચલિત કરી. એ સમયે અશ્વમેધયજ્ઞના કાર્યનો જયારે પ્રારંભ થયો, બધા મહર્ષિઓ આવીને તેમાં સામીલ થયા. મેધ્યપશુઓ દ્વારા યજ્ઞનું કાર્ય શરૂ થયાનું સાંભળીને બધા લોકો દર્શનાર્થે ઉપસ્થિત થયા. એ સમયે જયારે તમામ પુરોહિતો એ નિરંતર ચાલનારા યજ્ઞકર્મમાં વ્યસ્ત થઈ ગયા. ઉચ્ચ મધુર સ્વરમાં વેદની ઋચાઓનું ગાયન થવા લાગ્યું. યજ્ઞકર્મમાં વ્યસ્ત હોવાને કારણે મુખ્ય મુખ્ય અધ્વર્યુઓ અહીંતહીં ઉતાવળે ઘૂમવા લાગ્યા. હવનીય પશુઓનો વધ થવા લાગ્યો, દેવતાઓના

હોતાઓ અગ્નિમાં હવિષાન્નની આહુતિઓ આપવા લાગ્યા. યજ્ઞમાં ભાગ પ્રાપ્ત કરનાર દેવતાગણ તથા મહાત્માગણ આવાહિત થવા લાગ્યા.

આ સમયે યજ્ઞમંડપમાં ઉપસ્થિત કરુણાર્દ્ર હૃદયવાળા તે મહર્ષિઓએ અધ્વર્યુઓને યજ્ઞીય પશુઓને હોમ માટે સ્નાન કરાવતાં જોઈને તથા એ પશુઓની દીનતા નિહાળીને, ઈન્દ્રને કહ્યું કે, આ તમારા યજ્ઞની કેવો વિધિ છે. હિંસામય ધર્મકાર્ય કરવાને ઈચ્છુક તું આ મહાન અધર્મ કરી રહ્યો છે. હે સુરોત્તમ! તમારા જેવા દેવરાજના યજ્ઞથી આ પશુવધ કલ્યાણકારી નથી. આ દીન પશુઓની હિંસાથી તું સ્વસંચિત ધર્મનો વિનાશ કરી રહ્યો છે, આ પશુ હિંસા ધર્મ નથી. હિંસાને કયારેય ધર્મ કહી શકાય નહીં. જો તને યજ્ઞ કરવાની અભિલાષા છે જ તો વેદવિહિત યજ્ઞનું અનુષ્ઠાન કર. હે સુરશ્રેષ્ઠ! વેદાનુમત વિધિથી કરવામાં આવેલો યજ્ઞ અક્ષય ફળદાયી બનશે, એ યજ્ઞ બીજોથી તું યજ્ઞ પ્રારંભ કર, જેમાં હિસા થશે નહીં. હે ઈન્દ્ર! પ્રાચીનકાળમાં ત્રણ વર્ષથી રાખી મૂકવામાં આવેલાં અંકુરરહિત બીજો દ્વારા બ્રહ્માએ યજ્ઞનું અનુષ્ઠાન કર્યું હતું, એ જ મહાન ધર્મમય યજ્ઞારાધન છે. આ પ્રમાણે એ તત્ત્યવદર્શી મુનીઓના કહેવાથી વિશ્વભોકતા ઈન્દ્રને સંશય ઉત્પન્ન થયો કે, હવે અમારે સ્થાવર અને જંગમ એ બંને પ્રકારના ઉપકરણોમાંથી શાંના વડે યજ્ઞારાધન કરવું જોઈએ ઈન્દ્રની સાથે એ વિષય પર વિવાદમાં પડેલા એ મહર્ષિઓએ ઈન્દ્રની સાથે સમજૂતી કરીને એ વિષયની મીમાંસાને માટે રાજા વસુને પૂછયું. હે પરમ બુદ્ધિમાન રાજન્! તમે પરમ ધાર્મિક રાજા ઉત્તાનપાદના પૂત્ર તથા સ્વયં મહામહિમશાલી છો, આથી અમારા આ સંશયને દૂર કરો. કૃપા કરી ને કહો કે, આપે કેવા પ્રકારની યજ્ઞની વિધિ જોયેલ છે.

ઋષિઓની આ વાત સાંભળીને રાજાએ બળાબળનો વિચાર કર્યા વગર માત્ર વેદો અને શાસ્ત્રોના યજ્ઞવિધિપરક વચનોને યાદ કરીને યજ્ઞતત્ત્યવ વિશે કહ્યું કે શાસ્ત્રીય ઉપદેશો અનુસાર યજ્ઞારાધન કરવું જોઈએ.શાસ્ત્રોનું એવું કથન છે કે, મેધ્ય પશુઓ દ્વારા અથવા બીજો કે ફળો દ્વારા યજ્ઞારાધન કરવું જોઈએ, યજ્ઞનો સ્વભાવ જ હિંસા છે, એવી મને વેદ વચનોથી જાણવા મળેલ છે. પરમ તપસ્વી યોગી મહર્ષિઓ દ્વારા આવિષ્કૃત મંત્રસમૂહ હિંસાનો દ્યોતક છે અને તારકાદિ દર્શનો દ્વારા પણ યજ્ઞો હિંસામય હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે, આ બધાં પ્રમાણોને આધારે મેં આ વાત કહી છે, એથી તમને જો આ અનુચિત લાગે તો મને ક્ષમા કરજો. હે મહર્ષિઓ! જો એ મંત્રાદિ પ્રમાણિત છે તો હિંસામૂલક યજ્ઞનું

અનુષ્ઠાન તમે કરો અન્યથા મારી વાતોને અશકય સમજો. રાજા વસુની એ વાતો સાંભળીને નિરુત્તર બનેલા એ ઋષિઓએ કહ્યું, હે રાજન્! તું રાજા થઈને આવી મિથ્યા વાતો કરે છે એથી ચુપ રહે. એમ કહ્યા પછી, તેઓએ નીચેની તરફ બનેલા એક ભવનની તરફ જોયું અને કહ્યું કે, 'રસાતલમાં પ્રવેશ કર.' ઋષિઓ દ્વારા એવું કહેતાંની સાથે જ રાજા વસુ કે જે આકાશચારી હોવા છતાં રસાતલગામી થયો. પોતાના વચનોને કારણે ધાર્મિક બાબતોમાં સંશયને દૂર કરનારો તે રાજા વસુ આકાશમાંથી વસુધાતલવાસી બન્યો. આથી બહુજ્ઞ અને પંડિત વ્યકિતએ પણ કયારેય એકલા જ ધાર્મિક ઝઘડામાં વ્યવસ્થાપક ન બનવું જોઈએ. કેમકે, ધર્મના અનેક દ્વાર હોય છે, તેની સૂક્ષ્મ ગતિનું વાસ્તવિક જ્ઞાન ગૂઢ હોય છે. આથી કેવલ સ્વાયંભુવ મનુને છોડીને દેવતાઓ તથા ઋષિઓમાંથી કોઈ પણ નિશ્ચિતપણે ધર્મ તત્ત્યવનો નિર્ણય આપી શકતા નથી. આથી મુનિઓએ જીવહિંસાને ધર્મનું દ્વાર માનેલ નથી. પ્રાચીનકાળમાં સહસ્ત્રકોટિ ઋષિગણ પોતપોતાનાં સત્કર્મોના પ્રભાવથી સ્વર્ગગામી થયા છે. એજ કારણ છે કે, મહર્ષિગણ દાન અથવા યજ્ઞની પ્રશંસા કરતા નથી. પોતાની શકિતને અનુરુપ તુચ્છ ફળ, મૂળ, શાખ, જલપાત્ર વગેરેનું દાન કરીને તપસ્વીઓ સ્વર્ગમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. કોઈનો દ્રોહ ન કરવો, નિર્લોભ રહેવું, દમન, બધા જીવો પર દયા કરવી, તપસ્યા, બ્રહ્મચર્ય, સત્ય, કરુણા, ક્ષમા અને ધૈર્ય એ બધાં સનાતન ધર્મનાં મૂળ છે, જે કઠિનતાથી પ્રાપ્ત થાય છે. યજ્ઞધર્મ મંત્ર દ્વારા સિદ્ધ થાય છે. તપસ્યા અનશન દ્વારા સાધ્ય છે. યજ્ઞથી મનુષ્ય દેવત્વ પ્રાપ્ત કરે છે અને તપસ્યા દ્વારા વૈરાગ્ય પ્રાપ્ત કરે છે. કર્મોના સન્યાસથી બ્રહ્મની પ્રાપ્તિ, વૈરાગ્યથી લય અને જ્ઞાનથી કૈવલ્યપદની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે, પૂર્વકાળમાં સ્વાયંભુવ મન્વંતરમાં ઋષિઓ અને દેવતાઓ વચ્ચે યજ્ઞની પ્રથા પ્રચલિત થવાના અવસરે બહુ મોટો વિવાદ થયો હતો.

ત્યારપછી એ અશ્વમેધ મહાયજ્ઞમાં ઉપસ્થિત ઋષિઓ એ પ્રમાણેના હિંસાત્મક યજ્ઞના અદ્ભુત ધર્મને જોઈને તથા રાજા વસુની વાતનો અસ્વીકાર કરીને જયાંથી આવ્યા હતા ત્યાં પાછા જતાં રહ્યા. આ પ્રકારે ઋષિઓ પાછા જતા રહ્યા ત્યારપછી દેવતાઓએ યજ્ઞનું કાર્ય સમાપ્ત કર્યું. એવું સાંભળવા મળે છે કે, પ્રાચીન સમયમાં પ્રિયવ્રત, ઉત્તાનપાદ, ધ્રુવ, મેધાતિથિ, વસુ, સુમેધા, વિરજા, શંખપાદ, રજ, પ્રાચીનબર્હિ, પર્જન્ય અને હવિર્ધાન વગેરે અનેકાનેક સિદ્ધ બ્રાહ્મણ મહાત્માઓ અને ક્ષત્રિય રાજાઓ પોતાના તપના બળથી સિદ્ધિ પ્રાપ્ત કરીને સ્વર્ગમાં ગયા.

આ જ બધાં કારણોથી, બધે યજ્ઞની અપેક્ષાએ તપસ્યા વિશેષ ફળદાયી છે. પ્રાચીન કાળમાં બ્રહ્માએ સંપૂર્ણ વિશ્વની સૃષ્ટિ તપ દ્વારા કરી હતી. યજ્ઞ ક્યારેય પણ તપની અપેક્ષાએ શ્રેષ્ઠ ન હોઈ શકે. સમસ્ત જગતનું મૂળ તપ જ છે. સ્વાયંભુવ મન્વંતરમાં આ પ્રમાણે યજ્ઞની પ્રથા પ્રચલિત થઈ હતી. ત્યારથી માંડીને પ્રત્યેક યુગમાં આ યજ્ઞ થતો આવ્યો છે.'[૭૦]

વાયુપુરાણના આ કથાનકમાં મહત્ત્યવની અને નોંધનીય બાબત એ છે કે, ઈન્દ્રને અહીં સર્વશ્રેષ્ઠ, વિશ્વભોકતા તરીકે રજૂ કર્યો છે અને ઈન્દ્ર સિવાય અન્ય કોઈ દેવતાનો નામોલ્લેખ નથી. સામાન્ય રીતે પુરાણોમાં આવું જોવા મળતું નથી. ઈન્દ્ર વેદનો સર્વોત્તમ દેવતા છે, પરંતુ પુરાણોમાં તેનું સ્થાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની તુલનાએ ગૌણ બની જાય છે. ઉપરાંત, યજ્ઞના પ્રવર્તક તરીકે પણ ઈન્દ્રને રજૂ કરવામાં આવ્યો છે (तथा विश्वभुगिन्द्रस्तु यज्ञं प्रावर्तयत्तदा'). આની પાછળનું રહસ્ય એકદમ સ્પષ્ટ જ છે કે, આ આખું કથાનક યજ્ઞના નિમિત્તે વૈદિક ધર્મ તરફ કરવામાં આવેલ આક્ષેપનું નિવારણ અને સમય અનુસાર ધર્મના સ્વરૂપમાં ફેરફાર કરીને સમાજની માંગની પૂર્તિ કરે છે. એ રીતે પુરાણ વૈદિક ધર્મને સમાજમાં સ્થિર રાખવામાં સહાય કરે છે. અલબત્ત, ઈન્દ્રની સ્થાનચ્યુતિના ભોગે પણ એ કાર્ય થાય છે. ઋગ્વેદનો ઋષિ ઈન્દ્રની સતત સહાય વાંચ્છે છે અને તેની સ્તુતિ કરતાં થાકતો નથી, જ્યારે અહીં તપસ્વી મુનિઓ સમક્ષ ઈન્દ્ર અસહાય જણાય છે. ઉપરાંત, અહીં અન્ય પણ કેટલીક બાબતો દર્શનીય છે. જેમકે, કોઈનો દ્રોહ ન કરવો, નિર્લોભ રહેવું, દમન, બધા જીવો પર દયા કરવી, તપસ્યા, બ્રહ્મચર્ય, સત્ય, કરુણા, ક્ષમા અને ધૈર્ય એ બધાં સનાતન ધર્મનાં મૂળ છે, જે કઠિનતાથી પ્રાપ્ત થાય છે. આ બાબત વૈદિક કર્મકાંડમાં પ્રવેશેલાં દૂષણોને દૂર કરવાની જરૂરિયાત તરફ તો ઈશારો કરે જ છે, સાથે સાથે સનાતન કે વૈદિક ધર્મના બદલાતાં જતાં સ્વરૂપને પણ દ્યોતિત કરે છે. 'યજ્ઞધર્મ મંત્ર દ્વારા સિદ્ધ થાય છે અને તપસ્યા અનશન દ્વારા સાધ્ય છે (धर्ममन्त्रात्मको यज्ञस्तपश्चानशनात्मकम्)' તેમજ 'બધાં જ કારણોથી તપ યજ્ઞ કરતાં વિશેષ છે ('तस्माद्विशिष्यते यज्ञात्तपः सर्वेषु कारणैः)' જેવાં વિધાનો ખાસ કરીને જૈનધર્મ અને તેના સિદ્ધાંતને મહત્ત્યવ આપીને પોતાનામાં સમાવી લેવાના પ્રયાસરૂપ જણાય છે અને એ રીતે, પુરાણકાર યજ્ઞ કરતાં તપની શ્રેષ્ઠતાને દર્શાવીને પણ યજ્ઞનું સ્થાન અવિચળ રાખે છે. આ કથાનકનું શ્રવણ કર્યા પછી તપની શ્રેષ્ઠતા તો સિદ્ધ થાય જ છે, પરંતુ રાજા વસુને મળેલા શાપના પડઘા એટલા તો પ્રચંડપણે

છવાઈ જાય છે કે, તપ શ્રેષ્ઠ હોવા છતાં પણ શ્રોતાના મનોજગતમાં છવાયેલ યજ્ઞના સંસ્કારને ડગાવી શકતું નથી. અગ્નિષ્ટોમ કે અગ્નિહોત્રની અનિવાર્યતા પદ્મપુરાણમાં સ્પષ્ટતઃ વર્ણવાયેલ છેઃ

'अग्निहोत्रं च जुहुयात् पंचयज्ञान्समाचरेत् ।
उत्पन्नैर्विविधैर्मेध्यैः शाकमूलफलेन वा ।।'[७१]

પુરાણોના આવા સમન્વયાત્મક દષ્ટિકોણે જ સનાતનધર્મને સદીઓ સુધી સ્થિર રાખ્યો છે. આમસમાજમાં વેદવર્ણિત અગ્નિપૂજા, વર્ણાશ્રમ કે સંસ્કારાદિ કર્મોનો પરવર્તી કાળમાં સૌથી વધારે પ્રચાર અને પ્રસાર સ્મૃતિ પછી પુરાણોએ જ કર્યો છે. અલબત્ત, વૈદિકધર્મમાં અગિનપૂજાનું જે સ્થાન અને સ્વરૂપ હતું, તેમાં ઘણો જ ફેરફાર થયેલો જોવા મળે છે. પુરાણોની અગ્નિપૂજા શ્રુતિ–સ્મૃતિમાન્ય તો છે જ, સાથે સવિકલ્પક પણ છે. પદ્મપુરાણકાર નોંધે છે કે, –

'इन्द्रियार्थनिवृत्ता ये समर्था वेदवादिनः ।
अग्निपूजारता नित्यं ते विप्राः स्वर्गगामिनः ।।'[७२]

અહીં અગ્નિપૂજાને સ્વર્ગપ્રાપ્તિના હેતુરૂપ ગણવેલ છે. જયારે કે પદ્મપુરાણમાં જ અન્ય શ્લોકમાં અગ્નિપૂજાની સાથે સાથે અન્ય પૂજાઓને પણ સ્વર્ગગમનમાં હેતુરૂપ ગણાવીને વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં આવી છેઃ

'अग्निपूजादेवपूजागुरुपूजारताश्च ये ।
द्विजपूजारतानित्यं ते विप्राः स्वर्गगामिनः ।।'[७३]

આશ્રમધર્મની મહત્તા અને શ્રેયસ્કરતાને દર્શાવતાં પદ્મપુરાણકાર નોંધે છે કે, –

'ब्रह्मचारीगृहस्थश्च वानप्रस्थो यतिस्तथा ।
स्वधर्मनिरताः सर्वे नाकपृष्ठे वसन्ति ते ।।'[७४]

એ જ રીતે, સમાન આચારથી યુકત ચારે વર્ણોનું સર્જન બ્રહ્માએ જ કર્યું હોવાનું કથન પણ તેમાં થયેલું છેઃ

'प्रजास्ताब्रह्मणा सृष्टाश्चातुर्वर्ण्यव्यवस्थितौ ।
सम्यक् शुद्धाः समाताराचरणानृपसत्तम ।।'[७५]

આમ, પુરાણોએ 'પોતાની રીતે' વૈદિક ધર્મને સાંગોપાંગ વર્ણવેલ છે. તેથી, આ દષ્ટિએ પુરાણ અને વેદ વચ્ચેનો સંબંધ ઉપજીવી–ઉપજીવ્ય પ્રકારનો હોવા છતાં સ્વતંત્ર પ્રકારનો પણ છે.

## (બ) સાહિત્યિક દૃષ્ટિએ

સમગ્ર સંસ્કૃત સાહિત્યના મુખ્ય બે રૂપો માનવામાં આવે છે; વૈદિક અને લૌકિક. જેમાંથી વેદ–સંહિતાઓ, બ્રાહ્મગ્રંથો વગેરે વૈદિક સાહિત્ય છે અને પુરાણ, મહાકાવ્યાદિ લૌકિક સાહિત્ય છે. મૂળરૂપે આ બાબત સંસ્કૃત ભાષા સાથે સંકળાયેલી છે. સંસ્કૃતનાં વૈકિદક અને લૌકિક એવાં બે રૂપોને કારણે આ બન્ને સાહિત્યિક ભેદો અસ્તિત્વમાં આવ્યાં હોવાથી, તે બન્ને વચ્ચે અત્યંત ગહન સંબંધ હોવો સ્વાભાવિક જ છે. વૈદિક સાહિત્યમાં પ્રયોજાયેલી સંસ્કૃત ભાષા મૂળ અને અપરિવર્તનીય ભાષા છે, જયારે પુરાણોની ભાષા વિકસિત અને સમયની સાથે સાથે પરિવર્તન પામતી ગયેલી ભાષા છે. વસ્તુતઃ તો આ સમગ્ર, સંસ્કૃત ભાષાનો જ સળંગ વિકાસ છે. ભારોપીય પરિવારમાંથી અલગ પડેલી સંસ્કૃત ભાષાના ક્રમિક વિકાસને વૈદિક અને લૌકિક સાહિત્યો પ્રસ્તુત કરે છે. 'ઘાટ ઘડયા પછી નામ–રૂપ જૂજવાં' જેવો ઘાટ અહીં પણ જોવા મળે છે, પરંતુ બન્ને એક જ વસ્તુ કે વિષયનાં બે રૂપો છે, એ બાબત જ બન્નેનાં સામ્ય અને વૈષમ્યને ઈંગિત કરનારી છે. જયારે વસ્તુ એક જ છે, ત્યારે બન્ને વચ્ચે સંબંધ ન હોવાનો તો વિચાર જ વાહિયાત સિદ્ધ થાય છે.

વેદ અને પુરાણો બન્ને એક જ સમય, એક જ સમાજ અને એક જ સંસ્કૃતિમાં એક સાથે જ પ્રવહ્યાં હોવા છતાં, જ્યાં વેદ કે વૈદિક સાહિત્યનો પ્રવાહ થંભી જાય છે, ત્યાં પુરાણો સદીઓ સુધી પોતાની ગતિને જાળવી રાખે છે. એટલું જ નહીં, અનેક વૈદિક વિષયોને પણ પોતાની સાથે લઈને ચાલે છે. પોતાના સ્વરૂપને જાળવી રાખીને, પુરાણો વેદવિહિત અર્થોને પોતાની શૈલીમાં રજૂ કરે છે. પુરાણનું વિશિષ્ટ રૂપ કોઈ વસ્તુના માત્ર વર્ણનથી જ સિદ્ધ થાય છે. પ્રાચીન કથાનકોના વર્ણનના માધ્યમથી શ્રોતાઓના ચિત્તને પાપાત્મક પ્રવૃત્તિથી હટાવીને પુણ્ય તરફ વાળવાનું પુરાણનું મુખ્ય લક્ષ્ય છે. પુરાણએથી જ સરળ અને સુબોધ ભાષાનો પ્રયોગ કરે છે. પુરાણની સંસ્કૃતભાષા સુબોધ, વ્યાવહારીક, ચુસ્ત તથા થોડામાં ઘણું કહેનારી છે. પોતાની ધાર્મિક પ્રવૃત્તિને જ લક્ષ્ય બનાવીને તેનો શબ્દ–વ્યાપાર પ્રવૃત્ત થાય છે. પુરાણના સાહિત્યિકરૂપના વૈશિષ્ટ્યને તપાસતી વખતે એ ધ્યાનમાં રાખવું આવશ્યક છે કે પુરાણ અનુરંજનની સાથે શિક્ષણ પણ આપે છે. તે પાપ–પુણ્યના વિશિષ્ટ ફળને દર્શાવિને એકનો ત્યાગ અને અન્યનું ગ્રહણ કરવાનો ઉપદેશ આપે છે. જયારેકે વેદ આદેશ આપે છે. પુરાણ શબ્દ પ્રધાન

વેદોમાંથી અર્થને ગ્રહણ કરીને પ્રસ્તુત કરે છે. પોતાને અભીષ્ટ એવા અર્થને પ્રગટ કરવા માટે તેનો ખાસ આગ્રહ હોય છે. તેના માટે તે ન તો શબ્દનું કે ન તો રસનું પ્રાધાન્ય માને છે. તે કથન—પ્રકારને બદલે કથન—વિષય ઉપર વધારે ભાર મૂકે છે. તેથી તેની ભાષા તેને અનુરૂપ અને વ્યાવહારિક હોય છે. આ માટે તે પાણિનીય વ્યાકરણના નિયમોનું પણ અનુસરણ કરતું ન હોવાથી પુરાણોની ભાષામાં અપાણિનીય પ્રયોગો પણ પ્રાપ્ત થાય છે. ટીકાકારો તેને આર્ષપ્રયોગ તરીકે ઘટાવે છે. પાણિનીએ 'संबुद्धौ शाकलस्येतावनार्षे ।'[૭૬] વગેરે સૂત્રોમાં 'अनार्ष' શબ્દનો પ્રયોગ વેદથી ભિન્ન ગ્રંથોને માટે કર્યો છે . આથી 'आर्ष' પદનો પ્રયોગ વેદની ભાષા માટે હોવાનું પાણિનીનું માનવું છે. પુરાણમાં આવા અનેક આર્ષપ્રયોગો થયેલા છે. જે વૈદિક વ્યાકરણને અનુકૂળ છે જેમકે શ્રીમદ્ભાગવતપુરાણમાં 'भस्मनि हुतम्' નાં સ્થાને 'भस्मन् हुतम्',[૭૭] 'प्रतिहर्तुम्' નાં સ્થાને 'प्रतिहर्तवे'[૭૮] તથા 'धीमहि'[૭૯] અને 'अभिधीमहि'[૮૦] વગેરે પ્રયોગો વૈદિક પ્રક્રિયાથી યુકત આર્ષપ્રયોગો છે. પુરાણોમાં વૈદિક અને લૌકિક બંને પ્રકારના શબ્દોનો પ્રયોગ હોવા છતાં, અધિકાંશ શબ્દો લૌકિક વ્યાકરણના નિયમો અનુસાર પ્રયોજાયેલા છે. આથી એમ કહી શકાય કે, વ્યાસે પુરાણોના સંકલન વખતે ગુરુપરંપરાગત પુરાતન અને તે સમયમાં પ્રચલિત શબ્દોનો લૌકિક શબ્દો દ્વારા પ્રયોગ કરવાનો પ્રયાસ કર્યો હતો. અને આથી જ પુરાણોમાં લૌકિક શબ્દોના બહૂમુલ્યની સાથે—સાથે વૈદિકતાની છાપ પણ પડી છે. પદ્મપુરાણમાં પણ 'पुत्रेति तन्मयतया तरवोऽभिनेदु' માં 'पुत्र-इति' ના સ્થાને 'पुत्रेति'[૮૧]નો તથા માર્કણ્ડેયપુરાણ[૮૨] 'निशामय तदुत्पत्तिम्' માં 'निशमय' ના સ્થાને ''निशामय' નો પ્રયોગ થયેલો છે.

ઋષિ—મુનિઓએ વિધિ—નિષેધાત્મક વાકયોને ત્રણ ભાગોમાં વિભકત કરેલ છેઃ (૧) અર્થવાવાદવાકય, (૨) ભયપ્રદવાકય અને (૩) યથાર્થવાકય.

**૧. <u>અર્થવાદવાકયઃ</u>**

સ્ત્રી—પુરુષોને ધાર્મિકકાર્યોમાં પ્રવૃત કરવા માટે જે પ્રશંસાત્મક અને રુચિકરવાકયો કહેવામાં આવ્યાં છે, તેને વૈદિક પ્રક્રિયાનુસાર 'અર્થવાદવાકય' કહેવામાં આવે છે. જેમકે 'गवां मण्डूका ददत शतानि' (દેડકાએ સો ગાયોનું દાન કર્યું), 'वनस्पतयः सत्रमासत' (વનસ્તતિઓએ યજ્ઞ કર્યો), 'सर्पाः सत्रमासत' (સર્પોએ યજ્ઞ કર્યો) તથા 'जरद्रभवो गायति भद्रकाणि' (નીલગાયે સામવેદનું ગાન કર્યું) વગેરે ઋગ્વેદનાં[૮૩] વાકયોનું તાત્પર્ય એ છે કે, દેડકાં જેવાં તુચ્છ જીવો પણ જો ગોદાન કરી શકતા હોય,

તો સર્વશ્રેષ્ઠ એવા મનુષ્યોએ તો ગોદાન કરવું જ જોઈએ. જો જડ વનસ્પતિ અને વિષધર સર્પ પણ યજ્ઞ કરી શકે, તો સર્વસાધનસંપન્ન અને સકલ– કાર્યક્ષમ મનુષ્યે તો યજ્ઞાનુષ્ઠાન અવશ્ય કરવું જ જોઈએ. અહીં જો કોઈ આલોચક અર્થવાદને ધ્યાને ન લેતાં મંડૂક, સર્પ, નીલગાય વગેરે દ્વારા કરવામાં આવતું ગોદાન, યજ્ઞ અને સામગાનને વાસ્તવિક સમજીને લોકવ્યવહારમાં આવાં કાર્યોને અસંભવ માનીને વેદો પર આક્ષેપ કરે, તો તે તેની અનભિજ્ઞતા જ છે.

વેદોની જેમ પુરાણોમાં પણ વિવિધ શુભકાર્ય તથા સન્માર્ગની તરફ અભિરુચિ વધારવા માટે અર્થવાદ પદ્ધતિનું અનુસરણ વેદવ્યાસે કર્યું છે. જેમકે,–

'पूजयित्वा रविं भक्त्या ब्रह्मा ब्रह्मत्वमागतः ।
विष्णुत्वं चापि देवेशो विष्णुराप तदर्चनात् ।।
शंकरोऽपि जगन्नाथः पूजयित्वा दिवाकरम् ।
महादेवत्वमगमत् तत्प्रसादात् खगाधिपः ! ।।'[૮૪]

તથા

'यावत्पादं नरो भक्त्या गच्छेत् विष्णुप्रदक्षिणे ।
तावत्कल्पसहस्राणि विष्णुना सह मोदते ।।'[૮૫]

તેમજ,

'प्रतिष्ठया सार्वभौमं सद्मना भुवनत्रयम् ।
पूजादिना ब्रह्मलोकं त्रिभिर्मत्साम्यतामियात् ।।'[૮૬]

અને

'श्रुतिस्मृतिपुराणेतिहासागम शतानि च ।
एतच्छिवपुराणस्य नार्हत्यल्पां कलामपि ।।'[૮૭]

વિભિન્ન પુરાણોનાં આ ઉદ્ધરણોમાં સૂર્યોપાસના, શિવપુરાણપાઠ, વિષ્ણુપ્રદક્ષિણા, દેવાયતનનિર્માણ વગેરે શુભ કાર્યોમાં અભિરુચિ વધારવા માટેનો મહર્ષિ વ્યાસનો પ્રયાસ છે. જો અહીં કોઈ બુદ્ધિમાન વ્યકિત વ્યાસના અર્થવાદને સમજયા વગર, સૂર્યની અપેક્ષાએ બ્રહ્માદિ દેવોની તુચ્છતા, વેદાદિશાસ્ત્રોની લઘુતા અને પ્રદક્ષિણાતિશયિત્વ સિદ્ધ કરવા ઇચ્છે, તો તે તેની અનભિજ્ઞતા જ લેખાશે.

**૨. ભયપ્રદવાકય :**

અધાર્મિક કાર્યોથી વિમુખ થવા માટે જે વચનો વેદોમાં કહેવામાં આવ્યાં છે, તેને 'ભયપ્રદવાકય' કહે છે. આવાં વાકયોની પ્રવૃત્તિ ધર્મની તરફ હોય છે.

જેમકે,– 'अन्धतमः प्रविशन्ति येऽसंभूतिमुपासते ।'[૮૮]

તથા

'एतानि अविदित्वा योऽधीते प्रवामियते ।'[૮૯]

આ મંત્રોમાં પણ અક્ષરાર્થ ન લેતાં, એવો તાત્પર્યાર્થ લેવો જોઈએ કે, 'માયાની ઉપાસના કરવી અને ઋષિઓ વગેરેને ન જાણવા, એ મહાપાપ છે.' અહીં મનુષ્યોને તે મહાપાપથી બચાવવા માટે અંધકાર અને મૃત્યુનો ભય બતાવવામાં આવ્યો છે.

આ જ પ્રમાણે, પુરાણોમાં પણ મનુષ્યને દુષ્કર્મોથી બચાવવા માટે ભયપ્રદ શબ્દોનો પ્રયોગ થયેલો છે. જેમકે, –

'यः पुनः कुष्णवस्त्रेण मम कर्मपरायणः ।
घुणो वै पञ्चवर्षाणि लाजावांस्तु समाश्रयः ।।'[૯૦]

તેમજ

'गत्वा च याषितं श्राद्धं यो भुङ्क्ते यश्च यच्छति ।
रेतोमूत्रकृताहारास्तं मासं पितरस्तयोः ।।'[૯૧]

આ ઉદ્ધરણોમાં પણ તેનો મુખ્યાર્થ ન લેતાં, 'શુભકાર્યોમાં કાળું વસ્ત્ર પહેરવું અને શ્રાદ્ધકર્મમાં બ્રહ્મચર્ય ન પાળવું, તે મહાપાપ છે' એવો તાત્પર્યાર્થ ગ્રહણ કરવો જોઈએ.

**૩. <u>યથાર્થવાકય</u> :**

અક્ષરાર્થ કે મુખ્યાર્થને અનુસરતાં વિધિ–નિષેધાત્મક વાકયોને 'યથાર્થવાકય' કહે છે. આ પ્રકારનાં વાકયોનાં વૈદિક ઉદાહરણો આ પ્રમાણે છેઃ

'अक्षैर्मादीव्यः कृषिमित् कृषस्व वित्ते रमस्व बहुमन्यमानः ।'[૯૨]

તથા

'मा गृधः कस्यचिद्धनम् ।'[૯૩]

તેમજ

'तप्यमानस्य भूयसी कीतिर्भवति ।'[૯૪]

આ વૈદિક વાકયોમાં જુગાર ન રમીને અને કૃષિ કરીને ધનવાન બનવા માટેનો તથા અન્યના ધનની લાલચ ન કરવાનો અને તપશ્ચર્યા દ્વારા યશ પ્રાપ્ત કરવાનો આદેશ આપવામાં આવેલ છે, જે વાસ્તવિકતયા પણ એવો જ અર્થ ધરાવે છે.

વેદોની આ પદ્ધતિ અનુસારનાં ઉદાહરણો પુરાણોમાં પણ મળે છેઃ

'जयते क्रतुभिर्देवान् पितृश्च श्रद्धयान्वितः ।
गत्वा चान्द्रमसं लोकं सामपः पुनरेष्यति ।।'[૯૫]

તથા

'सर्वदुःखहरं व्याधिनाशकं मोक्षदं तथा ।
सदाचारेषु संध्यायाः प्राधान्यं मुनिपुगव ! ।।'[૯૬]

તેમજ

'यस्य हस्तौ च पादौ च मनश्चैव सुसंयुतन् ।
विद्या तपश्च कीर्तिश्च स तीर्थफलमश्नुते ।।'[૯૭]

પુરાણોનાં આ ઉદાહરણોમાં સકામકર્મોથી સ્વર્ગલોકાદિની પ્રાપ્તિ, પુનરાગમન, દુઃખનાશપૂર્વક મોક્ષની પ્રાપ્તિ, સંયમ, જ્ઞાન તથા તપશ્ચર્યાથી તીર્થસેવનથી પ્રાપ્ત થતાં ફળનું, જે સમર્થન કરવામાં આવ્યું છે, તે વાસ્તવિક અર્થમાં પણ એવું જ છે.

આ પ્રમાણે, વેદવાકયોની જેમ જ પુરાણવાકયોમાં પણ અર્થવાદ, ભયપ્રદત્વ અને યથાર્થવાદનાં દર્શન થાય છે. આમ, પુરાણોએ પોતાની વર્ણનશૈલીમાં વૈદિક સાહિત્યનું અનુસરણ કર્યું છે. સંસ્કૃત ભાષાના લૌકિક રૂપને વૈદિક રૂપની અર્થચ્છાયામાં પુરાણોએ વિકસાવ્યું છે. જેવી રીતે વૈદિક મંત્રોના અર્થ જુદી જુદી પરિસ્થિતિમાં જુદી જુદી રીતે ઘટાવવામાં આવે છે, પુરાણોએ પણ વેદની એ શૈલીનું અનુસરણ કર્યું છે. આધિભૌતિક, આધિદૈવિક તથા આધ્યાત્મિક એમ ત્રણ પ્રકારે વૈદિક મંત્રોના અર્થ કરવામાં આવે છે, તેમ કોઈ એક જ અર્થને જુદાં જુદાં પુરાણો જુદી જુદી રીતે મૂલવે છે. કોઈ એક વિષયને લઈને કોઈ એક પુરાણમાં જે અર્થ ઘટાવવામાં આવ્યો હોય, બીજું પુરાણ તે જ વિષયને લઈને બીજો અર્થ વ્યકત કરે છે, તો ત્રીજું પુરાણ વળી ત્રીજો જ અર્થ રજૂ કરે છે. જેમકે, બ્રહ્મા અને તેની પુત્રીનું કથાનક શ્રીમદ્ભાગવતપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ અને દેવીભાગવતપુરાણ ત્રણેમાં જુદા જુદા અર્થઘટન સાથે નિરૂપવામાં આવ્યું છે.

શ્રીમદ્ભાગવતપુરાણ[૯૮] એ કથાનકનો આધિભૌતિક અર્થ રજૂ કરે છે. ત્યાં એ કથાનો ભાવાર્થ એ છે કે, પ્રજાપતિ (સૂર્ય) પોતાની દુહિતા (પુત્રી) ની પાછળ દોડે છે, મરીચિ વગેરે પુત્રો (કિરણો) તેને રોકે છે અને તે લજ્જિત થઈને પોતાના પાપમય શરીર (પ્રાતઃકાલીન વાદળ) નો ત્યાગ કરીને બધી દિશાઓમાં

ફેલાઈ જાય છે. જેને વૈજ્ઞાનિક પરિભાષામાં 'નિહાર' કે 'ધુમ્મસ કહેવામાં આવે છે. ભાગવતકાર પણ એવા જ શબ્દોનો પ્રયોગ કરે છેઃ 'निहारं यद् विदुस्तमः ।'[૯૯] આ રૂપક દ્વારા અહીં એ સ્પષ્ટ થાય છે કે, ધુમ્મસની ઉત્પત્તિને દર્શાવવા માટે પુરાણકારે આ રૂપકને પ્રયોજયું છે.

આ કથાને બ્રહ્મવૈવર્તપુરાણમાં આધ્યાત્મિક અર્થમાં પ્રસ્તુત કરવામાં આવી છે. અહીં પણ શિવ દ્વારા બ્રહ્માના મસ્તકને કાપવાની વાત છે; પરંતુ કથાના અંતે તેનો આધ્યાત્મિક અર્થ આ પ્રમાણે સ્પષ્ટ કરી દેવામાં આવ્યો છેઃ

'मनः स्वरूपो ब्रह्मा मे ज्ञानरूपो महेश्वरः ।
वागधिष्ठात्री देवी या स्वयं वै सरस्वती ।।'[૧૦૦]

આમ, આ કથાના આધ્યાત્મિક અર્થમાં જ્ઞાનરૂપ શિવ દ્વારા, મનોરૂપ બ્રહ્માના અહંકારરૂપ મસ્તકનો છેદ ઉચિત જણાય છે.

દેવીભાગવતપુરાણમાં આ જ કથાનું આધિદૈવિક અર્થઘટન થયેલું છે. ત્યાં બ્રહ્મલોકના અધિષ્ઠાતા બ્રહ્મા જ અભિપ્રેત છે.[૧૦૧] મત્સ્યપુરાણમાં પણ આ કથાને આધિદૈવિક અર્થમાં જ ઘટાવવામાં આવી છે.[૧૦૨]

આમ, પુરાણોનો વિવિધ અર્થગ્રહણ કે અર્થોના પ્રકટીકરણમાં વેદો સાથે ગાઢ સંબંધ પ્રતીત થાય છે.

શબ્દ અને અર્થ એકબીજાને સાપેક્ષ છે. અર્થની જેમ શબ્દોની બાબતમાં પણ બન્ને વચ્ચે ઘણી સામ્યતા જોઈ શકાય છે. જેમકે, 'ऋत' અર્થાત્ 'સત્ય' અંગે શતપથબ્રાહ્મણમાં કહેવામાં આવ્યું છેઃ 'सत्यं वा ऋतम्'[૧૦૩] આને લિંગપુરાણ 'ऋतमक्षरमुच्यते सत्यमक्षरमुच्यते ।'[૧૦૪] એ રીતે રજૂ કરે છે. વૈદિકગ્રંથોમાં 'मरीचि' શબ્દ તેજવાચક છે[૧૦૫] અને એ જ અર્થમાં બ્રહ્મવૈવર્તપુરાણમાં પ્રયુકત થયેલો જોઈ શકાય છે.[૧૦૬] 'वृत्र' શબ્દ પાપવાચક તરીકે બન્નેમાં પ્રયોજાયેલો છે– 'पाप्मा वै वृत्रः' (શતપથબ્રાહ્મણ, ૧૧/૧/૫/૭ તથા ૧૩/૪/૧/૧૩) તેમજ 'स वै वृत्र इति प्रोक्तः पापः परमदारुणः ।' (શ્રીમદ્ભાગવતપુરાણ, ૬/૭/૧૮). એ જ રીતે 'प्राण' શબ્દ 'રુદ્ર' ના અર્થમાં બન્ને સાહિત્યમાં મળે છે– 'प्राणा वै रुद्राः' (જૈમિનીયોપનિષદબ્રાહ્મણ, ૪/૨/૬) તથા 'ये रुद्रास्ते खलु प्राणाः' (લિંગપુરાણ, ૧/૨૨/૨૪).

બ્રાહ્મણગ્રંથો અને નિરુકતના જેવા નિર્વચનો પુરાણોમાં પણ પ્રાપ્ત થાય છે. ઘણાં નિર્વચનો વેદનાં જેવાં ન હોવા છતાં, વૈદિકગ્રંથોના નિર્વચનની સાથે ઘણું જ સામ્ય ધરાવે છે. જેમકે, દેવીપુરાણમાં 'गायनात् गमनाद् वापि गायत्री'

કહ્યું છે,[107] જેનું મૂળ શતપથબ્રાહ્મણમાં મળે છે.[108] નિરુકતમાં પણ 'त्रिगमना वा विपरिता' કહ્યું છે.[109] 'શરીર'નું નિર્વચન પુરાણમાં 'श्रयन्ति यस्मात् तन्मात्रा' મળે છે,[110] જેને શતપથબ્રાહ્મણ 'अथ यत् सर्वस्मिन् प्रश्रयन्ति' કહે છે.[111] 'યજુસ્' શબ્દને પુરાણે 'यजनात् स यजुर्वेदः'[112] કહેલ છે, જેને શતપથબ્રાહ્મણ 'यजुरित्येष हीदं सर्वं युनक्ति' કહે છે.[113] જો કે, અહીં અર્થભેદ છે, પરંતુ ધાતુનું સામ્ય જોઈ શકાય છે. 'પુત્ર' શબ્દનું નિર્વચન ગોપથબ્રાહ્મણ–'पुंनाम नरकमनेकशततारं तस्मात् त्राति' આપે છે,[114] જેને વામનપુરાણ તથા લિંગપુરાણ– 'पुंनाम्नः नरकात् त्राति पुत्रः' તરીકે રજૂ કરે છે.[115]

આમ, પુરાણ તથા વૈદિકસાહિત્ય વચ્ચે અનેક શબ્દો અને નિર્વચનોમાં સામ્ય જોઈ શકાય છે, જેનાથી તે બન્ને વચ્ચેના ગાઢ સંબંધને પ્રસ્થાપિત કરી શકાય છે. એટલું જ નહીં, કયાંક કયાંક તો સંપૂર્ણ મંત્રનું પણ સામ્ય જોઈ શકાય છે. પુરાણોમાં પ્રાપ્ત થતાં વૈદિક અનુષ્ઠાનોમાં એ સામ્ય વિશેષતઃ જોઈ શકાય છે. ગૃહ્યયજ્ઞો, દેવો માટેનાં પૂજનો અને હવનો વગેરેમાં બહુધા વૈદિક મંત્રોનો પ્રયોગ જ કરવામાં આવ્યો છે. તીર્થની પવિત્રતા પણ વૈદિક મંત્રોથી દર્શાવી છે. કેટલાંક ઉદાહરણો જોઈએ–

(૧) બ્રહ્મપુરાણમાં ગૌતમી નદીના કિનારે આવેલ, આત્રેયતીર્થના પ્રસંગમાં આત્રેયના ઈન્દ્રસ્વરૂપનો પરિચય આપ્યો છે–'यो जात एव प्रथमो मनस्वान्[116] જે ઋગ્વેદના 'स जनास' સૂકતનો પ્રથમ મંત્ર છે.[117]

(૨) ઋગ્વેદ, ૯/૧૧૪/૨,૩,૪ અને ૯/૧૧૨/૩ એ ચાર મંત્રો ઈન્દ્રની સ્તુતિ કરે છે. એ મંત્રો બ્રહ્મપુરાણના ૧૭૪મા અધ્યાયમાં ૧૪ થી ૧૭ સુધીના શ્લોકોમાં મળે છે. એ ચારેય મંત્રોમાં સોમથી ઈન્દ્ર પ્રવાહિત હોવાની પ્રાર્થના કરવામાં આવી છે.

(૩) ઉર્વશી અને પુરુરવા સંબંધી ઋગ્વેદના પ્રસિદ્ધ મંત્રો– ૧૦/૯૫/૧૫–૧૬ બ્રહ્મ–પુરાણ, ૧૫૧/૪ અને ૧૨ સાથે સામ્ય ધરાવે છે.

(૪) બ્રહ્મપુરાણ, ૧૨૮/૨૭ માં શિવ ઈન્દ્ર, મિત્ર અને અગ્નિ નામથી પ્રસિદ્ધ હોવાનું કહ્યું છે, જે ઋગ્વેદ, ૧/૧૬૪/૪૬ની સાથે તાત્પર્ય અને શબ્દશઃ સામ્ય ધરાવે છે.

(૫) બ્રહ્મપુરાણના ૧૬૧મા અધ્યાયમાં ઋગ્વેદના પુરુષસૂકતોના અનેક મંત્રોનું અક્ષરશઃ અનુસરણ જોઈ શકાય છે.

(૬) ઋગ્વેદ, ૧૦/૩૪/૧૦–૧૧માં કરવામાં આવેલી 'कितव' ની નિંદા, બ્રહ્મપુરાણ, ૧૭૧/૩૨–૩૩માં શબ્દશઃ જોવા મળે છે.

(૭) 'द्वा सुपर्णा सयुजा सखाया' જેવા પ્રસિદ્ધ વૈદિક મંત્ર (ઋગ્વેદ, ૧/૧૬૪/૨૦; અથર્વવેદ, ૯/૯/૨૦; શ્વેતાશ્વતરોપનિષદ, ૪/૬; મુણ્ડકોપનિષદ, ૩/૧/૧)ની વ્યાખ્યા શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૧/૧૧/૬માં કરવામાં આવી છે. વાયુપુરાણમાં આ મંત્ર આવા સ્વરૂપે પ્રાપ્ત થાય છેઃ

'दिव्यौ सुपर्णौ सयुजौ सशाखौ पटविद्रुमौ ।
एकस्तु यो द्रुमं वेत्ति नान्यः सर्वात्मनस्ततः ।।' વાયુપુરાણ, ૯/૧૧૯

આમ, વેદ અને પુરાણ વચ્ચે અનેક મંત્રોનું સામ્ય જોઈ શકાય છે. જેમાંથી કેટલાંક જ માત્ર ઉદાહરણરૂપે અહીં આપ્યાં છે. વેદ અને પુરાણ વચ્ચેનો આ સંબંધ કયાંક તો શબ્દ અને મંત્રથી પણ આગળ વધીને સૂકત સુધી વિસ્તરે છે. જેમકે, 'પુરુષસુકત' (ઋગ્વેદ, ૧૦/૯૦) શ્રીમદ્‌ભાગવતપુરાણના દસમસ્કંધના પ્રથમ અધ્યાય તરીકે રજૂ થયેલ છે. 'પુઢરવાસૂકત' (ઋગ્વેદ, ૧૦/૯૫) શ્રીમદ્–ભાગવતપુરાણના નવમાસ્કંધમા 'એલોપાખ્યાન' તરીકે રજૂ થાય છે. ઐતરેય–બ્રાહ્મણમાં નિર્દિષ્ટ 'હરિશ્ચંદ્રોપાખ્યાન' શ્રીમદ્‌ભાગવતપુરાણના નવમા સ્કંધના સાતમા અધ્યાયમાં જોઈ શકાય છે.

વેદસંહિતા અને બ્રાહ્મણગ્રંથોમાં પ્રસંગવશ અનેક આખ્યાનો જોવાં મળે છે. આ આખ્યાનોની પુષ્ટિ પુરાણોમાં પણ થયેલી છે. આ આખ્યાનો બે પ્રકારનાં છે. (૧) ધાર્મિક અને (૨) લૌકિક. ધાર્મિક આખ્યાનોમાં વિષ્ણુ, પ્રજાપતિ જેવા દેવો દ્વારા અનેક રૂપોને ધારણ કરવાની કથાઓ છે, તો લૌકિક આખ્યાનોમાં કોઈ વિશિષ્ટ રાજાનો વૃત્તાંત, ઋષિચરિત્ર, પ્રણયકથા, લોકરંજન વગેરે કયાંક સંક્ષિપ્ત તો કયાંક વિસ્તૃત જોવા મળે છે. જેમાંથી કેટલાંકને આપણે જોઈએ–

**(૧)** પ્રજાપતિ દ્વારા મત્સ્યરૂપ ધારણનું આખ્યાન શતપથબ્રાહ્મણ (૨/૮/૧/૧)માં છે. જળપ્રલયની આ કથાની પુષ્ટિ પુરાણોમાં અનેક સ્થળે થયેલી છે. જેમકે, શ્રીમદ્ ભાગવતપુરાણ, ૧/૩/૧૫, ૮/૨૪/૧૧–૬૧; અગ્નિપુરાણ, ૨/૪૯; ગરુડપુરાણ, ૧/૧૪૨; પદ્મપુરાણ, ૫/૪/૭૩. સંપૂર્ણ મત્સ્યપુરાણનું મૂળ કથાનક જ આ કથાને સંલગ્ન છે.

**(૨)** કૂર્મનું આખ્યાન તૈતરીયારણ્યક, ૨૩/૩; શતપથબ્રાહ્મણ, ૭/૫/૧/૫ તથા જૈમિનીયબ્રાહ્મણ, ૩/૨૭૨માં સંક્ષેપમાં રજૂ થયું છે. જેમાં કૂર્મને પ્રજાપતિના રૂપે રજૂ

કરવામાં આવ્યા છે. પુરાણ આ કૂર્મને ભગવાન વિષ્ણુનો દ્વિતીય અવતાર માનીને આ આખ્યાનને વિસ્તારથી શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૭; કૂર્મપુરાણ, ૧/૧૬/૭૭–૭૮; અગ્નિપુરાણ, ૪/૪૯; ગરુડપુરાણ, ૧/૧૪૨; પદ્મપુરાણ, ૫/૪ તથા ૫/૧૩; બ્રહ્મપુરાણ, અધ્યાય ૧૧૩ તથા ૧૮૦; વિષ્ણુપુરાણ, ૧/૪. આ કથા કૂર્મપુરાણનું મૂળ બને છે.

**(૩)** પ્રજાપતિએ વરાહરૂપ ધારણ કર્યાની કથાનો સંકેત તૈત્તરીયસંહિતા, ૭/૧/૫/૧ તથા શતપથબ્રાહ્મણ, ૧/૪/૧૨/૧૧માં મળે છે, પરંતુ આ કથા ઋગ્વેદમાં પણ ઉલ્લેખિત છે. ઋગ્વેદાનુસાર, વિષ્ણુએ સોમપાન કરીને તથા એક શત મહિષો અને ક્ષીરપાકને ગ્રહણ કરીને જળ પર સ્થિત પૃથ્વીને ઉપર ઉઠાવી લીધી.[૧૧૮] શતપથબ્રાહ્મણ અનુસાર, ઇન્દ્રે આ વરાહને મારી નાખ્યો. તૈતિરીયસંહિતા, તે વરાહને પ્રજાપતિનું રૂપ માને છે. આ કથાની પુષ્ટિ વરાહ અવતારના પ્રસંગમાં પુરાણોએ કરી છે. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૩/૩૫–૩૯; વિષ્ણુપુરાણ, ૧/૪/૩૨–૩૬. વરાહપુરાણનાં મૂળ આ કથા સાથે જોડાયેલાં છે.

**(૪)** પુરુરવા–ઉર્વશીનું આખ્યાન ઋગ્વેદના જાણિતા આખ્યાનોમાંનુ એક છે. પુરાણોમાં આ આખ્યાનની પણ પુષ્ટિ થયેલી છે. વિષ્ણુપુરાણ (૪/૬) માં ચંદ્રવંશના વર્ણનમાં પુરુરવાનું આખ્યાન વિસ્તારથી આપવામાં આવ્યું છે. શ્રીમદ્ભાગવત–પુરાણના નવમા સ્કંધના ચૌદમા અધ્યાયમાં પણ આ કથાનક છે. ઉપરાંત, મત્સ્યપુરાણ, પદ્મપુરાણ વગેરેમાં પણ તેનું વર્ણન છે.

**(૫)** 'નચિકેતોપાખ્યાન' તૈતિરીયબ્રાહ્મણ તથા કઠોપનિષદમાં છે, જે વરાહપુરાણમાં વર્ણવાયેલ છે.

આમ, વેદ અને પુરાણનો સાહિત્યિક દષ્ટિએ ઘણો જ વ્યાપક સંબંધ રહેલો છે. આ સંબંધ અર્થની સાથે શબ્દ, નિર્વચન, ચરણ, મંત્ર, સૂકત, કથા, આખ્યાનથી માંડીને સંપૂર્ણ પુરાણ સુધી વિસ્તરેલ છે. મત્સ્ય, કૂર્મ, વામન, વરાહ, વિષ્ણુ વગેરે જેવાં પુરાણ–નામોથી એ સ્પષ્ટ થાય છે.

## (ક) આધ્યાત્મિક દૃષ્ટિએ

જીવ જગત અને જગદીશને એક રૂપે જોવાની આધ્યાત્મિક દૃષ્ટિ, હિંદુઓના જીવનનું મુખ્ય લક્ષ્ય છે. હિંદુઓની દૃષ્ટિએ મનુષ્ય વિવેક, બુદ્ધિ, નૈતિક ભાવના અને આધ્યાત્મિક ભાવથી યુકત સ્થૂળ દેહધારી પ્રાણી ન રહેતાં ચેતન આત્મા રૂપ છે. આધ્યાત્મિક સ્વરૂપને મનુષ્યનું વાસ્તવિક સ્વરૂપ માની શકાય. આધિભૌતિક સ્વરૂપ, મનોમય સ્વરૂપ, બૌદ્ધિક સ્વરૂપ તથા નૈતિક સ્વરૂપ વગેરેને પણ તેને જ આધીન માનવામાં આવ્યાં છે. આ વૈચિત્ર્યમય જગતમાં તેની અભિવ્યકિતનું ક્ષેત્ર સ્વાનુભૂતિ છે. બંધન, અપૂર્ણતા, રાગ–દ્વેષ, શોકાશોક, જન્મ–મૃત્યુ, સુખ–દુઃખ વગેરે દ્વંદ્વોથી પર રહીને શુદ્ધ અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે. કેમકે, આત્મા તે બધાથી પર છે. હિંદુઓ સમગ્ર જગતને અધ્યાત્મના તાંતણે બાંધે છે. આ જગત ઈશ્વરનો વિરાટ દેહ છે. જગતની બધા જ વસ્તુઓ અને ઘટનાઓ ભગવાનની જ અભિવ્યકિત માનવામાં આવે છે. ભગવાનના વાસ્તવિક સ્વરૂપમાં દાર્શનિકો અને સંતોમાં મતભેદ છે. પરંતુ જનસમૂદાયનો વિશ્વાસ છે કે, જગતનું સ્વરૂપ માત્ર ઈન્દ્રિયોથી જ અનુભવાય, તે નથી. આ જગતના પ્રત્યેક પદાર્થનો એક આધ્યાત્મિક અર્થ છે અને જગતમાં કામ કરવાની સર્વ શકિતઓને એક આધ્યાત્મિક ઉદેશ દ્વારા નિયંત્રિત કરી છે. બધા હિન્દુધર્મને અજરામર માતારૂપે જૂએ છે, જે જીવોને ઉત્પન્ન કરી, તેને પ્રેમ અને આનંદની સાથે પોષણ કરે છે. સજીવ વ્યકિત ઘણાં રૂપોમાં અભિવ્યકત છે, છતાં આત્મા એક જ નિયમથી અનુપ્રાણિત અને ઓતપ્રોત છે. હિંદુ પોતાના હૃદયમાં વિશ્વની મહત્તા અને સૌંદર્યનો અનુભવ કરે છે. જીવ અને જગત પ્રત્યેની વિશાળ આધ્યાત્મિકતા હિન્દુધર્મની અનન્યતા અભિવ્યકત કરે છે. યુગોથી સમગ્ર સંસારને આ દેશે અધ્યાત્મના પિયુષ પાયાં છે. અધ્યાત્મની દૃષ્ટિએ ભારતીય દર્શન સમગ્ર વિશ્વમાં ઉચ્ચાસને બિરાજે છે. અધ્યાત્મના ક્ષેત્રે યુગો સુધી થયેલું ખેડાણ, આમાં કારણભૂત છે. વૈદિકઋષિઓએ જીવ–જગત અને જગદીશ જેવા અતિગહન વિષયોનું પરિક્ષણ વેદના કાળથી જ આરંભી દીધું હતું. જીવનની ઝંઝાવતોથી અલિપ્ત રહીને સત્ય કે અસત્ય, નિત્ય કે અનિત્ય, જડ કે ચેતન, શ્રેય કે પ્રેય, નિઃશ્રેયસ કે અભ્યુદય, પ્રિય કે અપ્રિય, સુખ કે દુઃખ જેવાં તત્ત્વવોની ગહનતમ મીમાંસા એ ઋષિઓએ કરી લીધી અને પોતાના અનુભવના હિમાલયમાંથી ઉદ્‌ભવતી વાણીરૂપી નિર્મળ ગ્રંથોને સદાકાળ માટે પ્રવાહિત કરી, જેમાં મજજન કરી મનુષ્ય માત્ર આજે પણ આનંદ વિભોર બની શકે છે.

આ ભારતીય દર્શનની એક વિશેષતા એ સ્વીકારાઈ છે કે, તે વિદેશના દર્શનશાસ્ત્ર કે શાખાઓ જેમ બૌદ્ધિક કસરત કે તાર્કિક જાદુઓ નહીં, પરંતુ જીવનમાં જીવવાની જડીબુટ્ટી સમાન છે. ધર્મ અને તત્ત્યવજ્ઞાનના ભિન્ન–ભિન્ન વાડાઓ કે તેના ભિન્ન ઈતિહાસ અને અસ્તિત્વને વિદેશી ધર્મ તથા દર્શનની મીમાંસામાં ભિન્ન જોઈ શકાય છે. પરંતુ ભારતમાં ધર્મ અને તત્ત્યવજ્ઞાન એ તો એક સિક્કાની બે બાજુ જેવા છે. તેને અલગ અલગ પાડીને ન જોઈ શકાય તેવી સહજ પરિસ્થિતિનું નિર્માણ કરવાનું શ્રેય તો વેદના ઋષિઓને ફાળે જાય છે. તેઓએ 'દર્શન' ના ખ્યાલો કે વિચારોને એવા તો સાહજિકતાથી વેદના મંત્રમાં વણી લીધા છે કે, તે ધર્મ યા જીવનના અંગભૂત બની ગયા છે. પરમતત્ત્યવની ચર્ચા જે રીતે ઉપનિષદોમાં કરવામાં આવી છે. તે રીતે ઋગ્વેદમાં થઈ નથી. આમ છતાં પાછળથી અસ્તિત્વમાં આવેલાં અનેક તત્ત્યવજ્ઞાન વિષયક વિચારોનાં બીજ એ ગ્રંથમાં અવશ્ય મળે છે. પાછળથી શંકરાચાર્ય જેવા વિદ્વાનોએ પણ– ‘इन्द्रो मायाभिः पुरुरूप ईयते’ જેવાં વિધાનો ઋગ્વેદમાંથી પોતાના મતના આધાર તરીકે ઉદ્ધૃત કર્યાં છે, એ દર્શાવે છે કે, ઋગ્વેદમાં ભલે વ્યવસ્થિત રીતે તત્ત્યવજ્ઞાનની ચર્ચા ન હોય પણ તેના બીજ અવશ્ય રહેલાં છે. કયાંક કયાંક સુંદર સૂકતો પણ મળી આવે છે. જેમાં સૃષ્ટિની ઉત્પત્તિ (જગત), તેનાં કર્તા (જગદીશ) વગેરેની વાતો વિગતે ચર્ચવામાં આવી છે. ઉપનિષદોનું અધ્યાત્મ પૂરા વિશ્વમાં અવ્વલ છે. જીવ અને જગદીશનાં સ્વ–રૂપોને જાણવાની મથામણનું જ અન્ય નામ 'ઉપનિષદ' છે. ઉપનિષદોના મૂળભૂત સિદ્ધાંતોને એક જ વાકયમાં કહેવા હોય તો આપણે આ પ્રમાણે કહી શકીએઃ 'આ સર્વ વિશ્વ બ્રહ્મ છે અને બ્રહ્મ એ આત્મા છે.' બ્રહ્મ અને આત્મા આ બે સ્તંભોના આધાર પર ઉપનિષદોના તત્ત્યવજ્ઞાનની ઈમારત રચાયેલી છે. ઉપનિષદોના તત્ત્યવચિંતનને સમજવા માટે આ બે શબ્દોની વિભાવનાને સમજવી અત્યંત આવશ્યક છે.

'બ્રહ્મ' શબ્દનો ધાતુમય અર્થ 'વધવું' કે 'વ્યાપીને રહેવું' એવો થાય છે. ઋગ્વેદમાં ‘ब्रह्मन्’ શબ્દ 'પ્રાર્થના' કે 'સ્તુતિ' ના અર્થમાં વપરાયેલો છે. પ્રાર્થના કે સ્તુતિરૂપ બ્રહ્મ જ માણસની કર્ણગોચર વાણી દ્વારા પ્રગટ છે. ઉપનિષદોમાં આથી વિશ્વના આદિકારણરૂપ જે છે, તે તત્ત્યવ સૃષ્ટિરૂપે આપોઆપ નિકળે છે. તે અર્થમાં 'બ્રહ્મ' શબ્દ વપરાય છે. ‘अन्’ 'શ્વાસ લેવો' એ ધાતુ પરથી ‘आत्मन्’ શબ્દ ઉતરી આવ્યો હોવાનું કેટલાક વિદ્વાનો માને છે. અને એનો અર્થ 'શ્વાસ' કરે છે. સંભવ છે કે, ‘आत्मन्’ નો મૂળ અર્થ 'શ્વાસ' થતો હશે. પણ પછી કોઈપણ વસ્તુના

અને ખાસ કરીને માણસના સારભૂત અંશને માટે તેના હૃદયમાં સ્ફુરાયમાણ અંતરતમ તત્ત્યવ અથવા અંતર્યામીને માટે એ શબ્દ વપરાવા લાગ્યો હશે. 'બાહ્ય જગતનું આદિકારણ' એ બ્રહ્મનો વિશિષ્ટ અર્થ છે. તો આત્માનો અર્થ છે 'મનુષ્યના હૃદયમાં વસતું અંતરતમ તત્ત્યવ' આ બંને ઉપનિષદના તત્ત્યવજ્ઞાનમાં એકીભૂત થયાં છે. અલબત્ત, અથર્વવેદમાં આત્મા અને બ્રહ્મના ઐકયની વાત સ્પષ્ટરીતે કહી છેઃ 'ये पुरुषे ब्रह्म विदुस्ते विदुः परमेष्ठिनम् ।'[૧૧૯] (જે પુરુષ–આત્મામાં બ્રહ્મને જાણે છે, તે પરમેષ્ઠિ એટલે પરમતત્ત્યવને જાણે છે). છાંદોગ્યોપનિષદની ફિલસૂફીનો પ્રારંભ– 'सर्वं खलु इदं ब्रह्म ।' –થી થાય છે અને અંતે બ્રહ્મ અને આત્મા એક છે– 'ब्रह्मैव आत्मा नापरः' એમ દર્શાવવામાં આવે છે. આ ઉપનિષદ સ્પષ્ટ કરે છે કે,–

'આ મારા હૃદયમાંનો અંતરતમ આત્મા ચોખાના દાણા કરતાંય નાનો છે. અથવા તો યવના દાણા કરતાં કે રાઈના દાણા કરતાં કે સામાના દાણા કરતાંય નાનો છે. આ મારા હૃદયમાંનો અંતરતમ આત્મા પૃથ્વી કરતાંય મોટો, આકાશ કરતાં મોટો, અંતરિક્ષ કરતાં મોટો, સ્વર્ગ કરતાંય મોટો છે. આ સર્વલોક કરતાં તે મોટો છે. તે સર્વકામ, સર્વગન્ધ, સર્વરસ છે અને સર્વને આવરી લેનારો છે. તે વાકય વગરનો અને ઉદાસીન છે.'[૧૨૦]

ઋગ્વેદમાં જેમ અનેક દેવની ચર્ચા વચ્ચે પણ એક સર્વોપરી દેવનો ખ્યાલ સતત ગૂંજ્યા કરે છે. તેમ ઉપનિષદમાં પણ એકેશ્વરવાદ વિલસે છે અને પુરાણોએ પણ આનો જ પડઘો પાડેલ છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સર્વેનું અંતે તો બ્રહ્મ–પરમતત્ત્યવરૂપે જ શમન થાય છે. બૃહદારણ્યકોપનિષદમાં કહ્યું છે કે, –

'જેવી રીતે કરોળિયો પોતાનામાંથી તંતુઓ કાઢે છે, જેવી રીતે અગ્નિમાંથી તણખાઓ નીકળે છે, તેમ આના આત્મામાંથી સર્વ પ્રાણ, સર્વ લોકો, સર્વદેવો અને સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે.'[૧૨૧]

બૃહદારણ્યકોપનિષદમાં 'બ્રહ્મ'ને મનુષ્યોની પ્રવૃત્તિના આવિર્ભાવ તરીકે વર્ણવવામાં આવ્યું છે. તદુપરાંત, 'બ્રહ્મ'ને વાક્, પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન અને હૃદય તરીકે પણ વર્ણવવામાં આવ્યું છે. અહીં 'બ્રહ્મ'ને મનુષ્યની નજીક લાવવામાં આવ્યું છે. 'બ્રહ્મ'ને વિશ્વના આદિકારણ તરીકે ગણાવીને મનુષ્યના અંતરતમ તત્ત્યવ તરીકે પણ વર્ણવ્યું છે. ઉપનિષદ કહે છે– બ્રહ્મે બાહ્યવિશ્વનું સર્જન કરીને તેમાં પ્રવેશ કર્યો ('तत्सृष्ट्वा तदेवानुप्राविशत् ।'). 'તે, આ દેવતાએ વિચાર કર્યો, જીવના આત્માથી પ્રવેશ કરીને હુ નામોરૂપો ભિન્ન કરું.' ('सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो

देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणीति ।'). આમ 'બ્રહ્મ' અને વિશ્વ વચ્ચેનું એકત્વ સધાયું છે. 'બ્રહ્મ'નો આત્મા સાથેનો સંબંધ આ રીતે વિકાસ પામ્યો છે. બૃહદારણ્યકોપનિષદમાં કહેવામાં આવ્યું છેઃ 'आत्मा एव उपासीत अत्र ह्येते सर्वं एकं भवन्ति ।' આ આત્માને જ 'બ્રહ્મ' માનવામાં આવે છે. છાંદોગ્યોપનિષદમાં પાંચ મહાશ્રોત્રીયો ચર્ચા કરે છેઃ 'को नु आत्मा । किं ब्रह्मेति ।' આ પાંચે બીજા એક વિદ્વાન પાસે જાય છે. એ વિદ્વાન વૈશ્વાનર આત્માને જાણનારો હતો, પણ જવાબ આપવાની હિંમત કરી શક્યો નહીં. આ છયે જણ અશ્વપતિ પાસે ગયા. અશ્વપતિએ પહેલા એ બધા પાસેથી જવાબ કઢાવ્યો. એકે આકાશને તો બીજાએ આદિત્યને એમ વાયુ, અંતરિક્ષ, આપ અને પૃથ્વીને આત્મા બતાવ્યા. અશ્વપતિ તેમની વિચારસરણીમાં ક્ષતિ દર્શાવતાં કહે છે કે, પોતાનાથી આને તમે પૃથક્ માનો છો તે ભૂલ છે. વળી આ તત્ત્વો તો તેના એક ભાગરૂપ જ છે. મુંડકોપનિષદમાં કહ્યું છેઃ

'नायमात्मा बलहीनेन लभ्यः न च प्रमादात् तपसो वाप्यलिंगात् ।'[૧૨૨]

તેમજ,

'नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।'[૧૨૩]

તૈત્તિરીયોપનિષદમાં કહ્યું છેઃ 'स यश्चायं पुरुषे । यश्चासावादित्ये । स एकः ।' 'જે પુરુષમાં છે, જે સૂર્યમાં છે, તે બન્ને એક છે.' બૃહદારણ્યકોપનિષદમાં 'योऽसावसौ पुरुषः सोऽहमस्मि ।' 'જે ત્યાં દૂર દૂર પુરુષ છે, તે હું જ છું.' આમ દર્શાવતાં આત્મા અને બ્રહ્મનું એકત્વ સિદ્ધ થાય છે. 'स वा एष महाजन आत्माऽजरोऽमृतोऽभयो ब्रह्म ।' ઐતરેયોપનિષદમાં 'कोऽयमात्मा' ના જવાબમાં 'एष ब्रह्म' એમ કહેવામાં આવ્યું છે. આ જ વાતને વાયુપુરાણ આ પ્રમાણે વર્ણવે છેઃ

'प्राकृतेऽण्डे विबुद्धे सन्क्षेत्रज्ञो ब्रह्मसंज्ञितः ।।
स वै शरीरी प्रथमः स वै पुरुष उच्यते ।[૧૨૪]

વાયુપુરાણના આ કથનમાં શરીરી—આત્મા અને પુરુષ—બ્રહ્મ—પરમાત્માના સ્વરૂપનો વૈદિક ખ્યાલ જ પ્રસ્તુત કરવામાં આવ્યો છે. વાયુપુરાણ ઉપરાંત વિષ્ણુપુરાણ[૧૨૫], શ્રીમદ્‌ભાગવતપુરાણ[૧૨૬]માં પણ આ જ પ્રકારની વાત કરવામાં આવી છે. પરમાત્માના વ્યાપકત્વને વર્ણવતાં વાયુપુરાણ લખે છે કે,—

'आदिकर्ता च भूतानां ब्रह्माऽग्रे संवर्तत ।।
हिरण्यगर्भः सोऽग्रेऽस्मिन्प्रादुर्भूतश्चतुर्मुखः ।
सर्गे च प्रतिसर्गे च क्षेत्रज्ञो ब्रह्मसंज्ञितः ।।

करणैः सः सृज्यन्ते प्रत्याहारे त्यजन्ति च ।
भजन्ते पुनर्देहान्समाहारसंधिषु ।।
हिरण्मयस्तु यो मेरुस्तस्योल्बं तन्महात्मनः ।
गर्भोदकं समुद्राश्च जराद्यस्थीनि पर्वताः ।।
तस्मिन्नण्डे त्विमे लोका अन्तर्भूतास्तु सप्त वै ।
सप्तद्विपा च पृथिवी समुद्रैः सह सप्तभिः ।।
पर्वतैः सुमहद्भिश्च नदीभिश्च सहस्रशः ।
अन्तस्मिंस्त्विमे लोका अन्तर्विश्वमिदं जगत् ।।
चन्द्रादित्यौ सनक्षत्रौ सग्रहौ सह वायुना ।'[૧૨૭]

વૈદિક બ્રહ્મતત્ત્યવ અહીં ચતુર્મુખ બ્રહ્માના રૂપમાં પરિવર્તિત થઈ ગયું છે. પુરાણોએ પરમાત્માના અનેક સ્વરૂપો દર્શાવ્યાં છે, જેમાં બ્રહ્મા, વિષ્ણુ, તેના અંશાવતારો અને શિવ મુખ્ય છે. અહીં વાયુપુરાણના આ ઉદ્ધરણમાં જે સ્થાન બ્રહ્માનું છે, વિક્ષ્ણુપુરાણમાં તે વિષ્ણુરૂપે છે તો શ્રીમદ્‌ભાગવતપુરાણમાં તે શ્રીકૃષ્ણ છે. બ્રહ્મવૈવર્તપુરાણ પણ આ સ્થાને શ્રીકૃષ્ણને જ મૂકે છે.[૧૨૮] આ શ્રીકૃષ્ણ પરમાત્મા જગતની ઉત્પાદિકા પ્રકૃતિને ઉત્પન્ન કરીને સૃષ્ટિની રચના કરે છે.[૧૨૯] આ પુરાણમાં જયાં જયાં શ્રીકૃષ્ણની સ્તુતિ કરવામાં આવી છે, ત્યાં તેને બ્રહ્મ–સ્વરૂપે જ પ્રસ્તુત કરવામાં આવેલ છે. તે નિર્ગુણ, નિર્લેપ, નિરંજન, શાશ્વત, ક્ષય–વૃદ્ધિરહિત, સર્વધર્મોથી વિવર્જિત છે. તે સત્ય, સનાતન, જ્ઞાનરૂપ અને આનંદસ્વરૂપ છે. તે માયા દ્વારા સકલ પ્રપંચનું કારણ તથા સ્વરૂપતઃ સકળ પ્રપંચનું અધિષ્ઠાન છે. બ્રહ્મ–વૈવર્તપુરાણના કેટલાક શ્લોકોને ઉદ્ધૃત કરીને આ તથ્યને સ્પષ્ટ કરીએઃ

'नमामि सर्वबीजं त्वां ब्रह्मज्योतिः सनातनम् ।
परात्परतरं श्यामं निर्विकारं निरंजनम् ।।
परमानंदरूपं त्वां वन्दे चानन्दपूर्वकम् ।
प्राणरूपं प्राणीनां च परमात्मानमीश्वरम् ।।
त्वां स्तोतुमशक्तोऽहमबलां निर्गुणं विभुं ।
निर्लक्ष्यं च निरीहं च सारं वाङ्मनसोः परम् ।।
निरीहं च निराकारं परमात्मानमीश्वरम् ।
स्वेच्छामयं स्वतंत्रं च सर्वकारणकारणम् ।।
परमानंदरूपं च परमानंदकारणम् ।

परं प्रधानं पुरुषं निर्गुणं प्रकृतेः परम् ।।
ब्रह्म चात्मा च सर्वेषां निर्लिप्तं साक्षिरूपि च ।
सर्वव्यापि च सर्वादिलक्षणञ्च श्रुतौ श्रुतम् ।।
अव्यक्तमक्षरं नित्यं सत्त्वमात्मस्वरूपिणम् ।
वायुतुल्यं च निर्लिप्तं चाक्षतं सर्वरूपिणं ।।
परं ब्रह्म परं धाम परं ज्योतिः सनातनम् ।
निर्लिप्तं परमात्मानं नमाम्यखिलकारणम् ।।
त्वं ब्रह्म परमं धाम निरीहो निरहङ्कृतिः ।
साक्षिरूपश्च निर्लिप्तः परमात्मा निराकृतिः ।।
निर्गुणस्तत्र निर्लिप्तोऽशरीरी च निरङ्कुशः ।
सर्वात्मा भगवान्नित्यः सर्वाधारः सनातनः ।।'[૧૩૦]

અહીં શ્રીકૃષ્ણના સ્વરૂપમાં પરમાત્મા–પરબ્રહ્મના અનેક ગુણોનો સંચય જોઈ શકાય છે. આ પુરાણમાં શ્રીકૃષ્ણ દ્વારા બ્રહ્મને વિવૃત્ત (પ્રકાશિત) કરવામાં આવેલ હોવાથી જ આ પુરાણનું નામ 'બ્રહ્મવૈવર્તપુરાણ' પડ્યું છે.[૧૩૧] આ પુરાણમાં નિરૂપિત બ્રહ્મસ્વરૂપનું પ્રતિપાદન વૈદિકસાહિત્યમાં પણ પ્રાપ્ત થાય છે. જેમકે, તૈત્તિરીયોપનિષદમાં કહ્યું છેઃ 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म नित्यं विज्ञानमानन्दं ब्रह्म ।'[૧૩૨] તેમજ 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।'[૧૩૩] તો શ્વેતાશ્વતરોપનિષદ નોંધે છેઃ 'निष्कलं निष्क्रियं शान्तं निखिलं निरंजनम् ।'[૧૩૪] તેમજ 'कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च ।'[૧૩૫] વગેરે.

વૈદિકસાહિત્યમાં જ્યાં બ્રહ્મ વિષયક અનંત જિજ્ઞાસાઓના અંતે પણ 'नायं, नायं', 'नेति, नेति' કહીને જેના સ્વરૂપ વિશે મૌન ધારણ કરી લેવામાં આવ્યું છે, ત્યાં પુરાણોએ તેના અનેક ગુણોનું ગાન વિસ્તારથી કર્યું છે. અલબત્ત, અંતે તો 'तव गुणानामीश पारं न याति' જેવો જ ઘાટ રહ્યો છે.

## (ડ) અવતારવાદની દષ્ટિએ

ઈશ્વરના અવતારોનું ભારતીય સંસ્કૃતિમાં ઘણું જ મૂલ્ય છે. જુદા જુદા અવતારોનું વર્ણન પુરાણોનો મહત્ત્યવનો વર્ણ્યવિષય છે. અવતારનું તત્ત્યવ ભગવાનના ધર્મનિયામકત્વ પર પ્રતિષ્ઠિત છે. ધર્મ સમગ્ર વિશ્વને એકસૂત્રે બાંધી રાખીને નિયંત્રિત કરે છે અને આ ધર્મનું નિયમન સર્વશકિતમાન પરમાત્માના હાથોમાં છે. જયારે જયારે આ ધર્મમાં ગ્લાનિ ઉત્પન્ન થાય છે અને અધર્મનો ઉદય થાય છે, ત્યારે કોઈને કોઈ રૂપે ભગવાન પોતાને આ ભૂતલ પર જન્માવે છે. ઊર્ધ્વલોકમાંથી આ અધોલોકમાં ભગવાનનું ઉતરી આવવું, તે જ 'અવતાર' છે. અવતારવાદનો ખ્યાલ સંસ્કૃતસાહિત્ય માટે ઘણો જ પ્રાચીન છે. અવતારવાદનું બીજ ઋગ્વેદ જેવા સંસારના પ્રાચીનતમ ગ્રંથમાં પણ મળી આવે છે. ઋગ્વેદના અનેક મંત્રોમાં અવતાર વિષયક સંકેતો પ્રાપ્ત થાય છે. પુનર્જન્મવાદ સાથે અવતારનો ઘનિષ્ઠ સંબંધ રહેલો છે અને આત્માના સંસરણ કે પુનર્જન્મનો સિદ્ધાંત ઋગ્વેદમાં સર્વત્ર જોઈ શકાય છે. ઋગ્વેદના તૃતીય મંડળમાં પોતાની માયા દ્વારા વિવિધ રૂપો ધારણ કરવાનો ઉલ્લેખ છેઃ

‘रूपं रूपं मघवा बोभवीति माया कृण्वानस्तन्वं परि स्वाम् ।
त्रिर्यद् दिवः परिमुहूर्तमागात् स्वैर्मन्त्रैरनृतुपा ऋतावा ।।’[૧૩૬]

ઋગ્વેદના છઠ્ઠા મંડળમાં પણ કહ્યું છેઃ

‘रूपं रूपं प्रतिरूपो बभूव तदस्य रूपं प्रति चक्षणाय ।
इन्द्रो मायाभिः पुरुरूप ईयते युक्ता ह्यस्य हरयः शता दश ।।’[૧૩૭]

આ મંત્રોમાં ઈન્દ્ર માયા દ્વારા અનેક રૂપો ધારણ કરતો હોવાની વાત કહેવામાં આવી છે. અહીં 'માયા' નો અર્થ પ્રચલિત પરવર્તી અર્થ કરતાં જુદો છે. ઋગ્વેદ (૧/૫૧/૧૩) માં ઈન્દ્રને વૃષણસ્વની મેના નામની પુત્રીનું રૂપ ધારણ કરનારો કહ્યો છે, તો ઋગ્વેદ (૮/૧૭/૧૩) માં ઈન્દ્રને શ્રૃંગવૃષના પુત્રનું રૂપ ધારણ કરનાર માન્યો છે. આ બધામાં ઈન્દ્રના અવતારોનો સ્પષ્ટ આભાસ જોઈ શકાય છે. શ્રીમદ્ભાગવત અનુસાર ભગવાનનો પ્રથમ અવતાર 'પુરુષ' છે,[૧૩૮] જેનું વર્ણન ઋગ્વેદ(૧૦/૯૦)ના પ્રખ્યાત પુરુષસૂક્તમાં મળે છે. શ્રીમદ્ભાગવતપુરાણ ઈશ્વરના આ રૂપને જ જુદા જુદા અવતારોનું બીજ માને છેઃ

‘एतन्नानावताराणानां निधनं बीजमव्ययम् ।
यस्यांशांशेन सृज्यन्ते देवतिर्यङ्नरादयः ।।’ [૧૩૯]

ભગવાનના આ રૂપમાંથી જ અંશાંશરૂપ દેવ, તિર્યગ્, માનવ વગેરેની સૃષ્ટિ થાય છે અને આ રૂપ જ બધાનું સંહારસ્થાન છે.

ઋગ્વેદમાંથી પ્રાપ્ત થતાં અવતારવાદનાં આ બીજો પરવર્તી વૈદિક સાહિત્યમાં સવિશેષ વિકસિત થયેલાં જોવાં મળે છે. ત્યાં આ અવતારવાદ પ્રજાપતિની સાથે જોડાયેલ છે. શતપથબ્રાહ્મણમાં પ્રજાપતિએ મત્સ્ય,[૧૪૦] કૂર્મ[૧૪૧] અને વરાહ[૧૪૨]ના અવતારો લીધા હોવાના ઉલ્લેખો છે. પ્રજાપતિના વરાહરૂપની કથા તૈત્તિરીયબ્રાહ્મણ[૧૪૩] તથા કાઠક સંહિતા[૧૪૪]માં પણ મળે છે. એ યુગમાં આ અવતારોનો સંબંધ પ્રજાપતિની સાથે હતો, પરંતુ કાલાન્તરમાં તે વિષ્ણુની સાથે જોડાય છે. જો કે, વામનાવતારનો સંબંધ તો પ્રારંભથી જ વિષ્ણુની સાથે રહેલો છે. ઋગ્વેદમાં વિષ્ણુને 'उरुगाय' કે 'उरुक्रम' કહેવામાં આવેલ છે અને ત્રણ ડગલાંમાં પૃથ્વીને માપી લેવાનું તેનું પ્રસિદ્ધ પરાક્રમ વર્ણવાયેલું છે. શતપથબ્રાહ્મણમાં વિષ્ણુના વામન હોવાની કથા વિસ્તારથી આપવામાં આવી છે.[૧૪૫] આથી વામનાવતાર મૂલતઃ વિષ્ણુની સાથે જ જોડાયેલ છે. એક બાબત ધ્યાનાર્હ છે કે, અવતારવાદનું વિવેચન બ્રાહ્મણગ્રંથોમાં સ્પષ્ટતઃ જોઈ શકાય છે, પરંતુ એ સમયે ન તો વિષ્ણુનું પ્રાધાન્ય હતું કે ન તો અવતારોની પૂજા થતી હતી. ભાગવત–સંપ્રદાયના ઉદયની સાથે અને કૃષ્ણ–બલરામની ભકિતની ઉદ્ઘોષણાની સાથે જ અવતારવાદનો અતિશય ઉત્કર્ષ થયો. વાસુદેવ કૃષ્ણના વિષ્ણુના અવતાર હોવાની કલ્પનાનો ઉદય આરણ્યકયુગમાં થઈ ચૂકયો હતો. તૈત્તિરીયારણ્યકના સમયમાં તો તેની ગાયત્રી પણ રચાઈ ચૂકી હતીઃ

'नारायणाय विद्महे वासुदेवाय धीमहि ।
तन्नो विष्णु प्रचोदयात् ।।'[૧૪૬]

મત્સ્યાવતારની વૈદિક કથા શતપથબ્રાહ્મણમાં આ પ્રમાણે આપવામાં આવી છેઃ

'मनवे हवै प्रातः मत्स्य पाणी आपेदे । स हास्मै वाचमुवाच बिभृहि मा पारयिष्यामि त्वेति । कस्मान्मां पारयिष्यसीति ? ओघ इमाः सर्वाः प्रजाः निर्वोढा । ततस्त्वां पारयिष्यामीति ।'[૧૪૭]

મત્સ્યાવતારની આ કથા અનેક પુરાણોમાં આવે છે.[૧૪૮] મત્સ્યપુરાણની તો આ મૂળ કથા જ છે. જો કે, શ્રીમદ્ભાગવતપુરાણમાં આ કથા સંક્ષેપમાં માત્ર એક જ અધ્યાયમાં આપવામાં આવી છે.[૧૪૯] પરંતુ ત્યાં તે વિષ્ણુની સાથે જોડાઈ ચૂકી છે.

આમ, આ બધાથી એ નિશ્ચિત છે કે, મત્સ્યાવતારની આ કથા માત્ર પૌરાણિક કલ્પના જ નથી, વૈદિકસાહિત્ય દ્વારા પણ તે અનુમોદિત છે. અન્ય પ્રસિદ્ધ અવતારોમાં કૂર્માવતારનો નિર્દેશ તૈત્તિરીય આરણ્યકમાં મળી આવે છેઃ

'अन्तरतः कूर्मभूत-पर्यन्तं तमब्रवीत् - मम वै त्वङ्मांसात् समभूत । नेत्यब्रवीत् । पूर्वामेवाहमिहासमिति । तत् पुरुषस्य पुरुषत्वम् । स सहस्रशीर्षाः पुरुषः सहस्राक्षः सहस्रपात् भूत्वोदतिष्ठत् ।'[१५०]

તૈત્તિરીયારણ્યકમાં આ એક વિશેષ તથ્ય એ જોવા મળે છે કે, 'પુરુષ'નું પુરુષત્વ શું છે? આ સમગ્ર પ્રસંગનો આશય એ છે કે, જળની અંદર કૂર્મરૂપે વિચરણ કરતાં કોઈકને જોઈને, પ્રજાપતિએ તેને કહ્યું, 'હે કૂર્મ, તું મારી ત્વચા અને માંસમાંથી ઉત્પન્ન થયો છે.' કૂર્મે કહ્યું– 'ના, હું તો અહીં તારાથી પણ પહેલા હતો.' આથી તેને 'પુરુષ'ની સંજ્ઞા પ્રાપ્ત થઈ ('पुरस्तिष्ठतीति पुरुषः'). કૂર્મ ત્યાં પહેલા હોવાથી, તે 'પુરુષ' કહેવાયો. તે પુરુષને સહસ્ર મસ્તક, સહસ્ર આંખો અને સહસ્ર પગ હતાં. ઋગ્વેદના પુરુષસૂક્તનો અહીં સીધો સંદર્ભ છે. આ પણ તે જ પુરુષ છે. જો કે, ઋગ્વેદના એ 'પુઢષ કરતાં આ 'પુઢષ' દાર્શનિક દષ્ટિએ થોડો ભિન્ન છે. શતપથબ્રાહ્મણે પણ આ તથ્યનો નિર્દેશ કર્યો છેઃ

'स यत् कूर्मो नाम एतद् वै रूपं कृत्वा प्रजापतिः प्रजा असृजत् ।'[१५१]

જો કે અહીં કૂર્મરૂપે પ્રજાપતિએ સૃષ્ટિનું સર્જન કર્યું હોવાનો નિર્દેશ છે. પરંતુ ઉપરોકત તૈત્તિરીયારણ્યકના સંદર્ભમાં, કૂર્મ પ્રજાપતિથી ભિન્ન છે અને તે જ પુરુષ છે. આથી એવું ફલિત થાય છે કે, તે સમયે કૂર્માવતારનો સંબંધ પ્રજાપતિથી છૂટીને 'પુરુષ' સાથે પ્રસ્થાપિત થઈ ગયો હતો અને એ પુરુષ જ પુરાણોના વિષ્ણુ છે. આમ, તૈત્તિરીયારણ્યક કૂર્માવતારને વિષ્ણુ સાથે જોડવાની એક કડી સમાન છે. આ વૈદિક કથાનું ઉપબૃંહણ સમુદ્રમંથનના પ્રસંગે અનેક પુરાણોમાં કરવામાં આવ્યું છે.[૧૫૨] અવતારવાદનાં બીજ મહદંશે પુરાણોએ વિષ્ણુ સાથે જોડેલાં હોવાથી, પુરાણોમાં પ્રજાપતિનું સ્થાન પણ કયાંક કયાંક વિષ્ણુ લઈ લે છે. અલબત્ત, સૃષ્ટિના સર્જક તરીકે પુરાણો બ્રહ્માને નિરૂપતાં હોવા છતાં સૃષ્ટિના આદિકારણ તરીકે તો તે વિષ્ણુને જ વર્ણવે છે. આથી વૈદિક વિષ્ણુ અને વૈદિક પ્રજાપતિ એ બન્નેનાં ચરિત્રોમાંથી પુરાણોમાં વિષ્ણુનું ચરિત્ર વિકસ્યું હોવાનું પણ અહીં ફલિત થાય છે. કોઈ પણ પુરાણનું લક્ષ્ય, પોતાના ઈષ્ટદેવતાને સર્વેસર્વા વર્ણવવાનું હોય છે, તેથી આ કૂર્માખ્યાનને પુરાણોએ વિષ્ણુની સાથે જોડીને તેને

પોતાની શૈલીમાં રજૂ કરીને વિષ્ણુના વ્યકિતત્વના વિકાસનું સાધન બનાવ્યું છે. પુરાણોનું એ જ તો મહનીય કર્મ છે કે, ઉપલબ્ધ સામગ્રીનો પોતાના પક્ષે મહત્તમ લાભ ઉઠાવવો અને તેને પોતિકી બનાવીને રજૂ કરવી.

કૂર્માવતાર જેવું જ વરાહ અવતારની બાબતમાં છે. તૈત્તિરીયસંહિતામાં તેનો પણ સ્પષ્ટ ઉલ્લેખ પ્રાપ્ત થાય છેઃ

'आपो वा इदमग्रे सलिलमासीत् । तस्मिन् प्रजापतिर्वायुर्भूत्वाऽचरत् । स इमामपश्यत् । तं वराहो भूत्वाऽहरत् ।'[૧૫૩]

અર્થાત્, 'પહેલા માત્ર જળ જ હતું, તેમાં પ્રજાપતિ વાયુ બનીને વિચરણ કરવા લાગ્યા. તેણે આ (પૃથ્વી) ને જોઈ. તેને વરાહ બનીને હરી (ઉદ્ધાર કર્યો).'

તૈત્તિરીયબ્રાહ્મણમાં આ પ્રમાણે કહ્યું છેઃ

'પ્રજાપતિએ વરાહનું રૂપ ધારણ કરીને જળમાં ડૂબકી લગાવી, તે પૃથ્વીને નીચેથી ઉપર લાવ્યા.'[૧૫૪]

તેમજ શતપથબ્રાહ્મણ નોંધે છે કે,–

'इतीयति ह वा इयमग्रे पृथिव्यास प्रादेशमात्री । तामेमूष इति वराह उज्जघान । सोऽस्याः पतिरिति ।'[૧૫૫]

'આ આવડી મોટી પૃથ્વી પ્રદેશમાત્ર હતી. ત્યારે (તેને) પૃથ્વીના પતિ પ્રજાપતિ વરાહરૂપ ધારણ કરીને નીચેથી ઉપર લાવ્યા.'

અથર્વવેદમાં કહ્યું છેઃ 'वाराहेण पृथिवीर्संविदाना ।'[૧૫૬]

તૈત્તિરીયારણ્યક આ પ્રમાણે કહે છેઃ

'उद्धृतासि वराहेण कृष्णेन शतबाहुना ।'[૧૫૭]

આ, વૈદિકગ્રંથોમાં દર્શાવવામાં આવેલાં તથ્યો પુરાણોમાં અક્ષરશઃ સ્વીકારાયાં છે.[૧૫૮] શ્રીમદ્‌ભાગવતપુરાણના તૃતીય સ્કંધના તેરમા અધ્યાયમાં આનું ઘણું જ યથાર્થ અને આકર્ષક વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાં વરાહ 'યજ્ઞવરાહ' ના રૂપમાં ચિતરાયેલ છે. આ પ્રકારનું વર્ણન તેના વૈદિકત્વને દર્શાવે છે. આથી, વરાહ–અવતાર દ્વારા પાતાલલોકથી ભૂતધાત્રી પૃથ્વીના ઉદ્ધારનું કાર્ય પ્રજાપતિનાં અનેક કાર્યોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે અને તે વૈદિકસાહિત્યમાં સ્પષ્ટપણે વર્ણવાઈને, પુરાણોમાં ઉપબૃંહિત થયું છે. જો કે, કૂર્માખ્યાનની જેમ આ વરાહાખ્યાનને પણ પુરાણોએ વિષ્ણુની સાથે જ જોડેલ છે. અવતારવાદની સંપૂર્ણ વિભાવના પુરાણોએ

વિષ્ણુની સાથે જ જોડી હોવાથી આમ બનવું સહજ જ છે. પુરાણોમાં વરાહની સાથે યજ્ઞનું પ્રતીક અત્યંતપણે જોડાયેલું જોવા મળે છે. આમ કરીને પુરાણોએ પોતાના અવતારવાદને તો સિદ્ધ કર્યો જ છે, સાથે સાથે વેદની યજ્ઞભાવનાને પણ જીવંત રાખી છે.

વામનાવતાર તો સૌથી પ્રાચીન અને સંપૂર્ણપણે વૈદિક જ છે. પુરાણોના અવતારવાદનું સૌથી વધારે સક્ષમ બીજ અહીં જોઈ શકાય છે. ઋગ્વેદનાં વિષ્ણુસૂક્તોના અનેક મંત્રોમાં તેનો સંકેત પ્રાપ્ત થાય છે. ઋગ્વેદના પ્રથમ મંડળના ૧૫૪મા સૂકતમાં વિષ્ણુના વૈદિક સ્વરૂપનો પરિચય પ્રાપ્ત થાય છે. તેનાં વિશિષ્ટ કાર્યોમાં ત્રણ ડગલાંમાં પૃથ્વીને માપી લેવાનું કાર્ય સૌથી મહત્ત્યવનું છે. ઋગ્વેદ નોંધે છેઃ ‘य इदं दीर्घं प्रयत्नं सधस्थम्, एको विममे त्रिभिरित् पद्भिः ।’[૧૫૯] 'વિષ્ણુએ એકલા જ દૂર સુધી વિસ્તરેલાં સધસ્થ (અંતરિક્ષ) ને ત્રણ ડગલાંમાં માપી લીધું.' ત્રણ ડગલાંમાં પૃથ્વીને માપી લેવાને કારણે જ, વિષ્ણુને માટે જ માત્ર ‘उरुगाय’ તથા ‘उरुक्रम’ જેવાં વિશેષણો વેદમાં પ્રાપ્ત થાય છે. વિષ્ણુને માટે 'વામન' શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ શતપથબ્રાહ્મણમાં મળે છે– ‘वामनो ह विष्णुरास’[૧૬૦] આથી, વૈદિકસાહિત્યમાં 'વામન' એવા વિશિષ્ટ શબ્દનો પ્રયોગ વિષ્ણુને માટે સ્પષ્ટતઃ જોઈ શકાય છે. વિષ્ણુના આ પરાક્રમને લગતો પ્રસંગ શતપથબ્રાહ્મણમાં વિગતે પ્રાપ્ત થાય છે.[૧૬૧] આ પ્રસંગને પૌરાણિક વામનકથાનું મૂળ માની શકાય. તેમાં વિષ્ણુની સહાયથી દેવોએ અસુરો પાસેથી સમસ્ત પૃથ્વીને જીતી લીધાનો વૃત્તાંત કહેવાયેલ છે. તેમાં વિષ્ણુ સ્પષ્ટપણે વામનરૂપમાં વર્ણવાયેલ છે. ઋગ્વેદના ઉરુગાય વિષ્ણુના ત્રિવિક્રમ અને શતપથ– બ્રાહ્મણના આ વૃત્તાંતને એકત્ર કરીને પુરાણોમાં વામનાવતારનો પૂર્ણ પ્રસંગ પ્રસ્તુત કરવામાં આવ્યો છે.[૧૬૨] અંતર માત્ર એટલું જ છે કે, શતપથમાં અસુરોના સમૂહ પાસેથી પૃથ્વી જીત્યાનું કથન છે, જ્યારે પુરાણોમાં અસુરોના રાજા બલિ પાસેથી પૃથ્વીને જીત્યાનું કથન છે. શતપથનું કથાનક યજ્ઞના મહિમાનું પ્રતિપાદક છે અને દેવોએ અસુરોની ભૂમિ પર યજ્ઞનો વિસ્તાર કરીને, તેને પોતાની કરી લીધી. પુરાણોમાં ત્રણ ડગલાંમાં પૃથ્વી, સ્વર્ગ અને બલિના શરીરને માપી લીધા પછી, સમગ્ર પૃથ્વી અસુરો પાસેથી છીનવીને દેવોને સમર્પિત કરવામાં આવી છે.[૧૬૩] બન્ને સ્થળોએ વિષ્ણુનું જ માહાત્મ્ય કહેવામાં આવ્યું છે. પુરાણોએ ઋગ્વેદ અને શતપથબ્રાહ્મણ બન્નેને આધાર માનીને પોતાને અભીષ્ટ એવાં કથનને પ્રામાણિક બનાવ્યું છે.

પુરાણોમાં ખાસ કરીને શ્રીમદ્‌ભાગવતપુરાણ વામન–બલિના આખ્યાનને સુંદર રીતે રજૂ કરે છે.[૧૬૪] તેમાં નિર્દિષ્ટ આ કથા અન્ય પુરાણોમાં પણ મળી આવે છે. અહીં ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે, શ્રીમદ્‌ભાગવતપુરાણ વામનને માટે બહુશઃ વૈદિક વિશેષણોનો પ્રયોગ કરે છે. 'पृश्निगर्भ', 'वेदगर्भ', 'त्रिनाभ', 'त्रिपृष्ठ', 'शिपिविष्ट', 'ब्रह्मण्यदेव' વગેરેની સાથે 'उरुगाय' તથા 'उरुक्रम' જેવાં પદોનો પ્રયોગ તેને બધી રીતે વેદાનુકૂલ સિદ્ધ કરે છે.[૧૬૫] આ બધાનો નિષ્કર્ષ એ છે કે, વામનાવતારનો માત્ર સંકેત જ નહીં; પરંતુ વિશદ ઉલ્લેખ પણ વૈદિકસાહિત્યમાં પ્રાપ્ત થાય છે અને અન્ય અવતારોની જેમ આ વામનાવતારને પણ વેદાનુકૂલ સિદ્ધ કરે છે.

અન્ય મહત્ત્યવના અવતારોમાં નૃસિંહ–અવતારનો ઉલ્લેખ પણ વૈદિકસાહિત્યમાં મળી આવે છે. તૈત્તિરીયારણ્યકમાં આ પ્રમાણેનો નિર્દેશ છેઃ

'वज्रनखाय विद्‌महे तीक्ष्णदंष्ट्राय धीमहि तन्नो नारसिंहः प्रचोदयात् ।'[१६६]

અહીં પ્રયોજાયેલ 'तीक्ष्णदंष्ट्र' અને 'वज्रनख' શબ્દોનો પ્રયોગ નૃસિંહની ભયંકરતાને લક્ષિત કરે છે. ગાયત્રી છંદમાં લખાયેલ આ મંત્ર નૃસિંહાવતાર વિષયક સ્પષ્ટ નિર્દેશ આપે છે. હિરણ્યકશિપુને મારીને ભકત પ્રહ્લાદનું રક્ષણ કરનાર ભગવાન વિષ્ણુનો આ અંશાવતાર છે. પુરાણોમાં પ્રહ્લાદચરિતના કથનમાં આ અવતારનું વર્ણન પ્રાપ્ત થાય છે.[૧૬૭]

આમ, પુરાણોમાં પ્રસિદ્ધ વિષ્ણુના દસ અવતારો[૧૬૮]માંથી ઉપરોકત પાંચ અવતારોનો વૈદિકસાહિત્ય સાથે સીધો સંબંધ છે. અન્ય પાંચ અવતારોમાંથી, બુદ્ધ વૈદિકકાળ પછી અને કલ્કિ અવતાર હવે પછી થવાનો છે, તેથી તેનાં મૂળ વૈદિકસાહિત્યમાં મળવા મુશ્કેલ છે. શેષ ત્રણ–પરશુરામ,[૧૬૯] રામ અને કૃષ્ણાવતાર[૧૭૦] વિશે વૈદિક સાહિત્યમાં પર્યાપ્ત માહિતી પ્રાપ્ત થતી નથી. પુરાણોએ ઈશ્વરના અનેક અવતારો ગણાવ્યા છે, જેમાંથી આ દસ મુખ્ય હોવાથી તેનું વિવેચન અત્રે પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

******

## —: પાદટીપ :—

૦૧. ‘इतिहासपुराणाभ्यां वेदं समुपबृंह्येत् । इति पूरणात् पुराणमिति चान्यत्र न च वेदेन वेदस्य बृंहणं सम्भवति, न हि अपूर्णस्य कनकवलयस्य त्रपुणा पूरणं युज्यते ।’ જીવગોસ્વામી, શ્રીમદ્ભાગવત ૫૨ની ટીકા

૦૨. સ્કંદપુરાણ, પ્રભાસખંડ

૦૩. ઋગ્વેદ, ૫/૨૧

૦૪. મહાભારત, ૧૨/૨૮૮/૨૦

૦૫. ‘स्वर्गे लोके बहु स्त्रैणमेषाम्’, અથર્વવેદ, ૪/૩૪/૨

૦૬. અથર્વવેદ, ૧૨/૪/૩૬

૦૭. ‘अपरिमितो वै स्वर्गो लोकः’ ઐતરેયબ્રાહ્મણ, ૬/૨૩, ગોપથબ્રાહ્મણ, ૨/૬/૫

૦૮. ‘देवा वै यज्ञेन श्रमेण तपसाहुतिभिः स्वर्ग लोकमजयन् । ઐતરેયારણ્યક, ૨/૧૩

૦૯. તાંડયબ્રાહ્મણ, ૧૬/૧૫/૫

૧૦. ‘विष्णोः पदे परमे मध्व उत्सः’, ઋગ્વેદ, ૧/૧૫૪/૫

૧૧. ‘तद् विप्रासो विपन्यवो जागृवांसः समिन्धते । विष्णोर्यत् परमं पदम् ।’ ઋગ્વેદ, ૧/૨૨/૨૧

૧૨. ‘असूर्या नाम ते लोका अन्धेन तमसावृताः ।
तांस्ते प्रत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः ।।’ શુકલયજુર્વેદ, ૪૦/૩

૧૩. ઐતરેયારણ્યક, ૧/૧૯/૧–૪

૧૪. ઋગવેદ, ૧/૫૦/૧૦; અથર્વવેદ, ૭/૫૩/૭; શુકલ યજુર્વેદ, ૨૦/૨૧, ૨૭/૧૦, ૩૫/૧૪; તૈત્તિરીયસંહિતા, ૪/૧/૭૪; તૈતરીયબ્રાહ્મણ, ૨/૪/૪/૯; તૈત્તિરીયારણ્યક, ૬/૩/૨

૧૫. વેદનું રહસ્ય, પૃ. ૩૫૬–૩૫૭

૧૬. શતપથબ્રાહ્મણ ૧/૯/૩/૯

૧૭. વેદનું રહસ્ય, પૃ. ૩૫૯–૩૬૧

૧૮. કાઠકસંહિતા, ૪/૧૬; ‘विष्णुः सर्वा देवताः ।’ ઐતરેયબ્રાહ્મણ, ૧/૧; ‘अग्निरवमो देवतानां विष्णुः परमः ।’, તૈતરીયસંહિતા, ૫/૫/૧/૪; ‘अग्निर्वै देवानामवमो विष्णुः परमः ।’ કાઠકસંહિતા, ૨૨/૧૩; ‘अग्निर्वै देवानामवरार्ध्यो विष्णुः परार्ध्यः ।’ કૌષિતકિબ્રાહ્મણ, ૭/૧; ‘अग्निर्वै यज्ञस्यान्तोऽवस्ताद्, विष्णुः

परास्तात् ।' મૈત્રેયસંહિતા, ૪/૩/૧

૧૯. 'वेदैश्च सर्वैरहमेव वेद्यः ।' શ્રીમદ્‌ભગવદગીતા, ૧૫/૧૫

૨૦. 'सप्तसामोपगीतं त्वां सप्तार्णवजलेशयम् ।
सप्तार्चिमुखमाचख्युः सप्तलोकैकसंश्रयम् ।।' रघुवंश, १०/२१

૨૧. વિષ્ણુપુરાણ, ૬/૪/૪૦

૨૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦/૮/૮૫

૨૩. 'वेदे रामायणे चैव पुराणे भारते तथा ।
आदावन्ते च मध्ये च विष्णुः सर्वत्र गीयते ।।'
સ્વામી આનંદતીર્થ, ઋગ્વેદભાષ્ય

૨૪. પુરુષસૂક્ત, ઋગ્વેદ, ૧૦/૯૦

૨૫. સ્કંદપુરાણ, રેવાખંડ, ૧/૧૬

૨૬. ગરુડપુરાણ, ૧/૯૪/૨૫

૨૭. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૧/૨૦/૪

૨૮. દેવીભાગવતપુરાણ, ૯/૩૦/૧૨૭

૨૯. બ્રહ્મવૈવર્તપુરાણ, ૩/૩/૧૩, ૧/૧૬/૮; પદ્મપુરાણ, ૬/૨૫૮/૨૩–૨૪; કૂર્મપુરાણ, ૧/૧૨/૨૬૦, ૨/૧૪/૪૬, સ્કંદપુરાણ, કાશીખંડ, ૯૫/૧૩

૩૦. મત્સ્યપુરાણ, ૫૨/૭; શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૬/૧/૪૦

૩૧. માર્કણ્ડેયપુરાણ, ૨૯/૬

૩૨. કૂર્મપુરાણ, ૧/૨/૨૭–૨૮

૩૩. વામનપુરાણ, ૪૭/૪૨

૩૪. 'वेदनिंदां प्रकुर्वन्ति ब्रह्माचारस्यकुत्सनम् ।
महापातकमेवापि ज्ञातव्यं ज्ञानपण्डितैः ।।' પદ્મપુરાણ, ૨/૬૭/૪

૩૫. વાયુપુરાણ, ૫૭/૩૯–૪૧, ૫૯/૪૩; મત્સ્યપુરાણ, ૧૪૫/૩૦–૩૩; બ્રહ્માંડપુરાણ, ૧/૩૨/૩૩–૩૪

૩૬. 'भारतीय संस्कृति का विकास', पृ १२८-३२

૩૭. કૂર્મપુરાણ, ૨/૨૪/૧૫

૩૮. 'पुराणे श्रौतधर्मे च सदा श्रवणतत्परः ।' પદ્મપુરાણ, ૨/૪૧/૬

૩૯. મત્સ્યપુરાણ, ૧૪૨/૪૦

૪૦. મત્સ્યપુરાણ, ૧૪૨/૪૭

૪૧. યાજ્ઞવલ્કયસ્મૃતિ, ૧/૩૪૨. 'स्मृतिधर्मं वेदमूलम्' भविष्यपुराण, १८१/६;
'स्मृतयश्च श्रुतेरर्थं गृहित्वैव च निर्गताः ।'
देवीभागवत, ७/३६/१७
૪૩. 'अधर्माढ्य' તથા 'किम्पाकफलसन्निभ' માર્કણ્ડેયપુરાણ, ૧૦/૩૧
૪૪. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૧/૩/૪૬
૪૫. માર્કણ્ડેયપુરાણ, ૪૧/૨૫
૪૬. 'किं यागैर्विविधैरन्यैः सर्वसंभारसम्भृतैः ।' पद्मपुराण, पातालखण्ड, ३५/३०
૪૭. માર્કણ્ડેયપુરાણ, ૯૫/૧૮
૪૮. ઐતરેય બ્રાહ્મણ, ૩/૩, ૮/૧૧
૪૯. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૧/૨૧/૩૦, ૩૨–૩૪
૫૦. પદ્મપુરાણ, ભૂમિખંડ, ૩૭/૧૩–૫૧, ૫/૧૩/૩૬૬–૩૭૪;
દેવીભાગવતપુરાણ,૧/૧૮/૪૯–૫૫, ૧/૧૪/૪૨
૫૧. શ્રીમદ્ભાગવતપુરાણ, ૬/૩/૨૫; સ્કંદપુરાણ, કેદારખંડ, ૧/૩૬–૩૭
૫૨. મુંડકોપનિષદ ૧/૨/૧૦
૫૩. પદ્મપુરાણ, ૬/૧૨૮/૧૦૨
૫૪. પદ્મપુરાણ, ૬/૮૬/૨૭
૫૫. પદ્મપુરાણ, ૬/૨૫૨/૪૮
૫૬. પદ્મપુરાણ, ૧/૧૧/૧૪–૧૭
૫૭. ભવિષ્યપુરાણ, બ્રાહ્મપર્વ, ૧૨૦/૫૦–૫૧
૫૮. મત્સ્યપુરાણ, ૧૧૨/૧૨–૨૫
૫૯. 'अग्निष्टोमादिभिर्यज्ञैरिष्ट्वा विपुलदक्षिणैः ।
न तत्फलमवाप्नोति तीर्थाभिगमनेन यत् ।।' પદ્મપુરાણ, ૩/૧૧/૧૯
૬૦. શ્રીમદ્ભાગવતપુરાણ, ૫/૯/૮
૬૧. પદ્મપુરાણ, ૧/૬૧/૯
૬૨. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૧/૫/૫
૬૩. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, ૧/૨૪
૬૪. શ્રીમદ્ભાગવતપુરાણ, ૪/૧/૪–૫
૬૫. વિષ્ણુપુરાણ, ૬/૧/૮
૬૬. કાલિકાપુરાણ, ૩૧/૪૦

૬૭. કાલિકાપુરાણ, ૩૨/૭–૮

૬૮. 'पुत्रार्थी लभते पुत्रान् धनार्थी लभते धनम् ।
भार्यार्थी शोभनां भार्यां कुमारी च शुभं पतिम् ।।
भ्रष्टराज्यस्तथा राज्यं श्रीकामः श्रियमाप्नुयात् ।
यं यं प्रार्थयते कामं स वै भवति पुष्कलः ।।
निष्कामः कुरुते यस्तु स परं ब्रह्म गच्छति ।।' પદ્મપુરાણ

૬૯. શ્રીમદ્ભાગવતપુરાણ, ૫/૧૯/૨૪

૭૦. વાયુપુરાણ, ૫૭/૮૬–૧૨૫

૭૧. પદ્મપુરાણ, ૩/૫૭/૭

૭૨. પદ્મપુરાણ, ૩/૩૧/૪૩

૭૩. પદ્મપુરાણ, ૩/૩૧/૫૦

૭૪. પદ્મપુરાણ, ૩/૩૧/૪૦

૭૫. પદ્મપુરાણ, ૧/૩/૧૩૫

૭૬. અષ્ટાધ્યાયી ૧/૧/૧૬

૭૭. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૧૫/૨૧

૭૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૫/૪૭

૭૯. 'सत्यं परं धीमहि', શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૧/૧

૮૦. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૩/૩૨

૮૧. પદ્મપુરાણ, ૬/૧૬૩/૩

૮૨. માર્કણ્ડેયપુરાણ, ૪૧/૧

૮૩. ઋગ્વેદ, ૭/૧૦૩/૧૦

૮૪. ભવિષ્યપુરાણ, બ્રાહ્મપર્વ,૧૭૪/૧–૨

૮૫. પદ્મપુરાણ, ૭/૧૧/૫૨

૮૬. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૧/૨૭/૫૨

૮૭. શિવપુરાણ, ૧/૬૪

૮૮. યજુર્વેદ, ૪૦/૯

૮૯. કાત્યાયન અનુક્રમણિકા, ૧/૧

૯૦. વરાહપુરાણ, ૧૩૫/૧૫

૯૧. બ્રહ્મપુરાણ, ૨૧૦/૧૦૮

૯૨. ઋગ્વેદ, ૧૦/૩૪/૧૩
૯૩. યજુર્વેદ, ૪૦/૮
૯૪. જૈમિનીયોપનિષદ બ્રાહ્મણ, ૨/૧
૯૫. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૩૨/૨–૩
૯૬. દેવીભાગવતપુરાણ, ૧૧/૨૦/૫૪
૯૭. પદ્મપુરાણ, ઉત્તરખંડ, ૨૩૭/૩૨
૯૮. શ્રીમદ્ભાગવતપુરાણ, તૃતીય સ્કંધ, બારમો અધ્યાય
૯૯. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૨/૩૪
૧૦૦. બ્રહ્મવૈવર્તપુરાણ, ૪/૩૬/૫૮
૧૦૧. દેવીભાગવત, ૯/૨
૧૦૨. 'विदन्ति मार्गं दिव्यानां दिव्या एव न मानवाः ।
कार्याकार्ये न देवानां शुभाशुभफलप्रदे ।।' મત્સ્યપુરાણ, ૪/૫–૬
૧૦૩. શતપથબ્રાહ્મણ, ૭/૩/૧/૨૩
૧૦૪. લિંગપુરાણ, ૨/૨૨/૮
૧૦૫. તાંડયબ્રાહ્મણ, ૧૪/૧૨/૯; તૈત્તરીયબ્રાહ્મણ, ૧/૧/૩/૧૨
૧૦૬. બ્રહ્મવૈવર્તપુરાણ, ૧/૨૨/૬
૧૦૭. દેવીપુરાણ, ૩૭/૫૪
૧૦૮. શતપથબ્રાહ્મણ, ૬/૧/૧/૧૫
૧૦૯. નિરુક્ત, ૭/૧૨
૧૧૦. મત્સ્યપુરાણ, ૩/૨૨
૧૧૧. શતપથબ્રાહ્મણ, ૬/૧/૧/૪
૧૧૨. એજન, ૧૦/૫/૨/૧૦
૧૧૩. બ્રહ્માંડપુરાણ, ૧/૩૪/૨૨
૧૧૪. ગોપથબ્રાહ્મણ, ૧/૧/૨
૧૧૫. વામનપુરાણ, ૬૦/૭૬; લિંગપુરાણ, ૧/૫/૩૧
૧૧૬. બ્રહ્મપુરાણ, ૧૪૦/૨૨–૨૩
૧૧૭. ઋગ્વેદ, ૨/૧૨/૧
૧૧૮. 'विश्वेत् ता विष्णुराभरदुरुक्रमस्त्वेषितः ।
शतं महिषान् क्षीरपाकमोदनं वराहमिन्द्र एमुषम् ।।' ઋગ્વેદ, ૮/૭૭/૧૦

૧૧૯. અથર્વવેદ, ૧૦/૭/૧૭.

૧૨૦. 'एष मे आत्माऽन्तर्हृदयेऽणीयान्व्रीहेर्वा यवाद्वा सर्षपाद्वा श्यामाकाशाद्वा श्यामाकतण्डुलाद्वैष म आत्माऽन्तर्हृदये ज्यायान्पृथिव्याज्ज्यायान्तरिक्षाज्ज्यायान्दिवो-ज्यायानेभ्यो लोकेभ्यः ।' છાંદોગ્યોપનિષદ, ૩/૧૪/૩

૧૨૧. 'स यथोर्णनाभिस्तन्तुनोच्चरेद्यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वे प्राणः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि व्युच्चरन्ति तस्योपनिषत्सत्यस्य सत्यमिति ।' બૃહદારણ્યકોપનિષદ, ૨/૧/૨૦

૧૨૨. મુંડકોપનિષદ, ૩/૨/૪

૧૨૩. મુંડકોપનિષદ, ૩/૨/૩

૧૨૪. વાયુપુરાણ, ૪/૭૬–૭૭

૧૨૫. વિષ્ણુપુરાણ, ૧/૨/૫૪

૧૨૬. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૨૬/૫૨

૧૨૭. વાયુપુરાણ, ૪/૭૮–૮૩

૧૨૮. બ્રહ્મવૈવર્તપુરાણ, બ્રહ્મખંડ, ૩/૧–૩

૧૨૯. 'करोति सृष्टिं स विधेर्विधाता विधाय नित्यां प्रकृतिं जगत्प्रसूम् ।'
બ્રહ્મવૈવર્તપુરાણ, બ્રહ્મખંડ, ૩/૧

૧૩૦. બ્રહ્મવૈવર્તપુરાણ, બ્રહ્મખંડ, ૩/૭૯, ૪/૪, ૧૮/૩૧–૩૨, ૨૮/૨૧, ૨૨, ૩૫, ગણેશખંડ, ૧૩/૪૩, ૩૨/૨૯, કૃષ્ણજન્મખંડ, ૧૮/૩૬–૩૭, ૪૩,

૧૩૧. 'विवृत्तं ब्रह्म कार्त्स्न्येन कृष्णेन यत्र शौनक ।
ब्रह्म-वैवर्तकं तेन प्रवदन्ति पुराविदः ।।' બ્રહ્મવૈવર્તકપુરાણ, ૧/૧/૧૦

૧૩૨. તૈત્તિરીયોપનિષદ, ૨/૧/૧

૧૩૩. તૈત્તિરીયોપનિષદ, ૨/૪/૧

૧૩૪. શ્વેતાશ્વતરોપનિષદ, ૬/૧૯

૧૩૫. શ્વેતાશ્વતરોપનિષદ, ૬/૧૧

૧૩૬. ઋગ્વેદ, ૩/૫૩/૮

૧૩૭. ઋગ્વેદ, ૬/૪૭/૧૮

૧૩૮. 'जगृहे पौरुषं रूपं भगवान् महदादिभिः ।
संभूतं षोडशकलमादौ लोकसिसृक्षया ।।' શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૩/૧

૧૩૯. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૩/૪

૧૪૦. શતપથબ્રાહ્મણ, ૧/૮/૧/૧ ૧૪૧. એજન, ૭/૫/૧/૫, ૧૪/૧/૨/૧૧

૧૪૨. શતપથબ્રાહ્મણ, ૧૪/૧/૨/૧૧

૧૪૩. તૈત્તિરીયબ્રાહ્મણ, ૧/૧/૩/૫

૧૪૪. કાઠકસંહિતા, ૮/૨

૧૪૫. શતપથબ્રાહ્મણ, ૧/૨/૫/૧

૧૪૬. તૈત્તિરીય આરણ્યક, દસમો પ્રપાઠક, પ્રથમ અનુવાક

૧૪૭. શતપથબ્રાહ્મણ, ૧/૮/૧/૧

૧૪૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૩/૧૫, ૨/૭/૧૨, સ્કંધ આઠમો, અ. ૨૪; મત્સ્યપુરાણ, અ. ૧ તથા ૨૫૯; અગ્નિપુરાણ, અ. ૨ તથા ૪૯; ગરુડપુરાણ, ૧/૧૪૨; પદ્મપુરાણ, ૫/૪/૭૩

૧૪૯. શ્રીમદ્ભાગવતપુરાણ, સ્કંધ આઠમો, અ. ૨૪

૧૫૦. તૈત્તિરીયારણ્યક, ૧/૨૩/૩

૧૫૧. શતપથબ્રાહ્મણ, ૭/૫/૧/૫

૧૫૨. કૂર્મપુરાણ, ૧/૧૬/૭૭–૭૮; ગરુડપુરાણ, ૧/૧૪૨; પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અ. ૪ અને ૧૩; બ્રહ્મપુરાણ, અ. ૧૮૦ તથા ૨૧૩; વિષ્ણુપુરાણ, પ્રથમ અંશ, અ. ૪

૧૫૩. તૈત્તિરીયસંહિતા, ૭/૧/૫/૧

૧૫૪. 'स वराहो रूपं कृत्वोपन्यमज्जत । स पृथ्वीमधः आर्च्छत् ।' તૈત્તિરીયબ્રાહ્મણ, ૧/૧/૬

૧૫૫. શતપથબ્રાહ્મણ, ૧૪/૧/૨/૧૧

૧૫૬. અથર્વવેદ, ૧૨/૧/૪૮

૧૫૭. તૈત્તિરીયારણ્યક, ૧/૧/૩૦

૧૫૮. બ્રહ્મપુરાણ, ૨૧૩/૩૨–૩૯; વાયુપુરાણ, ૬/૧૬–૨૩; બ્રહ્માંડપુરાણ, ૧/૫/૧૬–૨૩; મચ્સ્યપુરાણ, ૨૪૮/૬૬–૭૪; શ્રીમદ્ભગવતપુરાણ, ૩/૧૩/૩૫–૩૯; વિષ્ણુપુરાણ, ૧/૪/૩૨–૩૬; અગ્નિપુરાણ, ૫/૧–૩

૧૫૯. ઋગ્વેદ, ૧/૧૫૪/૩

૧૬૦. શતપથબ્રાહ્મણ, ૧/૨/૫/૫

૧૬૧. શતપથબ્રાહ્મણ, ૧/૨/૫/૧–૭

૧૬૨. શ્રીમદ્ભાગવતપુરાણ, અષ્ટમસ્કંધ, અ. ૧૬–૧૮; અગ્નિપુરાણ, ૪/૫–૧૧; વાયુપુરાણ, ૬૬/૧૩૫

૧૬૩. 'त्रिभिः क्रमैरिमाल्लौँकाञ्जित्वा विष्णुरुरुक्रमम् ।।

प्रत्यपादयदिन्द्राय देवेभ्यश्चैव स प्रभुः ।' વાયુપુરાણ, ૬૬/૧૩૫–૧૩૬

૧૬૪. શ્રીમદ્ભાગવતપુરાણ, અષ્ટમસ્કંધ, અ. ૧૬–૧૮

૧૬૫. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૧૭/૨૫–૨૬

૧૬૬. તૈત્તિરીયારણ્યક, પ્રપાઠક–૧૦, અનુવાક–૧

૧૬૭. અગ્નિપુરાણ, ૪/૩–૫, ૨૭૬/૧૦, ૧૩; શ્રીમદ્ભાગવતપુરાણ, સ્કંધ–૭, અધ્યાય–૮; વાયુપુરાણ, ૬૭/૫૩–૭૦

૧૬૮. 'मत्स्यः कूर्मो वराहश्च नरसिंहोऽथ वामनः ।

रामो रामश्च कृष्णश्च बुद्ध कल्किश्च ते दश ।।'

પદ્મપુરાણ, ઉત્તરખંડ, ૨૫૭/૪૦–૪૧

આ દસ અવતારોનો નિર્દેશ લિંગપુરાણ, ૨/૪૮/૩૧–૩૨; વરાહ–પુરાણ, ૪/૨ તથા ૧૧૩/૪૨; મત્સ્યપુરાણ, ૨૮૫/૬–૭; ગરુડપુરાણ, ૧/૮૬/૧૦–૧૧ તથા ૨/૨૦/૩૧–૩૨ માં પણ થયેલો છે.

૧૬૯. પરશુરામનો ઉલ્લેખ ઐતરેયબ્રાહ્મણ, ૭/૫/૩૪માં આ પ્રમાણે છેઃ 'प्रोवाच रामो भार्गवियो विश्वान्तराय' પરંતુ આ વાકયમાં પ્રસ્તુત 'भार्गवियो' શબ્દ કરતાં 'मार्गवियो' પાઠ વધારે ઉચિત લાગે છે.

૧૭૦. રામ તથા કૃષ્ણના અસ્ફુટ અને સંદિગ્ધ ઉલ્લેખો વૈદિકસાહિત્યમાં મળે છે.

******

# પ્રકરણ– ૪, પુરાણોમાં વૈદિક સંહિતાઓ સંબંધી માહિતી

(અ) વૈદિક સંહિતાઓ – ઋક્, યજુષ્, સામ, અથર્વ

(બ) વેદોની શાખા–પ્રશાખાઓ

(ક) મંત્રો, સૂક્તો

(ડ) કથા–આખ્યાનો

પાદટીપ

## પ્રકરણ–૪, પુરાણોમાં વૈદિક સંહિતાઓ સંબંધી માહિતી

## (અ) વૈદિક સંહિતાઓઃ ઋક્, યજુષ્, સામ, અથર્વ

પુરાણ મુલતઃ વેદથી સ્વતંત્ર છે, પરંતુ પરવર્તીકાળમાં વૈદિક સંપ્રદાય પુરાણનું ઉપબૃંહણ હોવાથી પુરાણોમાં વેદ તથા વેદવર્ણીત વિષયોની પ્રશંસા અને મહત્તા ઘણા મોટા પ્રમાણમાં મળે છે. પ્રસ્તુત પ્રબંધમાં આગળ નોંધ્યું છે તેમ, પરવર્તીકાળમાં પુરાણે પોતાના સ્વતંત્ર અસ્તિત્વને ત્યજીને વેદના પ્રચાર અને પ્રસારને વિસ્તારવા માટે વેદની અર્થચ્છાયામાં વિકસવાનું શરૂ કર્યું. વેદોમાં નિહિત અર્થનો સમાજમાં વિસ્તાર કરવો, એ તેનું મુખ્ય ધ્યેય બની રહ્યું. આ કારણે જ, પુરાણોમાં વેદસંહિતાઓની અનેકશઃ પ્રશંસા થયેલી જોઈ શકાય છે.–ધાર્મિક તેમજ સાંપ્રદાયિક દૃષ્ટિએ પ્રાપ્ત થતી પ્રશંસાનું કારણ એ છે કે, એ સંપ્રદાયોમાં વેદનું પ્રામાણ્ય એમની પોતાની દૃષ્ટિ પ્રમાણે સ્વીકારવામાં આવતું હતું. સ્કંદપુરાણમાં વેદને 'અભ્યુદયનિઃશ્રેયસકારક' કહેલ છે.[૧] ગરુડપુરાણ વેદને 'સર્વ પ્રાણીઓને માટે ચક્ષુ સ્વરૂપ' માને છે.[૨] શ્રીમદ્ભાગવતપુરાણ વેદને 'ધર્માધર્મમાં પરમ પ્રમાણ' તરીકે દર્શાવે છે[૩] તો દેવીભાગવતપુરાણ વેદને 'વર્ણાશ્રમવ્યવસ્થાપક' કહે છે;[૪] જ્યારે બ્રહ્મવૈવર્તપુરાણ, પદ્મપુરાણ, કૂર્મપુરાણ તથા સ્કંદપુરાણ વગેરે તેને 'શ્રેષ્ઠશાસ્ત્ર' તરીકે નિર્દેશે છે.[૫] મત્સ્યપુરાણકાર તો, આ બધાં કરતાં આગળ વધીને કહે છે કે,– ‘वेदोऽखिलो धर्ममूलाचारश्चैव तद्विदाम्।’ અર્થાત્, 'વેદ સંપૂર્ણ ધર્મ અને તેને જાણનારના આચારોનું મૂળ છે.'[૬] માર્કણ્ડેયપુરાણ પણ વિશ્વને વેદત્રયીમાં પ્રતિષ્ઠિત હોવાનું બતાવે છે.[૭] વેદને સાક્ષાત્ બ્રહ્મ–સ્વરૂપ માનવા પાછળ પણ આ જ મનોવૃત્તિ રહેલી છે. કૂર્મપુરાણકારનું વિધાન છે કે,–

‘ब्रह्मणः सहजं रूपं नित्यैषा शक्तिरव्यया।’[૮]

વેદની આ મહત્તાના કારણે જ, પુરાણોમાં વેદનિંદાને પાપ કહેવામાં આવેલ છે.[૯] વેદનિંદકોને માટે કઠોર શબ્દોનો પ્રયોગ પણ પુરાણોમાં મળે છે.[૧૦]

અહીં, વેદનો અર્થ 'વેદસંહિતાઓ' લક્ષિત છે. વૈદિક સાહિત્યમાં સંહિતાઓનું સ્થાન મુખ્ય છે. પુરાણોમાં 'સંહિતા' શબ્દના અર્થ વિશે કશી માહિતી પ્રાપ્ત થતી નથી, પરંતુ કેટલાક પ્રયોગોના આધારે તેનો અર્થ 'સજ્ઞીકરણ, વ્યવસ્થિત સંકલન' કે 'કોઈ ખાસ ઉદ્દેશથી પ્રકીર્ણ વિષયોનું નિબંધન' એવો પ્રતીત થાય છે. પુરાણોમાં વેદપરક વિવરણોમાં 'મંત્રસંહનન' પદ પણ મળે છે, જ્યાં સંહિતા અને

સંહનન એકાર્થ પ્રતીત થાય છે. સંહનનનો અર્થ 'એક આકારમાં સઙ્ક્ષિપ્ત કરવું' છે. સંહિતામાં મંત્રોનું સમ્યક્ ધારણ થતું હોવાથી, તે 'સંહિતા' કહેવાય છે. ઐતરેય આરણ્યકમાં ‘आत्मानं समधात् तस्मात् संहिताः’ કહ્યું છે.[૧૧] પુરાણોમાં લગભગ બધે જ 'સંહિતા' તથા 'શાખા' પર્યાયના રૂપમાં પ્રયોજાયેલ છે. ખાસ કરીને વેદોની શાખાઓના વર્ણનના પ્રસંગમાં સર્વત્ર સંહિતા અને શાખા વચ્ચે અભેદ પ્રસ્થાપિત થયેલો જોવા મળે છે. આ વિષયમાં એ પણ જ્ઞાતવ્ય છે કે, વૈદિકસંપ્રદાયમાં 'શાખા' શબ્દનો અર્થ 'સંહિતાબ્રાહ્મણસૂત્રસાહિત્યયુક્તપરંપરા' પણ થાય છે. ધર્મસૂત્રાદિમાં સંહિતાના જપથી પુણ્યની પ્રાપ્તિ થતી હોવાનું કહ્યું છે.[૧૨] સંહિતાનો એક અર્થ 'મંત્રબ્રાહ્મણાત્મક' પણ પ્રસિદ્ધ છે. જો કે, પુરાણોના ઉલ્લેખોથી તો એવું સિદ્ધ થાય છે કે, સંહિતા કેવળ મંત્રાત્મક જ હોય છે. કેમકે, પુરાણોમાં સ્થાને સ્થાને ‘संहिताश्च ततो मन्त्राः’ જેવાં વાકયો પ્રાપ્ત થાય છે.[૧૩] જેનાથી એવું પ્રતીત થાય છે કે, મંત્રોથી જ સંહિતાઓનું નિર્માણ થયું છે. પુરાણોમાં સંહિતાઓના નિર્માણના પ્રસંગોમાં ઋક્મંત્ર (ઋચઃ), યજુર્મંત્ર(યજૂંષિ), સામ(ગીતિ) અને આથર્વણમંત્રો દ્વારા જ સંહિતાઓનું નિર્માણ થયું હોવાના ઉલ્લેખો છે. વાયુપુરાણ,[૧૪] બ્રહ્માંડપુરાણ[૧૫] તથા વિષ્ણુપુરાણ[૧૬]માં ‘ऋच उद्धृत्य ऋग्वेदम्’ વગેરે જે કહેવામાં આવ્યું છે, તેનાથી કહી શકાય છે કે, વ્યાસ–પરંપરામાં નિર્મિત આદિમ સંહિતાઓ મંત્રાત્મક હતી. શ્રીમદ્–ભાગવતપુરાણમાં વૈદિક ચતુઃસંહિતા–નિર્માણના પ્રસંગમાં તો સ્પષ્ટપણે 'મંત્ર' શબ્દનો પ્રયોગ થયેલો જોઈ શકાય છે – ‘ऋगथर्वयजुः साम्नां.....मन्त्रैः ।’ આનાથી સંહિતાઓનું મંત્રાત્મકત્વ સિદ્ધ થાય છે. એવું પ્રતીત થાય છે કે, આદિમ કાળમાં મંત્રોનું અલગ અલગ ઋષિઓ દ્વારા પ્રણયન થયું હતું અને દીર્ઘકાળ સુધી મંત્રો અસંહિત રૂપમાં જ વિદ્યમાન હતા. બાદમાં યાજ્ઞિક કર્મકાણ્ડની સાથે સાથે તત્કાર્યોપયોગી મંત્રોનો સંગ્રહ કરવો આવશ્યક બન્યો હતો.

વાયુપુરાણ (૫૭/૬૦) તથા બ્રહ્માંડપુરાણ (૧/૨૯/૬૬–૬૭) માં 'ત્રેતાયુગમાં મંત્રોનું સંહનન કરીને સંહિતાઓની રચના તથા ચાતુર્વર્ણ્યનો વિભાગ કરવામાં આવ્યો હતો' એમ કહેવામાં આવ્યું છે. ત્રેતાયુગમાં સંહિતાઓના પ્રણયન અંગેના ઉલ્લેખો પુરાણોમાં ઘણાં સ્થળે મળે છે.[૧૭] અહીં 'ત્રેતા' શબ્દથી એવું પણ ફલિત થાય છે કે, પહેલાં (પુરા) એટલે કે સત્યયુગમાં મંત્ર પૃથક્ પૃથક્ પ્રકટ થયા હતા અને પછીથી યાજ્ઞિક ઉદ્દેશોની પૂર્તિ માટે સંહિતાઓનું પ્રણયન કરવામાં આવ્યું છે. મહાભારતના વનપર્વમાં કૃતયુગના વર્ણનમાં ‘न सामऋग्यजुर्वर्णाः’ કહેવામાં

આવ્યું છે. આ વિધાન કૃતયુગનું એટલે કે, સંહિતાપ્રણયન પહેલાનું છે.[૧૮] નિરુકતમાંથી પણ વૈદિક પ્રવચનધારાના મંત્રકાલ અને મંત્રોપદેશકાલ જેવા બે રૂપો વિશે માહિતી મળે છે. શકયતઃ આ દ્વિતીય કાલ જ પુરાણોનો ત્રેતાયુગ છે, એમ કહેવું અસંગત નહીં ગણાય. 'ऋषिभिः ब्राह्मणैर्मन्त्राः संहिताः'[૧૯] જેવા પુરાણોના વિધાનમાં સ્પષ્ટપણે નિરુક્તની અસર જોઈ શકાય છે. વાયુપુરાણ[૨૦] તથા બ્રહ્માંડપુરાણ[૨૧]માં પણ – 'ऋग्यजुः साम्नां संहिताः श्रुतर्षिभिः संहन्यन्ते ।' કહ્યું છે. અહીં જુદાં જુદાં પુરાણોમાં પાઠભેદ પણ જોવા મળે છે. જેમકે, મત્સ્યપુરાણમાં 'श्रुतर्षिभिः' પદના સ્થાને 'महर्षिभिः' પાઠ મળે છે[૨૨], જયારે લિંગપુરાણ[૨૩]માં 'मनीषिभिः' અને કૂર્મપુરાણ[૨૪]માં 'परमर्षिभिः' પાઠ છે. નિરુક્તમાં આચાર્ય દુર્ગની વ્યાખ્યામાં કહ્યું છે કે, "સાક્ષાત્કૃતધર્મા ઋષિઓએ જે અન્યોને (ગ્રંથરૂપે તથા અર્થજ્ઞાન સહિત)મંત્રોનું પ્રદાન કર્યું હતું, એ 'શ્રુતર્ષિ' હતા."[૨૫] સંભવતઃ આ શ્રુતર્ષિઓએ જ પછીથી કેટલીક સંહિતાઓનું પ્રણયન કર્યું હતું. આ દષ્ટિએ વાયુપુરાણનો 'श्रुतर्षिभिः' પાઠ વધારે યોગ્ય જણાય છે. જુદી જુદી સંહિતાઓના પ્રવચન અંગે વાયુપુરાણ, બ્રહ્માંડપુરાણ, કૂર્મપુરાણ, લિંગપુરાણ તથા મત્સ્યપુરાણમાં વિસ્તૃત વિવરણ પ્રાપ્ત થાય છે. જેનો સાર આ પ્રમાણે છેઃ

'ચતુષ્પાદ એક જ વેદ ત્રેતાયુગમાં વિદ્યમાન રહે છે. દ્વાપરમાં આયુનો હ્રાસ જોઈને વેદવ્યાસે, તે વેદના ચતુર્વિભાગ કર્યા છે. ઋષિપુત્રો દ્વારા પુનઃ દષ્ટિવિભ્રમ થવાના કારણે, આ ચાર વેદોના અનેક પ્રકારે વિભાગો કરવામાં આવ્યા છે. આ વિભાજન–પ્રક્રિયામાં મંત્ર–બ્રાહ્મણના અનેક પ્રકારના વિન્યાસ, સ્વર અને વર્ણોના અનેક પ્રકારના પાઠાન્તર, તથા પાઠભેદાદિ ઉત્પન્ન થાય છે. આ પ્રકારે ઋક્, યજુસ્, સામની સંહિતાઓનું સંહનન ઋષિઓ દ્વારા કરવામાં આવેલ છે. વિભિન્ન દષ્ટિઓથી પ્રોકત હોવાને કારણે, સંહિતાઓ કેટલાક અંશે સમાન તો કેટલાક અંશે વિભિન્ન બની જાય છે. ઋષિઓ દ્વારા બ્રાહ્મણ, કલ્પસૂત્ર અને મંત્ર–પ્રવચન પણ કરવામાં આવે છે."[૨૬]

ત્રેતાયુગમાં જયારે સંહિતાઓનું પ્રણયન થવા લાગ્યું હતું ત્યારે પ્રારંભમાં કેટલી સંહિતાઓ બની હતી, તેનો કોઈ સ્પષ્ટ નિર્દેશ પુરાણોમાં પ્રાપ્ત થતો નથી. દ્વાપરયુગીય વેદ–પ્રવચનના પ્રસંગમાં ઘણાં પુરાણોમાં 'ऋग्यजुः साम' ની સંહિતાઓના સંહનન વિશે કહ્યું છે. દ્વાપરયુગનો અર્થ, અહીં એ સમય સાથે છે, જયારે શાખાઓનું પ્રવચન થવા લાગ્યું હતું. જુદાં–જુદાં પુરાણોના આ પ્રસંગ– વર્ણનના શ્લોકોમાં એ વિચારણીય છે કે, ત્યાં 'ઋક્, યજુ, સામની સંહિતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો

છે, અથર્વનો નહીં. સંભવતઃ 'ऋक् यजुः साम्नां' પદથી ત્રિવિધ મંત્ર જ વિવક્ષિત છે, જેનાથી 'ત્રિવિધ મંત્રોની સંહિતાઓનું સંહનન' એવો અર્થ થાય છે, જે સ્વીકાર્ય ગણી શકાય. કેમકે, અથર્વના 'વિકલ્પો'નો ઉલ્લેખ તેના પછી છે. એ સ્થળોએ વિકલ્પનો અર્થ 'શાખા' પ્રતીત થાય છે. અથવા તો એમ પણ બની શકે કે, ઋગ્વેદાદિ ત્રણ વેદની સંહિતાઓનું પ્રવચન એક જ શ્રોતધારામાં જ થયું હતું અને અથર્વસંહિતાનો પ્રારંભ શ્રોતધારાથી ભિન્ન, એવી કોઈ લૌકિકધારાના પ્રભાવમાં થયું હતું. આથી ઋગ્વેદાદિ ત્રણ વેદની સંહિતાઓનાં પ્રણયનના પ્રસંગમાં અથર્વવેદનો ઉલ્લેખ કરવામાં આવ્યો નહીં હોય, શ્રૌત–યાજ્ઞિક દષ્ટિએ અથર્વવેદનું સ્થાન કોઈક સમયે ઘણું જ સામાન્ય હતું. આથી પ્રાચીનકાળથી તેના વેદત્વ પર વિવાદ ચાલ્યો આવે છે. શકયતઃ આ દષ્ટિએ 'શ્રુતર્ષિકર્તૃક સંહિતા–પ્રણયનના પ્રસંગમાં અથર્વવેદનો ઉલ્લેખ અલગ રૂપે કરવામાં આવ્યો. આ બંને દલીલોમાં પ્રથમ બાબત જ અધિક સંગત છે. કારણ કે, શ્રુતર્ષિકર્તૃક સંહિતા– પ્રણયનનાં પ્રકરણમાં અન્યાન્ય વેદોની સાથે અથર્વવેદનું નામ પણ લેવામાં આવ્યું છે. વૈદિક સંપ્રદાયમાં અથર્વવેદનો વેદરૂપમાં અનુપ્રવેશ લાંબા સમયથી છે, આથી, દ્વાપરયુગીય સંહિતા–પ્રવચનમાં અથર્વવેદનું પ્રવચન પણ સમાન રૂપે કરવામાં આવ્યું હતું.

આમ, શાખાઓની સંખ્યાના વિષયમાં સમાધાન કરી શકાય છે. તેથી 'વેદત્રયી'ના સ્થાને 'ચતુર્વેદ' ની માન્યતા વધારે યુકિતસંગત લાગે છે. સામાન્ય ભારતીય પરંપરા પણ ચાર વેદોનો જ સ્વીકાર કરે છે. આ ચાર વેદ–સંહિતાઓ અનુક્રમે ઋગ્વેદસંહિતા, યજુર્વેદસંહિતા, સામવેદસંહિતા અને અથર્વવેદસંહિતા છે. પુરાણોમાં આ ચારેય સંહિતાઓ વિષયક ભરપુર ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જેને આ પ્રમાણે દર્શાવી શકાયઃ

### (૧) ઋક્સંહિતાઃ

પુરાણોમાં ઋગ્વેદને માટે 'ઋચા' શબ્દનો પ્રયોગ પણ મળે છે.[૨૭] પરંતુ મહદંશે 'ઋગ્વેદ' શબ્દ જ પ્રયુકત થયેલો છે.[૨૮] ઋગવેદીય 'શ્રીસૂકત' ના નિર્દેશમાં પદ્મપુરાણકારે ઋક્સંહિતા શબ્દનો પ્રયોગ પણ કર્યો છે.[૨૯] એક અન્ય 'ચતુઃષષ્ટિ' શબ્દ પણ ઋગ્વેદને માટે પ્રયુકત થયેલો છે– 'अश्वो वोढेति यत् सूक्तं चतुःषष्टि समुद्भवम् ।'[૩૦] આ મંત્ર ઋગવેદ (૯/૧૧૨/૪)માં પણ મળે છે. નિરુકત, ૯/૨ માં જણાવ્યું છે કે, આ મંત્ર અશ્વ વિષયક છે અને પુરાણનું આ સ્થળ પણ અશ્વ વિષયક

જ છે. આથી એવું જણાય છે કે, 'ચતુઃષષ્ટિ' શબ્દનો અભિપ્રાય 'ચતુઃષષ્ટિ–અધ્યાય–વિભકત ઋગ્વેદની સાથે છે. ઋગ્વેદની ૬૪ અધ્યાયાત્મકતા અનુવાકાનુક્રમણિ–૩૮ વગેરે ગ્રંથોમાં કહેવામાં આવી છે. અધ્યાયને માટે 'પ્રપાઠક' શબ્દનો પ્રયોગ પણ થાય છે. ઋગ્વેદના પ્રસંગમાં 'પ્રપાઠકચતુઃષષ્ટિ' શબ્દનો પ્રયોગ કુમારિલ ભટ્ટે કર્યો છે.[૩૧] વાત્સ્યાયનના કામસૂત્ર–૨/૨/૩ માં પણ ઋગ્વેદીય ૬૪ અધ્યાયોનો પ્રસંગ છે.

ઋગ્વેદીય વ્યકિતને માટે પુરાણોમાં 'બહ્‌વૃચ' શબ્દનો પ્રયોગ થયેલો છે.[૩૨] શ્રીમદ્‌ભાગવતપુરાણમાં કુલપતિ શૌનકને 'બહ્‌વૃચ' કહેવામાં આવેલ છે.[૩૩] પુરાણોમાં 'बह्वृचैर्गीतम्' વાકય મળે છે.[૩૪] જયાં 'બહ્‌વૃચ' નો 'ઋગ્વેદપાઠી' કે 'ઋક્‌શાખી' અર્થ ઉચિત જણાય છે. ટીકાકાર નીલકંઠ પણ 'બહ્‌વૃચ' નો અર્થ 'ઋગ્વેદી' કરે છે.[૩૫] કયારેક હલન્ત 'બહ્‌વૃચ્' શબ્દ પણ ઋગ્વેદીને માટે પ્રયુકત થયો છે.[૩૬] 'બહ્‌વૃચ' શબ્દનો પ્રયોગ 'ઋગ્વેદ સાથે સંબદ્ધ' ના અર્થમાં પણ થાય છે.[૩૭] શ્રીમદ્‌ભાગવતપુરાણમાં ઋગ્વેદની શાખાઓને 'बह्वृचाः संहिताः' કહે છે. આ 'बह्वृचाख्यसंहिता' નું પ્રવચન વ્યાસે પૈલને કર્યું હતું.[૩૮]

પુરાણોમાં ઋગ્વેદ વિશે પ્રાપ્ત થતાં વિશેષણો કે વર્ણનોને આધારે આ વેદના સ્વરૂપ પર પર્યાપ્ત પ્રકાશ પડે છે. જેમકે, વરાહપુરાણ (૧૪૫/૧૧–૧૨)માં– 'ऋग्वेदस्यैव ऋग्गतैः स्तोत्रैः' કહેવામાં આવે છે, જેનાથી ઋગ્વેદીય સ્તોત્ર ઋક્‌મય છે, એવું સૂચિત થાય છે. વાયુપુરાણ (૨૬/૨૦)માં 'ऋग्वेद एकमात्रस्तु' કહેવાયેલ છે. ઋગ્વેદનું એક વિશિષ્ટ વિશેષણ– 'પદક્રમ–વિભૂષિત' વાયુપુરાણ–૬૫/૨૪માં આપવામાં આવ્યું છે. આ જ સંદર્ભમાં બ્રહ્માંડપુરાણ–૨/૧/૨૩માં 'यश्चक्रमविभूषितः' પાઠ છે, તો બ્રહ્મપુરાણ– ૫૯/૪૯માં 'ऋक्स्वरूपाय पदक्रमस्वरूपेण' તથા વામનપુરાણ–૬૨/૧૪માં 'जप्तव्यं शतरुद्रीयमृग्वेदोक्तं पदक्रमैः' અને વામનપુરાણ– ૨૪/૨૧માં 'ऋचो बह्वृचमुख्यैश्च प्रोक्ताः क्रमपदाक्षरैः' કહેલ છે. આનાથી ઋગ્વેદના પદ–ક્રમ–પાઠ પ્રાચીનતમ છે. આથી ઋગ્વેદની સાથે આ બન્ને પાઠોનો ઉલ્લેખ પ્રાચીનકાળથી જ ચાલ્યો આવે છે અને પુરાણકાર આ દષ્ટિએ જ ઋગ્વેદની સાથે આ પાઠોનો ઉલ્લેખ કરે છે. ઋક્‌સમૂહને 'સ્તોમ' કહેવામાં આવે છે. ભાગવતપુરાણ–૩/૨૧/૩૨માં તેનો ઉલ્લેખ આ પ્રમાણે છેઃ 'स्तोमुदीर्ण साम'. સ્તોમનો અર્થ 'સ્તોત્ર' છે.[૩૯] ઋગ્વેદીય સૂકત, જો ગીત ન હોય તો તેના માટે 'શસ્ત્ર' શબ્દ પણ પુરાણોમાં પ્રયોજાય છે.[૪૦] ઋગ્વેદના પ્રસંગમાં 'શસ્ત્ર' શબ્દનો ઉલ્લેખ મળે છે. વેદોત્પત્તિના પ્રસંગમાં ઋગ્વેદની સાથે ગાયત્રી છંદ, ત્રિવૃત્ત સ્તોમ, રથન્તર સામ અને અગ્નિષ્ટોમ યજ્ઞનો ઉલ્લેખ અનેક પુરાણોમાં મળે છે.[૪૧]

ઋગ્વેદનું સંકલન કે પ્રણયન કયા સમયમાં થયું હતું, તેનો કોઈ સંકેત પુરાણોમાં મળતો નથી. પ્રવર્તમાન મન્વંતરના દ્વાપરાન્તમાં કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે પૂર્વપ્રચલિત ઋક્‌મંત્રોનું સંકલન કરીને હોતૃકર્મોપયોગી ઋક્‌સંહિતાનું પ્રણયન કર્યું હોવાનો ઉલ્લેખ લગભગ તમામ પુરાણોમાં મળી આવે છે. સંભવતઃ વ્યાસે બહુધા ઉચ્છિન્ન વૈદિક વાઙ્મયને સુસજ્જ કરીને વૈદિક કર્મકાંડને પુનઃ વ્યવસ્થાપિત કર્યું હતું. જેનાથી પરવર્તી સમયમાં વ્યાસના વિષયમાં પૂર્વોકત પ્રસિદ્ધિ શકય બની હતી.

પુરાણોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, સંહિતાઓનું સંહનન ત્રેતાયુગમાં થયું અને વેદ–વિભાગ દ્વાપરાન્તમાં. જેનાથી પણ સિદ્ધ થાય છે કે, પૂર્વપ્રચલિત સંહિતાઓના પઠન–પાઠનમાં તથા યાજ્ઞિકકર્મમાં પરવર્તી કાળમાં ભ્રંશ અને હ્રાસ થયો હતો. તેથી વ્યાસને વિપર્યસ્ત વૈદિક પરંપરા પ્રાપ્ત થઈ હતી. પ્રચલિત યાજ્ઞિક કર્માનુસાર વ્યાસે ફરીથી નૂતન સ્વરૂપે સંહિતાઓનો સંસ્કાર કર્યો હતો, એવું અનુમાન કરી શકાય છે. વ્યાસ પૂર્વેની ઋક્‌સંહિતાઓનું સ્વરૂપ કેવું હતું, તેનું સ્પષ્ટ અનુમાન નથી કરી શકાતું, પરંતુ એટલું તો ચોકકસ કહી શકાય છે કે, સંહિતાઓનું પ્રણયન યાજ્ઞિક પ્રક્રિયાની દૃષ્ટિએ કરવામાં આવ્યું હોવાથી જે–તે સમયમાં પ્રચલિત યાજ્ઞિક ક્રિયાઓના સ્વરૂપ અનુસાર જ સંહિતાઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું. યાજ્ઞિક પ્રક્રિયા પણ યુગાનુસાર વત્તા–ઓછા અંશે બદલાતી આવી છે. પુરાણોના – 'ततः प्रभृति यज्ञोऽयं युगैः स विवर्तितः'[૪૨] વાકયથી યજ્ઞક્રિયામાં કાલાનુસારી પરિવર્તનની સૂચના મળે છે. એક અગ્નિના ત્રિધાકરણરૂપ પરિવર્તનનો સાક્ષાત્ નિર્દેશ હરિવંશપુરાણ–૧/૧૨૬/૧૪૭ તથા વિષ્ણુપુરાણ– ૪/૬/૪૬માં મળે છે. આથી સંહિતાઓનું પ્રાચીનતમ સ્વરૂપ અને વર્તમાન સ્વરૂપ સમાન જ હશે, તેવું કહી શકાતું નથી. આથી એવું સ્પષ્ટ થાય છે કે, આદિમ રૂપ સંહિતાનું સ્વરૂપ આજે અજ્ઞાત છે. અને આજે વર્તમાનમાં પ્રચલિત ઋક્‌સંહિતા–ઋગ્વેદના સ્વરૂપમાં ગૃહિત થાય છે.

પુરાણોમાં શાખા–પ્રકરણો સિવાયના અન્ય સ્થળોએ ઋગ્વેદજ્ઞ વિદ્વાનોનો ઉલ્લેખ મળે છે. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૯/૬/૪૫માં સૌભરિમુનિને 'બહ્‌વૃચ' કહેવામાં આવેલ છે, જે વિષ્ણુપુરાણ–૪/૨/૧૯ને પણ માન્ય છે. શ્રીમદ્‌ભાગવતપુરાણ–૧/૪/૧ માં શૌનકને પણ 'બહ્‌વૃચ' કહેલ છે. ભવિષ્યપુરાણ (બ્રાહ્મપર્વ–૨/૫૩)માં કહે છે કે, બ્રહ્માના પૂર્વ મુખથી વસિષ્ઠ દ્વારા ઋગવેદનો આવિર્ભાવ થયો છે. આવો ઉલ્લેખ અન્ય પુરાણમાં પ્રાપ્ત થતો નથી. ઋગ્વેદની સાથે વસિષ્ઠનો ઘનિષ્ઠ સંબંધ માનવામાં

આવે છે. ઋગ્વેદનું વસિષ્ઠ–ચરણ પ્રસિદ્ધ છે તથા પરાશરને ઋક્–શાખાકાર માનેલ છે. કુમારિલ ભટ્ટે પણ 'वासिष्ठं बह्वृचैरेव' કહેલ છે.[૪૩] આનાથી ઋગ્વેદની સાથે વસિષ્ઠનો ઘનિષ્ઠ સંબંધ સિદ્ધ થાય છે. બ્રહ્માના પૂર્વમુખથી ઋગ્વેદની ઉત્પત્તિ પુરાણોમાં અનેક સ્થળોએ કહી છે.[૪૪] તૈતરીયબ્રાહ્મણ–૩/૧૨/૯/૧માં 'ऋचां प्राची महती दिगुच्यते' કહેવામાં આવે છે. જે આ પુરાણ–મતનું મૂળ હોવાનું જણાય છે.

ઋક્સંહિતાઓની ઉપયોગીતા વિશે પુરાણોમાં નિર્દેશ પ્રાપ્ત થાય છે– 'ऋगभिर्होत्रम्'[૪૫]. અહીં હોત્રનો અર્થ 'હોતૃકર્મ' થાય છે. શતપથબ્રાહ્મણ–૧૧/૪/૨/૭માં 'ऋचा होत्रं क्रियते' ગોપથબ્રાહ્મણ–૧/૩/૨ અને ઐતરેયબ્રાહ્મણ–૫/૩ પણ આ વિષયમાં દષ્ટવ્ય છે. અને આ મત શ્રૌતસૂત્રકારોને પણ માન્ય છે. કયાંક કયાંક હહોત્ર' ને સ્થાને 'હૌત્ર' પાઠ પણ મળે છે. હોતૃકર્મની સાથે સામિધેની, પ્રયાજ, યાજયા, પુરોનુવાકયા, સૂકતવાક્, શંયુવાક્ વગેરેનો સંબંધ જણાય છે. પુરાણોમાં યાજ્ઞિક વિવરણના પ્રસંગમાં અનેક સ્થળોએ હોતૃકર્મનો ઉલ્લેખ મળે છે.

## (૨) યજુર્વેદસંહિતાઃ

વાયુપુરાણ–૬૦/૨૨માં યજુર્વેદ વિશે કહ્યું છે કે, 'युञ्जानः सह यजुर्वेद इति शास्त्रविनिश्चयः ।' જેનાથી 'यजुः' શબ્દના અર્થ પર પ્રકાશ પડે છે. 'युज्' ધાતુ પરથી નિષ્પન્ન 'युञ्जानः' પદનું સ્વારસ્ય સ્પષ્ટ નથી. આ જ સંદર્ભે બ્રહ્માંડપુરાણ–૧/૩૪/૨૨માં 'यजनात् यजुर्वेदः' એવો પાઠ છે. શ્રીધરસ્વામીએ વિષ્ણુપુરાણ–૩/૪/૧૧ ની ટીકામાં આ શ્લોકને વાયુપુરાણના નામથી આ પ્રમાણે ઉદ્ધૃત કરેલ છેઃ 'याजनाद्धि यजुर्वेद इति शास्त्रस्य निश्चयः' અહીં 'याजन्' ની સાથે 'यजुः' નો સંબંધ દર્શાવ્યો છે, જે યાસ્કના 'यजुर्येजतेः' (નિરુકત ૭/૧૨)ની સાથે સંગત છે. 'यजो ह वै नामैतद् यद् यजुरिति' એવા શતપથબ્રાહ્મણ (૪/૬/૭/૧૩)ના વાકયની સાથે પણ સુસંગત છે.

'यजुः' શબ્દ યજ્ઞવાચકના રૂપમાં પણ પ્રયુકત થયેલ છે. શ્રીમદ્–ભાગવતપુરાણ (૩/૪/૮)ના 'यजुषां पतिम्' ની વ્યાખ્યામાં શ્રીધરે 'यजुष्' નો અર્થ 'यज्ञ' કર્યો છે. ભાગવતપુરાણ (૪/૬/૧)માં પણ 'यजुषां' શબ્દ છે. જયાં શ્રીધર સ્વામી એ 'यज्ञानां मन्त्राणां वा' કહીને 'यजुष्' ના બંને અર્થોને દર્શાવ્યા છે. નિરુકત (૧૧/૪) માં પણ 'यजुः' પદ મંત્રને માટે પ્રયુકત થયો છે. અન્ય વેદોની અપેક્ષાએ યાજ્ઞિક ક્રિયાઓનો યજુર્વેદની સાથે ઘણો નિકટનો સંબંધ છે, એવું વૈદિક સંપ્રદાયોમાં

પ્રસિદ્ધ છે. વેદની પ્રવૃત્તિ યજ્ઞાર્થ હોવાને કારણે જ, વેદ ને માટે પણ 'यजुः' શબ્દ પુરાણોમાં પ્રયુકત થયેલો છે. જેમકે (વાયુપુરાણ, ૬૦/૧૭; કૂર્મપુરાણ, ૧/૫૨/૧૬; વિષ્ણુપુરાણ ૩/૪/૧૧) માં 'एक आसीद् यजुर्वेदः तं चतुर्धा व्यकल्पयत् ।' કહેવાયું છે. જેમાં 'યજુર્વેદ' શબ્દ પૂર્ણવેદ માટે પ્રયોજાયેલ છે. યજ્ઞમાં યજુર્વેદની પ્રધાનતાના કારણે યજુર્વેદને શીર્ષભૂત માનવામાં આવે છે. શ્રુતિવાકય 'तस्य यजुरेव शिरः' (તૈતરિયઉપનિષદ, ૮/૨)માં આ બાબત સ્પષ્ટતઃ પ્રતિપાદિત થયેલ છે.

પુરાણોમાં પ્રાપ્ત થતાં યજુર્વેદ વિષયક વિશેષણો તથા વિવરણોને આધારે યજુર્વેદના સ્વરૂપને સ્પષ્ટ કરી શકાય છે. જેમકે વાયુપુરાણ (૬૫/૨૫) અને બ્રહ્માંડપુરાણ (૩/૧/૨૪) માં આપવામાં આવેલા વિશેષણો 'वृताढ्य', 'ओंकारवदनोज्वल', 'यज्ञार्थ-संपृक्त' અને 'सूक्तब्राह्मण मन्त्रवान्' ને આધારે યજુર્વેદના સ્પરૂપને વિશેષતઃ સ્પષ્ટ કરી શકાય છે. યજુર્વેદને 'वृताढ्य' કહેવામાં એવું પ્રયોજન પ્રતીત થાય છે કે, આ વેદ અનેક પ્રકારના કર્મકાંડી આચરણોથી યુકત છે અને 'वृत' શબ્દનો અર્થ સદાચાર પણ થાય છે. અહીં'वृताढ्य'નો અર્થ 'અનેક છંદોથી યુકત' એવો થઈ શકતો નથી. કેમકે, 'વૃત પાદજ્ઞાનનો હેતુ હોય છે' એવું ઋક્પ્રાતિશાખ્ય (૧૭/૨૫)નું વિધાન છે અને યજુર્મંત્ર પાદહીન હોય છે. વસ્તુતઃ યજુર્મંત્ર ગદ્ય છે. મીમાંસા સૂત્ર, ૨/૧/૩૭ પરની ટીકા અને આ દષ્ટિએ જ દેવીભાગવત, ૮/૧/૧૦માં 'ऋक्सामार्थसम्भव' સ્તોત્રોનું વિશેષણ'छन्दोमय' આપવામાં આવ્યું છે. યજુર્મંત્ર છંદોહીન છે તેથી આ શ્લોકમાં 'यजुः' પદનો સમાવેશ કરવામાં આવ્યો નથી, એ સ્પષ્ટ છે. જો 'वृताढ्य'નો અર્થ 'છંદોમય' ન લેવામાં આવે તો 'वृत' નો 'સદાચાર' અર્થ જ સુસંગત ગણાશે શ્રીમદ્ભાગવતપુરાણ (૧૨/૬/૫૨)માં 'निगदाख्य यजुर्गणः' નો ઉલ્લેખ છે. શ્રીધરે અહીં 'निगद'નું નિર્વચન 'नितरां प्रश्लेषेण गद्यमानत्वाद् निगदाख्यं' એમ આપ્યું છે. જો કે યજુર્મંત્ર માત્ર 'निगद' જ નથી, પરંતુ જે યજુર્મંત્ર ઉચ્ચસ્વરથી ઉચ્ચરિત થાય છે, તે જ 'निगद' છે.

'यजुः संहिता'નું નિર્માણ વ્યાસ શિષ્ય વૈશમ્પાયને દ્વાપરયુગના અંતમાં કર્યું હશે, એવું પુરાણો નોંધે છે.[૪૬] નિર્માણ સમયે કેવળ યજુર્મંત્રોનો જ ઉલ્લેખ છે; પરંતુ વર્તમાન શુકલયજુર્વેદ તથા કૃષ્ણયજુર્વેદમાં ઋગ્વેદના મંત્રો પણ સમાવિષ્ટ થયેલા જોઈ શકાય છે. સંભવતઃ યાજ્ઞિકક્રિયાની સુવિધાને માટે પછીથી અન્યાન્ય આચાર્યો દ્વારા ઋગ્વેદના મંત્રોને પણ યજુર્વેદસંહિતામાં સમાવવામાં આવ્યા હશે. વૈશમ્પાયને કેવળ યજુર્મંત્રો દ્વારા જ યજુર્મંત્રની રચના કરી હતી, એવું પુરાણોમાં

સ્પષ્ટપણે કહેવાયેલ છે અને આ બાબત સ્વીકારવામાં આવે તો યજુર્વેદની સંહિતાઓમાં વિદ્યમાન ઋગ્વેદનાં મંત્રો માટે કોઈક કારણ અવશ્ય જ હશે. સંભવતઃ ઋગ્વેદના મંત્રોના સમાવેશને કારણે યજુર્વેદને 'દ્વિમાત્ર' કહેવામાં આવેલ છે.[૪૭]

વેદોત્પતિના પ્રસંગમાં શ્રીમદ્‌ભાગવતપુરાણ (૩/૧૨/૨૨)માં 'यजुः' ની સાથે 'इज्या' નો સંબંધ દર્શાવવામાં આવ્યો છે. અન્ય પુરાણોમાં 'आध्वर्यवं यजुभिः' વાકયથી પણ આ જ વિષય કહેવામાં આવ્યો છે.[૪૮] બ્રાહ્મણ ગ્રંથોમાં પણ આ મત પ્રાપ્ત થાય છે.[૪૯] શ્રીમદ્‌ભાગવતપુરાણ (૪/૭/૪૧) માં 'तं यज्ञियं पञ्चविधं च पञ्चभिः स्विष्टं यजुर्भिः प्रणतोऽस्मि यज्ञम् ।'કહેવામાં આવ્યું છે. જયાં પંચવિધ યજુર્વાકયોથી યજ્ઞના સ્વિષ્ટ (સુપૂજીત) હોવાનો ઉલ્લેખ છે. પુરાણોમાં આ પાંચ વાકયો અને સતર અક્ષરોના અનેક સ્થળોએ નિર્દેશ મળી આવે છે. વામનપુરાણમાં કહ્યું છે કે,–

'चतुर्भिश्च चतुर्भिश्च द्वाभ्यां पञ्चभिरेव च ।

हूयते च पुनर्द्वाभ्यां तस्मै होमात्मने नमः ।।' (વામનપુરાણ,૨૬/૧)

નારદીયપુરાણ(૧/૧૯/૩૫)માં પણ આ શ્લોક ઉદ્ધૃત છે. યજુર્વેદની યજ્ઞાનુષ્ઠાન પરાયણતાને સિદ્ધ કરતું વાકય, વાયુપુરાણમાં પણ પ્રાપ્ત થાય છે. 'यच्छिष्टं तु यजुर्वेदे तेन यज्ञमयुञ्जत ।' વિષ્ણુપુરાણ, ૩/૪/૧૧ની ટીકામાં પણ આ શ્લોક ઉદ્ધૃત છે. પુરાણોમાં અનેક સ્થાનોએ એવી ઉકિત મળે છે, જેનાથી યજુર્વેદનો વિષય સ્પષ્ટ થઈ જાય છે. જેમકે 'यजूंषि यो वेद वेद स वेद यज्ञान् ।' (વાયુપુરાણ, ૭૯/૯૫ તથા બ્રહ્માંડપુરાણ, ૨/૧૫/૬૮)ના વાકય નિર્દેશથી યજુર્વેદનો યજ્ઞવિષય સ્પષ્ટ બને છે. જયારે વાયુપુરાણ(૮/૧૩૦)માં તો 'यज्ञार्थ-संपृक्त' એવું વિશેષણ યજુર્વેદ માટે પ્રયોજાયેલ છે. જે યજ્ઞની પ્રધાનતાને નિર્દેશે છે. મનુસ્મૃતિકારે યજ્ઞકર્મની પ્રધાનતાને કારણે યજુર્વેદને માટે 'मानुष्' શબ્દનો પ્રયોગ કર્યો છે.[૫૦] આધ્વર્ય, હોતાર, ઉદ્‌ગાતા, યજ્ઞાનુષ્ઠાન વગેરે યજ્ઞવિષયક વિવરણોને લીધે યજુર્વેદને યજ્ઞનો વેદ કહ્યો છે. સ્કંદપુરાણના નાગરખંડમાં 'आध्वर्युणा समादिष्टान् प्रैषान् प्राहुर्यथाक्रमम्' (૧૮૮/૩) જેવા શ્લોકો દ્વારા આધ્વર્યકર્મ વિશે કહ્યું છે. યજ્ઞમાં આધ્વર્યકર્મના મહત્ત્યવને આ ખંડમાં દર્શાવ્યું છે. તો વળી, મત્સ્યપુરાણમાં 'एवमेवैष भगवान् षोडशैव जगत्पतिः' (૧૬૭/૬–૧૩) એમ યજ્ઞમાં ઋત્વિજોના મહત્ત્યવને દર્શાવી, શ્રેષ્ઠ સોળ ઋત્વિજોની ઉત્પત્તિ વિશે કહ્યું છે. વરાહપુરાણ(૨૧/૧૩–૨૦)માં પણ ઋત્વિજ વિશે વિવરણ છે. અન્ય પુરાણોમાં ચતુર્ઋત્વિજ, યજ્ઞોપકરણ, યજ્ઞસામગ્રી, યજ્ઞાનુષ્ઠાન વગેરે જેવી યજ્ઞક્રિયાઓનું વિવરણ પ્રાપ્ત થાય છે.[૫૧]

પુરાણોમાં શાખા–પ્રકરણ સિવાયનાં અન્ય સ્થળોએ યજુર્વિત્ વિદ્વાનોનો ઉલ્લેખ મળે છે. ભવિષ્યપુરાણ (બ્રાહ્મપર્વ, ૨/૫૨–૫૫)માં 'યાજ્ઞવલ્કય દ્વારા યજુર્વેદનો આવિર્ભાવ થયો છે' એમ કહ્યું છે. આમ, યજુર્વેદ સાથે યાજ્ઞવલ્કયઋષિનો ઘનિષ્ઠ સંબંધ પુરાણોએ સ્વીકાર્યો છે. તો વળી મહાભારતના શાંતિપર્વના ૩૧૮મા અધ્યાયમાં પણ યજુર્વેદના આવિર્ભાવ સાથે યાજ્ઞવલ્કયનું નામ દર્શાવેલ છે. પુરાણોમાં સૃષ્ટિપ્રસંગમાં યજુર્વેદની ઉત્પત્તિ સાથે ત્રિષ્ટુપ્ છંદ, પંચદશસ્તોમ, બૃહત્સામ અને ઉક્થ વગેરેની ઉત્પત્તિ વિશે કહેવાયું છે.[૫૨]

શ્રીમદ્ભાગવતપુરાણમાં બ્રહ્માના પૂર્વ મુખથી વેદોની કલ્પનાની સાથે જ ઉપવેદોની ઉત્પત્તિ પણ દર્શાવેલ છે, જેમાં યજુર્વેદના ઉપવેદ તરીકે ધનુર્વેદનો ઉલ્લેખ કરેલ છેઃ

‘आयुर्वेदं धनुर्वेदं गान्धर्वं वेदमात्मनः ।
स्थापत्यं चासृजद् वेदं क्रमात्पूर्वादिभिर्मुखैः ।।’[૫૩]

અગ્નિપુરાણના ૨૪૯ તથા ૨૫૨મા અધ્યાયોમાં ધનુર્વેદ વિશે વિવરણ છે. મહિદાસ નામના વિદ્વાને યજુર્વેદના ઉપવેદ તરીકે ધનુર્વેદનો સ્વીકાર કર્યો છે. તેણે ધનુર્વેદ એટલે 'યુદ્ધશાસ્ત્ર' એવો અર્થ ઘટાવ્યો છે.[૫૪]

આમ, યજુર્વેદસંહિતા વિષયક અનેક ઉલ્લેખો પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે. પુરાણોમાં એવાં અનેક સ્થળો પ્રાપ્ત થાય છે, જ્યાં કર્મકાંડીય કે યજ્ઞક્રિયાના વિવરણમાં યજુર્વેદનો સંદર્ભ આપવામાં આવેલો છે.

### (૩) સામવેદસંહિતાઃ

સામવેદસંહિતા મુખ્યત્વે 'ગાન' સાથે સંબદ્ધ છે. પુરાણોમાં સામવેદના ગાયકો–સામવેદીઓ માટે ‘छन्दोग’ શબ્દનો પ્રચુર માત્રામાં પ્રયોગ થયેલો જોવા મળે છે (ભવિષ્યપુરાણ, બ્રાહ્મપર્વ, ૧૮/૧૨; વરાહપુરાણ, ૩૯/૫૨; બ્રહ્માંણપુરાણ, ૨/૧૯/૨૪). ક્યાંક એ જ અર્થમાં ‘सामग’ શબ્દ પણ મળે છે.(ગરુડપુરાણ, ૩૦/૪૩) વેદાંતકલ્પતરુકારના મતે ‘छन्दोग’ એક ઋષિનું નામ છે અને જેના દ્વારા આ સંહિતાનું અધ્યયન કરવામાં આવે છે, તેને ‘छान्दोग्य’ કહેવામાં આવે છે (૩/૩/૨). સામવેદસંહિતાને માટે પુરાણોમાં ‘छन्दोगसंहिता’ શબ્દનો પ્રયોગ પ્રાપ્ત થાય છે. જેમકે, –

‘साम्नां जैमिनये प्राह तथा छन्दोगसंहिताम् ।

अथर्वाङ्गिरसीं नाम स्वशिष्याय सुमन्तवे ।।'[५५]

સામવેદનો 'छन्दस्' પદ સાથે ઘનિષ્ઠ સંબંધ છે. તેથી જ સામવેદીઓ માટે 'छन्दोग' શબ્દ પ્રયોજયો છે. સામવેદી પૂર્વાચિકને छन्दः, छन्दसी અને छन्दसिका કહેવામાં આવે છે. વાયુપુરાણ ૩૧/૪૧ માં 'सोम ऋग्यजुः छन्दसात्मकः' કહેવામાં આવેલ છે, જયાં 'छन्दस्' શબ્દ સામ માટે ઉપયોગમાં લેવાયેલ છે. 'સોમ' શબ્દ દ્વિ–અર્થી છે, જેનો એક અર્થ 'ચંદ્ર' પણ થાય છે. મત્સ્યપુરાણ (૨૩/૧૪)માં ચંદ્રને વેદધામરસ કહ્યો છે–'वेदधामरसं चापि यदिदं चन्द्रमण्डलम्' અહીં 'વેદ' શબ્દનો સંકેત સામવેદ તરફ છે. માર્કણ્ડેયપુરાણ (૧૦૨/૪)માં 'आविर्भूतानि सामानि ततः छन्दांसि' દ્વારા સામને 'છંદ' કહેલ છે. શ્રીસામશ્રમીએ પણ સામગો માટે 'छन्दोग' શબ્દ પ્રયોજયો છે.[૫૬] ટીકાકાર નીલકંઠને પણ 'छन्दोग' અર્થ સ્વીકાર્ય છે.[૫૭]

પુરાણોમાં બ્રહ્માના ચર્તુમુખોથી ચાર વેદોની ઉત્પત્તિ વિશે વિસ્તૃત વિવરણ પ્રાપ્ત થાય છે આ વિવરણ દ્વારા જાણવા મળે છે કે, બ્રહ્માનાં પૂર્વ–પશ્ચિમ–ઉત્તર–દક્ષિણમુખોથી ક્રમશઃ ઋક્, સામ, અથર્વ અને યજુસ્નો અવિર્ભાવ થયો છે.[૫૮] બ્રહ્માના પશ્ચિમમુખથી સામવેદનો અવિર્ભાવ માનવામાં આવે છે. પુરાણોમાં વ્યાસો દ્વારા સામવેદની રચના કરવામાં આવી હોવાનો સ્વીકાર પણ જોવા મળે છે.[૫૯] સામવેદ સાથે ગૌતમના ઘનિષ્ટ સંબંધને સામવેદાનુયાયીઓ એ સ્વીકાર્યો છે (તંત્રવાર્ત્તિક ૧/૩/૧૧). સામવેદીય રાણાયનીય શાખાના વિભાગોમાં પણ ગૌતમનું નામ પ્રાપ્ત થાય છે. ચરણવ્યૂહસામવેદપ્રકરણ તો વળી, અન્ય સૂત્રગ્રંથોમાં પણ ગૌતમને સામવેદ સાથે યાદ કરે છે.[૬૦] ભવિષ્ય પુરાણના બ્રહ્મપર્વ(૨/૫૪)માં પણ સામવેદની સાથે ગૌતમના સંબંધને દર્શાવ્યો છે. આર્ષેયબ્રાહ્મણ(૧/૨)માં તો સામવેદના પ્રથમ સામગ તરીકે જ ગૌતમનો સ્વીકાર કરેલો છે.

શ્રીધરે વિષ્ણુપુરાણમાં સામવેદ માટે 'सामभिः गीतात्मकैः' કહ્યું છે. વિશેષતઃ 'गीतिषु सामाख्या' સૂત્ર મુજબ, ઋક્મંત્ર પરના ગીતને જ 'સામ' કહેવામાં આવે છે.[૬૧] વસ્તુતઃ આ માટે જ પ્રવૃત્ત સામવેદ/સામમંત્રોની ગાનસંહિતાઓને સામવેદ કહેવામાં આવે છે. આ સામયોનિમંત્રોનો જ સંગ્રહ છે. શાબરે તેથી જ 'प्रगीतं मन्त्रवाक्यं साम' એમ કહ્યું છે,[૬૨] પુરાણોમાં સામવેદ માટે 'वृत्ताढ्य, सर्वगेयपुरःसर, विश्वावसु' વગેરે ગંધર્વોથી સંભૃત પદ પ્રયોજાયેલ છે.[૬૩] (વાયુ. ૬૫/૨૬, બ્રહ્માંડ. ૨/૧/૨૫) અહીં સામવેદને 'वृत्ताढ्य' કહેવું એ માટે વિચારણીય છે કે, સામવેદને માટે 'छन्दोग' શબ્દ જાણિતો છે અને તે યજુર્વેદના વિશેષણ તરીકે યોજાય છે, તેથી

'वृत्त' नो 'सदाचार' अर्थ अहीं उचित जणातो नथी.

सामवेदने 'सव्रगेयपुरःसर' कहेवा पाछळनुं तात्पर्य 'गेयप्रधानतानो निर्देश' ज छे. सामवेदमां 'ग्रामगेयगान' अने 'अरण्यगेयगान' छे. तेमज 'अह-अह्यादिगान' ने पण गेय ज कह्युं छे. पुराणोमां सामवेद माटे 'गीतभूषणभूषित' विशेषण पण प्रयोजायुं छे, जे सामवेदना स्वरूपनो ज निर्देश करे छे.[६४] सामश्रमीए 'गेय' शब्दने घणो ज महत्त्यवनो कह्यो छे. सामवेद सायणभाष्यभूमिकामां तेणे कह्युं छे के,—

''सामों की योनिभूत ऋचाएँ छन्द-आर्चिक में पठित है । साम नामक उनके गान 'योनिगान' कहलाते हैं, जिनको 'वेदसाम', 'वेधसाम', 'गेयगान' भी कहा जाता है । प्रचलित 'वेयगान' शब्द गेयगान शब्द का अपभ्रंश प्रतीत होता है । कुछ हस्तलिखित पुस्तकों में 'गेयगान' शब्द लिखित भी मिलता है, और कुछ में 'वेयगान' शब्द । आजकल 'वेय' शब्द अधिक प्रचलित है ।''[६५]

બ્રહ્માંડપુરાણ(૨/૬/૩૮—૩૯)માં ગંધર્વો માટે 'गायनोत्तम' વિશેષણ વપરાયું છે. ગાનવિદ્યા સાથે ગંધર્વનો ઘનિષ્ઠ સંબંધ છે. આ કારણે જ વિશ્વાવસુ વગેરે ગંધર્વો દ્વારા સામવેદ સંભૃત છે, એમ કહ્યું છે. પુરાણોમાં શ્રેષ્ઠ બાર ગાયકોમાં વિશ્વાવસુનું નામ મળે છે.[૬૫] વિષ્ણુપુરાણ(૧/૯/૧૦૦)માં પણ વિશ્વાવસુને પ્રમુખ ગંધર્વ તરીકે ઓળખાવેલ છે.

પુરાણોમાં સામવેદને 'શ્રેષ્ઠવેદ' કહેવામાં આવેલ છે.[૬૬] શ્રીમદ્‌ભગવત—ગીતા(૧૦/૨૨)માં શ્રીકૃષ્ણે "વેદોમાં હું સામ છું" એમ કહ્યું છે. મહાભારતના અનુશાસનપર્વ(૧૪/૩૧૭)માં પણ 'वेदानां सामवेदश्च' કહ્યું છે. વૈદિકસાહિત્યમાં પણ 'सर्वेषां वा वेदानां रसो यत् साम' કહી, સામની મહત્તા દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.[૬૭]

પુરાણોમાં સામવેદનો બ્રહ્મ સાથે નિકટતમ સંબંધ ગણાવ્યો છે. જેમકે— 'सामानि जो वेद स वेद ब्रह्म'[૬૮] અહીં બ્રહ્મ—પ્રાપ્તિનો સંબંધ સામવેદ સાથે માનવાથી સામવેદની શ્રેષ્ઠતા સિદ્ધ થાય છે, જે સામવેદ અને બ્રહ્મના પ્રાપક—પ્રાપ્ય સંબંધને જ સિદ્ધ કરે છે. બૃહદ્દેવતા(૮/૧૩૦) માં 'सामानि यो वेद स वेद तत्त्वम्' કહ્યું છે. અહીં પુરાણકારે 'તત્ત્યવ' શબ્દનું સ્પષ્ટીકરણ 'બ્રહ્મપદ' જ કર્યું છે.

અન્ય પુરાણોએ ઉદ્‌ગાતાકર્મને સામવેદનો પ્રધાન વિષય કહ્યો છે.[૬૯] સામવેદીય લાટ્યાયનશ્રોતસૂત્ર(૪/૧૦)માં 'उद्गाता सामवेदेन' સૂત્ર છે, જે આ વિષયને જ સ્પષ્ટ કરે છે. તો વળી, ઐતરેયબ્રાહ્મણ(૫/૩૩)માં 'साम्ना उद्गीथम्' કહીને,

આનું મૂળ જ દર્શાવ્યું છે. શ્રીમદ્‌ભાગવતપુરાણ (૬/૮/૨૯)માં ગરુડના વિશેષણમાં ‘स्तोत्रस्तोभः छन्दोमयः’ કહ્યું છે. અહીં સ્તોત્રસ્તોભનો અર્થ 'રથંતરાદિ સામોથીસ્તુત' થતો હોવાનો નિર્દેશ છે. તો વળી વરાહપુરાણ(૧૧૩/૫૨)માં સામવેદને 'મહાવ્રત' કહેલ છે– ‘वेदानां सामवेदोऽस्मि साङ्गोपाङ्गो महाव्रतः ।’ જેમાં સામવેદી સ્તોત્રવિશેષ દર્શાવી તેનો મહિમા વર્ણવ્યો છે. ઘણાં પુરાણોમાં સૃષ્ટિપ્રસંગમાં સામની સાથે જગતીછંદ, સપ્તદશ સ્તોમ, વૈરુપ્યસામ અને અતિરાત્રના સંબંધને દર્શાવ્યો છે.[૭૦]

શ્રીમદ્‌ભાગવતપુરાણ(૩/૧૨/૩૮) તથા દેવીપુરાણ (૧૦૭/૪૬)માં ગંધર્વવેદને સામવેદનો ઉપવેદ કહ્યો છે. મહિદાસે ગંધર્વવેદનો અર્થ સંગીતશાસ્ત્ર દર્શાવ્યો છે.[૭૧] ભરતમુનિએ સામવેદને ગીતનું મૂળ કહેલ છે.[૭૨] બૃહસ્પતિએ સામવેદની મહત્તા દર્શાવવા જ– ‘यद्यैकं भोजयेत् श्राद्धे छन्दोगं तत्र भेजयेत् । ऋचोयजूंषि सामानि त्रयं तत्र तु विद्यते ।’ કહ્યું છે.[૭૩]

## (૪) અથર્વવેદસંહિતા :

પુરાણોમાં અથર્વવેદને માટે ‘अथर्वन्’ પુલિંગ શબ્દનો પ્રયોગ જોવા મળે છે, જેમકે, ‘अथर्वा च नवश्यामः’, ‘अथर्वाणमपि पठन्ति’[૭૪]વગેરે. અથર્વવેદજ્ઞ માટે ‘आथर्वण्’ શબ્દ પણ પુરાણોમા પ્રયોજાયેલ જોવા મળે છે.[૭૫] તો ઘણાં પુરાણોમાં ‘अथर्वन्’ શબ્દ નકારવાચક દર્શાવ્યો છે. જેમકે,– ‘आथर्वणमन्त्र’, ‘आथर्वणविधिः’, ‘आथर्वणी श्रुतिः’ વગેરેમાં નકારવાચક પ્રયોગ છે.[૭૬] આચાર્ય હરદત્તે આપસ્તંબ પરની પોતાની 'ઉજ્જવલા' નામની ટીકામાં ‘अण्’ પ્રત્યય સાથે ‘आथर्वण’ શબ્દનો પ્રયોગ કર્યો છે– ‘अथर्वणा प्रोकतमधीयते ये ते आथर्वणिकस्येकलोपश्च आथर्वणः ।’ વૈદ્યનાથ પાયગુંડેએ છાયાટીકા (પૃ.૬૫)માં ‘आथर्वण’ ને આ રીતે સમજાવ્યો છેઃ ‘अथर्वणा ऋषिणा प्रोक्तो वेद आथर्वणः । अन्निति प्रकृतिभावः । तमधीयते आथर्वणिकाः । वसन्तादित्वात् ढक् तेषामाम्नाय आथर्वणः, आथर्वणि कस्येत्यण् इकलोपश्चेत्यर्थः ।’ આ રીતે તે અથર્વા ઋષિ દ્વારા કહેવાયેલ વેદ હોવાથી 'આથર્વણ' તરીકે પ્રસિદ્ધ છે. આ વેદના અધ્યેતા આથર્વણિક છે અને આથર્વણિકોના આમ્નાયને 'આથર્વણ' કહેવામાં આવે છે. શંકરાચાર્યે છાંદોગ્યોપનિષદભાષ્યમાં ‘अथर्वन्’ (અથર્વા)ને એક ઋષિનામ તરીકે જ સ્વીકાર્યું છે.[૭૮] તૈત્તિરીયોપનિષદભાષ્ય (૮/૨)માં સાયણે પણ અથર્વાઋષિનો ઉલ્લેખ કર્યો છે. કુમારિલ ભટ્ટના મત મુજબ, અથર્વા દ્વારા સંકલિત થયેલ હોવાથી આ વેદનું નામ ‘अथर्वण’ કે ‘अथर्वा’ હોવું જ યોગ્ય છે.[૭૯]

પુરાણોમાં અથર્વવેદ માટે અકારાન્ત 'अथर्वः' શબ્દ પણ પ્રયોજાયેલ છે.[80] નારાયણે મુંડકોપનિષદશાંકરભાષ્ય પરની પોતાની ટીકામાં 'अथर्व' શબ્દનો પ્રયોગ કર્યો છે– 'अथर्वशब्दोऽकारान्तो नान्तश्च ।'[81] પદ્મપુરાણ(૫/૩૧/૪૬)માં અકારાન્ત 'અથર્વ' નો પ્રયોગ છે. વિષ્ણુપુરાણ (૫/૧/૩૬) માં પણ નાન્ત નપુંસક 'अथर्वन्' શબ્દનો પ્રયોગ છે– 'ऋग्वेदस्त्वं यजुर्वेदस्सामवेदस्त्वथर्वणः ।' અન્યપુરાણોમાં આવો પ્રયોગ પ્રાપ્ત થતો નથી. પુરાણોમાં અથર્વવેદી ઋત્વિજ માટે 'अथर्वा' શબ્દ પ્રયોજાયો છે.[82] ગરુડપુરાણ(૧/૪૮/૫૩)માં 'अथर्व चोत्तरेऽजपत्' પાઠ મળે છે તો અગ્નિપુરાણમાં 'अथर्वा' છે.

પુરાણોમાં અથર્વવેદ માટે ઘણા પર્યાયવાચી શબ્દો પ્રયોજાયેલ જોવા મળે છે. જેમકે, સ્કંદપુરાણમાં અથર્વવેદ માટે 'चतुर्थवेद' શબ્દપ્રયોગ થયો છે.[83] અગ્નિપુરાણ(૨૭૧/૮)માં 'क' પ્રત્યયથી નિષ્પન્ન થયેલ 'अथर्वक' શબ્દ કહ્યો છે. અથર્વવેદ માટે પુરાણોમાં 'ब्रह्मवेद' શબ્દનો પ્રયોગ પણ થયો છે.[84] મુંડકોપનિષદની દીપિકા ટીકામાં પણ 'ब्रह्मवेद' શબ્દ પ્રયોજાયેલ છે.[85] ગોપથબ્રહ્મણ(૧/૨/૧૬)માં પણ 'ब्रह्मवेद' શબ્દપ્રયોગ થયો છે. કુમારિલભટ્ટના મતે બ્રહ્મા દ્વારા ઉત્પન્ન થવાના લીધે, આ વેદને માટે 'ब्रह्मवेद' શબ્દનો પ્રયોગ કરવો યોગ્ય જ છે[86]

પુરાણોમાં અથર્વવેદથી 'બ્રહ્મત્વ–સંપાદન' કરવાનો ઉલ્લેખ મળે છે.[87] વાયુપુરાણ(૬૦/૧૮)માં પણ 'ब्रह्मत्वमकरोत् यज्ञे देवेनाथर्वणेन तु' એમ કહ્યું છે. શ્રીમદ્ભાગવતપુરાણ(૩/૧૨/૩૭)માં અથર્વવેદીય પ્રાયશ્ચિત વિષે પણ કહ્યું છે. શ્રીધરના મતે આ પ્રાયશ્ચિતકર્મ 'બ્રહ્મા' નામના પુરોહિત દ્વારા કરવામાં આવે છે.[88] પુરાણોમાં બ્રહ્મવેદ(અથર્વવેદ)ને માટે 'घोर कृत्याविधि'થી યુકત અને પ્રત્યંગિરસ–યોગથી 'द्विशरीरशिराः' એમ કહ્યું છે.[89] આ વિવરણ અથર્વવેદના સ્વરૂપનો નિર્દેશ કરે છે. અથર્વવેદમાં ઘોર કૃત્યાવિધિ હોવાથી, શ્રીધરે અથર્વવકતા સુમંતુ માટે 'दारुण' વિશેષણ પ્રયોજયું છે.[90]

અથર્વવેદ માટે 'અથર્વાંગિરસ' શબ્દનો પ્રયોગ પણ પ્રાપ્ત થાય છે.[91] યાજ્ઞવલ્કયસ્મૃતિ(૧/૪૪)માં પણ 'અથર્વાંગિરસ' શબ્દને અથર્વવેદ માટે પ્રયોજયો છે. ગરુડપુરાણ (૧/૨૦૫/૪૧)માં અથર્વવેદ માટે અકારાન્ત 'અથર્વાંગિરસ' શબ્દ પણ જોવા મળે છે. અકારાન્ત પાઠ હોવાથી અથર્વવેદનો અર્થ 'અથર્વાંગિરસથી યુકત' કે 'અથર્વવેદાંતનું સૂકત' એમ થાય છે. જો સકારાન્ત પાઠ હોય તો તેનો અર્થ 'વેદનામવિશેષ' કે 'મંત્રપ્રકારવિશેષ' એમ કહી શકાય. સ્કંદપુરાણમાં પણ 'अथर्ववेदे

तच्चोक्त कर्म चैवाभिचारिकम्' કહેવામાં આવ્યું છે, જેમાં અંગિરસ માટે 'અભિચાર' શબ્દ પ્રાપ્ત થાય છે. માર્કંડેયપુરાણ(૧૦૨/૫)માં અથર્વને 'घोरस्वरूप' અને 'अभिचारक' કહ્યું છે. અભિચારકૃત્યાદિના વિષયમાં અન્ય પુરાણોમાંથી પણ ઉદાહરણ મળે છે.[૯૨] હરિવંશપુરાણ પરની ટીકામાં નીલકંઠે અથર્વવેદીય પ્રત્યાંગિરસમંત્રો (જે અંગિરસ વિરોધી છે)ને શાન્તિપરક કહ્યા છે.[૯૩]

અથર્વવેદ માટે અથર્વાંગિરસ શબ્દ શા માટે પ્રયોજાય છે, તે વિચારણીય છે. પુરાણોની આ અંગેની કેટલીક ઉકિતઓ દ્વારા 'અથર્વા' અને 'અંગિરસ' એ બંને ઋષિઓનાં નામ સિદ્ધ થાય છે. જેમકે, અંગિરસ માટે 'अथर्ववेदानां अङ्गिरसां च' કહ્યું છે.[૯૪] તો લિંગપુરાણ(૨/૧૭/૧૬)માં 'अथर्वणः.......चाङ्गिरसामन्त्रः' કહ્યું છે. આચાર્ય શંકરે 'अथर्वाङ्गिरसः' ની વ્યાખ્યામાં 'अथर्वणा अङ्गिरसा च दृष्टा मन्त्रा अथर्वाङ्गिरसः' કહ્યું છે.[૯૫] નારદીયપુરાણ(૧/૫૧/૭)માં 'આંગિરસ સંકલ્પ'માં ષટ્કર્મ વિશે કહ્યું છેઃ

'आङ्गिरसे कल्पे षट्कर्माणि सविस्तरम् ।
अभिचारविधानेन निर्दिष्टानि स्वयम्भुवा ।।'

મત્સ્યપુરાણ(૫૧/૧૦)માં અથર્વા અને અંગિરસ વિશે કહ્યું છે કે, 'भृगोः प्रजायताथर्वा अङ्गिराथर्वणः स्मृतः ।' ડૉ. સુકથનકરના મતે 'भृगु-अथर्वन्-अङ्गिरस' એ પિતા–પુત્રનો ક્રમિક સંબંધ છે. ભૃગુઓ અને અંગિરસોનું ઘનિષ્ટ સાનિધ્ય મહાભારતની કથાઓ અને વંશાવલીઓમાં છે. તૈત્તિરીયબ્રાહ્મણ, ૩/૧૨/૯/૧માં 'अथर्वणामङ्गिरसां प्रतीचि' કહીને બંનેના મિત્રસ્વરૂપને દર્શાવેલ છે. કોઈ સમયે અથર્વકૃતભાગ અને અંગિરાકૃતભાગ જુદા–જુદા હતા. આ દષ્ટિએ ગોપથબ્રાહ્મણ (૧/૧/૫ તથા ૧/૧/૮)માં એક જ પ્રકરણમાં 'आथर्वणः वेदोऽभवत्' અને 'आङ्गिरसो वेदोऽभवत्' વાકય મળે છે. આ બંને ઋષિઓ દ્વારા દષ્ટ ચતુર્થવેદગતમંત્ર અથર્વાંગિરસ તરીકે ઓળખાય છે. શતપથબ્રહ્મણ(૧૧/૪/૩/૨)માં અથર્વવેદ અને અંગિરસવેદનો જુદો–જુદો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

મહાભારતના ઉદ્યોગપર્વ(૧૮/૪–૮)માં કહ્યું છે કે, અંગિરસે અથર્વવેદમંત્રથી ઈન્દ્રની પૂજા કરી અને ત્યારબાદ, ઈન્દ્રદત્તવરના કારણે, અથર્વવેદ અથર્વાંગિરસના નામથી પ્રસિદ્ધ થયો છે. આના પરથી, શાન્તિપુષ્ટિકારક અથર્વવેદની સાથે અંગિરા દ્વારા ઉકત અભિચારભાગ પછીથી જોડાયો હશે, તેવું અનુમાન કરી શકાય છે.

શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૫૩)માં આંગિરસી સંહિતાનો ઉલ્લેખ

મળે છે. મનુસ્મૃતિ(૧૧/૩૩)માં પણ 'अथर्वाङ्गिरसी श्रुतिः' શબ્દ મળે છે, જે 'અથર્વવેદગત આંગિરસી શ્રુતિ' ના અર્થમાં પ્રયોજાયેલ છે. ભવિષ્યપુરાણ (બ્રહ્મખંડ, ૨/૫૨–૫૫)માં અથર્વવેદની ઉત્પત્તિમાં શૌનકના નામનો ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે.

અથર્વવેદના પાંચ કલ્પોનો ઉલ્લેખ પુરાણોમાં છે. નક્ષત્રકલ્પ (નક્ષત્રાદિપૂજાવિધિ), વેદકલ્પ (વૈતાનિકબ્રહ્મત્વાદિવિધિ), સંહિતાકલ્પ (સંહિતાદિવિધિ), અંગિરસકલ્પ(અભિચારાદિવિધિ) અને શાંતિકલ્પ (અશ્વગજાદિ અષ્ટાદશ મહાશાંતિવિધિ) વગેરે કલ્પોનું વિવરણ છે.[૯૬] નારદીયપુરાણ (૧/૫૧/૨–૭)માં આ કલ્પોનાં નામ અને પરિચય વિશદરૂપે મળે છેઃ નક્ષત્રકલ્પ (નક્ષત્રાધીશ્વરાખ્યાન), વિધાનકલ્પ(મંત્ર–ઋષિ–છંદ–દેવતાનો નિર્દેશ) અંગિરસકલ્પ (અભિચાર–વિધાનથી છ કર્મોનો નિર્દેશ–મારણ, મોહન, ઉચ્ચાટન, વિદ્વેષણ, સ્તંભન અને વશીકરણ) તથા શાંતિકલ્પ (દિવ્ય–ભૌમ–અંતરિક્ષોત્પાતશાન્તિ)

વાયુ–બ્રહ્માંડ–વિષ્ણુ આ ત્રણેય પુરાણોમાં અથર્વવેદના પ્રસંગે કલ્પોના વિષયમાં ઉલ્લેખો મળે છે. મેધાતિથિએ સ્પષ્ટ જ કહ્યું છે કે, અથર્વવેદમાં અભિચાર વિશે વિસ્તૃત અને અન્ય વેદોમાં અભિચાર વિશે ટૂંકમાં ઉલ્લેખો મળે છે.[૯૭] સ્કંદપુરાણ(નાગરખંડ, ૧૬૮/૩૬)માં સામવેદોક્ત 'શત્રુવધકારકમંત્રવિધિ'નો ઉલ્લેખ મળે છે. ભાગવતપુરાણ(૧૨/૭/૪)માં નક્ષત્રકલ્પ, શાંતિકલ્પ વગેરે આથર્વણ આચાર્યોનાં નામો કહ્યાં છે. શ્રીધરની ભાગવતપુરાણ (૧૨/૭/૪) પરની ટીકામાં સ્પષ્ટ જ કહ્યું છેઃ 'नक्षत्रकल्पादीनां कर्तारः तत्तन्नामभिरुच्यते ।' શાબરભાષ્ય (૧/૧/૫)માં પાંચ કલ્પો વિષયક ઉલ્લેખ મળે છે. શંકરાચાર્યે પણ શારીરકભાષ્ય(૩/૩/૫૩)માં આ મતનો ઉપન્યાસ કર્યો છે. સાયણે પાંચ કલ્પોના વિષયમાં 'नक्षत्रकल्पौ वैतानः' નો એક વિશેષ મંત્ર અથર્વવેદભાષ્યભૂમિકા(પૃ.૧૩૮)માંથી ઉદ્ધૃત કર્યો છે.

દેવીપુરાણ(૧૦૭/૪૬)માં અથર્વવેદના ઉપવેદ તરીકે 'અર્થશાસ્ત્ર'ને ગણવામાં આવ્યું છે. ચરણવ્યુહ(પૃ.૪૭)માં પણ અથર્વવેદના ઉપવેદ તરીકે 'અર્થશાસ્ત્ર'નો ઉલ્લેખ છે. અર્થશાસ્ત્ર(પૃ.૬૭)માં નીતિ, શિલ્પ તથા શસ્ત્રવિદ્યાનો અંતર્ભાવ છે. શ્રીમદ્ભાગવતપુરાણ(૩/૧૨/૩૮) સ્થાપત્યને અથર્વવેદનો ઉપવેદ કહે છે. સુશ્રુતસંહિતા (સૂત્રસ્થાન, ૧/૬) આયુર્વેદને અથર્વવેદના ઉપવેદ તરીકે ગણાવે છે. ગોપથબ્રાહ્મણ (૧/૩/૪/)માં 'योऽथर्वाणः तद्भैषजम्' કહીને અથર્વવેદને ચિકિત્સાવિદ્યાનું મૂળ કહ્યું છે. અથર્વવેદમાં અનેક ભૈષજ્યસૂક્ત છે તથા રોગનાશાર્થ અનેક ઉપાય પણ કહેવામાં આવ્યા છે. આ રીતે અથર્વવેદના ઉપવેદ તરીકે આયુર્વેદને ઓળખી શકાય છે.

## (બ) વેદોની શાખા–પ્રશાખાઓ

સામાન્ય રીતે પુરાણોમાં વેદનું બે પ્રકારે વિભાજન વર્ણવવામાં આવ્યું છે. (૧) એક જ વેદના ચાર વિભાગ અને (૨) પ્રત્યેક વેદનું શાખા વિભાજન. વેદનું ચાર વિભાગોમાં વિભાજન યાજ્ઞિક ક્રિયાઓને આધારે જ, યોગ્ય ક્રમ મુજબ થયું છે. એ યજ્ઞમાં ઋત્વિજોના કર્મનો યોગ્ય નિર્દેશ કરે છે. તો શ્રીમદ્‌ભાગવતપુરાણ શાખા–વિભાજનનું એક કારણ, પુરુષોની આયુની ક્ષીણતા (क्षीणायुष्ट्व) અને બુદ્ધિની અલ્પતા (अल्पमेधस्त्व)ને કહે છે.[૯૮] એક અનુમાન એવું પણ કરી શકાય કે, દેશકાળભેદને લીધે યાજ્ઞિક પ્રયોગો અને ઉચ્ચારણાદિમાં પરિવર્તન થયું હશે.

પુરાણોમાં શાખાઓનું પ્રણયન દ્વાપરયુગમાં દર્શાવ્યું છે. જેમકે, 'વાયુપુરાણ ૫૮/૧૦–૧૮, લિંગ. ૧/૩૯/૫૫–૬૧, કૂર્મ. ૧/૨૯/૪૩–૪૭ તથા મત્સ્ય. ૧૪૪/૯–૧૭ વગેરે એ વિવરણ દ્વારા શાખા–નિર્માણ પર યોગ્ય પ્રકાશ પડે છે. ઉપરોકત શ્લોકો પરથી કહી શકાય કે દષ્ટિવિભ્રમના કારણે ઋષિપુત્રોએ તેનું ક્રમમાં પરિવર્તન વગેરે કરીને વેદોનું વિભાજન કર્યું છે. પરિણામ સ્વરૂપે સ્વર અને વર્ણના પ્રયોગમાં પણ પરિવર્તન થઈ ગયેલ છે. શ્રુતર્ષિઓએ ઋક્, યજુષ, સામની સંહિતાઓને પુનઃ ગ્રથિત કરી, જેથી સંહિતાઓમાં ઘણાં સ્થળોએ સામ્યતા અને ઘણા સ્થળોએ વૈષમ્ય જોવા મળે છે. વેદોમાં શાખા–પ્રશાખાઓની ઉત્પત્તિ પણ આ કારણે જ થઈ છે.

પુરાણોના અધ્યયનથી જાણવા મળે છે કે, શાખાઓનું પ્રવચન વેદ વ્યાસે જ કર્યું છે. પુરાણોએ વ્યાસને જ શાખા–કર્તા તરીકે સ્વીકાર્યા છે.[૯૯] વિષ્ણુપુરાણે વેદ વિભાજક અને શાખા વિભાજક તરીકે વ્યાસને દર્શાવ્યા છે. જેમકે,–

'वेदमेकं चतुर्भेदं कृत्वा शाखाशतैर्विभुः ।
करोति बहुलं भूयो वेदव्यासस्वरूपधृक् ।।' विष्णुपुराण, ३/२/५६

વિષ્ણુપુરાણના આ મત પ્રમાણે, વ્યાસને શાખાપદ્ધતિના આરંભક ગણાવી, તેની શિષ્યપરંપરામાં પ્રશાખાઓના વિકાસને ગણાવી શકાય. અન્ય પુરાણોએ પણ વેદોના પ્રશાખા–પ્રસારક અને પ્રચારક તરીકે વ્યાસશિષ્યોને જ ગણાવ્યા છે.[૧૦૦] શ્રીમદ્‌ભાગવતપુરાણ(૧/૪/૨૩)માં પણ શિષ્યો–પ્રશિષ્યો દ્વારા પ્રશાખાનો વિકાસ થયો હોવાનું નોંધેલ છેઃ –

'त एत ऋषयो वेदं स्वं स्वं व्यस्पन्ननेकधा ।
शिष्यैः प्रशिष्यैस्तच्छिष्यैर्वेदास्ते शाखिनोऽभवन् ।।'

અહીં વ્યાસપરંપરાગત શિષ્યોનો નિર્દેશ થયેલ છે. પુરાણોમાં શાખાકારોની બહુલતા વિશે પણ કહેવામાં આવ્યું છે, જેથી 'कर्तारश्चैव शाखानाम्' વાકય ઘણાં પુરાણોમાં મળે છે.[૧૦૧]

પુરાણોએ વેદવિકાસ અને શાખાવિકાસના ક્રમ–નિર્દેશને લાંબા સમયથી સાચવી રાખેલ છે. પુરાણોમાં શાખા–વિભાજનનું જે વિવરણ મળે છે, તે વૈવસ્વત મન્વન્તરના વ્યાસ દ્વારા થયેલ છે. પુરાણોએ એ પહેલાં પણ વેદ વિભાજન થયાનો નિર્દેશ કર્યો છે.[૧૦૨]

પુરાણોના અધ્યયન દ્વારા શાખાપ્રણયનનાં થોડાં તારણો ઉલ્લેખનીય બને છેઃ

(૧) પુરાણો મુજબ સ્વયંભુવમન્વન્તરના દ્વાપરમાં પ્રથમવાર વેદનું વિભાજન કાર્ય મનુ દ્વારા કરવામાં આવ્યું હતું. મનુએ બ્રહ્માના આદેશથી વેદવિભાજન કર્યું હતું. ઉપરાંત, જુદાં–જુદાં મન્વન્તરોમાં જુદા–જુદા વ્યાસો દ્વારા વ્યાસ થતો રહયો હતો.

(૨) વિષ્ણુપુરાણ (૩/૪/૪) અને વાયુપુરાણ (૬૦/૮–૧૦)માં કહેવાયું છે કે, સૌ પ્રથમવાર થયેલ શાખાપ્રણયનની ચોકકસ માહિતી પ્રાપ્ત થતી નથી. વર્તમાન સમયમાં વેદવિભાજનને જોઈને માત્ર અનુમાન કરી શકાય છે. ફલતઃ એમ ચોકકસ નિર્ણય કરી શકાય કે, જુદા–જુદા સમયે થયેલું વેદવિભાજન એક સમાન ન હતું. પ્રત્યેક શાસ્ત્રમાં જે આવાગમન થાય છે, તેવી રીતે અહીં પરિવર્તન થઈ ગયું છે. પ્રાચીન સ્મૃતિઓ(મનુ વગેરે)માં જે વિષય ન હતો, તે અર્વાચીન સ્મૃતિઓમાં પ્રાપ્ત થાય છે. જેમકે વ્રત–તીર્થ વગેરેનું વર્ણન પ્રાપ્ય છે, એ રીતે પુરાણોમાં પણ કલ્પી શકાય છે.

(૩)પુરાણોમાં– 'सर्वमन्वन्तरेष्वेव शाखाभेदाः समाः स्मृताः ।' કહીને બધાં જ મન્વન્તરોમાં સમાન શાખાભેદો દર્શાવ્યા છે. વિષ્ણુપુરાણ(૩/૬/૩૨), બ્રહ્માંડપુરાણ(૧/૩૫/૮૪) અને વાયુપુરાણ(૬૧/૭૪)માં સમાન શાખાભેદનો સ્વીકાર કર્યો છે. અહીં 'સમાન' શબ્દનો અર્થ 'સરખાપણું' ન થતાં 'યાજ્ઞિકક્રિયાઓનું યોગ્ય નિષ્પાદન' એવો લઈ શકાય છે. સમાન શાખાભેદોમાં યજ્ઞને કેન્દ્રસ્થાને રાખીને વિભાજન કર્યું છે અને એ રીતે, પુરાણોએ શાખાપ્રણયનની અચોકકસતાને નિવારવાનો પ્રયત્ન કર્યો છે.

### ❖ વેદશાખા–પ્રશાખાઓનું સ્વરૂપ : [૧૦૨–ક]

પુરાણોએ વેદશાખાના ચોકકસ સ્વરૂપ વિશે કશું કહ્યું નથી, પરંતુ એવી અચોકકસતા પણ નથી કરી, જેના દ્વારા તેના સ્વરૂપની કલ્પના ન થઈ શકે. આ સંદર્ભે પુરાણોના થોડા સંદર્ભો ઉલ્લેખનીય છેઃ

**(૧)** વાયુપુરાણ(અ.૬૧) અને બ્રહ્માંડપુરાણ(અ.૧/૩૫)માં રામહર્ષિણિકાની પુરાણસંહિતાને આધારરૂપ બનાવી, અકૃતવ્રણ (કાશ્યપ) વગેરેએ અને તેઓના શિષ્યોએ જે–જે સંહિતાઓ રચી, તેમાં ઘણી સમાનતા હોવાનું કહ્યું છે. ત્યાં 'सर्वास्ता हि चतुष्पादाः सर्वाश्चैकार्थवाचिका पाठान्तरे पृथग्भूता वेदशाखा यथातथा ।' એ ઉપમા દ્વારા કોઈ એક વેદશાખામાં વિષયોની એકતાની શબ્દ–ક્રમ અને સ્વર–વર્ણ–પદાદિમાં પાઠાન્તર રહેવાનું કહ્યું છે. 'पाठान्तरे पृथग्भूता' કહેવાનું તાત્પર્ય એ છે કે, પાઠ–ભેદ હોવા છતાં તેના અર્થમાં વિરોધ હોતો નથી. વર્તમાન સમયમાં પ્રાપ્ત થતી શાખાઓને આ લક્ષણ ચોકકસ લાગુ પડે છે.

**(૨)** પુરાણોમાં શાખાઓના વિવરણમાં 'શાખા' માટે 'તરુશાખા' ઉપમા પ્રયોજાયેલ જોવા મળે છે.[૧૦૩] જેના દ્વારા પ્રતીત થાય છે કે, મૂળસંહિતાના આશ્રયે અન્ય સંહિતાઓનું પ્રણયન કરવામાં આવ્યું છે, જે આશ્રયરૂપ સંહિતાને અનુરૂપ છે. શાખાઓમાં પણ આવો આશ્રય–આશ્રયીભાવ જોવા મળે છે.

**(૩)** પુરાણોમાં શાખા માટે 'વિકલ્પ' શબ્દનો પ્રયોગ પણ જોવા મળે છે. વાયુપુરાણ (૫૮/૧૭ તથા ૬૧/૨૫), મત્સ્યપુરાણ(૧૪૪/૧૬), બ્રહ્માંડપુરાણ (૧/૩૫/૮૪), વિષ્ણુપુરાણ (૩/૬/૧૫) વગેરે સ્થળોએ આ શબ્દનો પ્રયોગ થયેલ છે. અહીં ઐકય દર્શાવવા 'વિકલ્પ' શબ્દનો પ્રયોગ થયો છે, જે પ્રત્યેક શાખાઓમાં સમાનતા અને પ્રત્યેક શાખામાં નિયત સંપ્રદાયનો નિર્દેશ કરે છે. આ 'વિકલ્પ' શબ્દથી સંબંધિત એક વિધાન પુરાણોમાં મળે છેઃ –

'प्रजापत्याश्रुतिर्नित्या तद्विकल्पास्त्विमे स्मृताः ।'[૧૦૪]

વેદનું 'સ્વાધ્યાય' નામ આ સિદ્ધાંતને જ અનુસરે છે. સંસ્કારપ્રકાશ 'સ્વાધ્યાય' શબ્દને આ પ્રમાણે સમજાવે છેઃ 'अधीयत इत्यध्यायो वेदः स्वस्वाध्यायः । स्वाध्यायः स्वपरम्परागता शाखेत्यर्थः ।'[૧૦૫] કુલ્લક નામના વિદ્વાન પણ મનુસ્મૃતિ (૩/૨) પરની વ્યાખ્યામાં 'વેદ' શબ્દનો અર્થ 'શાખા' સ્વીકારે છે. વેદશાખાઓના વિષયને વિષ્ણુપુરાણ(૩/૪–૬ અ.), વાયુપુરાણ(૧/૬૯–૬૧ અ.), બ્રહ્માંડપુરાણ (૧/૩૪–૩૫ અ.) વગેરેમાં વર્ણવ્યો છે. શ્રીમદ્દ્ભાગવતપુરાણ(૧૨/૬–૭ અ.)માં પણ આ વિષયક વિવરણ પ્રાપ્ત થાય છે.[૧૦૬] તો અગ્નિપુરાણમાં, અધ્યાય–૨૭૧માં આ વિવરણ મળે છે. જો કે, શ્રીમદ્દ્ભાગવતપુરાણ તથા અગ્નિપુરાણનું આ વિવરણ પ્રમાણમાં અર્વાચીન જણાય છે. દાન, તીર્થયાત્રા, પૂજાવિધિ, વર્ણાશ્રમધર્મ જેવા પૌરાણિક વિષયો સાથે આ વિષયનો સંબંધ નથી, પંચલક્ષણ સાથે પણ આ વિષયનો

સંબંધ નથી, તેથી કહી શકાય કે, સંભવતઃ જે—તે શાખાઓના વૈદિકબ્રાહ્મણોએ આ વિષયો પુરાણમાં જોડી દીધા હશે.

પુરાણોમાં શાખાપાઠ ઘણા અપભ્રંશ થઈ ગયા છે, તેથી જ પુરાણોકત અનેક શાખાનામો અન્ય ગ્રંથોમાં પ્રાપ્ત થતા નથી. શાખાવિવરણમાં શાખાઓની ગણના, શાખાનામ, શાખાઓનાકર્તા, શાખા—નામ હેતુ વગેરે વિષયો પુરાણોમાં છે.[૧૦૭] દેવીપુરાણના અધ્યાય—૧૦૭ની પુષ્પિકામાં 'ચરણવ્યૂહશાખા' નું વિવરણ આપેલ છે.[૧૦૮]

પુરાણોનાં શાખાવિવરણોમાં 'શાખા' શબ્દના પર્યાય તરીકે અન્ય શબ્દોનો પ્રયોગ પણ જોવા મળે છે, જે આ પ્રમાણે છેઃ

**(૧) ચરણ :—**

વિષ્ણુપુરાણ (૩/૧૧/૬૧)માં શાખાના પર્યાય તરીકે 'ચરણ' શબ્દ પ્રયોજાયેલ છે. શ્રીધર પોતાની ટીકામાં જેનો અર્થ 'વેદની અવાંતર શાખા' કરે છે, તો આપસ્તમ્બધર્મસૂત્ર ટીકાકાર આ 'ચરણ' શબ્દનો અર્થ 'चरणशब्दः शाखाध्यायिषु रूढः ।' એમ 'શાખાઓનું અધ્યયન કરનાર' માટે પ્રયોજે છે. કાશિકાકાર(૨/૪/૩) અનુસાર— 'चरणशब्दः शाखनिमित्तः पुराणेषु प्रवर्तते ।' જે સ્પષ્ટતઃ શાખાના પર્યાયત્વને સૂચવે છે.

**(૨) સ્વશાખા :—**

ભવિષ્યપુરાણમાં 'સ્વશાખા' શબ્દ પ્રયોજાયેલ છે, પરંતુ આ અંશ અત્યારે પ્રાપ્ત નથી. માત્ર અન્ય ગ્રંથોમાં આના ઉલ્લેખો જોવા મળે છે.[૧૦૯] ઘણા સ્મૃતિકારો 'स्वकुलक्रमागता शाखा स्वशाखा' એમ સ્વીકારે છે.[૧૧૦] સ્મૃતિચન્દ્રિકાકારે સ્પષ્ટ જ કહ્યું છે કે — 'સ્વશાખાગતમંત્રો મુજબ જ સૂર્યોપાસના કરવી જોઈએ.'[૧૧૧]

**(૩) અનુશાખા :—**

વિષ્ણુપુરાણ (૩/૪/૨૫)માં 'અનુશાખા' શબ્દ પ્રયોગ થયેલ છે. વિષ્ણુપુરાણની ટીકામાં(પૃ.૧૬૯) પર શ્રીધરે અનુશાખાની સમજૂતી 'અવાન્તરશાખા' એમ આપેલ છે. ત્યાં તેણે— 'यजुषि काठके चरकसंहितायाम्' માં જે રીતે કઠસંહિતા કાઠકની અનુશાખા સિદ્ધ થાય છે અને કાશિકા (૪/૨/૬૨)માં 'ब्राह्मण सदृशो ग्रन्थोऽनुब्राह्मण' —આ બંને આધારો આપીને અવાન્તરશાખા શબ્દ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. દુર્ગ મુજબ— 'हारिद्रवो नाम मैत्रायणीयानां शाखाभेदः' વાકય દ્વારા અવાન્તરશાખાઓ સિદ્ધ થાય છે.[૧૧૨]

**(૪) પ્રતિશાખા :–**

વિષ્ણુપુરાણમાં 'પ્રતિશાખા' શબ્દ પ્રયોગ જોવા મળે છે.[૧૧૩] મહિદાસ વિષ્ણુપુરાણ પરની ચરણવ્યૂહટીકામાં 'प्रतिशाखाभ्यः' નો અર્થ 'सर्वशाखाभ्यः' કરે છે, જે અસ્પષ્ટ છે. વિષ્ણુપુરાણ(૩/૪/૨૫)ની વ્યાખ્યામાં શ્રીધરસ્વામી 'અનુશાખા'નો અર્થ 'પ્રતિશાખા' દર્શાવે છે.[૧૧૪]

**(૫) પ્રધાનશાખા :–**

વિષ્ણુપુરાણ(૩/૫/૧)ની વ્યાખ્યામાં શ્રીધરસ્વામી કહે છે કે, અહીં વેદની ૨૭ 'પ્રધાનશાખા'ઓ લક્ષિત છે. શ્રીસામશ્રમી ઐતરેયાલોચન, પૃ.૧૩૨ પર ઋગ્વેદીય પ્રધાનશાખાઓની સત્તાનો ઉલ્લેખ કરે છે. આ પ્રધાનશાખાને 'મૂળ શાખા' અને અન્ય શાખાઓને 'અનુશાખા' કહે છે અને આ શાખાઓના આધારે પ્રાચીન અને અર્વાચીન શાખાભેદો દર્શાવ્યા છે.

અહીં સાતવળેકરનો શાખા–પ્રશાખા પરનો વિચાર નોંધનીય બને છેઃ "દ્વાપરના આરંભમાં એક વેદ હતો. વ્યાસે વેદનું વિભાજન કરી પોતાના ચાર શિષ્યોને ભણાવ્યા. મહર્ષિ પૈલને ઋગ્વેદ, કવિ જૈમિનીને સામવેદ, વૈશંપાયનને યજુર્વેદ અને સુમંતને અથર્વવેદ ભણાવ્યો. આ વ્યાસના શિષ્યોએ પોતાની શિષ્ય પરંપરામાં પોતપોતાના વેદોનો પ્રચાર કર્યો અને પરિણામે વેદરૂપી વટવૃક્ષ શાખા અને પ્રશાખાઓમાં વિસ્તરવા લાગ્યું, જે પુરાણો પણ સ્વીકારે છે."[૧૧૫]

**❖ ઋગ્વેદીયશાખા–વિકાસ**

કૂર્મપુરાણમાં ઋગ્વેદની ૨૧ શાખાઓ કહેવામાં આવી છે.[૧૧૬] વૈદિકવાઙ્મયના ઇતિહાસમાં ષડ્ગુરુશિષ્યકૃત સર્વાનુક્રમણીવૃત્તિ, પ્રપંચહૃદયનું વેદપ્રકરણ, અહિર્બુધ્ન્યસંહિતા, મુકિતકોપનિષદ અને મહાભાષ્ય વગેરેમાં ૨૧ શાખાઓના નિર્દેશને ટાંકેલા જોવા મળે છે. મહાભારતના શાંતિપર્વ (૩૪૨/૯૭)માં 'एकविंशति साहस्रम् ऋग्वेदम्' દ્વારા ઋગ્વેદની ૨૧ શાખાઓનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. અહીં 'સહસ્ર' શબ્દ 'લગભગ' અથવા 'સંખ્યાધિકતા'ના અર્થે પ્રયોજાયેલ છે.

શ્રી સામશ્રમીના મતે ઋગ્વેદની મુખ્યત્વે બે શાખાઓ પ્રાચીનતમ છે. (૧) શાકલ અને (૨) માંડૂકેય. આ બે શાખાઓ જ સમયાનુસાર ૨૧ શાખાઓમાં વિભાજીત થઈ ગઈ છે.[૧૧૭] ચરણવ્યૂહ પૃ.૧૩માં ઋગ્વેદની પાંચ શાખાઓનો ઉલ્લેખ જોવા મળે છે. તો વળી, આથર્વણ પરિશિષ્ટ ચરણવ્યૂહમાં સાત શાખાઓનો નિર્દેશ

છે. મધ્વાચાર્યે સ્કંદપુરાણના બે શ્લોકોના આધારે ઋગ્વેદની ૨૪ શાખાઓનો સ્વીકાર કર્યો છે.[૧૧૮] શ્રીહરિએ 'ઋગ્વેદની પંદર શાખાઓ છે.' એમ કહ્યું છે.[૧૧૯] આમ, ઋગ્વેદની શાખા–સંખ્યામાં ઘણા જ મતભેદો જોવા મળે છે.

વિષ્ણુપુરાણ(૩/૪/૧૬–૨૬), બ્રહ્માંડપુરાણ(૧/૩૪/૨૪–૩૫), અગ્નિપુરાણ(૨૭૧/૨–૩)માં તથા શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૫૪)માં ઋગ્વેદની શિષ્ય–પરંપરાને દર્શાવેલ છે; પરંતુ એમાં શિષ્યોનાં નામો અને સંખ્યા અંગે પરસ્પર અંતર છે. એ બધામાં શ્રીમદ્ભાગવતપુરાણની સૂચિ કંઈક અંશે વધારે સ્પષ્ટ જણાય છે. (નોંધઃ આ સૂચિ માટે પ્રસ્તુત પ્રબંધના અંતે આપેલ પરિશિષ્ટ–૧માં જોવું)

સત્યાવીસમા દ્વાપરયુગમાં વેદવ્યાસે, જે ચાર પાદવાળા એક વેદને ઋક્, યજુષ્, સામ અને અથર્વ એમ ચાર વિભાગોમાં વિભાજીત કરીને પોતાના ચાર શિષ્યોને ભણાવ્યો હતો, તેમાં પ્રથમ ઋક્સંહિતાની શિક્ષા સૌ પ્રથમ શિષ્ય પૈલને આપી હતી. પૈલ તથા તેના શિષ્ય–પ્રશિષ્યો દ્વારા આ શાખા વિસ્તાર પામી હતી. આ શાખા–પરંપરા આ પ્રમાણે છેઃ

**❖ પૈલ :–**

શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૫૨)માં પૈલ પ્રોકત શાખાનું 'બહ્વૃચ' નામ દર્શાવ્યું છે. 'બહ્વૃચ' ઋગ્વેદનું સામાન્ય નામ પણ છે અને એક શાખા વિશેષ નામ પણ છે. શાંખાયને શાખા વિશેષ નામ તરીકે 'બહ્વૃચ'નો ઉલ્લેખ કર્યો છે.[૧૨૦] ભર્તૃહરિએ પણ બહ્વૃચશાખાનો ઉલ્લેખ કર્યો છે, જે ઋગ્વેદનોનિર્દેશ કરે છે. વર્તમાન સમયમાં આ પૈલ પ્રોકત શાખા પ્રાપ્ત થતી નથી, માત્ર ભાગવત પર આધારિત ટીકાઓમાં ઋક્શાખાપ્રકરણમાં પૈલનો નામોલ્લેખ જોવા મળે છે.[૧૨૧]

**❖ ઇન્દ્રપ્રમતિ :–**

પૈલે ઋક્શાખાનું જ્ઞાન બે શિષ્યોને આપ્યું હતું. જેમાં ઇન્દ્રપ્રમતિ એક હતા. વાયુ–વિષ્ણુ–ભાગવાતાદિ પુરાણોમાં ઇન્દ્રપ્રમતિ પાઠ જ મળે છે.[૧૨૨] મહાભારત, અનુશાસનપર્વ(૩૦/૫૮–૬૪) મુજબ પ્રમતિ વાગિન્દ્રનો પુત્ર છે, જેના માટે 'वेदवेदांगपारगः' વિશેષણ પ્રયોજાયું છે. વિષ્ણુપુરાણ (૬/૮/૪૭) પરની મહિદાસ ટીકા પૃ. ૮૧ માં, ''वेदशिरस्' પાસેથી પ્રમતિએ પુરાણ પ્રાપ્ત કર્યું અને પ્રમતિ પાસેથી જાતૂકર્ણ્યે પુરાણ મેળવ્યું. એ પ્રમતિ જ ઇન્દ્રપ્રમતિ છે'' એમ કહ્યું છે.

શ્રીમદ્ભાગવતપુરાણ પરની ટીકામાં મહિદાસે કહ્યું છે કે, ઇન્દ્રપ્રમતિએ પૈલ પાસેથી પદ–ક્રમ પાઠની સાથે ઋક્સંહિતાનું અધ્યયન કર્યું હતું અને ઇન્દ્રપ્રમતિએ

જટાન્તપાઠની રચના કરી, પોતાના શિષ્યોને ભણાવી હતી.[123] પુરાણોમાં શાખાકાર ઈન્દ્રપ્રમતિના વિષયમાં અન્ય વિવરણ કે તેની શાખાનું વિવરણ ઉપલબ્ધ થતું નથી.

**❖ માંડૂકેય :–**

પુરાણોએ ઈન્દ્રપ્રમતિના શિષ્ય તરીકે માંડૂકેયને ઓળખાવ્યા છે. વાયુપુરાણ (૬૦/૨૬)માં માંડૂકેયને સ્થાને 'માર્કંડેય' પાઠ મળે છે, પરંતુ માર્કંડેયનો ઉલ્લેખ ઋક્‌શાખાકાર તરીકે અન્ય ગ્રંથોમાં મળતો નથી. શ્રીમદ્‌ભાગવતપુરાણ (૧૨/૬/૫૬)માં પણ ઈન્દ્રપ્રમતિના શિષ્ય તરીકે માંડૂકેયનો પરિચય આપ્યો છે. મહિદાસે ઋગ્વેદશાખાકાર શાકલ્યને 'માંડૂકગણસ્થ' કહ્યા છે.[124] ચરણવ્યૂહમાં ઋગ્વેદની પાંચ શાખાઓમાં પણ આ નામ પ્રાપ્ત થાય છે.[125]

**❖ બાષ્કલ :–**

પૈલના અન્ય શિષ્યનું નામ બાષ્કલ હતું. ઘણાં પુરાણોમાં બાષ્કલને બદલે 'બાસ્કલિ' નામ પ્રાપ્ત થાય છે.[126] બાષ્કલ શબ્દમાં 'ષ્' વર્ણ છે કે 'સ્' એ વિશે ચોકકસ માહિતી મળતી નથી. શુકલયજુર્પ્રતિજ્ઞાસૂત્રભાષ્ય–૮ અને અનુવાકાનુક્રમણી, ૨૧ અને ૩૬ વગેરેમાં 'ષ્' પાઠ જોવા મળે છે. શ્રીધર બાષ્કલને જ બાષ્કલિ કહે છે. પુરાણોમાં બાષ્કલશાખાનું વિવરણ જોવા મળતું નથી. બાષ્કલશાખાનું જે સ્વરૂપ ચરણવ્યૂહટીકામાં દર્શાવ્યું છે, એ પરથી કહી શકાય કે, એ મંત્ર બાષ્કલસંહિતામાં નથી, પરંતુ એ સંહિતાના બ્રાહ્મણમાં હોઈ શકે છે.

બાષ્કલને ચાર શિષ્યો હતા. વિષ્ણુપુરાણમાં ચારેય શિષ્યોનાં નામો દર્શાવ્યા છે.[127] વાયુ–બ્રહ્માંડ અને ભાગવતમાં પણ ચાર શિષ્યોનાં નામો પ્રાપ્ત થાય છે. (૧) બૌધ્ય, (૨) અગ્નિમાઠર, (૩) પરાશર અને (૪) યાજ્ઞવલ્કય. જેના વિશે સંક્ષિપ્તમાં નીચે મુજબ જાણીએઃ

**(૧) બૌધ્ય :**

આ આચાર્યનું બૌધ્ય નામ જ પ્રાપ્ત થાય છે. પાણિનીએ 'कपिबोधादांगिरस ।' સૂત્રથી અંગિરસ ગોત્રવાન બૌધ્ય નામ સિદ્ધ કર્યું છે.[128] આ શાખાકાર આચાર્યનો સ્પષ્ટ ઉલ્લેખ પુરાણોમાં મળતો નથી.

**(૨) અગ્નિમાઠર :**

અગ્નિમાઠરનું નામ વિષ્ણુપુરાણ(૩/૪/૨૭)માં પ્રાપ્ત થાય છે. શ્રીધરે પણ પોતાની ટીકામાં અગ્નિમાઠર નામ જ સ્વીકાર્યું છે. બ્રહ્માંડપુરાણ(૧/૩૪/૨૬) માં 'અગ્નિમાતર' નામનો ઉલ્લેખ મળે છે. શ્રીમદ્‌ભાગવતપુરાણમાં 'અગ્નિમિત્ર' નામ પ્રાપ્ત થાય છે. ચરણવ્યૂહાદિગ્રંથોમાં આ આચાર્યના વિષયમાં વિવરણ પ્રાપ્ત થતું નથી.

**(૩) પરાશર :**

પરાશરનો ઉલ્લેખ વિષ્ણુપુરાણ(૩/૪/૨૭)માં જોવા મળે છે. શ્રીમદ્‌ભાગવતપુરાણ(૧૨/૬/૫૫)માં 'પરાશર' નામ જ મળે છે. પુરાણોમાં 'પરાશર' પ્રોકત શાખાના વિષયમાં વિવરણ મળતું નથી. વાયુપુરાણ(૬૦/૨૬)માં 'પરાશરી' નામનો ઉલ્લેખ મળે છે.

**(૪) યાજ્ઞવલ્કય :**

શ્રીમદ્‌ભાગવતપુરાણ(૧૨/૬/૫૫)માં યાજ્ઞવલ્કયનો ઉલ્લેખ જોવા મળે છે, જયારે વાયુપુરાણમાં આ નામનો અભાવ જોવા મળે છે. બ્રહ્માંડપુરાણ (૧/૩૩/૩)માં બહ્‌વૃચ ઋષિઓની ગણનામાં યાજ્ઞવલ્કયનું નામ જોવા મળે છે, જેના પરથી યાજ્ઞવલ્કયશાખાનું અનુમાન કરી શકાય છે.

**❖ શાખા પ્રવર્તક શાકલ્ય :–**

વિષ્ણુપુરાણ મુજબ શાકલ્ય કોના શિષ્ય હતા, તે સ્પષ્ટ નથી; પરંતુ શાકલ્ય દ્વારા પ્રોકત સંહિતાના અધ્યયનની વાત છે. તે ઈન્દ્રપ્રમતિ દ્વારા પ્રોકત સંહિતા છે. શ્રીધર પણ પોતાની ટીકા(પૃ. ૭૦)માં આ શ્લોકનો આધાર લઈને શાકલ્ય વિશે આમ જ કહે છે. ભાગવતપુરાણ(૧૨/૬/૫૬)માં શાકલ્યને માંડૂકેયના પુત્ર કહ્યા છે. ભાગવતપુરાણ(૧૨/૬/૫૭)માં દેવમિત્રને શાકલ્યથી ભિન્ન માન્યો છે. દેવમિત્રને માંડૂકેયનો શિષ્ય અને શાકલ્યને માંડૂકેયનો પુત્ર કહેવામાં આવ્યો છે, જે વિચારણીય છે. પુરાણો અને ચરણવ્યૂહાદિગ્રંથોમાં આવી પરંપરા પ્રાપ્ત થતી નથી. શાખાકાર સૌભરિનો પણ ઉલ્લેખ નથી. વિષ્ણુપુરાણ(૪/૨/૧૯)માં સૌભરિને'બહ્‌વૃચ' કહ્યા છે. શ્રીમદ્‌ભાગવતપુરાણ (૯/૬/૪૫)માં પણ આ વિશેષણ જ પ્રયોજાયેલ છે.

પુરાણોમાં શાકલ્યના મુદ્‌ગલ વગેરે પાંચ શિષ્યોનો ઉલ્લેખ જોવા મળે છે. જેમકે –

> 'तस्य शिष्यास्तु ये पञ्च तेषां नामानि मे श्रुणु ।
> मुद्‌गलो गोखलश्चैव वात्स्यः शालीय एव च ।।
> शिशिरः पञ्चमश्चासीत्.................।' વિષ્ણુપુરાણ, ૩/૪/૨૨–૨૩

તેમજ

> 'शाकल्यस्तत्सतः स्वां तु पञ्चधा व्यस्य संहिताम् ।
> वात्स्यमुपद्‌गलशालीयगोखल्यशिशिरेष्वधात् ।।'

શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૬/૫૭

અહીં પ્રાપ્ત થતાં 'मुपद्गल' ના સ્થાને ઘણાં પુરાણોમાં મુદ્ગલ નામ છે, પરંતુ ગોલકને સ્થાને ગોખલ, ગાલવ અને ગાખલ્ય પાઠ મળે છે. આ રીતે અન્ય નામોમાં પણ પાઠભેદ જોવા મળે છે.

વિષ્ણુપુરાણમાં શાકલ્યના પાંચ શિષ્યોનો ઉલ્લેખ કરેલ છે. જે બીજાં પુરાણો કરતાં વિશ્વસનીય લાગે છે. આ નામો અનુક્રમે (૧) મુદ્ગલ, (૨) શાલીય, (૩) ગોખલ, (૩) વાત્સ્ય અને (૪) શિશિર પ્રાપ્ત થાય છે. જેનો પરિચય આ પ્રમાણે છેઃ

**(૧) મુદ્ગલ :**

શાખાકાર મુદ્ગલના વિષયમાં પુરાણોમાં અન્યત્ર વિવરણ પ્રાપ્ત થતું નથી. ઈતિહાસ–પુરાણમાં 'મુદ્ગલ' નામ આવે છે, પરંતુ તે શાખાકાર તરીકે પ્રતીત થતા નથી.

**(૨) શાલીય :**

વિષ્ણુપુરાણમાં આ પાઠ મળે છે. આ કોઈ આચાર્ય વિશેષ જ છે, કારણકે કાશિકાવૃતિ (૧/૧/૧)માં આશ્વલાયન વગેરે આચાર્યોની સાથે, આ નામ આવે છે. પુરાણોમાં અન્યત્ર તેનો ઉલ્લેખ કે વિવરણ પ્રાપ્ત થતું નથી.

**(૩) ગોખલ :**

આ શાખાકારનું નામ વિષ્ણુપુરાણ તથા ભાગવતપુરાણમાં મળે છે. બૃહદ્દેવતા (૧/૨૪, ૫/૩૯, ૬/૪૩, ૭/૩૮) માં ગાલવ નામ મળે છે, પણ આ મત ક્રમપાઠ વિષયક નથી.

**(૪) વાત્સ્ય :**

વિષ્ણુપુરાણ(૪/૨૩)માં આ નામ જોવા મળે છે. ભાગવતપુરાણ (૧૨/૬/૫૭)માં પણ આ પાઠ જ છે. મહાભાષ્ય (૪/૨/૧૦૪)માં ચરણ સંબંધી ઉદાહરણમાં 'वात्सकम्' પદનો પ્રયોગ કરેલ છે.

**(૫) શિશિર :**

વિષ્ણુપુરાણમાં આ પાઠ પ્રાપ્ત થાય છે. ऋक्प्रातिशाख्यના 'शैशिरोय पदः' ની વ્યાખ્યામાં વિષ્ણુમિત્ર કહે છે– 'शैशिरीयासंहिता शिशिरदृष्टत्वात्' અહીં શિશિર નામના ઘણાં પાઠાંતરો આપ્યાં છે. પુરાણોમાં શિશિર વિશે વિવરણ મળતું નથી.

ઉપરોકત પ્રશાખાઓના આચાર્યોના વિચારોનું અનુસરણ કરીને બાષ્કલિએ પોતાની સ્વતંત્ર સંહિતાની રચના કરી. ખરેખર તો પ્રશાખા–વિસ્તારક

તરીકેનો શ્રેય બાષ્કલિને જ મળે છે. બાષ્કલિએ જ ઋગ્વેદીય શાખાના વિકાસનું નવનિર્માણ કર્યું છે. અર્થાત્, હાલ પ્રાપ્ત ન થતી, આ બધી જ પ્રશાખાઓની પ્રતો બાષ્કલિના સમયમાં અસ્તિત્વ ધરાવતી હશે. બાષ્કલિના સમય પછી જ આ પ્રશાખાઓની પ્રતો નાશ પામી હશે.

**❖ શાખા પ્રવર્તક બાષ્કલિ :**

બાષ્કલિએ ઉપરોક્ત પ્રશાખાઓ આધારિત 'બાલખિલ્યસંહિતા'ની રચના કરી હતી. શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૫૯)માં બાષ્કલપુત્ર તરીકે બાષ્કલિને ઓળખાવ્યા છે. વિષ્ણુપુરાણ(૩/૪/૨૫)માં બાષ્કલિ દ્વારા ત્રણ સંહિતાઓના પંવચન વિશે કહ્યું છે, પરંતુ અહીં પસ્રચય દર્શાવ્યો નથી. પુરાણોમાં બાષ્કલિ વિશે કોઈ વિવરણ પ્રાપ્ત થતું નથી.

બાષ્કલિએ પોતાની સંહિતાનું જ્ઞાન બાલાયનિ, ભજય અને કાસાર એ નામના શિષ્યોને આપ્યું હતું. પુરાણોમાં પણ આ ત્રણ શિષ્યોનો ઉલ્લેખ છે. આ ત્રણ શિષ્યોનાં નામોમાં ઘણી જ અસમાનતા જોવા મળે છે.[૧૨૯]

**❖ શાંખાયન :**

અગ્નિપુરાણ (૨૭૧/૨)માં ઋગ્વેદીય શાંખાયન શાખાનો ઉલ્લેખ જોવા મળે છે. આ શાખા વૈદિક સાહિત્યમાં ખૂબ પ્રસિદ્ધ છે. આ શાખાના બ્રાહ્મણગ્રંથો અને આરણ્યકો પ્રાપ્ય છે.

**❖ આશ્વલાયન :**

અગ્નિપુરાણ (૨૭૧/૨)માં ઋગ્વેદીય આશ્વલાયનશાખાનો ઉલ્લેખ મળે છે. ઋગ્વેદીય શાખાઓમાં આ બહુ પ્રસિદ્ધ શાખા છે. કારણ કે, ચરણવ્યૂહમાં ઋગ્વેદની પાંચ શાખાઓની ગણનામાં પણ આશ્વલાયનનો ઉલ્લેખ કર્યો છે.

**❖ યજુર્વેદીયશાખા–વિકાસ :**

પુરાણોમાં યજુર્વેદીય શાખા વિશે ઘણાં જ વિવરણો જોવા મળે છે, પરંતુ શાખા–સંખ્યા વિશે ઘણા તફાવતો જોવા મળે છે. વિષ્ણુપુરાણ(૩/૫૧) અને અગ્નિપુરાણ (૧૫૦/૨૭)માં યજુર્વેદની ૨૭ શાખાઓ કહી છે. તો વળી, કૂર્મપુરાણ(૧/૫૨/૧૦)માં યજુર્વેદની સો શાખાઓનો ઉલ્લેખ છે. તો મહાભાષ્ય, અર્હિબુધ્ન્યસંહિતા અને પ્રપંચહૃદયના વેદપ્રકરણમાં ૧૦૧ શાખાઓ દર્શાવી છે.[૧૩૦] સામશ્રમીના મતે, કૂર્મપુરાણમાં 'શતેનૈવ' ના સ્થાને 'શતંચૈકં' પાઠ શતશબ્દમાં આસન્ન સંખ્યાની દષ્ટિએ પ્રયોજયો હોય, તેમ જણાય છે.[૧૩૧] વિષ્ણુપુરાણ (૩/૫૨) અને

અગ્નિપુરાણ (૧૫૦/૨૮)માં ૨૦ શાખાઓને વૈશંપાયનકૃત કહી છે.

વૈદિક સંપ્રદાયમાં કહેવાયું છે કે, કૃષ્ણયજુર્વેદના પાંચ કલ્પસૂત્રકાર છે અને પ્રત્યેક કલ્પમાં ઘણી શાખાઓ છે.[૧૩૨] વિભિન્ન કલ્પોમાં ઔખ્યાદિ ૨૧ શાખાઓ, ખાંડિકેયાદિ ૨૧ શાખાઓ, ચરકાદિ ૧૨ શાખાઓ, માનવાદિ ૧૭ શાખાઓ અને ગાર્ગ્યાદિ ૧૫ શાખાઓ છે.

પુરાણોમાં શુકલયર્જુર્વેદની ૧૫ શાખાઓ કહી છે.[૧૩૩] આ ૧૫ શાખાઓના કલ્પકાર એક કાત્યાયન જ છે. સ્કંદપુરાણ, નાગરખંડ(૧૩૧/૪૭–૪૯) માં યાજ્ઞવલ્કય સુતે કોઈ કાત્યાયનનો ઉલ્લેખ કર્યો છે. ઉપરોકત દરેક ઉલ્લેખોમાં ૧૫ શાખાઓ અને શાખાકાર તરીકે કાત્યાયનનો ચોકકસ નિર્દેશ પ્રાપ્ત થાય છે. શાખા–પ્રશાખાકારો વિશે પણ પુરાણોમાં નામોલ્લેખ પ્રાપ્ત થાય છે.

**❖ વૈશંપાયન :**

પુરાણોમાં વ્યાસ પાસેથી 'यजुः' નું અધ્યયન કરી, યજુર્વેદના નિર્માણનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. અગ્નિપુરાણ (૨૭૧/૫)માં આ પ્રસંગે "વૈશંપાયન સંહિતા" શબ્દ પ્રયોજાયેલ છે. વાયુપુરાણ (૬૧/૫)માં ગોત્રાનુસારી નામ તરીકે વૈશંપાયનનું નામ કહેલ છે.બ્રહ્માંડપુરાણ(૧/૩૫/૮)માં 'વૈશંપાયન–શિષ્ય' પાઠ મળે છે. વૈશંપાયન દ્વારા ૮૬ યજુર્વેદસંહિતાઓનું પ્રવચન કરવામાં આવ્યું છે.[૧૩૪] વિષ્ણુપુરાણ (૩/૫/૧) મુજબ વૈશંપાયને સત્યાવીસ યજુર્સંહિતાનું નિર્માણ કર્યું છે. વાયુપુરાણ(૬૧/૧૧) અને બ્રહ્માંડપુરાણ(૧/૩૬/૧૪)માં વૈશંપાયનના શિષ્યોને 'ચરક' અને 'ચરકાધ્વર્યુ' નામથી ઓળખાવ્યા છે. વિષ્ણુપુરાણ(૩/૫/૧૩)માં 'ચરકાધ્વર્યુ' નામ વિશેનું કારણ, બ્રહ્મહત્યાથી મુકત થવા કરેલ વ્રતાચરણ દર્શાવ્યું છે. પુરાણોમાં આ શાખા વિશે વિવરણો મળતાં નથી.

**❖ કૃષ્ણયજુર્વેદની ત્રણ પ્રશાખાઓ :**

વાયુપુરાણ(૬૧/૭) અને બ્રહ્માંડપુરાણ (૧/૩૫/૧૧)માં કૃષ્ણયજુર્વેદની ત્રણ પ્રશાખાઓનું વિભાજન વર્ણવાયું છે અને ત્રણ પ્રશાખાઓમાંથી પ્રત્યેક ભાગની નવ શાખાઓ (૯+૯+૯ = ૨૭) આ મુજબ ગણાવી છે. આ ત્રણ પ્રશાખા–ભેદ ઉદીચ્ય, મધ્યપ્રદેશ અને પ્રાચ્ય છે. આ ત્રણ પ્રશાખાઓના આચાર્ય શ્યામાયતિ, આરુણિ અને આલમ્બિ છે. આ સંહિતાવાદી શિષ્યોને 'ચરક' કહ્યા છે. જેમકે વાયુપુરાણ (૬૧/૧૦)માં 'इत्येते चरकाः प्रोक्ताः ।' કહ્યું છે. બ્રહ્માંડપુરાણમાં(૧/૩૫/૧૩)માં પણ 'ચરક'નો પ્રયોગ થયેલો છે. સ્વાધ્યાયમંડળ દ્વારા પ્રકાશિત કાઠકસંહિતા ભૂમિકા પૃ. ૭

અને મૈત્રાયણી સંહિતા ભૂમિકા પૃ. ૮—૧૦માં ત્રણ શિષ્યો દ્વારા ૨૭ પ્રશાખાઓનો ઉલ્લેખ છે. પુરાણોમાં ૨૭ પ્રશાખામાંથી ૮૬ પ્રશાખાઓ કઈ રીતે વિકસિત થઈ, તેનું યોગ્ય વિવરણ મળતું નથી. બ્રહ્માંડપુરાણ(૧/૩૩/૬)માં ઋષિપ્રસંગમાં 'षडशीतिः श्रुतर्षयः चरकाध्वर्यवः' કહેવામાં આવ્યું છે. આ શ્રુતર્ષિઓ દ્વારા જ ૮૬ પ્રશાખાઓની રચના કરવામાં આવી હતી, એવું સ્વીકારવામાં આવ્યું છે. કૃષ્ણયજુર્વેદમાં મુખ્ય ત્રણ શાખાઓ મળે છે, જે આ પ્રમાણે છે– (૧) શ્યામાયની, (૨) આરુણિ અને (૩) આલમ્બિ.

**(૧) શ્યામાયનિ**

ઉદીચ્ય યજુષ્ પ્રશાખાના પ્રવર્તક તરીકે શ્યામાયનિને ગણાવવામાં આવે છે. શ્યામાયનિની સાથે કઠ અને કલાપ નામ પણ કાશિકાપુરાણ (૪/૩/૧૦૪)માં મળે છે. જો શ્યામાયન પાઠને જ પ્રકૃતપાઠ માનવામાં આવે તો, એમ માનવું જોઈએ કે, શ્યામાયનિ અને શ્યામાયન એક જ વ્યક્તિ છે. અહીં સ્વાર્થમાં 'इ' પ્રત્યયનો પ્રયોગ થયો છે.

**(૨) આરુણિ**

મધ્યપ્રદેશીય યજુષ્ શાખાના પ્રધાન પ્રવર્તક આરુણિ છે. આરુણિની સાથે ઋચાલ અને તાંડયની પણ ગણના મધ્યપ્રદેશીય ચરકોમાં થઈ છે. પુરાણોમાં ઋચાલ અને તાંડયના વિષયમાં કોઈ વિવરણ મળતું નથી. છાંદોગ્યોપનિષદ(૬/૩/૨) પરના શાંકરભાષ્યમાં બે શ્વેતાશ્વતરશાખાઓ છે, જે શ્વેતાશ્વતરશાખાપ્રકરણમાં દર્શાવેલ છે. તેથી આરુણિપ્રશાખાના યજુર્વેદીયત્વમાં કોઈ સંશય નથી.

**(૩) આલમ્બિ**

પ્રાચ્ય યજુષ્શાખાના આલમ્બિ પ્રધાન આચાર્ય છે. પ્રાગ્દેશીય ચરકોનીગણનામાં પલંગ (पलङ्ग) અને કમલ જેવાં નામો પણ આવે છે. કાશિકાપુરાણ (૪/૩/૧૦૪)માં પણ ચરકોની ગણનામાં આ નામો આવે છે. પુરાણોમાં આ આચાર્યોના વિષયમાં અન્ય વિવરણ મળતું નથી.

આ ઉપરાંત, પુરાણોમાં કૃષ્ણયજુર્વેદની અન્ય પ્રશાખાઓનો પણ ઉલ્લેખ મળે છે, જેમકે –

**(૧) કઠી**

અગ્નિપુરાણ(૨૭૧/૪)માં આ કઠી યજુસ્શાખાનામગણનામાં પ્રાપ્ત થાય છે. આ કઠશાખા ૨૭ પ્રધાન પ્રશાખાઓથી ભિન્ન છે. બ્રહ્મપુરાણના ૧૨૧માં

અધ્યાયમાં કઠ નામના કવિનું જીવન દર્શાવવામાં આવ્યું છે. તે શાખાકાર છે, તેવો સ્પષ્ટ ઉલ્લેખ નથી.

**(૨) મધ્યકઠી**

અગ્નિપુરાણ (૨૭૧/૪) માં મધ્યકઠીનું નામ પ્રાપ્ત થાય છે. આ નામની કોઈ શાખા ચરણવ્યૂહાદિ ગ્રંથોમાં જોવા મળતી નથી. પુરાણોમાં પણ વિશેષ મળતું નથી.

**(૩) શ્વેતાશ્વતર**

કૂર્મપુરાણ (૧/૧૪/૩૮–૩૯)માં શ્વેતાશ્વતરને પ્રશાખાપ્રવર્તક આચાર્ય કહ્યા છે. આ શાખાનું માત્ર સામાન્ય વિવરણ જ કૂર્મપુરાણ દર્શાવે છે. આ શાખાના ઘણા મંત્રો ઉપનિષદમાં મુદ્રિત થયા છે.

**(૪) હારિદ્રવીય**

વાયુપુરાણ(૬૧/૬૬)માં અને બ્રહ્માંડપુરાણ(૧/૩૫/૭૫)માં વેદ–પરિમાણના પ્રસંગમાં આ શાખાનો નિર્દેશ મળે છે. સાયણકૃત વેદભાષ્ય (૫/૪૦/૮)માં અને નિરુકત(૧૦/૫)માં આ શાખાના બ્રાહ્મણગ્રંથોના વાકયો ઉદ્ધૃત કરેલ છે.

**(૫) મૈત્રાયણી**

અગ્નિપુરાણ(૨૭૧/૫)માં મૈત્રાયણીનો ઉલ્લેખ છે. ચરણવ્યૂહમાં મૈત્રાયણીયના સાત ભેદ કહેવામાં આવ્યા છે. નિરુકત(૧૦/૫ ખ) માં દૂર્ગે પણ મૈત્રીયણીના પ્રશાખાભેદોની ટીકાનો સ્વીકાર કર્યો છે.

**❖ યાજ્ઞવલ્કયકૃત શુકલયજુર્વેદ :**

પુરાણોમાં શુકલ યજુર્વેદનો આરંભ યાજ્ઞવલ્કયથી માનવામાં આવ્યો છે. વિષ્ણુપુરાણ(૩/૫/૩)માં બ્રહ્મરાતના પુત્ર તરીકે યાજ્ઞવલ્કયને ઓળખાવ્યા છે. વાયુપુરાણ(૬૧/૨૧)માં આ અર્થ માટે જ 'બ્રહ્મરાતિ' શબ્દ પ્રયોગ થયો છે. શ્રીમદ્–ભાગવતપુરાણ(૧૨/૬/૬૪)માં તેને 'દેવરાતસુત' કહેવામાં આવ્યા છે. વાયુપુરાણ (૯૧/૯૮) અને બ્રહ્માંડપુરાણ(૨/૬૬/૭૦)માં વિશ્વામિત્રના કુલજ તરીકે યાજ્ઞવલ્કનો પરિચય પ્રાપ્ત થાય છે.

વાયુપુરાણ(૬૧/૫–૨૨), બ્રહ્માંડપુરાણ(૧/૩૫/૧૪–૩૦), વિષ્ણુ–પુરાણ(૩/૫/૧–૨૯), શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૬૧–૭૪) અને સ્કંદપુરાણ, નાગરખંડ(૨૭૮/૧–૧૪૧)માં શુકલયજુર્વેદના પ્રવર્તનની કથા પણ વર્ણવવામાં આવી છે. પુરાણોમાં યાજ્ઞવલ્કને શુકલયજુર્વેદના પ્રણેતા માન્યા છે. વિષ્ણુપુરાણ

(૩/૫/૨૭) અને શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૬૩)માં યાજ્ઞવલ્કયે સૂર્યદેવને પ્રાર્થના કરી હતી કે, "મને એવા યજુર્મંત્રો મળે, જે મારા ગુરુ પાસે ન હોય." આ માટે જ પુરાણોમાં આ મંત્રોને 'अयातयाम' કહેવામાં આવ્યા છે. યાજ્ઞવલ્કયના પંદર શિષ્યોનાં નામોનો ઉલ્લેખ વાયુપુરાણ (૬૧/૨૪–૨૬), બ્રહ્માંડપુરાણ(૧/૩૫/૨૭–૩૦)માં મળે છે. શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૭૪)માં– ''काण्वमाध्यन्दिनादयः'' કહ્યું છે તથા પંદર શાખાઓ પણ કહેવામાં આવી છે. જેને વિષ્ણુપુરાણ(૩/૫/૨૯)માં 'वाजिन्' તરીકે ઓળખાવવામાં આવેલ છે.

**❖ ચરક અને ચરકાધ્વર્યુ :**

શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૨૩)મુજબ, યાજ્ઞવલ્કયના જે શિષ્યોએ બ્રહ્મહત્યાજનિત પાપોનું પ્રાયશ્ચિત કરવા માટે યજ્ઞાનુષ્ઠાન કર્યું હતું, તે ચરકાધ્વર્યુ તરીકે ઓળખાય છે. અધ્વર્યુક્રિયાના અનુષ્ઠાનથી આ નામ પડયું છે. ચરક અને ચરકાધ્વર્યુ વિશે વાયુપુરાણ(૬૧/૧૦–૨૩), બ્રહ્માંડપુરાણ (૧/૩૫/૧૩–૨૭) અને વિષ્ણુપુરાણ(૩/૫/૧–૧૩) વગેરેમાં નિર્દેશો મળે છે. વિષ્ણુપુરાણ(૩/૫/૧૩), બ્રહ્માંડપુરાણ(૧/૩૫/૨૬–૨૭) તથા વાયુપુરાણ(૬૧/૨૩) વગેરેમાં 'ચરક' પદનું નિર્વચન આપ્યું છે.

**❖ તૈત્તિરીયશાખા :**

શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૬૧–૬૫) મુજબ, યાજ્ઞવલ્કયે જયારે યજુર્વેદનું વમન કર્યું ત્યારે વૈશંપાયનના થોડા શિષ્યોએ તેતરનું રૂપ ધારણ કરી તેનું ગ્રહણ કર્યું. જેથી તે શિષ્યો 'તૈત્તરીય' તરીકે ઓળખાયા. વાયુપુરાણ(૬૧/૨૦–૨૮), બ્રહ્માંડપુરાણ(૧/૩૫/૨૭–૩૫) અને વિષ્ણુપુરાણ(૩/૫/૧૪–૨૦) વગેરેમાં આ કથા વર્ણવવામાં આવી છે.

**❖ માધ્યંદિનશાખા :**

માધ્યંદિન પ્રોકત આ શાખા શુકલયાજુષ્ સંપ્રદાયમાં બહુ જ પ્રતિષ્ઠત છે. અગ્નિ વગેરે પુરાણોમાં કાણ્વમાધ્યાંદિનનો ઉલ્લેખ કર્યો છે. આ શાખાની વિશિષ્ટતા આપ મેળે જ સિદ્ધ થાય છે.

**❖ કાણ્વશાખા :**

આ શાખાના પ્રવર્તક કણ્વ બૌધાયનના પુત્ર છે. આ સંહિતામાં ૪૦ અધ્યાય, ૩૨૮અનુવાક્ અને ૨૦૮૬મંત્ર મળે છે. બ્રહ્મપુરાણ(૨/૮/૪૪, ૨/૪૨/૭૦, ૪/૯૭/૫૩)માં પૂજાદિના પ્રસંગમાં કાણ્વશાખાનો ઉલ્લેખ મળે છે. દેવીભાગવત (૯/૪/૯૧)માં કાણ્વશાખોકત કવચનો ઉલ્લેખ છે.

❖ **સામવેદીયશાખા–વિકાસ :**

કૂર્મપુરાણ(૧/૫૨/૨૦), શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૭૬), અગ્નિપુરાણ(૧૫૦/૨૮–૨૯) અને લિંગપુરાણ (૧/૪૩/૫–૬)માં સામવેદને સહસ્ત્રશાખા યુકત કહ્યો છે. મહાભાષ્ય, પ્રપંચહદયનું બીજુ પ્રકરણ, આથર્વણ પરિશિષ્ટ, ચરણવ્યૂહ, મુકિતકોપનિષદ્ અને ષડ્ગુરુશિષ્યકૃત સર્વાનુક્રમણીવૃત્તિ વગેરેમાં સહસ્ત્રશાખા સંખ્યા જ દર્શાવેલ છે.[૧૩૫] ઈન્દ્ર દ્વારા આ વેદની શાખાઓનો નાશ કરવા સંબંધી ઘટનાનો ઉલ્લેખ વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત થાય છે. ભગવદ્દત્તના મત મુજબ, નાશ થવાના કારણે જ સામશાખાઓની સંખ્યા ૫૦ થી ઓછી થઈ ગઈ છે.[૧૩૬]

❖ **જૈમિની :**

સામવેદીય શાખાની પરંપરામાં જૈમિનીને વ્યાસના પ્રથમ સામ–પ્રવર્તક શિષ્ય માનવામાં આવ્યા છે. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૬/૭૫માં જૈમિનીના વિશેષણ તરીકે સામગ, સામવિત્, ઉદ્ગાતા, વગેરે પ્રયોગો મળે છે. વાયુપુરાણ, ૬૧/૨૭માં જૈમિની, સુમંત વગેરેને આચાર્યક્રમમાં દર્શાવ્યા છે. અગ્નિપુરાણ, ૧૫૦/૨૯માં વ્યાસશિષ્ય જૈમિની, સુમંતુ અને સુકર્મા દ્વારા એક–એક સંહિતાનું અધ્યયન કરવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ મળે છે. જૈમિનીએ સામસંહિતાનું ત્રણ ભાગોમાં વિભાજન કરીને ત્રણ શિષ્યોને તેની શિક્ષા આપી હોવાનું દરેક પુરાણ સ્વીકારે છે.

❖ **સુમંતુ :**

શ્રીમદ્ભાગવતપુરાણ ૧૨/૬/૭૫ મુજબ જૈમિનીનો પ્રથમ સામગ શિષ્ય સુમંતુ છે. વિષ્ણુપુરાણ, ૩/૬/૨માં તેને જૈમિનીનો પુત્ર માન્યો છે. વૈદિક ગ્રંથોમાં પણ શિષ્યને બદલે પુત્રનો ઉલ્લેખ મળે છે.[૧૩૭] પ્રાચીન કાળમાં શિષ્યને પુત્રવત્ માનવાની પરંપરા સામાન્ય છે. સુમંતુકૃત શાખા અંગે પુરાણોમાં અન્ય ઉલ્લેખો જોવા મળતા નથી. અથર્વવેદશાખાના પ્રથમ વ્યાસ–શિષ્ય સુમંતુ છે, જેનું નામ તર્પણ વૈશંપાયન, પૈલ અને જૈમિની સાથે લેવામાં આવેલ છે. આ બન્ને સુમંતુ એક જ છે કે ભિન્ન, તેમાં સંશય છે.

❖ **સુત્વા :**

શ્રીધરે શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧/૧૫ ૫૨ની ટીકામાં સુત્વાને સુમંતુના પુત્ર કહેલ છે. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૬/૭૫માં 'सुन्वान्' પાઠ મળે છે. શ્રીમદ્ભાગવતપુરાણ મુજબ, જૈમિનીએ સુમંતુ અને સુન્વાનને એક–એક સંહિતા

ભણાવી હતી. વિષ્ણુપુરાણમાં આ નામ પ્રાપ્ત થતું નથી. ચરણવ્યૂહાદિ ગ્રંથોમાં પણ આ નામ મળતું નથી.

**❖ સુકર્મા :**

શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૬/૭૬ મુજબ, જૈમિનીના શિષ્ય તરીકે સુકર્માને ઓળખાવ્યા છે. વાયુપુરાણ, ૬૧/૨૭માં સુકર્માનો ઉલ્લેખ છે. અગ્નિપુરાણ, ૧૫૦/૨૮ મુજબ, સુમંતુ સાથે સુકર્માએ પણ વ્યાસ પાસેથી અધ્યયન કર્યું છે. સુકર્માએ સામવેદની સહસ્ર શાખાઓનું નિર્માણ કર્યું હોવાનું પુરાણોમાં વર્ણવાયેલ છે.[૧૩૮] પુરાણોના શાખા–પ્રકરણોમાં સુકર્માના શિષ્યોની સંખ્યામાં ભેદ જોવા મળે છે. કોઈ સ્થળે બે તો કોઈ સ્થળે ત્રણનો ઉલ્લેખ મળે છે.

**(૧) પૌષ્યિંજિ :**

પૌષ્યિંજિ નામના ઘણા પાઠભેદો પુરાણોમાં મળે છે. જેમકે, પોષ્યંજિ, પૌયંજી, પૌષ્યજિ વગેરે.[૧૩૯] ચરણવ્યૂહાદિમાં આ નામો પ્રાપ્ત થતાં નથી. પાર્જિટરે વિષ્ણુપુરાણ, ૩/૬/૪ વિશે લખ્યું છે કે, ત્યાં 'पञ्चदश' ના બદલે 'पञ्चशतं' હશે. પૌષ્યિંજિકર્તૃક ૫૦૦ સામસંહિતા–પ્રવચનોનો ઉલ્લેખ ઘણાં સ્થાનોએ છે. એ બધી સંહિતાઓના અધ્યેતાઓને સામગ કહેવામાં આવે છે. ભાગવતપુરાણ, ૧૨/૬/૭૯માં પૌષ્યંજિના લાંગલિ વગેરે પાંચ શિષ્યોએ ૧૦૦–૧૦૦ સંહિતાઓનું અધ્યયન કર્યું હોવાના ઉલ્લેખો છે.

**(૨) હિરણ્યનાભ કૌસલ્ય :**

પુરાણોમાં હિરણ્યનભ કે હિરણ્યનાભિ જેવા પાઠો મળે છે. વાયુપુરાણ, ૬૧/૪૭ માં તેને 'પંચશતસંહિતાધ્યેતા' કહેવામાં આવ્યા છે. તેના પાંચસો શિષ્યો 'પ્રાચ્યસામગ' તરીકે ઓળખાય છે. બ્રહ્માંડપુરાણ, ૧/૩૫/૩૯માં પણ 'પ્રાચ્યસામગ'નો ઉલ્લેખ છે. વિષ્ણુપુરાણ, ૩/૬/૪માં હિરણ્યનાભના પાંચસો ઉદીચ્ય સામગ અને પાંચસો પ્રાચ્યસામગ શિષ્યો કહ્યા છે. ભાગવતપુરાણ, ૧૨/૬/૭૭ અને ૧૨/૬/૮૦માં હિરણ્યનભ માટે 'કૌશલ્ય' વિશેષણ વાપરીને તેના શિષ્યોનો ઉલ્લેખ કર્યો છે. વાયુપુરાણ, ૬૧/૪૪ અને બ્રહ્માંડપુરાણ, ૧/૩૫/૪૯–૫૦માં હિરણ્યનાભના શિષ્યોનાં નામો વર્ણવ્યા છે. વિષ્ણુપુરાણ, ૪/૪/૪૮માં હિરણ્યનભને રામચંદ્રના પુત્ર અને કુશના વંશજ કહ્યા છે. વાયુપુરાણ, ૯૯/૧૯૦માં હિરણ્યનાભના વિશેષણ તરીકે 'કૌથુમ' શબ્દ પ્રયોજયો છે.

**(૩) આવન્ત્ય :**

શ્રીમદ્ભાગવતપુરાણમાં સુકર્માના શિષ્ય આવન્ત્યનો માત્ર નામોલ્લેખ જ છે અને કહ્યું છે કે, "શેષ શાખાઓ આવન્ત્યે કહી છે."[૧૪૦] આથી, એમ સમજી

શકાય છે કે, પૌષ્યંજિએ શિષ્યોને પાંચસો સંહિતાઓ અને કૃતે ૨૪ પ્રાચ્યસંહિતાઓનું અધ્યયન કર્યું હતું સામવેદની શતસંહિતાઓમાંથી આ ૫૨૪ સંહિતાઓને બાદ કરતાં, જે ૪૭૬ શાખાઓ બચી, તેનું પ્રવચન આવન્ત્યે કર્યું હતું. જો કે, વિષ્ણુપુરાણમાં આ નામ પ્રાપ્ય નથી. છતાં, શ્રીમદ્ભાગવતના આધારે આ કલ્પના થઈ શકે છે.

**❖ હિરણ્યનાભના શિષ્ય કૃત :**

હરિવંશપુરાણ(૧૨૦/૪૨) મુજબ, કૃત સન્નતિમાનનો પુત્ર હતો. હિરણ્યનાભના શિષ્યો પ્રાચ્યસામગ તરીકે ઓળખાય છે. વાયુપુરાણ(૬૧/૪૫)માં તેને પ્રાચ્યસામગ કહેલ છે. જ્યારે વિષ્ણુપુરાણ, તેને હિરણ્યનાભના ઉદીચ્ય સામગ શિષ્ય તરીકે ઓળખાવે છે. વાયુપુરાણ(૬૧/૪૮)માં અને બ્રહ્માંડપુરાણ(૧/૩૫/૫૪) માં કૃતને 'સામગશ્રેષ્ઠ' કહ્યા છે. હરિવંશપુરાણ(૧/૩૦/૪૨–૪૪) મુજબ, તેના ૨૪ શિષ્યો પણ પ્રાચ્યસામગ તરીકે જ ઓળખાય છે. મત્સ્યપુરાણ(૪૯/૭૫–૭૬)માં કૃતના શિષ્યોને 'કાર્ત' તરીકે ઓળખાવ્યા છે. વાયુપુરાણ(૬૧/૪૭)માં ‘कार्तास्तु’ શબ્દ છે, તો હરિવંશ(૧/૨૦/૪૪)માં ‘कार्ति’ પાઠ મળે છે. પુરાણોમાં કૃતના શિષ્યોની સંખ્યા ૨૪ છે, પરંતુ વાયુપુરાણમાં પ્રાપ્ત થતી નામોની યાદીમાં તે સંખ્યા ૨૩ છે, જે આ પ્રમાણે છેઃ રાડ, મહાવીર્ય, પંચમ, વાહન, તાલક, પાંડક, કાલિક, રાજિક, ગૌતમ, આજવસ્ત, સોમરાજ, પૃષ્ઠઘ્ન, પરિકૃષ્ટ, ઉલૂખલક, યવીયસ, વૈશાલ, અંગુલીય, કૌશિક, સત્ય, સાલિમંજરિ, કાપીય, કાનિક અને પરાશર. આ નામોની યાદી બ્રહ્માંડપુરાણ(૧/૩૫/૫૧–૫૪), વિષ્ણુપુરાણ,(૪/૧૯/૧૩), ભાગવતપુરાણ, (૧૨/૬/૮૦) અને મત્સ્યપુરાણ, (૪૯/૭૫–૭૬)માં પણ પ્રાપ્ત થાય છે.

**❖ પૌષ્યંજિના શિષ્યો :**

પુરાણોમાં પૌષ્યંજિના શિષ્યોની સંખ્યા નિશ્ચિત નથી. કોઈકમાં ૪ તો કોઈકમાં ૫ કહ્યા છેઃ

**(૧) લૌગાક્ષિ :**

લૌગાક્ષિ પ્રાકૃત નામ છે. પુરાણોમાં તથા અન્યત્ર તેના लोकाक्षिन्, लौगाक्षिन्, लोगाक्षि અને लौकाक्षि વગેરે પાઠો મળે છે. लौगाक्षि નામની આ આનુપૂર્વી કે પ્રાદેશિકતાની અસર હોય તેમ જણાય છે. પાણિનીના અષ્ટાધ્યાયી(૬/૨/૩૭)માં ‘लौगाक्ष’ શબ્દ મળે છે.

**(૨) કુથુમિ :**

આ વિષ્ણુપુરાણ(૪/૧૯/૧૫)નો પાઠ છે. બ્રહ્માંડપુરાણમાં ‘कुसुमि’ પાઠ મળે છે. અગ્નિપુરાણ(૨૭૧/૬) અનુસાર, આ સામવેદની 'કુસુમ' શાખાની

સાથે સંબંધિત છે. આથી, સંભવતઃ બ્રહ્માંડપુરાણે 'કુસુમિ' તરીકે ઉલ્લેખ કર્યો હશે.

**(૩) કુશીદ :**

આ બ્રહ્માંડપુરાણનો પાઠ છે. અન્યત્ર 'કુશીતિન્', 'કુસીદ' વગેરે પાઠો મળે છે. પુરાણોમાં આ શાખાના વિષયમાં કશું વિવરણ પ્રાપ્ત થતું નથી.

**(૪) લાંગલિ :**

'લાંગલિ', 'લાંગલિન્' વગેરે પાઠો મળે છે. ચરણવ્યૂહમાં 'લાંગલાયન' નામ મળે છે. શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૭૯)માં 'માંગલિ' પાઠાન્તર મળે છે.

**(૫) કુક્ષિ–કુલ્ય :**

શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૭૯)માં કુક્ષિ–કુલ્ય નામ મળે છે. અન્યપુરાણોમાં આ નામનો ઉલ્લેખ મળતો નથી.

**❖ લૌગાક્ષિના શિષ્યો :**

વાયુપુરાણ(૬૧/૩૭)માં તંડિપુત્ર, રાણાયણીય, મૂલચારી, કૈતિપુત્ર અને સાત્યપુત્રને લૌગાક્ષિના શિષ્યો કહ્યા છે. શ્રીમદ્ભાગવતપુરાણમાં આનો ઉલ્લેખ મળતો નથી. વાયુપુરાણમાં મળતું 'તંડિપુત્ર' નામ સંભવતઃ તાંડયશાખાકારને લક્ષિત કરે છે. સામવેદની આ શાખા ઘણી જ પ્રસિદ્ધ છે. લૌગાક્ષિના શિષ્યોમાં રાણાયણીય નામ પ્રસિદ્ધ છે. બ્રહ્માંડપુરાણમાં 'તાંડાયનીય' પાઠ મળે છે. અગ્નિપુરાણ(૨૭૧/૬)માં સામવેદની બે શાખાઓનાં નામો છેઃ કૌથુમા અને આથર્વણાયણી. શંકરાચાર્યના મતે અહીં 'રાણાયણી' પાઠ હોવો જોઈએ. (શંકરકૃત શારીરકભાષ્ય, ૩/૩/૨૩)

**❖ કુથુમિના શિષ્યો :**

વાયુપુરાણ(૬૧/૩૮)માં કુથુમિના ત્રણ શિષ્યો દર્શાવ્યા છેઃ ઔરસ, રસપાસર અને ભાગવિતિ. શ્રીમદ્ભાગવતપુરાણમાં આ પરંપરા પ્રાપ્ત થતી નથી. વિષ્ણુપુરાણ(૩/૬/૬)માં એટલું જ કહ્યું છે કે, લોકાક્ષિ, કુથુમિ, કુસુદિ અને લાંગલિના શિષ્ય–પ્રશિષ્યોમાં અનેક સંહિતા–ભેદો થયા છે, પરંતુ આ શાખાકારોનાં વિવરણો મળતા નથી.

**❖ લાંગલિના શિષ્યોઃ**

વાયુપુરાણ(૬૧/૪૩)માં લાંગલિના શિષ્યોનાં નામો જૈમિનિ, લોમગાયિનિ, કંડુ અને કોહલ દર્શાવ્યાં છે. આ સિવાય બ્રહ્માંડપુરાણમાં પણ આ નામોનો ઉલ્લેખ થયેલ છે, પરંતુ અન્ય પુરાણોમાં તે જોવાં મળતાં નથી. લાંગલિના એક શિષ્યનું નામ જૈમિનિ છે અને સામવેદીય શાખાની પરંપરામાં જૈમિનીને વ્યાસના પ્રથમ સામ–પ્રવર્તક શિષ્ય માનવામાં આવ્યા છે. આથી, આ બન્ને નામો કોઈ એક વ્યકિતનાં જ છે કે જુદા–જુદાનાં, તે વિચારણીય છે.

❖ **અથર્વવેદીય શાખા–વિકાસ**

કૂર્મપુરાણ(૧/૫૨/૨૦)માં અથર્વવેદની ૯ શાખાઓ દર્શાવી છે. આથર્વણ પરિશિષ્ટ ચરણવ્યૂહ, પ્રપંચહૃદય, મહાભાષ્ય અને ષડ્ગુરુશિષ્યકૃત સર્વાનુક્રમણીવૃત્તિમાં ૯ શાખા સ્વીકારી છે અને મુક્તિકોપનિષદમાં આ સંખ્યા ૫૦ છે. જ્યારે અહિર્બુધ્ન્યસંહિતામાં ૫ જ શાખાઓ કહેવામાં આવી છે.[૧૪૧] અગ્નિપુરાણ (૨૭૧/૮–૯)માં છ શાખાકારોનાં નામો મળે છે. આ ઉપરાંત, પુરાણોમાં વાયુપુરાણ (૬૧/૪૯–૫૧), બ્રહ્માંડપુરાણ(૧/૧૩/૫૨–૫૫), વિષ્ણુપુરાણ(૩/૬/૯–૧૫) વગેરે સ્થળોએ અથર્વવેદીય શાખાઓના વિકાસનું વર્ણન કરવામાં આવેલ છે. આ બધાંને આધારે અથર્વવેદની શાખા–પ્રશાખા–પરંપરા આ પ્રમાણે દર્શાવી શકાયઃ

❖ **સુમંતુ :**

પ્રવર્તમાન મન્વન્તરના દ્વાપરાન્તમાં વ્યાસે સુમંતુને અથર્વવેદ ભણાવ્યો હોવાના ઉલ્લેખો ઘણાં પુરાણોમાં મળે છે. મહાભારત, ૧/૬૩/૮૯માં પણ વ્યાસ–શિષ્યોમાં સુમંતુનું નામ મળે છે. પુરાણોમાં સુમંતુનો એક જ શિષ્ય કહ્યો છે. શ્રીમદ્–ભાગવતપુરાણ(૧૨/૭/૧) મુજબ, સુમંતુએ પોતાના પ્રિય શિષ્ય કબંધને આ સંહિતા ભણાવી હતી. અગ્નિપુરાણ(૧૫૦/૩૦)માં પૈપ્પલાદિ સહસ્ર શિષ્યોનો ઉલ્લેખ જોવા મળે છે. ભાગવતપુરાણ(૧/૪/૨૨)માં સુમંતુ માટે 'દારુણ' વિશેષણ પ્રયોજ્યું છે, જે તેની અભિચારકર્મની કુશળતા દર્શાવે છે. આ પ્રસંગમાં અથર્વવેદનું 'द्विशरीरशिराः' વિશેષણ (વાયુપુરાણ,૬૫/૨૭ તથા બ્રહ્માંડપુરાણ,૨/૧/૨૬) ઉલ્લેખનીય છે. વાયુપુરાણ(૬૫/૪૮–૪૯)માં અથર્વવેદની પરંપરા સુમંતુ દ્વારા આરંભાઈ હોવાની વાત કહેલ છે.

❖ **સુમંતુશિષ્ય કબંધ :**

આ નામ લગભગ બધાં જ પુરાણોમાં છે. ભાગવતપુરાણ(૧૨/૭/૧)માં સુમંતુએ પોતાના શિષ્યને અથર્વવેદ ભણાવ્યો હોવાનો નિર્દેશ છે. બ્રહ્માંડપુરાણમાં 'कबन्धााय पुनः कृष्णं' કહ્યું છે. વાયુપુરાણ(૬૧/૪૯) મુજબ 'કૃષ્ણ' નામની કોઈ શાખા નથી. શ્રીધરના મતે અહીં પ્રકૃતપાઠ 'कृत्स्नम्' છે.[૧૪૨] વાયુપુરાણ(૬૧/૪૮) વ્યાસ પાસેથી મેળવેલ અથર્વવેદને કબંધે બે વિભાગોમાં વહેંચી, એક ભાગ પથ્યને તથા બીજો ભાગ દેવદર્શને ભણાવ્યો. શ્રીમદ્ભાગવતપુરાણ(૧/૪/૨૨)માં "अथर्वांगि- रसामासीत् सुमन्तुः" કહ્યું છે. વાયુપુરાણ(૬૧/૪૯) કબંધ પોતાની સંહિતાને યથાક્રમ જાણતા હોવાનું નોંધે છે. કબંધના પથ્ય અને દેવદર્શ નામના બે શિષ્યો પુરાણોમાં કહ્યા છે.

❖ **પથ્ય :**

વાયુ–બ્રહ્માંડ–ભાગવતપુરાણમાં કહ્યું છે કે, કબંધે સ્વાધીત અથર્વવેદને બે વિભાગોમાં વિભાજીત કરી, તેમાંનો એક ભાગ પથ્યને શીખવ્યો હતો. પથ્ય દ્વારા આ પરંપરમાં શું કરવામાં આવ્યું, તે અંગે કશી વિસ્તૃત માહિતી પ્રાપ્ત થતી નથી. પરંતુ એટલું તો ચોકકસ છે કે, કબંધે અથર્વવેદને બે ભિન્ન રૂપો આપી બે અલગ–અલગ ધારાઓનો પ્રારંભ કર્યો હતો.

❖ **દેવદર્શ :**

આ નામ વિષ્ણુપુરાણ અને બ્રહ્માંડપુરાણમાં મળે છે. જયાં 'देवदर्श' પાઠ જ જોવા મળે છે. શ્રીમદ્‌ભાગવતપુરાણ(૧૨/૭/૨)માં 'वेददर्शस्य' શબ્દનો પ્રયોગ થયો છે, જેમાં કબંધ પાસેથી પ્રાપ્ત થયેલ અથર્વવેદના ભાગને ચાર વિભાગોમાં વિભાજીત કરી, દેવદર્શે પોતાના ચાર શિષ્યોને તેનું અધ્યયન કરાવ્યું હોવાની માહિતી મળે છે. શાખાકાર દેવદર્શનું નામ અન્ય ગ્રંથોમાં પણ મળે છે, પરંતુ વર્તમાન સમયમાં આ શાખા ઉપલબ્ધ થતી નથી.[૧૪૩]

❖ **દેવદર્શના ચાર શિષ્યો :**

પુરાણોમાં દેવદર્શના ચાર શિષ્યોનાં નામોમાં પાઠભેદ જોવા મળે છે, પરંતુ તેમની સંખ્યામાં કોઈ તફાવત મળતો નથી. જો કે અર્વાચીન સમયમાં આ પ્રશાખાઓ પ્રાપ્ત થતી નથી.

**(૧) મૌદ :**

બ્રહ્માંડપુરાણ અને વાયુપુરાણમાં 'मौद' પાઠ મળે છે. વાયુપુરાણમાં 'मौद्ग' પાઠાંતર જોવા મળે છે. ભાગવતપુરાણ(૧૨/૭/૨)માં 'मोदोष' પાઠ મળે છે. ચરણવ્યૂહ ટીકામાં 'मौदाः' પાઠ મળે છે. આ ઉપરાંત, પુરાણોમાં આ શિષ્યો વિશે વધુ માહિતી મળતી નથી.

**(૨) બ્રહ્મબલ :**

બ્રહ્માંડપુરાણ(૨/૧/૨૭)માં 'ब्रह्मबल' નામ મળે છે. વાયુપુરાણ (૬૧/૫૧)માં પણ 'ब्रह्मबल' પાઠ જ જોવા મળે છે. ભાગવતપુરાણ(૧૨/૭/૨)માં 'ब्रह्मबलि' પાઠ મળે છે. ચરણવ્યૂહાદિમાં આ નામ પ્રાપ્ત થાય છે.

**(૩) શૌષ્કાયનિ :**

વાયુપુરાણમાં 'शौष्कायनि' પાઠ જોવા મળે છે. શ્રીમદ્‌ભાગવતપુરાણ (૧૨/૭/૨)માં 'शौक्लायनि' પાઠ જોવા મળે છે. બ્રહ્માંડપુરાણમાં પણ 'शौक्लायनि'

પાઠ છે. વિષ્ણુપુરાણમાં 'शौक्तायनि' પાઠ મળે છે. ચરણવ્યૂહાદિમાં આ નામનું વિવરણ પ્રાપ્ત થતું નથી.

**(૪) પિપ્પલાદ :**

વાયુપુરાણમાં 'पिप्पलाद' પાઠ જોવા મળે છે. પુરાણોમાં દેવદર્શનો આ શિષ્ય ખૂબ જ પ્રસિદ્ધ છે. તેના નામમાં પણ કશો વિવાદ જોવા મળતો નથી. શ્રીમદ્ભાગવતપુરાણમાં 'पिप्पलायनि' પાઠ જોવા મળે છે. અગ્નિપુરાણ(૧૫૦/૩૦)માં 'पैप्पल' પાઠ મળે છે. બ્રહ્મપુરાણ(૧૧૦/૨૩)માં 'पिप्पलाशन्' પાઠ જોવા મળે છે. સ્કંદપુરાણના નાગરખંડ(૧૭૪/૪૮—૫૧)માં પિપ્પલાદ વિશે કથા છે કે, યાજ્ઞવલ્કયની બહેન ગર્ભવતી કંસારીએ એક પુત્રને જન્મ આપી, પિપળાના વૃક્ષની નીચે છોડી દીધો, ત્યારે આકાશવાણી થઈ કે, "હે બાળક! તું યાજ્ઞવલ્કયના વીર્યથી ઉત્પન્ન થયો છે, તેથી તું બૃહસ્પતિ છો અને ઉતથ્ય શાપના કારણે મનુષ્ય રૂપમાં તારો જન્મ થયો છે. નૃપ કાર્યસિદ્ધિ માટે શતશાખા અને શતકલ્પ ગૂઢાર્થક એવો જે અથર્વવેદ છે, તેને નવ શાખાઓમાં અને પાંચ કલ્પોમાં વિભકત કરવાનું તારું કર્તવ્ય છે." અહીં એટલું ચોકકસ કહી શકાય કે, અથર્વવેદનું એક મહત્ત્યવપૂર્ણ કાર્ય પિપ્પલાદે કર્યું હતું. અથર્વવેદની સો શાખાઓ હતી, પરંતુ શાખાકારો વિશે માહિતી મળતી નથી. પિપ્પલાદસંહિતાની એક પ્રમાણમાં અર્વાચીન એવી હસ્તપ્રત પણ પ્રાપ્ત થાય છે. જેનું વિવરણ દુર્ગામોહન ભટ્ટાચાર્ય 'Palm leaf manuscipt of the Paippalads Samhita : Textual Importance of the New Fads'[૧૪૪]માં આપે છે.

**❖ પથ્યના ત્રણ શિષ્યો :**

પુરણોમાં પથ્યના ત્રણ શિષ્યો ગણાવ્યા છે. ભાગવતપુરાણ(૧૨/૭/૩) માં જાજલિ, કુમુદ અને શુનક નામના ત્રણ શિષ્યોનો ઉલ્લેખ જોવા મળે છે. વાયુપુરાણમાં પણ આ ત્રણ નામો પ્રાપ્ત થાય છે. જાજલિ અને કુમુદના વિષયમાં વિવરણ જોવા મળતું નથી. શુનકના પુત્ર શૌનકનો ઉલ્લેખ પુરાણોમાં વારંવાર જોવા મળે છે.

**❖ શૌનક :**

મહાભારત, અનુશાસનપર્વ(૩૦/૬૫) મુજબ શૌનક ભૃગુવંશી શુનકના પુત્ર છે. શુનકને શૌનકના પૂર્વ પિતામહ પણ કહ્યા છે.[૧૪૫] શૌનક નામ સર્વત્ર જોવા મળે છે, પરંતુ શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૭/૩)માં 'शुनक' પાઠ જોવા મળે છે. તો શ્રીમદ્ભાગવતપુરાણ(૧/૪/૧)માં —'वृद्धः कुलपतिः सूतं बह्वृचः शौनकोऽब्रवीत् ।'

અર્થાત્, 'વૃદ્ધ કુલપતિ ઋગ્વેદી શૌનકે સૂતને કહ્યું' એવો ઉલલેખ પ્રાપ્ત થાય છે. આથી આ શૌનક અથર્વવેદ–પ્રોકત છે કે ઋગ્વેદ–પ્રોકત, એ વિષયમાં શંકા રહે છે. મુંડકોપનિષદ(૧/૧/૩) મુજબ શૌનકે અંગિરા પાસેથી વિદ્યા મેળવી હતી. આથી ભાગવતપુરાણ(૧૨/૭/૩)માં શુનકને અંગિરાપુત્ર કહેલ છે.

**❖ શૌનકના બે શિષ્યો :**

પુરાણોમાં શૌનકના બે શિષ્યો વિશે માહિતી મળે છે. એમનાં નામો સૈંધવાયન અને બભ્રુ છે.

**❖ સૈંધવાયન :**

શૌનકના આ શિષ્યનો ઉલલેખ શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૭/૩)માં પ્રાપ્ત થાય છે. વાયુપુરાણ(૬૧/૫૨–૫૪)માં સૈંધવાયને મુંજકોશને ઉપદેશ આપ્યો હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે– 'सैंधवो मुञ्जकेशाय'– જેથી, શુનક–સૈંધવાયન–મુંજકેશ એવો ક્રમ–પરંપરા પ્રતિઘોષિત થાય છે. આ ઉપરાંત સૈંધવાયન વિશે કશું વિસ્તૃત વિવરણ પુરાણોમાં પ્રાપ્ત થતું નથી.

**❖ બભ્રુ :**

શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૭/૩)માં બભ્રુને અંગિરાનો શિષ્ય કહ્યો છે. જેનાથી 'અંગિરા શુનક' સ્પષ્ટ થાય છે. શુનક અંગિરા ગોત્રમાં થયા હોવાથી આમ કહેવું પણ યોગ્ય જ ગણાશે. અલબત્ત, અન્ય પુરાણોમાં શુનકના સ્થાને શૌનક નામ છે. શ્રીધરે વિષ્ણુપુરાણ, ૩/૬/૧૪ પરની ટીકામાં બભ્રુના શિષ્યોને 'मुञ्जकेशाः' કહ્યા છે. આ દષ્ટિએ વાયુપુરાણ(૬૧/૫૪)ના 'सैंधवो मुञ्जकेशाय' ના સ્થાને 'सैंधवाः मुञ्जकेशाश्च' પાઠ કરીએ, તો તેનો 'બભ્રુના મુંજકેશ નામક અનેક શિષ્યો' એવો અર્થ સંભવી શકે. અગ્નિપુરાણમાં 'બભ્રુ' નામ મળતું નથી, પરંતુ 'મુંજકેશ' નામ મળે છે.

આમ, પુરાણોની પરંપરાનુસાર એક જ વેદના ચાર વિભાગ અર્થાત્ ઋક્, યજુષ્, સામ અને અથર્વ એમ ચારેય વેદસંહિતાઓ અને તેની શાખા–પ્રશાખાઓ તથા શિષ્ય–પ્રશિષ્યો વિષયક પૂરતાં પ્રમાણમાં માહિતી વિભિન્ન પુરાણોએ આપી છે. પુરાણોએ પ્રાચીન ભારતનો સાહિત્યિક તેમજ ઐતિહાસિક વારસો પોતાનામાં સાચવી રાખ્યો હોવાનો, આ એક બોલતો પુરાવો છે. પુરાણોની અતિશયોકિતને નજર અંદાજ કરીને તેમનું અધ્યયન કરવામાં આવે, તો વેદ વિષયક માહિતીની જેમ ઘણાં તથ્યો સામે આવી શકે તેમ છે.

## (ક) વૈદિક મંત્રો–સૂક્તો

પુરાણો વેદનું ઉપબૃંહણ હોવાથી, વેદનાં અનેક મંત્રો તથા સૂક્તો થોડા–ઘણા ફેરફાર સાથે અને કયાંક તો શબ્દશઃ પુરાણોમાં નિરૂપાયેલાં છે. વૈદિક સંહિતાઓના અનેક મંત્રો કોઈપણ જાતના ફેરફાર વગર પુરાણોએ નોંધ્યા છે. વાયુપુરાણ(૫૯/૧૪૯) તથા બ્રહ્માંડપુરાણ(૧/૩૩/૫૮)માં તો 'मन्त्रो मन्त्रयतेर्धातोः' કહીને 'મંત્ર' શબ્દની વ્યુત્પત્તિ પણ આપેલી છે. અહીં એ આપમેળે જ સિદ્ધ થઈ જાય છે કે, 'मन्त्रः' અર્થાત્, વૈદિક મંત્ર. નિરુકત(૭/૧૨)માં 'मन्त्रा मननात्' કહેવામાં આવ્યું છે. પુરાણોમાં મહદંશે 'मत्रि' (ચુરાદિગણ)થી 'મંત્ર' શબ્દની નિષ્પત્તિ કરી છે. શાબરે પોતાના ભાષ્યમાં મીમાંસાસૂત્ર(૨/૧/૩૨)ની સમજૂતીમાં 'तच्चोदकेषु मन्त्राख्या' કહીને અવ્યાપ્તિ દોષનું નિવારણ દર્શાવી, મંત્રની નવી જ વ્યુત્પત્તિ આપેલ છે. આ અર્થમાં 'मत्रि' ધાતુથી 'મંત્ર' શબ્દની વ્યુત્પત્તિ યોગ્ય સમજી શકાય છે.

પુરાણોમાં મંત્રના પર્યાય તરીકે 'બ્રહ્મન્' શબ્દનો પ્રયોગ પણ જોઈ શકાય છે. શ્રીમદ્ભાગવતપુરાણ(૯/૧/૧૭)માં 'ब्रह्मविक्रिया' શબ્દ છે, જયાં 'બ્રહ્મ' શબ્દનો અર્થ 'મંત્ર' થાય છે. પુરાણોમાં એવાં ઘણાં ઉદાહરણો પ્રાપ્ત થાય છે, જયાં 'मन्त्रप्रवचन' તથા 'ब्रह्मप्रवचन' જેવા શબ્દો પ્રાપ્ત થાય છે.[૧૪૬] મહાભારતના વનપર્વ, ૧૩૨/૩માં 'ब्रह्मकृत्' શબ્દ છે. જેમાં 'બ્રહ્મ' શબ્દનો અર્થ 'મંત્ર' છે. પ્રાચીનકાળથી જ જોઈ શકાય છે કે, મંત્રના આવિર્ભાવક તરીકે બ્રહ્માને માનવામાં આવે છે. એથી આ બન્ને શબ્દો ધીમે–ધીમે એકબીજાના પર્યાય તરીકે પ્રયોજાવા લાગ્યા હતા. સાયણે કહ્યું છે કે, – ''ब्रह्म हि देवान् प्रच्यावयति ।'' અહીં તેમણે 'બ્રહ્મ' નો અર્થ મંત્ર લીધો છે.[૧૪૭] પુરાણકારોએ પણ આ પરંપરાને પોતાના ગ્રંથોમાં સાચવેલ છે.

પુરાણોમાં મંત્રોત્પત્તિ વિષયક ઉલ્લેખો પણ મળે છે. મત્સ્યપુરાણ, ૧૪૫/૬૨–૬૪; વાયુપુરાણ, ૫૯/૬૦–૬૨ અને બ્રહ્માંડપુરાણ, ૧/૩૨/૬૭–૬૯ વગેરે શ્લોકો અનુસાર, કઠોર તપસ્યા કરનારા ઋષિઓના હૃદયથી પૂર્વ મન્વન્તર પહેલા મંત્રો પ્રગટયા હતા. જેમાં અસંતોષ, ભય, દુઃખ, મોહ અને શોક આ પાંચ પ્રકારના ભાવો, તેમના પ્રાદુર્ભાવમાં કારણરૂપ હતા. આ શ્લોકોમાં એ તપસ્વી ઋષિઓને 'તારક' નામની વિશિષ્ટ બુદ્ધિ (વિદ્યા) ધરાવનાર ગણાવ્યા છે.

બીજી એક કલ્પના એ પણ આપવામાં આવી છે કે, પ્રાચીન કાળમાં પ્રજાના દુઃખથી પ્રેરાઈને તપસ્વી મુનિઓએ વિચાર કર્યો કે, મનુષ્યોને સુખી કરવા માટે કંઈક કરવાની જરૂર છે. સુખની પ્રાપ્તિ માટે તેઓએ મંત્રાત્મક વેદની રચના કરી હતી. પૌરાણિક સમયમાં વેદની નિત્યતા સ્વીકારવામાં આવી હોવાથી, વેદો

માટે 'પ્રાદુર્ભાવ' શબ્દનો પ્રયોગ થયેલો છે. 'પૂર્વમન્વન્તર'નો અર્થ 'આ મન્વન્તર પહેલાનું મન્વન્તર' એવો થાય છે. 'આ પહેલાનું' એ શબ્દ પરંપરાનો સૂચક હોવાથી, સ્મરણાતીત સમયનો બોધ તેનાથી પ્રાપ્ત થાય છે. વેદની નિત્યતાને આ બાબત સમર્થન આપનારી છે.

પુરાણોમાંથી મળતી માહિતી અનુસાર, ભિન્ન–ભિન્ન ઋષિઓ દ્વારા ભિન્ન–ભિન્ન વેદોનું તપ થતું હતું. તપસ્વી ઋષિઓને નિત્ય વેદની સત્તાનું જ્ઞાન પહેલેથી જ હતું. તે પોતાના વેદાનુસાર જ તપ કરતા હતા. ઋગ્વેદ, ૪/૫૦/૧નું વાકય – 'ऋषयो दीध्यानाः' પણ ઋષિઓના તપ તરફ સંકેત કરે છે. પુરાણોની દૃષ્ટિએ ચતુર્વેદમાં કહેલ વિધિ મુજબ તપ કરતા ઋષિઓના હૃદયમાં મંત્રોનો ફરી આવિર્ભાવ થયો, એ કહેવું યોગ્ય છે. પુરાણોમાં જે તારકજ્ઞાનનો ઉલ્લેખ છે, તેનો અર્થ 'ऋषिर्दर्शनात्' વાકયની વ્યાખ્યામાં કર્યો છે.[૧૪૮] આ જ્ઞાનનું વિવરણ યોગસૂત્ર, ૩/૫૪માં કરેલ છે. વૈદિક ગ્રંથોમાં સ્પષ્ટ રીતે આ શબ્દ મળતો નથી. યોગસંપ્રદાયના પ્રભાવ તળે લિંગપુરાણ(૧/૯/૫૮)માં યોગી દ્વારા સ્વતઃ વેદનું ઉચ્ચારણ કહ્યું છે. મત્સ્યપુરાણ(૧૪૫/૫૭)માં મંત્રોત્પત્તિના વર્ણનના પ્રસંગમાં 'મન્વન્તરનો વિધિ કહું છું' એ વચનને જ પ્રથમ દર્શાવેલ છે.[૧૪૯] અહીં મન્વંતરના પ્રારંભમાં મંત્રોની ઉત્પત્તિ ગ્રાહ્ય રાખેલ જોવા મળે છે, જે મંત્રોની પ્રાચીનતાનો જ નિર્દેશ કરે છે. મત્સ્યપુરાણ(૧૪૫/૬૦)માં 'मन्वन्तरेषु सर्वेषु यथाभेदा भवन्ति हि ।' તેમજ બ્રહ્માંડપુરાણ(૧/૩૨/૬૨)માં 'प्रतिमन्वन्तरं चैव श्रुतिरन्या विधीयते' અર્થાત્, 'પ્રત્યેક મન્વંતરમાં શ્રુતિ અન્ય થઈ જાય છે' એમ કહ્યું છે. આથી, પુરાણો એ સત્યને ચોકકસ સ્વીકારે છે કે, પ્રાચીન સમયથી જ શ્રુતિપાઠોમાં થોડું થોડું પરિવર્તન થતું રહ્યું છે. એ કારણે જ અહીં આવું અસ્પષ્ટ વિધાન પ્રયોજાયેલ છે.

પુરાણોમાં મંત્રોના આવિર્ભાવના પ્રસંગમાં સ્વાયંભુવ મન્વંતરમાં મંત્રોની અભિવ્યકિત કહેવામાં આવી છે.[૧૫૦] આ વિવરણમાં મંત્રોના આવિર્ભાવનો ચોકકસ નિર્દેશ આપ્યો છે. પુરાણોમાં ઘણા સ્થળોએ સપ્તર્ષિઓને શ્રૌતધર્મના પ્રવકતા કહીને તેમના દ્વારા મંત્રોની ઉત્પત્તિ કહી છે.[૧૫૧] માર્કંડેયપુરાણ(૪૫/૨૩) મુજબ ઋષિપરંપરામાં વેદનું પ્રણયન થયું હતું. વૈદિકગ્રંથોમાં મંત્રો સાથે ઋષિઓનો સંબંધ સ્પષ્ટ જ છે. મત્સ્યપુરાણના ૯મા અધ્યાયમાં અને વાયુપુરાણના ૬૨મા અધ્યાયમાં ભિન્ન–ભિન્ન મન્વંતરોમાં થઈ ગયેલા ભિન્ન–ભિન્ન ઋષિઓની યાદીઓ આપવામાં આવી છે. પુરાણોએ સપ્તર્ષિઓને પૂજ્ય ગણ્યા છે. પુરાણોએ મનુને પણ સપ્તર્ષિઓમાં સમાવેલ છે, પરંતુ મંત્રની ઉત્પત્તિ સાથે તેનો નામોલ્લેખ સ્પષ્ટપણે કર્યો નથી.[૧૫૨] મંત્રોના આવિર્ભાવના પ્રસંગમાં મંત્રોની નિત્યતા દર્શાવવા માટે દેવોના આદિકલ્પમાં

મંત્ર સ્વયં પ્રાદુર્ભૂત થયા હતા, એવો મત દર્શાવ્યો છે. આ પ્રસંગમાં અંતે સપ્તર્ષિઓ દ્વારા કહેલ ઋક્—આદિ ચતુર્વિધ મંત્રોનો ઉલ્લેખ છે.[૧૫૩] પુરાણોમાં વેદસૃષ્ટિના પ્રકરણમાં 'ऋचः', 'यजूंषि', 'सामानि' જેવા શબ્દો આવે છે.[૧૫૪] આ બધા વૈદિક મંત્રોનાં લક્ષણો સહિત વિવરણો પ્રાપ્ત થાય છે. બ્રહ્માંડપુરાણ(૧/૩૩/૩૬)માં ઋક્નું લક્ષણ આ પ્રમાણે આપ્યું છેઃ

'यः कश्चित् पादवान् मध्ये प्रयुक्तोऽक्षरसंपदा ।
विनियुक्तावसानां तु तामृचं परिचक्षते ।।'

અહીં, ઋક્માં અક્ષરોના મહત્ત્યવ વિશે કહ્યું છે. ઋક્મંત્રમાં પદની મહત્તા 'પાદવિધાન' ગ્રંથથી જાણી શકાય છે. ઋક્મંત્રોમાં અક્ષરગણનાની વિશિષ્ટ મહત્તા કરવા માટે 'संपद्' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ઋક્પ્રાતિશાખ્ય (૧૭/૨૧)માં 'अक्षराण्येव सर्वत्रनिमित्त बलवत्तरम्' એમ કહ્યું છે. આ વિધાન ઋક્મંત્રોમાં છંદોના મહત્ત્યવને દર્શાવે છે.

બ્રહ્માંડપુરાણ(૧/૩૩/૩૭)માં યજુર્લક્ષણ આ પ્રમાણે આપ્યું છેઃ

'यः कश्चित् करणैर्मन्त्रो न च पादाक्षरैर्मितः ।
अतियुक्तावसानां च तद् यजुर्वै प्रचक्षते ।।'

જ્યારે વાયુપુરાણ(૬૦/૨૪)માં – 'पादानामुद्धृतत्वाच्च यजूंषि विषमाणि वै ।' દર્શાવ્યું છે. આ સ્થળે બ્રહ્માંડપુરાણ(૧/૩૪/૨૩)માં 'उद्धतत्वात् च यजुर्मन्त्र' પાઠ મળે છે. યજુર્મંત્રોમાં પાદ અનવસ્થિત હોવાથી, વાયુપુરાણ કરતાં બ્રહ્માંડપુરાણનો આ પાઠ વધારે ઉચિત જણાય છે. ઋક્મંત્રોમાં પાદાક્ષરનિયમનના કારણે જ સમતા રહે છે, જે યજુર્મંત્રમાં જોવા મળતી નથી. અગ્નિપુરાણ(૨૧૫/૪૫)માં 'छन्दोहीनं यजुर्यतः' કહી યજુર્મંત્રોની છંદહીનતા સ્વીકારી છે. યજુર્વેદમાં યજુસ્છંદની કલ્પનાનો મત પણ મળે છે.

બ્રહ્માંડપુરાણ(૧/૩૩/૩૮–૩૯)માં આપવામાં આવેલ સામલક્ષણમાં સામભકિતઓનો નિર્દેશ મહત્ત્યવનો છે. હિંકાર, પ્રણવ, ઉદ્ગીથ, પ્રસ્તાવ, પ્રતિહાર, ઉપદ્રવ અને નિધન એ સાત 'સપ્તભકિતકસામ' તરીકે ઓળખાય છે. આમાંથી હિંકાર અને પ્રણવ સિવાયના પાંચ સામો પદવાચ્ય હોય છે. પુરાણોમાં સપ્તવિધ તથા પંચવિધ સામો પ્રસિદ્ધ છે. આ સામભકિતકોના વિષયમાં છાંદોગ્યોપનિષદ (૨/૨, ૨/૮, ૨/૧૦), તાંડયબ્રાહ્મણ(૪/૯/૯)માં માહિતી આપેલી છે. આ સામભકિતકો મંત્રવિશેષ કે અવયવવિશેષ હોય છે. પરંપરા મુજબ ગીયમાનનો પ્રથમ ભાગ પ્રસ્તાવ તરીકે ઓળખાય છે. બીજો ભાગ ઉદ્ગીથ છે, જે ઉદ્ગાતા દ્વારા ગાવામાં આવે છે. પંચવિધસામ મહદંશે ઋત્વિજો દ્વારા ગવાય છે. ઋત્વિજો મળીને 'हुम्' નું

ઉચ્ચારણ કરે છે, ત્યારબાદ 'નિધન' પર્યંતનો અંશ યજમાનનું કાર્ય છે. આ પંચવિધ સામોને હિંકાર તેમજ પ્રણવગાનનાં અંગો ગણાવવામાં આવ્યા છે. મંત્રબ્રાહ્મણના ચોથા પ્રપાઠકમાં આ વિષય વર્ણવાયો છે. સામના આ દ્વિવિધ રૂપો હંમેશાં સ્તોભાદિથી યુકત હોય છે. સામ માટે આથી જ 'स्तोभादिगीतविशिष्ट' વિશેષણનો પ્રયોગ કરવામાં આવે છે.[૧૫૫] સામવેદના પરિશિષ્ટોમાં પણ સ્તોભ સંબંધી એક પરિશિષ્ટ છે. ઋક્‌વિલક્ષણ મંત્રોને 'વર્ણસ્તોભ' તરીકે ઓળખવામાં આવે છે.[૧૫૬] વર્ણસ્તોભ સિવાય નવ પ્રકારના વાકયસ્તોભ તથા હાઉ વગેરે પંચદશ પદસ્તોભ પણ પ્રસિદ્ધ છે.[૧૫૭] સ્તોભ સંબંધી ગ્રંથોમાં એ બધા સ્તોભોનું વર્ણન મળે છે. સામશ્રમીએ ગ્રામગેયગાનની અપેક્ષાએ અરણ્યગાનમાં સ્તોભોનો વિશેષ પ્રયોગ દર્શાવ્યો છે.[૧૫૮] મીમાંસાના ગ્રંથોમાં પણ સ્તોભ અને સામ પર યોગ્ય વિચાર મળે છે. મીમાંસાસૂત્ર, ૯/૨/૩૯માં સ્તોભ–લક્ષણ આપવામાં આવેલ છે. સ્તોભ સામપદવાચ્ય ન હોય તો પણ સામગાનની નિષ્પત્તિ માટે સ્તોભની ઉપયોગિતા છે અને એથી જ સામલક્ષણમાં સ્તોભને સમાવવામાં આવેલ છે. શબરે એક સ્થળે નોંધ્યું છે કે,–"જે ઋક્ સ્વરસ્તોભ–વિકારથી યુકત છે તથા જેમાં હિંકાર, પ્રણવ વગેરે સાત વિભકિતઓ છે, તેના માટે સામ શબ્દ સ્વરસ્તોભવિકારથી ઉપચરિત થાય છે."[૧૫૯]

સામગાનના સંપાદનને માટે ઋક્‌ના અક્ષરોમાં થોડું પરિવર્તન કરવું પડે છે. એ સામવિકાર, સંખ્યાવિકાર, વિશ્લેષણ, વિકર્ષણ, અભ્યાસ, વિરામ અને સ્તોભ એમ છ છે. હિંકારના ઉચ્ચારણમાં સર્વત્ર 'हुम्' રૂપમાં ઉચ્ચારણ કરવામાં આવે છે. કયાંક–કયાંક 'हिं' ઉચ્ચારણની શૈલી પણ જોવા મળે છે. નારાયણ દીક્ષિતે કૌથુમીય શાખીય ગ્રામગેયગાનની ભૂમિકામાં 'हिं' ઉચ્ચારણને 'બહુજનસમાદ્રુત' કહ્યું છે.[૧૬૦]

પુરાણોમાં બ્રહ્માંડપુરાણ(૧/૨૯/૫૧), વાયુપુરાણ(૫૭/૪૬), મત્સ્ય–પુરાણ(૧૪૨/૪૭) વગેરેમાં આથર્વણમંત્રોનો ઉલ્લેખ છે. આથર્વણમંત્રોનો અર્થ અથર્વવેદોકત મંત્ર છે. શ્રૌતયજ્ઞક્રિયાનો અથર્વ સાથે ઘણો જ ઘનિષ્ઠ સંબંધ છે. સામાન્ય રીતે ઋક્ અને અથર્વ મંત્રોની રચના સમાન જ છે. રચનાની દષ્ટિએ અથર્વમંત્ર હંમેશા ઋક્‌મંત્રને જ અનુસરે છે. અપવાદરૂપે કયારેક યજુર્મંત્રને અનુસરે છે, પરંતુ સાથે સાથે અથર્વમંત્રો એક મૌલિક વિશિષ્ટતાને પણ અનુસરતા દર્શાવાય છે. એ મંત્રોનો પ્રયોગ અભિચાર અને શાંતિકર્મ માટે જ થાય છે. અન્ય વેદોના મંત્રો શ્રૌતયજ્ઞોમાં જ વણરાય છે. આ ભેદને ધ્યાનમાં રાખીને જ આથર્વમંત્રોની અલગ ગણના થાય છે. યાજ્ઞવલ્કય ઋષિ પણ અથર્વવેદને અલગ વેદ જ માને છે.[૧૬૧] અગ્નિપુરાણ(૧૨૪/૫)માં 'ऋग्यजुःसामथर्वाख्यवेदमन्त्राः' કહીને ચારેય વેદોનો ભેદ

પાડયો છે. જયારે શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬/૫૦)માં અથર્વને 'એક પ્રકારના મંત્રો' જ ગણાવવામાં આવ્યા છે. શંકરાચાર્યે પણ બૃહદારણ્યકભાષ્યમાં ચતુર્વિધ મંત્રોનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. આ રીતે, પ્રાચીનકાળથી જ આથર્વમંત્રો એક ચોકકસ ઓળખાણ ધરાવતા હતા.

આ ઉપરાંત, પુરાણોમાં અવિવક્ષિતભાવો ધરાવતાં મંત્રોનું લક્ષણ પણ આપવામાં આવેલ છે. બ્રહ્માંડપુરાણ(૧/૩૩/૪૦–૪૧)માં આવા મંત્રોનું લક્ષણ આ પ્રમાણે પ્રાપ્ત થાય છેઃ

'ब्रह्मणे धर्ममित्युक्तो यत्तदा ज्ञायतेऽर्थतः ।
आशास्तिस्तु प्रसंख्याता विलापः परिवेदना ।।
क्रोधाद् वा द्वेषणाच्चैव प्रश्नाख्यानं तथैव च ।
एतत्तु सर्वविद्यानां विहितं मन्त्रलक्षणम् ।।'

જો કે, અહીં પાઠ ભ્રષ્ટ હોય તેમ જણાય છે, તેથી અર્થ સ્પષ્ટ થતો નથી. 'ब्रह्मणे धर्ममित्युक्तो यत्तदा ज्ञायतेऽर्थतः' નો અર્થ અસ્પષ્ટ છે. 'ક્રોધ' અને 'દ્વેષણ' શબ્દમાં પંચમી વિભકિત છે, જે અસંગત છે. 'सर्वविद्यानां' ના સ્થાને 'सर्ववेदानां' પાઠ વધારે સંગત છે. 'વેદ'ના અર્થમાં 'વિદ્યા' શબ્દ પ્રયોજાયો છે, પરંતુ પુરાણોમાં વેદ માટે વિદ્યાપદનો પ્રયોગ બહુ વિરલ છે. બ્રહ્માંડપુરાણના આ શ્લોકનું તાત્પર્ય એવું જણાય છે કે, મંત્રોમાં પ્રસંખ્યાન, વિલાપ, પરિદેવન, ક્રોધ, દ્વેષ, પ્રશ્ન, આખ્યાન એ અનુસ્યૂત ભાવો છે. નિરુકત(૭/૩)માં યાસ્કાચાર્ય પણ મંત્રધર્મને દર્શાવતાં સ્તુતિ, આશીર્વાદ, શપથ, અભિશાપ, આચિખ્યાસા, પરિવેદના, નિંદા તથા પ્રશંસાને ગણાવે છે. શાબરભાષ્યમાં પણ મંત્રગતધર્મો વિશે વિચાર કરવામાં આવ્યો છે.

બ્રહ્માંડપુરાણ(૧/૩૩/૪૨–૪૩)માં મંત્રોના નવ પ્રકાર કહેવામાં આવ્યા છેઃ

'मन्त्रा नवविधा प्रोक्ता ऋग्यजुःसामलक्षणाः ।
मूतिर्निन्दा प्रशंसा चाक्रोशस्तोषस्तथैव च ।।
प्रश्नानुज्ञास्तथाख्यानमाशास्ति विधयो मताः ।'

વિષ્ણુધર્મોત્તરપુરાણ(૩/૪/૧૦–૧૧)માં પણ આ લક્ષણો આ પ્રમાણે આપ્યાં છેઃ

'मन्त्रा नवविधा प्रोक्ता ऋग्यजुःसामलक्षणाः ।
स्तुतिर्निन्दा प्रशंसा चाक्रोशः प्रैष्य एव च ।।
प्रश्नोऽनुज्ञा तथाख्यानमाशास्ति विषय मताः ।
एवं ते सर्वविद्यानां विहितं सर्वलक्षणम्' ।।'

અહીં બ્રહ્માંડપુરાણના 'मूति' ના સ્થાને 'स्तुति' પાઠ છે, જે વધારે સુસંગત જણાય છે. તે જ રીતે 'प्रश्नाऽनुज्ञा' ને સ્થાને 'प्रश्नोऽनुज्ञा' પાઠ પણ સંગત છે.

બ્રહ્માંડપુરાણ(૧/૩૩/–૩૬)માં મંત્રના ચોવીસ ભેદ પણ ગણાવવામાં આવ્યા છે. જો કે, આગળ કહેલ નવ પ્રકારના અને આ ચોવીસ પ્રકારના મંત્રો વચ્ચે શું તફાવત છે, એ વિશે કશી સ્પષ્ટતા પ્રાપ્ત થતી નથી. આ ચોવીસ ભેદોમાંથી પ્રશંસા, સ્તુતિ, પરિવેદના, નિંદા, પ્રશ્ન અને આશીર્વાદ અહીં પનરાવર્તન પામે છે.

પુરાણોમાં 'સ્તોત્ર'ના લક્ષણોનું સ્વતંત્રપણે વિવરણ પ્રાપ્ત થતું નથી, પરંતુ 'ચતુર્વિધમંત્રગણ' તરીકે દર્શાવીને, તેના ચાર પ્રકારોનો નિર્દેશ કર્યો છે. પ્રાચીન ગ્રંથોમાં વૈદિક સૂકત માટે 'સ્તવ' કે 'સ્તુતિ' શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે. વાયુપુરાણ(૫૯/૫૮)માં સ્તોત્રના ચાર પ્રકારો ગણાવી, દરેકના નામનો સ્પષ્ટ ઉલ્લેખ છે.[૧૬૨] એ ચાર પ્રકારના સ્તોત્રોમાં (૧) દ્રવ્યસ્તોત્ર, (૨) ગુણસ્તોત્ર, (૩) કર્મસ્તોત્ર અને (૪) અભિજનિકસ્તોત્ર છે. આ ઉપરાંત, મત્સ્યપુરાણ (૧૪૫/૫૯–૬૧) અને બ્રહ્માંડપુરાણ(૧/૩૨/૬૪–૬૫)માં પણ આ જ નામ–પ્રકારો પ્રાપ્ત થાય છે. આ બધાં જ પુરાણોમાં સ્તોત્રના પ્રકારો ગણાવી કહ્યું છે કે, મંત્રગણોની આ ચાર પ્રકારની ઉત્પત્તિ છે. એ બધાં સ્થાનોએ સ્પષ્ટ નથી, છતાં કહી શકાય કે, અહીં સ્તોત્રનો અભિપ્રાય મંત્રથી જ છે. બૃહદ્દેવતા(૧/)માં વૈદિક સૂકત માટે 'સ્તુતિ' પદ પ્રયોજાયેલ છે. નિરુકતકારે પણ ૭/૧માં 'ऋषिः स्तुतिं प्रयुङ्क्ते' કહીને આ મતને શબ્દશઃ સ્વીકાર્યો છે. આ સ્થાને ટીકાકાર દુર્ગાચાર્યે પણ સ્તુતિના ચાર પ્રકારોને– 'नाम्ना बन्धुभिः कर्मणा रूपेण' એ પ્રમાણે દર્શાવ્યા છે. બૃહદ્દેવતા(૧/૭)માં પણ–'स्तुतिस्तु नाम्ना रूपेण कर्मणा बान्धवेन च' મળે છે. અહીં 'કર્મ' શબ્દ ઉભયપદી છે. 'રૂપ' અને 'ગુણ' ને સમાનાર્થક માનવામાં આવે છે. વસ્તુવાચકને 'નામ' અને પદાર્થને 'દ્રવ્ય' કહી શકાય છે. 'બંધુ' અને 'અભિજન' ની એકરૂપતા પણ વિચારણીય છે. 'અભિજન' ના સ્થાને કોઈ વિશિષ્ટ પાઠાંતર પણ મળતું નથી. તેથી, 'બંધુ' અને 'અભિજન' નો સંબંધ જોડવો પણ સુસંગત છે.

પુરાણોમાં વેદ સાથે સંબંધિત હોય એવા અનેક શ્લોકો મળે છે, પરંતુ વેદના નામનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. તેના આકરનિર્દેશમાં ઋગ્વેદસંહિતાને અગ્રતા આપવામાં આવેલ છે. પુરાણોની હાલ પ્રાપ્ત થતી પ્રતોમાં સૂકતનામો ભ્રષ્ટપણે પ્રાપ્ત થાય છે. લિંગપુરાણ(૧/૨/૪૨)ના 'होतारेण शिरसा' પાઠમાં 'होतारेण' શબ્દનો અર્થ અજ્ઞાત છે. કેટલાંક સ્થળોએ સૂકતાદિના ચોકકસ લક્ષ્યનો નિર્ણય કરવો અસંભવ લાગે છે. ભવિષ્યપુરાણ, બ્રાહ્મક્ષેત્ર, ૨૦૨/૧૦માં 'उद्वर्तयेत् ततो भानुं द्विपदाभिः' કહેવામાં આવ્યું છે, જેમાં દ્વિપદાના લક્ષ્યભૂત મંત્રો કયા કયા છે, તે

અજ્ઞાત છે. ઋક્સંહિતામાં દ્વિપદા ઋચાઓ છે, પરંતુ તેમાં નૈમિત્તિક અને નિત્ય બે ભેદ છે. અહીં કઈ દ્વિપદાઋચાનો ઉલ્લેખ છે, તે અસ્પષ્ટ છે.

મંત્ર તથા સૂકતોના વિષયમાં પુરાણોમાં કેટલાયે અજ્ઞાત તત્ત્યવો છે. અગ્નિસૂકત, વિષ્ણુસૂકત, ઈન્દ્રસૂકત વગેરે સૂકતોનાં નામો દેવતાઓનાં નામો પ્રમાણે છે, પરંતુ પુરાણોમાં દેવીસૂકત વગેરે એવાં નામો છે, જે વૈદિક ન હોતાં તાંત્રિક છે. ઘણાં સૂકતો મંત્રગત પ્રથમ શબ્દ કે પ્રમુખ શબ્દના આધારે નામકરણ પામેલ છે. નામાધારિત સૂકતોમાં 'નાસદીય', 'અસ્પવામીય' વગેરે સૂકતોનો સમાવેશ થાય છે. ઘણાં સૂકતોનાં નામો મંત્રોમાં રહેલ પદસમૂહ પર આધારિત છે. પુરાણોમાં કેટલાક મંત્રોના નામો ભાવ આધારિત છે. જેમ કે, 'महामृत्युञ्जयमंत्र' આવું ઉદાહરણ છે. એવાં સૂકતો પણ પ્રાપ્ત થાય છે, જેનો એક કરતાં વધારે પરિચય અપાયો છે. ગૃહ્યસૂત્રમાં આવા પરિચયો પ્રાપ્ત થાય છે. આ દષ્ટિએ પુરાણોમાં કયાંક કયાંક 'स्वगृह्योक्तविधानेन' વાકય જોવા મળે છે.[૧૬૩] અગ્નિપુરાણ(અધ્યાય ૨૫૯–૨૬૨)માં સૂકતોનાં નામો આદિશબ્દ દ્વારા ઘટિત બતાવ્યાં છે. સ્વતંત્ર નામધારી સૂકતો પણ મળે છે. જેવાં કે, કૌત્સસૂકત (અગ્નિપુરાણ, ૨૫૯/૨૩), રક્ષોઘ્નસૂકત (અગ્નિપુરાણ, ૨૫૯/૩૩), પાવમાની (અગ્નિપુરાણ, ૨૫૯/૨૩), વૈષ્ણવી ગાયત્રી (અગ્નિપુરાણ, ૨૬૦/૮૪) વગેરે સૂકતોનો પુરાણોમાં પરિચય આપ્યો છે.

પ્રસ્તુત પ્રકરણમાં આ સ્થળે મંત્ર–સૂકતાદિના વિવરણમાં વિનિયોગાદિ પણ ઉલ્લેખિત છે. પુરાણોમાં વૈદિક એક જ ચરણનો ઉલ્લેખ કરેલ ઘણા મંત્રો પણ પ્રાપ્ત થાય છે, તેથી આ બધાં જ ચરણોને સંક્ષેપમાં ઉલ્લેખ્યાં છે. સંભવતઃ અહીં મહત્ત્યવનાં ચરણો સમાવવાનો પ્રયત્ન કર્યો છે. પુરાણોના અધ્યયન દ્વારા પ્રાપ્ત વૈદિક મંત્રનું અનુસરણ કરતા મંત્રો તથા વૈદિક સૂકતોનો સ્પષ્ટ નિર્દેશ અને તેના શ્લોકો વગેરેને સમાવવાનો પ્રયત્ન કર્યો છે. ટીકાકારોએ નિર્દેશેલ પૌરાણિક મંત્રોનો વૈદિક દષ્ટિકોણ પણ સમાવવાનો પ્રયત્ન કર્યો છે, જે અનુક્રમે (૧) પુરાણગત વૈદિક મંત્રો, (૨) વૈદિક મંત્રોની પૌરાણિક વ્યાખ્યા અને (૩) પુરાણોમાં પ્રાપ્ત વૈદિકસૂકત વગેરેમાં દર્શાવેલ છેઃ

**પુરાણગત વૈદિક મંત્રો :**

(૧) ભવિષ્યપુરાણ (૪/૬૦/૮૩–૮૪)માં 'माता रुद्राणां दुहिता वसूनां....' મંત્ર ઋગ્વેદ(૮/૧૦૧/૧૫)માંથી લીધેલ છે. વેદની જેમ અહીં પણ 'ગો' વિષય છે.

(૨) 'अतो देवा अवन्तु नो.........विष्णोर्यत् परमं पदम् ।।' આ છ મંત્રો 'ऋग्वेदोक्त-ऋचा विष्णुं ध्यात्वा' કહીને લીધેલ છે. ભવિષ્યપુરાણ(૪/૫૮/૬૪–૬૯)ના આ મંત્રો

ઋગ્વેદ૧/૨૨/૧૬–૨૧ પરથી લીધેલ છે. આ મંત્રોમાં વિષ્ણુનું વર્ણન છે.

(૩) ઋગ્વેદ(૧/૧૬૪/૫૦)નો મંત્ર 'ते ह नाकं महिमानं सचन्त......।' ને શ્રુતિ કહીને પદ્મપુરાણ(૬/૨૫૬/૬૬)માં લીધેલ છે. અહીં પૃથ્વીવાસીના અસ્તિત્વ વિશે શ્રુતિ આપવામાં આવી છે. આ મંત્રના દેવ સાધ્ય છે.

(૪) ધાન્યતીર્થમહિમાના પ્રસંગમાં 'सोमेन सह राज्ञा......।' ને ગાથા કહીને, બ્રહ્મપુરાણ(૧૨૦/૧૫)માં લીધેલ છે. જે મૂળ ઋગ્વેદ(૧૦/૯૭/૨૨)માં છે. તેના દેવ 'ઔષધિ' દર્શાવેલ છે.

(૫) લિંગપુરાણ(૨/૧૮/૭)માં 'अपाम सोमम्.......मर्त्यस्य ।' મંત્રને શિવસ્વરૂપના જ્ઞાપક તરીકે દર્શાવેલ છે, જે ઋગ્વેદ(૮/૪૮/૩)નો મંત્ર છે. અહીં સોમને દેવતા દર્શાવેલ છે. પુરાણમાં સાંપ્રદાયિક દષ્ટિએ જ આ મંત્રનો ઉલ્લેખ કર્યો છે.

(૬) બ્રહ્મપુરાણ(૧૪૦/૨૨)માં પ્રાપ્ત 'नो यो जात एव प्रथमो मनस्वान्......इन्द्रः' મંત્ર મૂળ ઋગ્વેદ(૨/૧૨/૧)નો છે, જેમાં ઇન્દ્રની સ્તુતિ કરવામાં આવી છે.

(૭)'तद्विष्णोः परमं पदम्' એ ઋગ્વેદ(૧/૨૨/૨૦)નો મંત્ર ભવિષ્યપુરાણ(૪/૧૩૦/૧૮) માં સૂર્યપૂજામાં લીધેલ છે. જયારે પદ્મપુરાણ(૬/૨૫૫/૬૭)માં તે વિષ્ણુ માટે પ્રયોજાયેલ છે, જેમાં 'अक्षरं शाश्वतं दिव्यम्' એ નવીન અંશ જોડી દીધેલ છે.

(૮) 'ऋचो अक्षरे परमे व्योमन्........समासते ।' (ઋગ્વેદ, ૧/૧૬૪/૩૯) મંત્ર પદ્મપુરાણ(૬/૨૫૬/૬૬)માં પ્રાપ્ત થાય છે. જેમાં 'यदक्षरं वेदगृह्यम्' એમ પ્રથમ અંશ રજુ કર્યો છે.

(૯) યજુર્વેદ, તૈતિરીયસંહિતા(૨/૫/૨/૩)નો 'इन्द्रशत्रुर्विवर्धस्व...... ।' મંત્ર શ્રીમદ્ ભાગવતપુરાણ(૬/૯/૧૧–૧૨)માં પ્રાપ્ત થાય છે. ઉપરાંત, લિંગપુરાણ(૨/૫૧/૧૨) અને મત્સ્યપુરાણ(૭/૩૫)માં પણ મળે છે.

(૧૦) યજુર્વેદ(તૈતિરીયસંહિતા,૧/૬/૧૧/૧)નો 'आश्रावय....।' મંત્ર શ્રીમદ્ભાગવત–પુરાણ(૪/૭/૩૧)માં પ્રાપ્ત થાય છે.

(૧૧) વાજસનેયીસંહિતા(૪૦/૧૭)નો 'योऽसावादित्यपरुषः सोऽसावहम्' મંત્ર ગરુડપુરાણ(૧/૪૯/૩૯)માં પ્રાપ્ત થાય છે. આમાં ધ્યાન દ્વારા મુકત થવાનું કહ્યું છે.

(૧૨) 'वेदाहमेतत् पुरुष......।' આ મંત્ર સ્કંદપુરાણના પ્રભાસખંડ(૬/૩૯)માં મળે છે. જેમાં સૂર્ય વિશે ઉલ્લેખ છે. આ મંત્ર યજુર્વેદની વાજસનેયી સંહિતા(૩૧/૧૮)માંથી લીધેલ છે.

(૧૩) યજુર્વેદીય વાજસનેયી સંહિતા(૩૨/૪)નો 'एष हि देवः......सर्वतोमुखः' મંત્ર

શિવપરક માનવામાં આવે છે, જે સ્કંદપુરાણના કાશીખં(૯/૬૦–૬૧)માં પ્રાપ્ત થાય છે.

(૧૪) 'ओम् अघोरेभ्यो घोरेभ्यो घोरतरेभ्यः..... ।' મૈત્રાયણીસંહિતા(૨/૯/૧૦)નો આ મંત્ર બ્રહ્મપુરાણ(૫૭/૭–૮) અને નારદપુરાણ(૨/૫૫/૧૮–૧૯)માં ઉદ્ધૃત છે.

(૧૫) કૂર્મપુરાણ(૨/૧૮/૯૫), અગ્નિપુરાણ(૫૯/૨૯) અને લિંગપુરાણ(૧/૨૭/૧૮) વગેરેમાં આપવામાં આવેલ ઈશાનમંત્રો તૈતિરીયારણ્યક(૧૦/૪૩–૪૭)માંથી લેવામાં આવેલ છે.

(૧૬) કૂષ્માંડમંત્ર મત્સ્યપુરાણ(૫૮/૩૪, ૯૩/૧૨૯–૧૩૨) અને ભવિષ્યપુરાણ (૨/૨/૧૭૫–૧૮૧)માં મળે છે., જે તૈતિરીયારણ્યક(૨/૩–૬)માંથી લીધેલ છે.

(૧૭) મત્સ્યપુરાણ(૨૬૭/૫), કૂર્મપુરાણ(૨/૧૪/૪૭–૫૫) અને અગ્નિપુરાણ (૫૮/૧૩, ૬૦/૧૦, ૧૭૫/૨૫)માં ગાયત્રીમંત્ર પ્રાપ્ત થાય છે, જે ઋગ્વેદ(૩/૬૨/૧૦) પરથી ઉદ્ધૃત કરેલ છે.

(૧૮) અગ્નિપુરાણ(૨૧૫/૪૫) પરનો 'आपो ज्योतिरसोऽमृतं ब्रह्म भुर्भूवः स्वरोम्' મંત્ર તૈતિરીયારણ્યક(૧૦/૧૫)માં મળે છે.

(૧૯) લિંગપુરાણ(૧/૨૭/૧૮)માં તત્પુરુષમંત્ર છે. આ મંત્ર તૈતિરીયારણ્યક (૧૦/૪૬)માં પ્રાપ્ત થાય છે.

(૨૦) પુરાણોમાં શ્રાદ્ધયોગ્ય બ્રાહ્મણના વિશેષણમાં 'त्रिमधु' નો ઉલ્લેખ મળે છે. કૂર્મપુરાણ(૨/૨૧/૪) અને વિષ્ણુપુરાણ(૩૧/૧૫/૧)માં 'त्रिमधु' નો ઉલ્લેખ છે. ઋગ્વેદ(૧/૯૧/૬–૮)માં પ્રત્યેક મંત્રના આરંભમાં 'मघु' શબ્દ છે. અર્થાત્, આ ત્રણ મંત્રો 'त्रिमधु' તરીકે ઓળખાય છે.

(૨૧) ઋગ્વેદનો (૭/૫૯/૨૨) 'त्रियम्बकमंत्र' કૂર્મપુરાણ(૨/૧૮/૯૪–૯૫) અને લિંગપુરાણ(૨/૫૪/૧)માં પ્રાપ્ત થાય છે.

(૨૨) લિંગપુરાણ(૧/૨૫/૨૪)માં સદ્યોજાત–અઘોર–ઈશાન–તત્પુરષ–વામદેવને 'પંચબ્રહ્મ' કહ્યા છે. તેના મંત્રો તૈતિરીયારણ્યક(૧૦/૪૩–૪૭)માં છે.

(૨૩) ઋગ્વેદ, ૧૦/૧૫/૧–૧૩ને પૈતૃકમંત્રો તરીકે ઓળખવામાં આવે છે, જેને નારદપુરાણ(૧/૨૭/૬૫–૬૮)માં લીધેલ છે.

(૨૪) મત્સ્યપુરાણ(૯૩/૧૨૯–૧૩૨)માં મળતા બ્રહ્મયજ્ઞના શ્લોકો અથર્વવેદ (૩/૩/૩–૪)ના છે.

(૨૫) ઋગ્વેદ(૩/૫૯/૧)નો મૈત્રમંત્ર ગરુડપુરાણ(૧/૪૭/૫૩)માં મળે છે.

(૨૬) યાજુષ્ માધ્યંનિીસંહિતા(૧/૧૬) 'यज्ञघ्नयजु' મંત્ર શ્રીમદ્ભાગવતપુરાણ (૪/૪/૩૨)માં પ્રાપ્ત થાય છે.

(૨૭) મત્સ્યપુરાણ(૨૬૫/૨૪), ૨૬૮/૩૪; વરાહપુરાણ, ૧૪/૨૬ અને માર્કણ્ડેય–પુરાણ(૭૨/૭૦)ના મંત્રોમાં 'रक्षोघ्न' નો ઉલ્લેખ છે. ઋગ્વેદ, ૪/૪/૧–૧૫ અને ૧૦/૮૭/૧–૨૫ 'रक्षोघ्न' તરીકે ઓળખાય છે.

(૨૮) લિંગપુરાણ(૧/૧૩/૧૩)માં રૌદ્રીગાયત્રીનો ઉલ્લેખ છે. ઉપરાંત, શિવપુરાણ (૨/૧૧/૫૦–૫૧) અને વાયુપુરાણ(૨૩/૧૩)માં પણ છે, જે તૈતિરીયારણ્યક(૧૦/૧) માં મળે છે.

(૨૯) વારુણમંત્ર ઋગ્વેદ૧/૨૫/૧૯, ૧/૨૪/૧૧, ૧/૨૪/૧૯ અને ૭/૮૯/૫માં પ્રાપ્ત થાય છે. આ મંત્ર લિંગપુરાણ(૧/૨૭/૪૩), મત્સ્યપુરાણ૫૮/૩૨ અને માર્કણ્ડેયપુરાણ(૨૨/૧૧–૧૨)માં પ્રાપ્ત થાય છે.

(૩૦) લિંગપુરાણ(૧/૨૫/૨૪)નો 'शं नो देवी.......।' મંત્ર ઋગ્વેદ(૧૦/૯/૪)માંથી લીધેલ છે.

(૩૧) યજુર્વેદની વાનસનેયીસંહિતાના ૩૩–૪૦ સુધીના અધ્યાયોને શુક્રિય તરીકે ઓળખવામાં આવે છે. એના મંત્રો સ્કંદપુરાણ, રેવાખંડ(૫૧/૪૪)માં વિષ્ણુપૂજા સમયે ઉલ્લેખિત છે.

**વૈદિક મંત્રોની પૌરાણિક વ્યાખ્યા :**

પુરાણોમાં વૈદિક મંત્રોની વ્યાખ્યા, સમજુતિ કે વિવરણ આપવામાં આવેલ છે. પુરાણોના અધ્યયનથી આવાં અનેક ઉદાહરણો પ્રાપ્ત થઈ શકે છે. પુરાણગત વૈદિક મંત્રોની આવી વ્યાખ્યાઓને છ ભાગોમાં વહેંચી શકાય છેઃ

(૧) એવી વ્યાખ્યા જેમાં મંત્રોના પદોને પરિવર્તિત કર્યા છે, પરંતુ મંત્રોના ભાવોમાં પરિવર્તન કર્યું નથી.

(૨) મંત્રોના ભાવને યથાસ્થાને રાખીને પદોના સ્થાનમાં ફેરફાર કરી, વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે.

(૩) વૈદિક દષ્ટિને અનુસરી તેના અર્થમાં પરિવર્તન કર્યા વિના, પોતાના સાંપ્રદાયિક વિષય અને લક્ષ્યને કેન્દ્રમાં રાખીને કરેલી વ્યાખ્યા.

(૪) એવી વ્યાખ્યા જેમાં મૂળ ભાવનો વિરોધ કરી, પૂર્ણ રીતે સાંપ્રદાયિકતાને અપનાવેલ છે.

(૫) એવી વ્યાખ્યા જેમાં બહુદેવતાપરક કે અનિશ્ચિત દેવતાપરક મંત્રોને કોઈ એક દેવતા સાથે સંગત કરેલ હોય છે.

(૬) એવી વ્યાખ્યા જેમાં વૈદિક વ્યાખ્યાનો થોડો અંશ છોડી, મંત્રમાં કહેલ વર્ણન સિવાય અન્ય વર્ણનને પણ સમાવેલ હોય છે.

**❖ પ્રથમ વ્યાખ્યા મુજબ :**

પુરાણોમાં કેટલાક એવા શ્લોકો પણ પ્રાપ્ત થાય છે, જેમાં વૈદિક મંત્રોના મૂળ ભાવમાં ફેરફાર કર્યો હોતો નથી, પરંતુ મંત્રોનું લક્ષ્ય કયારેક–કયારેક સંપ્રદાય મુજબ બદલી નાખવામાં આવે છે. આ મંત્રોમાં વૈદિક ભાવ પરિવર્તિત થતો નથી. જેમ કે,–

:: વેદના પ્રસિદ્ધ પુરુષસૂકત(ઋગ્વેદ ૧/૯૦/૧)માં 'स भूमिं विश्वतोवृत्वाऽत्यतिष्ठद् दशाङ्गुलम्' પાઠ છે, જે માધ્યંદિનસંહિતા(૩૧/૧)માં 'स भूमिं सर्वतः स्पृत्वा अत्यतिष्ठद् दशाङ्गुलम्' છે. વિષ્ણુપુરાણ(૧/૧૨/૫૮)માં 'सर्वव्यापी भुवः स्पर्शाद् अत्यतिष्ठद् दशाङ्गुलम्' છે, જે પ્રથમ પ્રકારની વ્યાખ્યાને અનુસરે છે. પુરુષસૂકતના અનેક મંત્રો બ્રહ્મપુરાણ(૧૬૧/૪૧–૫૦), પદ્મપુરાણ(૫/૪/૧૧૬–૧૨૪, ૬/૨૫૪/૬૨–૮૩)માં થોડાં પરિવર્તન સાથે આવે છે, જે બીજા પ્રકારની વ્યાખ્યાને અનુસરે છે.

:: પદ્મપુરાણ(૬/૨૭૨/૨૦૯–૨૧૧)માં ગાયત્રીમંત્રને અનુષ્ટુપ્ છંદમાં થોડા ફેરફાર સાથે કહેવામાં આવેલ છે. 'प्रचोदयात्' ના સ્થાને 'प्रभाति' છે. અહીં પુરાણમાં આ શ્લોકનું લક્ષ્ય યશોદાનંદન કૃષ્ણ છે.

**❖ બીજી વ્યાખ્યા મુજબ :**

આમાં પદોનું પરિવર્તન અને થોડા પર્યાયવાચી શબ્દોનો સરળ પ્રયોગ કરવામાં આવે છે, સાથે–સાથે વૈદિક પદોનો વિશદ અર્થ અને લક્ષણ આપવામાં આવ્યું છે. તો કયારેક સાંપ્રદાયિક દષ્ટિનો આભાસ મળે છેઃ

:: ઋગ્વેદ(૧/૧૬૪/૨૦)નો 'द्वासुपर्णा મંત્ર કે જે અથર્વવેદ(૯/૯/૨૦), શ્વેતાશ્વતર–ઉપનિષદ(૪/૬) તેમજ અન્ય સ્થળોએ મળે છે, તે શ્રીમદ્‌ભાગવતપુરાણ(૧૧/૧૧/૬) માં અક્ષરશઃ તો આપેલ જ છે, સાથેસાથે વ્યાખ્યા પણ કરવામાં આવી છે અને ભાવો પણ બંનેમાં સમાન જ છે. એ વ્યાખ્યા નિરુકત(૧૪/૩૦)માં પણ આપવામાં આવેલ છે.

:: ઋગ્વેદ(૧/૧૬૪/૨૯)માં 'ऋचो अक्षरे परमे व्योमन्' મંત્ર છે. પુરાણોમાં આ મંત્ર થોડા અલગ શબ્દમાં મળે છે. પુરાણોમાં 'ऋचो अक्षरे परमे व्योमन्' ના સ્થાને 'यदक्षरं वेदगुह्यं' વાકય મળે છે. પદ્મપુરાણ(૬/૨૫૫/૬૬)માં તેની વ્યાખ્યા આપી છે. અગ્નિપુરાણ(૨૧૬/૧–૧૮)ની ગાયત્રી–વ્યાખ્યા ઋગ્વેદના ગાયત્રીમંત્રને અનુસરે

છે. અગ્નિપુરાણ(૨૧૬/૭–૯)માં સવિતાને ભગવાન વિષ્ણુ કહ્યા છે.

**❖ ત્રીજી વ્યાખ્યા મુજબ :**

આ વ્યાખ્યા આધારિત મંત્રો અર્થ પરિવર્તન પામતા નથી, પરંતુ મંત્રવિશેષ કે મંત્રલક્ષ્યનું સાંપ્રદાયિક દષ્ટિએ અંશતઃ કે પૂર્ણતઃ પરિવર્તન કરી દેવામાં આવે છે. આ સ્થળ સાંપ્રદાયિક વ્યાખ્યાની આરંભિક પ્રવૃત્તિ દર્શાવે છે. આગળ જતાં આ દષ્ટિ સાંપ્રદાયિક અંધકારમાં ફેરવાઈ ગઈ હતી. સંપ્રદાયમાં અધિદેવનો વાચક શબ્દ વેદમાં રહેવાથી એ સિદ્ધ થાય છે કે, વેદમાં પણ તે સંપ્રદાયની માન્યતા સ્વીકૃત છે.

:: પુરાણોમાં પુરુષસૂકતની વ્યાખ્યાયુકત અંશોમાં વિષ્ણુ સૃષ્ટિના પ્રજાપતિ, નારાયણ અને કૃષ્ણ જ લક્ષિત થાય છે. આ સ્થળો પર વૈષ્ણવ સંપ્રદાયની પ્રારંભિક દષ્ટિ લક્ષિત થાય છે.[૧૬૪]

:: વિષ્ણુપરક 'तद्विष्णोः........।' મંત્ર (ઋગ્વેદ,૧/૨૨/૨૦)ની ધ્રુવનક્ષત્રપરક વ્યાખ્યા વિષ્ણુપુરાણ(૨/૮/૯૮)માં છે. અહીં મંત્રના શબ્દો તે જ રાખીને, માત્ર 'सदा पश्यन्ति सूरयः' ના સ્થાને 'योगिनां तन्मयात्मनां विवेकज्ञानदृष्टम्' કહેવામાં આવ્યું છે. વૈષ્ણવોની દષ્ટિથી આ મંત્ર અનેક સ્થાનો પર લીધેલ છે,[૧૬૫] જેમાં સાંપ્રદાયિક અંધતા નથી.

**❖ ચતુર્થ વ્યાખ્યા મુજબ :**

સાંપ્રદાયિકતાના અતિરેકની અવસ્થામાં વેદવાકયોની આવી વ્યાખ્યા કરવામાં આવી છે. જેમાં પોતાની નિરંકુશ રુચિથી સાંપ્રદાયિક વિદ્વાન મંત્રગત શબ્દોની વ્યાખ્યા કરતા હતા. તેઓ એ પણ જોતા હતા કે, એવી વ્યાખ્યામાં પ્રાચીન વ્યાખ્યાન ગ્રંથનું સ્વારસ્ય રહે છે કે નહીં. કયારેક કયારેક એવી વ્યાખ્યા હાસ્યકર પણ બનતી હતીઃ

:: ઋગ્વેદમાં 'ता वां वास्तून्युश्मसि गमध्यै.......' મંત્ર છે. જેની વ્યાખ્યા પદ્મપુરાણ, ૬/૨૫૫/૭૦૭–૭૩૦ માં છે. જયાં વિષ્ણુના લોકનું વર્ણન કર્યું છે. આ વ્યાખ્યામાં વૈષ્ણવ સંપ્રદાયની અંધ મનોવૃત્તિ દેખાય છે.

:: ઋગ્વેદ(૮/૪૮/૩)નો 'अपाम सोमम्.....' મંત્ર લિંગપુરાણ(૨/૧૮/૭)માં મળે છે. અહીં ઉદાહરણ માત્ર છે અને મંત્રને શિવવર્ણન માટે લીધેલ છે.

**❖ પાંચમા પ્રકારની વ્યાખ્યા મુજબ :**

પુરાણોમાં વેદમંત્રોની વ્યાખ્યા હંમેશા અનુક્રમણી વગેરે મુજબ જ છે. અનુક્રમણીમાં જે દેવતાઓનો નિર્દેશ મળે છે. પુરાણોમાં તેમાં વિલક્ષણ દેવતાઓનો

નિર્દેશ પણ મળે છે. સાંપ્રદાયિક પુરાણોમાં અનેક સંપ્રદાયના ઈષ્ટદેવની મંત્ર– પ્રતિપાદ્યતા કરવાનો આગ્રહ જોઈ શકાય છે.

:: ઋગ્વેદ(૪/૫૮/૩)માં 'चत्वारि श्रृंगाः.......' અનુક્રમણી મુજબ અગ્નિ–સૂર્ય–અપ્– ગો–ધૃત આ પાંચ પ્રકારના સૂક્તદેવતા છે. આ એક અનિશ્ચિતદેવતાક મંત્ર છે. શ્રીમદ્ભાગવતપુરાણ(૮/૧૬/૩૧)માં આ મંત્રની યજ્ઞપરક વ્યાખ્યા છે. જ્યાં યજ્ઞરૂપી વિષ્ણુને પ્રણામ કરવામાં આવ્યા છે. પદ્મપુરાણ(૪/૯૩/૧૯–૨૧)માં આ મંત્રની આંશિકરૂપે વ્યાખ્યા થઈ છે.

**❖ ષષ્ઠ વ્યાખ્યા મુજબ :**

આગળ જણાવ્યા મુજબ, પુરાણગત વેદમંત્રોની વ્યાખ્યા વસ્તુતઃ વ્યાખ્યા નથી. આ સ્થળોમાં પુરાણકાર વેદવાકયનો આશ્રય લઈ, પોતાના મનોભાવને 'વૈદિક' સિદ્ધ કરે છે. વૈદિક શબ્દનો પ્રયોગ કરવાથી સ્વમતની વૈદિકતા સિદ્ધ કરવી સરળ બને છે. તેથી પુરાણોમાં વૈદિક વચનોનું આંશિક પરિવર્તન કરીકે પોતાના અભિપ્રાયની સિદ્ધિ માટે અસ્પષ્ટ વૈદિક શબ્દના સ્થાને અસ્પષ્ટાર્થ શબ્દ આપી, સ્વ–અભિમત દેવાદિની વૈદિકતા સિદ્ધ કરે છે. આનાથી એવું ફલિત થાય છે કે, આ પૌરાણિક વ્યાખ્યાનોમાં કોઈ વૈદિક વાકયની પૂર્ણ શાબ્દિક વ્યાખ્યા કયાંય પણ મળ તી નથી. કયાંક પૌરાણિક વ્યાખ્યાનમાં એ ભાવોને પણ વણી લીધેલ છે, જે મંત્રમાં નથી. પુરાણોમાં વકતવ્યોને રોચક બનાવવા માટે એમ કર્યું છે.

:: ઋગ્વેદ(૧૦/૮૫/૮૧)માં 'सोमो ददद् गन्धर्वाय........' મંત્ર છે. સોમાદિકર્તૃક પદાર્થોનાં નામ નથી લેવામાં આવ્યાં. ગરુડપુરાણ(૧/૯૫/૧૯)માં આ મંત્રની વ્યાખ્યા છે. જયાં સોમાદિ પ્રદત્ત શૌચ–વાણી–મેધ્યતાનો ઉલ્લેખ છે.

:: માધ્યંદિનસંહિતા(૩૧/૧૮)માં પ્રસિદ્ધ 'वेदाहमेतम्....' મંત્ર છે. ગરુડપુરાણ (૧/૨૨૮/૬)માં તેની વ્યાખ્યાના પ્રસંગમાં વધારામાં 'चिद्रूप' વિશેષણ જોડવામાં આવ્યું છે. આ મંત્ર માત્ર 'तमेव विदित्वा' કહીને અટકી જાય છે. જયારે ગરુડપુરાણે સ્પષ્ટતઃ 'सोहमस्मीति' કહી, પોતાના અભિપ્રાય અનુસાર શ્રુતિને સ્પષ્ટ કરેલ છે.

**❖ પુરાણોમાં પ્રાપ્ત વૈદિક સૂકતો :**

વૈદિક મંત્રોની માફક, વૈદિક સૂકતોના ઉલ્લેખો અને ઉદ્ધરણો પણ પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે. પુરાણોના અધ્યયનથી જે કેટલીક બાબતો સામે આવી, તદનુસાર, જે–તે સૂકતની સાથે કયા વેદનું નામ જોડાયેલ છે, તેનું સ્પષ્ટતઃ વિવરણ પુરાણોમાં મળતું નથી. સંભવતઃ વેદના નામનો ઉલ્લેખ કરીને, તેનું અનુસંધાન કરવાનો પ્રયાસ થયો હોય તેમ લાગે છે. પુરાણ–અભ્યાસ દરમિયાન એવાં પણ

સૂકતો જોવા મળ્યા છે, જેનો પરિચય ચોકકસપણે આપી શકાતો નથી. લિંગપુરાણ(૧/૨૭/૪૪)માં પ્રાપ્ત થતાં 'કપર્દિસૂકત'ના મૂળ વિશે સ્પષ્ટપણે કશું કહી શકાતું નથી. જો કે, નામૈકદેશગ્રહણન્યાય મુજબ, ઘણાં સૂકતો વિશે કલ્પના ચોકકસ કરી શકાય છે. પુરાણોમાંથી પ્રાપ્ત થતાં કેટલાંક સૂકતોનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છેઃ

❖ અઘમર્ષણસૂકત :

પુરાણોમાં આ સૂકતની ઘણી પ્રશંસા કરવામાં આવી છે. અગ્નિપુરાણ(અ. ૧૫૫)માં આ સૂકતના દેવતા ભાવવૃત્ત, ઋષિ આઘમર્ષણી અને છંદ અનુષ્ટુપ્‌નો ઉલ્લેખ છે. અઘમર્ષણજપનો ઉલ્લેખ અનેક પુરાણોમાં થયેલો છે.[૧૬૬] આ સૂકત ઋગ્વેદ(૧૦/૧૯૦/૧–૩)નું એક પ્રસિદ્ધ સૂકત છે.

❖ અપ્‌સૂકત :

ઋગ્વેદ(૧૦/૯/૧–૩) નો ‘अब्लिङ्ग’ મંત્ર સ્કંદપુરાણ, પુરુષોત્તમખંડ (૧૧/૨૭)માં ઉલ્લેખેલ છે. આ સૂકતમાં કયા દેવ વિશે કહેવામાં આવેલ છે, તેમાં સંશય છે. કેમકે, ‘अप्’ શબ્દમાં ઘણા અર્થો રહેલા છે. ‘अप्’ દેવતાને લગતું કોઈપણ સૂકત 'અપ્‌સૂકત' છે.

❖ અપરાજિતાદેવીસૂકત :

અથર્વવેદીય કૌશિકસૂત્ર(૧૪/૭)માં આ સૂકત છે. મત્સ્યપુરાણ (૨૬૫/૨૯)માં આ સૂકતનો ઉલ્લેખ છે.

❖ અશ્વસૂકત :

અગ્નિપુરાણ(૫૮/૩૨)માં 'દેવસ્નપનવિધિમાં આ સૂકતનો ઉલ્લેખ છે. સ્કંદપુરાણ, નાગરખંડ(૧૬૫/૩૩)માં–“अश्वो वोढेति यत् सुक्तम्” કહેવામાં આવ્યું છે. આ સૂકત ઋગ્વેદ(૯/૧૧૨/૪)માં છે.

❖ ઈન્દ્રસૂકત :

ઋગ્વેદ(૨/૧૨)ના આ સૂકતમાં ૧૫ મંત્રો છે. બહ્‌વૃચકર્તૃક આ ઈન્દ્ર–સૂકત બ્રહ્મપુરાણ(૧૪૦/૨૨–૨૩)માં ઈન્દ્રતીર્થના વર્ણનના પ્રસંગમાં ઈન્દ્રસ્તુતિના રૂપમાં મૂકાયેલું છે.

❖ કુમ્ભસૂકત :

અથર્વવેદ(૧૦/૮)માં આ સૂકત 'સ્કમ્ભસૂકતના નામે મળે છે. ગરુડપુરાણ(૧/૪૮/૫૩–૫૪)માં દેવપ્રતિષ્ઠામાં ઉત્તરસ્થ અથર્વા દ્વારા તેના જપનો ઉલ્લેખ છે.

❖ પુરુષસૂકત :

આ સૂકત વૈદિક વાઙ્મયમાં સૌથી વધારે પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા ધરાવતું સૂકત છે. આ સૂકત પ્રત્યેક વેદમાં આવે છે. અગ્નિપુરાણ(૨૬૩/૪)માં 'एकं तु पौरुषं सूक्तं प्रतिवेदं तु सर्वदम् ।' કહીને અત્યંત શ્રદ્ધાપૂર્વક નિર્દિષ્ટ છે. અગ્નિપુરાણમાં જ અન્યત્ર(૯૬/૪૩–૪૬) પણ આ સૂકતનો ભાવવાહી નિર્દેશ થયેલો છે. તદુપરાંત આ સૂકત લિંગપુરાણ(૧/૨૭/૪૩), ગરુડપુરાણ(૧/૫૦/૫૮–૫૯) તથા મત્સ્યપુરાણ (૫૮/૩૩–૩૫ તથા ૨૬૫/૨૬–૨૭) વગેરે અનેક સ્થળે ઉલ્લેખાયેલ છે. આ સૂકત ઋગ્વેદ(૧૦/૯૦)માં મળે છે. તેમાં ૧૬ મંત્રો છે. સામવેદ(૬૧૭–૬૨૧)માં પણ પુરુષસૂકતના અનેક મંત્રો મળે છે. શિવપૂજાના સંદર્ભે પણ આ સૂકત પુરાણોમાં ઉદ્ધૃત છે.[૧૬૭] બ્રહ્મપુરાણ(૧૬૧/૨૮)માં પણ આ વિષયક પ્રમાણ મળે છે. અગ્નિપુરાણ (૩૧/૩૮), મત્સ્યપુરાણ(૯૩/૪૩) વગેરે અનેક સ્થળોએ આ સૂકતનો 'सहस्रशिर्षा पुरुषः' મંત્ર મળે છે.

❖ પુરુરવા–ઉર્વશીસૂકત :

પુરુરવસ્–ઉર્વશીના પ્રસંગમાં પુરાણોમાં ઋગ્વેદ(૧૦/૯૫)ના આ સૂકતનો પડઘો સંભળાય છે. શ્રીમદ્ભાગવતપુરાણ(૯/૧૪/૩૩)માં 'प्राह सूक्तं पुरुरवाः' કહેવામાં આવ્યું છે. વિષ્ણુપુરાણ(૪/૬/૩૩)માં આ સૂકતનો ઉલ્લેખ છે. હરિવંશપુરાણ(૧/૨૬/૩૫–૩૬)માં પણ આ સૂકત મળે છે.

❖ પૌષ્ટિકસૂકત :

ઉત્તર દિશામાં સ્થિત અથર્વા દ્વારા તેનો જપ મત્સ્યપુરાણ(૫૮/૩૭)માં કહેલ છે. મત્સ્યપુરાણ(૯૩/૧૨૯–૧૪૨)માં ગ્રહયજ્ઞમાં પણ આ સૂકતનો ઉલ્લેખ છે. પૌષ્ટિકસૂકત એ સૂકત છે, જે હલપ્રસારણ, બીજવપન, વાણિજ્ય, વૃષ્ટિ વગેરેની સાથે સંબદ્ધ છે. અથર્વવેદ(૪/૧૫)નું વૃષ્ટિસૂકત એક પ્રસિદ્ધ પૌષ્ટિકસૂકત છે.

❖ પ્રત્યંગિરસસૂકત :

પ્રાચેતસ દક્ષ–કન્યાકર્તૃક આ સૂકતના અનેક મંત્રો ઘણાં પુરાણોમાં સૃષ્ટિવર્ણનના પ્રસંગમાં મળી આવે છે. આ સૂકત વિષયક એક શ્લોક– 'प्रत्यङ्गिरसजाः श्रेष्ठाः ऋचो ब्रह्मर्षिसत्कृताः ।' વિષ્ણુપુરાણ(૧/૧૫/૧૩૬), હરિવંશપુરાણ(૧/૩/૬૫), બ્રહ્મપુરાણ(૩/૬૧), વાયુપુરાણ(૬૬/૭૮) તથા કૂર્મપુરાણ(૧/૧૮/૧૮)વગેરેમાં મળી આવે છે. આ સૂકત અથર્વવેદ(૧૦/૧)માં છે. તેમાં ૩૨ મંત્રો પ્રાપ્ત થાય છે.

❖ બ્રહ્મસૂકત :

બ્રહ્મનું પ્રતિપાદન કરનારું સૂકત 'બ્રહ્મસૂકત' તરીકે ઓળખાય છે.

તેનો ઉલ્લેખ સ્કંદપુરાણ, પ્રભાસખંડ(૧૬૫/૧૭૧)માં સાવિત્રી–સ્થળના સંદર્ભે બ્રહ્મ–સૂકતના પાઠનો ઉલ્લેખ છે. મત્સ્યપુરાણ(૪/૧૦)માં પણ આ સૂકતનો પાઠ મળે છે. આ સૂકત અથર્વવેદ(૪/૧)માં છે. ઉપરાંત, અન્ય એક અથર્વવેદીય (૧૦/૩૧–૩૨) સૂકત પણ બ્રહ્મપ્રકાશક માનવામાં આવે છે.

❖ યમસૂકત :

ઋગ્વેદ(૧૦/૧૪)માં એક યમસૂકત પ્રાપ્ત થાય છે. પુરાણોમાં કવચિત્ જ આનો ઉલ્લેખ મળે છે. ગરુડપુરાણ(૧/૧૦૬/૨)માં આનો ઉલ્લેખ છે.

❖ રાત્રિસૂકત :

'रात्रीसूक्त' પાઠ પણ આ સૂકતનો મળે છે. ઋગ્વેદનું (૧૦/૧૨૭/૧–૮) સૂકત 'રાત્રિસૂકત' તરીકે ઓળખાય છે. તેમાં 'रात्रि' શબ્દ પ્રયુકત થયેલો છે. આ સૂકતના મત્સ્યપુરાણ (૫૮/૨૩ તથા ૯૩/૧૨૯–૧૩૨), લિંગપુરાણ(૧/૨૭/૪૧) અને શિવપુરાણ(૫/૪૧/૪૭) વગેરેમાં ઉલ્લેખો છે.

❖ રૌદ્રસૂકત :

આ સૂકતને માટે 'रुद्र' તેમજ 'रौद्रक' શબ્દ પણ પ્રયોજાયેલ છે. મત્સ્ય–પુરાણ(૫૮/૩૩, ૬૯/૪૪, ૨૬૫/૨૬, ૨૬૫/૨૭, ૨૬૫/૨૮ તથા ૯૩/૧૨૯–૧૩૨) અને ગરુડપુરાણ(૧/૪૮/૫૩–૫૬)માં અથર્વવેદના આ સૂકતના જપનો ઉલ્લેખ મળે છે. ઋગ્વેદમાં રુદ્ર દેવતા વિષયક ઘણાં સૂકતો મળે છે.[૧૬૮] શિવપૂજામાં યજુર્વેદીય રુદ્રસૂકતનો ઉલ્લેખ સ્કંદપુરાણ, રેવાખંડ(૫૧/૪૪)માં મળે છે. તદુપરાંત, અન્યત્ર પ્રભાસખંડ(૩૦/૬)માં રુદ્રજપના સંદર્ભમાં પણ તેનો ઉલ્લેખ છે. મત્સ્યપુરાણ(૬૯/૪૩)માં યજુર્વેદીયો દ્વારા રુદ્રજપનું વિધાન છે, જેને રુદ્રાધ્યાય પણ કહેવામાં આવે છે. લિંગપુરાણ(૧/૨૫/૨૩)માં આપેલ રુદ્રસૂકત દ્વારા મહાદેવાભિષેકનું વિધાન છે. પુરાણોમાં આપવામાં આવેલા રુદ્રાધ્યાયોમાં રુદ્રની પ્રશંસા કરતાં વિવરણો પ્રાપ્ત થાય છે. લિંગપુરાણ(૨/૧૭/૮)માં શિવસ્તુતિ છે. લિંગપુરાણના જ રુદ્રાધ્યાય (૨/૧૮/૬૬)માં રુદ્રપરકતાનો ઉલ્લેખ મળે છે.

❖ વામસૂકત :

આ સૂકત ઋગ્વેદ(૧/૧૬૪)નું છે. બહ્વૃચકર્તૃક આ સૂકત 'અસ્પવામીય સૂકત' તરીકે પણ ઓળખાય છે. આ સૂકતના જપનો ઉલ્લેખ ગરુડપુરાણ (૧/૪૮/૫૩–૫૬)માં છે. લિંગપુરાણ(૧/૨૭/૪૦)માં 'વામીયકસૂકત' દ્વારા શિવલિંગ ને સ્નાન કરાવવાનું કહેવામાં આવ્યું છે.

❖ વિભ્રાટસૂકત :

દેવસ્નપનમાં આ સૂકતથી અંજનદાનનો ઉલ્લેખ છે. સ્કંદપુરાણ, નાગરખંડ(૧૩૭/૪)માં વિભ્રાટસૂકતને ભાસ્કર–વલ્લભ કહ્યું છે. આ સૂર્યદેવપરક સૂકત છે. અગ્નિપુરાણ(૫૮/૨૭)માં દાન સમયે આ સૂકતનો ઉલ્લેખ કર્યો છે. આ સૂકત ૠગ્વેદ(૧૦/૧૭૦/૧–૪)માંથી ઉદ્ધૃત કરેલ છે.

❖ વિષ્ણુસૂકત :

વિષ્ણુસૂકત દ્વારા પુરાણોમાં અનેક સ્થળોએ વિષ્ણુની સ્તુતિ કરવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પદ્મપુરાણ(૫/૧૩/૮૬–૮૭)માં આ સૂકતનો ઉલ્લેખ મળે છે. લિંગપુરાણ (૧/૨૭/૪૪–૪૬)માં 'विष्णुना.............स्नापयेद् देवेशम्' કહી, શિવલિંગના સ્નાનનો વિધિ કહેલ છે. આ 'विष्णु' શબ્દનો અર્થ 'વિષ્ણુસૂકત' હશે, એમ કલ્પી શકાય. અહીં વિષ્ણુસૂકતના અનેક મંત્રોનો ઉલ્લેખ જોવા મળે છે. ગરુડપુરાણ(૨/૧૮/૬)માં વિષ્ણુસૂકતનો ઉલ્લેખ થયેલો છે. આ સૂકત ૠગ્વેદ (૧/૨૨)માં પ્રાપ્ત થાય છે. માધ્યંદિનસંહિતા(૧/૪) અને તૈતિરીયસંહિતા(૧/૧/૩/૧) માં વિષ્ણુસૂકત છે.

❖ વૈશ્વદેવસૂકત :

શ્રીમદ્ભાગવતપુરાણ(૯/૪/૧–૧૪)માં નાભાનેદિષ્ઠની કથા છે. તેમાં બે વૈશ્વદેવસૂકતોનો ઉલ્લેખ થયેલ છે. આ બે સૂકતો ૠગ્વેદ(૧૦/૬૧ અને ૧૦/૬૩) માં છે. નાભાગકથા શિવપુરાણ(૩/૨૯/૯૪) તથા અન્ય પુરાણોમાં પણ છે. આ કથા મૂળ ઐતરેયબ્રાહ્મણ(૫/૧૪)માં છે. તૈતિરીયસંહિતા(૩/૧/૯)માં આ કથા થોડાં ભિન્ન રૂપે મળે છે.

❖ શાકુનસૂકત :

અગ્નિપુરાણ(૫૮/૨૯)માં શાકુનસૂકતનો ઉલ્લેખ થયેલો છે. અહીં દેવતાસ્નાનવિધિમાં આ સૂકત પ્રયોજાયેલ છે. મત્સ્યપુરાણ(૯૩/૧૨૯–૧૩૨)માં ગ્રહયજ્ઞમાં અથર્વવેદીય આ સૂકતના જપનો ઉલ્લેખ છે. આ ઉપરાંત, મત્સ્યપુરાણ (૪/૧૦/૧૧)માં વિષ્ણુપ્રતિષ્ઠાના સંબંધમાં આ સૂકતનો ઉલ્લેખ છે. આ સૂકત ૠગ્વેદ(૨/૪૨/૧–૩ અને ૨/૪૩/૧–૩)માંથી લીધેલ છે.

❖ શાક્સૂકત :

યજુર્વેદકર્તૃક આ સૂકતના જપનો ઉલ્લેખ મત્સ્યપુરાણ(૫૮/૩૪ તથા ૯૩/૧૩૨)માં મળે છે. આ યજુર્વેદનું કયું સૂકત છે, તે સ્પષ્ટ નથી. આ સૂકતમાં ઇન્દ્રની સ્તુતિ છે.

❖ શ્રીસૂકત :

બ્રહ્માંડપુરાણ(૩/૯/૨૭)માં આ સૂકતથી શ્રી(લક્ષ્મી)ની સ્તુતિ કરવાનો ઉલ્લેખ છે. જયારે વિષ્ણુપુરાણ(૧/૯/૧૦૦)માં આ સૂકતથી લક્ષ્મીસ્તુતિ કરવાનો નિર્દેશ છે. સ્કંદપુરાણ, નાગરખંડ(૮૫/૧૪)માં લક્ષ્મીપૂજાના સંદર્ભે શ્રીસૂકતનો ઉલ્લેખ થયેલો છે. અગ્નિપુરાણ(૨૬૧/૧)માં આ સૂકતનો પરિચય આપવામાં આવ્યો છે. સ્કંદપુરાણ, રેવાખંડ(૫૧/૪૨)માં શિવપૂજામાં શ્રીસૂકતનો ઉલ્લેખ કર્યો છે. ઋગ્વેદ(૧/૧૬૫)માં આ સૂકત ઋક્‌પરિશિષ્ટમાં છે. આ સૂકતમાં ૧૫ મંત્રો છે. ઋગ્વેદ(૨/૧૮)માં પણ શ્રીસૂકતનો ઉલ્લેખ છે. પુરાણોમાં ઋગ્વેદીય આ શ્રીસૂકતનો જ નિર્દેશ થયેલો છે.

❖ સારસ્વતસૂકત :

ઋગ્વેદ(૧/૩/૧૦–૧૨ અને ૧/૧૬૪/૪૯)માં સરસ્વતીદેવતાના મંત્રો છે. માર્કણ્ડેયપુરાણ(૭૨/૨૬)માં સારસ્વતી–ઈષ્ટિના પ્રકરણમાં સારસ્વતસૂકતનો ઉલ્લેખ કરેલ છે. અહીં બહુવચન પ્રયોજાયેલ હોવાથી અનેક સારસ્વત સૂકતોનું અનુમાન થઈ શકે છે. જો કે, અહીં કોઈ વેદના નામનો ઉલ્લેખ નથી.

❖ સાવિત્રસૂકત :

સ્કંદપુરાણ, નાગરખંડ(૧૨૯/૬૩)માં 'सावित्रेण च सूक्तेन' માં 'दृष्ट्वा प्रपठिष्यति' કહેવામાં આવ્યું છે. આ સૂકત યાજ્ઞવલ્કયને સૂર્યે કહેલ છે.

❖ સુમંગસૂકત :

પુરાણોમાં તડાગાદિવિધિ અને ગ્રહયજ્ઞ સમયે સૂકતના જપનો ઉલ્લેખ કરેલ છે. મત્સ્યપુરાણ(૫૮/૩૩ અને ૯૩/૧૨૯–૧૩૨)માં બહ્‌વૃચકર્તૃક આ સૂકતના જપનો ઉલ્લેખ છે. અન્ય એક સ્થળે(૨૬૫/૨૪) મૂર્તિ–અધિવાસમાં પણ આ સૂકતનો ઉલ્લેખ કરેલ છે. જો આ સ્વસ્તિકસૂકતનું નામાંતર હોય તો, તે ઋગ્વેદ, ૫/૫૧/૧૧–૧૫ હોઈ શકે છે.

❖ સૌપર્ણસૂકત :

અગ્નિપુરાણ(૫૮/૨૯)માં દેવના ઉત્થાન–સમયમાં આ સૂકતનો પાઠ મળે છે. ભવિષ્યપુરાણના બ્રાહ્મખંડ(૨૦૨/૧૧)માં અર્ઘ્યદાનાદિના પ્રસંગે આ સૂકતનો નિર્દેશ થયેલ છે. ઐતરેયબ્રાહ્મણ(૨૯/૯)માં 'प्र धारायन्तु' ને સૌપર્ણસૂકત કહેવામાં આવ્યું છે. ઐતરેયબ્રાહ્મણ(૩૭/૩)માં આ પ્રસંગ જોવા મળે છે.

❖ સૌમ્યસૂકત :

મત્સ્યપુરાણ(૧૬૫/૨૪)માં બહ્‌વૃચકર્તૃકમાં તેના જપનો ઉલ્લેખ છે.

મત્સ્યપુરાણ(૫૮/૩૪ અને ૯૩/૧૩૦)માં તડાગાદિવિધિ અને ગ્રહયજ્ઞમાં આ યજુર્વેદીય સૂક્તનો ઉલ્લેખ છે. કયારેક 'સોમ્ય' કે 'સોમ' પાઠ પણ મળે છે. બહ્‌વૃચની જેમ યજુર્વિત્–કર્તૃક આ સૂકતના જપનો ઉલ્લેખ છે. મત્સ્યપુરાણ ઉપરાંત અગ્નિપુરાણમાં આ સોમ્યસૂકતનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. યજુર્વેદમાં કહેલ સૌમ્યસૂકત માં કયા દેવનું વર્ણન થયું છે, તે અનિશ્ચિત છે.

❖ સૌરસૂકત :

સૂર્યોપસ્થાનમાં સૌરસૂકતનો ઉલ્લેખ સ્કંદપુરાણના કાશીખંડ(૯/૬૨)માં થયો છે. સૌરસૂકતો ઘણાં છે, પરંતુ અહીં સૂર્યદેવતા–સૂચક આ સૂકત પ્રાપ્ત છે. અહીં બહુવચનનો પ્રયોગ કરેલ છે. સ્કંદપુરાણના નાગરખંડ(૨૭૮/૧૦૮)માં સૂર્યે યાજ્ઞવલ્કયને કહ્યું છેઃ 'यानि सूक्तानि ऋग्वेदे मदियानि......सप्तानि ।' આના દ્વારા આવા સૂકતોની સંખ્યા સાત થાય છે. ઋગ્વેદમાં અનેક સૌરસૂકતો છે ભવિષ્યપુરાણ(૪/૫૯/૬)માં આ સૌરસૂકતોનો ઉલ્લેખ છે. બ્રહ્મપુરાણ(૨/૧૮/૭૫)માં શ્રાદ્ધસમયે સૌરસૂકતના જપનો ઉલ્લેખ થયેલ છે. કૂર્મપુરાણ(૨/૧૮/૭૫)માં આદિત્યોપસ્થાપનામાં સૌરસૂકતોનો ઉલ્લેખ થયેલ છે. આ સૂકત 'ऋक्यजुर्समभाव' છે, એવું કૂર્મપુરાણ(૨/૧૮/૩૩)માં કહેલ છે. લિંગપુરાણ(૧/૫૦/૨૫ તથા ૧/૨૬/૭) માં પણ આ સૂકતનો ઉલ્લેખ થયેલ છે. પુરાણોમાં યજુર્વેદીય સૌરસૂકત (મત્સ્યપુરાણ, ૫૮/૩૪–તડાગાદિવિધિ) અને અથર્વવેદીય સૌરસૂકત (મત્સ્યપુરાણ, ૯૩/૧૩૨–ગ્રહયજ્ઞમાં)ના જપને કહ્યા છે. આશ્વલાયન ગૃહ્યસૂત્રવૃત્તિકાર નારાયણ મુજબ સૌરમંત્ર ઋગ્વેદ,૧૦/૧૫૮, ૧/૫૦/૧–૯, ૧/૧૧૫/૧ અને ૧૦/૩૭/૧માં પ્રાપ્ત થાય છે.

❖ હિરણ્યગર્ભસૂકતઃ

વિષ્ણુપૂજામાં 'हिरण्यगर्भेति जपन्' કહેવામાં આવ્યું છે. પુરુષોત્તમતત્ત્યવ, ૫૭/૩૦માં 'हिरण्यगर्भः समवर्ताग्रे...........' મંત્રનું લક્ષ્ય હિરણ્યગર્ભસૂકત તરફ છે. હિરણ્યગર્ભ વગેરે મંત્રો ઋગ્વેદ સંબંધી છે. ઋગ્વેદ(૧૦/૧૨૧)માં હિરણ્ય–ગર્ભસૂકત પ્રાપ્ત થાય છે.

આમ, પુરાણોએ અનેક વૈદિક મંત્રો તથા સૂકતોનાં ઉદ્ધરણો અને ઉલ્લેખો આપીને પોતાનું વેદ–ઉપબૃંહણત્વ સિદ્ધ કરેલ છે.

## (૬) વૈદિક કથા–આખ્યાનો

સંસ્કૃતસાહિત્યમાં અનેક પ્રાચીન કથાઓ તથા આખ્યાયિકાઓના મૂળ સ્રોતો વેદસંહિતાઓ, ઇતર વૈદિક સાહિત્ય અને પુરાણોમાં રહેલા છે. વૈદિક સાહિત્ય તથા પુરાણસાહિત્યમાંથી પ્રાપ્ત થતી વિગતો અન્યોન્યાશ્રિત છે. પુરાણ પ્રાચીન હોવા છતાં અર્વાચીન એટલા માટે છે કે, તેના પ્રાચીન રૂપની જાળવણી યોગ્ય પ્રમાણમાં થઈ શકી નથી. જેટલી કાળજી વૈદિક સાહિત્યને જાળવવા માટે લેવાયેલી, તેના પ્રમાણમાં પુરાણો ઘણું જ ઉપેક્ષિત સાહિત્ય રહ્યું હોવાથી, તેનું અતિ પ્રાચીન સ્વરૂપ આપણાં સુધી પહોંચી શક્યું નથી. પુરાણ મહદંશે સ્વચ્છંદ અને સ્વતંત્ર હોવાથી તેનું મૂળ પ્રાચીન સ્વરૂપ ઘણું જ પરિવર્તિત થઈ ચૂક્યું હતું. અનેક કથાઓ, આખ્યાનો અને અન્ય વિગતો પુરાણ–પરંપરામાંથી ભૂસાઈ ચૂકયા હતા. સમયની સાથેસાથે અનેકાનેક બાબતો ભૂલાતી ગઈ હતી અને તેનું સ્થાન નવી વિગતોએ લઈ લીધું હતું. ધીમેધીમે નષ્ટપ્રાયઃ થતાં જતાં પુરાણ– સાહિત્યને બચાવવાનું અને પુનઃ સંકલિત કરવાનું બીડું કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે ઝડપ્યું; પરંતુ તેની સામે આધાર તરીકે ઉપલબ્ધ અને સંપૂર્ણ કક્ષાનું સાહિત્ય વેદસંહિતાઓ અને તેની સાથે સંલગ્ન અન્ય ગ્રંથો જ હતા. વ્યાસે વેદના આખ્યાન, ઉપાખ્યાન, ગાથા અને કલ્પશુદ્ધિરૂપ ચાર મુખ્ય આધારસ્તંભો વડે પુરાણસંહિતાની રચના કરી હતી. વિષ્ણુપુરાણ (૩/૬/૧૫)માં કહ્યું છેઃ

''आख्यानैश्चाप्युपाख्यानैर्गाथाभिः कल्पसिद्धिभिः ।
पुराणसंहितां चक्रे पुराणार्थविशारदः ।।''

અહીં પુરાણની રચનાનાં આધારસ્થાનોનો સ્પષ્ટ નિર્દેશ પ્રાપ્ત થાય છે. આ જ બાબત, બ્રહ્મપુરાણ(૨/૩/૩૧) તથા વાયુપુરાણ(૬૦/૨૧)માં પણ પ્રાપ્ત થાય છે. આખ્યાનો, ઉપાખ્યાનો, ગાથાઓ અને કલ્પોનો આશ્રય લઈને, પુરાણોને નૂતન અને પૂર્ણ સ્વરૂપ બક્ષવાનો અનન્ય પ્રયાસ વ્યાસે કર્યો હોવાથી, સ્વભાવિકપણે જ, અનેક વૈદિક કથાઓ અને આખ્યાનો પુરાણોમાં ઊતરી આવેલાં જોઈ શકાય છે. પુરાણો તો કથાઓ અને આખ્યાનોનો મહાસાગર છે. તેમાં સ્વ–પરંપરામાંથી ઉતરી આવેલાં અને પોતાને હાથવગાં એવાં આખ્યાનો અને કથાઓની સંખ્યા અધિક હોવા છતાં, વૈદિક સાહિત્યમાંથી ઉદ્ધૃત કરવામાં આવેલાં આખ્યાનો અને કથાઓની સંખ્યા પણ નાનીસુની નથી.

વિષ્ણુપુરાણ(૩/૬/૧૫)ના ઉપરોક્ત 'आख्यानैश्चा........... विशारदः ।' શ્લોક પરની ટીકામાં શ્રીધરે 'આખ્યાન' શબ્દને સમજાવતાં નોંધ્યું છેઃ

‘‘स्वयं दृष्टार्थकथनं प्राहुराख्यानकं बुधाः ।’’ અર્થાત્, "સ્વયં પોતે જ પ્રાપ્ત કરેલા અર્થના કથનને વિદ્વાનો 'આખ્યાન' કહે છે." આથી વ્યાસ દ્વારા દષ્ટ અર્થો 'આખ્યાન' છે અને વૈદિક કથન તો પ્રથમથી જ દષ્ટાર્થ હોવાથી આ વ્યાખ્યામાં સમાવિષ્ટ છે. વ્યાસે એવા વૈદિક દષ્ટાર્થો કે, જે આખ્યાન, ઉપાખ્યાન, ગાથા અને કલ્પના નામથી પ્રસિદ્ધ હતા, તેને પુરાણમાં સમાવીને તેનું વિશદ આકલન–વિકલન કરેલ છે. વૈદિક સાહિત્યમાંથી વ્યાસ દ્વારા ઉદ્ધૃત આવાં આખ્યાનોપાખ્યાનો તથા કથાઓને ધાર્મિક તેમજ લૌકિક એવા બે વિભાગોમાં વહેંચી શકાય છે. ધાર્મિક આખ્યાનોમાં પ્રજાપતિ બ્રહ્મા, વિષ્ણુ, શિવ કે અન્ય દેવની સાથે સંલગ્ન વાતો વર્ણવવામાં આવેલ છે. જ્યારે કે લૌકિક આખ્યાનોમાં કોઈ વિશિષ્ટ લૌકિક નાયક તથા પ્રસિદ્ધ ઋષિ–મુનિનાં ચરિત્રો કે લોકરંજન કરનારી અદ્‌ભુત કથાઓનો સમાવેશ થાય છે. પુરાણોમાં પ્રાપ્ત થતાં આવાં આખ્યાનો કે કથાઓને આ પ્રમાણે નોંધી શકાયઃ

**❖ મત્સ્યાખ્યાન :**

પૃથ્વીના ઉદ્ધારને માટે ભગવાન નારાયણ દ્વારા મત્સ્યાવતાર ધારણ કરાયો હોવાની વાતને વર્ણવતું આ આખ્યાન મૂળભૂત રીતે શતપથબ્રાહ્મણ(૨/૮/૧/૧) માં વર્ણવાયેલું છે.[૧૬૯] ત્યાં આ કથાને આ પ્રમાણે વર્ણવેલ છેઃ

'એકવાર પ્રભાતે નદીમાં મનુ જળ દ્વારા તર્પણ કરી રહ્યા હતા ત્યારે તેના હાથમાં મત્સ્યનું એક બચ્ચું આવી ગયું. તેણે (મનુને) કહ્યું કે, "મારું રક્ષણ કર, હું તને પાર ઉતારીશ" મનુએ આશ્ચર્ય સાથે પૂછ્યું, "શેમાંથી પાર ઉતારીશ?" તેણે કહ્યું, "મોટો જળપ્રલય આ સમગ્ર પ્રજાને ડૂબાડી દેશે, તેમાંથી હું તને પાર ઉતારીશ." મનુએ તેના કહેવા મુજબ, તેને એક મોટા ઘડામાં રાખ્યો. (પરંતુ તેનું કદ વધતાં) પછી તળાવમાં અને અંતે સમુદ્રમાં રાખ્યો, જ્યાં તેણે વિશાળ શરીર ધારણ કર્યું. મોટો જળપ્રલય થયો, તેમાં તમામ વસ્તુઓ નાશ પામી હતી. મત્સ્યના કહેવા પ્રમાણે મનુએ પહેલેથી જ બધા પ્રકારના અન્નનાં બીજો સાચવી રાખ્યાં હતાં. જળ પ્રલય શાંત થતાં, મનુએ યજ્ઞ કરી, ફરીને તે સુરક્ષિત બીજોમાંથી વિવિધ અન્નોનું સર્જન કર્યું.'

પુરાણોમાં આ કથાની ઘણી પ્રસિદ્ધિ છે. મત્સ્યપુરાણનું તો મૂળ કથાનક જ આ આખ્યાન છે. અન્ય પુરાણોમાં શ્રીમદ્‌ભાગવતપુરાણ(૮/૨૪/૧૧–૬૧, ૧/૩/૧૫, ૨/૭/૧૨), અગ્નિપુરાણ(૨/૪૯), ગરુડપુરાણ(૧/૧૪૨) તેમજ પદ્મપુરાણ (૫/૪/૭૩) વગેરેમાં આ આખ્યાન મળે છે. અલબત્ત, મત્સ્યપુરાણ તથા અન્ય પુરાણોની વિગતોમાં થોડો ભેદ જોવા મળે છે. શ્રીમદ્‌ભાગવતપુરાણમાં આ કથા

માત્ર એક જ અધ્યાયમાં વર્ણવી છે, જ્યારે મત્સ્યપુરાણે તેને મુખ્ય ઘટના બનાવીને તેને વિશેષ પ્રસિદ્ધિ આપેલ છે. મૂળ વૈદિક આખ્યાનમાં મત્સ્યની આ ઘટનાનું ભૌગોલિક સ્થળ હિમાલય છે, પરંતુ શ્રીમદ્‌ભાગવતપુરાણમાં એ ઘટના દ્રવિડદેશમાં કૃતમાલા નદીના કિનારે ઘટિત થાય છે અને મનુનું સ્થાન, તે દેશના રાજા સત્યવ્રતે લીધું છે.

**❖ કૂર્માખ્યાન :**

આ આખ્યાન તૈતિરીયારણ્યક(૧/૨૩/૩), શતપથબ્રાહ્મણ(૭/૫/૧/૫) તથા જૈમિનીયબ્રાહ્મણ(૩/૨૭)માં ઉલ્લેખાયેલ છે. તૈતિરીયારણ્યકમાં આ કથા આ પ્રમાણે છેઃ 'अन्तरतः कूर्मभूत....पर्यन्तं तमब्रवीत् - मम वै त्वमासात् समभूत । नेत्यब्रवीत् । पूवमेवाहमिहासमिति । तत् पुरुषस्य पुरुषत्वम् । स सहस्रशिर्षाः पुरुषः सहस्राक्षः सहस्रपात् भूत्वोदतिष्ठत् ।' અર્થાત્, 'પાણીમાં વિચરણ કરતાં કૂર્મરૂપને પ્રજાપતિએ કહ્યું, 'હે કૂર્મ, તું મારી ચામડી અને રસમાંથી ઉત્પન્ન થયો છે. કૂર્મે પ્રત્યુત્તર આપ્યો કે, 'નહીં, હું અહીં તમારાથી પણ પહેલા હતો.' તેથી તેને 'પુરુષ' નામ પ્રાપ્ત થયું. તેને હજાર મસ્તકો, હજાર આંખો અને હજાર પગો હતા.'

આ કથામાં કૂર્મના રૂપમાં રહેલ 'पुरुष' ના 'पुरुषत्व' ને સિદ્ધ કરવામાં આવેલ છે. આ કથાને આધારે 'पुरुष' શબ્દનું નિર્વચન 'पुरस्तिष्ठतीति पुरुषः' એમ આપી શકાય છે. કૂર્મ પ્રજાપતિ કરતાં પણ પૂર્વે ત્યાં વિદ્યમાન હોવાથી, તે 'पुरुष' છે. આ કથા પણ તેને જ 'पुरुष' નું 'पुरुषत्व' કહે છે. એ કૂર્મપુરુષને હજાર મસ્તકો, હજમર આંખો અને હજાર પગો હતા. વેદના પ્રસિદ્ધ 'પુરુષસૂકત'માં 'सहस्रशिर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात्' દ્વારા આ કૂર્મપુરુષને જ વર્ણવેલ છે. શતપથબ્રાહ્મણ (૭/૫/૧/૫)માં પણ કૂર્મરૂપધારી પ્રજાપતિએ પ્રજા ઉત્પન્ન કરી, તેવો ઉલ્લેખ છે.[૧૭૦]

આ વૈદિક કથાને અનેક પુરાણોએ કયાંક વિસ્તાર સાથે તો કયાંક સંક્ષેપમાં વર્ણવી છે. મત્સ્યપુરાણની જેમ જ આ કથાને આધારે પણ એક સ્વતંત્ર પુરાણ કૂર્મપુરાણની રચના થયેલી છે. શ્રીમદ્‌ભાગવતપુરાણના આઠમા સ્કંધના સાતમા અધ્યાયમાં સમુદ્રમંથનના પ્રસંગે, જ્યારે દેવો અને અસુરો મંદરાચલ પર્વતને આધાર બનાવીને શેષનાગ દ્વારા સમુદ્રનું દોહન કરવા લાગ્યા ત્યારે નિરાધાર એવો મંદરાચલ સમુદ્રમાં ડૂબવા લાગ્યો. એ સમયે ભગવાન વિષ્ણુએ કૂર્મનું રૂપ ધારણ કરીને એ પર્વતને આધાર આપ્યો હોવાનું વર્ણન છે.[૧૭૧] એ ઉપરાંત, અગ્નિપુરાણ (૫૪/૪૯), ગરુડપુરાણ(અ. ૧/૧૪૨), પદ્મપુરાણ(અ. ૫/૪ અને ૧૩), બ્રહ્મપુરાણ (અ. ૧૮૦ અને ૨૧૩) તેમજ વિષ્ણુપુરાણ(અ. ૧/૪)માં આ કથા વર્ણવાયેલ છે.

❖ **વરાહાખ્યાન :**

વરાહકથા વૈદિક સાહિત્યમાં ભિન્ન–ભિન્ન રૂપે પ્રાપ્ત થાય છે. જો કે, તેનો સારાંશ તો સમાન જ છે. યજુર્વેદની તૈતિરીયસંહિતા(૭/૧/૫/૧)માં–'आपो वा इदमग्रे सलिलमासीत् । तस्मिन् प्रजापतिर्वायुर्भूत्वाऽचरत् । स इमामपश्यत् । तं वराहो भूत्वाऽहरत् ।' દ્વારા જળમાં વાયુના રૂપમાં વિચરણ કરી રહેલા પ્રજાપતિએ, વરાહનું રૂપ ધારણ કરીને જળમાંથી પૃથ્વીને ઉગારી હોવાની ઘટનાનો નિર્દેશ મળે છે. શતપથબ્રાહ્મણ(૧૪/૧/૨/૧૧)માં પણ આના વિશે કહ્યું છેઃ 'इतीयती ह वा इयमग्रे पृथिव्यास प्रादेशमात्री । तामेमूष इति वराह उज्जघान । सोऽस्याः पतिरीति ।' અહીં પ્રજાપતિને પૃથ્વીના પતિ કહેલ છે, પરંતુ તેમાં કારણરૂપ તો, તેણે વરાહ રૂપ ધારણ કરીને પૃથ્વીને ઉગારી હોવાની ઘટનાને જ ગણાવેલ છે. તૈતિરીયબ્રાહ્મણ(૧/૧/૬)માં પણ જળમાંથી વરાહ દ્વારા કરવામાં આવેલા પૃથ્વીના ઉદ્ધારનો નિર્દેશ, આ પ્રમાણે પ્રાપ્ત થાય છેઃ 'स वराहो रूपं कृत्वोपन्यमज्जत । स पृथ्वीमधः आर्च्छत् ।' આ ઉપરાંત, અથર્વવેદ(૧૨/૧/૪૮)માં 'वाराहेण पृथिवी संविदाना' કહેલ છે. જ્યારે તૈતિરીયારણ્યક (૧/૧/૩૦)માં 'उद्धृतासि वराहेण कृष्णेन शतबाहुना ।' કહ્યું છે.

વૈદિક સાહિત્યમાં વર્ણવાયેલ આ વરાહકથાને પુરાણોએ સામાન્યતઃ એક જ રૂપમાં સ્વીકારીને વર્ણવી છે. મત્સ્યાખ્યાન તથા કૂર્માખ્યાનની જેમ વરાહાખ્યાનના આધારે પણ એક સ્વતંત્ર પુરાણ વરાહપુરાણની રચના થયેલી છે. આ આખ્યાનને વર્ણવતાં અન્ય પુરાણોમાં બ્રહ્મપુરાણ(૨૧૩/૩૨–૩૯), વાયુપુરાણ (૬/૧૬–૨૩), બ્રહ્માંડપુરાણ(૧/૫/૧૬–૨૩), મત્સ્યપુરાણ(૨૪૮/૬૬–૭૪), શ્રીમદ્ભાગવતપુરાણ(૩/૧૩/૩૫–૩૯), વિષ્ણુપુરાણ(૧/૪/૩૨–૩૯) તથા અગ્નિપુરાણ(૫/૧–૩) છે. શ્રીમદ્ભાગવતપુરાણમાં પ્રાપ્ત થતી આ કથામાં વરાહનું 'યજ્ઞવરાહ'ના રૂપમાં વર્ણન છે.યજ્ઞમાં ઉપયુકત વિવિધ સાધન–સામગ્રીની સ્થિતિ એ યજ્ઞવરાહના દેહમાં હોવાનું ત્યાં કહ્યું છે. શ્રીમદ્ભાગવતપુરાણમાં મળતું યજ્ઞક્રિયા અને વરાહની આ કથાનું જોડાણ સ્પષ્ટપણે વૈદિક પ્રભાવને સૂચવે છે. પ્રજાપતિ દ્વારા વરાહરૂપ ધારણ કરીને પાતાળમાંથી કરવામાં આવેલું પૃથ્વીના ઉદ્ધારનું કાર્ય, તેનાં અનેક કાર્યોમાં આગવું સ્થાન ધરાવે છે. તેના એ વિશિષ્ટ કાર્યનું પુરાણોમાં વિસ્તરણ થયેલું છે. વરાહપુરાણમાં પૃથ્વીએ કરેલી ભગવાનની સ્તુતિમાં, એમના એ પ્રકારના મહત્ત્યવનાં દર્શન થાય છે. પ્રજાપતિએ ધારણ કરેલાં અનેક રૂપોમાંથી, વર્તમાનમાં મત્સ્યરૂપને જ પ્રજાપતિનો પ્રથમ અવતાર માનવામાં આવે છે; પરંતુ અનેક સ્થળોએ વરાહ–અવતારને જ તેના આદિ–અવતાર હોવાનું ગૌરવ પ્રદાન

થયેલું છે. શ્રીમદ્ભાગવતપુરાણના બીજા સ્કંધના સાતમા અધ્યાયમાં આપવામાં આવેલી ભગવાનના અવતારોની યાદીમાં વરાહને જ પ્રથમ ગણાવતાં નોંધ્યું છેઃ

'यत्रोद्यतः क्षितितलोद्धरणाय बिभ्रत् क्रौडी तनुं सकलयज्ञमयीमनन्तः ।
अन्तर्महार्णव उपागतमादिदैत्यं तं दंष्ट्रयाऽद्रिमिव वज्रधरो ददार ।।'[૧૭૨]

જે પૃથ્વી પર અન્ય અવતારોની લીલા સંપન્ન થાય છે, તે પૃથ્વીના ઉદ્ધારકર્તા અવતાર (વરાહ)ને પ્રથમ અવતારના રૂપમાં ગણવા યુકિતપૂર્ણ પણ લાગે છે.શ્રીમદ્ભાગવતપુરાણના પ્રસ્તુત ઉદ્ધરણમાં વરાહનો સંબંધ યજ્ઞની સાથે જોડવામાં આવેલો જોઈ શકાય છે. પુરાણોમાં વરાહની સાથે યજ્ઞનું પ્રતીક એટલું તો ગાઢ રીતે જોડાઈ ગયું છે કે, પુરાણોમાં વરાહને 'યજ્ઞવરાહ'ના નામથી જ પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ છે.[૧૭૩]

વરાહ–અવતારનો અસ્પષ્ટ નિર્દેશ વૈદિક સાહિત્યમાં ઘણી જગ્યાએ પ્રાપ્ત થાય છે; પરંતુ ત્યાં એક પણ સ્થાને વરાહ–અવતાર વિષ્ણુનો હોવા વિશે કહ્યું નથી. ઋગ્વેદમાં ઇન્દ્ર દ્વારા વરાહનો વધ કરવામાં આવ્યો હોવાની વાત કહી છે.[૧૭૪] તૈત્તિરીયસંહિતામાં પ્રજાપતિએ વરાહનું રૂપ લીધું હોવાનો નિર્દેશ છે. પૃથ્વીની ઉત્પત્તિની પૂર્વે પ્રજાપતિ વાયુનું રૂપ ધારણ કરીને અંતરીક્ષમાં ફરી રહ્યા હતા, તે સમયે તેમણે સાહજિકરૂપે જ જળમાં ડૂબેલી પૃથ્વીને જોઈને વરાહનું રૂપ ધારણ કરી, જળમાં પ્રવેશ કર્યો અને ડૂબેલી પૃથ્વીને ઉપર ઉઠાવી. ત્યારપછી, તેણે પૃથ્વીને લૂછીને સાફ કરી અને તેમાં દેવ, મનુષ્યાદિનું નિર્માણ કર્યું.[૧૭૫] તૈત્તિરીય– બ્રાહ્મણમાં આ કથા થોડી અલગ રીતે પ્રસ્તુત થયેલી છે. તદનુસાર, બ્રહ્માના નાભિકમળના નીચલા ભાગમાં સ્થિત કીચડને પ્રજાપતિ વરાહનું રૂપ ધારણ કરીને ક્ષીરસાગરમાંથી ઉપર લાવ્યા અને તેને બ્રહ્માના નાભિકમળની પાંખડીઓ પર પાથરી દીધો. સમય જતાં એ કીચડે જ પૃથ્વીનું રૂપ ધારણ કર્યું.[૧૭૬]

પુરાણોમાં નિર્દિષ્ટ વિષ્ણુના અવતારો મહદંશે 'વરાહાવતાર' થી જ પ્રારંભાય છે. વિષ્ણુનો આ અવતાર વારાહકલ્પના પ્રારંભમાં થયો હોવાનું વાયુપુરાણ નોંધે છે.[૧૭૭] પુરાણગ્રંથો અનુસાર, હિરણ્યાક્ષ નામનો એક અસુર પૃથ્વીનું હરણ કરીને તેને પાતાલલોકમાં લઈ ગયેલો. એ સમયે વિષ્ણુએ વરાહનું રૂપ ધારણ કરીને, પોતાના એક જ દાંતથી પૃથ્વીને ઉપર ઉઠાવીને, તેને સમુદ્રની બહાર કાઢેલ અને તેની સ્થાપના શેષનાગના મસ્તક પર કરી. ત્યારપછી તેણે હિરણ્યાક્ષનો પણ વધ કરેલો.[૧૭૮] જે સ્થાને વરાહે પૃથ્વીનો ઉદ્ધાર કરેલો, તે સ્થાનને 'વારાહતીર્થ' કહે છે.[૧૭૯] વરાહપુરાણાનુસાર, આ 'વરાહક્ષેત્ર' કે 'કોકામુખક્ષેત્ર' બંગાળમાં ત્રિવેણી

નદીના તટ પર આવેલ નાથપૂરગ્રામની પાસે આવેલ છે.[૧૮૦] હિરણ્યાક્ષના વધ પછી વિષ્ણુએ તેનું વિધિપૂર્વક શ્રાદ્ધ પણ કર્યું હોવાનું મહાભારત નોંધે છે.[૧૮૧] વિષ્ણુના દસ અવતારોમાંથી મત્સ્ય, કૂર્મ અને વરાહને 'दिव्य' અર્થાત્, માનવજાતિની ઉત્પત્તિ પૂર્વેના માનવામાં આવે છે. વિષ્ણુના માનુષી અવતારો અર્ધમનુષ્ય—નૃસિંહથી અને વામનથી પ્રારંભાય છે. આનાથી એવું પ્રતીત થાય છે કે, મત્સ્ય, કૂર્મ અને વરાહ અવતાર પૃથ્વીની એ અવસ્થામાં ઉત્પન્ન થયેલા કે જયારે પૃથ્વી પર કોઈપણ મનુષ્યપ્રાણીનું અસ્તિત્વ ન હતું. પ્રાણીજાતિની ઉત્ક્રાંતિની દૃષ્ટિએ પણ મત્સ્ય, કૂર્મ અને વરાહનો ક્રમ ઉચિત જણાય છે. કેમકે, પ્રાણીશાસ્ત્ર અનુસાર, સૃષ્ટિમાં સર્વપ્રથમ જલચરપ્રાણી (મત્સ્ય) ઉત્પન્ન થયેલાં અને ત્યારપછી ક્રમશઃ જમીન પર ઘસાઈને ચાલનારાં (કૂર્મ) તથા સ્તનોવાળાં (વરાહ) અને અંતે મનુષ્યજાતિનું નિર્માણ થયું. આ પ્રમાણે, પુરાણોમાં નિર્દિષ્ટ વિષ્ણુના દૈવી અવતારો પ્રાણીજાતિની ઉત્ક્રાંતિનાં ક્રમશઃ વિકસિત થનારાં રૂપો પ્રતીત થાય છે.

પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિએ, પ્રાણીજાતિની ઉત્પત્તિની પૂર્વે સમગ્ર સૃષ્ટિ જળમય હતી, જેનાં કીચડમાં સર્વપ્રથમ પ્રાણીજાતિની ઉત્પત્તિ થઈ. તદનુસાર જોઈએ તો, પ્રજાપતિએ વરાહનું રૂપ ધારણ કરીને સમુદ્રનો બધો જ કીચડ પાણીમાંથી બહાર કાઢયો અને એ જ કીચડમાંથી પહેલાં પૃથ્વીનું અને પછી પૃથ્વીની પ્રાણીસૃષ્ટિનું સર્જન કર્યું. તૈત્તિરીયબ્રાહ્મણમાં નિર્દિષ્ટ કલ્પના ઉત્ક્રાંતિવાદની દૃષ્ટિએ સુયોગ્ય પ્રતીત થાય છે.

વૈદિક સાહિત્યમાં સર્વત્ર બ્રહ્માને સૃષ્ટિનું સર્જન કરનાર દેવતા માનવામાં આવેલ છે, જેનું સ્થાન બ્રાહ્મણ અને પુરાણોમાં ક્રમશઃ પ્રજાપતિ અને વિષ્ણુએ લીધેલ છે. આ કારણે જ બ્રાહ્મણ અને પુરાણગ્રંથોમાં વરાહને ક્રમશઃ પ્રજાપતિ અને વિષ્ણુનો અવતાર કહેલ છે.

શ્રીમદ્‌ભાગવતપુરાણ પ્રજાપતિ અને વિષ્ણુનું સુંદર સંમિશ્રણ કરે છે. તે(અ.૩/૧૩)માં વર્ણવાયેલી કથા અનુસાર, સૃષ્ટિના પ્રારંભે સૌપ્રથમ જયારે સ્વાયંભુવ મનુ અને શતરૂપા ઉત્પન્ન થયાં ત્યારે તેમણે બે હાથ જોડી, પ્રણામ કરીને બ્રહ્માને કહ્યુંઃ

‘‘आदेशेऽहं भगवतो वर्तेयामीवसूदन ।
स्थानं त्विहानुजानीहि प्रजानां मम च प्रभो ।।
यदोकः सर्वसावानां मही मग्ना महाम्भसि ।
अस्या उद्धरणे यत्नो देव देव्या विधीयताम् ।।’’

અર્થાત્, "હે પાપોનો નાશ કરનારા પ્રભુ! હું આપની આજ્ઞામાં જ વર્તીશ, પણ પ્રજાઓ અને મારા માટે અહીં કોઈ સ્થાનની તમે આજ્ઞા કરો; કારણ કે, પ્રાણીમાત્રનું નિવાસસ્થાન પૃથ્વી તો આ મહાન જળમાં ડૂબેલી છે. હે દેવ! એ પૃથ્વીદેવીનો ઉદ્ધાર કરવા તમે પ્રયત્ન કરો."[૧૮૨]

ત્યારપછી, બ્રહ્માએ પૃથ્વીને તે પ્રમાણે જળમાં ડૂબેલી જોઈ ઘણા કાળ સુધી બુદ્ધિથી વિચાર કર્યો: "હું આ પૃથ્વીને જળમાંથી કેવી રીતે બહાર કાઢીશ? હું સૃષ્ટિરચના કરતો હતો ત્યાં તો પાણીએ ડૂબાડેલી પૃથ્વી છેક રસાતળમાં ગઈ છે; તો પરમાત્માએ સૃષ્ટિરચનામાં જોડેલા અમારે આ વિષયમાં શું કરવું જોઈએ? જેમના હૃદયમાંથી હું થયો છું, તે પરમેશ્વર જ એને મેળવી આપે."[૧૮૩]

બ્રહ્મા એવો વિચાર કરતા હતા ત્યાં તો તેમની નાસિકાના છિદ્રમાંથી એક ભૂંડનું બચ્ચું નીકળ્યું. તે પ્રથમ અંગૂઠા જેવડું દેખાયું અને ક્ષણવારમાં તો બ્રહ્મદેવના દેખતાં જ આકાશમાં પહોંચીને હાથીના જેવડું વધ્યું, એ મોટું આશ્ચર્ય હતું. મરીચિ વગેરે બ્રાહ્મણો, સનકાદિ કુમારો અને સ્વાયંભુવ મનુ સાથે બ્રહ્મા ભૂંડનું એ સ્વરૂપ જોઈને અનેક પ્રકારના તર્ક કરવા લાગ્યા, 'અહો! આ આશ્ચર્ય છે કે, મારા નાકમાંથી નીકળેલું અને ભૂંડના આકારવાળું આ કયું દિવ્ય પ્રાણી ઊભું છે? પ્રથમ તો એ અંગૂઠાના ટેરવા જેવડું દેખાયું હતું અને પછી ક્ષણવારમાં પર્વતની મોટી શિલા જેવડું વધ્યું છે! શું આ મારા મનને ખેદ ઉપજાવતા ભગવાન યજ્ઞમૂર્તિ છે? બ્રહ્મા પુત્રો સાથે એમ વિચારતા હતા, તેવામાં તો મોટા પર્વત જેવડા તે યજ્ઞ—પુરુષે ગર્જના કરી. જન, તપ તથા સત્યલોકમાં વસનારા, તે મુનિઓ પોતાના ખેદનો નાશ કરનાર, એ માયામય ભૂંડની ગર્જના સાંભળી, ત્રણ પવિત્ર વેદો વડે તેમની સ્તુતિ કરવા લાગ્યા. જેમની મૂર્તિની વેદો પણ સ્તુતિ કરે છે, એવા તે વરાહમૂર્તિ ભગવાન પોતાના ગુણાનુવાદવાળાં તેમનાં વેદવચનો સાંભળી, દેવોના ઉદય માટે ફરી મોટી ગર્જના કરી, મોટા હાથી જેવી લીલા કરતાં જળમાં પેઠા. તે વેળા જેમણે પૂંછડું ઊંચું કર્યું હતું, આકાશમાં ગતિ કરતાં, કઠોર શરીરવાળા, પોતાની ખાંધ પર રહેલા વાળને ધુણાવતાં, જેમનાં રૂંવાડાં અને ચામડી ખરસટ હતાં, ખરીઓ વડે વાદળાં વિખેરતાં, દૃષ્ટિરૂપ પ્રકાશવાળા અને પૃથ્વીનો ઉદ્ધાર કરનારા તે વરાહ ભગવાન શોભતા હતા. જો કે, તે યજ્ઞના અંગરૂપ જ હતા, છતાં તે વખતે વરાહના સ્વરૂપમાં હોઈ, પૃથ્વીના માર્ગને ભૂંડની જેમ નાસિકા વડે સૂંઘતા હતા. પછી તે સ્તુતિ કરતાં બ્રાહ્મણો પ્રત્યે સૌમ્ય દૃષ્ટિથી જોઈ, તેમણે જળમાં પ્રવેશ કર્યો. તે સમયે વજ્રમય પર્વત જેવા અંગવાળા તે ભગવાનના જળમાં પડવાના વેગથી

સમુદ્રનો મધ્યભાગ ચિરાઈ ગયો અને તેથી સમુદ્ર જાણે પીડા પામ્યો હોય તેમ મોટા તરંગોરૂપી ભુજાઓ પહોળી કરી બૂમો પાડતો 'હે યજ્ઞેશ્વર ! મારું રક્ષણ કરો' એમ પોકારતો હતો. એટલામાં યજ્ઞમૂર્તિ વરાહ ભગવાન કે જે પ્રલયકાળે જળમાં શયન કરે છે, તે અસ્ત્રા જેવી તીક્ષ્ણ ખરીઓથી તે અપાર જળને કાપતા છેક રસાતળમાં ગયા. ત્યાં સર્વ જીવોની આધારભૂત અને પ્રલયકાળે જેને પોતાના ઉદરમાં ધારણ કરી હતી, તે પૃથ્વીને તેમણે જોઈ. પછી જળમાં ડૂબેલી તે પૃથ્વીને પોતાની દાઢો વડે ઊંચકી લઈને તે ભગવાન રસાતળમાંથી જયારે આવતા હતા, ત્યારે અત્યંત શોભતા હતા. એ સમયે તે જળની અંદર અસહ્ય પરાક્રમવાળો હિરણ્યાક્ષ દૈત્ય હાથમાં ગદા લઈ ધસી આવ્યો અને તેમને રોકવા પ્રયત્ન કરવા લાગ્યો. એટલે ચક્રની પેઠે પ્રજવલિત તીવ્ર ક્રોધવાળા ભગવાને સિંહ જેમ હાથીને મારે તેમ લીલામાત્રમાં તેને મારી નાખ્યો. એ સમયે જેમ મોટો હાથી પહાડની ગેરુવાળી ભૂમિને દંતશૂળથી ચીરતાં લાલ ગંડસ્થળવાળો તથા મુખવાળો થાય, તેમ વરાહ ભગવાનનાં ગંડસ્થળ તથા મુખ પણ એ દૈત્યના લોહિરૂપી કાદવથી ખરડાયેલાં હતાં (લાલ થયાં હતાં). પછી, શ્યામ રંગવાળા અને દાંતના અગ્રભાગ પર હાથીની લીલા પ્રમાણે પૃથ્વીને ઊંચકી રહેલા તે ભગવાનને જોઈ, બ્રહ્માદિ ઋષિઓ બે હાથ જોડી વેદવાકયોથી તેમની સ્તુતિ કરવા લાગ્યા.[૧૮૪] આમ, સર્વરક્ષક એ પરમાત્માએ પોતાની ખરીઓથી સ્તંભિત થયેલાં જળ પર પૃથ્વીને સ્થાપી.[૧૮૫] અને એ રીતે–

''स इत्थं भगवानुर्वी विष्वक्सेनः प्रजापतिः ।
रसाया लीलयोन्नीतामप्सु न्यस्य ययौ हरिः ।।''

અર્થાત્, ''આ રીતે પ્રજાઓના પતિ ભગવાન શ્રીહરિએ, લીલામાત્રમાં રસાતળમાંથી આણેલી પૃથ્વીને જળ ઉપર સ્થાપી, ત્યાંથી પોતાના ધામમાં પધાર્યા.''[૧૮૬]

અહીં પ્રયોજાયેલ 'प्रजापतिः' અને 'हरिः' શબ્દો વિશેષ નોંધનીય છે. શ્રીમદ્ભાગવતપુરાણકારે, કેટલી સુંદરતા અને સરળતાથી 'પ્રજાપતિ' અને 'વિષ્ણુ'નું ઐક્ય પ્રસ્થાપિત કરી દીધું છે!

મત્સ્યપુરાણ, આ કથાને માત્ર બે જ –૨૪૭ તથા ૨૪૮– અધ્યાયોમાં વર્ણવે છે. અર્જુનની જિજ્ઞાસાને સંતોષવા શૌનક આ કથાને પ્રસ્તુત કરે છેઃ

''एतत्ते कथयिष्यामि पुराणं ब्रह्मसंमितम् ।
महावराहचरितं कृष्णस्याद्भुतकर्मणः ।।
यथा नारायणो राजन्वाराहं वपुरास्थितः ।
दंष्ट्रया गां समुद्रस्थामुज्जहारारिमर्दनः ।।

छन्दोगीभिर्रुदाराभिः श्रुतिभिः समलंकृतः ।
मनः प्रसन्नतां कृत्वा निबोध विजयाधुना ।।"

અર્થાત્, "હે રાજન્! અદ્‌ભુતકર્મા ભગવાન કૃષ્ણનું પુરાણોમાં વર્ણવાયેલું બ્રહ્મસંમિત મહાવારાહચરિત, હું(શૌનક) આપ(અર્જુન)ને કહીશ. જે રીતે ભગવાન વિષ્ણુએ વરાહરૂપ ધારણ કર્યું, જે રીતે એ શત્રુમર્દને સમુદ્રમાં રહેલી પૃથ્વીનો પોતાની એક જ દાઢથી ઉદ્ધાર કર્યો અને જે રીતે સુકોમળ અને લલિત વેદોકિતઓથી છંદોમાં એમનું સ્તવન કરવામાં આવ્યું, તે હું આપને કહું છું, તમે પ્રસન્નચિત્ત બનીને સાંભળો."[૧૮૭]

પરંતુ, સાથે સાથે અહીં શૌનક એક ચેતવણી પણ આપે છે, કે–

"इदं पुराणं परमं पुण्यं वेदैश्च संमितम् ।
नानाश्रुतिसमायुक्तं नास्तिकाय न कीर्तयेत् ।।"

અર્થાત્, "(પરંતુ) આ અતિ પ્રાચીન, પરમ પવિત્ર, વેદો તથા શાસ્ત્રોને માન્ય તથા અનેક શ્રુતિઓથી અનુમોદિત મહાવારાહચરિત નાસ્તિકની સામે ન કહેવું જોઈએ."[૧૮૮]

તો પછી કોને કહેવું જોઈએ? તો કહે છે કે,–

"पुराणं वेदमखिलं सांख्यं योगं च वेद यः ।
कात्स्न्र्येन विधिना प्रोक्तं सोऽस्यार्थं वेदयिष्यति ।।"

અર્થાત્, "જે સંપૂર્ણ પુરાણને, વેદને, સાંખ્યને અને યોગને વિધિપૂર્વક જાણે છે, એ જ આનો અર્થ પામી શકશે."[૧૮૯]

પ્રારંભમાં સૃષ્ટિના સર્જન અને વિસર્જન અંગેની સંક્ષિપ્ત માહિતી આપીને, શૌનક, એક વૈદિક સંદર્ભ સાથે આ કથાનો પ્રારંભ કરે છે. એ સંદર્ભ આ પ્રમાણે છેઃ

"जगदण्डमिदं पूर्वमासीद्दिव्यं हिरण्मयम् ।
प्रजापतेरियं मूर्तिरितीयं वैदिकी श्रुतिः ।।"

અર્થાત્, "આ (ચરાચર) જગત પૂર્વે હિરણ્મય દિવ્ય અણ્ડના રૂપમાં હતું, એ અણ્ડ જ પ્રજાપતિની મૂર્તિ છે– એવી વેદની શ્રુતિ (વચન) છે."[૧૯૦]

કથાને આગળ ચલાવતાં શૌનક કહે છે કે,–

"લોકસૃષ્ટિની કામનાથી જે અણ્ડને ભગવાને પૂર્વકાલમાં ઉત્પન્ન કર્યું હતું, તે સમયે, તેમાંથી નિઃસૃત જળથી કાંચન(સુમેરુ)પર્વત બન્યો અને એ રીતે, સહસ્રો પર્વતોના વિસ્તારને લીધે પૃથ્વી વિષમા (ઊંચી–નીચી, ઉબડખાબડ) બની

ગઈ. પૃથ્વીતલ પર યોજનો સુધી ફેલાયેલા એ પર્વતોના સમૂહ અને તેના અપાર ભારથી પીડિત પૃથ્વી વ્યથિત થઈ ગઈ. નારાયણમાંથી ઉત્પન્ન થયેલ, તે સુવર્ણમય તેજને ધારણ કરવામાં અસમર્થ બનેલી, પૃથ્વી, નીચેની તરફ (રસાતલમાં) સરકવા લાગી.''[૧૯૧]

આ પ્રમાણે, નીચેની તરફ સરકી રહેલી પૃથ્વીએ પોતાનો ઉદ્ધાર કરવા ભગવાનની એક સુંદર સ્તોત્ર દ્વારા સ્તુતિ કરી.[૧૯૨] પૃથ્વીની એ રમ્ય પ્રાર્થના સાંભળીને ધનુષ્ય તથા ચક્રને ધારણ કરનાર, તે વિષ્ણુ અતિ પ્રસન્ન થયા અને કહ્યુંઃ

''હે મહાદેવિ! તારા આ પરમ મધુર ઉત્તમ સ્તોત્રનો જે પાઠ કરશે, તે કદિ પરાભવ નહીં પામે. હે કલ્યાણિ! ધરણી! તું જરાં પણ ડર નહીં અને મારી સન્મુખ જ શાંતિને ધારણ કર તથા જો, હમણાં જ હું તને તારા અભિષ્ટ સ્થાને પહોંચાડું છું.''[૧૯૩]

પૃથ્વીને આ પ્રમાણે કહીને, તે મહાત્માએ (ભગવાને) મનમાં વિચાર્યું કે,—'किं नु रूपमहं कृत्वा उद्धरेयं धरामिमाम् ।' અર્થાત્, ''હું કયું રૂપ ધારણ કરીને આ ધરાનો ઉદ્ધાર કરું!''[૧૯૪] આમ વિચારતાં તેમણે મનમાં દિવ્યરૂપનું ચિંતન કર્યું અને જલક્રીડાની ઈચ્છાથી તેમણે વરાહ (ભૂંડ)નું રૂપ ધારણ કર્યું. એમનું એ શરીર સો યોજનોમાં વિસ્તરેલું અને તેનાથી બેગણું ઊંચું હતું, કાળા વાદળાંઓના જેવી એની કાંતિ હતી, મેઘોના ગડગડાટ જેવો તેનો ઘુરઘુરાટ હતો. એમના અંગો પહાડોના જેવા ભયાનક અને સુદૃઢ હતાં, વીજળી અને અગ્નિની જેમ ચમકતા અને શ્વેત વર્ણના એના દાંતનો અગ્રભાગ અતિ તીક્ષ્ણ હતો. સૂર્યના જેવા અનુપમ તેજથી એનું શરીર અત્યંત શોભતું હતું. એના ખભા અતિ પુષ્ટ અને વિશાળ હતા, બળથી ઉન્મત્ત બનેલા સિંહના જેવી તેની ગતિ હતી, કટિપ્રદેશ ઘણો જ પુષ્ટ અને ઊંચો હતો, જોવામાં એ વૃષભનાં લક્ષણોથી યુકત લાગતું હતું. આ પ્રમાણે વિશાળ અને ભયાનક સ્વરૂપને ધારણ કરીને અજિત ભગવાન વિષ્ણુએ રસાતલમાં પ્રવેશ કર્યો. એ બ્રહ્મશીર્ષ મહાતપસ્વી ભગવાન વિષ્ણુના ચારેય વેદ ચરણો હતાં, યજ્ઞો દાંત હતા અને યજ્ઞોના સ્તંભો દાઢ હતા, યજ્ઞકુંડ એનું મુખ હતું, અગ્નિ જીભ, કુશ (દર્ભ) રુંવાટી, દિવસ અને રાત નેત્ર, ષડ્વેદાંગો કર્ણનાં આભૂષણો, આજ્ય નાસિકા અને સામવેદના ઉચ્ચસ્વરો એના ધ્વનિઓ હતા. એ ભગવાન સત્ય તથા ધર્મથી મુકત શ્રીસંપન્ન હતા. કર્મ અને વિક્રમ એનો સત્કાર કરી રહ્યાં હતાં. પ્રાયશ્ચિત એના વિશાળ અને નખ ભયાનક હતા, પશુઓ એના સાથળ અને યજ્ઞ જ એની આકૃતિ હતી. ઉદ્ગીથ દ્વારા કરવામાં આવતો હવન એનું લિંગ, યજ્ઞનું મહાફળ બીજ અને

વેદી ઔષધિઓ હતી. વાયુ અસ્થિઓ, સોમરસ રુધિર, હવિ સુગંધી હતી. એ ભગવાન સ્વયં હવ્ય અને કવ્યનો વિભાગ કરનાર હતા. દક્ષિણા એનું હૃદય હતું, એ પરમ યોગી હતા, મહાન યજ્ઞોથી એ મુકત અને સ્વયં મહાન હતા. ઉપાકર્મ એના હોઠના છેડા હતા, સમસ્ત વેદ એના ગમનનો માર્ગ, ગોપનીય ઉપનિષદો એનું આસન, છાયા જ એની પત્ની હતી અને એ મણિના શિખરની જેમ ઊંચે ઉઠેલા દેખાતા હતા. રસાતલમાં ગયેલી અને પ્રાચીનકાળમાં મનથી ધારણ કરાયેલી, તે પૃથ્વીને, એ વરાહભગવાને લોકની હિતકામનાથી ઉપર ઉઠાવી. એ રીતે ધારણ કરાયેલી તે પૃથ્વીને લાવીને તેનાં સ્થાને છોડી. એમના દ્વારા ધારણ કરાવાથી શાંતિને પ્રાપ્ત થયેલી, તે દેવી પૃથ્વીએ, એ કલ્યાણકારી ભગવાનને નમસ્કાર કર્યા."[૧૯૫]
શૌનક કહે છે કે,–

"एवं यज्ञवराहेण भूत्वा भूतहितार्थिना ।
उद्धृता पृथिवी देवी सागराम्बुगता पुरा ।।"

અર્થાત્, "આ પ્રમાણે, પ્રાચીનકાળમાં સમુદ્રના જળમાં નિમગ્ન પૃથ્વીનો, જીવોનું કલ્યાણ કરનાર ભગવાને યજ્ઞવરાહનું રૂપ ધારણ કરીને ઉદ્ધાર કર્યો હતો."[૧૯૬]

આ પ્રમાણે, મત્સ્યપુરાણમાં વર્ણવાયેલી વરાહાવતારની આ કથામાં પ્રયોજાયેલું 'યજ્ઞવરાહ'નું રૂપક આ કથાને પૌરાણિક કરતાં વૈદિક વધારે સિદ્ધ કરે છે. આ અંગે આચાર્ય બલદેવ ઉપાધ્યાયનું પણ માનવું છે કે,–

"इस स्थल पर वराह 'यज्ञवराह' के रूप में चित्रित किया गया है अर्थात् यज्ञ में जितने साधन तथा अंग स्रुव, चमस आदि प्रयुक्त किये जाते है उन सबका प्रतीकरूप वराह के देह में विद्यमान था । वराह का यज्ञवराह के रूप में चित्रण स्पष्टतः वैदिकत्व की छाप को स्पष्ट कर रहा है ।"[१९७]

મત્સ્યપુરાણ શ્રીમદ્ભાગવતપુરાણ કરતાં સમયની દષ્ટિએ ઘણું જ પ્રાચીન પુરાણ છે, તેથી સ્વાભાવિકપણે જ તેનાં પર વૈદિક સાહિત્યનો પ્રભાવ વધારે હોય. આથી એમ કહી શકાય કે, વરાહાવતારની કથા મૂળભૂતરીતે કોઈક વૈદિક ઘટના જ હશે; પરંતુ પરવર્તી પુરાણકારોએ, એમાં ચમત્કૃતિ લાવવા માટે હિરણ્યાક્ષના યુદ્ધ અને વધની કથાનું સંમિશ્રણ કર્યું છે. પુરાણકાળમાં વિષ્ણુના ઐશ્વર્ય અને મહિમાને વિસ્તૃત કરવામાં આ કથા ઘણું જ બળ પૂરું પાડે છે. વૈદિક સાહિત્યમાં પ્રજાપતિના અવતાર તરીકે વર્ણવાયેલો 'વરાહાવતાર' આ કારણે જ તો વિષ્ણુનો અવતાર બની ગયેલ છે.

પદ્મપુરાણાનુસાર, દૈત્ય હિરણ્યાક્ષ અત્યંત પરાક્રમી હતો અને તેણે

દેવોને ખૂબ જ ત્રસ્ત કર્યા હતા. અંતે તેના ભયથી બધા જ દેવો ભાગી છૂટયા. પછીથી વિષ્ણુએ તેની સાથે યુદ્ધ આરંભ્યું. આ યુદ્ધમાં પ્રારંભથી જ વિષ્ણુનો વિજય થવા લાગ્યો, એથી તે(હિરણ્યાક્ષ) પૃથ્વીને લઈને ભાગી ગયો, પરંતુ વિષ્ણુએ તેનો પીછો કરીને તથા વરાહ રૂપ ધારણ કરીને તેનો વધ કર્યો.[૧૯૮]

આમ, આ વારાહ—હિરણ્યાક્ષસંગ્રામની કલ્પના પૌરાણિક વધારે છે. પુરાણોએ આ સંગ્રામની કથાને ઘણી જ વિસ્તારથી વર્ણવી છે. હિરણ્યાક્ષના દેવો સાથેના સંગ્રામ અને તેમાં દેવોના પરાજયના પરિણામ સ્વરૂપ વિષ્ણુ અને હિરણ્યાક્ષ વચ્ચે સંગ્રામ થાય છે. શ્રીમદ્ભાગવતપુરાણ, વળી આ સંગ્રમના મૂળમાં વિષ્ણુના જય અને વિજય નામના બે પાર્ષદોને સનકાદિ મુનિઓ તરફથી પ્રાપ્ત થયેલા શાપ અને એ શાપમાંથી એ બન્નેમાંથી એકને મુકત કરવાનું કારણ દર્શાવે છે. હિરણ્યાક્ષ પૂર્વજન્મનો વિષ્ણુનો એ પાર્ષદ જ હતો અને તેનો ઉદ્ધાર કરવા માટે વિષ્ણુએ વરાહાવતાર ધારણ કર્યો હતો, એમ તેનું માનવું છે. એ રીતે, વરાહાવતારની સંકલ્પના પુરાણોમાં માત્ર વિષ્ણુ સાથે જ જોડાયેલી જોઈ શકાય છે.

**❖ નૃસિંહાખ્યાન :**

આ આખ્યાનનો નિર્દેશ તૈતિરીયારણ્યકના દસમા પ્રપાઠકના પ્રથમ અનુવાકમાંથી પ્રાપ્ત થાય છે. ત્યાં નૃસિંહની ગાયત્રી આપવામાં આવી છે, જે આ પ્રમાણે છેઃ ‘वज्रनखाय विद्महे तीक्ष्णदंष्ट्राय धीमहि तन्नो नारसिंहः प्रचोदयात् ।’ આ ગાયત્રીમાં ‘वज्रनख’ અને ‘तीक्ष्णदंष्ट्र’ પદો નરસિંહની ભયંકરતા દર્શાવે છે. પુરાણોમાં શ્રીનૃસિંહ ભગવાનના ચરિત્રને હિરણ્યકશિપુને મારી, પ્રહ્લાદને આશીર્વાદ આપવાના સમયે પ્રસ્તુત કરવામાં આવ્યું છે.[૧૯૯] શ્રીમદ્ભાગવતપુરાણના સાતમા સ્કંધના આઠમા અધ્યાયમાં નૃસિંહનું જે સટામંડિત કરાલરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે, તે પૂર્વોકત ગાયત્રીના 'વજ્રનખાય' તથા 'તીક્ષ્ણદંષ્ટ્રાય' પદોની વ્યાખ્યા રૂપે જ છેઃ

‘प्रतप्तचामाकरचण्डलोचनं स्फुटत् सटाकेसर जृम्भितानननम् ।।
करालदंष्ट्रं करवालचञ्चलतुरन्तजिह्वं भ्रुकटीमुखोल्वणम् ।
स्तब्धोर्ध्वकर्णं गिरिकन्दराद्भुतव्यात्तास्यनासं हनुभेदभीषणम् ।।’

વેદોમાંથી પ્રાપ્ત થતી નમુચિની કથા અને નૃસિંહની કથામાં ઘણી સમાનતા જોઈ શકાય છે. 'નૃસિંહાવતાર'નો ઉલ્લેખ તૈત્તિરીયારણ્યકમાં થયેલો છે.[૨૦૦] ઉપરાંત, 'નૃસિંહતાપિની' નામનું એક ઉપનિષદ તથા 'નૃસિંહ' નામથી જ એક પુરાણ પણ પ્રાપ્ત થાય છે, જેમાં હિરણ્યકશિપુના પ્રાસાદના સ્તંભને તોડીને તેમાંથી નૃસિંહના પ્રગટ થવાની કથા પણ વર્ણવાયેલી છે.[૨૦૧] તેમજ પોતાના તીક્ષ્ણ નખો વડે

તે દૈત્યની છાતી ચીરી નાખીને તેનો વધ કર્યાની કથા ઘણાં પુરાણોમાં વર્ણવાયેલી છે.[૨૦૨] નૃસિંહાવતારની કથા લગભગ બધાં પુરાણોમાં આપવામાં આવેલી છે; પરંતુ હિરણ્યકશિપુએ પ્રહ્લાદ પર ગુજારેલા જુલમો અને નૃસિંહના સ્કંધમાંથી થયેલા પ્રાગટ્યનો નિર્દેશ ઘણાં પુરાણોમાં પ્રાપ્ત થતો નથી.[૨૦૩] બ્રહ્મપુરાણાનુસાર ગંગાનદીના ઉત્તર કિનારે હિરણ્યકશિપુનો વધ કરીને, તે નૃસિંહ દક્ષિણ ભારતમાં ગોદાવરીનદીના કિનારે ગયા, જયાં દંડકદેશના રાજા અંબર્યનો તેણે વધ કર્યો.[૨૦૪] આ પ્રમાણે, એક પછી એક વધ કરવાથી આવેશમાં આવેલા તે (નૃસિંહ) નો શિવે શરભનો અવતાર ધારણ કરીને વધ કર્યો.[૨૦૫]

નૃસિંહાખ્યાન પુરાણોનો માન્ય વર્ણ્ય–વિષય રહ્યો છે. પુરાણોએ વર્ણવેલા આ આખ્યાનમાં વિષ્ણુનું માહાત્મ્ય તો જોઈ જ શકાય છે, સાથે સાથે હિરણ્યકશિપુ જેવા મહાન દૈત્યનું શ્રેષ્ઠ પ્રતિનાયકપણું પણ વ્યકત થાય છે. જો આદિકવિ વાલ્મીકિએ 'રામાયણ' ની રચના ન કરી હોત તો જેટલી પ્રસિદ્ધિ એક અસુર કે રાક્ષસના રૂપમાં રાવણને પ્રાપ્ત થઈ છે, તેથી વિશેષ પ્રસિદ્ધિ હિરણ્યકશિપુને પ્રાપ્ત થઈ હોત! તેનામાં પરાક્રમ, ઉત્સાહ, સાહસિકતા વગેરે જેવા માનવીય ગુણોનો અતિરેક જોઈ શકાય છે. સુર–અસુરત્વને કોરાણે મૂકીએ તો એ એક મહાન સમ્રાટ તરીકે પ્રતિસ્થાપિત થઈ શકે છે. પોતાના પક્ષે એ સાચો પણ છે. કેમ કે, એના ભાઈને વિષ્ણુએ મારી નાખ્યો હોવાથી[૨૦૬] સ્વાભાવિકપણે જ તેનો બદલો લેવા એ પ્રેરાય અને એ પણ એવો ભાઈ કે જે, એને અત્યંત પ્રિય હતો એટલું જ નહીં એનું પોતાનું પણ તે પ્રિય કરનારો હતો. શ્રીમદ્‌ભાગવતકારનું આ વિશે કથન છે કે,– ''हिरण्याक्षोऽनुजस्तस्य प्रियः प्रीतिकृदन्वहम् ।'' અર્થાત્, "તેનો નાનો ભાઈ હિરણ્યાક્ષ તેને પ્રિય હતો અને નિત્ય પ્રિય કરનારો હતો."[૨૦૭]

પુરાણોએ વર્ણવેલા આ આખ્યાનનો પ્રતિનાયક દૈત્યરાજ હિરણ્યકશિપુ છે. એને દૈત્યકુળનો આદિપુરુષ માનવામાં આવે છે.[૨૦૮] દૈત્યજાતિમાં ઉત્પન્ન થઈને ઈન્દ્રપદને પ્રાપ્ત કરનાર ત્રણ દૈત્યોમાં એ પ્રથમ હતો. અન્ય બે, પ્રહ્લાદ અને બલિ હતા.[૨૦૯] આ ત્રણ દૈત્ય–ઈન્દ્રો પછી, ઈન્દ્રપદ હમેશાંને માટે દેવોના પક્ષે જતું રહેલું.[૨૧૦] એ કશ્યપ અને દિતિનો પુત્ર અને હિરણ્યાક્ષનો મોટો ભાઈ થતો હતો.[૨૧૧] એ બન્ને ભાઈઓ પૂર્વજન્મમાં જય અને વિજય નામના વિષ્ણુના બે પાર્ષદો (દ્વારપાળો) હતા અને સનકાદિ મુનિઓના શાપના કારણે દૈત્યત્વને પામ્યા હતા. આના સંદર્ભે શ્રીમદભાગવતપુરાણમાં એક કથા પ્રાપ્ત થાય છેઃ

“एकदा ब्रह्मणः पुत्रा विष्णुर्लोकं यदृच्छया ।
सनन्दनादयो जग्मुश्चरन्तो भुवनत्रयम् ।।
पञ्चषड्ढायनार्भाभाः पूर्वेषामपि पूर्वजाः ।
दिग्वाससः शिशून् मत्वा द्वाःस्थौ तान् प्रत्यषेधताम् ।।
अशपन् कुपिता एवं युवां वासं न चार्हथः ।
रजस्तमोभ्यां रहिते पादमूले मधुद्विषः ।
पापिष्ठामासुरीं योनिं बालिशौ यातमाश्वतः ।।
एवं शप्तौ स्वभवनात् पतन्तौ तैः कृपालुभिः ।
प्रोक्तौ पुनर्जन्मभिर्वा त्रिभिर्लोकाय कल्पताम् ।।
जज्ञाते तौ दितेः पुत्रौ दैत्यदानववन्दितौ ।
हिरण्यकशिपुर्ज्येष्ठो हिरण्याक्षोऽनुजस्ततः ।।
हतो हिरण्यकशिपुर्हरिणा सिंहरूपिणा ।
हिरण्याक्षो धरोद्धारे बिभ्रता सौकरं वपुः ।।”[૨૧૨]

અર્થાત્, 'એક દિવસ બ્રહ્માના પુત્ર સનન્દાદિ મુનિઓ ત્રણે લોકમાં ફરતા દૈવયોગે વિષ્ણુલોકમાં જઈ ચડયા. મરિચિ વગેરે પૂર્વકાળના ઋષિઓથી પણ પૂર્વે જન્મેલા હોવા છતાં તેઓ નિર્વસ્ત્ર તથા પાંચ કે છ જ વર્ષના જણાતા હતા, એથી એમને બાળકો માનીને બન્ને દ્વારપાળોએ અંદર પ્રવેશતા અટકાવ્યા. આથી, કોપ પામેલા એ કુમારોએ તેમને શાપ આપ્યોઃ "તમે બન્ને રજોગુણ તથા તમોગુણથી રહિત એવા વિષ્ણુ (મધુદ્વિષ)ના ચરણોમાં રહેવાને યોગ્ય નથી, માટે ઓ મુર્ખાઓ! તમે બન્ને અહીંથી જલદી અત્યંત પાપી અસુરજાતિમાં ચાલ્યા જાઓ." આ પ્રમાણે શાપ પામેલા, તેઓ બન્ને પોતાના (વૈકુંઠ) ધામમાંથી નીચે પડવા લાગ્યા, ત્યારે તે દયાળુઓએ ફરી કહ્યુંઃ "તમે બન્ને ત્રણ જન્મો પછી ફરીથી આ લોકમાં આવશો." પછી, એ બન્ને દૈત્યો તથા દાનવોથી વંદાયેલા દિતિના પુત્રો થયા. તેઓમાં મોટો હિરણ્યકશિપુ અને નાનો હિરણ્યાક્ષ હતો. હિરણ્યકશિપુને નૃસિંહરૂપ લઈને અને હિરણ્યાક્ષને પૃથ્વીના ઉદ્ધાર સમયે વરાહરૂપ લઈને શ્રીહરિએ માર્યો હતો.' જય–વિજય નામના એ બન્ને દ્વારપાળોની કથા શ્રીમદ્ભાગવતપુરાણના તૃતીય સ્કંધના પંદરમા તથા સોળમા અધ્યાયોમાં વિસ્તારથી આપવામાં આવી છે.

નૃસિંહાખ્યાન અને વરાહાખ્યાનને પુરાણોએ પરસ્પર જોડી દીધા છે. પ્રજાપતિ વિષ્ણુએ નૃસિંહરૂપ ધારણ કર્યું, તેના મૂળમાં હિરણ્યાક્ષનું મૃત્યુ રહેલું છે.

વરાહમૂર્તિ વિષ્ણુએ પોતાના ભાઈ હિરણ્યાક્ષનો વધ કર્યો, એટલે હિરણ્યકશિપુ રોષ અને શોકથી સંતાપ કરવા લાગ્યો. તે સમયે પ્રતિજ્ઞા કરતાં, ક્રોધથી ઘેરાઈ, હોઠ પીસીને ભયંકર દાઢો, ઉગ્ર દષ્ટિ અને ભ્રૂકુટિયુકતત મુખવાળા તેણે ત્રિશૂળ ઉગામી સભામાં દૈત્યોને આ પ્રમાણે કહ્યુંઃ ''હે દાનવો! હે દૈત્યો! હે દ્વિમૂર્ધા! હે શંબર! હે શતબાહુ! હે હયગ્રીવ! હે નમુચિ! હે પાક! હે ઇલ્વલ! હે વિપ્રચિત્તિ! હે પુલોમા! અને હે શકુન વગેરે દૈત્યો! તમે મારું વચન સાંભળો, આપણા ક્ષુદ્ર શત્રુઓએ સર્વ તરફ સમાનદષ્ટિવાળા છતાં વિષ્ણુને ભજન વડે પોતાના પક્ષમાં લઈ, તેની પાસે શ્રેષ્ઠ હૃદયવાળા મારા વહાલા ભાઈનો નાશ કરાવ્યો છે. એ રીતે દેવોનો પક્ષ લઈ વિષ્ણુએ બધા પર સમાનભાવરૂપી પોતાનો સ્વભાવ છોડયો છે. તેણે માયાથી વરાહનું રૂપ લીધું હતું. પોતાનું ભજન કરનારને જ તે ભજે છે અને બાળકની પેઠે તેનું મન પણ અસ્થિર છે, માટે તે વિષ્ણુની ડોકને મારા આ ત્રિશૂળથી કાપીને તેના લોહીથી, લોહી જેને પ્રિય હતું એવા મારા ભાઈને તૃપ્ત કરીશ, ત્યારે જ તેના દુઃખથી હું છૂટીશ. કપટી કરણીવાળો વિષ્ણુ નાશ પામશે ત્યારે જેમ વનસ્પતિનાં મૂળ કપાઈ જતાં તેનાં ડાળાં સુકાઈ જાય છે, તેમ વિષ્ણુ જેના પ્રાણ છે એવા દેવતાઓ પોતાની મેળે જ નાશ પામશે.''[૨૧૩]

આ પ્રમાણે, દેવોના ઉત્કર્ષના મૂળ હેતુરૂપ અને પોતાના ભાઈ હિરણ્યાક્ષનો વધ કરનાર વિષ્ણુના વધની તેણે પ્રતિજ્ઞા કરી. હિરણ્યકશિપુના ઉપર્યુકત શબ્દોમાં 'વિષ્ણુ પણ વધ્ય છે' નો ધ્વનિ સંભળાય છે. ઉપરાંત, આ ઘટના વિષ્ણુનું સર્વેશ્વરપણું કે પુરાણોમાં જોવા મળતું મુખ્યદેવપણું હજુ સુધી પ્રસ્થાપિત ન થયું હોવાનું પણ પ્રતિપાદિત કરે છે, જે તેની અતિપ્રાચીનતાને સૂચવે છે. અલબત્ત, આ બાબત વિષ્ણુના સર્વેશ્વરપણાને વિકસાવનારી પણ છે. પરવર્તી કાળમાં વિષ્ણુ ગૌણ સ્થાનથી ઉપર ઉઠીને મુખ્ય દેવ બની જાય છે. એના એ મહિમાના મૂળમાં રહેલ અને પુરાણોએ વર્ણવેલ કેટલીક મહત્ત્વની ઘટનાઓમાં આ ઘટના પણ એક છે. હિરણ્યકશિપુએ અહીં જેમને સંબોધન કરેલું છે તે નમુચિ, શંબર વગેરે દૈત્યો પણ વેદ–સંહિતાઓમાં સ્પષ્ટતયા ઉલ્લેખાયેલાં પાત્રો છે. એ બધા મહાપરાક્રમી નેતાઓ હતા. હિરણ્યકશિપુ એ બધાનો નાયક હોવાથી એની મહત્તાનું પણ અહીં અનુમાન થઈ શકે છે. એ માંહેનો શંબર તો એટલો શકિતશાળી હતો કે, તે પોતાની જાતને દેવ જ માનતો–મનાવતો હતો. તેના સો કિલ્લાઓને ઇન્દ્ર તથા વિષ્ણુએ ભાંગી નાખ્યા હોવાનો ઉલ્લેખ ઋગ્વેદમાં છે.[૨૧૪]

પોતાના ભાઈના મૃત્યુનો બદલો લેવા અને વિષ્ણુ સહિત બધા જ દેવોને જીતી લેવા હિરણ્યકશિપુએ અતિ કઠિન તપશ્ચર્યા કરીને બ્રહ્માજી પાસેથી દુષ્પ્રાપ્ય વરદાનો મેળવેલાં, જેના થકી તેણે દેવો સામેના સંગ્રામમાં વિજય મેળવ્યો હતો. તેણે મેળવેલાં વરદાનોનો પૂર્વાપર સંદર્ભ અનેક દષ્ટિએ ઘણો જ મહત્ત્વનો છે. મત્સ્યપુરાણ પ્રમાણે એ વરદાનો આ પ્રમાણે હતાંઃ

''न देवासुरगन्धर्वा न यक्षोरगराक्षसाः ।
न मानुषाः पिशाचा वा हन्युर्मां देवसत्तम ।।
ऋषयो वा न मां शापैः शपेयुः प्रपितामह ।
यदि मे भगवान्प्रीतो वर एव वृतो मया ।।
न चास्त्रेण न शस्त्रेण गिरिणा पादपेन च ।
न शुष्केण न चाऽऽर्द्रेण न दिवा न निशा तथा ।।
भवेयमहमेवार्कः सोमो वायुर्हुताशनः ।
सलिलं चान्तरिक्षं च नक्षत्राणि दिशो दश ।।
अहं क्रोधश्च कामश्च वरुणो वासवो यमः ।
धनदश्च धनाध्यक्षो यक्षः किंपुरुषाधिपः ।।''

અર્થાત્, "હે દેવસત્તમ! દેવતા, અસુર, ગંધર્વ, યક્ષ, સર્પ, રાક્ષસ, મનુષ્ય તથા પિશાચમાંથી કોઈ મને મારી ન શકે. હે પ્રપિતામહ! ઋષિઓ મને શાપ ન આપી શકે. હે ભગવન્! આપ ખરેખર મારા પર પ્રસન્ન થયા હો તો હું આ વરદાન માગું છું કે, મારું મૃત્યુ અસ્ત્ર, શસ્ત્ર, પર્વત તથા વૃક્ષથી કે કોઈ સૂકાયેલા અથવા ભીના પદાર્થથી તેમજ દિવસે કે રાત્રે ન થાઓ. હું જ સૂર્ય, ચન્દ્ર, વાયુ, અગ્નિ, જળ, આકાશ, નક્ષત્રો તથા દસેય દિશાઓ બની જાઉં, હું જ ક્રોધ, કામ, વરુણ, ઇન્દ્ર, યમ, કુબેર, યક્ષ તથા કિંપુરુષોનો અધિપતિ થાઉં."[૨૧૫]

શ્રીમદભાગવતપુરાણમાં આ વરદાનો આ પ્રમાણે વર્ણવ્યાં છેઃ

'' यदि दास्यस्यभिमतान् वरान्मे वरदोत्तम ।
भूतेभ्यस्त्वद्विसृष्टेभ्यो मृत्युर्मा भून्मम प्रभो ।।
नान्तर्बहिर्दिवा नक्तमन्यस्मादपि चायुधैः ।
न भूमौ नाम्बरे मृत्युर्न नरैर्न मृगैरपि ।।
व्यसुभिर्वासुमद्भिर्वा सुरासुरमहोरगैः ।
अप्रतिद्वन्द्वतां युद्धे ऐकपत्यं च देहिनाम् ।।

सर्वेषां लोकपालानां महिमानं यथात्मनः ।
तपोयोगप्रभावाणां यत्र रिष्यति कर्हिचित् ।।"

અર્થાત્, "હે વર આપનારાઓમાં ઉત્તમ! જો આપ મને ઈચ્છિત વર આપો છો, તો હે પ્રભો! આપે સર્જેલાં કોઈપણ પ્રાણીથી મારું મૃત્યુ ન થાઓ. આપે ન સર્જેલા પદાર્થથી પણ અંદર, બહાર, દિવસે કે રાતે કોઈપણ હથિયારથી મારું મૃત્યુ ન થાઓ. ભૂમિ ઉપર કે આકાશમાં મનુષ્યથી કે પશુઓથી પ્રાણ વિનાના કે પ્રાણવાળાઓથી અને દેવો, અસુરો અથવા મોટા સર્પોથી પણ મારું મૃત્યુ ન થાઓ. યુદ્ધમાં અપ્રતિપક્ષપણું અને સર્વ પ્રાણીઓનું એકસ્વામીપણું આપ મને આપો. ઉપરાંત, સર્વ લોકપાલોના તથા આપના જેવો મહિમા મને આપો અને તપ તથા યોગના પ્રભાવવાળા પુરુષોનું, જે અણિમાદિ ઐશ્વર્ય કદી નાશ પામતું નથી, તે પણ મને આપો."[૨૧૬]

બ્રહ્મા પાસેથી પ્રાપ્ત થયેલાં આ વરદાનોને પરિણામે જ દેવજાતિ સિવાયના અન્ય–એવા હિરણ્યકશિપુને સૌ પ્રથમ ઈન્દ્રપદની પ્રાપ્તિ થયેલી. તેને મળેલાં આ વરદાનોનાં મૂળ વેદોમાં પણ જોઈ શકાય છે. મૂળભૂત રીતે આ વરદાનો તેના એક સેનાપતિ નમુચિ (જેને, આ પ્રકરણમાં જ આગળ, વિષ્ણુના વિનાશની પ્રતિજ્ઞા લેતી વખતે હિરણ્યકશિપુ દ્વારા સંબોધવામાં આવેલો છે, તે)ને મળેલાં. મહાભારત પ્રમાણે, નમુચિની વાક્પટુતા તથા વિદ્વતાથી પ્રસન્ન થઈને ઈન્દ્રે તેને વરદાન આપેલું કે, "તું આર્દ્ર કે સુકાં કોઈપણ શસ્ત્રથી મૃત્યુ પામીશ નહીં." પરંતુ પછીથી ઈન્દ્રે જ સમુદ્રના ફેણથી તેનો શિરચ્છેદ કરેલો.[૨૧૭] તેનો આ પ્રકારનો વધ ઋગ્વેદમાં પણ વર્ણવાયેલો છે.[૨૧૮] પદ્મપુરાણમાં તેને હિરણ્યકશિપુનો સેનાપતિ કહ્યો છે. તેની સાથેના યુદ્ધમાં ઈન્દ્રે પોતાના ખડ્ગ વડે તેનું મસ્તક કાપીને તેનો વધ કરેલો.[૨૧૯] મહાભારતમાં તેને કશ્યપ અને દનુનો પુત્ર કહ્યો છે.[૨૨૦] મત્સ્યપુરાણમાં તેને કશ્યપ અને દનુના પુત્ર વિપ્રચિત્તિ અને હિરણ્યકશિપુની બહેન સિંહિકાનો પુત્ર કહ્યો છે.[૨૨૧] અર્થાત્, તે હિરણ્યકશિપુનો ભાણેજ થતો હતો. નમુચિ અને હિરણ્યકશિપુની આટલી નિકટતા અને ઉપલબ્ધ માહિતીઓની સેળ– ભેળ કરવાની પુરાણકારોની આદતના પરિણામે, નમુચિના સંદર્ભને હિરણ્યકશિપુની સાથે જોડી દેવામાં આવ્યો હોવાનું કહી શકાય. કેટલાક આધુનિક વિદ્વાનો, આ કારણે જ વેદ–સંહિતાઓમાં ઉલ્લેખાયેલી નમુચિ અને ઈન્દ્રના યુદ્ધની ઘટનામાં હિરણ્યકશિપુ અને નૃસિંહરૂપધારી વિષ્ણુના આ પ્રસંગનાં અર્થાત્, નૃસિંહાવતારનાં મૂળ જૂએ છે.[૨૨૨]

અન્ય પુરાણોની અપેક્ષાએ મત્સ્યપુરાણમાં આ આખ્યાનની વિસ્તૃત અને કડીબદ્ધ વિગતો પ્રાપ્ત થાય છે. વિષ્ણુપુરાણમાં માત્ર અછડતો ઉલ્લેખ જ છે,[૨૨૩] જયારે કે શ્રીમદ્‌ભાગવતપુરાણમાં તો વિષ્ણુના આ શૌર્યકર્મને અલગ સ્વરૂપમાં જ પ્રસ્તુત કરવામાં આવેલ છે. મત્સ્યપુરાણમાંથી પ્રાપ્ત થતી વિગતોમાં, જો પુરાણોની અતિશયોકિતપૂર્ણ શૈલીને ધ્યાનમાં ન લેવામાં આવે તો પ્રમાણમાં વાસ્તવિકતા વધારે જોવા મળે છે. મત્સ્યપુરાણકારે આ મહાસંગ્રામનું વિગતોથી સભર વર્ણન પ્રસ્તુત કર્યું છે. ઐતિહાસિકતાની દષ્ટિએ આ ઘટનાને મૂલવવામાં આવે તો આ એક પ્રાગૈતિહાસિક યુગની ઘટના ગણી શકાય. તૈત્તિરીય આરણ્યકાદિ વૈદિક સાહિત્યમાં આ ઘટનાનો ઉલ્લેખ હોવાથી, એ સાવ કપોળ કલ્પિત ઘટના તો નથી જ, એમ કહી શકાય. તેમાં પણ સત્યના ઘણા નહીં તો કેટલાક, અંશો જરૂર છૂપાયેલા હોઈ શકે છે. પ્રાચીનતમ યુગની માહિતી પ્રાપ્ત કરવામાં આ ઘટના સહાયક પુરવાર થઈ શકે તેમ છે. શ્રીમદ્‌ભાગવતપુરાણમાં આપવામાં આવેલી બાવીસ અવતારોની સૂચીમાં આ અવતારને ચૌદમો અવતાર ગણાવેલ છે.[૨૨૪] દેવીભાગવતમાં આ અવતાર ચોથા યુગમાં થયો હોવાનું કથન છે.[૨૨૫] ચોથો યુગ એટલે ચતુર્થ મન્વન્તર એમ સમજી શકાય. આ અને આવા અન્ય અનેક પુરાવાઓના આધારે તેનો તિથિ–નિર્ણય પણ શકય બને તેમ છે.

**❖ વામન–આખ્યાન :**

ભગવાન વિષ્ણુએ ધારણ કરેલા અનેક અવતારોમાં વામન–અવતાર એમણે એક વિશિષ્ટ હેતુથી ધારણ કરેલો હોવાના અનેક પુરાવાઓ પ્રત્યેક કાળના સંસ્કૃત સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. સામાન્યરીતે સજ્જનોનો ઉદ્ધાર અને દુર્જનોનો નાશ, એમનો અવતાર લેવા પાછળનો મુખ્ય હેતુ હોય છે; પરંતુ પુરાણોમાં તો બલિ, વિષ્ણુના એક પરમ ભકતત તરીકે સ્થાન પામેલો હોવાથી, પુરાણોના આ આખ્યાનમાં પુરાણોની વિષ્ણુ પ્રત્યેની અને વિષ્ણુની દેવો પ્રત્યેની પક્ષપાતી દષ્ટિ જ કારણભૂત હોવાનું માની શકાય. જો કે, વૈદિક સાહિત્યમાંથી પ્રાપ્ત થતી 'વામનકથા' કંઈક જુદું જ અને વાસ્તવિક કહી શકાય, એવું સૂચન પ્રસ્તુત કરે છે.

વામન અવતાર વિષયક અસ્પષ્ટ ઉલ્લેખ, છેક ઋગ્વેદમાં પણ મળી આવે છે. જેમાં, વિષ્ણુએ પોતાના ત્રણ ડગલાંમાં સમસ્ત પૃથ્વી, દ્યુલોક અને અંતરિક્ષને માપી લીધાનો નિર્દેશ છેઃ

‘इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् । समूढमस्य पांसुरे ।।’ [२२६]

ઋગ્વેદ, ૧/૧૫૪મા સૂકતમાં પણ તેના એ રૂપનો પરિચય મળે છેઃ 'विचक्रमाणस्त्रेधोरुगायः' તથા 'य इदं दीर्घ प्रयत्नं सद्यस्थम्, एको विममे त्रिभिरित् पदेभिः ।' વિષ્ણુએ એકલાએ જ ત્રણ પગલામાં માપ લઈ દૂર સુધી ફેલાયેલ અંતરિક્ષને પણ માપી લીધું. ત્રણ ડગલાંથી પૃથ્વીને માણી લેવાને કારણે જ, વેદમાં વિષ્ણુને માટે 'उरुगाय' તથા 'उरुक्रम' વગેરે વિશેષણો પ્રયોજાયેલાં છે. શતપથબ્રાહ્મણ(૧/૨/૫/૫)માં વિષ્ણુને માટે 'वामनो ह विष्णुरास' કહ્યું છે, જે વિષ્ણુના વામન હોવાની પ્રતીતિ કરાવે છે. ઋગ્વેદમાં એક સ્થાને વિષ્ણુના ગોપાલક હોવાનો નિર્દેશ પણ પ્રાપ્ત થાય છે, જ્યાં વિષ્ણુને માટે 'गोपा' પદનો પણ પ્રયોગ થયો છે.[૨૨૭] ઋગ્વેદ(૧/૧૫૪/૬)માં વિષ્ણુના લોક 'ગોલોક' વિષયક પણ નિર્દેશ મળે છે. વૈદિક મંત્રો મુજબ, વિષ્ણુને સૂર્યમંડળ સાથે ઘનિષ્ઠ સંબંધ છે. તેથી 'ગો' શબ્દનું તાત્પર્ય 'સૂર્ય' અને 'ગોલોક'નું તાત્પર્ય 'સૂર્યનાં કિરણો' પણ થઈ શકે છે. મ.મ. સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવના મતે– ''ઋગ્વેદમાં વિષ્ણુને સ્વતંત્ર દેવતાના રૂપમાં નહી પણ સૂર્યના એક રૂપ તરીકે માનવામાં આવેલ છે અને એ જ સૂર્યરૂપી વિષ્ણુનું વર્ણન કરતાં, એના દ્વારા ત્રણ ડગલાંમાં પૃથ્વીને માપવાનો નિર્દેશ છે.''[૨૨૮] વિષ્ણુનાં 'ત્રણ ડગલાં' અંગે સ્પષ્ટતા કરતાં નિરુકતમાં યાસ્કાચાર્યે શાકપૂણી અને ઔર્ણવાભ નામના બે વિદ્વાનોના મતો ઉદ્ધૃત કર્યા છે.[૨૨૯] જેમાં, શાકપૂણી અનુસાર પૃથ્વી, અંતરિક્ષ અને આકાશ તથા ઔર્ણવાભ અનુસાર સમારોહણ (ઉદયગિરિ), વિષ્ણુપદ (ખસ્વસ્તિક) અને ગયાશિરસ્ (અસ્તગિરિ) ને વિષ્ણુએ પોતાનાં ડગલાંઓ વડે વ્યાપી લીધાં હોવાની વાત છે. તૈત્તિરીયસંહિતામાં, વિષ્ણુએ પોતાના મિત્ર ઇન્દ્રનું ગયેલું રાજય પાછું મેળ વી આપવા માટે પૃથ્વી પર અવતાર લીધો હોવાની કથા છે.[૨૩૦] વિષ્ણુના વામન–અવતારનો સર્વપ્રથમ નિર્દેશ પણ તૈત્તિરીયસંહિતામાં જ પ્રાપ્ત થાય છે. તદનુસાર, ''એકવાર ત્રણેય લોકના સ્વામીત્વને માટે દેવો તથા અસુરો વચ્ચે સંગ્રામ થયો. એ સમયે વિષ્ણુએ પોતાના 'વામન–સ્વરૂપ' ની આહુતિ આપીને ત્રણે લોકોને જીતી લીધા.''[૨૩૧] શતપથબ્રાહ્મણમાં વિષ્ણુના વામન– અવતારની કથા મળે છે; પરંતુ તે પુરાણોમાંથી મળતી કથા કરતાં થોડી ભિન્ન છે. ત્યાં દર્શાવ્યા પ્રમાણે, એકવાર દેવાસુરસંગ્રામમાં પરાજીત થઈને દેવો નાસી ગયા. ત્યારપછી બધા અસુરો સમસ્ત પૃથ્વીની વહેંચણી કરવા લાગ્યા. એ સમયે વિષ્ણુના નેતૃત્વમાં દેવો અસુરો પાસે ગયા અને પૃથ્વીનો કેટલોક ભાગ એમને પણ આપવાને પ્રાર્થના કરવા લાગ્યા. તે સમયે, અસુરો વિષ્ણુનાં ત્રણ ડગલાં જેટલી જ ભૂમિ દેવોને આપવા તૈયાર થયા.

પછી વામનરૂપધારી વિષ્ણુએ વિરાટરૂપ ધારણ કરીને ત્રણેય લોકોને વ્યાપી લીધા અને એ રીતે દેવોને ત્રણેય લોકોનું સામ્રાજય પુનઃ પ્રાપ્ત થયું. આ કથા શબ્દશઃ આ પ્રમાણે છેઃ

"દેવો અને અસુરો પ્રજાપતિનાં સંતાનો છે. એ લોકો પરસ્પર વિવાદ કરવા લાગ્યા. એમાંથી ઉષ્ણ સ્વભાવવાળા અસુરોથી જયારે દેવો પરાજિત થયા ત્યારે દારુણ સ્વભાવવાળા અસુરો એમ માનવા લાગ્યા કે આ સમસ્ત ભુવન અમારું જ છે. ॥૧॥

એમણે વિચાર કર્યો કે, સમસ્ત પૃથ્વીને વિભાજિત કરીને વહેંચી લઈએ તથા તેના દ્વારા જીવન નિર્વાહ ચલાવીએ. આમ વિચારીને એમણે વૃષભના ચર્મની એક પાતળી દોરી બનાવી અને પશ્ચિમથી માંડીને પૂર્વ સુધી તે (પૃથ્વી) ના ભાગ પાડવા તૈયાર થયા. ॥૨॥

અસુરો પૃથ્વીના ભાગ પાડી રહ્યા હોવાના સમાચાર દેવોએ સાંભળ્યા. દેવો વિચારીને કહેવા લાગ્યા કે, "ચાલો, આપણે પણ જયાં અસુરો પૃથ્વીનું વિભાજન કરે છે, ત્યાં જઈએ. જો આપણને તેમાંથી ભાગ નહીં મળે તો આપણું શું થશે? આપણો ગુજારો કેવી રીતે થશે?" પછી તેઓ યજ્ઞરૂપી વિષ્ણુને આગળ કરીને અસુરોના સ્થાન પર ગયા. ॥૩॥

દેવો બોલ્યા—"અમારો સમાવેશ કર્યા વગર પૃથ્વીની વહેંચણી ન કરો, અમારો પણ તેમાં ભાગ છે." આ સાંભળીને અસુરો અસૂયા કરવા લાગ્યા અને બોલ્યા કે, "જેટલા સ્થાન પર આ વિષ્ણુ સૂએ (વ્યાપ્ત કરી લે), એટલી પૃથ્વી તમને આપીશું." ॥૪॥

વિષ્ણુ વામન હતા, તેથી દેવોએ એ વાતનો સ્વીકાર ન કર્યો અને પરસ્પર કહેવા લાગ્યા, "અસુરોએ જે યજ્ઞ(ભૂમિ) જેટલી ભૂમિ, આપણને આપી છે, તે બરાબર છે." ॥૫॥

દેવોએ પૂર્વ દિશામાં વિષ્ણુને સ્થાપિત કરીને છંદો દ્વારા એમને આવૃત્ત કર્યા. પૂર્વદિશામાં ગાયત્રી છંદથી આવૃત્ત કર્યા, દક્ષિણમાં ત્રિષ્ટુપ છંદથી આવૃત્ત કર્યા, પશ્ચિમદિશામાં જગતી છંદથી અને ઉત્તરદિશામાં અનુષ્ટુપ છંદથી આવૃત્ત કર્યા. ॥૬॥

પૂર્વદિશામાં અગ્નિની સ્થાપના કરી અને તે(અગ્નિ)ની અર્ચના કરતાં કરતાં તેઓ ચારે તરફ ફરવા લાગ્યા. એ અર્ચનાના પ્રભાવથી એમણે સમગ્ર પૃથ્વીને વ્યાપ્ત કરી લીધા. ॥૭॥"[૨૩૨]

શતપથબ્રાહ્મણની આ કથામાં દેવોએ અસુરો પાસેથી સમસ્ત પૃથ્વીને જીતી લીધી હોવાનો સ્પષ્ટ નિર્દેશ છે. આ કાર્યમાં યજ્ઞરૂપી વિષ્ણુનો જ હાથ હતો. ઉપરાંત, સ્પષ્ટપણે વિષ્ણુ જ વામનરૂપમાં વર્ણવાયેલ છે. ઋગ્વેદના ઉરુગાય વિષ્ણુના 'ત્રિવિક્રમ' ને તથા શતપથબ્રાહ્મણના આ વામનાખ્યાનને એક સાથે જોડીને પુરાણોમાં વામનાવતારની વિસ્તૃત કથા પ્રસ્તુત થયેલી છે. તફાવત માત્ર એટલો જ છે કે, શતપથબ્રાહ્મણમાં અસુરો પાસેથી ભૂમિ જીતવાની વાત છે, જ્યારે પુરાણોમાં અસુરોના રાજા બલિ પાસેથી એક યાચક–બટુકના રૂપમાં આ કાર્ય થાય છે; પરંતુ બન્ને આખ્યાનોમાં વિષ્ણુના માહાત્મ્યનું જ વર્ણન છે.

પુરાણોએ ઋગ્વેદ અને શતપથબ્રાહ્મણ બન્નેનો આધાર લઈને વામન–કથાને પોતાને અભીષ્ટ સ્વરૂપમાં આ પ્રમાણે પ્રસ્તુત કરી છેઃ "સ્વર્ગને જીતીને બલિ પોતે જ ઇન્દ્ર બની બેઠો અને દેવતાઓને હરાવીને સ્વર્ગમાંથી નસાડી મૂક્યા. દેવોની પ્રાર્થનાથી ભગવાને અદિતિના ગર્ભથી વામનરૂપે જન્મ લીધો. યજ્ઞ કરી રહેલા બલિ પાસે આવીને ત્રણ ડગલાં જમીન માગી. બલિના કુલગુરુ શુક્રાચાર્યે ના કહેવા છતાં બલિએ વામનની ઈચ્છા પૂર્ણ કરી. વામનરૂપ વિષ્ણુએ બે ડગલાંમાં જ પૃથ્વી અને સ્વર્ગને માપી લીધા અને ત્રીજું ડગલું બલિના મસ્તક પર રાખીને તેને પાતાળમાં ધકેલી દીધો."[૨૩૩] શ્રીમદ્ભાગવતપુરાણમાં નિર્દિષ્ટ આ કથા લગભગ બધાં જ પુરાણોમાં આ જ સ્વરૂપે પ્રસ્તુત થયેલી છે.[૨૩૪] અહીં નોંધનીય બાબત એ છે કે, શ્રીમદ્ભાગવતપુરાણ વામનને માટે મહદંશે વૈદિક વિશેષણોનો જ પ્રયોગ કરે છે. જેમ કે, વિષ્ણુને માતા અદિતિના ગર્ભમાં સ્થિત થયેલા જોઈ, બ્રહ્મા તેની સ્તુતિ કરતાં કહે છે :

"जयोरुगाय भगवन्नुरुक्रम नमोऽस्तु ते ।
नमो ब्रह्मण्यदेवाय त्रिगुणाय नमो नमः ।।
नमस्ते पृश्निगर्भाय वेदगर्भाय वेधसे ।
त्रिनाभाय त्रिपृष्ठाय शिपिविष्टाय विष्णवे ।।"[૨૩૫]

અહીં પ્રસ્તુત 'ઉરુગાય', 'ઉરુક્રમ', 'પૃશ્નિગર્ભ', 'વેદગર્ભ', 'ત્રિનાભ', 'ત્રિપૃષ્ઠ', 'શિપિવિષ્ટ', 'બ્રહ્મણ્યદેવ' વગેરે જેવાં વિશેષણો સંપૂર્ણપણે વેદોનું જ અનુસરણ કરે છે.

શ્રીમદ્ભાગવતપુરાણમાં, આ કથા ૯ અધ્યાયોમાં, વિસ્તૃત રીતે આ પ્રમાણે વર્ણવાયેલી છેઃ[૨૩૬]

'બલિરાજા દેવો સામેના યુદ્ધમાં પોતાની તમામ રાજ્યલક્ષ્મી હારી ગયો અને ઈન્દ્રે તેને પ્રાણરહિત કર્યો ત્યારે ભૃગુવંશી બ્રાહ્મણોએ તેને જીવિત કર્યો. ઉદાર મનવાળો તે બલિરાજા ભૃગુવંશી બ્રાહ્મણોનો શિષ્ય બની, એમને સર્વ પદાર્થો અર્પણ કરીને એમની સેવા કરતો હતો એટલે તેના પર પ્રસન્ન થયેલા મહાપ્રતાપી ભૃગુવંશી બ્રાહ્મણોએ સ્વર્ગ જીતવા ઈચ્છતા તે બલિરાજાનો વિધિપૂર્વક મહાભિષેકથી અભિષેક કર્યો અને તેની પાસે વિશ્વજિત્ યજ્ઞ કરાવ્યો. હે દૈત્યેન્દ્ર! વર આપનારાઓમાં શ્રેષ્ઠ તમારી પાસેથી હું થોડી ભૂમિ માગું છું, તે એટલી કે મારા પગથી મપાયેલાં ત્રણ જ પગલાં. હે રાજન્! તમે જગતના ઈશ્વર અને મોટા દાતા છો, તો પણ તમારી પાસેથી હું બીજું કંઈ માગતો નથી; કેમ કે, પોતાને ઉપયોગ પૂરતી જ વસ્તુ રાખતો વિદ્વાન પાપમાં પડતો નથી."[૨૩૭]

બલિરાજાએ કહ્યુંઃ અહો! આશ્ચર્ય! ઓ બ્રાહ્મણ બાળક! તમારી વાણી તો વૃદ્ધ પુરુષોને પણ માન્ય થાય તેવી છે; તો પણ તમે બાળક છો તેથી તમારી બુદ્ધિ અજ્ઞાનીઓ જેવી છે; તેથી જ તમે પોતાના સ્વાર્થને બરાબર સમજતા નથી. હું ત્રણે લોકનો એક માત્ર અધિપતિ છું અને મારી પાસે કોઈ બ્રાહ્મણ માગણી કરે તો એક દ્વીપ પણ આપી શકું છું; છતાં મને વચનોથી પ્રસન્ન કરી માત્ર ત્રણ જ પગલાં ભૂમિ જે માગે છે, તે બુદ્ધિહીન છે. હે બ્રહ્મચારી! જે મનુષ્ય એકવાર મારી પાસે કંઈક માગવા માટે આવી ગયો તેને પછી કદી બીજા કોઈની પાસે કંઈ પણ માગવાની જરૂર રહેતી નથી; માટે તમારી આજીવિકા ચાલે તેટલી ભૂમિ તમે મારી પાસેથી ખુશીથી લો."[૨૩૮]

આના પ્રત્યુત્તરમાં વામન કહે છે કે,— "હે રાજા! ત્રૈલોક્યમાં જેટલા અતિ પ્રિય વિષયો છે, તે બધાય મળે છતાં અજિતેન્દ્રિય મનુષ્યને તૃપ્ત કરી શકતા નથી. જે મનુષ્ય ત્રણ પગલાં પૃથ્વીથી અસંતુષ્ટ રહે તેને નવ ખંડો સહિત આખા દ્વીપ વડે પણ તૃપ્ત કરી શકાય નહીં; કેમ કે, તેને એક દ્વીપ મળવાથી ફરી સાતે દ્વીપો માગવાની ઈચ્છા થાય છે. અમે સાંભળ્યું છે કે, પૃથુ, ગય વગેરે રાજાઓ સાત દ્વીપોના અધિપતિ હતા, છતાં તેઓની અર્થ તથા કામની તૃષ્ણા દૂર થઈ ન હતી. જે મનુષ્ય દૈવેચ્છાએ મળેલી વસ્તુથી સંતુષ્ટ રહે છે તે સુખી છે પણ અજિતેન્દ્રિય અને અસંતોષી મનુષ્યને ત્રણે લોક મળે તો પણ તે સુખી થતો નથી. પુરુષને અર્થ તથા કામનો આ અસંતોષ જ સંસારનું કારણ થાય છે અને દૈવેચ્છાએ મળેલી વસ્તુથી થતો સંતોષ મોક્ષદાતા થાય છે. દૈવેચ્છાએ મળેલી વસ્તુથી સંતુષ્ટ રહેતા બ્રાહ્મણનું તેજ વધે છે. પણ અસંતોષથી તો જળ વડે અગ્નિની પેઠે, તે બ્રહ્મતેજ શાંત થઈ જાય છે. માટે હે વરદાન

આપનારાઓમાં શ્રેષ્ઠ! તમારી પાસેથી હું માત્ર ત્રણ પગલાં પૃથ્વી જ માગું છું"[૨૩૯]

વામનભગવાને આ પ્રમાણે કહ્યું એટલે હસતાં હસતાં 'प्रतिगृह्यताम्' એમ કહી, વામનભગવાનને પૃથ્વી આપવા બલિએ જળપાત્ર હાથમાં લીધું. ગુરુએ રાજલક્ષ્મીથી ભ્રષ્ટ થવાનો શાપ આપ્યો છતાં, એ મહારાજા સત્યથી ડગ્યો નહીં. તેણે વામનજીની પૂજા કરી જળથી સંકલ્પ મૂકીને પૃથ્વીનું દાન કર્યું.[૨૪૦] ત્યારપછી, તે (વામન) ભગવાને એક પગલાંથી બલિરાજાની પૃથ્વીને, શરીરથી આકાશને અને ભુજાઓથી સ્વર્ગને પણ માપી લીધું. પછી ત્રીજા પગલાં માટે બલિને કહ્યું –

"હે અસુર! તેં મને ત્રણ પગલાં પૃથ્વી આપી છે, તેમાંથી બે પગલે મેં બધી ત્રિલોકી માપી લીધી છે, તો હવે ત્રીજું પગલું તૈયાર કર."[૨૪૧]

વામન ભગવાનનાં આવાં વચનો સાંભળીને બલિરાજાએ કહ્યુંઃ

''यद्युत्तमश्लोक भवान् ममेरितं वचो व्यलीकं सुरवर्य मन्यते ।

करोम्यृतं तन्न भवेत् प्रलम्भनं पदं तृतीयं कुरु शीर्ष्णि मे निजम् ।।''

અર્થાત્, "હે ઉત્તમ કીર્તિવાળા દેવશ્રેષ્ઠ! મેં કહેલાં વચનને આપ અસત્ય માનો છો પણ હું તે વચનને સત્ય જ કરું છું, આપ પોતાનું ત્રીજું પગલું મારા મસ્તક પર મૂકો."[૨૪૨]

બલિરાજાનો આવો ભકિતભાવ જોઈને પ્રસન્ન થયેલા વામનરૂપ ભગવાન વિષ્ણુએ બલિરાજાને મુકત કરીને, તેને સુતલનું રાજય સોંપ્યું અને પોતે તેના દ્વારપાળ બનીને રહેવાનું વચન આપ્યું; ત્યારે શ્રીહરિ, બ્રહ્મા તથા શંકરને પ્રણામ કરી બંધનથી છૂટેલો બલિરાજા અસુરોની સાથે પ્રસન્ન થઈ સુતલમાં દાખલ થયો. આ પ્રમાણે, વામનભગવાને ઈન્દ્રને સ્વર્ગ પાછું લાવી આપી, અદિતિની કામના પૂર્ણ કરી અને પોતે ઉપેન્દ્ર બનીને આખા જગત ઉપર રાજય કર્યું હતું.[૨૪૩]

મત્સ્યપુરાણમાં આ કથાનો પ્રવાહ બે ધારામાં એક સાથે વહે છે. નૈમિષારણ્યમાં ઋષિઓ સૂતજીને આ કથા વિશે પ્રશ્ન કરે છે અને તેના પ્રત્યુત્તરમાં સૂતજી કહે છેઃ "હે ઋષિગણ! આ જ વૃત્તાંત વિશે પ્રાચીન સમયમાં જયારે દ્રૌપદી સાથેના સહવાસના નિયમનું ઉલ્લંઘન કરીને કરેલા પાપચરણના પ્રાયશ્ચિત માટે તીર્થયાત્રા કરી હતી, ત્યારે કુરુક્ષેત્રના વામનાયતનમાં અર્જુને તપસ્વી શૌનકને આ પ્રમાણે પૂછયું હતું."[૨૪૪] અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરમાં શૌનક આ કથા કહે છે અને તેનું જ વર્ણન સૂતજી ઋષિઓ પાસે પણ કરી રહ્યા છે. કુલ ત્રણ અધ્યાયોમાં આ કથાને મત્સ્યપુરાણ વર્ણવે છે.[૨૪૫] શૌનક અર્જુનને કહે છે કે,–

''पुरा निर्वासिते शक्रे सुरेषु विजितेषु च ।

चिन्तयामास देवानां जननी पुनरुद्भवम् ।।
अदितिर्देवमाता च परमं दुश्चरं तपः ।
तीव्रं चचार वर्षाणां सहस्रं पृथिवीपते ।।"

અર્થાત્, "હે પૃથ્વીપતિ! પ્રાચીનકાળમાં જયારે દાનવોએ દેવોને પરાજિત કર્યા તથા ઇન્દ્ર પાસેથી તેનું પદ છીનવી લીધું, ત્યારે દેવતાઓની માતા અદિતિએ પોતાના પુત્રોની પુનઃ ઉન્નતિના વિષયમાં ચિંતા કરી, એક હજાર વર્ષો સુધી ઘોર તપસ્યા કરી."[૨૪૬]

એક હજાર વર્ષોની તપસ્યા બાદ અદિતિએ કરેલી સ્તુતિથી પ્રસન્ન થયેલા ભગવાને કહ્યુંઃ "હે દેવિ! હું આપનું બધું જ ઈપ્સિત પૂર્ણ કરીશ તથા કશ્યપ દ્વારા તારા ગર્ભમાં મારા અંશથી જન્મ ધારણ કરીશ અને દેવતાઓના તમામ શત્રુઓનો નાશ કરીશ, માટે હે નંદિની! (ચિંતામાંથી) મુકત થાઓ."[૨૪૭]

આટલું કહીને ભગવાન તુરંત અંતર્ધાન થઈ ગયા. દેવતાઓની માતા અદિતિ પણ થોડા દિવસો પછી ગર્ભવતી બની. ભગવાન મધુસૂદનના ગર્ભવાસ અંગે મત્સ્યપુરાણકાર નોંધે છે કે,– "અદિતિ જે જે સ્થળેથી પસાર થતી હતી, તે તે સ્થાને ભારના કારણે પૃથ્વી નમી જતી હતી. એ ભગવાનના ગર્ભસ્થ થવાથી બધા જ દૈત્યોના તેજ સાવ મંદ પડી ગયા."[૨૪૮]

ત્યારબાદ ભગવાન વામનનો જન્મ થયો. લોકપિતામહ બ્રહ્માએ તેનો જાતસંસ્કાર કરી, સ્તુતિ કરી. પ્રસન્ન થયેલા ભગવાન વામને કહ્યુંઃ અર્થાત્, "શત્રુઓનો વિનાશ કરીને હું ઈન્દ્રને આ ત્રિલોકનું રાજય સમર્પિત કરીશ."[૨૪૯] ભગવાને જયારે આ પ્રમાણે કહ્યું ત્યારે, બ્રહ્માએ તેને કૃષ્ણમૃગચર્મ, બૃહસ્પતિએ યજ્ઞોપવિત, મહર્ષિ મરીચિએ પલાશદંડ, વસિષ્ઠે કમંડળ, અંગિરાએ દર્ભાસન તથા વેદ, પુલહે અક્ષસૂત્ર તથા પુલસ્ત્યે શ્વેત વસ્ત્રો આપ્યાં. આ પ્રમાણે જટા, દંડ, છત્ર, કમંડળ તથા દેવતાઓના તેજથી સંપન્ન બનીને વામનભગવાને બલિની યજ્ઞભૂમિ તરફ પ્રયાણ કર્યું. દૈત્યોના ગુરુ શુક્રાચાર્યે એમના આગમન પૂર્વે, એમના આવવાના હેતુને ધ્યાન દ્વારા જાણીને બલિને ચેતવ્યો; પરંતુ તેની તમામ દલિલોનું ખંડન કરીને બલિએ કહ્યું કે,–

"एतद्विदित्वा न गुरो दानविघ्नकरेण मे ।
त्वया भाव्यं जगन्नाथे गोविन्दे समुपस्थिते ।।"

અર્થાત્, "હે ગુરુ! આવું જાણીને મારા યજ્ઞમાં (તે) જગન્નાથ ગોવિંદના ઉપસ્થિત થવાથી, આપ દાનકર્મમાં કોઈપણ પ્રકારનું વિઘ્ન ઉત્પન્ન ન કરશો."[૨૫૦]

બલિરાજા શુક્રાચાર્યને આવું કહી રહ્યા હતા, ત્યાં જ માયાથી વામનરૂપ ધારણ કરેલ ભગવાન ત્યાં પહોંચી ગયા. યજ્ઞમંડપમાં ઉપસ્થિત થયેલ તેમને જોઈને બધા જ અસુરસભાસદો એમના તેજથી નિષ્પ્રભ થઈને ક્ષોભિત થઈ ગયા. એ વિશાલ યજ્ઞમાં પધારેલા મુનિઓ ભગવાનનું નામ જપવા લાગ્યા, બલિએ તો પોતાનું સમસ્ત જીવન સફળ માન્યું. આખી સભા ક્ષુબ્ધ થઈ ગઈ, પરંતુ વિનીતભાવથી ઊભેલ બલિ અને મુનિવરોને જોઈને, તે ભગવાને યજમાન બલિ, તેના પુરોહિતો, યજ્ઞકર્મમાં ઉપસ્થિત અધિકારીઓ, દ્રવ્ય અને સંપત્તિ તથા યજ્ઞાગ્નિની ખૂબ જ પ્રશંસા કરી. વામન ભગવાનને અતિ પ્રસન્ન મુખે યજ્ઞમંડપમાં ઊભેલાં જોઈ, બધા 'સાધુ, સાધુ' કહેવા લાગ્યા. બલિ પણ, હાથમાં અર્ઘ્યનું જળ લઈને પુલકિત થઈને કહેવા લાગ્યોઃ

"સુવર્ણ તથા રત્નોનો સમૂહ, અસંખ્ય હાથી અને ઘોડાઓનો સમૂહ, સ્ત્રીઓ, વિવિધ પ્રકારના વસ્ત્રાલંકારો, અસંખ્ય ગામો અથવા મારું સર્વસ્વમાંથી આપને જે કોઈ વસ્તુની અભિલાષા હોય, તે મને કહો."[૨૫૧]

દૈત્યપતિ બલિની આવી પ્રેમભરી વાતો સાંભળીને, હસીને વામનરૂપધારી ભગવાન બોલ્યાઃ

''ममाग्निशरणार्थाय देहि राजन्पदत्रयम् ।
सुवर्णग्रामरत्नानि तदर्थिभ्यः प्रदीयताम् ।।''

અર્થાત્, "હે રાજન! સુવર્ણ, ગામ અને રત્નો તેના જે યાચકો હોય, તેને આપ, મને મારા અગ્નિની રક્ષાને માટે ત્રણ પગલાં ભૂમિ આપ."[૨૫૨]

બલિએ કહ્યુંઃ "હે પદધારીઓમાં શ્રેષ્ઠ! માત્ર ત્રણ પગલાંથી આપનું શું થશે? આપે તો લાખો પગલાંની માગણી કરવી જોઈએ."[૨૫૩]

વામને કહ્યુંઃ "હે દૈત્યપતિ! હું ધર્મબુદ્ધિથી એટલામાત્રથી જ કૃતાર્થ થઈ જઈશ. અન્ય યાચકોને આપ આપની ઈચ્છા મુજબ ધનાદિ આપો."[૨૫૪]

વામનની આવી વાત સાંભળીને મહાબાહુ બલિએ વામનને ત્રણ પગલાં ભૂમિ આપવાનું સ્વીકાર્યું અને જેવું સંકલ્પનું જળ ભૂમિ પર પડયું કે તુરંત જ વામનભગવાન વિરાટરૂપમાં પરિવર્તિત થઈ ગયા. આ પ્રમાણે, દેવતાઓના પાલનને માટે ભગવાને ત્રણે લોકોને જીતીને તથા અસુરપતિઓને મારીને, પુરંદરને ત્રણેય લોકોનું રાજય સોંપ્યું અને પૃથ્વીની નીચે સુતલ નામનો પાતાલલોક બલિને આપ્યો.[૨૫૫]

સમય–કાળની દૃષ્ટિએ 'બલિબંધન' ની ઘટના કૃતયુગથી પૂર્વકાળની હોવાનું જણાય છે. આ અંગે મ.મ. સિદ્ધેશ્વરશાસ્ત્રી ચિત્રાવનું મંતવ્ય છે કે,–

''विष्णु द्वारा बलि के 'पातालबंधन' की पुराणों में दी गयी कथा ऐतिहासिक

एवं काफी प्राचीन प्रतीत होती है । पतंजलि के व्याकरण महाभाष्य में इस कथा का निर्देश प्राप्त हैं (पा.सूत्र,३/१/२६) । पतंजलि के अनुसार बलि का पातालबंधन काफी प्राचीन काल में हुआ था; फिर भी उसका निर्देश महाभाष्यकाल में 'बलिम् बन्धयति' इस वर्तमानकालीन रूप में किया जाता था ।''[२५६]

વાલ્મીકિના 'રામાયણ'માં પણ બલિના પાતાલનિવાસની એક રોચક કથા આપવામાં આવી છેઃ 'એકવાર લંકેશ્વર રાવણે બલિ પાસે આવીને કહ્યું, 'હું આપની મુકિતને માટે આવ્યો છું, તમે અમારી સહાયતા પ્રાપ્ત કરીને વિષ્ણુના બંધનોથી મુકત થઈ શકો છો. આ સાંભળીને બલિએ, દૂર પડેલા અને અગ્નિની માફક ચમકતાં હિરણ્યકશિપુના કુંડળને ઉઠાવીને લાવવાનું રાવણને કહ્યું. રાવણે તે કુંડળને ઉઠાવવાનો ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ બેહોશ થઈને નીચે પડયો અને મુખમાંથી રકતધાર વહેવા લાગી. બલિએ તેને હોશમાં લાવીને, સમજાવતાં કહ્યુંઃ "મારા પિતામહ હિરણ્યકશિપુ આ કુંડળ ધારણ કરતા હતા અને તેને તું ઉઠાવી પણ ન શકયો. મહાપરાક્રમી ભગવાન વિષ્ણુ દ્વારા જ મારા એ પિતામહનો વધ કરવામાં આવેલો, એ વિષ્ણુને તું કયા બળથી પડકારીને મને મુકત કરીશ. તે વિષ્ણુ પરમ શકિતમાન અને બધાના સ્વામી છે." આમ કહીને બલિએ તે (રાવણ) ને વિષ્ણુલીલાનું માહાત્મ્ય સંભળાવ્યું.[૨૫૭]

મહાભારત પ્રમાણે, રાજયભ્રષ્ટ થયા પછી બલિને ગર્દભયોનિની પ્રાપ્તિ થયેલી. તેણે બ્રાહ્મણોની સાથે ગર્વપૂર્ણ વર્તાવ કરેલો, પરિણામે લક્ષ્મીએ તેનો ત્યાગ કર્યો.[૨૫૮] મહાભારતમાં જ અન્યત્ર એવો નિર્દેશ પણ મળે છે કે, મૃત્યુ પછી બલિ વરુણની સભામાં અધિષ્ઠિત થયો.[૨૫૯]

'યોગવસિષ્ઠ' જેવા વેદાન્તના ગ્રંથમાં પણ અનાસકિતનું પતિપાદન કરવાને માટે બલિની કથા દષ્ટાંતરૂપે આપવામાં આવેલ છે.[૨૬૦]

સ્કંદપુરાણમાં બાષ્કલિ નામના એક દૈત્યની કથા આપવામાં આવેલી છે, જે બલિની કથા સાથે એકદમ મળતી આવે છે.[૨૬૧] આ જ પુરાણમાં આપવામાં આવેલ બલિના પૂર્વજન્મની કથા અનુસાર, તે પૂર્વજન્મમાં તે એક કિતવ હતો.[૨૬૨]

અન્ય પુરાણો પ્રમાણે, બલિપ્રતિપદાના દિવસે બલિની ઉપાસના કરવામાં આવે છે, તે સમયે નીચે પ્રમાણેની બલિસ્તુતિનો પાઠ શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે છેઃ

''बलिराज नमस्तुभ्यं विरोचनसुत प्रभो ।
भविष्येन्द्रं सुराराते पूजेयं प्रतिगृह्यताम् ।।''[२६३]

દેવીભાગવતમાં જણાવ્યા પ્રમાણે, કોઈપણ પ્રકારનું ધાર્મિકકર્મ દક્ષિણા આપ્યા સિવાય કરવામાં આવે તો, તે કર્મ દેવો સુધી ન પહોંચતા બલિ તેનો સ્વામી

બની જાય છે.[૨૬૪] મહાભારત અનુસાર પણ શ્રદ્ધારહિત અને દોષદષ્ટિથી કરવામાં આવેલ નિકૃષ્ટ પ્રકારના દાનનો સ્વામી બલિને માનવામાં આવે છે.[૨૬૫]

દૈત્યરાજ બલિ મહાન તત્ત્યવજ્ઞાની હતો. તત્ત્યવજ્ઞાનીના રૂપમાં તેના અનેક સંવાદો મહાભારતમાંથી પ્રાપ્ત થાય છે. રાજા પોતાની રાજલક્ષ્મી કઈ રીતે ખોઈ બેસે છે, તે અંગે તેનો તથા ઇન્દ્રનો સંવાદ;[૨૬૬] તેના પિતામહ પ્રહ્લાદ સાથેનો 'ક્ષમા શ્રેષ્ઠ કે તેજ શ્રેષ્ઠ' વિષયક સંવાદ[૨૬૭] તથા દૈત્યગુરુ શુક્રાચાર્યની સાથેનો ઉપાસનામાં પુષ્પ તથા ધૂપદીપ સંબંધી સંવાદ.[૨૬૮]

બલિરાજાને બે પત્નીઓ હોવાના ઉલ્લેખો મળે છેઃ (૧) વિંધ્યાવલી[૨૬૯] તથા (૨) અશના કે જેનાથી તેને બાણ વગેરે સો પુત્રો જન્મ્યા હતા.[૨૭૦] શ્રીમદ્–ભાગવતપુરાણમાં તેને કોટરા નામની એક અન્ય પત્ની હોવાનો પણ ઉલ્લેખ છે.[૨૭૧] બલિના સો પુત્રોમાં સહસ્રબાહુ બાણ, કુંભનાભ, કુષ્માંડ, મુર, દય, ભોજ, કુશિ, ગર્દભાક્ષ વગેરે પ્રસિદ્ધ હતા[૨૭૨] મહાભારતમાં કેવળ બલિપુત્ર બાણનો જ નિર્દેશ મળ ી આવે છે.[૨૭૩] પુરાણોમાં બલિની શકુની, પૂતના વગેરે કન્યાઓના ઉલ્લેખ પણ મળી આવે છે.[૨૭૪] શ્રીમદ્ભાગવતપુરાણ[૨૭૫] તથા વામનપુરાણ[૨૭૬] જેવાં પુરાણોમાં તથા મહાભારતમાં તેની માતાનું નામ 'દેવી' આપવામાં આવ્યું છે, જયારે કે, સ્કંદપુરાણમાં તેની માતાનું નામ 'સુરુચિ' દર્શાવેલ છે.[૨૭૭]

આમ, વામનકથાના ભરપુર ઉલ્લેખો અસ્ખલિત રીતે છેક વૈદિક– કાળ થી માંડીને ભિન્ન–ભિન્ન સાહિત્યમાં પ્રાપ્ત થાય છે. જે તેની પ્રસિદ્ધિને તો દર્શાવે જ છે, તેના પ્રાચીનત્વને પણ સૂચિત કરે છે. મૂળભૂતરૂપે વૈદિક એવા આ આખ્યાનને પુરાણોએ પોતાની વિસ્મયકારી શૈલીમાં રજૂ કરીને અન્ય સાહિત્ય સુધી પણ તેને વિસ્તારી આપ્યું છે. ઋગ્વેદના ‘उरुगायविष्णु’ અને ‘त्रिविक्रम’ ને તથા શતપથબ્રાહ્મણના વામન–કથાનકને લઈને, તેમાં બલિનું કથાનક ભેળવીને પુરાણોએ વામનકથાને એક આખા પુરાણ–વામનપુરાણ સુધી વિસ્તારી છે.

**❖ અહલ્યાના ઉપપતિનું આખ્યાન :**

ઇન્દ્ર ગૌતમ ઋષિની પત્ની મૈત્રેયી અહલ્યાનો ઉપપતિ (જાર) તથા સહસ્ત્રાક્ષ હોવા અંગેના ઉલ્લેખો અનેક વૈદિક ગ્રંથોમાં મળે છે–‘सहस्त्राक्षपतिश्यं पुरस्तात्’ [૨૭૮] અથર્વવેદ(૧૧/૨/૧૭)માં પણ 'પૂર્વદિશાના સ્વામી ઇન્દ્ર સહસ્ત્રાક્ષ થઈ જવાથી સહસ્ત્રાક્ષ અર્થાત્, ક્રાન્તદર્શી થયા.' – એવું વિધાન પ્રાપ્ત થાય છે. ગૌતમ–અહલ્યાની કથા દેવીભાગવતપુરાણ(૧/૫/૪૬) તથા બ્રહ્મવૈવર્તપુરાણ(કૃષ્ણજન્મખંડ, ૬૧/૪૪–૪૬)માં

પણ પ્રાપ્ત થાય છે. દેવરાજ ઈન્દ્રે ગૌતમઋષિની ગેરહાજરીમાં ગૌતમનું સ્વરૂપ ધારણ કરી, અહલ્યા સાથે રતિક્રીડા કરી. આ વાતની જાણ થતાં, ગૌતમઋષિએ અહલ્યાને પથ્થર થવાનો અને ઈન્દ્રને 'સહસ્ત્રભગ' થવાનો શાપ આપ્યો, જે પાછળથી સહસ્ત્રાક્ષના રૂપમાં પરિવર્તિત થયેલ. અહલ્યાએ પણ ખૂબ પશ્ચાતાપ કર્યો, તેથી ગૌતમે અહલ્યાને રામચંદ્રના પાદસ્પર્શથી પુનઃ મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવાના આશીર્વાદ આપ્યા.

અહીં એ વિચારણીય છે કે, આ ઈન્દ્ર—અહલ્યાના કથાનક પાછળ વાસ્તવિક રહસ્ય શું છે? નિરુકત(૨/૨/૨)માં આ વેદકથાને સૂર્યના રાત્રી અને દિવસના વ્યવહારની સાથે સૂચિત કરેલ છે. તેમાં 'उत्तम गावो रश्मयो यस्य सः गौतमः' એમ કહેલ છે. જયારે 'અહલ્યા' શબ્દને સમજાવતાં કહ્યું છે—'अहर्लीयते यस्यां सा' અર્થાત્, 'દિવસને પોતાનામાં લીન કરી દેનારી'. વૈદિક સાહિત્યમાં સૂર્ય અને ઈન્દ્રના ઐકય બોધક અનેક વાકયો મળે છે. જેમકે, શતપથબ્રાહ્મણ (૪/૫/૯/૪)માં 'य एष सूर्यस्तपति, एष उ एव इन्द्रः ।' કહ્યું છે. સૂર્યનો ઉદય થતાં જ રાત્રી જીર્ણ થઈને ભાગી જાય છે. નિરુકત(૩/૩/૪)માં યાસ્કે રાતને જીર્ણ કરી દેવાના કારણે, સૂર્યને જાર કહેલ છે.[૨૭૯]આથી, પુરાણમાં પ્રાપ્ત થતી અહલ્યા—ઈન્દ્રની કથામાં કશી જ અશ્લીલતા નથી. આ વૈદિક કથાનું પુરાણોમાં સ્પષ્ટરીતે ઉપબૃંહણ થયેલું છે. અહલ્યાની કથા ઈતિહાસ સાથે પણ જોડાયેલ છે. રામાયણમાં આ ધર્ષણનું કારણ પણ દર્શાવેલ છે.[૨૮૦]ગૌતમઋષિ અત્યંત ઉગ્ર તપસ્વી હતા. એમનું તપ સમગ્ર સંસારને નાશ કરી નાખે તેવું હોવાથી, દેવો તેના તપથી ભયભીત હતા. દેવો એમનાએ તપનો ભંગ કરવા ઈચ્છતા હતા; પરંતુ ક્રોધ કર્યા વિના તપસ્યા નિષ્ફળ થતી નથી. આ ઘટનાથી ગુસ્સે થઈ, ગૌતમે દેવોના રાજા ઈનદ્રને શાપ આપ્યો, તેથી એમના તપનું બળ નાશ પામ્યું. એક નારીના ધર્ષણથી લાખો મનુષ્યોનું કલ્યાણ થતું હોય, તો તેને અયોગ્ય માની શકાય નહીં.

પુરાણોમાં ઈન્દ્રને 'જાર' કહેલ છે, પરંતુ વેદની જેમ દોષનું નિવારણ કર્યું નથી. તો બીજી તરફ પુરાણે મનુષ્યની મર્યાદાની રક્ષા કરવા માટે દોષી વ્યકિતને યોગ્ય દંડ આપ્યો છે. ઈન્દ્રને સમયાન્તરે વૃષણહીન થવું પડયું હતું. લોકકલ્યાણ માટે ઈન્દ્રે કરેલ કર્મથી સંતુષ્ટ થઈને દેવોએ ઈન્દ્રને મેષનું વૃષણ(અંડકોશ) લગાવીને, 'સવૃષણ' બનાવ્યો હતો.

**❖ તારા—ચન્દ્ર—આખ્યાન :**

બૃહસ્પતિ અને ચન્દ્ર સાથે સંબદ્ધ, આ આખ્યાયિકાના પણ અનેક પુરાવાઓ વૈદિક સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. જે મુજબ, ચન્દ્રે હઠાગ્રહથી બૃહસ્પતિની

પત્ની તારાને છીનવી લીધી. હજારવાર માગવા છતાં, તેણે તેને પાછી ન આપી. જેથી બૃહસ્પતિ અને ચન્દ્ર વચ્ચે ભયંકર યુદ્ધ થયું. બ્રહ્માએ મધ્યસ્થી બનીને તારાને છોડાવી, બૃહસ્પતિને અર્પણ કરી. એ સમયગાળામાં તારાએ ચન્દ્રના અંશથી 'બુધ' નામના પુત્રને જન્મ આપ્યો હતો, જેને પછીથી ચન્દ્રને સોંપી દેવામાં આવ્યો હતો. પુરાણોમાં આ કથા શ્રીમદ્‌ભાગવતપુરાણ(૯/૧૪/૪–૧૪), મત્સ્યપુરાણ (અ.૨૩–૨૪) અને દેવીભાગવતમાં પ્રાપ્ત થાય છે. સંક્ષિપ્ત એવી આ વૈદિક કથાને પુરાણોએ વિસ્તારથી વર્ણવી છે.

આ કથાનાં બીજ અથર્વવેદ અને તાંડયબ્રાહ્મણમાં મળે છે, જેના કેટલાક અંશો આ પ્રમાણે છેઃ

(ક) સોમ એવો પહેલો રાજા થયો, જેણે શરમ રાખ્યા વિના બ્રાહ્મણ બૃહસ્પતિની પત્ની છીનવી લીધી.[૨૮૧]

(ખ) જે સ્ત્રીને મોટાવાળવાળી (વિકેશી) કહેવાય છે.[૨૮૨]

(ગ) બૃહસ્પતિએ સોમ દ્વારા છીનવી લેવાયેલી પત્નીને પાછી મેળવી.[૨૮૩]

(ઘ) સોમનો પુત્ર હોવાથી બુધને 'સોમાયન' પણ કહેવામાં આવે છે.[૨૮૪]

મત્સ્યપુરાણમાં આ કથાને અધ્યાય ૨૩ તથા ૨૪માં કુલ ૨૮ શ્લોકોમાં વિસ્તારથી વર્ણવવામાં આવી છે. ચન્દ્ર અત્યંત સ્વરૂપવાન હતો. તેના રૂપથી મોહિત થઈને સિનીવાલી, લક્ષ્મી, દ્યુતિ, તુષ્ટિ વગેરે નવ દેવીઓ કામબાણથી તપ્ત થઈને પોતાના પતિઓને છોડી, તેને સેવવા લાગી. એ તમામથી તૃપ્ત થયેલા ચન્દ્રે એકવાર ઉદ્યાનમાં બૃહસ્પતિની અત્યંત સુંદર પત્ની તારાને જોઈ. આ કથાનો પ્રારંભ એ ઘટનાથી થાય છે. મત્સ્યપુરાણકાર નોંધે છે કે,–

‘‘कदाचिदुद्यानगतामपश्यदनेकपुष्पाभरणैश्च शोभिताम् ।
बृहन्नितम्बस्तनभारखेदात् पुष्पस्य भङ्गेऽप्यतिदुर्बलाङ्गीम् ।।
भार्यां च तां देवगुरोरनङ्गबाणाभिरामायतचारुनेत्राम् ।
तारां स ताराधिपतिः स्मरार्तः केशेषु जग्राह विविक्तभूमौ ।।
सापि स्मरार्ता सह तेन रेमे तद्रूपकान्त्या हृतमानसेन ।
चिरं विहृत्याथ जगाम तारां विधुर्गृहीत्वा स्वगृहं ततोऽपि ।।’’

ચન્દ્રના એ વર્તનથી દુઃખી થયેલ બૃહસ્પતિએ શિવને શરણે જઈ, તેને બધી વિગત જણાવી. ક્રોધિત થયેલા શિવે ચન્દ્ર સાથે યુદ્ધ કર્યું, પરંતુ બ્રહ્માના વરદાનના પ્રભાવથી ચન્દ્ર પણ અપરાજિત રહ્યો. આથી અંતિમ ઉપાય તરીકે શિવે 'બ્રહ્મશિર્ષ' નામનું અસ્ત્ર ચલાવ્યું તો સામે ચન્દ્રે પણ પોતાના જ નામથી યુકત એવા

'સોમાસ્ત્ર'નો પ્રયોગ કર્યો. લક્ષ્યને અચૂક સિદ્ધ કરનારાં, તે બન્ને અસ્ત્રોના પ્રયોગોથી સંસારમાં હાહાકાર થઈ રહ્યો. અંતે બ્રહ્માએ મધ્યસ્થી કરી, યુદ્ધને શાંત કર્યું અને ચન્દ્રને તેના દુષ્કર્મને માટે કૃષ્ણપક્ષમાં પાપગ્રહ થવાનો શાપ આપ્યો. બ્રહ્માની આજ્ઞાથી ચન્દ્રે તારાને બૃહસ્પતિને પરત કરી. તદન્તર, એક વર્ષ બાદ તારાના ઉદરથી ચન્દ્રના જેવો જ એક કુમાર ઉત્પન્ન થયો, જેને 'બુધ' એવું નામ આપવામાં આવ્યું અને ચન્દ્રે તેને સ્વીકારીને, તેને ભૂતલનું રાજ્ય આપ્યું.

આ કથા વિષ્ણુપુરાણ(૪/૬/૧૦–૩૩)માં પણ નિર્દેશિત છે. શ્રીમદ્–ભાગવતપુરાણ (૯/૧૪/૭)માં આ કથાને દેવાસુરસંગ્રામ સાથે જોડી દીધી છે– 'सुरासुरविनाशोऽभूत् समरस्तारकामयः' ચંદ્રે જ્યારે તારાને આપવાની ના કહી, ત્યારે શુક્રાચાર્યે દેવગુરુ બૃહસ્પતિના દ્વેષથી ચંદ્રને અસુર સાથે ભેળવી દીધો. બીજી બાજુ શિવ તથા ઈન્દ્રે દેવોની સાથે બૃહસ્પતિનો પક્ષ લીધો. તારા ફરી બૃહસ્પતિને અને બુધ ચન્દ્રને મળે, એવા સમાધાનથી યુદ્ધનો અંત આવ્યો.

આમ, આ વૈદિક કથાને પુરાણોએ જુદાં–જુદાં સ્વરૂપે નિહાળી અને નિર્દેશી છે.

**❖ વિશ્વરૂપ–ઈન્દ્રકથા :**

શતપથબ્રાહ્મણ(૧/૨/૩/૨, ૧/૬/૩/૨–૫)માં તથા તાંડયબ્રાહ્મણ (૧૭/૫/૧)માં ત્વષ્ટાપુત્ર વિશ્વરૂપ અને ઈન્દ્રની એક વિચિત્ર કથા પ્રાપ્ત થાય છે. શતપથબ્રાહ્મણ મુજબ, "ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપને ત્રણ મસ્તક, છ આંખો અને ત્રણ મોઢાં હતાં. આવા વિચિત્ર રૂપને કારણે જ, તે વિશ્વરૂપ તરીકે ઓળખાતો હતો. તે એક મુખથી સુરા પીતો હતો, બીજા મુખથી સોમપાન કરતો હતો અને ત્રીજા મુખથી અન્ન ખાતો હતો. આનાથી ઈન્દ્રને ઈર્ષ્યા થતાં તેનાં ત્રણે મસ્તકોને કાપી નાખ્યાં. સોમપાનવાળું મસ્તક કપિંજલ, સુરાપાનવાળું કલવિંક અને અન્નને ગ્રહણ કરતું મસ્તક તિત્તર બની ગયું."

પુરાણકારોએ આ કથાને થોડી ભિન્ન રીતે પણ વિસ્તારથી રજૂ કરી છે. શ્રીમદ્ભાગવતપુરાણ(૬/૬/૪૪–૪૫ અને ૬/૯/૧–૭)માં પ્રાપ્ત થતી આ કથાના મહત્ત્વના અંશો આ પ્રમાણે છે:

(ક) ત્વષ્ટા બ્રાહ્મણ હતા, પરંતુ તેણે દૈત્યોની નાની બહેન રચના સાથે લગ્ન કર્યાં હતાં. તે બન્નેનો પુત્ર વિશ્વરૂપ હતો.

(ખ) બૃહસ્પતિએ કોઈ કારણે ખિન્ન થઈ, પોતાના યજમાન દેવોને છોડી દીધેલા. જ્યારે વૃત્રાસુરને મારવા માટે યજ્ઞ કરવામાં આવ્યો ત્યારે બૃહસ્પતિના બદલે

દેવોએ ત્રણ મસ્તકવાળા ત્વાષ્ટ્ર અર્થાત્ વિશ્વરૂપને પોતાના યજ્ઞનો પુરોહિત બનાવ્યો.
(ગ) વિશ્વરૂપની માતાના કહેવાથી, તેના હૃદયમાં માતૃપક્ષે પ્રેમ જાગ્યો અને તેણે પરોક્ષ રૂપે અસુરોને પણ યજ્ઞભાગ અર્પણ કર્યો.[૨૮૫]
(ઘ) અસુરોના નાશ માટે યજ્ઞ કરવામાં આવતો હોવા છતાં વિશ્વરૂપે એમને યજ્ઞભાગ આપ્યો, તેથી ઈન્દ્રે તેનાં મસ્તકો કાપી નાખ્યાં.
(ચ) બ્રહ્મહત્યા લાગવાથી, ઈન્દ્રે તેનું પ્રાયશ્ચિત કર્યું.

આમ, પુરાણોએ વૈદિક અંશમાં રહેલી કેટલીક ત્રુટિઓને દૂર કરીને તેમાં અવસર–વિશેષ અને અપરાધ–વિશેષની કલ્પના ઉમેરી છે અને એ રીતે યુકિતયુકત હેતુનો બ્રહ્મહતયા માટે નિર્દેશ કર્યો છે.

**❖ બ્રહ્મા–સાવિત્રીકથા :**

બ્રહ્માએ પોતાની પુત્રી સાવિત્ર કે સરસ્વતી સાથે ધર્ષણ કર્યું હોવાની કથા પ્રતીકરૂપે યોજાયેલી જોવા મળે છે. આ કથાને પુરાણોએ પણ એ જ રૂપમાં ગ્રહણ કરી છે. પુરાણોનો આ બહુચર્ચિત મુદ્દો છે. પુરાણો આ કથાને દોષયુકત કહી, તેને ધર્મવિરુદ્ધનું કર્મ ગણાવે છે. ખરેખર તો આ કથા પ્રતીકાત્મક હોવાથી, તેને વિશેષ પ્રકારે સમજવી જોઈએ. પુરાણોએ વૈદિક કથાના કેટલાક અંશોની જ વ્યાખ્યા કરી છે. વૈદિક કથાના સંક્ષિપ્ત અંશો આ પ્રમાણે છે:
(ક) ઋગ્વેદ મુજબ બ્રહ્માએ પોતાની પુત્રીનું ધર્ષણ કર્યું.[૨૮૬]
(ખ) ઐતરેયબ્રાહ્મણ મુજબ, પ્રજાપતિએ પોતાની પુત્રીનું અનુગમન કર્યું.[૨૮૭]
(ગ) શતપથબ્રાહ્મણ પણ અનુગમનક્રિયાને દર્શાવે છે.[૨૮૮]
(ઘ) અથર્વવેદ પ્રમાણે, પિતાએ પુત્રીમાં ગર્ભ સ્થાપિત કર્યો હતો.[૨૮૯]
(ચ) તાંડયબ્રાહ્મણ મુજબ, પ્રજાપતિ પ્રારંભમાં એકલા હતા અને સરસ્વતી દ્વિતીયા. એ બન્નેનું મિથુન થયું ત્યારે સરસ્વતી ગર્ભવતી બની.[૨૯૦]

આ અંશો દ્વારા કથા સંક્ષિપ્ત રૂપે પણ સ્પષ્ટ બને છે. શ્રીમદ્–ભાગવતપુરાણ(૨/૧૨/૨૮–૩૩)માં બ્રહ્મા અને સરસ્વતીનો આ પ્રસંગ આ રૂપમાં જ વર્ણવેલ છે. સ્વયંભૂએ 'કામ'ને વશ થઈ, કામહીન 'વાક્' નામની પુત્રીને પ્રેમ કર્યો, એવું આપણે સાંભળ્યું છે. મરિચી વગેરે બ્રહ્માના પુત્રોએ પિતાની આ અધર્મયુકત પ્રવૃત્તિ જોઈને કહ્યું કે, ''આજ સુધી આવું અધર્મ કોઈએ કર્યું નથી અને પછી પણ કરશે નહીં, તો તમે આવી આસકિત શા માટે દર્શાવો છો?'' આ સમયે લજ્જિત થયેલ બ્રહ્માએ પોતાના શરીરનો ત્યાગ કર્યો.

આમ, આ બન્ને કથાઓ મહદંશે સમાન જ છે, પરંતુ શ્રીમદ્‌ભાગવત–પુરાણમાં અધર્મ તરફ અભિરુચિ જોઈને તથા પોતાના જ પુત્રો દ્વારા અપમાનિત થવાથી, પ્રજાપતિએ પોતાના શરીરનો ત્યાગ કર્યો હોવાની વાત વધારામાં જોડી દીધેલ છે. આ પ્રકારનું પ્રાયશ્ચિત મૂળ કથામાં જોવા મળતું નથી. મત્સ્યપુરાણકારે લજ્જિત થયેલા બ્રહ્માની પ્રતિક્રિયાના રૂપમાં બ્રહ્મા દ્વારા 'કામ'ને શાપ આપ્યો હોવાનું વર્ણવેલ છે.[૨૯૧] જો કે, આ આખ્યાનની પ્રતીકાત્મકતાનો મત્સ્યપુરાણકારે આ પ્રમાણે સ્વીકાર કર્યો છેઃ

'यथा भुजङ्गाः सर्पाणामाकाशं विश्वपक्षिणाम् ।
विदन्ति मार्गं दिव्यानां दिव्या एव न मानवाः ।।'[२९२]

અને તેને સ્પષ્ટ કરતાં લખે છેઃ–

''दिव्येयमादिसृष्टिस्तु रजोगुणसमुद्‌भवा ।
अतीन्द्रियेन्द्रिया तद्वदतीन्द्रियशरीरिका ।।
दिव्यतेजोमयी भूप दिव्यज्ञानसमुद्‌भवा ।
न मर्त्यैरभितः शक्या वक्तुं वै मांसचक्षुभिः ।।''[२९३]

ઉપરાંત,

''अन्यच्च सर्ववेदानामधिष्ठाता चतुर्मुखः ।
गायत्री ब्रह्मणस्तद्वदङ्गभूता निगद्यते ।।
अमूर्तं मूर्तिमद वापि मिथुनं तत् प्रचक्षते ।''[२९४]

અને બ્રહ્માના દોષનું નિવારણ કરતાં લખે છેઃ –

''वेदराशिः स्मृतो ब्रह्मा सावित्री तदधिष्ठिता ।
तस्मान्न कश्चिद् दोषः स्यात् सावित्रीगमने विभोः ।।''[२९५]

આ કથાની પ્રતીકાત્મકતાને ધ્યાનમાં લેતાં, અનેક સત્યો બહાર આવી શકે છે. જેમ કે, પ્રજાના પાલક હોવાથી સૂર્ય જ પ્રજાપતિ છે. હંમેશાં ક્ષિતિજ પર પહેલાં ઉષાનું અને પછી સૂર્યનું આગમન થાય છે. સૂર્યના આગમનથી જ ઉષા જન્મતી હોવાથી, તેને સૂર્યની પુત્રી કલ્પી શકાય છે. ઉષામાં સૂર્ય પોતાનાં કિરણોને પ્રગટ કરી, દિવસરૂપી પુત્રને જન્માવે છે. આ રીતે સૂર્ય અને ઉષાનો વ્યવહાર અહીં બ્રહ્મા–દુહિતાના રૂપમાં વર્ણવાયો છે. ઉષાનું સૂર્ય દ્વારા અનુગમન પુત્રીનું પિતા દ્વારા અનુગમન માનવામાં આવ્યું છે અને અરુણ કિરણોને ફેલાવવાની ક્રિયા વીર્યાધાન બને છે, જેનાથી દિવસની ઉત્પત્તિ થાય છે. આ પ્રાકૃતિક ઘટનાને બ્રહ્મા

અને તેની દુહિતા સરસ્વતી કે સાવિત્રી કે ગાયત્રીના પ્રતીક દ્વારા પ્રસ્તુત કરેલ છે. આધ્યાત્મિક દષ્ટિએ આ ઘટનાને મૂલવીએ તો, વેદોમાં મનની સંજ્ઞા 'પ્રજાપતિ' છે. અને વાણીની સંજ્ઞા 'વાક્' કે 'સરસ્વતી' છે. જૈમિનીયોપનિષદ(૧/૩૩/૨)માં 'यत् प्रजापतिस्तन्मनः' દ્વારા મનની સંજ્ઞાને સ્પષ્ટ કરેલ છે તો કૌષિતકીબ્રાહ્મણ(૫/૧) મુજબ, 'वाग् वै सरस्वती' કહીને સરસ્વતી–સંજ્ઞાને સમજાવી છે. મનુષ્ય મન દ્વારા જે સંકલ્પ કરે છે, તેને જ વાણી દ્વારા અનુસરે છે. આ પારસ્પરિક સંબંધને લીધે મનને પિતા અને વાણીને પુત્રી કહી શકાય. જયારે મનરૂપી પિતા પોતાની પુત્રી વાણીમાં પ્રેરણારૂપી વીર્યનું આધાન કરે છે ત્યારે શબ્દરૂપી પુત્રનો જન્મ થાય છે. આ મનોવૈજ્ઞાનિક સત્ય છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં આ પ્રતીકને ઘણું જ સુંદર રીતે સમજાવેલ છે.

વૈદિક સાહિત્ય તથા પુરાણોનો એ બહુ જાણિતો નિર્દેશ છે કે, સૃષ્ટિની ઉત્પત્તિ સમયે પ્રજાપતિ બ્રહ્માએ પોતાના શરીરને બે ભાગોમાં વિભાજિત કરી દીધું. એમનો ડાબો ભાગ સ્ત્રી અને જમણો ભાગ પુરુષ બની ગયો હતો. એ બન્નેના સંયોગથી મનુષ્ય, પશુ, ગાય, અશ્વ વગેરેની સૃષ્ટિ ઉત્પન્ન થઈ હતી.[૨૯૬] આ કથા બ્રહ્મા દ્વારા રચવામાં આવેલી આદિમસૃષ્ટિના રહસ્યને સ્પષ્ટ કરે છે. તાત્ત્વિક દષ્ટિએ પણ આ મૈથુનિક કથાને પુરુષ અને પ્રકૃતિના પ્રતીકો દ્વારા સમજાવી શકાય છે. સાંખ્યદર્શનની ત્રિગુણાત્મિકા પ્રકૃતિ જયારે જ્ઞ–પુરુષની નજરે ચડે છે ત્યારેક્ષોભિત થયેલી પ્રકૃતિમાંથી જ સૃષ્ટિનો પ્રપંચ રચાય છે.

આમ, આ કથા મૂળમાં રહસ્યાત્મક અને ગંભીર રીતે વર્ણવાયેલ છે, પરંતુ પુરાણોએ તેની પ્રતીકાત્મકતાને ધ્યાનમાં લઈને યોગ્ય વ્યાખ્યા દ્વારા લોકભોગ્ય બનાવી દીધી છે.

### ❖ નચિકેતોપાખ્યાન :

નચિકેતોપાખ્યાન સંપૂર્ણ વૈદિક છે. જો કે, આ ઉપાખ્યાન વેદની કોઈ મંત્રસંહિતામાં પ્રાપ્ત થતું નથી, પરંતુ ઋગ્વેદના એક સૂકત(૧૦/૧૩૫)માં તેનાં બીજોનો નિર્દેશ છે. ત્યાં 'यस्मिन्कुमारो यामायनो याममनुष्टुभं तु ।'–માં તેના દેવતા યમ અને કુમાર ઋષિનો સ્પષ્ટ નિર્દેશ જોઈ શકાય છે. આ મંત્રના આધારે સાયણે યમગોત્ર કુમારને નચિકેતા કહ્યો છે. જો કે, આ સૂકતના મંત્રોથી આ કથા સ્પષ્ટ થતી નથી. જેમકે,– 'यस्मिन् वृते सुपलाशे देवैः संपिबते यमः । अत्रा नो विश्पतिः पिता पुराणां अनुवेनति ।।'(ઋગ્વેદ, ૧૦/૧૩૫/૧)વગેરે.

આ કથા તૈત્તિરીયબ્રાહ્મણ (૩/૧૧/૮), કઠોપનિષદ (પ્રથમાધ્યાય), મહાભારત(અનુશાસનપર્વ, અ. ૭૧) તથા વરાહપુરાણ (અ.૧૯૧–૨૧૦) વગેરેમાં મળે છે. દરેક સ્થળે આ કથાને માટે અલગ–અલગ અભિપ્રાયો પ્રાપ્ત થાય છે. તૈત્તિરીયબ્રાહ્મણમાં આ કથા આ પ્રમાણે પ્રાપ્ત થાય છેઃ

''વાજશ્રવા નામના ઋષિએ સર્વસ્વ દક્ષિણાવાળા વિશ્વજિત યજ્ઞમાં ઋત્વિજોને પોતાનું સઘળું દાન કરી દીધું હતું. તે ઋષિને નચિકેતા નામનો પુત્ર હતો. બધું જ દાન અપાઈ ગયા પછી, નચિકેતાએ તેના પિતાને પ્રશ્ન પૂછયો કે, 'મને તમે કોને દાનમાં આપશો?' આ પ્રશ્ન ત્રણવાર પૂછતાં ગુસ્સે થયેલા વાજશ્રવાએ કહ્યું, ''હું તને મૃત્યુને દાનમાં આપું છું''. ત્યાંથી તે યમપુરી ગયો. ત્રણ રાત્રી સુધી તે યમપુરીમાં રહ્યો. યમદેવતાએ પ્રસન્ન થઈ, ત્રણ વરદાન માગવા કહ્યું. તેણે આ પ્રમાણે માગ્યું– 'હું જીવિત જ પિતા પાસે પહોંચું' તથા 'મારાં ઈષ્ટાપૂર્ત કર્મોની યોગ્ય રક્ષા થાય' અને 'પુનર્જન્મના નિવારણના સાધનની જિજ્ઞાસા'. યમે તેને આ ત્રણ વરદાનો આપ્યાં.''

કઠોપનિષદમાં આ કથા વિસ્તારથી પ્રાપ્ત થતી હોવાથી એ ઉપનિષદને જ 'નચિકેતોપનિષદ' તરીકે ઓળખવામાં આવે છે. તૈત્તિરીયબ્રાહ્મણમાં આપવામાં આવેલી કથા કરતાં અહીં થોડા ફેરફારો કરવામાં આવ્યા છે. અહીં વાજશ્રવાએ આપેલ નબળી ગાયોના દાનથી દુઃખી થઈ, નચિકેતા પોતાના પિતાને પોતાને કોને દાનમાં આપશો? એમ પૂછે છે. અહીં કઠોપનિષદમાં યમ દ્વારા નચિકેતાને આપવામાં આવતાં પ્રલોભનોની વાત છે, જે તૈત્તિરીયબ્રાહ્મણમાં નથી. અન્ય તફાવત એ છે કે, બન્નેમાં વરદાનોની સંખ્યા તો સમાન જ છે, પરંતુ તેના અર્થોમાં ફેરફાર છે. પ્રથમ બે વરદાનો તો સમાન જ છે, પરંતુ તૃતીય વરદાનમાં બ્રાહ્મણગ્રંથમાં પુનર્જન્મના નિવારણના કારણરૂપ નચિકેતાગ્નિની વાત આવે છે, જ્યારે કઠોપનિષદમાં તેનો આધ્યાત્મિક અર્થ પ્રસ્તુત છે. બ્રાહ્મણગ્રંથો યજ્ઞપરક હોવાથી તેમાં યજ્ઞના અગ્નિનું મહત્ત્યવ દર્શાવ્યું છે, જ્યારે ઉપનિષદો આધ્યાત્મિક ગ્રંથો હોવાથી, ત્યાં તેની આધ્યાત્મિક દષ્ટિકોણથી પ્રસ્તુતિ કરવામાં આવી છે. એ રીતે, બન્ને ગ્રંથોએ આ ઉપાખ્યાનની પોતાને અનુકૂળ વ્યાખ્યાઓ થોડા ફેરફાર સાથે પ્રસ્તુત કરી છે.

પુરાણોમાં આ કથા બહુખ્યાત નથી. વરાહપુરાણમાં અધ્યાય ૧૯૧થી ૨૧૦ સુધી નચિકેતોપાખ્યાન વર્ણવેલ છે, જેને 'पुरावृत्तां कथां परशोभनाम्' કહીને પ્રાચીન દર્શાવી છે. આ આખ્યાનને પ્રાચીન કે વૈદિક સિદ્ધ કરનારો આ પ્રત્યક્ષ પુરાવો છે. વરાહપુરાણે આ કથાને પૌરાણિક શૈલીમાં રજૂ કરી છે. જે, આ પ્રમાણે છેઃ

"પ્રાચીન સમયમાં ઉદ્દાલક નામના એક પ્રસિદ્ધ ઋષિ હતા. તેને નાચિકેત નામનો એક મહાતેજસ્વી અને બુદ્ધિમાન પુત્ર હતો. એકવાર કોઈ કારણવશ પિતાએ નાચિકેતને શાપ આપ્યો કે, ‘‘गच्छ शीघ्रं यमं पश्य मम क्रोधेन दुर्मते ।’’ અર્થાત્, "હે દુર્બુદ્ધિ ! મારા ક્રોધથી તુરંત જા અને યમને જો."[૨૯૭] યોગવિદ્યામાં નિપુણ એવા પુત્રે પિતાને કહ્યું– ‘‘मा भूद्वाक्यं च ते मिथ्या धार्मिकस्य कदाचन । गमिष्यामि पुरं रम्यं धर्मराजस्य धीमतः ।।’’ અર્થાત્, "ધાર્મિક (એવા) આપનું વચન ક્યારેય મિથ્યા ન થાય, (માટે) હું યમરાજાના (એ) રમ્ય નગરમાં જઈશ."[૨૯૮]પુત્રના એવા સંકલ્પને સાંભળી, પિતાએ ઘણો જ પશ્ચાતાપ કર્યો, પરંતુ પિતૃભક્ત નચિકેતાએ તેને ન ગણકારતાં, તે ત્યાં જઈ પહોંચ્યો, જ્યાં યમરાજા નિવાસ કરતા હતા. યમરાજાએ તેનો યથોચિત સત્કાર કરીને, તેને પરત મોકલી આપ્યો. યમપુરીથી જીવિત પરત આવેલા પુત્રને જોઈને ઋષિ પ્રસન્ન થયા. ઉદ્દાલક સહિત અન્ય તપોધન ઋષિઓએ નચિકેતાને યમપુરી જતાં–આવતાં અને ત્યાં પહોંચ્યા પછીના નાચિકેતાના અનુભવો અને વિવિધ બાબતોને વિશે પ્રશ્નો પૂછયા. નાચિકેતે તેના વિસ્તારથી ઉત્તરો આપ્યા."

વરાહપુરાણમાં પ્રસ્તુત થયેલી આ કથાની શૈલી સંપૂર્ણ પૌરાણિક છે. પુરાણકારે મૂળ કથામાં ઘણા ફેરફારો કર્યા છે. 'નચિકેતા' નામને બદલે તેણે 'નાચિકેત' શબ્દનો પ્રયોગ કર્યો છે. યમપુરી જવાના હેતુ તરીકે પિતાનો ક્રોધ છે, વૈદિક કથાની જેમ અહીં યજ્ઞનો તો ઉલ્લેખ સુદ્ધાં નથી. આ કથાના માધ્યમ દ્વારા પુરાણકારે જે કંઈ કહેવાનું છે, તે નચિકેતા અને ઋષિઓના પ્રશ્નોત્તર દ્વારા રજૂ કર્યું છે. એ પ્રશ્નોત્તરમાં રજૂ થયેલી તમામ બાબતો પૌરાણિક તથ્યોની સાથે વધારે સંબદ્ધ છે. પુરાણકારે આ કથા કર્મ–વિપાકના પ્રસંગમાં ઉદાહૃત કરી હોવાથી, તેના વર્ણ્ય–વિષયો પણ એવા જ છે. યમલોકમાં જનારાં વિવિધ પાપીઓ, નરક, યમદૂતો, પુષ્પોદકા અને વૈવસ્વતી નદીઓ, ચિત્રગુપ્તની આજ્ઞાથી યમપુરીમાં અનેકવિધ શુભાશુભ કર્મોના વિપાક, પાપીઓની યાતનાઓ વગેરેનું વર્ણન, ગો–પ્રશંસા, ગો–સેવકોને ઉત્તમ લોકની પ્રાપ્તિ વગેરે તમામ બાબતો સંપૂર્ણપણે પૌરાણિક છે. મૂળ કથાના એક કે બે શ્લોકોમાં કહી શકાય એટલા જ અંશોને ગ્રહણ કરીને, પુરાણકારે આ કથાને, એ વિષયોનાં વર્ણનો દ્વારા અઢાર અધ્યાયોમાં વિસ્તારી છે.

### ❖ પુરૂરવા–ઉર્વશી–આખ્યાન :

ઋગ્વેદમાં મળી આવતાં અનેક સંવાદસૂક્તોમાં દસમા મંડળનો પુરૂરવા અને ઉર્વશીનો સંવાદ અત્યંત પ્રસિદ્ધ છે. આ કથાની આહ્લાદકતા, વિશ્વના પૂંજીભૂત

સૌંદર્ય સમી ઉર્વશી અને તેને પામવા માટેની સૌંદર્યપિપાસુ પુરૂરવાની હૃદયઝંખનાએ ઋગ્વેદના મંત્રદષ્ટા, બ્રાહ્મણગ્રંથોના રચયિતા, પુરાણોના કર્તા, પ્રાચીન યુગના મહાકવિ કાલિદાસ અને આધુનિકયુગના શ્રી અરવિંદ તથા રવિન્દ્રનાથ ટાગોર સુધીના તમામ મનીષિઓને એક સમાન રીતે આકર્ષ્યા છે. આ કથાનું મૂળ ઋગ્વેદના ૧૦મા મંડળના ૯૫મા સૂકતમાં રહેલું છે. તેમાં પુરૂરવા અને ઉર્વશીના સંવાદો પ્રાપ્ત થાય છે. અલબત્ત, વિસ્તૃત કથાનો ત્યાં અભાવ છે, પરંતુ આ કથાનો સૌથી પ્રાચીન ઉલ્લેખ એ જ છે. વૈદિક સાહિત્યમાં શતપથબ્રાહ્મણ(૫/૧/૨), બૃહદ્દેવતા (૭/૧૪૦–૧૪૭), સર્વાનુક્રમણી(૧૦/૫૮) વગેરેમાં આ આખ્યાનની વિસ્તૃત વિગતો પ્રાપ્ત થાય છે.

પુરાણોએ ચંદ્રવંશવર્ણનના પ્રસંગમાં આ આખ્યાનને ઘણું જ વિસ્તારથી વર્ણવ્યું છે. પુરૂરવા ચંદ્રપુત્ર બુધનો પુત્ર હોવાથી, ચંદ્રવંશના પ્રારંભ સમયનું આ આખ્યાન છે અને વંશવર્ણન પુરાણોનું મુખ્ય લક્ષણ છે, તેથી સ્વાભાવિક જ આને અનેક પુરાણોમાં મહત્ત્યવ પ્રાપ્ત થયું છે. પુરાણોમાં વિષ્ણુપુરાણે આ આખ્યાનને આખો એક અધ્યાય (૪/૬) ફાળવ્યો છે. શ્રીમદ્ભાગવતપુરાણ(અ. ૯/૧૪)માં પણ ઐલોપાખ્યાનના પ્રસંગે આ આખ્યાનનું વર્ણન છે. મત્સ્યપુરાણ(૨૪/૧૦–૩૨), વિષ્ણુધર્મોત્તરપુરાણ(૩/૪–૩૦), અગ્નિપુરાણ(૨૭૫/૧૨–૧૪),વાયુપુરાણ (ઉત્તરાર્ધ, ૨૯/૧–૪૫), હરિવંશપુરાણ(૨૬/૧૩–૪૯), દેવીભાગવતપુરાણ (૧/૧૩/૭–૩૩) અને બ્રહ્માંડપુરાણ(૩/૬/૧–૧૯)માં આ કથાનાં વર્ણનો પ્રાપ્ત થાય છે. પદ્મપુરાણ(સૃષ્ટિખંડ, ૧૨/૬૨–૮૬)માં એને પ્રણયકથાના રૂપમાં વર્ણવવામાં આવેલ છે. મહાકવિ કાલિદાસે પોતાના નાટક 'વિક્રમોર્વશીયમ્'માં આ જ કથાને વસ્તુના રૂપમાં ગ્રહણ કરેલ છે.

**❖ હરિશ્ચન્દ્ર–શુનઃશેપાખ્યાન :**

ઐતરેયબ્રાહ્મણ (અધ્યાય ૨૩)માં આ આખ્યાન વિસ્તારથી વર્ણવાયેલ છે. આ આખ્યાન ઋગ્વેદ(૧/૨૪)ના કેટલાક મંત્રોમાં પણ અવ્યકતરૂપે પ્રાપ્ત થાય છે, પરંતુ પુરાણોએ ઐતરેયબ્રાહ્મણની કથાનું સુંદર ઉપબૃંહણ કરેલ છે. માર્કણ્ડેયપુરાણ (અ.૮) અને બ્રહ્મપુરાણ(અ.૧૦)માં હરિશ્ચન્દ્રતીર્થના વર્ણન–પ્રસંગે આ આખ્યાન વર્ણવેલ છે. બ્રહ્મપુરાણે ઐતરેયબ્રાહ્મણના મંત્રોની વ્યાખ્યા આપીને આ કથાનું વિવરણ આપેલ છે. ઐતરેયબ્રાહ્મણના 'नापुत्रस्य लोकोऽस्ति तत् सर्वे पशवो विदुः'–ની વ્યાખ્યા બ્રહ્મપુરાણે 'नापुत्रस्य परो लोको विद्यते नृपसत्तम' કરેલ છે. માર્કણ્ડેયપુરાણ (૮/૧૦૭–૧૧૮)માં હરિશ્ચન્દ્રનું આખ્યાન પ્રભાવક રીતે રજૂ થયું છે. ત્યાં કરવામાં

આવેલ સ્મશાનનું વર્ણન રોચક હોવાથી તેમાં સ્વાભાવિકતા આપમેળે જ ઉત્પન્ન થાય છે. વૈદિકકથાનું આ ઉપબૃંહણ પછીના સમયમાં ઘણું જ વિસ્તરિત થયું છે. શ્રીમદ્ભાગવતપુરાણ(અ. ૯/૭)માં વૈદિક મંત્રોની વિશદ વ્યાખ્યા કરેલ છે. ઐતરેયબ્રાહ્મણનો આધાર લઈ, દેવીભાગવતપુરાણ(અ.૭/૧૩–૨૭)માં આ કથાને સુંદર અને રોચક બનાવવામાં આવી છે.

**❖ કૃષ્ણકથા :**

વૈદિક સાહિત્યમાં છાંદોગ્યોપનિષદ(૩/૧૭/૬)માં કૃષ્ણકથાનો સંકેત પ્રાપ્ત થાય છે. ત્યાં ઘોર અંગિરસના શિષ્ય દેવકીપુત્ર કૃષ્ણનું વિવરણ મળે છે. આ દેવકીપુત્ર કૃષ્ણ જ પુરાણોમાં વર્ણવેલ દેવકી અને વસુદેવના પુત્ર કૃષ્ણ છે. 'વાસુદેવ' શબ્દનો ઉલ્લેખ ન હોવાથી 'દેવકીપુત્ર' વિશેષણ જ બન્નેનું ઐકય સાધી આપે છે. પુરાણોના મતે, કૃષ્ણ વિષ્ણુનો પૂર્ણાવતાર હોવાથી, વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત વિષ્ણુ સંબંધી તમામ વિગતો પુરાણોએ કૃષ્ણની સાથે પણ જોડી દીધી છે. વૈદિક સાહિત્યના પુરુષ કે પ્રજાપતિના સ્થાને પુરાણોમાં નારાયણ કે વિષ્ણુને ગ્રહણ કરવામાં આવેલ છે. પુરાણોમાં કૃષ્ણ એનું જ વિકસિત રૂપ છે. કૃષ્ણની કથા વૈદિકથી લઈને પ્રમાણમાં અર્વાચીન એવા અગ્નિપુરાણ જેવાં તમામ સાહિત્યમાં પ્રાપ્ત થાય છે. અગ્નિપુરાણ (૩/૨૩)માં ભગવાનના અવતારોની સૂચિમાં રામ(બલરામ) અને કૃષ્ણ–બન્નેને અવતારી પુરુષો તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે. અન્યત્ર (૧૫/૫માં) કૃષ્ણને સાક્ષાત્ ઈશ્વરના રૂપમાં ગ્રહણ કરવામાં આવેલ છે, જયારે બલરામને ભગવાનના નવમા અવતાર તરીકે માનીને તેની ચતુર્ભુજ મૂર્તિની કલ્પના કરવામાં આવેલ છે.

શ્રીમદ્ભાગવતપુરાણ(દસમ સ્કંધ), વિષ્ણુપુરાણ(પાંચમો અંશ) અને બ્રહ્મપુરાણ(અ.૧૮૨–૨૧૨)માં કૃષ્ણચરિત્રને ઘણું જ વિસ્તારથી વર્ણવ્યું છે. વૈષ્ણવ સંપ્રદાયના વિકાસ અને વિસ્તારમાં આ તમામે અતિ મહત્ત્યવનો ફાળો આપ્યો છે.

**❖ રામકથા :**

વૈદિક સાહિત્યમાં રામાયણનાં કેટલાંક પાત્રોના ઉલ્લેખો મળે છે, પરંતુ એમનો પારસ્પરિક સંબંધ કયાંય પણ જોવા મળતો નથી. ઋગવેદ(૧૦/૬૦/૪) તથા અથર્વવેદ(૧૪/૩૯/૯), જૈમિનીયબ્રાહ્મણ(૩/૧૬૭)માં ‘इक्ष्वाकु’ શબ્દ મળે છે. ‘दशरथ’ નો ઉલ્લેખ ઋગ્વેદમાં એક જ વાર મળે છે. એક દાનસ્તુતિમાં અન્ય રાજાઓની સાથે દશરથની પણ પ્રશંસા કરવામાં આવી છે. ઋગ્વેદ(૧/૧૨૬/૪)માં ‘चत्वारिंशद् दशरथस्य शोणाः सहस्रस्याग्रे श्रेणिं नमन्ति’ અર્થાત્, 'દશરથના ચાલીસ ભૂરા રંગના ઘોડાઓ, એક હજાર ઘોડાઓના એક દળનું નેતૃત્વ કરે છે.' ઋગ્વેદ

(૧૦/૯૩/૧૪)માં એક રાજા તરીકે રામનો ઉલ્લેખ મળે છે. ઋગ્વેદ(૪/૫૭/૬–૭), અથર્વવેદ(૧૧/૩/૧૨), તૈત્તિરીયસંહિતા(૫/૨/૫), કાઠકસંહિતા(૨૦/૩) તથા તૈત્તિરીયબ્રાહ્મણ(૨/૩/૧૦)માં કૃષિની અધિષ્ઠાત્રી દેવીના રૂપમાં 'सीता' શબ્દનો ઉલ્લેખ પણ મળે છે. શતપથબ્રાહ્મણ(૧૧/૩/૧/૨,૧૧/૪/૩/૨૦ તથા ૧૧/૬/૨/૧), બૃહદારણ્યકોપનિષદ(૩/૧/૧, ૪/૧/૧,૪/૨/૧,૪/૪/૭ તથા ૫/૧૪/૮), જૈમિનીય બ્રાહ્મણ(૩/૧૯/૨), કૌષીતકિ ઉપનિષદ(૪/૧), તૈત્તિરીયબ્રાહ્મણ(૩/૧૦/૯)માં 'जनक वैदेह'નો ઉલ્લેખ છે; પરંતુ એમનો પરસ્પર સંબંધ મળતો નથી. ઈક્ષ્વાકુના વંશમાં ઉત્પન્ન દશરથના પુત્ર રામ હતા, એ ઘટનાનો પરિચય ઈક્ષ્વાકુ, દશરથ તથા રામ જેવાં નામો પ્રાપ્ત થતાં હોવા છતાં પણ થતો નથી. એ જ રીતે સીતા અને જનકનો ઉલ્લેખ હોવા છતાં સીતા જનકની પુત્રી પ્રસ્થાપિત થતી નથી. રામ અને સીતાના સંબંધ વિશે પણ કશી જ માહિતી મળતી નથી. વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત થતાં રામાયણનાં પાત્રોનાં નામો પરથી એટલી કલ્પના થઈ શકે છે કે, એ સમયે રામકથા એની પ્રારંભિક અવસ્થામાં હશે.

વાલ્મીકિના 'રામાયણ' ની રચના પછીથી રામકથા સમાજમાં વધારે પ્રચલિત બની હતી. પુરાણોમાં રામકથા વર્ણવવામાં આવી છે, તે 'રામાયણ'ની રચના પછીની છે કે પૂર્વેની તે અન્યત્ર ચર્ચાનો વિષય છે. પદ્મપુરાણ(અ.૫/૪–૬૬), શ્રીમદ્ભાગવતપુરાણ(નવમોસ્કંધ),મત્સ્યપુરાણ(અ.૧૨),વિષ્ણુપુરાણ(અ.૪/૪–૫), બ્રહ્માંડપુરાણ(અ.૩/૬૩,૪/૪૦), વાયુપુરાણ(અ.૮૮) વગેરેમાં રામકથા અને તેના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

આમ, અનેક વૈદિક કથાઓ અને આખ્યાનોને પુરાણોએ પોતાનામાં સમાવીને, તેનો વિકાસ અને વિસ્તાર કર્યો છે. વૈદિક સાહિત્યની નાની એવી ઘટનાને પુરાણોએ ખંડ, સ્કંધ કે અધ્યાયોમાં વિસ્તારી છે. જે–તે કથા કે આખ્યાન સંબંધી એવી માહિતી કે, જે વૈદિક સાહિત્યમાં દુર્લભ છે, પુરાણોએ તેને સુલભ બનાવી આપી છે. એટલું જ નહીં, સમયની સાથે–સાથે, આમજનસમાજ સુધી તેને પ્રચલિત અને પ્રતિષ્ઠિત પણ કરી છે.

## <u>–: પાદટીપ :–</u>

૦૧. સ્કંદપુરાણ, રેવાખંડ, ૧/૧૬
૦૨. ગરુડપુરાણ, ૧/૯૪/૨૫
૦૩. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૧/૨૦/૪
૦૪. દેવીભાગવતપુરાણ, ૯/૩૦/૧૨૭
૦૫. બ્રહ્મવૈવર્તપુરાણ, ૩/૩/૧૩, ૧/૧૬/૮; પદ્મપુરાણ, ૬/૨૫૮/૨૩–૨૪; કૂર્મપુરાણ, ૧/૧૨/૨૬૦, ૨/૧૪/૪૬, સ્કંદપુરાણ, કાશીખંડ, ૯૫/૧૩
૦૬. મત્સ્યપુરાણ, ૫૨/૭; શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૬/૧/૪૦
૦૭. માર્કણ્ડેયપુરાણ, ૨૯/૬
૦૮. કૂર્મપુરાણ, ૧/૨/૨૭–૨૮
૦૯. વામનપુરાણ, ૪૭/૪૨
૧૦. 'वेदनिंदां प्रकुर्वन्ति ब्रह्माचारस्यकुत्सनम् ।
महापातकमेवापि ज्ञातव्यं ज्ञानपण्डितैः ।।' પદ્મપુરાણ, ૨/૬૭/૪
૧૧. ઐતરેયારણ્યક, ૩/૨/૬
૧૨. ગૌતમધર્મસૂત્ર, ૧૯/૧૩
૧૩. વાયુપુરાણ, ૫૭/૬૦; બ્રહ્માંડપુરાણ, ૧/૨૯/૬૫; મત્સ્યપુરાણ, ૧૪૨/૫૫
૧૪. વાયુપુરાણ, ૬૦/૧૯
૧૫. બ્રહ્માંડપુરાણ, ૧/૩૪/૧૦
૧૬. વિષ્ણુપુરાણ, ૩/૪/૧૩
૧૭. વાયુપુરાણ, ૫૭/૪૭; બ્રહ્માંડપુરાણ, ૧/૨૯/૫૨; મત્સ્યપુરાણ, ૧૪૨/૪૮
૧૮. મહાભારત, વનપર્વ, ૧૪૯/૧૪
૧૯. વાયુપુરાણ, ૫૭/૬૦; બ્રહ્માંડપુરાણ, ૧/૨૯/૬૬
૨૦. વાયુપુરાણ, ૫૮/૧૩;
૨૧. 'संहिता ऋग्यजुः साम्नां संहन्यन्ते श्रुतर्षिभिः ।' બ્રહ્માંડપુરાણ, ૧/૩૧/૧૩;
૨૨. મત્સ્યપુરાણ, ૧૪૪/૧૨
૨૩. લિંગપુરાણ, ૧/૩૯/૫૯
૨૪. કૂર્મપુરાણ, ૧/૨૯/૪૫
૨૫. નિરુક્ત, ૧/૨૦ (ખ)

૨૬. વાયુપુરાણ, ૫૮/૧૦–૧૮; બ્રહ્માંડપુરાણ, ૧/૩૧/૧૦–૧૮; કૂર્મપુરાણ, ૧/૨૯/૪૩–૪૭; લિંગપુરાણ, ૧/૩૯/૫૭–૬૦; મત્સ્યપુરાણ,૧૪૪/૧૦–૧૩
૨૭. ભવિષ્યપુરાણ, બ્રાહ્મપર્વ, ૩૮/૩૦
૨૮. વિષ્ણુપુરાણ, વાયુપુરાણ તથા બ્રહ્માંડપુરાણનાં શાખા–પ્રકરણો
૨૯. પદ્મપુરાણ, ૬/૨૫૫/૩૦
૩૦. સ્કંદપુરાણ, નાગરખંડ, ૧૬૫/૩૩
૩૧. તંત્રવાર્તિક, ચોખમ્બા સંસ્કરણ, પૃ. ૧૭૨
૩૨. વામનપુરાણ, ૨૪/૩૩; ભવિષ્યપુરાણ, બ્રાહ્મપર્વ, ૧૯/૧૨ વગેરે
૩૩. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૪/૧
૩૪. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૧૯/૩૮
૩૫. હરિવંશપુરાણ, ૧/૧૩/૨૧ પરની ટીકા
૩૬. વરાહપુરાણ, ૩૯/૫૨
૩૭. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૬/૬૦
૩૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૬/૬૨
૩૯. વિષ્ણુપુરાણ, ૧/૫/૫૨ પરની ટીકા
૪૦. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૨/૩૭
૪૧. વિષ્ણુપુરાણ, ૧/૫/૫૨; કૂર્મપુરાણ, ૧/૫/૫૭; બ્રહ્માંડપુરાણ, ૧/૮/૫૦; લિંગપુરાણ, ૧/૭૦/૨૪૩;
૪૨. વાયુપુરાણ, ૫૭/૧૨૫; મત્સ્યપુરાણ, ૧૪૩/૪૨; બ્રહ્માંડપુરાણ, ૧/૩૦/૪૮
૪૩. તંત્રવાર્તિક, ૧/૩/૧૧
૪૪. વિષ્ણુપુરાણ, ૧/૫/૫૨; કૂર્મપુરાણ, ૧/૫/૫૭; શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૨/૩૭
૪૫. અગ્નિપુરાણ, ૧૫૦/૨૪; કૂર્મપુરાણ, ૧/૫૨/૨૭; બ્રહ્માંડપુરાણ, ૧/૩૪/૧૮; વાયુપુરાણ, ૬૦/૧૮
૪૬. કૂર્મપુરાણ, ૧/૫૨/૧૮; વિષ્ણુપુરાણ ૩/૪/૧૩; બ્રહ્માંડપુરાણ ૧/૩૪/૨૨–૨૪, વાયુપુરાણ ૬૦/૨૨–૨૩
૪૭. વાયુપુરાણ ૨૬/૨૦
૪૮. અગ્નિપુરાણ, ૧૫૦/૨૪; વિષ્ણુપુરાણ ૩/૪/૧૨; કૂર્મપુરાણ ૧/૫૨/૧૭, વાયુપુરાણ, ૬૦/૧૮૭; બ્રહ્માંડપુરાણ ૧/૩૪/૧૮
૪૯. ઐતરેયબ્રાહ્મણ ૫/૩૩

૫૦. મનુસ્મૃતિ, ૪/૧૨૮
૫૧. બ્રહ્મપુરાણ, ૨૧૩/૧૪–૧૯; બ્રહ્માંડપુરાણ, ૨/૭૨/૨૪–૩૦; શ્રીમદ્–ભાગવતપુરાણ, ૯/૭/૨૨–૨૩, ૪/૫/૧૪–૧૫, ૯/૧/૧૫–૧૭, ૯/૬/૩૫–૩૬, ૧૦/૭૫/૮, ૧૦/૭૫/૧૯, ૧૧/૧૮/૭–૮
૫૨. શિવપુરાણ, ૭/૧૨૫/૯/૬૦; વિષ્ણુપુરાણ, ૧/૫/૫૩; કૂર્મપુરાણ, ૧/૭/૫૮; બ્રહ્માંડપુરાણ, ૧/૮/૫૧,
૫૩. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૩/૧૨/૧૮
૫૪. કોદંડમંડન, ૧/૩, પૃ. ૪૮
૫૫. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૬/૫૩
૫૬. સામવેદભાષ્યભૂમિકા, ટિપ્પણી–૧, પૃ. ૯૦
૫૭. મહાભારત, હરિવંશ, ૧/૪૧/૧૪૧ પરની ટીકા
૫૮. વિષ્ણુપુરાણ, ૧/૫/૫૨–૫૫; લિંગપુરાણ, ૧/૭૦/૨૪૩–૨૪૬; બ્રહ્માંડપુરાણ, ૧/૮/૫૦–૫૩; વાયુપુરાણ, ૯/૪૮–૫૨; પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, ૩/૧૦૨–૬; શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૩/૧૨/૩૬–૩૭; ભવિષ્યપુરાણ, બ્રાહ્મપર્વ, ૨/૫૨–૫૫
૫૯. વિષ્ણુપુરાણ, ૩/૪/૧૩; વાયુપુરાણ, ૬૦/૨૦; બ્રહ્માંડપુરાણ, ૧/૩૪/૨૦; કૂર્મપુરાણ, ૧/૫૨/૧૮
૬૦. સામવેદીય લાટ્યાયનશ્રોતસૂત્ર, ૧/૩/૩, ૧/૪/૧૭; દ્રાહ્યાયનશ્રોતસૂત્ર ૧/૪/૧૭, ૯/૩/૧૫; ગોભિલગૃહ્યસૂત્ર, ૩/૧૦–૬
૬૧. મીમાંસા, ૨/૧/૩૬
૬૨. શાબરભાષ્ય પૃ. ૧૮૯ બિબ્લ્યોગ્રાફીકલ ઇન્ડિકા સંસ્કરણ
૬૩. પ્રભાસક્ષેત્રમાહાત્મ્ય, ૨/૨૬–૨૭
૬૪. સામશ્રમી, સાયણભાષ્ય ભૂમિકા, પૃ. ૧૪, ટિપ્પણી. ૪નો હિન્દી અનુવાદ
૬૫. કૂર્મપુરાણ, ૧/૪૨/૧૨–૧૩
૬૬. મત્સ્યપુરાણ, ૮૫/૫; નારદપુરાણ, ૧/૧૨૫/૪૪; બ્રહ્મવૈવર્તપુરાણ, ૩/૩/૨૪, ૪/૭૭/૨; વરાહપુરાણ, ૧૧૩/૫૨; સ્કંદપુરાણ, નાગરખંડ, ૧૬૮/૪૮
૬૭. શતપથબ્રાહ્મણ, ૧૨/૮/૩/૨૩ઃ ગોપથબ્રાહ્મણ, ૨/૫/૩
૬૮. બ્રહ્માંડપુરાણ, ૨/૧૫/૬૮ઃ વાયુપુરાણ, ૭૯/૯૫
૬૯. અગ્નિપુરાણ, ૧૫૦/૨૫; વિષ્ણુપુરાણ, ૩/૪/૧૨; બ્રહ્માંડપુરાણ, ૧/૩૪/૧૮; વાયુપુરાણ, ૬૦/૧૮; કૂર્મપુરાણ, ૧/૫૨/૧૭

૭૦. વિષ્ણુપુરાણ, ૨/૫/૫૪; શિવપુરાણ, ૭/૧૨/૬૦–૬૧; બ્રહ્માંડપુરાણ, ૧/૮/૫૨
૭૧. ચરણવ્યૂહ, પૃ. ૪૮
૭૨. નાટ્યશાસ્ત્ર, ૧/૧૭–૧૮
૭૩. શ્રાદ્ધપ્રકરણ, કલ્પતરુ, પૃ. ૫૮ તથા સ્મૃતિમુક્તાફલ, પૃ. ૩૬૫
૭૪. સ્કંદપુરાણ, પ્રભાસખંડ, ૩/૨૭; વાયુપુરાણ, ૬૧/૪૯;
૭૫. ભવિષ્યપુરાણ, બ્રાહ્મપર્વ, ૧૮/૧૨
૭૬. સ્કંદપુરાણ, નાગરખંડ, ૬૦/૨–૩; બ્રહ્માંડપુરાણ, ૨/૧૨/૧; અગ્નિપુરાણ, ૧/૫ અને વિષ્ણુપુરાણ, ૬/૫/૬૫
૭૭. આપસ્તંબધર્મસૂત્ર, ૨/૧૧૨૯/૧૨ પરની ઉજ્જ્વલા ટીકા
૭૮. છાંદોગ્યોપનિષદ, ૩/૪/૩ પરનું શાંકરભાષ્ય
૭૯. અથર્વવેદભાષ્યભૂમિકા, ત્રયીપરિચય, પૃ. ૧૨૧–૧૨૨
૮૦. વરાહપુરાણ, ૩૯/૫૪
૮૧. મુંડકોપનિષદ, ૧/૧/૧ પરના શાંકરભાષ્યની નારાયણકંત ટીકા
૮૨. 'अथर्वा चोत्तरेऽजपत्' સ્કંદપુરાણ, પ્રભાસખંડ, ૨૩/૧૧૫; મત્સ્યપુરાણ, ૨૬૫/૨૯
૮૩. સ્કંદપુરાણ, નાગરખંડ, ૨૦૧/૧૩–૧૮
૮૪. વાયુપુરાણ, ૬૫/૨૭; બ્રહ્માંડપુરાણ, ૨/૧/૨૬
૮૫. મુંડકોપનિષદ, ૧/૧/૫ પરની દીપિકા ટીકા
૮૬. અથર્વવેદભાષ્યભૂમિકા, ત્રયીપરિચય, પૃ. ૧૨૨
૮૭. 'ब्रह्मत्वं चाप्यथर्वभिः' અગ્નિપુરાણ, ૧૫૦/૨૫; વિષ્ણુપુરાણ, ૩/૪/૧૨; બ્રહ્માંડપુરાણ, ૧/૩૪/૧૮
૮૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૨/૩૭ પરની શ્રીધરી ટીકા
૮૯. વાયુપુરાણ, ૬૫/૨૭; બ્રહ્માંડપુરાણ, ૨/૧/૨૬
૯૦. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૪/૨૨ પરની શ્રીધરી ટીકા
૯૧. શ્રીમદ્ભાગવતપુરાણ, ૬/૬/૧૯, ૧/૪/૨૨; ગરુડપુરાણ, ૧/૯૪/૨૭
૯૨. સ્કંદપુરાણ, નાગરખંડ, ૬૦/૨–૩, ૧૭૦/૧–૨; વામનપુરાણ, ૫૧/૧૫
૯૩. હરિવંશપુરાણ, ૧/૩/૬૫ પરની નીલકંઠ ટીકા
૯૪. લિંગપુરાણ, ૧/૨૬/૨૬
૯૫. છાંદોગ્યોપનિષદ, ૩/૪/૩ પરનું ભાષ્ય
૯૬. વાયુપુરાણ, ૬૧/૫૪–૫૫; બ્રહ્માંડપુરાણ, ૧/૩૫/૬૧–૬૨; વિષ્ણુપુરાણ, ૩/૬/૧૪

૯૭. મનુસ્મૃતિ, ૧૧/૩૩ પરની મેધાતિથિની વ્યાખ્યા
૯૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૩/૨૧, ૧/૪/૨૩–૨૪, ૨/૭/૩૬
૯૯. લિંગપુરાણ, ૧/૩૯/૫૫–૬૧ પરની શિવતોષિણી ટીકા
૧૦૦. વાયુપુરાણ, ૧/૮૦, ૬૧/૭૭; બ્રહ્માંડપુરાણ, ૧/૧/૧૫૪; પદ્મપુરાણ, ૫/૨/૪૩
૧૦૧. વાયુપુરાણ, ૬૧/૭૪; બ્રહ્માંડપુરાણ, ૧/૩૫/૮૩; વિષ્ણુપુરાણ, ૩/૬/૩૧
૧૦૨. વિષ્ણુપુરાણ, ૩/૩/૧૧–૧૯; બ્રહ્માંડપુરાણ, ૧/૩૫; લિંગપુરાણ, ૧/૭
૧૦૨–ક. દર્શનીય –પરિશિષ્ટ – ૧ના ચાર્ટ્સ
૧૦૩. 'वेदास्ते शाखिनोऽभवन्' શ્રીમદ્ભાગવવતપુરાણ, ૧/૪/૨૩
'वेदद्रुमं विटपशो विभजिष्यति स्म' શ્રીમદ્ભાગવવતપુરાણ, ૨/૭/૩૬
'सामवेदात्तरोः शाखाः' વિષ્ણુપુરાણ, ૩/૬/૯; અગ્નિપુરાણ, ૧૫૦/૨૮
'यजुर्वेदतरोः शाखाः' વિષ્ણુપુરાણ, ૩/૫/૧; અગ્નિપુરાણ, ૧૫૦/૨૭
'चतुर्धा तु ततो जातं वेद पादपकाननम्' વિષ્ણુપુરાણ, ૩/૪/૧૫
૧૦૪. વિષ્ણુ.૩/૬/૩૨, વાયુ.૬૧/૭૫, બ્રહ્માંડ.૧/૩૫/૮૪
૧૦૫. સંસ્કારપ્રકાશ, પૃ. ૫૦૪
૧૦૬. શ્રીમદ્ભાગવતપુરાણ(૧૨/૬–૭ અ.)માં પ્રાપ્ત થતાં શાખા–પ્રશાખા વિષયક વિવરણ માટે, જૂઓ પરિશિષ્ટ
૧૦૭. બ્રહ્માંડપુરાણ, ૧/૩૫/૮૩; વાયુપુરાણ, ૬૧/૭૩–૭૪; વિષ્ણુપુરાણ, ૩/૬/૩૧
૧૦૮. 'इति श्रीदेवीपुराणे वेदोत्पत्तिस्मरणीयचरणव्यूहसमाप्तिर्नाम सप्ताधिकशततमोऽध्यायः ।'
૧૦૯. હેમાદ્રી, ચતુવર્ગચિંતામણિ, શ્રાદ્ધપ્રકરણ, પૃ.૭૫૯
૧૧૦. ગોભિલસ્મૃતિ, ૧/૩૫
૧૧૧. સ્મૃતિચંદ્રિકા, ભાગ–૧, પૃ.૧૩૯
૧૧૨. નિરુકત, ૧૦/૫ પરની ટીકા
૧૧૩. 'प्रतिशाखास्तु शाखायास्तस्यास्तं जगृहुमुने ।' વિષ્ણુપુરાણ,૩/૪/૧૮
૧૧૪. વિષ્ણુપુરાણ પરની શ્રીધરીટીકા, પૃ.૯૦
૧૧૫. સાતવળેકર, 'ઋગ્વેદીય શાખા–પ્રશાખા', પૃ.૫–૭
૧૧૬. કૂર્મપુરાણ, ૧/૫૨/૧૯–૨૦
૧૧૭. ઐતરેયાલોચન, પૃ.૧૩૨
૧૧૮. બ્રહ્મસૂત્ર, ૧/૧/૧૮ પરનું ભાષ્ય
૧૧૯. વાકયપદીય, ૧/૬ પરની શ્રીહરિકૃત ટીકા
૧૨૦. શાંખાયનશ્રૌતસૂત્રભાષ્ય, ૧/૧૭/૧૮

૧૨૧. ચરણવ્યૂહટીકા, પૃ.૨–૩; મહિદાસકૃત ટીકા, પૃ.૩

૧૨૨. હિન્દી અનુવાદ સહિત સંસ્કરણ, ગીતાપ્રેસ અને કેવળ મૂળ શ્લોકાત્મક સંસ્કરણ, વિક્રમ સંવત્ – ૨૦૨૮

૧૨૩. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૬/૫૫ પરની ચરણવ્યૂહટીકા, પૃ.૩

૧૨૪. ચરણવ્યૂહટીકા, પૃ.૧૫

૧૨૫. 'माण्डूकायनाः' ચરણવ્યૂહટીકા, પૃ.૧૩

૧૨૬. 'बास्कलिश्चापरास्तिस्रः संहिताः कृतवान् द्विज ।।' વિષ્ણુપુરાણ, ૩/૪/૨૫

૧૨૭. 'चतुर्धा स विभेदाथ बास्कलिर्द्विज! संहिताम् ।
बौध्यादिभ्यो ददौ तास्तु शिष्येभ्यः स महामुनिः ।।
बौध्याग्निमाठरौ तद्वद् याज्ञवल्क्यपराशरौ ।।' વિષ્ણુપુરાણ, ૩/૪/૧૭–૧૮

૧૨૮. અષ્ટાધ્યાયી, ૪/૧/૧૭

૧૨૯. સામશ્રમી, વૈદિક વાઙ્મયનો ઇતિહાસ, ભાગ–૧, પૃ.૨૩૦–૩૧

૧૩૦. સામશ્રમી, વૈદિક વાઙ્મયનો ઇતિહાસ, ભાગ–૧, પૃ.૧૯૭

૧૩૧. વૈદિક વાઙ્મયનો ઇતિહાસ, ભાગ–૧, પૃ.૧૯૮

૧૩૨. મૈત્રાયણિસંહિતા, ભૂમિકા, પૃ.૬, સ્વાધ્યાયમંડળ સંસ્કરણ

૧૩૩. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૬/૭૪; વાયુપુરાણ, ૬૧/૨૬; બ્રહ્માંડપુરાણ, ૧/૩૫/૩૦ તથા વિષ્ણુપુરાણ, ૩/૫/૨૯

૧૩૪. વાયુપુરાણ, ૬૧/૫ તથા બ્રહ્માંડપુરાણ, ૧/૩૫/૮

૧૩૫. સામશ્રમી, વૈદિકવાઙ્મયનો ઇતિહાસ, ભાગ–૧, પૃ.૩૦૭

૧૩૬. વૈદિકવાઙ્મયનો ઇતિહાસ, ભાગ–૧, પૃ.૩૦૮–૧૦

૧૩૭. 'अथर्वाय ज्येष्ठाय प्राह ।' મુંડકોપનિષદ, ૧/૧/૧

૧૩૮. વાયુપુરાણ, ૬૧/૨૮; અગ્નિપુરાણ, ૧૫૦/૨૯; બ્રહ્માંડપુરાણ,૧/૩૫/૩૨

૧૩૯. વૈદિક વાઙ્મયનો ઇતિહાસ, ભાગ–૧, પૃ.૩૦૮

૧૪૦. 'शेषा आवन्त्य उक्तवान्' શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૨/૬/૮૦

૧૪૧. સામશ્રમી, વૈદિકવાઙ્મયનો ઇતિહાસ, ભાગ–૧, પૃ.૩૦૯

૧૪૨. એજન, પૃ. ૩૦૯

૧૪૩. એજન, પૃ. ૩૩૪

૧૪૪. Adyar Library Bulletin Vol. XXV, Parts I, pp. 4

૧૪૫. મહભારત, આદિપર્વ, ૫/૧૦

૧૪૬. લિંગપુરાણ, ૧/૩૯/૫૭–૬૦; કૂર્મપુરાણ, ૧/૨૯/૪૩–૪૭; બ્રહ્માંડપુરાણ, ૧/૩૨; વાયુપુરાણ, ૫૯/૧૦

૧૪૭. શતપથબ્રાહ્મણ, ૩/૩/૪/૧૭ પરનું સાયણ ભાષ્ય

૧૪૮. નિરુક્ત, ૨/૧૧

૧૪૯. મત્સ્યપુરાણ ઉપરાંત વાયુપુરાણ, ૫૯/૫૬ અને બ્રહ્માંડપુરાણ, ૧/૩૨/૬૧માં પણ આ વિધાન મળે છે.

૧૫૦. મત્સ્યપુરાણ, ૧૪૨/૪૩–૪૭; વાયુપુરાણ, ૫૭/૪૨–૪૬; બ્રહ્માંડપુરાણ, ૧/૨૯/૪૭–૫૧

૧૫૧. મત્સ્યપુરાણ, ૧૪૨/૪૧; વાયુપુરાણ, ૫૭/૪૦; બ્રહ્માંડપુરાણ, ૧/૨૯/૪૪–૪૫

૧૫૨. વાયુપુરાણ, ૫૧/૪૧ તથા બ્રહ્માંડપુરાણ, ૧/૨૯/૪૫, ૪૬, ૫૧

૧૫૩. 'एवं मन्त्रगुणानां तु समुत्पत्तिश्चतुर्विधम् ।
अथर्वऋग्यजुःयाम्नां वेदेष्विह पृथक् पृथक् ।।' મત્સ્યપુરાણ, ૧૪૫/૬૧–૬૨

૧૫૪. વિષ્ણુપુરાણ, ૧/૫/૫૨–૫૫; વાયુપુરાણ, ૯/૪૮–૫૨; બ્રહ્માંડપુરાણ, ૧/૮/૫૦–૫૩

૧૫૫. મુંડકોપનિષદ, ૨/૧/૧૬ પરનું શાંકરભાષ્ય

૧૫૬. સાયણકૃત સામભાષ્ય, ભૂમિકા પૃ. ૬૯, ચૌખંબા સંસ્કરણ

૧૫૭. મંત્રબ્રાહ્મણ, તૃતીય પ્રપાઠક, ખંડ ૧૩

૧૫૮. સાયણભાષ્ય, ભૂમિકા, પૃ. ૧૩, ટિપ્પણી–૩

૧૫૯. મીમાંસાસૂત્ર, ૭/૨/૧ પરનું શંબરભાષ્ય

૧૬૦. 'કૌથુમશાખી ગ્રામગેયગાન', નારાયણસ્વામી દીક્ષિત, પ્રથમ સંસ્કરણ–વિક્રમ સંવત્ ૧૯૯૯, સ્વાધ્યાય મંડળ પ્રકાશન

૧૬૧. યાજ્ઞવલ્કયસ્મૃતિ, ૧/૧૦૧

૧૬૨. 'द्रव्यस्तोत्रं गुणस्तोत्रं कमष्स्तोत्रं तथैव च ।
चतुर्थमाभिजनिकं स्तोत्रमेतच्चतुर्विधम् ।।' વાયુપુરાણ, ૫૯/૫૮

૧૬૩. ભવિષ્યપુરાણ, ૨/૨/૧૯, ૧૧૭

૧૬૪. બ્રહ્મપુરાણ, ૧૬૧/૪૧–૫૦; શ્રીમદ્ભાગવતપુરાણ,૨/૫/૩૫–૪૨, ૨/૬/૧૫–૩૦; પદ્મપુરાણ, ૫/૪/૧૧૬–૧૨૪ અને ૬/૨૫૪/૬૨–૮૩

૧૬૫. વિષ્ણુપુરાણ, ૧/૨/૧૬; બ્રહ્મપુરાણ, ૨૩૩/૬૩–૬૫; પદ્મપુરાણ,૬/૨૫૫/૫૭

૧૬૬. કૂર્મપુરાણ,૨/૧૮/૬૬–૬૮; નારદપુરાણ, ૧/૧૪/૩૧, ૧/૨૦/૩૬; લિંગપુરાણ, ૧/૨૫/૨૦ અને અગ્નિપુરાણ, ૧૭૫/૨૭

૧૬૭. લિંગપુરાણ, ૧/૨૭/૪૩

૧૬૮. ઋગ્વેદ, ૧/૪૩૪, ૧/૧૪૪, ૨/૨૩, ૭/૪૬

૧૬૯. 'मनवे ह वै प्रातः................मत्स्य पाणी आपेदे । स ह अस्मै वाचमुवाच-
बिभृहि मा पारयिष्यामि त्वेति । कस्मान्मां पारयिष्यसीति ? ओघः इमाः सर्वाः प्रजाः
निर्वोढा । ततस्त्वां पारयिष्यामीति ।' શતપથબ્રાહ્મણ, ૧/૮/૧/૧

૧૭૦. 'स यत् कूर्मो नाम एतद् वै रूपं कृत्वा प्रजापतिः प्रजा असृजत ।
શતપથબ્રાહ્મણ, ૭/૫/૧/૫

૧૭૧. 'विलोक्य विघ्नेश विधिं तदेश्वरो दुरन्तवीर्योऽवितथाभिसन्धिः ।
कृत्वा वपुः काच्छामद्भुतं महत् प्रविश्य तोयं गिरिमुज्जहारः ।।'
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૭/૮

૧૭૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, અ. ૨/૭ તથા અ. ૩/૧૩

૧૭૩. ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ, 'पुराणम्', પૃ.૧૯૯–૨૩૬, વર્ષ–૫, ભાગ–૨, જુલાઈ–૧૯૬૩, રામનગર, વારાણસી

૧૭૪. ઋગ્વેદ, ૧૦/૯૯/૬.

૧૭૫. તૈત્તિરીયસંહિતા, ૭/૧/૫/૧.

૧૭૬. તૈત્તિરીયબ્રાહ્મણ, ૧/૧/૩.

૧૭૭. વાયુપુરાણ, ૨૩/૧૦૦–૧૦૯.

૧૭૮. મત્સ્યપુરાણ, ૪૭/૪૭ તથા અ. ૨૪૭–૨૪૯; શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧/૩/૭, ૨/૭/૧ તથા તૃતીય સ્કંધ, અ. ૧૩–૧૯; લિંગપુરાણ, ૧/૯૪; વાયુપુરાણ, ૯૭/૭; હરિવંશપુરાણ, ૧/૪૧; પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ. ૧૬૯ તથા ૨૩૭.

૧૭૯. મહાભારત, વનપર્વ, ૮૧/૧૫; પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ. ૧૪૦.

૧૮૦. વરાહપુરાણ, અધ્યાય–૧૪૦.

૧૮૧. મહાભારત, શાંતિપર્વ, ૩૩૩/૧૨–૧૭.

૧૮૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૩/૧૩/૧૪–૧૫.

૧૮૩. એજન, ૩/૧૩/૧૭.

૧૮૪. એજન, ૩/૧૩/૧૮–૩૩.

૧૮૫. એજન, ૩/૧૩/૪૬.

૧૮૬. એજન, ૩/૧૩/૪૭.

૧૮૭. મત્સ્યપુરાણ, ૨૪૭/૫–૬.

૧૮૮. એજન, ૨૪૭/૮.

૧૮૯. એજન, ૨૪૭/૯.

૧૯૦. એજન, ૨૪૮/૧.

૧૯૧. એજન, ૨૪૮/૫–૯.

૧૯૨. એજન, ૨૪૮/૧૨–૫૬.

૧૯૩. ‘‘अब्रवीच्च महादेवि माधवीयं स्तवोत्तमम् ।
धारयिष्यति यो मर्त्यो नास्ति तस्य पराभवः ।।
मा भैर्धरणि कल्याणि शान्तिं व्रज ममाग्रतः ।
एष त्वामुचितं स्थानं प्रापयामि मनीषितम् ।।’’

મત્સ્યપુરાણ, ૨૪૮/૫૭ તથા ૬૧.

૧૯૪. એજન, ૨૪૮/૬૨.

૧૯૫. એજન, ૨૪૮/૬૩–૭૬.

૧૯૬. એજન, ૨૪૮/૭૭.

૧૯૭. ‘पुराण विमर्श’, पृ १८२

૧૯૮. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અ. ૭૫.

૧૯૯. શ્રીમદ્‌ભાગવતપુરાણ,અ.૭/૮; અગ્નિપુરાણ, ૪/૩–૫, ૨૭૬/૧૦, ૨૭૬/૧૩

૨૦૦. ‘‘वज्रनखाय विद्महे तीक्ष्णदंष्ट्राय धीमहि तन्नो नारसिंहः प्रचोदयात् ।’’

તૈત્તિરીય આરણ્યક, પ્રપાઠક–૧૦, અનુવાક–૧.

૨૦૧. નૃસિંહપુરાણ, ૪૪/૧૬.

૨૦૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૨/૭/૧૪; હરિવંશપુરાણ, ૧/૪૧ તથા ૩૯/૭૧; લિંગપુરાણ, ૧/૯૪; મત્સ્યપુરાણ, ૪૭/૪૬; તથા પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ. ૨૩૮ અગ્નિપુરાણ, ૪/૩–૫, ૨૭૬/૧૦, ૨૭૬/૧૩ વગેરે.

૨૦૩. હરિવંશપુરાણ, ૩/૪૧–૪૭; મત્સ્યપુરાણ, ૧૬૧–૧૬૪; બ્રહ્માંડપુરાણ, ૩/૫ તથા વાયુપુરાણ, ૩૮/૬૬ વગેરે.

૨૦૪. બ્રહ્મપુરાણ, અ. ૧૪૯.

૨૦૫. લિંગપુરાણ, ૧/૯૫.

૨૦૬. શ્રીમદ્‌ભાગવતપુરાણ, સ્કંધ–૩, અધ્યાય– ૧૭ થી ૧૯.

૨૦૭. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૩/૧૭/૨૦.

૨૦૮.‘पुरा कृतयुगे विप्रा हिरण्यकशिपुः प्रभुः ।
दैत्यानामादिपुरुषश्चकार स महत्तपः ।।’ મત્સ્યપુરાણ, ૧૬૧/૨.

૨૦૯. ‘इन्द्रत्वमकरोद्दैत्यः स चासीत्सविता स्वयम् ।

વિષ્ણુપુરાણ, ૧/૧૭/૩; વાયુપુરાણ, ૯૭/૮૭–૯૧.

૨૧૦. નારદપુરાણ, પૂર્વ. અ. ૨૧.
૨૧૧. ''दितिः पुत्रद्वयं लेभे कश्यपादिति नः श्रुतम् ।।
हिरण्यकशिपुं चैव हिरण्याक्षं तथैव च ।'' મત્સ્યપુરાણ, ૬/૭–૮
૨૧૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૧/૩૫–૩૯.
૨૧૩. એજન, ૭/૨/૧–૯.
૨૧૪. ઋગ્વેદ, ૨/૧૪/૬ તથા ૭/૯૯/૫.
૨૧૫. મત્સ્યપુરાણ, ૧૬૧/૧૧–૧૫.
૨૧૬. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૩/૩૫–૩૮
૨૧૭. મહાભારત, શલ્યપર્વ, ૪૨/૨૯–૩૨.
૨૧૮. ઋગ્વેદ, ૮/૧૪/૧૩.
૨૧૯. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અ. ૬૯.
૨૨૦. મહાભારત, આદિપર્વ, ૫૯/૨૨.
૨૨૧. મત્સ્યપુરાણ, ૬/૨૫–૨૮.
૨૨૨. ''पौराणिक नृसिंह अवतार की कल्पना का मूल, इंद्र एवं नमुचि के युद्ध में ही है ।'' म.म. सिद्धेश्वर शास्त्री चित्राव, 'प्राचीन चरित्रकोश', पृ. ३४५.
૨૨૩. વિષ્ણુપુરાણ, ૧/૨૦/૩૨
૨૨૪. ''चतुर्दशं नारसिंहं बिभ्रद्दैत्येन्द्रमूर्जितम् ।
ददार करजैर्वक्षस्येरकां कटकृद्यथा ।।''શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧/૩/૧૮.
૨૨૫. દેવીભાગવતપુરાણ, ૪/૧૬.
૨૨૬. ઋગ્વેદ, ૧/૨૨/૧૭.
૨૨૭. 'त्रीणि पदा विचक्रमे विष्णुर्गोपा अदाभ्यः अतो धर्माणि धारयन् ।'
ઋગ્વેદ, ૧/૨૨/૧૮
૨૨૮. 'प्राचीन चरित्रकोश', पृ ८२५
૨૨૯. નિરુક્ત, ૧૨/૧૯.
૨૩૦. તૈત્તિરીયસંહિતા, ૨/૪/૧૨/૨.
૨૩૧. એજન, ૨/૧/૩/૩.
૨૩૨. શતપથબ્રાહ્મણ, ૧/૨/૫/૧–૭.
૨૩૩. શ્રીમદ્‌ભાગવતપુરાણ, સ્કંધ ૮, અધ્યાય ૧૭–૨૩.
૨૩૪. વામનપુરાણ,૩૧; સ્કંદપુરાણ,૧/૧/૧૮–૧૯; મત્સ્યપુરાણ,૨૪૪–૨૪૮;

શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૧૫–૨૩; બ્રહ્માંડપુરાણ, ૩/૭ વગેરે.

૨૩૫. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૧૭/૨૫–૨૬.

૨૩૬. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૧૫–૨૩.

૨૩૭. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૧૯/૨–૧૭.

૨૩૮. એજન, ૮/૧૯/૧૮–૨૦.

૨૩૯. એજન, ૮/૧૯/૨૧–૨૭.

૨૪૦. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૨૦/૧૬.

૨૪૧. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૨૧/૨૯.

૨૪૨. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૨૨/૨.

૨૪૩. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૨૩/૩–૫.

૨૪૪. ''एतदेव पुरा पृष्टः कुरुक्षेत्रे तपोधनः ।
शौनकस्तीर्थयात्रायां वामनायतने पुरा ।।
यदा समयभेदित्वं द्रौपद्याः पार्थिवं प्रति ।
अर्जुनेन कृतं तत्र तीर्थयात्रां तदा ययौ ।।
धर्मक्षेत्रे कुरुक्षेत्रे वामनायतने स्थितः ।
दृष्ट्वा स वामनं तत्र अर्जुनो वाक्यमब्रवीत् ।।''

મત્સ્યપુરાણ, ૨૪૪/૩–૫.

૨૪૫. મત્સ્યપુરાણ, અ. ૨૪૪–૨૪૬.

૨૪૬. મત્સ્યપુરાણ, ૨૪૪/૮–૯.

૨૪૭. ''कृतः प्रसादो हि मया तव देवि यथेप्सितः ।
स्वांशेन चैव ते गर्भे संभविष्यामि कश्यपात् ।।
तव गर्भसमुद्भूतस्ततस्ते ये सुरारयः ।
तानहं निहनिष्यामि निवृत्त भव नन्दिनी ।।'' એજન, ૨૪૪/૪૧–૪૨.

૨૪૮. 'यतो यतोऽदितिर्याति ददाति ललितं पदम् ।
ततस्ततः क्षितिः खेदान्ननाम वसुधाधिप ।।
दैत्यानामथ सर्वेषां गर्भस्थे मधुसूदने ।
बभूव तेजसां हानिर्यथोक्तं परमेष्ठिना ।।' મત્સ્યપુરાણ, ૨૪૪/૫૧–૫૨.

૨૪૯. એજન, ૨૪૫/૮૩.

૨૫૦. એજન, ૨૪૬/૩૬.

૨૫૧. એજન, ૨૪૬/૪૫–૪૬.

૨૫૨. એજન, ૨૪૬/૪૮.

૨૫૩. 'त्रिभिः प्रयोजनं किं ते पादैः पदवतां वर ।
 शतं शतसहस्राणां पदानां मार्गतां भवान् ।।' એજન, ૨૪૬/૪૯.

૨૫૪. 'धर्मबुद्ध्या दैत्यपते कृतकृत्योऽस्मि तावता ।
 अन्येषामर्थिनां वित्तमिहितं दास्यते भवान् ।।'' એજન, ૨૪૬/૫૦.

૨૫૫. એજન, ૨૪૬/૬૭–૭૦.

૨૫૬. 'प्राचीन चरित्रकोश', पृ ५००

૨૫૭. વાલ્મીકિ રામાયણ, ઉત્તરકાંડ, સર્ગ–૧.

૨૫૮. મહાભારત, શાંતિપર્વ, ૨૧૬/૨૧૮.

૨૫૯. મહાભારત, સભાપર્વ, ૯/૧૨.

૨૬૦. યોગવાસિષ્ઠ, ૫/૨૨/૨૯.

૨૬૧. સ્કંદપુરાણ, ૭/૨/૧૩.

૨૬૨. એજન, ૧/૧/૧૮.

૨૬૩. ભવિષ્યોત્તરપુરાણ, ૧૪૦/૫૪; પદ્મપુરાણ, ઉ. ૧૩૪/૫૩.

૨૬૪. દેવીભાગવત, ૯/૪૫.

૨૬૫. મહાભારત, અનુશાસનપર્વ, ૯૦/૨૦.

૨૬૬. મહાભારત, શાંતિપર્વ, અ. ૨૧૬.

૨૬૭. મહાભારત, વનપર્વ, અ. ૨૯.

૨૬૮. મહાભારત, અનુશાસનપર્વ, અ. ૯૮.

૨૬૯. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૨૦/૧૭ તથા મત્સ્યપુરાણ, ૧૮૭/૪૦.

૨૭૦. શ્રીમદ્ભાગવતપુરાણ, ૬/૧૮/૧૭ તથા વિષ્ણુપુરાણ, ૧/૨૧/૨.

૨૭૧. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૦/૬૩/૨૦.

૨૭૨. વાયુપુરાણ, ૬૭/૮૨–૮૩.

૨૭૩. મહાભારત, આદિપર્વ, ૫૯/૨૦

૨૭૪. વાયુપુરાણ, ૬૭/૮૨–૮૩ તથા બ્રહ્માંડપુરાણ, ૩/૫/૪૨–૪૪.

૨૭૫. શ્રીમદ્ભાગવતપુરાણ, ૬/૧૮/૧૬ તથા ૬/૮/૧૩.

૨૭૬. વામનપુરાણ, ૨૩/૭૭.

૨૭૭. સ્કંદપુરાણ, ૧/૧/૧૮.

૨૭૮. ઋગ્વેદ, ૧૦/૯૦; શતપથબ્રાહ્મણ, ૩/૩/૪/૧૮; તૈતિરીયબ્રાહ્મણ, ૧/૧૨/૪; ષડ્વિંશબ્રાહ્મણ,૧/૧ તથા લાટયાયન શ્રૌતસૂત્ર, ૧/૩/૧

२७९. 'आदित्योऽत्र जार उच्यते रात्रेर्जरयिता। निरुक्त, ३/३/४

२८०. 'कुर्वता तपसो विघ्नं गौतमस्य महात्मनः ।

क्रोधमुत्पाद्य हि मया सुरकार्यमिदं कृतम् ।।

अफलोऽस्मि कृतस्तेन क्रोधत्मा च निराकृतः ।

शापमोक्षेण महता तपोऽस्यापहृतं मया ।।

तन्मां सुरवराः सर्वे ऋषिसंघाः सचारणाः ।

सुरकार्यकरं यूयं सफलं कर्तुमर्हथः ।।' रामायण, बालकाण्ड, अ. ४६

२८१. 'सोमो राजा प्रथमो ब्रह्मजायां पुनः प्रायच्छदहृणीयमाणः ।' अथर्ववेद, ५/१७/१२

२८२. 'यामाहुस्तारकैषा विकेशीति' अथर्ववेद, ५/१७/४

२८३. 'तेन जायामन्वविन्दत् बृहस्पतिः सामेन नीताम् ।' अथर्ववेद, ५/१७/५

२८४. 'सौमायनो सोमपुत्रो बुधः', ताण्ड्यब्राह्मण, २४/१७/६

२८५. 'स एव हि ददौ भागं परोक्षमसुरान् प्रति ।

यजमानोऽवहद् भागं मातृस्नेहवशानुगः ।।' श्रीमद्भागवतपुराण, ६/९/३

२८६. 'प्रजापतिः स्वां दुहितरमधिष्कन् ।' ऋग्वेद, १०/६१/७

२८७. 'प्रजापति वै स्वां दुहितरमभ्यध्यायत् ।' ऐतरेयब्राह्मण, ३/३३

२८८. 'प्रजापतिः स्वां दुहितरमभिदध्यौ ।' शतपथब्राह्मण, १/७/४/१

२८९. 'पिता दुहितुगर्भमाधात् ।' अथर्ववेद, ८/१०/१२

२९०. 'प्रजापतिर्वा इदमासीत् । तस्य वाक् द्वितीयासीत् । तां मिथुनं समभवत् । सा गर्भमाधत्त ।' ताण्ड्यब्राह्मण, २०/१४/१

२९१. 'तथापि लज्जावनतः प्रजापतिरभूत् पुरा ।

स्वसुतोपगमाद् ब्रह्मा शशाप कुसुमायुधम् ।।' मत्स्यपुराण, ४/११

२९२. मत्स्यपुराण, ४/५

२९३. मत्स्यपुराण, ४/३–४

२९४. मत्स्यपुराण, ४/७–८

२९५. मत्स्यपुराण, ४/१०

२९६. बृहदारण्यक, ३/३; विष्णुपुराण, ६/५/६५; शतपथब्राह्मण, १४/३/४/३

२९७. वराहपुराण, १९१/१३

२९८. वराहपुराण, १९१/१६

# પ્રકરણ– ૫,
# પુરાણોમાં બ્રાહ્મણગ્રંથો સંબંધી માહિતી

## પ્રકરણ–૫, પુરાણોમાં બ્રાહ્મણગ્રંથો સંબંધી માહિતી

મંત્ર–સંહિતાઓના અર્થઘટનમાં સૌથી વધારે મહત્ત્યવ ધરાવતું સાહિત્ય બ્રાહ્મણગ્રંથો છે. 'मन्त्रब्राह्मणात्मको वेदः' મુજબ વેદ મંત્રાત્મક અને બ્રાહ્મણાત્મક છે. 'बृह्'–'વ્યાપીને રહેવું' ધાતુ પરથી 'ब्रह्मन्' શબ્દ નિષ્પન્ન થાય છે અને તેના પરથી 'ब्राह्मण' શબ્દ બને છે. 'ब्रह्मन्' શબ્દના અનેક અર્થો છે અને તદનુસાર 'ब्राह्मण' શબ્દના પણ વિવિધ અર્થો સૂચવાયા છે[૧] :

(૧) ઋગ્વેદમાં આદિ ઉદાત્ત 'ब्रह्मन्' શબ્દ 'स्तुति, प्रार्थना' એ અર્થમાં પ્રયુકત થાય છે અને અન્ત્ય ઉદાત્ત 'ब्रह्मन्' શબ્દનો અર્થ 'પ્રાર્થના કરનાર' એવો થાય છે. સ્તુતિ અને પ્રાર્થના મુખથી થાય, તેથી જ જાણે કે, ઋગ્વેદમાં પુરુષસૂકતમાં 'ब्राह्मणोऽस्य मुखमासीत्' એમ કહ્યું છે. પાછળથી સ્તુતિઓના સમૂહને માટે 'ब्रह्मन्' શબ્દ વપરાવા લાગ્યો અને સ્તુતિઓના સ્વામી/દેવને 'ब्रह्मणस्पति' કે 'बृहस्पति' કહેવામાં આવ્યા. 'ब्रह्मन्' અથવા સ્તુતિઓનો ઉપયોગ યજ્ઞાદિ ક્રિયાઓમાં થવા લાગ્યો. આથી જે સાહિત્યમાં મન્ત્રરૂપાત્મક 'ब्रह्मन्'ના વિવિધ યજ્ઞકર્મમાં વિનિયોગની ચર્ચા–વિચારણા છે, તે સાહિત્ય 'ब्राह्मण' શબ્દથી ઓળખાવા લાગ્યું.

(૨) 'ब्रह्मन्' શબ્દનો એક અર્થ 'યજ્ઞ' થાય છે. આથી યજ્ઞ, તેનાં કર્મો, તેની વ્યાખ્યા, વિધિ, નિષેધ વગેરે દર્શાવનાર ગ્રંથને 'ब्राह्मण' નામ આપવામાં આવ્યું. વાસ્તવમાં બ્રાહ્મણગ્રંથોને યજ્ઞની વિધિનિષેધાત્મક વિવિધ પ્રકારની શાસ્ત્રીય આધિભૌતિક તેમજ આધિદૈવિક ચર્ચાનું સુવ્યવસ્થિત સંકલન પ્રસ્તુત કરતા વિશ્વકોશ કહી શકાય.

(૩) 'ब्रह्मन्' શબ્દનો એક અર્થ 'વેદ' થાય છે. જૈમિનીયોપનિષદ્ બ્રાહ્મણ(૪/૧૧/૪/૩)માં 'वेदो ब्रह्मः' કહ્યું છે. આથી 'ब्रह्मन्' એટલે કે વેદની વ્યખ્યા પ્રસ્તુત કરનારા ગ્રંથો એટલે 'ब्राह्मण' એવો અર્થ પણ ઘટાવી શકાય.

(૪) શતપથબ્રાહ્મણ(૭/૧/૧/૫)માં 'ब्रह्म वै मन्त्रः' નો નિર્દેશ છે. તેથી 'ब्रह्मन्' અર્થાત્ 'મંત્ર' પણ થઈ શકે છે અને 'મંત્રોની વ્યાખ્યા પ્રસ્તુત કરનાર ગ્રંથો, તે 'ब्राह्मण'' એમ પણ કહી શકાય. બ્રાહ્મણગ્રંથો વેદના મંત્રોમાં રહેલા અર્થોને પ્રકાશિત કરે છે.

(૫) આપસ્તંબપરિભાષામાં 'જે કર્મમાં પ્રેરણા આપે, તે બ્રાહ્મણ'–'कर्मचोदना ब्राह्मणानि' કહ્યું છે. આથી 'યજ્ઞ વગેરે કર્મમાં પ્રેરણા આપનાર સાહિત્ય, તે બ્રાહ્મણગ્રંથ'.

(૬) તૈત્તરિયસંહિતા પરના ભાષ્યમાં ભટ્ટ ભાસ્કરે બ્રાહ્મણ શબ્દ યજ્ઞાદિ કર્મ અને તેને લગતા મંત્રોની વ્યાખ્યા આપતા ગ્રંથને માટે છે, એમ સમજાવ્યું છે.[૨]

(૭) 'मन्त्र' શબ્દ મનન પરથી અને 'ब्राह्मण' શબ્દ અભિધાન એટલે કથન પરથી આવ્યો છે. આથી જે મંત્રોનું અભિધાન કરે, જ્ઞાન કરે, સમજાવે, વ્યુત્પત્તિ વગેરે કરે, તે બ્રાહ્મણ. વાયુપુરાણ(૫૯/૧૪૧)માં 'मन्त्रो मन्त्रयतेधातोर्ब्राह्मणे ब्राह्मणोऽणनात्' કહ્યું છે. અહીં 'अणनात्' એટલે 'कथनात्' અર્થાત્, 'જેમાં મન્ત્રોના અર્થાદિનું કથન હોય, તે બ્રાહ્મણ કહેવાય' એવો અર્થ થયો.

(૮) 'ब्राह्मण' શબ્દ જયારે નપુંસકલિંગમાં હોય ત્યારે તેનો અર્થ 'વેદનો એક ભાગ' એમ થાય, એવું મેદિનીકોશમાં કહ્યું છે– 'ब्राह्मणं ब्रह्मसंघाते वेदभागे नपुंसकम्'.

(૯) હરિવંશપુરાણ, ૩/૪૮/૯ પરની ટીકામાં નીલકંઠે 'ब्राह्मणे मन्त्रविवरणरूपे' એમ બ્રાહ્મણને મંત્રવિવરણ કહ્યું છે.

(૧૦) 'ब्राह्मण' શબ્દ 'ગ્રંથ' એવા અર્થમાં પણ છેક સંહિતાકાળથી પ્રયુકત થયો છે. તૈત્તિરીયસંહિતામાં ગ્રંથ એ અર્થમાં 'ब्राह्मण' શબ્દ વપરાયો છે. નિરુકત, શતપથબ્રાહ્મણ, ઐતરેયબ્રાહ્મણ, પાણિનિની અષ્ટાધ્યાયી વગેરેમાં 'ગ્રંથ' એ અર્થમાં 'ब्राह्मण' શબ્દ પ્રયુકત થયો છે.

બ્રાહ્મણ સાહિત્યની પ્રાચીનતા દર્શાવવા આ નિર્દેશો પર્યાપ્ત ગણાય. પ્રાચીનકાળથી જ વિશિષ્ટ સાહિત્ય રૂપે તેની પ્રતિષ્ઠા હતી. વેદમંત્રોની યજ્ઞપરક વ્યાખ્યાઓમાં કે મીમાંસાશાસ્ત્રમાં આ ગ્રંથોનું મહત્ત્યવ સવિશેષ સ્વીકારવામાં આવ્યું છે. વેદમંત્રોના અર્થોનું પરંપરાનુસાર અધ્યયન કરવા ઈચ્છનાર વ્યકિત બ્રાહ્મણ–ગ્રંથોની સહાયતા વિના એક ડગલું પણ આગળ વધી શકે તેમ નથી. તેમાંય ખાસ કરીને યજ્ઞપરક અર્થઘટનમાં બ્રાહ્મણગ્રંથોથી જ અભ્યાસારંભ કરવો પડે, તેવી પરિસ્થિતિ છે. વેદના મંત્રોની વ્યાખ્યા કરનાર સર્વપ્રથમ સાહિત્ય તરીકે બ્રાહ્મણગ્રંથોનું મહત્ત્યવ જેટલું આંકીએ તેટલું ઓછું છે. વેદના મંત્રોના શબ્દોની વ્યુત્પત્તિ, અર્થઘટન, કેટલીકવાર વિવિધ અર્થઘટન, વિનિયોગ, અર્થવાદ વગેરે બ્રાહ્મણ સાહિત્યમાં ઉપલબ્ધ થાય છે. વાસ્તવમાં બ્રાહ્મણગંથના આધાર વિના સ્વતંત્રપણે વેદના મંત્રોના અર્થની પ્રવૃત્તિ પરંપરાની ઘાતક કહેવાય કારણ કે, ભારતીય વેદાર્થઘટનની પરંપરામાં બ્રાહ્મણગંથો સહુપ્રથમ આવે છે.

બ્રાહ્મણગ્રંથો કેવળ વેદના અર્થઘટનના ઈતિહાસમાં જ અગત્યના છે તેવું નથી. તેઓ પ્રાચીન ભારતના ઈતિહાસના અધ્યયનમાં પણ સવિશેષ મહત્ત્યવ ધરાવે છે. તેમાં અનેક રાજાઓનાં નામ, ચરિત્ર વગેરેના નિર્દેશ છે. આમાંથી અનેક રાજાઓના ઉલ્લેખ મહાભારત તથા અનેક પુરાણોમાં પણ પ્રાપ્ત થાય છે. વૈદિક

સાહિત્યથી પરવર્તી સાહિત્યમાં વિપુલ પ્રમાણમાં ખેડાયેલ પુરાકલ્પન કે પુરાણકથા (Mythology)નાં બીજ પણ આ બ્રાહ્મણગ્રંથોમાં છે. યજ્ઞ કે મંત્રની સમજૂતીમાં અનેક નાનીમોટી કથાઓ કે આખ્યાનો બ્રાહ્મણગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. આ કથા કે આખ્યાનોએ પરવર્તી પુરાણોમાં અનેક રીતે સ્થાન પ્રાપ્ત કર્યું છે અથવા તો પુરાણોના રચયિતાઓ માટે એ પ્રેરણાત્મક બની છે.

વેદોને મંત્રબ્રાહ્મણાત્મક માનવાની પ્રવૃત્તિ બહુ જ પ્રાચીન છે.[૩] પુરાણોમાં પણ મોટેભાગે તેનું જ અનુસરણ કરવામાં આવ્યું છે. પુરાણોમાં જ્યાં–જ્યાં 'श्रुति',[૪] 'वैदिकी श्रुति',[૫] 'वेदविद्',[૬] 'वैदिक',[૭] 'वेद',[૮] 'वेदानुशासन'[૯] કે 'वेदवचन'[૧૦] શબ્દથી કોઈ વાક્ય કે વચન પ્રસ્તુત કરવામાં આવ્યું છે, તે મહદંશે બ્રાહ્મણગ્રંથોમાં પણ મળે છે. તેથી પુરાણકારોની દષ્ટિએ બ્રાહ્મણ પણ વેદ જ છે, એમ કહી શકાય. બ્રાહ્મણકાર તથા મંત્રકાર બન્નેની ગણના વૈદિક ઋષિમાં કરવામાં આવી છે. જો કે, 'ब्राह्मण' ને 'मन्त्र' ની અપેક્ષાએ અર્વાચીન પણ કહેવામાં આવ્યાં છે. જેમ કે, બ્રહ્માંડપુરાણ(૧/૩૩/૧૨)માં 'अनुमन्त्रं तु ब्राह्मणम्' કહ્યું છે, જે 'ब्राह्मण' ને મંત્રોના પશ્ચાદભાવી સિદ્ધ કરે છે. 'वेदभाष्यरूपाणि ब्राह्मणानि' જેવું પ્રસિદ્ધ વાક્ય પણ 'ब्राह्मण' ને મંત્ર કરતાં અર્વાચીન સિદ્ધ કરે છે. બ્રહ્મની વ્યાખ્યા બ્રાહ્મણગ્રંથોમાં મળે છે. તેથી 'ब्राह्मण' ની તુલાનામાં મંત્ર વધારે અભ્યર્હિત છે. મંત્ર બ્રાહ્મણાપેક્ષયા પ્રાચીન છે અને પરવર્તી સમયમાં મંત્રોની વ્યાખ્યા માટે જ ઋષિઓએ બ્રાહ્મણગ્રંથોની રચના કરી છે. બ્રહ્માંડપુરાણમાં 'अनुमन्त्रं तु ब्राह्मणम्' કહેવાનું તાત્પર્ય પણ આ જ છે.

બ્રહ્માંડપુરાણ(૧/૩૩/૪૭)માં કહેવામાં આવ્યું છે કે, યજ્ઞતત્ત્વવજ્ઞ ઋષિઓ દ્વારા બ્રાહ્મણગ્રંથોની રચના કરવામાં આવી છે. તેનાથી સિદ્ધ થાય છે કે, બ્રાહ્મણગ્રંથોનો મુખ્ય વિષય યજ્ઞ–વિધાન છે. વસ્તુતઃ મંત્રોની તાત્ત્યિવક વ્યાખ્યા બ્રાહ્મણગ્રંથોમાં ક્યારેક જ જોવા મળે છે. યજ્ઞવિધિ સંબંધી માર્મિક વિચાર કરવો, એ બ્રાહ્મણોનો મુખ્ય વિષય છે. આથી મંત્રોની જેમ જ બ્રાહ્મણની રચના પુરાણાનુમોદિત છે. 'ब्राह्मण' શબ્દની વ્યાખ્યા આપતાં કોઈક સ્થળે, તેના વિષય–વસ્તુની ગણના પણ કરવામાં આવી છે :

'नैरुक्तं यत्र मन्त्रस्य विनियोगः प्रयोजनम् ।
प्रतिष्ठानं विधिश्चैव ब्राह्मणं तदिहोच्यते ।।'

અર્થાત્, 'મંત્રની નિરુક્તિ, વિનિયોગ, પ્રયોજન અથવા હેતુ અને કર્મનું વિધાન એટલે વિધિને બ્રાહ્મણ કહેવાય છે.'

બ્રાહ્મણગ્રંથોના આ ચાર વિષયોમાંથી 'વિધિ' વિશે બ્રહ્માંડપુરાણમાં વિવરણ આપવામાં આવ્યું છે. ત્યાં 'વિધિ'ની ગણના કરવામાં આવી છે :

'हेतुर्निवचनं निन्दा प्रशस्ति संशयो निधिः ।
पुराकृति पुराकल्पो व्यवधारणकल्पना ।
उपमा च दशैवेते विधयः ब्राह्मणस्य तु ।।'[११]

'હેતુ, નિર્વચન, નિંદા, પ્રશસ્તિ, સંશય, નિધિ, પુરાકૃતિ, પુરાકલ્પ, વ્યવધારણકલ્પના અને ઉપમા એ દસ બ્રાહ્મણના વિધિઓ છે.'

બ્રહ્માંડપુરાણનો આ અંશ વાયુપુરાણમાં મળતો નથી, પણ તેમાં આ અંશ હતો એ નિશ્ચિત છે. વાયુપુરાણ(અ.૫૯)નો પાઠ ભ્રષ્ટ થઈ ગયેલો જણાય છે. વાયુપુરાણ(૫૯/૧૩૦)માં 'उपमा चैव देवेशि विधेया ब्राह्मणस्य तु ।' વાકય મળે છે, જે બ્રહ્માંડપુરાણ(૧/૩૩/૪૮)ના શ્લોકને સમાનાર્થ છે. ઉપરાંત, બ્રહ્માંડપુરાણમાં એ સ્થળે વર્ણવાયેલા અન્ય વિષયો વાયુપુરાણના આ અધ્યાયમાં પણ મળે છે.

બ્રહ્માંડપુરાણમાં જે 'ब्राह्मणस्य विधयः' કહેવામાં આવ્યું છે, તે ઉચિત જ છે. કારણ કે, બ્રાહ્મણગ્રંથ વિધિપ્રધાન છે અને બ્રાહ્મણગત અર્થવાદ વિધિને અનુગત જ માનવામાં આવે છે. પારસ્કરગૃહ્યસૂત્ર(૨/૬/૫)માં કહ્યું છે કે, 'વિધ્યાત્મક બ્રાહ્મણથી વિનિયુકત હોવાના કારણે મંત્ર 'વિધેય' કહેવાય છે. આમ, વિધિ જ દસ પ્રકારથી પ્રકાશિત થાય છે. શાબરભાષ્ય અને પુરાણના આ પાઠમાં થોડો તફાવત છે. ભાષ્યમાં 'प्रशस्ति'ના સ્થાને 'प्रशंसा' અને 'निधिः'ના સ્થાને 'विधिः' પાઠ મળે છે. પુરાણના 'पुराकृति'ના સ્થાને ભાષ્યમાં 'परक्रिया' પાઠ છે. પુરાણના 'उपमा च'ના સ્થાને ભાષ્યમાં 'उपमानं' પાઠ છે. આ લક્ષણોનું વિવરણ બ્રહ્માંડપુરાણ(અ.૧/૩૩)માં અને વાયુપુરાણ (અ.૫૯)માં આપવામાં આવ્યું છે.

બ્રાહ્મણગ્રંથનાં આ દસ લક્ષણો બધા જ વેદોની બધી જ શાખાઓના બ્રાહ્મણગ્રંથોમાં મળે છે, તેનાં એ નિયત લક્ષણો છે. પૂર્વમીમાંસાના બધા જ આચાર્યો આ મતનો સ્વીકાર કરે છે. જો કે, પૂર્વમીમાંસામાં કહેલ ઉત્પત્તિવિધિ, વિનિયોગવિધિ વગેરે વિધિ–ભેદ પુરાણોમાં કયાંય પણ કહેલ નથી.

વિધિ–નિષેધપ્રધાન બ્રાહ્મણગ્રંથોમાં મતોનું જ પ્રાધાન્ય છે અને પુરાણોમાં 'इति श्रुतिः' વગેરે કહીને એ મતોનો જ બહુધા ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગરુડપુરાણ (૨/૧૩/૨)માં 'शतं जीवति मानवः' મતને 'वेदैरुक्तम्' કહીને રજૂ કરવામાં આવ્યો છે, જે 'शतायुर्वै पुरुषः' ના રૂપમાં કૌષીતકિબ્રાહ્મણ(૧૧/૭)માં છે.

સ્કંદપુરાણ, કાશીખંડ (૧૦/૧૪)માં 'त्रयस्त्रिंशत् सुराणां या कोटिः श्रुतिसमीरिताः' કહ્યું છે, તે તૈત્તિરીયબ્રાહ્મણ (૧/૨/૨/૫, ૧/૮/૭/૧) તથા કૌષીતકિબ્રાહ્મણ(૮/૬)ને અનુસરે છે.

બ્રાહ્મણગ્રંથોના વકતા વિશે બ્રહ્માંડપુરાણ(૧/૩૩/૨૧–૨૨)માં આ પ્રમાણે કહેવામાં આવ્યું છેઃ

'ईश्वरा मन्त्रवक्तारः ऋषयो ह्यृषिकास्तथा ।।
ऋषिपुत्राः प्रवक्तारः कल्पानां ब्राह्मणस्य तु ।'

આ શ્લોકથી એ સિદ્ધ થાય છે કે, ઈશ્વર, ઋષિ અને ઋષિકા (એ ત્રણ) મંત્રવકતાઓ છે તથા ઋષિપુત્રો કલ્પ અને બ્રાહ્મણોના વકતાઓ છે. બ્રહ્માંડ–પુરાણ(૧/૩૨/૧૦૩–૧૦૪) અને વાયુપુરાણ(૫૯/૯૫)માં પણ કહેવામાં આવ્યું છે કે, ઈશ્વર, ઋષિ અને ઋષિક એ ત્રણ મંત્રકૃત્ છે. ઋષિઓમાં ભૃગુ વગેરે છે, જે 'ईश्वराः स्वयमुद्भूता मानसा ब्रह्मणः सुताः ।'થી વાયુપુરાણ(૫૯/૮૧) અને બ્રહ્માંડપુરાણ (૧/૩૨/૮૮)માં દર્શાવેલ છે. ઋષિકાનો અર્થ સ્ત્રી–ઋષિ થાય છે. ઋગ્વેદના કેટલાક મંત્રો સ્ત્રી–ઋષિકર્તૃક/દષ્ટ છે. ઋષિ શબ્દને અલ્પાર્થમાં 'ક' પ્રત્યય લગાડી 'ઋષિક' પદ બને છે. ઋષિપુત્રોને કયાંક કયાંક 'ઋષિક' પણ કહેવામાં આવ્યા છે. એમણે કલ્પ અને બ્રાહ્મણગ્રંથોની રચના કરી છે. ઉપરોકત શ્લોકમાં બ્રહ્માંડપુરાણકારે 'મંત્ર' અને 'બ્રાહ્મણ'ને એક સમાન સ્થાન આપ્યું છે. અન્યત્ર પણ પુરાણકારોએ એ બન્નેને સમાન આસને બેસાડેલ છે. 'ब्राह्मणं च कल्पसूत्राणि मन्त्रप्रवचनानि' વાકય વાયુપુરાણ(૫૮/૧૪),લિંગપુરાણ(૧/૩૯/૬૦), કૂર્મપુરાણ(૧/૨૯/૪૬), મત્સ્યપુરાણ (૧૪૪/૧૪) અને બ્રહ્માંડપુરાણ(૧/૩૧/૧૪)માં મળે છે. અહીં 'કલ્પ' એટલે 'કલ્પ–સૂત્રો' નથી, પરંતુ 'કલ્પ' એટલે 'જેમાં મંત્રોનો વિનિયોગ માત્ર કહેવામાં આવ્યો હોય' અને 'બ્રાહ્મણ' તે છે, 'જે મંત્રાર્થ કે વિનિયોગ પર આખ્યાયિકાદિની સહાયથી વિચાર કરે' પ્રચલિત બ્રાહ્મણગ્રંથોમાં આ પ્રાચીન કલ્પોનો સમાવેશ થઈ ગયો છે. ત્યારબાદ, યાજ્ઞિકકર્મોની વૃદ્ધિના કારણે અલગ કલ્પસૂત્રોની રચના થઈ છે. કલ્પો માટે 'कल्पसूत्राणि' એમ બહુવચન પ્રયોજાયેલ છે જયારે બ્રાહ્મણો માટે એકવચન પ્રયોજાયેલ છે, તેનું કારણ એ છે કે, કોઈ એક શાખાનું એક જ બ્રાહ્મણ હોય છે જયારે કલ્પોની સંખ્યા વધારે હોય છે. એ દષ્ટિએ કલ્પ માટે બહુવચન અને બ્રાહ્મણ માટે એકવચન છે.

વાયુપુરાણ(૫૯/૧૪૦) અને બ્રહ્માંડપુરાણ(૧/૩૩/૫૭)માં બ્રાહ્મણની

વૃત્તિરૂપ વ્યાખ્યાઓનો ઉલ્લેખ છે. આ લક્ષણ બ્રાહ્મણસાહિત્યના વિનિયોગને લક્ષ્ય કરી કહેવામાં આવ્યું છે. ઘણાં પુરાણોમાં દ્વાપરયુગી વેદપ્રવચનના પ્રસંગમાં કહેવામાં આવ્યું છે : 'ऋषिपुत्रैः पुनर्वेदा भिद्यन्ते दृष्टिविभ्रमैः । मन्त्रब्राह्मणविन्यासैः स्वरवर्णविपर्ययैः।।'[12] આમ, બ્રાહ્મણોનો અનેક પ્રકારે વિનિયોગ તેમાં કરવામાં આવ્યો છે.

જગતના સૃષ્ટિકર્તા પ્રજાપતિ હિરણ્યગર્ભથી વેદની ઉત્પત્તિ થઈ હોવાનો સંકેત વૈદિક સાહિત્યમાં સામાન્ય છે. ગોપથબ્રાહ્મણ(૧/૨/૧૦)માં 'वेदाः निर्मिताः' વાકય આ સંદર્ભે જ આપવામાં આવ્યું છે. પુરાણોમાં પણ 'ऋचो यजूंषि सामानि निर्ममे यज्ञसिद्धये ।'[13]કહ્યું છે. જયાં 'निर्ममे' પદથી ઈશ્વર દ્વારા મંત્ર–નિર્માણનું કાર્ય થયું હોવાનો સંદર્ભ છે. પુરાણોમાં ચતુર્મુખ બ્રહ્મા દ્વારા વેદનું પ્રકટીકરણ કે સ્મરણ થયું હોવાનું અનેક સ્થળોએ કહ્યું છે.[14] કયાંક બ્રહ્માના મુખથી વેદનો આવિર્ભાવ થયો હોવાનું માન્યું છે.[15] જો કે, પુરાણોની આ દષ્ટિનો પ્રાચીનતર સંહિતાઓમાં સર્વથા અભાવ જોવા મળે છે, ત્યાં સુધી કે વેદાંગ એવા નિરુકતમાં પણ આવો નિર્દેશ નથી. છતાં, પુરાણોની આ દષ્ટિ સંકુચિત નથી. કેમ કે, પ્રજાપતિથી ત્રયીવિદ્યા કે વેદની ઉત્પત્તિનો નિર્દેશ બ્રાહ્મણગ્રંથોમાં મળે જ છે.[16] પ્રજાપતિને બ્રહ્માના રૂપમાં ગોપથબ્રાહ્મણ(૨/૫/૮)માં માનવામાં આવ્યા છે અને વેદોને 'પ્રાજાપત્ય' કહેલ છે.[17]

પુરાણોમાં વેદવાચક 'ત્રયી' શબ્દ ઘણો જ મહત્ત્યવપૂર્ણ છે. ઋક્, યજુસ્ અને સામરૂપ ત્રિવિધ મંત્રોને 'ત્રયી' કહેવામાં આવે છે.[18] 'त्रय' નો શબ્દાર્થ 'ત્રણ અવયવયુકત' કે 'ત્રિવિધ' થાય છે. વિદ્યાના વિશેષણ તરીકે પ્રયોજાયેલ હોવાથી 'ત્રય'ના સ્થાને 'ત્રયી' શબ્દ પ્રયોજાયેલ છે. પુરાણોમાં 'ત્રયીવિદ્યા' શબ્દનો પ્રયોગ પણ થયો છે.[19] શતપથબ્રાહ્મણ(૪/૬/૭/૧)ના 'त्रयी वै विद्या ऋचो यजूंषि सामानि' વાકય દ્વારા પણ એ જ અર્થ પ્રાપ્ત થાય છે.

ઋગ્વેદમાં એક (૪/૫૮/૩) 'चत्वारि श्रृङ्गाः..............।।' મંત્ર છે. સર્વાનુક્રમણી અનુસાર અગ્નિ, સૂર્ય, અપ્, ગો અને ઘૃત એ પાંચ એ સૂકતના દેવતાઓ છે. આથી આ એક અનિશ્ચિતદેવતાક મંત્ર છે. આ મંત્રની વ્યાખ્યા અનેક પ્રકારે કરવામાં આવી છે. મહાભાષ્ય (પસ્પશાહ્નિક, પૃ. ૩૭)માં પતંજલિએ એની શબ્દપરક વ્યાખ્યા કરી છે તો મીમાંસાસૂત્ર–૧/૨/૪૬ની ટીકામાં યાગસ્તુતિના રૂપમાં આ મંત્ર વ્યાખ્યાયિત થયો છે. આવી યાજ્ઞિક વ્યાખ્યામાં પણ કુમારિલ અને શબર વચ્ચે પરસ્પર મતભેદ છે. 'चत्वारि श्रृङ्गाः' નો કુમારિલ 'ચાર યામ(પ્રહર)' અર્થ ગ્રહણ કરે છે, જયારે શબરસ્વામી હોતા વગેરે ચાર ઋત્વિજોને દર્શાવે છે. એ જ

પ્રમાણે અન્ય શબ્દોના અર્થોમાં પણ મતભેદ છે. નિરુક્ત (૧૩/૭)માં યાસ્કાચાર્યે એની યજ્ઞપરક વ્યાખ્યા કરી છે. ગોપથબ્રાહ્મણ(૧/૨/૧૬)માં પણ એની યજ્ઞપરક વ્યાખ્યા મળે છે, જે યાસ્કે આપેલી વ્યાખ્યાનું મૂળ જણાય છે. એ જ પ્રમાણે, શ્રીમદ્ ભાગવતપુરાણ (૮/૧૬/૩૧) માં પણ એની યજ્ઞપરક વ્યાખ્યા છે. ત્યાં યજ્ઞરૂપી વિષ્ણુને પ્રણામ કરવામાં આવેલ છે. સ્કંદપુરાણના કાશીખંડ(૭૩/૯૩–૯૬)માં શિવવિવરણના પ્રસંગે આ મંત્ર વ્યાખ્યાત છે તો પદ્મપુરાણ (૪/૯૩/૧૯–૨૧)માં પણ આંશિકરીતે આ મંત્રની વ્યાખ્યા કરવામાં આવી છે. અહીં અસમાનતા એ છે કે, પદ્મપુરાણકારે 'चतुष्पाद' શબ્દનો પ્રયોગ કર્યો છે, જયારે વેદમાં તેના સ્થાને 'त्रयः पादाः' શબ્દ છે. ઉપરાંત, પદ્મપુરાણકારે ધર્મસ્વરૂપ યમની સ્તુતિમાં આ શ્લોક પ્રયોજયો છે. આમ, આવાં સ્થાનોએ પુરાણકારોની વ્યાખ્યા સ્વસંપ્રદાયાનુસારી હોય, એવું સ્પષ્ટપણે જણાય છે.

તૈત્તિરીયબ્રાહ્મણ (૩/૧૨/૯/૧)માં 'ऋग्भिः पूर्वाह्णे..........।' મંત્ર છે. સ્કંદપુરાણના પ્રભાસખંડ(૬/૩૯)માં એ મંત્રની સૂર્યપરક વ્યાખ્યા છે, જે ઉચિત જણાય છે. મૂળમંત્રમાં અથર્વવેદનું નામ નથી, પરંતુ પુરાણકારે આ સ્થાને ''अथर्वस्थो निशागमे'' પણ કહ્યું છે. અહીં એ પણ નોંધનીય છે કે, વિષ્ણુપુરાણ (૨/૧૧/૧૦–૧૧)માં પણ આ મંત્રની વ્યાખ્યા આપવામાં આવી છે, ત્યાં પણ અથર્વવેદનું નામ નથી.

પુરાણોમાં કેટલાંક એવાં શ્રુતિવાકયો પણ લીધેલાં છે, જે બ્રાહ્મણગ્રંથોનાં છે. એવાં વચનો પુરાણોમાં બહુ જ થોડાં છે. જો કે, એવાં વચનો જે–તે બ્રાહ્મણગ્રંથના નામની સાથે પ્રસ્તુત નથી, તેથી આ વાકયો બ્રાહ્મણગ્રંથોમાંથી લીધેલ છે, એવું ચોકકસ કહી શકાય તેમ નથી, પરંતુ આ વાકયો બ્રાહ્મણગ્રંથોનાં જ છે, એવું અનુમાનતઃ સ્પષ્ટ છે. જેમ કે,–

(૧) બ્રહ્માંડપુરાણ(૧૬૧/૧૫)માં 'यज्ञो वै विष्णुः' એ શ્રુતિ લીધેલ છે. આ વાકય અનેક બ્રાહ્મણગ્રંથોમાં મળે છે.[૨૦] પુરાણોમાં યજ્ઞોનાં કર્તવ્યોના પ્રસંગમાં આ વાકય લીધેલ છે.

(૨) 'ऋतवः पितरो देवाः' આ વૈદિકી શ્રુતિ વાયુપુરાણ(૩૦/૪) તથા બ્રહ્માંડપુરાણ (૧/૧૩/૪)માં લીધેલ છે. 'ऋतवः पितरः' આ વૈદિક અંશ શતપથબ્રાહ્મણ (૨/૨/૨/૨૪, ૨/૬/૧/૪), ગોપથબ્રાહ્મણ(૨/૧/૨૪)વગેરે અનેક બ્રાહ્મણગ્રંથોમાં અને 'ऋतवो वै देवाः' આ અંશ શતપથબ્રાહ્મણ(૭/૨/૪/૬)માં મળે છે.

પુરાણોમાં એવાં વાકયો પણ મળે છે, જે છે બ્રાહ્મણગ્રંથોનાં જ પરંતુ

અત્યારે ઉપલબ્ધ એક પણ બ્રાહ્મણગ્રંથમાં એ વાકયો મળતાં નથી. જેમ કે, સ્કંદપુરાણ કુમારિકાખંડ(૪૦/૧૬૩)માં 'मन्त्रो देवता.........अमन्त्रवत् प्रतिपद्यते ।' એવું શ્રુતિ–વાકય લીધેલ છે, પરંતુ પ્રચલિત બ્રાહ્મણગ્રંથોમાં આ વાકય મળતું નથી. પુરાણોમાં બ્રાહ્મણગ્રંથોનાં નામ કયાંય પણ મળતાં નથી. સ્કંદપુરાણ, નાગરખંડ (૨૭૮/૧૧૭ થી ૧૨૨)માં યાજ્ઞવલ્કય દ્વારા સૂર્યપ્રોકત વેદરહસ્યનું કથન કહેલ છે. આ સંકેત શતપથબ્રાહ્મણ તરફ છે. મહાભારત, શાંતિપર્વના ૩૧૮મા અધ્યાયમાં શતપથ–બ્રાહ્મણના વિષયમાં યોગ્ય વિવરણ પ્રાપ્ત થાય છે. ગદ્યમય બ્રાહ્મણ–વચનોની વ્યાખ્યા પુરાણોમાં અલ્પ છે. વિધિનિષેધપ્રધાન બ્રાહ્મણોમાં મતોની જ પ્રધાનતા છે. અને પુરાણોમાં 'इति श्रुतिः' એમ કહી, આ મતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બ્રાહ્મણવાકયોને વ્યાખ્યા માની, તેની શબ્દાર્થ વિશદીકરણાત્મક વ્યાખ્યા કરવાની પ્રવૃત્તિ પુરાણોમાં કયારેક જ મળે છે. બ્રાહ્મણોકત મતોનો ઉપન્યાસ કરતા સમયે કયાંક–કયાંક મતની વિસ્તૃત વિચારણા પણ કરવામાં આવી છે, જેને કવચિત્ વ્યાખ્યાના રૂપમાં માની શકાય. બ્રાહ્મણગ્રંથના નામ સહિતની વ્યાખ્યા તો નહીંના બરાબર મળે છે. શ્રીમદ્ભાગવતપુરાણ,૮/૧૯/૩૮–૪૦માં 'बह्वृचैर्गीतम्' કહીને ઐતરેયબ્રાહ્મણ(૨/૩/૬)ની સંક્ષિપ્ત વ્યાખ્યા કરવામાં આવી છે. નામપૂર્વક વ્યાખ્યાનું આ એકમાત્ર ઉદાહરણ છે. પુરાણકારોને મન વેદ–સંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકગંથો તથા ઉપનિષદો એ બધું જ 'શ્રુતિ'ના અર્થમાં માન્ય છે. તેથી તેઓ વેદસંહિતાદિનો કોઈ ખાસ પ્રસંગને બાદ કરતાં સ્પષ્ટતઃ નામોલ્લેખ ન કરતાં 'इति श्रुतिः' એમ કહી કામ ચલાવી લે છે.

પુરાણોકત બ્રાહ્મણવાકયોની વ્યાખ્યા ત્રણ પ્રકારની હોઈ શકે છેઃ

(૧) બ્રાહ્મણવાકયની સામાન્ય વ્યાખ્યાઃ

આ વ્યાખ્યામાં બ્રાહ્મણગ્રંથના શબ્દ યથાસંભવ પુરાણમાં વ્યવહારમાં લીધેલ છે અને વૈદિક ભાવને અક્ષુણ્ણ રાખેલ છે.

(૨) બ્રાહ્મણવાકયોની વિશિષ્ટ વ્યાખ્યા :

આ પ્રકારની વ્યાખ્યામાં આંશિક પરિવર્તન કરવામાં આવ્યું હોય છે. વચનનો મૂળ ભાવ અપરિવર્તિત રહે છે. સાથેસાથે કયાંક કયાંક વિશિષ્ટ વ્યાખ્યાન પણ કરવામાં આવ્યું હોય છે.

(૩) સાંપ્રદાયિક દૃષ્ટિ મુજબની વ્યાખ્યા :

પુરાણોના સાંપ્રદાયિક વિભાજન અનુસાર, પુરાણ પોતે જે સંપ્રદાયને

અનુસરતું હોય, તે સંપ્રદાયના સિદ્ધાંતો, અધિદેવતા, વગેરેને અનુરૂપ, જયાં બ્રાહ્મણ–વાકયની વ્યાખ્યા કરવામાં આવી હોય, તે આ પ્રકારમાં સમાવિષ્ટ છે.

**❖ સામાન્ય વ્યાખ્યા :**

બ્રાહ્મણવાકયોના શબ્દોનો જ ઉલ્લેખ કરીને તથા અમૌલિક શબ્દોમાં થોડું પરિવર્તન કરીને, પરંતુ મૂળભાવને યથા–તથા રાખીને જે વ્યાખ્યાઓ કરવામાં આવી હોય, તે આ વર્ગમાં આવે છે. બ્રાહ્મણવાકયાનુરૂપ પુરાણવાકય ઘણાં સ્થાનોએ મળે છે. જેમ કે,– 'प्राणा वै रुद्राः' વાકય જૈમિનીયોપનિષદબ્રાહ્મણ (૪/૨/૬)માં પ્રાપ્ત થાય છે. આ વાકયને અનુરૂપ લિંગપુરાણ(૨૨/૨૪)માં 'ये रुद्रास्ते प्राणाः' વાકય મળે છે. અહીં 'प्राणाः' અને 'रुद्राः' શબ્દોમાં કશો જ તફાવત નથી. સાથેસાથે ભાવમાં કંઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, છતાં પુરાણે પોતાની મૌલિકતાને દર્શાવીને વ્યાખ્યા પ્રસ્તુત કરી છે. કયાંક કયાંક આવી વ્યાખ્યાઓમાં વિલક્ષણતા પણ જોવા મળે છે. વિષ્ણુપુરાણ (૨/૧૨/૩૩)માં શિશુમારના વિષયમાં કહેવામાં આવ્યું છે કે,–

''पृच्छेऽग्निश्च महेन्द्रश्च कश्यपोऽथ ततो ध्रुवः ।
तारका शिशुमारस्य नास्तमेति चतुष्टयम् ।।''

આ શ્લોકનું મૂળ તૈત્તિરીયારણ્યક (૨/૧૯)માં જોવા મળે છે. ત્યાં કહ્યું છે – ''अग्निः पुच्छस्य प्रथमं काण्डं तत इन्द्रः प्रजापतिः अभयं चतुर्थम् ।'' આ વાકય શિશુમાર વિષયક છે. અહીં એ ધ્યાનાર્હ છે કે, મૂળ શ્રુતિવાકયમાં 'કશ્યપ'ના સ્થાને 'પ્રજાપતિ' પદ છે. અહીં વિલક્ષણતા એ છે કે, પુરાણોમાં 'કશ્યપ' પ્રજાપતિ–વિશેષના રૂપમાં વર્ણવાયેલ છે. આથી, પુરાણે તેનો પોતાને અનુકૂળ અર્થ પ્રયોજીને વિલક્ષણતાનાં દર્શન કરાવ્યાં છે. જો કે, ઉપરોકત મૂળના વાકયની પૂર્વે 'तेजसा कश्यपस्य' દ્વારા 'કશ્યપ'નો સંદર્ભ પણ છે. ઉપરાંત, મૂળમાં 'अभयं' પદ છે, જેનો અર્થ થાય છે– 'ભયરહિત પરબ્રહ્મ' અને પુરાણમાં એ સ્થાને 'ध्रुव' પદનો પ્રયોગ થયો છે, જે ઉચિત જ છે. પુરાણકારોની વિલક્ષણતા આવાં વાકયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે.

**❖ વિશિષ્ટ વ્યાખ્યા :**

શતપથબ્રાહ્મણ(૭/૩/૧/૨૩)માં 'सत्यं वा ऋतम्' કહ્યું છે. આ વાકયની વ્યાખ્યા પ્રસ્તુત કરતાં લિંગપુરાણ(૨/૨૨/૮)માં કહ્યું છે– 'ऋतमक्षरमुच्यते, सत्यमक्षरमित्युक्तम्' અહીં શ્રુતિવાકયના મૂળભાવને એમ જ રાખીને, આંશિક ફેરફાર સાથે વિશિષ્ટ વ્યાખ્યાન પ્રસ્તુત કર્યું છે. શતપથબ્રાહ્મણ(૬/૭/૩/૧૧)માં 'ऋतमिति

सत्यमित्येतत्' કહ્યું છે અને શતપથબ્રાહ્મણ(૪/૧/૪/૧૦)માં 'ऋत' ને 'ब्रह्म' કહેલ છે. આથી 'ऋत' અને 'अक्षर' પર્યાયવાચી સિદ્ધ થાય છે. બ્રાહ્મણગ્રંથોમાં જે 'सत्यं वा ऋतम्' કહેલ છે,[૨૧] તેના આધારે જો 'સત્ય' 'ઋત' છે તો 'અક્ષર' પણ 'ઋત' છે, એવું સિદ્ધ થાય છે. આમ, આ પ્રકારની વ્યાખ્યામાં આંશિક પરિવર્તન કરવામાં આવ્યું છે. વચનના મૂળ ભાવને અપરિવર્તિત રાખવામાં આવ્યો છે. સાથેસાથે તેનું વિશિષ્ટ વ્યાખ્યાન પણ કરવામાં આવ્યું છે.

**❖ સાંપ્રદાયિક વ્યાખ્યા :**

બ્રાહ્મણગ્રંથોમાં 'त्रय्येव विद्या तपति ।' વાકય મળે છે.[૨૨] તૈત્તિરીય–આરણ્યકથી એવું જાણવા મળે છે કે, આ વાકય આદિત્યપરક છે. આ વાકયની વિષ્ણુપરક વ્યાખ્યા વિષ્ણુપુરાણ(૨/૧૧/૭–૯)માં આ પ્રમાણે મળે છે :

'सर्वा शक्तिः परा विष्णोर्ऋग्यजुःसामसंज्ञिताः ।
सैषा त्रयी तपत्यंहो जगतश्च हिनस्ति या ।।
सैव विष्णुः स्थितः स्थितयां जगतः पालनोद्यतः ।
ऋग्यजुःसामभूतोऽन्तः सवितुर्द्विज ! तिष्ठति ।।
मासि मासि रविर्यो यस्तत्र तत्र हि सा परा ।
त्रयीमयी विष्णुशक्तिरवस्थानं करोति वै ।।'

અહીં ઋક્, યજુસ્ અને સામને વિષ્ણુની શકિતઓ માનવામાં આવી છે. બ્રહ્મપુરાણ(૩૨/૧૪–૧૬)માં 'સૂર્ય ઋક્, યજુસ્ અને સામાત્મક રૂપથી ત્રયી–સંજ્ઞક વિશ્વને તપાવે છે' એવી સૂર્યપરક વ્યાખ્યા મળે છે, જે આ વાકયના અધિદેવતા સૂર્યને લક્ષિત કરે છે. જયારે વિષ્ણુપુરાણે પોતાના સંપ્રદાયના અધિદેવતા વિષ્ણુને અનુરૂપ તેની સાંપ્રદાયિક વ્યાખ્યા પ્રસ્તુત કરી છે. માર્કણ્ડેયપુરાણ (૧૦૨/૧૫)માં પણ આની અસાંપ્રદાયિક વ્યાખ્યા મળે છે.

પુરાણોની રચનામાં સાંપ્રદાયિકતા એક મહત્ત્યવનું તત્ત્યવ મનાયું છે. પુરાણોના રચનાકાળે અનેક સંપ્રદાયો અસ્તિત્વ ધરાવતા હતા, પરંતુ બ્રહ્મા, વિષ્ણુ, શિવ (ત્રિદેવ), અગ્નિ અને સૂર્ય જેવા દેવોનો વિશેષ પ્રભાવ પુરાણસાહિત્ય પર પડેલો છે. પરવર્તી કાળમાં દેવી (શકિત)ની ઉપાસના પણ પુરાણોકારોએ માન્ય કરી હતી. વૈદિક દેવતાઓ પુરાણકાળમાં પોતાની પૂર્ણ વિભૂતિ, તેજ તથા શકિતતને ગુમાવી દેતા જોઈ શકાય છે. એમાંથી કોઈકના તો સ્વરૂપનો જ સાવ લોપ થઈ ગયો તો કોઈક પોતાના ઉદાત્ત રૂપને છોડીને સામાન્ય સ્તરે પહોંચી ગયેલા જોઈ શકાય

છે. વરુણનું પૌરાણિક રૂપ આ બાબતનું મહત્ત્યવનું દષ્ટાંત છે. વૈદિકયુગમાં તેના દેવત્વની ઉદાત્ત કલ્પના હતી. તે સંપૂર્ણ ન્યાયપ્રિય, વિશ્વના પ્રત્યેક પદાર્થના જ્ઞાતા અને કર્માનુસાર દરેક પ્રાણીઓને કર્મોનુ ફળ આપનાર ઐશ્વર્યશાળી દેવ હતા, પરંતુ પૌરાણિકયુગમાં તેની આ શકિતઓનો હ્રાસ થઈ ગયેલો જોવા મળે છે. તેનું ઉદાત્ત વૈદિક રૂપ સામાન્ય જલદેવતાના રૂપમાં સીમિત થઈ ગયું છે. કેટલાક વિદ્વાનો ગણેશને પુરાણકાળમાં જ અસ્તિત્વમાં આવેલ માને છે. પરંતુ આ સર્વ માન્ય મત નથી. મોટા ભાગના વિદ્વાનો ગણપતિને વૈદિક દેવ માને છે, જેની સ્તુતિ 'બ્રહ્મણસ્પતિ'ના રૂપમાં વૈદિક સંહિતાઓમાં પ્રાપ્ત થાય છે.[૨૩] પૌરાણિકયુગમાં કેટલાંક પ્રાચીન વૈદિક દેવોના વિષયમાં નવી કલ્પનાઓ જન્મી છે. જેમકે, સૂર્ય. ઈ.સ.ની પ્રથમ શતાબ્દીમાં શક–કુષાણના આગમનની સાથે તેના ઉપાસ્ય દેવ સૂર્યની તાંત્રિક રીતિથી પૂજા–અર્ચના ભારતમાં પણ પ્રચલિત બની. આ નવીન કલ્પનાને પુરાણોએ અને તેમાં પણ ખાસ કરીને ભવિષ્યપુરાણે સ્પષ્ટ રીતે સ્વીકારી છે. પ્રાચીનકાળથી ચાલી આવતી સૂર્યપૂજાની સાથે આ નવીન તાંત્રિક સૂર્યપૂજાનો સમન્વય પુરાણોએ પ્રસ્થાપિત કર્યો છે. હનુમાન પણ આ પ્રમાણે જ એક નવીન દેવના રૂપમાં સ્વીકારાયેલ છે. રામચંદ્રની ઉપાસનાની સાથે એમના અનન્ય સેવક હનુમાનની ઉપાસના પણ લોકપ્રિય બની.

વૈદિક દેવોમાં વિષ્ણુ તથા રુદ્રનું પ્રાધાન્ય આ યુગમાં પણ અકબંધ રહ્યું છે. જો કે, ઋગ્વેદ પ્રમાણે વિષ્ણુ સૂર્યનું જ અન્ય રૂપ છે. 'વિષ્ણુ' નામનું નિર્વચન આ બાબતને સિદ્ધ કરે છે. યાસ્કાચાર્યનું કથન છે કે– "કિરણો દ્વારા વ્યાપ્ત હોવાના કારણે અથવા કિરણો દ્વારા સમગ્ર સંસારને વ્યાપ્ત કરવાના કારણે સૂર્ય 'વિષ્ણુ' નામથી ઓળખાય છે."[૨૪] વિષ્ણુ વેદમાં એક બળશાળી દેવતાના રૂપમાં વર્ણવાયેલ છે. ઈન્દ્ર સાથેની તેની ગાઢ મિત્રતા તથા સહવાસથી પણ એ અનુમાન કરી શકાય છે કે, એ ઈન્દ્રના સમાન જ વીર્યવાન તથા બળવાન દેવતા છે. અનેક મંત્રોમાં એ બન્ને એક સાથે જ પ્રશંસાને પામ્યા છે. બ્રાહ્મણયુગમાં યજ્ઞસંસ્થાનો વ્યાપ વધવાથી વિષ્ણુનું મહત્ત્વ સંહિતાકાળ કરતાં પણ વધ્યું છે. ઐતરેયબ્રાહ્મણમાં પ્રારંભમાં જ અગ્નિને હીન (अवमः) અને વિષ્ણુને શ્રેષ્ઠ(परमः) દેવ તરીકે સ્વીકારવામાં આવેલ છે.[૨૫] જયારે પુરાણોમાં તો વિષ્ણુને આ જગતના મૂળ કારણ, નિત્ય, અજન્મા, અક્ષય, અવ્યય, અનંત, એકરસ અને હેયના અભાવથી યુકતા નિર્મળ પરબ્રહ્મ તરીકે ઓળખાવેલ છે. તે પ્રકૃતિ કરતાં પણ શ્રેષ્ઠ, અંતરાત્મામાં સ્થિત પરમાત્મા રૂપ,

વર્ણ, નામાદિ વિશેષણોથી રહિત તથા જન્મ, વૃદ્ધિ, સ્થિતિ, પરિણામ, ક્ષય અને વિનાશ જેવા ષટ્વિકારોથી પણ રહિત છે. તેના માટે તો કેવળ એટલું જ કહી શકાય કે–'તે સર્વદા છે.'[૨૬] તે સર્વવ્યાપી છે. આ સમગ્ર વિશ્વ એમનામાં જ વસેલું છે અને એથી જ તે 'વાસુદેવ' છે.[૨૭]

રુદ્ર–શિવનું મહત્ત્યવ પણ ક્રમિક વધતું ગયેલું જોવા મળે છે. વિષ્ણુ સમાન જ હિન્દુ ધર્મના તે પ્રધાન દેવતા છે. પરંતુ એની આ પ્રધાનતાનો ક્રમિક વિકાસ ધીમે–ધીમે શતાબ્દીઓ પછી સંપન્ન થયો છે. ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ, શતપથબ્રાહ્મણાદિ ગ્રંથોના અધ્યયનથી રુદ્રના વિષયમાં અનેક જ્ઞાતવ્ય બાબતોને જાણી શકાય છે. ઋગ્વેદમાં રુદ્ર વિષયક માત્ર ત્રણ જ સૂકતો પ્રાપ્ત થાય છે.[૨૮] આ ઉપરાંત, અન્ય દેવતાઓની સાથે લગભગ પચાસેક વાર એમનો નામોલ્લેખ પ્રાપ્ત થાય છે. ઋગ્વેદમાં રુદ્રનું સ્થાન અગ્નિ, વરુણ, ઇન્દ્ર, ઉષાદિ દેવતાઓની અપેક્ષાએ ઘણું જ ઓછું મહત્ત્વનું છે. પરંતુ યજુર્વેદ તથા અથર્વવેદમાં તેનું મહત્ત્યવ વધેલું જોઈ શકાય છે. યજુર્વેદમાં તો એક આખો અધ્યાય જ એમની સ્તુતિમાં પ્રયુકતા થયેલો છે. આ 'રુદ્રાધ્યાય' યજુર્વેદની અનેક સંહિતાઓમાં થોડાઘણાં અંતર સાથે મળી આવે છે.[૨૯] આ રુદ્રાધ્યાયમાં રુદ્રને માટે ભવ, શર્વ, પશુપતિ, ઉગ્ર, ભીમાદિ શબ્દોનો પ્રયોગ થયેલો છે. શુકલ યજુર્વેદમાં એમને અગ્નિ, અશનિ, પશુપતિ, ભવ, શર્વ, ઈશાન, મહાદેવ, ઉગ્રાદિથી સંબોધવામાં આવેલ છે.[૩૦] વિશ્વમાં એવું કોઈ જ સ્થાન નથી કે જયાં ભગવાન રુદ્રનું આધિપત્ય ન હોય. તે જગતના સમસ્ત પદાર્થોના સ્વામી છે. એ અન્નના ખેતરો તથા વનના તો સ્વામી છે જ, સાથે સાથે ચોર, ડાકુ, ઠગાદિ જઘન્ય લોકોના પણ સ્વામી છે. અથર્વવેદમાં भव, शर्व, पशुपति, भूतपति વગેરે નામોથી એમનો ઉલ્લેખ થયેલો છે.[૩૧] 'પશુપતિ'નો અર્થ સ્પષ્ટ કરતાં અથર્વવેદમાં કહ્યું છે કે,–

''तवेमे पञ्च पशवो विभक्ता ।
गावो अश्वाः पुरुषा अजावयः ।।'' [૩૨]

જેમાં સમગ્ર ભુવનોનો નિવાસ છે, તે વિવિધ વસ્તુઓને ધારણ કરનાર બ્રહ્માંડરૂપી કોશના રુદ્ર અધિપતિ છે. રુદ્રે આ સમસ્ત ભુવનોની રચના કરીને તેમને અગ્નિ, જળ, ઔષધિઓ તથા લતાઓથી સંપન્ન બનાવ્યું છે.[૩૩] સંહિતાઓ પછીના બ્રાહ્મણકાળમાં તો રુદ્રનું મહત્ત્વ અધિક વધ્યું છે.[૩૪] ઉપનિષદોમાં પણ એમની પ્રધાનતાનો પરિચય મળે છે. છાન્દોગ્યોપનિષદ,[૩૫] બૃહદારણ્યકોપનિષદ,[૩૬] મૈત્રી,[૩૭]

મહાનારાયણ,[૩૮] નૃસિંહતાપની[૩૯] વગેરે પ્રાચીન ઉપનિષદોમાં રુદ્રના વૈભવ તથા પ્રભાવનું વર્ણન જોઈ શકાય છે. શ્વેતાશ્વતરોપનિષદમાં તો રુદ્રનું એકત્વ, જગન્નિર્માણમાં નિરપેક્ષતા, વિશ્વનું આધિપત્ય, મહર્ષિત્વ, દેવતાઓના ઉત્પાદક તથા ઐશ્વર્યયુકતત બનાવવાના ગુણો સ્પષ્ટપણે નિરૂપાયા છે.[૪૦]

રુદ્ર અગ્નિનું પ્રતીક છે. અગ્નિના ભૌતિક આધાર પર રુદ્રની કલ્પના થયેલી છે. ઋગ્વેદમાં 'त्वमग्ने रुद्रो' કહીને એ બંનેના ઐકયને રજૂ કરવામાં આવેલ છે.[૪૧] અથર્વવેદમાં પણ કહ્યું છે કે,–"तस्मै रुद्राय नमो अस्त्वग्नये ।'[૪૨] અને શતપથબ્રાહ્મણમાં તો સ્પષ્ટપણે નોંધ્યું છે કે –'अग्निर्वै रुद्रः'[૪૩] અગ્નિનાં બે રૂપો માનવામાં આવે છે– ઘોરાતનુ અને અઘોરાતનુ. પોતાના ભયંકર ઘોરરૂપથી તે સંસારનો સંહાર કરવામાં સમર્થ હોય છે, પરંતુ અઘોરરૂપથી એ જ સંસારનું પાલન કરવા શકિતતમાન છે. અગ્નિરહિત પ્રાણીઓમાં પ્રાણનો સંચાર આ કારણે જ શકય નથી બનતો. આથી 'ઉગ્ર' રૂપે જે દેવ 'રુદ્ર' છે, એ જ જગતના કલ્યાણાર્થે 'શિવ' છે. અર્થાત્, જે રુદ્ર છે, તે જ શિવ છે. રુદ્ર અને શિવની અભિન્નતા વૈદિક ગ્રંથોમાં પણ પ્રતિપાદિત થયેલી છે.[૪૪] શ્વેતાશ્વતરોપનિષદ નોંધે છે કે – "एको रुद्रो न द्वितीयाय तस्थुः ।"[૪૫] પુરાણોમાં પણ શિવના એકત્વ વિશે કહ્યું છે કે – "વિવિધ અલંકારોને ઘડવામાં જેમ સુવર્ણ તો એક જ છે તેમ જગતના તમામ દશ્યમાન પદાર્થો એક શિવરૂપ જ છે."[૪૬]

પુરાણોમાં જે દેવ બ્રહ્મા કે બ્રહ્મદેવના નામથી ઓળખાય છે, તે વેદોમાં પ્રજાપતિ તરીકે અભિહિત છે. પ્રજનન તથા જીવિત માનવીઓના રક્ષકના રૂપમાં પ્રજાપતિનું આવાહન અથર્વવેદમાં કરવામાં આવ્યું છે, તો ઋગ્વેદમાં એક સૂકતતમાં એમનું વર્ણન આકાશ, પૃથ્વી, જળ તથા સમસ્ત પ્રાણીઓના સ્રષ્ટાના રૂપમાં થયું છે.[૪૭] આ સૂકતતમાં એમનાં કાર્યો અને સ્વરૂપનું વિસ્તૃત વર્ણન થયેલું છે. એમનું 'પ્રજાપતિ' નામ સાર્થક છે. એઓ ઉત્પન્ન થનારાં સમસ્ત પ્રાણીઓના પતિ મનાયા છે. એ ગતિશીલ તથા શ્વાસ લેનારાં પ્રાણીઓના રાજા છે અને દેવોમાં શ્રેષ્ઠ છે. એમનાં વચનોનું પાલન માત્ર સમગ્ર પ્રાણીઓ જ નહીં, પરંતુ દેવગણ પણ કરે છે. એમણે જ આકાશ અને પૃથ્વીને સ્થાપિત કર્યાં, એ જ અંતરિક્ષનાં તમામ સ્થાનોમાં વ્યાપ્ત છે, એ સમગ્ર વિશ્વ અને સમસ્ત પ્રાણીઓને પોતાની ભુજાઓથી આલિંગન કરે છે. ઋગ્વેદના આ વર્ણનથી પ્રજાપતિની દેવોમાં પ્રધાનતા પ્રસ્તુત થાય છે. જોકે, ઋગ્વેદમાં એમના મુખ્યપણાનો નિર્દેશ આ સ્થાને એક જ વાર

થયેલો છે, પરંતુ અથર્વવેદ, વાજસનેયીસંહિતામાં સાધારણતઃ અને બ્રાહ્મણગ્રંથોમાં નિયમિત રૂપે એ જ સર્વપ્રમુખ દેવના રૂપમાં સ્વીકૃત થયેલા છે. શતપથબ્રાહ્મણ અનુસાર એ દેવોના પિતા છે.[૪૮] સૃષ્ટિના આરંભે એકલાં એમનું જ અસ્તિત્વ હતું.[૪૯] મૈત્રાયણીસંહિતામાં પ્રજાપતિની પોતાની પુત્રી પર આસકતત થવાની કથા મળે છે,[૫૦] જે બ્રાહ્મણગ્રંથોમાં અનેક સ્થાનોએ પુનરાવૃત્તિ પામી છે.[૫૧] ઋગ્વેદમાં એ 'હિરણ્યગર્ભ' નામથી પણ પ્રસ્તુત છેઃ—

"हिरण्यगर्भः समवर्तताग्रे
भूतस्य जातः पतिरेक आसीत् ।
स दाधार पृथिवीं द्यामुतेमां
कस्मै देवाय हविषा विधेम ।।"[૫૨]

વેદના આ પ્રજાપતિ કે હિરણ્યગર્ભ દેવ જ પુરાણોમાં બ્રહ્મા કે પદ્મભૂના રૂપે સ્વીકારવામાં આવ્યા છે. પ્રજાપતિ સાથે સંબંધિત તમામ કથા—ગાથાઓ પુરાણોમાં બ્રહ્મા સાથે જોડાયેલી હોવાથી જ પ્રજાપતિ અને એમની પુત્રીની કથા પુરાણોમાં બ્રહ્મા અને એમની પુત્રી સાવિત્રીનાં નામોથી મળે છે.[૫૩] શ્રીમદભાગવતપુરાણાનુસાર, ક્ષીરસાગરમાં શયન કરી રહેલ ભગવાન વિષ્ણુના નાભિકમળમાંથી એમની સ્વતઃ ઉત્પત્તિ થયેલી હોવાથી એ 'સ્વયંભૂ' નામથી પણ અભિહિત છે.[૫૪] આકાશવાણીથી પ્રેરિત થઈને એમણે હજારો વર્ષો સુધી તપસ્યા કરી, જેના ફળ સ્વરૂપે એમણે બ્રહ્માંડની સૃષ્ટિ કરી. સૃષ્ટિ—સર્જનનું આ કાર્ય બ્રહ્માનું પોતાનું વિશિષ્ટ કાર્ય છે.[૫૫] શ્રીમદભાગવતપુરાણમાં હિરણ્યકશિપુએ કરેલી બ્રહ્માજીની સ્તુતિમાં એમનું સ્વરૂપ ભગવાન નારાયણના જેવું જ ચિતરાયેલું છે.[૫૬] તદનુસાર, એ જ્ઞાનસ્વરૂપ, પરમેશ્વર, અજન્મા, મહાન અને સમસ્ત જીવોના જીવનદાતા રૂપ અંતરાત્મા છે. કાર્ય—કારણ કે ચલ—અચલમાંથી એવી કોઈ જ વસ્તુ કે પદાર્થ નથી, જે બ્રહ્માજીથી પર હોય. સમસ્ત વિદ્યા અને કલા એમનાં જ રૂપો છે. એ ત્રિગુણમયી માયાથી અતીત સ્વયં બ્રહ્મ જ છે. સ્વર્ણમય બ્રહ્માંડ એમનામાં જ સ્થિત છે અને એને એઓ સ્વયં પોતાનામાંથી જ પ્રકટ કરે છે.[૫૭]

પુરાણોમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવની અભિન્નતા પણ પ્રતિપાદિત થયેલી છે. શિવપુરાણ નોંધે છે કે, —"શિવ જયારે સત્ત્વ, રજસ અને તમસ—ગુણોથી યુકતત બનીને સૃષ્ટિની રચના કરે છે ત્યારે એ જ બ્રહ્માદિ નામોથી ઓળખાય છે. શિવના વામ અંગમાંથી હરિ (વિષ્ણુ)ની અને એમના દક્ષિણ અંગમાંથી બ્રહ્માની

તથા એમના હૃદયમાંથી રુદ્રની ઉત્પત્તિ થાય છે.''[૫૮] આચાર્ય બલદેવ ઉપાધ્યાય આ સંદર્ભે નોંધે છે કે,–

''विष्णु में तमोगुण की सत्ता भीतर रहती है और सत्त्व की बाहर, इससे ठीक विपरीत स्थिति है हर की, जो अन्तःसत्त्व तथा तमोबाह्य होता है-भीतर सत्त्व और बाहर तम । ब्रह्मा अन्तः तथा बाह्य उभयत्र रजोविशिष्ट होता है । इस प्रकार गुणों के साथ सम्बद्ध होने पर ब्रह्मा, विष्णु तथा हर की स्थिति है ।''[૫૯]

પુરાણોની નિંદા કરનારાઓ પુરાણો પર એવો આરોપ લગાવે છે કે, શિવપુરાણ શિવનો મહિમા અને વિષ્ણુની નિંદા કરે છે. તેમજ, વિષ્ણુપુરાણ વિષ્ણુનો મહિમા અને શિવની નિંદા કરે છે. પરંતુ વાસ્તવમાં એવું નથી. એ શિવપુરાણની શિવની આ ઉકિતા દ્વારા સ્પષ્ટ થાય છે, –

''ममैव हृदये विष्णुर्विष्णोश्च हृदये ह्यहम् ।
उभयोरन्तरं यो वै न जानाति मनो मम ।।''[૬૦]

વસ્તુતઃ આ બાબતમાં પુરાણોનો દષ્ટિકોણ સમન્વયવાદી રહ્યો છે. વિષ્ણુપુરાણમાં પણ વિષ્ણુનું વિધાન છે કે, –

''मत्तोऽविभिन्नमात्मानं द्रष्टुमर्हसि शंकरः ।।
योऽहं स त्वं जगच्चेदं सदेवासुरमानुषम् ।''[૬૧]

વાયુપુરાણમાં વિષ્ણુએ કરેલી શિવની સ્તુતિ પણ આ ભાવને જ પ્રસ્તુત કરે છે.[૬૨] આ જ પ્રમાણે, રામ અને શિવનું ઐકય પદ્મપુરાણમાં આ રીતે દર્શાવ્યું છે –

''ममास्ति हृदये शर्वो भवतो हृदये त्वहम् ।
आवयोरन्तरं नास्ति मूढाः पश्यन्ति दुर्धियः ।।''[૬૩]

પરાત્પર બ્રહ્મ જ તમામ દેવ અને દેવીઓનું મૂળ ઉદ્‌ભવ–સ્થાન છે. જેવી રીતે હરિ(બ્રહ્મા), વિષ્ણુ અને હર એમનાથી ઉત્પન્ન થાય છે, એ જ રીતે શકિતની ઉત્પત્તિ પણ ત્યાંથી જ થાય છે–

''तस्मान्महेश्वरश्चैव प्रकृतिः पुरुषस्तथा ।
सदा शिवो भवो विष्णुर्ब्रह्मा सर्वं शिवात्मकम् ।।''[૬૪]

આ પ્રમાણે શિવ તથા શકિતામાં પણ અભિન્નતા દર્શાવવામાં આવેલ છે. શકિતત શિવમાં છૂપાઈને કયારેક નિષ્ક્રિય રહે છે અને કયારેક પ્રકટપણે સક્રિય હોય છે. એ બન્નેનો અવિનાભાવ સંબંધ છે :

"एवं परस्परापेक्षा शक्तिशक्तिमतोः स्थिता ।
न शिवेन विना शक्तिर्न च शक्त्या विना शिवः ।।"[૬૫]

આથી કહી શકાય કે, પુરાણોનો દેવતા વિષયક દષ્ટિકોણ પર્યાપ્ત માત્રામાં ઉદાર, વિશદ અને સમન્વયાત્મક રહ્યો છે. પુરાણોમાં આ સમન્વયસિદ્ધિનું માત્ર બીજ જ નહીં પરંતુ પૂર્ણપણે પલ્લવિત વૃક્ષ સાકારિત થયેલું છે. પ્રાચીન યુગથી ચાલી આવતી, સમાજમાં પ્રચલિત તથા અહીં–તહીંથી પ્રાપ્ત થતી ઉપાસના–પદ્ધતિઓ, આચાર–વિચારો, કલ્પના–માન્યતાઓ એ તમામના એક વિશાળ સમન્વયનું જે સાહિત્યિક રૂપ પુરાણોમાં ઉપલબ્ધ છે, એ વૈવિધ્ય–સભર હોવા છતાં સુસમંજસ છે. અનેકતાથી મંડિત હોવા છતાં ઐકયના ભાવને પ્રસ્તુત કરે છે. લોકપ્રિય જન–વિશ્વાસોનો ભંડાર હોવા ઉપરાંત, શાસ્ત્રીય વિશ્વાસોથી પણ યુકતત છે. આ સમન્વયની ભાવનાથી જ અવતારવાદનો જન્મ થયો અને પરિણામે ભકિતાનું સાર્વભૌમ સામ્રાજય પુરાણોમાં વિસ્તર્યું છે.

આમ, વૈદિક દેવતાઓનાં વર્ણન કરતાં પુરાણોમાં વર્ણવાયેલા દેવતાઓનાં સ્વરૂપ અને સ્વભાવમાં ઘણું જ અંતર જોઈ શકાય છે. વૈદિક દેવતાઓ સગુણ–સાકાર હોવા છતાં નિર્ગુણ–નિરાકાર છે, જયારે પૌરાણિક દેવતાઓનું સ્વરૂપ નિર્ગુણ–નિરાકાર હોવા છતાં સગુણ–સાકાર છે. આના પરિણામે જ એઓ મનુષ્યની વધારે નજીક છે. એ માનવીય સુખ–દુઃખોની સાથે વધારે ઘનિષ્ઠતાપૂર્વક જોડાયેલા છે. સંસારના વિવિધ દુઃખોથી સંતપ્ત માનવી પોતાનાં દુઃખોની કથા સંભળાવવા માટે કોઈક એવા સહાનુભૂતિપૂર્ણ દેવતાની શોધમાં હતો, જે તેનાં દુઃખોને સાંભળે અને તેમને દૂર કરવાનું અમૃત–ઔષધ પ્રદાન કરે તથા વિચલિત થયેલા માનવીના મનને સ્વસ્થ બનાવીને શાંતિ બક્ષે. આવા દેવની કલ્પના પુરાણોએ પ્રસ્તુત કરી. પૌરાણિક દેવતાઓ આકાશમાં જ વિચરણ કરનારા અને જગતનાં કાર્યોથી ઉદાસીન નથી, પરંતુ ભૂતલવાસી માનવોના સુખ–દુઃખમાં ભાગ પડાવનારા છે. આ રીતે વૈદિક દેવોની અપેક્ષાએ વ્યકિતાગત સંબંધોના કારણે પૌરાણિક દેવો એમના ભકતતની વધારે નજીક છે. એઓ નિર્વિશેષ ન રહેતાં સવિશેષ રૂપમાં પ્રતિષ્ઠિત થયેલા છે.

## : પાદટીપ :–

૦૧. વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ, પૃ. ૨૪૧–૨૪૩

૦૨. 'ब्राह्मणं नाम कर्मणस्तन्मन्त्राणां च व्याख्यानग्रन्थः ।'

ભટ્ટ ભાસ્કર, તૈત્તિરીયસંહિતા, ૧/૫/૧ પરનું ભાષ્ય

૦૩. 'मन्त्राश्च ब्राह्मणं च वेदः ।' પૂર્વ મીમાંસા, સૂત્ર ૨/૧/૩૩; કૌશિકસૂત્ર, ૧/૩; આપસ્તંબ શ્રૌતસૂત્ર, ૨૪/૧/૩૧; સત્યાષાઢ શ્રૌતસૂત્ર, ૧/૧/૭; બૌધાયન ગૃહ્યસૂત્ર, ૧/૬/૩ વગેરે

૦૪. સ્કંદપુરાણ,કુમારિકાખંડ,૪૬/૧૪૩; બ્રહ્મવૈવર્તપુરાણ,૨/૮/૫; કૂર્મપુરણ,૧/૨/૫૨ બ્રહ્મપુરાણ,૧૬૧/૧૫; સ્કંદપુરાણ, પ્રભાસખંડ,૨૦૨/૪૫–૪૬

૦૫. વરાહપુરાણ,૨૧/૬૫–૬૬; બ્રહ્માંડપુરાણ,૧/૧૩/૪; બ્રહ્મવૈવર્તપુરાણ,૪/૮૫/૩; બ્રહ્મપુરાણ, ૮૮/૧૦

૦૬. હરિવંશપુરાણ, ૧/૧૬/૩ તથા ૧/૪૧/૧૦

૦૭. કૂર્મપુરાણ, ૧/૨/૩; શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૧૫/૪૨

૦૮. પદ્મપુરાણ, ૬/૬૬/૭૨; શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧/૧૦/૨૪, ૨/૨/૩૨, ૧/૩/૩૫; બ્રહ્મપુરાણ, ૨૩૩/૩૯–૪૦; સ્કંદપુરાણ, રેવાખંડ, ૨૦/૬૬–૬૭

૦૯. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦/૭૮/૩૬

૧૦. બ્રહ્મપુરાણ, ૨૩૬/૧

૧૧. બ્રહ્માંડપુરાણ, ૧/૩૩/૪૭–૪૮

૧૨. વાયુપુરાણ,૫૮/૧૨; બ્રહ્માંડપુરાણ,૧/૩૧/૧૨; લિંગપુરાણ,૧/૩૯/૫૮; કૂર્મપુરાણ, ૧/૨૯/૪૪–૪૫; મત્સ્યપુરાણ,૧૪૪/૧૧–૧૨

૧૩. બ્રહ્મપુરાણ,૧/૪૯; બ્રહ્માંડપુરાણ,૧/૫/૮૮; શિવપુરાણ,૫/૨૯/૨૧; અગ્નિપુરાણ,૧૦/૧૩; હરિવંશપુરાણ,૧/૧/૩૯

૧૪. ગરુડપુરાણ,૧/૧૦૭/૨; મત્સ્યપુરાણ,૩/૨; સ્કંદપુરાણ,પ્રભાસખંડ,૨/૩,૨/૧૮

૧૫. વાયુપુરાણ,૧/૬૧;શ્રીમદ્‌ભાગવતપુરાણ,૮/૨૪/૮;માર્કણ્ડેયપુરાણ,૪૫/૨૦

૧૬. ગોપથબ્રાહ્મણ,૧/૧/૧૬;શતપથબ્રાહ્મણ,૬/૧/૧/૮;જૈમિનીયબ્રાહ્મણ,૧/૧/૩

૧૭. 'प्राजापत्यो वेदः' તૈત્તિરીયબ્રાહ્મણ,૩/૩/૨/૧ તથા ૩/૩/૭/૨

૧૮. માર્કણ્ડેયપુરાણ,૧૦૨/૧૫; વિષ્ણુપુરાણ,૨/૧૧/૭, ૩/૧૭/૫

૧૯. શ્રીમદ્‌ભાગવતપુરાણ,૧૧/૧૭/૧૨

૨૦. શતપથબ્રાહ્મણણ,૧૩/૧/૮/૮; કૌષીતકિબ્રાહ્મણ,૪/૨; ગોપથબ્રાહ્મણ,૨/૪/૬

૨૧. શતપથબ્રાહ્મણ,૭/૩/૧/૨૩; તૈત્તિરીયબ્રાહ્મણ,૩/૮/૩/૪

૨૨. શતપથબ્રાહ્મણ, ૧૦/૫/૨/૨

૨૩. मैकडानल, 'वैदिक माइथौलोजी', पृ. १६१-१६७

૨૪. ''अथ यद् विषितो भवति तद् विष्णुर्भवति । विष्णुर्विशतेर्वा व्यश्नोतेर्वा ।''

निरुक्त, १२/१९.

૨૫. ''अग्निर्वै देवानामवमो विष्णुः परमः, तदन्तरेण सर्वा अन्या देवता ।''

ऐतरेय ब्राह्मण, १/१.

૨૬. ''शक्यते वक्तुं यः सदास्तीति केवलम् ।'' વિષ્ણુપુરાણ, ૧/૨/૧૧.

૨૭.'' सर्वत्रासौ समस्तं वसत्यत्रेति वै यतः ।

ततः स वासुदेवेति विद्वद्भिः परिपठ्यते ।।'' એજન, ૧/૨/૧૨.

૨૮. ઋગ્વેદ, ૧/૧૧૪, ૨/૩૩ તથા ૭/૪૬.

૨૯. જેમકે, તૈત્તિરીય સંહિતાનો ૧૬મો અધ્યાય વગેરે.

૩૦. શુકલ યજુર્વેદ, ૩૯/૮.

૩૧. અથર્વવેદ, ૧૧/૨/૧.

૩૨. એજન, ૧૧/૨/૯.

૩૩. ''यो अग्नौ रुद्रो य अप्स्वन्त-

र्य ओषधीर्वीरुध आविवेश ।

य इमा विश्वा भुवनानि चाक्लृपे

तस्मै रुद्राय नमो अस्त्वग्नये ।।'' અથર્વવેદ, ૭/૮૩/૧.

૩૪. ઐતરેયબ્રાહ્મણ, ૩/૩/૩૩.

૩૫. છાન્દોગ્યોપનિષદ, ૩/૭/૪.

૩૬. બૃહદારણ્યકોપનિષદ, ૩/૯/૪.

૩૭. મૈત્રી ઉપનિષદ, ૬/૫.

૩૮. મહાનારાયણોપનિષદ, ૧૩/૨.

૩૯. નૃસિંહતાપની ઉપનિષદ, ૧/૨.

૪૦. શ્વેતાશ્વતરોપનિષદ, ૩/૪.

૪૧. ''त्वमग्ने रुद्रोऽसुरो महो दिवस्त्वं शर्द्धोः मारुतं पृक्ष ईशिषे ।

त्वं वातैररुणैर्यासि शङ्गयस्त्वं पूषा विधतः पासि नुत्मना ।।'' ઋગ્વેદ, ૨/૧/૬.

૪૨. અથર્વવેદ, ૭/૮૩/૧.

૪૩. શતપથબ્રાહ્મણ, ૩/૧/૩/૧.

૪૪. ઋગ્વેદ, ૨/૩૩/૭.

૪૫. શ્વેતાશ્વતરોપનિષદ, ૩/૨.

૪૬. શિવપુરાણ, રુદ્રસંહિતા, ૯/૩૫.

૪૭. ઋગ્વેદ, મંડળ–૧૦, સૂકતત–૧૨૧.

૪૮. શતપથબ્રાહ્મણ, ૧૧/૧/૬/૧૪.

૪૯. એજન, ૨/૨/૪/૧.

૫૦. મૈત્રાયણીસંહિતા, ૪/૨/૧૨.

૫૧. ઐતરેયબ્રાહ્મણ, ૩/૩૩; શતપથબ્રાહ્મણ, ૧/૭/૪/૧; પંચવિંશબ્રાહ્મણ, ૮/૨/૧૦.

૫૨. ઋગ્વેદ, ૧૦/૧૨૧/૧.

૫૩. મત્સ્યપુરાણ, અધ્યાય–૪.

૫૪. ''तल्लोकपद्मं स उ एव विष्णुः प्रावीविशत्सर्वगुणावभासम् ।
तस्मिन् स्वयं वेदमयो विधाता स्वयम्भूवं यं स्म वदन्ति सोऽभूत् ।।''

શ્રીમદભાગવતપુરાણ, ૩/૮/૧૫.

૫૫. શ્રીમદભાગવતપુરાણ, અ. ૮,૯,૧૦ વગેરે; મત્સ્યપુરાણ, અ. ૩,૪,૫વગેરે; વિષ્ણુપુરાણ, અ. ૫,૬,૭,૮ વગેરે.

૫૬. શ્રીમદભાગવતપુરાણ, ૭/૩/૨૬–૩૪.

૫૭. '' त्वत्तः परं नापरमप्यनेजद् एजच्च किञ्चित् व्यतिरिक्तमस्ति ।
विद्याः कलास्ते तनवश्च सर्वा हिरण्यगर्भोऽसि बृहत् त्रिपृष्ठः ।।

શ્રીમદભાગવતપુરાણ, ૭/૩/૩૨.

૫૮. એજન, ૯/૩૭–૩૮.

૫૯. 'पुराण विमर्श', पृ. ४७६-७७.

૬૦. શિવપુરાણ, રુદ્રસંહિતા, ૯/૫૫.

૬૧. વિષ્ણુપુરાણ, ૫/૩૩/૪૭–૪૮.

૬૨. વાયુપુરાણ, અધ્યાય–૨૪નું 'શિવસ્તવ'.

૬૩. પદ્મપુરાણ, પાતાલખંડ, ૨૮/૨૧.

૬૪. શિવપુરાણ, વાયવીય સંહિતા, પૂર્વભાગ, ૧૦/૬.

૬૫. શિવપુરાણ, વાયવીય સંહિતા, ઉત્તરખંડ, ૫/૭૫.

# પ્રકરણ: —૬
# પુરાણોમાં આરણ્યકગ્રંથો સંબંધી માહિતી

## પ્રકરણ—૯, પુરાણોમાં આરણ્યકગ્રંથો સંબંધી માહિતી

આરણ્યકગ્રંથો બ્રાહ્મણગ્રંથોના જ એક વિશેષ અંશ તરીકે ઓળખાય છે. વૈદિક સાહિત્યમાં પણ બ્રાહ્મણગ્રંથો પછી જ, આરણ્યકગ્રંથોને સ્થાન આપવામાં આવ્યું છે. એથી, આરણ્યકગ્રંથો અને બ્રાહ્મણગ્રંથો વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે. 'आरण्यक' શબ્દની વ્યુત્પત્તિ, સાયણે પોતાના ભાષ્યમાં 'अरण्ये एव पाठ्यत्वादारण्यकमितीर्यते ।'[૧] એમ આપેલ છે, અર્થાત્, 'જે ગ્રંથનો પાઠ અરણ્યમાં થતો, તે આરણ્યક કહેવાય છે.' વનમાં રહીને યજ્ઞ વગેરે વિદ્યાના રહસ્યની જેમાં વિચારણા કરવામાં આવી, તેનો સંગ્રહ આરણ્યકસાહિત્યમાં થયો છે. બૌધાયનધર્મસૂત્ર ૩/૭/૭/૧૯માં આરણ્યક માટે 'બ્રાહ્મણ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. નિરુકત(૧/૪) પરની ટીકામાં દુર્ગાચાર્યે 'ऐतरेयरहस्यब्राह्मणम्' કહી, ઐતરેયારણ્યક (૨/૨/૧)નો સંદર્ભ આપેલ છે. આનાથી બ્રાહ્મણ અને આરણ્યકની વિષયગત એકતા સિદ્ધ થાય છે.

સામાન્ય રીતે, આ આરણ્યકગ્રંથોને બ્રાહ્મણગ્રંથોના અંતિમભાગ તરીકે ઓળખાવી શકાય; પરંતુ તેમાં સૂક્ષ્મ અને રહસ્યમય વિચારોનું વિશ્લેષણ હોવાથી તેને 'રહસ્યબ્રાહ્મણ' તરીકે પણ ઓળખવામાં આવે છે. ગોપથબ્રાહ્મણ તથા બૌધાયનધર્મસૂત્રમાં આરણ્યક માટે 'રહસ્ય' એવું અન્ય નામ પણ પ્રયોજાયેલું જોવા મળે છે.[૨] મત્સ્યપુરાણ (૧૭૯/૪) તથા પદ્મપુરાણ (૫/૩૯/૮૦)માં પણ થોડા પાઠભેદ સાથે 'રહસ્ય' નામનો પ્રયોગ થયેલો જોઈ શકાય છે. યજ્ઞના રહસ્યના પ્રતિપાદનને લીધે જ કદાચ આ નામ પાડવામાં આવ્યું હશે, એવું અનુમાન કરી શકાય. આરણ્યકગ્રંથોમાં બ્રહ્મવિદ્યા, પ્રાણવિદ્યા વગેરે જેવા રહસ્યાત્મક વિષયોની પણ વિચારણા કરવામાં આવી છે. આ બ્રહ્મવિદ્યા પણ 'રહસ્ય—પદવાચ્ય' હોવાથી આરણ્યકગ્રંથને 'રહસ્ય' કહી શકાય. અનેક આરણ્યકગ્રંથો બ્રાહ્મણસાહિત્યના એક ભાગરૂપ છે. જેમકે, બૃહદારણ્યક એ શતપથબ્રાહ્મણનો અને જૈમિનીય આરણ્યક એ જૈમિનીય બ્રાહ્મણનો એક ભાગ છે. બીજી બાજુ વિષયની દૃષ્ટિએ આરણ્યકગ્રંથો ઉપનિષદોના પુરોગામી કહી શકાય. કારણ કે, તેના કેટલાક વિચારોનાં બીજને ઉપનિષદમાં અંકુરિત થતાં જોઈ શકાય છે. તેમજ, જેમ કેટલાક આરણ્યક બ્રાહ્મણગ્રંથોના ભાગરૂપ છે તેમ કેટલાક ઉપનિષદો આરણ્યકોના ભાગરૂપ છે. ઐતરેયોપનિષદ ઐતરીયારણ્યકમાં તેમજ તૈત્તિરીયોપનિષદ તૈત્તિરીયારણ્યકની અંદર આવે છે. આરણ્યકસાહિત્યનું મહત્ત્યવ પ્રાચીનકાળથી જ પ્રસ્થાપિત થયેલું

જોઈ શકાય છે. મહાભારતના શાંતિપર્વ[3] અને આદિપર્વ[4]માં ‘आरण्यकं च वेदेभ्य ओषधिभ्योऽमृतं यथा ।’ અર્થાત્, "જેમ ઔષધિઓમાંથી અમૃત તેમ વેદોમાંથી આરણ્યકો ઉત્પન્ન થયાં છે." એમ કહ્યું છે. અહીં આરણ્યકોને વેદોના સારરૂપ ગણાવીને તેના મહત્ત્યવને દર્શાવવામાં આવેલ છે. વિશ્વપ્રસિદ્ધ ભારતીય તત્ત્યવચિંતનના મૂલાધાર ગણાતાં ઉપનિષદોને વૈચારિક પૃષ્ઠભૂમિ પૂરી પાડનારાં આરણ્યકો છે, એમ કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી.

આરણ્યકોમાં યજ્ઞનાં રહસ્યોની મીમાંસા થયેલી છે. યજ્ઞ એ વિશ્વનું ચાલકબળ છે. વાસ્તવમાં સમસ્ત વિશ્વ એ યજ્ઞ છે અને યજ્ઞ વિશ્વના કલ્યાણાર્થે છે; પરંતુ યજ્ઞથી મળતાં સ્વર્ગાદિ ક્ષણિક છે. બીજી બાજુ, આરણ્યકોનો ઝોક પ્રાણવિદ્યા અને પ્રતીકોપાસના તરફ વળે છે. આથી ભારતીય તત્ત્યવજ્ઞાનના ઈતિહાસના અધ્યયનનું પ્રથમ પ્રકરણ એક અર્થમાં આરણ્યકોથી આરંભાય છે અને એ દષ્ટિએ આરણ્યકનું મહત્ત્યવ ઘણું જ વધી જાય છે.

**❖ આરણ્યકોનો પરિચય[5] :**

આરણ્યકસાહિત્ય વિષયક પ્રાપ્ત થતા ઉલ્લેખોના આધારે એવું કહી શકાય એમ છે કે, પ્રાચીનકાળમાં આરણ્યકોની સંખ્યા ઘણી જ વિપુલ હશે, પરંતુ કાળની સાથેસાથે એ પણ ભૂતકાળની ગર્તામાં સમાઈ ગયાં છે. હાલમાં પ્રાપ્ત થતાં આરણ્યકોને નીચે પ્રમાણે દર્શાવી શકાયઃ

❖ ઋગ્વેદનાં આરણ્યકો :

ઋગ્વેદનાં બે આરણ્યકો ઉપલબ્ધ થાય છેઃ (૧) ऐतरेय (૨) शांखायन વળી કૌષિતકિ આરણ્યક હોવું જોઈએ, એવો વેબરનો મત છે, પણ તે હજુ સુધી ઉપલબ્ધ થયું નથી. ઐતરેયારણ્યકમાં પાંચ આરણ્યક અને અઢાર અધ્યાય છે. તેના પ્રથમ આરણ્યકમાં મહત્ત્યવનું વર્ણન છે. દ્વિતીય આરણ્યકના પહેલા ત્રણ અધ્યાયોમાં ઉક્થ, નિષ્કૈવલ્ય શસ્ત્ર, પ્રાણવિદ્યા અને પુરુષની ચર્ચા છે. આનો ચોથો, પાંચમો અને છઠ્ઠા અધ્યાય એ સુપ્રસિદ્ધ ઐતરેયોપનિષદ છે. તેના ત્રીજા આરણ્યકને સંહિતોપનિષદ કહે છે. એમાં સંહિતા, પદ, ક્રમ, સ્વર, વ્યંજન વગેરેની ચર્ચા છે. ચતુર્થ આરણ્યકમાં મહાવ્રતમાં પ્રયુકત થતી મહાનામ્ની ઋચાઓ આપી છે. પાંચમા આરણ્યકમાં નિષ્કૈવલ્ય શસ્ત્રનું વર્ણન છે.

આ આરણ્યક નિરુકતથી પણ પહેલું હોય, ઈ.સ.પૂર્વે ૧૦૦૦ જેટલું પ્રાચીન હશે, એમ મનાય છે. જે મહીદાસ ઐતરેયે ઐતરેય બ્રાહ્મણનું સંકલન કર્યું

છે. તે જ મહીદાસ ઐતરેય આ ઐતરેય આરણ્યકના પ્રથમ ત્રણ આરણ્યકના સંકલનકાર છે. ચતુર્થ આરણ્યકનું આશ્વલાયને અને પંચમનું શૌનકે સંકલન કર્યું છે, એમ મનાય છે. કહેવાય છે કે, ષડ્ગુરુ શિષ્યે ઐતરેય આરણ્યક ઉપર મોક્ષપ્રદા નામની ટીકા લખી છે, પણ એ અપ્રાપ્ય છે. આ ઐતરેય આરણ્યક સાયણ—ભાષ્ય સહિત મુદ્રિત થઈ ચૂકયું છે.

ઋગ્વેદનું અન્ય ઉપલબ્ધ આરણ્યક શાંખાયન આરણ્યક છે. કેટલાક આને કૌષિતકિ આરણ્યક કહે છે, પરંતુ વેબર માને છે કે, એ ભિન્ન હોવું જોઈએ. ઈ.સ.૧૯૦૦માં ડૉ. વોલ્ટર ફ્રાઈડ્લરે બર્લિનથી સહુ પ્રથમવાર શાંખાયન આરણ્યક પ્રસિદ્ધ કર્યું છે. તે પછી ઓક્સફર્ડથી ઈ.સ.૧૯૦૨માં ડૉ. કીથે અને ઈ.સ.૧૯૨૨માં પૂનાથી શ્રીધર શાસ્ત્રી પાઠકે તેને પ્રસિદ્ધ કર્યું છે.

શાંખાયન આરણ્યકમાં પંદર અધ્યાય અને એકસો સાડત્રીસ ખંડ છે. તે વિષયની દૃષ્ટિએ ઐતરેય આરણ્યક સાથે સવિશેષ સામ્ય ધરાવે છે. તેના ત્રીજાથી છઠ્ઠા અધ્યાયને કૌષિતકિ ઉપનિષદ કહેવામાં આવે છે. તેના પહેલા બે અધ્યાયને કેટલાક વિદ્વાનો બ્રાહ્મણભાગ ગણાવે છે. આ આરણ્યકમાં શુનઃશેપ, અહિલ્યા, ખાંડવ, મત્સ્ય, કુરુક્ષેત્ર, કાશી, પાંચાલ વગેરેનો ઉલ્લેખ છે. તેના અંત ભાગમાં વંશનું વર્ણન છે અને અંતે કહ્યું છે કે, 'गुणाख्याच्छाङ्खायनादस्माभिरधीतम् ।' અર્થાત્, 'અમે આ (આરણ્યક) ગુણાખ્ય શાંખાયન પાસેથી ભણ્યા છીએ' આ ઉપરથી અનુમાન તારવી શકાય કે, ગુણાખ્ય શાંખાયન અને તેના શિષ્યો આ આરણ્યકના સંકલનકર્તા છે.

❖ સામવેદનું આરણ્યક :

સામવેદના અનેક બ્રાહ્મણગ્રંથો ઉપલબ્ધ થાય છે, પરંતુ તેનું સ્વતંત્ર આરણ્યક મળતું નથી. તલવકાર આરણ્યક એ સામવેદનું આરણ્યક ગણાવાય છે. પણ તેનું બીજું નામ છે, જૈમિનીયોપનિષદબ્રાહ્મણ. તેના ચાર અધ્યાય છે અને તે જુદા જુદા ખંડોમાં વિભકત છે. તેના ચોથા આરણ્યકના દસમા અનુવાકમાં સુપ્રસિદ્ધ એવું તલવકાર ઉપનિષદ અથવા કેનોપનિષદ આવે છે. જેમ જૈમિનીયબ્રાહ્મણનું તેમ આ તલવકાર આરણ્યકનું સંકલન જૈમિની અને તલવકારે કર્યું હશે, એમાં કોઈ શંકાને સ્થાન નથી.

❖ યજુર્વેદનાં આરણ્યકો :

યજુર્વેદનાં કુલ ચાર આરણ્યકો પ્રાપ્ત થાય છે. જેમાંથી કૃષ્ણ યજુર્વેદનું

એકમાત્ર તૈત્તિરીય આરણ્યક મળે છે. જ્યારે શુકલ યજુર્વેદની ત્રણે શાખાઓનાં એક–એક એમ કુલ ત્રણ આરણ્યકો મળે છે. કૃષ્ણ યજુર્વેદના તૈત્તિરીય આરણ્યકમાં ૧૦ પ્રપાઠક છે. દરેકનાં નામ તેના પ્રારંભના પ્રથમ શબ્દને આધારે આપવામાં આવે છે. જેમકે પહેલાને ભદ્ર, આઠમાને બ્રાહ્મવિદ્યા, નવમાને ભૃગુ, દસમાને નારાયણીય. આ આરણ્યકના સાત, આઠ, અન. નવમા પ્રપાઠકમાં તૈત્તિરીય ઉપનિષદ આવે છે. તેવી જ રીતે દસમા પ્રપાઠકમાં નારાયણીય ઉપનિષદ આવે છે. આ વિભાગને ખિલકાંડ પણ માનવામાં આવે છે.

આ આરણ્યકમાં કેટલીક ધ્યાનાકર્ષક બાબતો છે. અહીં આપવામાં આવેલું જળના સ્વરૂપનું વૈજ્ઞાનિક વિશ્લેષણ ધ્યાન ખેંચે છે. 'चत्वारि वा अपां रूपाणि । मेधा विद्युत् स्तनयित्नुर्वृष्टि' જળનાં ચાર સ્વરૂપો છે. વાદળ, વિજળી, ગર્જન અને વર્ષા. વળી એ સ્થળે વર્ષાનું, કૂવાનું, તળાવનું, નદીનું, ઘડાનું અને ખાબોચિયાનું એમ પાણીના છ પ્રકારો વર્ણવ્યા છે. આમાં અનેક મંત્રોની વ્યાખ્યા હોવાથી આ એક ઉપયોગી ગ્રંથ છે.

શુકલ યજુર્વેદની કાણ્વશાખાનું આરણ્યક બૃહદારણ્યક છે. તેનું નામ બતાવે છે તેમ એ મોટું આરણ્યક છે. તેમાં છ અધ્યાય છે. અને પ્રત્યેક જુદાં જુદાં બ્રાહ્મણોમાં વિભકત છે. બધું મળીને તેમાં ૪૭ બ્રાહ્મણો છે. અહીં આત્મ–તત્ત્યવનું વિશેષ વિશ્લેષણ હોવાથી આને બૃહદારણ્યકોપનિષદ પણ કહે છે. કારણ કે, આ આરણ્યકમાં યજ્ઞનું રહસ્યકથન અલ્પ પ્રમાણમાં છે. પણ આત્મ–તત્ત્વનું વિવેચન વિસ્તારથી છે. અહીં યાજ્ઞવલ્કય અને જનક જેવાં પ્રધાન પાત્રો ઉપલબ્ધ થાય છે. સંન્યાસની વાત અહીં સુંદર રીતે નિરૂપાઈ છે. આમાં ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદુષીઓનાં ચારિત્રો પણ સમાયાં છે.

આ બૃહદારણ્યક શતપથબ્રાહ્મણનો ભાગ હોવાથી, તેનું સંકલન પણ તેટલું જ પ્રાચીન સમયમાં થયું હશે. આની અનેક આવૃત્તિઓ બૃહદારણ્યકોપનિષદના નામે થયેલી છે. બૃહદારણ્યકોપનિષદ અત્યંત પ્રસિદ્ધ હોવાથી તેના ઉપર નાની મોટી અઢાર ટીકાઓ મળી આવે છે. અને તે ટીકાઓ ઉપર ચારેક વાર્તિક પણ રચાયાં છે.

શુકલ યજુર્વેદની માધ્યંદિની શાખાનું પણ એક આરણ્યક મળે છે. જેનું નામ પણ બૃહદારણ્યક છે. તે શતપથબ્રાહ્મણનો જ એક ભાગ છે. તેમાં છ અધ્યાય અને ચુમાલીસ બ્રાહ્મણો ઉપલબ્ધ થાય છે. કાણ્વના બૃહદારણ્યકથી આ

બૃહદારણ્યકનો ભેદ થોડો ઘણો પાઠમાં અને કયાંક વિભાગોમાં છે. અન્યથા ઘણું ખરું બન્ને શાખાનાં બૃહદારણ્યકો એક બીજા સાથે ઓછું વત્તું સામ્ય ધરાવે છે. આ આરણ્યકનું સંકલન પણ માધ્યંદિન શતપથબ્રાહ્મણની સાથે જ થયું હશે એમ અનુમાન કરી શકાય છે. બૃહદારણ્યકના સાયણ ભાષ્યની એક પ્રત પૂનાના ભાંડારકર ઓરિયેન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટયુટમાંથી સ્વામી ગંગેશ્વરાનંદની પ્રેરણાથી પ્રાપ્ત થઈ છે.

પંડિત ભગવદ્દત્તે ચરકશાખોકત બૃહદારણ્યક અથવા મૈત્રાયણીય–આરણ્યકનો નિર્દેશ અને વિવેચન કર્યું છે.[૬] તેઓની જ નોંધ મુજબ આજ આ આરણ્યક મૈત્ર્યુપનિષદના નામે ઓળખાય છે. તેનું સંપાદન રામતીર્થની દીપિકા સાથે પૂનાથી આનંદ આશ્રમગ્રંથમાલામાં ‘उपनिषदां समुच्चयः’ માં થયું છે. મૈત્રાયણ્યુપનિષદના નામે નિર્ણયસાગર પ્રેસ દ્વારા અને મૈત્રેયોપનિષદ એ નામથી 'Minor Upanishads' માં એફ. ઓ. શ્રોડરે કર્યું છે. અડયારના સામાન્ય વેદાંત ઉપનિષદ નામના ગ્રંથમાં પણ તેનો સમાવેશ થયેલો છે.

આ મૈત્રાયણીયારણ્યકની આનંદાશ્રમની આવૃત્તિમાં સાત, નિર્ણયસાગરમાં પાંચ, શ્રોડરમાં ત્રણ અને સામાન્યવેદાંતોપનિષદમાં ચાર પ્રપાઠકો આપવામાં આવ્યાં છે. શ્રોડરનો પાઠ અન્ય કરતાં નિતાંત ભિન્ન છે. આ ચરકશાખોકત બૃહદારણ્યક છે, એવો મત પંડિત ભગવદ્દત ધરાવે છે. આ આરણ્યકનું શુદ્ધ સંસ્કરણ સાતવળેકરે મૈત્રાયણી સંહિતાના પરિશિષ્ટ રૂપે કર્યું છે.

અથર્વવેદનું કોઈ આરણ્યક હાલ ઉપલબ્ધ થતું નથી, પરંતુ શકય છે કે અથર્વવેદ સંબંધી પણ કોઈક આરણ્યક લખાયું હશે!

વિષયની દષ્ટિએ આરણ્યક અને ઉપનિષદમાં ઘણું જ સામ્ય જોવા મળતું હોવાથી બૃહદારણ્યકાદિ આરણ્યકગ્રંથોને જ ઉપનિષદ તરીકે ઓળખવામાં આવે છે. આદિપર્વ ૪/૬માં આવેલ આરણ્યક શબ્દનો અર્થ નીલકંઠે પોતાની ટીકામાં જ્ઞાનકાંડાત્મક–ઉપનિષદ કર્યો છે. એ જ રીતે વનપર્વ, ૨૫૧/૨૪ની ટીકામાં પણ 'ઉપનિષદ' પદ આરણ્યક માટે જોવા મળે છે. આ રીતે આચાર્યોએ ઉપનિષદના અર્થમાં આરણ્યક શબ્દનો પ્રયોગ કર્યો છે. હરિવંશપુરાણ, ૩/૭૩/૧૫માં પણ આરણ્યક શબ્દનો અર્થ 'ઉપનિષદ' કર્યો છે. મત્સ્યપુરાણ (૧૬૭/૪) અને પદ્મપુરાણ (૫/૩૬/૮૦)માં જે ‘‘रहस्यारण्यकोद्दिष्टं यच्चौपनिषदं स्मृतम्’’ કહેવામાં આવ્યું છે, તે પણ આરણ્યક અને ઉપનિષદોની એકાત્મકતા દર્શાવે છે. પ્રાણવિદ્યા અને પ્રતીકોપાસના આરણ્યકના જ વિષયો છે, પરંતુ નિર્ગુણબ્રહ્મજ્ઞાન ઉપનિષદનો

અંશ છે, તેથી વિષયભેદ મુજબ બન્નેમાં ભેદ છે. આ ભેદને સ્વીકારી એક જ શ્લોકમાં ઉપનિષદ અને આરણ્યકનો અલગ ઉલ્લેખ પ્રભાસક્ષેત્ર, ૩/૨૯–૩૦માં કરવામાં આવ્યો છે. અહીં 'ઉપનિષદ' એ કોઈ ગ્રંથવિશેષનું નામ નથી, પરંતુ બ્રહ્મવિદ્યાને જ ઉપનિષદ કહેલ છે. 'આરણ્યક' શબ્દ અરણ્યમાં થતા ગ્રંથવિશેષનું નામ હોવાથી, ગ્રંથની દષ્ટિએ બ્રહ્મવિદ્યાનિરૂપણપરાયણ અંશ આરણ્યકગ્રંથમાં જ ગણવામાં આવે છે. શંકરાચાર્યે શારીરકભાષ્ય ૩/૩/૧૯માં ''वाजसनेयिशाखायां बृहदारण्यके'' વાકય આપેલ છે, જે આરણયકનો વૈદિકશાખાઓ સાથે સંબંધ દર્શાવે છે. ઐતરીયારણ્યક ૨/૧૦માં 'सर्ववेदा......ऋच इत्येव विद्यात्' કહી બધાજ વેદોને ઋક્રૂપ ગણાવ્યા છે. વાયુપુરાણ (૭૯/૯૫) અને બ્રહ્માંડપુરાણ (૨/૧૫/૬૮)માં ઋગ્વેદને અનુલક્ષીને 'ऋचश्च यो वेद स वेद वेदान्' કહેવામાં આવ્યું છે. વેદોમાં ઋગ્વેદને પ્રધાન ગણવામાં આવ્યો છે. ઋગ્વેદના જ્ઞાન વિના અન્ય વેદોનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી, એવો સ્પષ્ટ નિર્દેશ છે. હરિવંશપુરાણ (૩/૨૪/૧૧)માં 'ऋचश्च संचयाः सर्वाः सामगानं च' કહેવામાં આવ્યું છે. ઋગ્વેદમાં અન્ય વેદો સમાયેલા છે, તે આ વાકયનું તાત્પર્ય છે.

ઐતરેયાદિ આરણ્યકોનાં નામો પુરાણોમાં મળતાં નથી. મહાભારતના શાંતિપર્વના ૩૧૮મા અધ્યાયમાં શતપથબ્રાહ્મણનું નામ મળે છે. બૃહદારણ્યકનું નામ પુરાણોમાં મળે છે. સ્કંદપુરાણના રેવાખંડ (૧૭/૩૦)માં શિવારાધનમાં બૃહદારણ્યકનો નિર્દેશ છે. શૌનકાચાર્યે મંત્રના ઋષિ, દેવતા અને છંદ કેવી રીતે નકિક કરવા, તે માટે સર્વાનુક્રમણિકામાં કહ્યું છેઃ ''यस्य वाक्यं स ऋषिः । या तेन उच्यते सा देवता । यदक्षरपरिमाणं तच्छन्दः ।'' અર્થાત્, "જેનું વાકય હોય તે ઋષિ, તેના દ્વારા જેના વિશે કહેવામાં આવે તે દેવતા, (અને) જે અક્ષર–પરિમાણ છે તે છંદ છે." તૈત્ત્યિારીયારણ્યક (૨/૯/૧)માં 'ऋष्' ધાતુને સમજાવતાં કહ્યું છેઃ – 'अजान् ह वै पृश्नीस्तपस्यमानान् ब्रह्म स्वयमभ्यनर्षत् तदृषयोऽभवन्, तदृषीणामृषित्वम् ।' અર્થાત્, "જે તપ કરતાં હતાં, તેની પાસે સ્વયં બ્રહ્મ એટલે સ્વયં વેદ પધાર્યા માટે તે ઋષિઓ બની ગયા, તે ઋષિનું ઋષિત્વ છે."

પુરાણોમાં શૌનકને આરણ્યકના જ્ઞાતા કહેવામાં આવ્યા છે. પદ્મપુરાણ ૫/૧/૧૮માં 'शौनको नाम मेधावी विज्ञानारण्यके गुरुः ।' વાકય પ્રાપ્ત થાય છે. જેમાં આચાર્ય શૌનકને બ્રહ્મજ્ઞાનનિધિ કહ્યા છે. અસ્પવામીયભાષ્ય પૃ. ૩માં આત્માનંદે કહ્યું છે કે,– "શૌનકે આધ્યાત્મિક દષ્ટિએ વેદશાખા કરી હતી" આ વાકય ઘણું જ

નોંધનીય છે. તેનાથી એ પણ કહી શકાય છે કે, વેદના થોડા અંશો પર શૌનક વગેરે આચાર્યોની અધ્યાત્મપ્રક્રિયાપરક વ્યાખ્યાઓ હતી. પ્રસ્તુત વાકયમાં પ્રયોજાયેલ ‘विज्ञानारण्यके’ શબ્દનો અર્થ 'વિજ્ઞાનને રજૂ કરતું આરણ્યક' દર્શાવ્યો છે. વિજ્ઞાનનો અર્થ વિશિષ્ટ જ્ઞાન કે અધ્યાત્મજ્ઞાન જ છે.

વાચિકીભકિતના વિવરણમાં આરણ્યક–જપનો ઉલ્લેખ પદ્મપુરાણ ૪/૮૪/૬માં જોવા મળે છે. શિવાદિપૂજાના પ્રસંગમાં આરણ્યક–જપ કહેવામાં આવેલ છે. મહાભારતના શાંતિપર્વમાં ૩૩૯/૮માં ‘आरण्यकं जगौ’ નો ઉલ્લેખ મળે છે, જેનાથી આરણ્યક–પાઠની પદ્ધતિ જ્ઞાત થાય છે. તૈત્તિરીયારણ્યક ૧/૯/૨માં 'વ્યાસ પારાશર'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહીં વ્યાસ પહેલાં પણ પુરાણનું અસ્તિત્વ હતું, તેવો નિર્દેશ કરવામાં આવ્યો છે.[૭] તૈત્તિરીયારણ્યક ૨/૯/૧૦–૧૧માં ‘पुराणानि’ એમ પુરાણો માટે બહુવચનમાં પ્રયોગ થયેલો જોવા મળે છે.[૮] એનાથી અનુમાન કરી શકાય છે કે, એ સમયમાં ઘણા પ્રકારની પુરાણ–પરંપરાનો વિકાસ થઈ ચૂકયો હતો. સંખ્યા બાબતે અનિશ્ચિતતાને કારણે પ્રવચનભેદે બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો હોઈ શકે.

પુરાણોમાંથી પ્રાપ્ત થતાં કેટલાંક વાકયોને આધારે એવું પ્રતીત થાય છે કે, એ આરણ્યકોનાં વાકયો છે. જોકે, તેમાં કોઈ ચોક્કસ આરણ્યકનું નામ આપવામાં આવ્યું નથી, તેથી એ આરણ્યક કયું છે? એ કહેવું મુશ્કેલ છે. છતાં અનુમાને આધારે એવાં કેટલાંક વાકયોની ઓળખ આપવા પ્રયત્ન કરીએ તો–

–> શિવપુરાણ ૬/૧૧/૪૯માં ‘ओमितीदं सर्वम्’ ને શ્રુતિવાકય કહેલ છે, જે તૈત્તિરીયારણ્યક ૭/૮માં મળે છે.

–> ત્યાગસંબંધી એક મત લિંગપુરાણ ૧/૮૬/૨૦માં મળે છે, જે તૈત્તિરીય બ્રાહ્મણ ૧૦/૧૦ માં પણ પ્રાપ્ત થાય છે.

–> લિંગપુરાણ ૧/૨૫/૨૪ માં જોવા મળતો પંચબ્રહ્મનો નિર્દેશ તૈત્તિરીયારણ્યક ૧૦/૪૩–૪૭ માં પણ મળે છે.

સૃષ્ટિનું નિર્માણ કરનાર ચતુર્મુખ બ્રહ્મા જ સ્વયં પરમેશ્વરની ત્રિગુણમયી મૂર્તિનું એક અંગ છે. તૈત્તિરીયારણ્યક ૩/૧૨/૯/૩ માં ‘ब्रह्म....... ब्रह्माऽभवद्भत्स्वयम् ।’ વગેરેથી કહેવામાં આવ્યું છે કે, "સૃષ્ટિના આદિમાં પરબ્રહ્મ પરમાત્મા જ બ્રહ્માના રૂપમાં પ્રગટ થઈ, સૃષ્ટિની રચના કરે છે. તેનાથી સનકાદિ ઋષિ અને મરીચિ વગેરે મહર્ષિઓની ઉત્પત્તિ થાય છે. સૃષ્ટિ–સર્જન પ્રત્યેના

એમના નિવૃત્તિપરક વિચારથી સૃષ્ટિની વૃદ્ધિ ન જોતાં, બ્રહ્માજીએ પોતાના શરીરને બે ભાગોમાં વિભકત કરી દીધું, જેનો વામભાગ સ્ત્રી અને દક્ષિણભાગ પુરુષના રૂપમાં વિભાજીત થઈ ગયો." મત્સ્યપુરાણના ત્રીજા અધ્યાયમાં પણ આ બાબતનો નિર્દેશ આ પ્રમાણે મળે છેઃ

'ततः संजपतस्तस्य भित्त्वा देहमकल्मषम् ।
स्त्रीरूपमर्धमकरोदर्धं पुरुषरूपवत् ।।'[૯]

વિષ્ણુપુરાણ ૬/૫/૬૫ માં પણ આ કલ્પના જોવા મળે છે. શ્રીમદ્ ભાગવતપુરાણ, ૩/૧૨/૨૯–૩૩માં પણ કથાના રૂપમાં આ ઘટનાને વર્ણવવામાં આવી છે અને ૩/૧૩/૫૧–૫૨માં પણ તેનો નિર્દેશ છે.

આરણ્યકોમાં યજ્ઞનાં રહસ્યોની મીમાંસા કરવામાં આવી છે. ઐતરીયારણ્યક ૨/૩માં યજ્ઞવિષયક વિચારણા થયેલ જોવા મળે છે. જેમાં 'આપવામાં આવતી અનેક આહુતિથી યુકત અનુષ્ઠાન'ને યજ્ઞ માનવામાં આવ્યો છે. આ જ આરણ્યકમાં યજ્ઞને પંચવિધ ગણાવ્યો છે.[૧૦] વળી, પાકયજ્ઞ, હવિર્યજ્ઞ, સોમયજ્ઞ એમ ત્રણ પ્રકારના યજ્ઞો ગણાવ્યા છે. પાકયજ્ઞમાં ઔપાસનહોમ, વૈશ્વદેવ, અષ્ટકા વગેરે આવે છે. હવિર્યજ્ઞમાં અગ્નિહોત્ર, દાર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્યાદિનો સમાવેશ થાય છે અને સાં અગ્નિષ્ટોમ, વાજપેય, અતિરાત્ર જેવા યજ્ઞોનો અંતર્ભાવ કરવામાં આવે છે. અહીં દેવયજ્ઞ, ભૂતયજ્ઞ અને બ્રહ્મયજ્ઞ વિશે પણ વર્ણન કરેલ છે. હવિર્યજ્ઞમાં અગ્નિહોત્ર મહત્ત્યવનો છે. તેનું અનુષ્ઠાન કરવાથી પ્રત્યવાય પેદા થાય અને માનવજન્મ નિરર્થક જાય, એમ મનાય છે. અગ્નિમાં નિયમિત આહુતિ આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે. અહીં સોમયાગના (૧) अध्वर्युगण – અધ્વર્યુ, પ્રતિસ્થાતાનેષ્ટા અને ઉન્નેતા; (૨) ब्रह्मगण – બ્રહ્મા, બ્રહ્મણાચ્છંસી, આગ્નીધ્ર અને પોતા; (૩) होतृगण – હોતા મૈત્રાવરુણ અથવા પ્રશાસ્તા, અચ્છાવાક્ અને ગ્રાવસ્તુત્ (૪) उद्गातृगण – ઉદ્ગાતા, પ્રસ્તોતા, પ્રતિહર્તા અને સુબ્રહ્મણ્યનાં કર્મો, વિધિ–વિધાનોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. યજ્ઞ એ વિશ્વનું ચાલકબળ છે. વાસ્તવમાં સમસ્ત વિશ્વ યજ્ઞ છે અને યજ્ઞ વિશ્વના કલ્યાણાર્થે છે પણ યજ્ઞથી મળતાં સ્વર્ગાદિ સુખો ક્ષણિક છે, એમ કહી પ્રાણવિદ્યા અને પ્રતીકોપાસના તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું છે. 'यज्' ધાતુમાં 'यजयाचयतविच्छ्रक्षोनङ्' એવા પાણિનીય સૂત્રથી 'नङ्' પ્રત્યય તથા 'स्तोश्चुना श्चुः' થી 'श्चुत्व' અને 'जञोर्ज्ञ' થી 'ज्ञ' કરવાથી 'यज्ञ' શબ્દ બને છે. 'यज् देवपूजासङ्गतिकरणादानेषु' મુજબ 'यज्' ધાતુના ત્રણ અર્થો કરવામાં

આવે છે– દેવપૂજા, સંગ અને દાન. દેવતુલ્ય ઋષિ, મહર્ષિ અને બ્રાહ્મણોનો સંગ થાય છે અને દાન–દક્ષિણા પણ કરવામાં આવે છે. મત્સ્યપુરાણમાં યજ્ઞનું લક્ષણ આ પ્રમાણે આપવામાં આવ્યું છેઃ

'देवानां द्रव्यहविषां ऋक्सामयजुषां तथा ।
ऋत्विजां दक्षिणानां च संयागो यज्ञ उच्यते ।।'[१२]

અર્થાત્, 'જેમાં કર્મવિશેષમાં દેવતા, હવનીય દ્રવ્ય, વેદમંત્ર, ઋત્વિજ અને દક્ષિણાના સંયોગને યજ્ઞ કહે છે.'

ઈશ્વરીય કાર્યોનું અનુસંધાન કરવાથી બ્રહ્મની આધ્યાત્મિક વિભૂતિઓનો વિકાસ ઋષિઓ દ્વારા, આધિદૈવિક વિભૂતિઓનો વિકાસ દેવતાઓ દ્વારા, આધિભૌતિક વસ્તુઓનો વિકાસ પિતરો દ્વારા, વિશેષ ફળનો વિકાસ મનુષ્યો દ્વરા અને સાધારણ કલાનો વિકાસ જડજીવો દ્વારા થાય છે. બ્રહ્મ સાથે એકાત્મકતા સાધવા માટે આ પાંચેયની સેવા કરવી ઘણી જ જરૂરી બતાવી છે તથા આ પાંચ મહાયજ્ઞમાં આ પાંચેયની સેવા આ પ્રકારે બતાવી છે. વિષ્ણુપુરાણ ૬/૧/૮ અને પદ્મપુરાણ, સૃષ્ટિખંડ ૩/૧/૨૪ માં યજ્ઞ દ્વારા દેવ પ્રસન્ન થઈ વૃષ્ટિ કરે છે. જેના લીધે મનુષ્યો અને જીવો પોષણ મેળવે છે. આ રીતે જગતના પોષણ કરવા માટે યજ્ઞ કરવો જરૂરી ગણાવ્યો છે. યજ્ઞને ધર્મ–સાધનનું મોટું અંગ માનવામાં આવેલ હોવાથી શાસ્ત્રોમાં ધર્મ અને યજ્ઞને પર્યાય ગણ્યાં છે. વિશેષતા એટલી જ છે કે, જે કાર્ય પરમાત્માની પ્રાપ્તિ અને દૈવીજગતના સંવર્ધનની ઉદેશથી કરવામાં આવેછે , તેને યજ્ઞ કહેવામાં આવે છે અને શેષ રહે તેને ધર્મ કહ્યો છે. શ્રીમદ્ભાગવતપુરાણ ૪/૧/૪માં વર્ણાશ્રમધર્મીઓએ યજ્ઞપુરુષભગવાનનું ભોજન કરી, ભગવાનને પ્રસન્ન કરી જીવન પસાર કરવાનું કહેવામાં આવ્યું છે. તો વળી, કાલિકાપુરાણમાં તો સમગ્ર જગતને જ યજ્ઞમય કહ્યુ છેઃ

'यज्ञदेवाः प्रजाश्चैव यज्ञान्ननियोगिनः ।
सर्व यज्ञात्सदा भावि सर्वं यज्ञमयं जगत् ।।'[११]

અર્થાત્, 'યજ્ઞથી દેવગણ, પ્રજા, અન્ન પર નભતા જીવો અને યજ્ઞ પર જ સંપૂર્ણ ભવિષ્ય નિર્ભર રહે છે. આ રીતે યજ્ઞમય સૃષ્ટિનો નિર્દેશ કરાયો છે. એ જ રીતે, કાલિકાપુરાણમાં જ કહ્યુ છેઃ 'યજ્ઞથી દેવ પ્રસન્ન થઈ પૃથ્વીને ધારણ કરે છે અને સમગ્ર પ્રજાને પાપોમાંથી મુકત કરે છે. યજ્ઞથી જ જીવ જીવે છે અને યજ્ઞથી જ સંપૂર્ણ જગત યજ્ઞમય બને છે.'[૧૨] એવી યજ્ઞની સર્વોપરિતાનો સ્વીકાર દર્શાવ્યો

છે. વૈદિક યજ્ઞતત્ત્યવનો વિકાસ પુરાણોમાં સર્વોચ્ચ કક્ષાએ પહોંચેલો જોવા મળે છે.

તૈત્તિરીયારણ્યકાદિમાં આપવામાં આવેલા મંત્રો, એની ઉત્પત્તિ વગેરે સંબંધી વિચાર મત્સ્યપુરાણ ૧૪૫/૬૨–૬૪, વાયુપુરાણ ૫૯/૬૦–૭૨ બ્રહ્માંડપુરાણ ૧/૩૨/૬૭–૬૯ વગેરેમાં પ્રાપ્ત થાય છે. જેમાં કઠોર તપ કરવાવાળા ઋષિઓનાં હૃદયોમાં મંત્રોની ઉત્પત્તિ થઈ હતી એવું સ્પષ્ટપણે કહ્યું છે. પ્રજાના દુઃખને દૂર કરવા માટે અને સુખની પ્રાપ્તિ કરાવવા માટે ઋષિઓએ મંત્રોવાળા વેદની રચના કરી. દરેક ઋષિ જુદા જુદા વેદનું તપ કરતા હતા. તૈત્તિરીયારણ્યક ૨/૨૯માં પણ આ વાત કહેવામાં આવી છે. એવા કેટલાક મંત્રો અંગે જોઈએ તો–

(૧) ત્વરિતમંત્ર :– આ મંત્રનો શિવલિંગ–સ્નાન માટે લિંગપુરાણ ૧/૨૭/૪૪માં અને રુદ્રલિંગાભિષેક માટે લિંગપુરાણ ૧/૨૫/૩૩માં ઉલ્લેખ થયેલો છે. તૈત્તિરીયસંહિતા ૫/૫/૯/૯માં આવેલ 'यो रुद्र.......।' મંત્ર આ પ્રકારનો મંત્ર છે. તૈત્તિરીયારણ્યક ૧૦/૧૮ના ભાષ્યમાં સાયણ કહે છે કે, આ ૧૦/૧૮–૨૦ મંત્રો 'ત્વરિતરુદ્ર' તરીકે ઓળખાય છે, એવું કલ્પોમાં પ્રસિદ્ધ છે.

(૨) ત્રિસુપર્ણમંત્ર :– શ્રાદ્ધના પ્રસંગે આ મંત્ર બ્રહ્મપુરાણ ૨૧૯/૬૯, વિષ્ણુપુરાણ ૩/૧૫/૧, વામનપુરાણ ૪૭/૧૨૦, કૂર્મપુરાણ ૨/૨૧/૪માં પ્રાપ્ત થાય છે. તૈત્તિરીયારણ્યક ૧૦/૪૮–૫૦ના ત્રણ અનુવાક્ ત્રિસુપર્ણ છે. તૈત્તિરીયારણ્યક ૧૦/૪૮ના સાયણભાષ્યમાં પણ આ મત છે. શ્રીધરે વિષ્ણુપુરાણ ૩/૧૫/૧ની વ્યાખ્યામાં તૈત્તિરીયારણ્યકના આ વાકયને ત્રિસુપર્ણના રૂપમાં માન્યું છે.

(૩) પંચબ્રહ્મમંત્ર :– લિંગપુરાણ ૧/૨૫/૨૪માં શિવલિંગસ્નાન, રુદ્રલિંગાભિષેકમાં આ મંત્રનો ઉલ્લેખ છે. લિંગપુરાણ ૧/૨૭/૪૫માં પણ આનો નિર્દેશ મળે છે. સદ્યોજાત, ઈશાન, તત્પુરુષ, અઘોર અને વામદેવને પુરાણોમાં પંચબ્રહ્મ કહેલ છે. તૈત્તિરીયારણ્યક ૧૦/૪૩–૪૭માં પણ તેમને 'પંચબ્રહ્મ' પદથી અભિહિત કરવામાં આવ્યા છે.[૧૩]

(૪) મધુજપ :– યજુર્વેદીઓ દ્વારા શિવપૂજામાં તેના જપનો ઉલ્લેખ સ્કંદપુરાણના રેવાખંડમાં ૫૧/૪૫માં મળે છે. આ મંત્ર તૈત્તિરીયારણ્યક ૧૦/૩૮માં મળે છે. મદનપારિજાત પૃ. ૭૬૧માં મસ્કરીએ આ મતને ટાંકેલો છે. આ મંત્ર તૈત્તિરીયારણ્યક ૪/૨/૯ તથા વાજસનુયીસંહિતા ૧૩/૨૭–૨૯માં પણ છે જયાં આ મંત્રોને 'મધુાતી' કહેલ છે.

(૫) રુદ્રગાયત્રી :– લિંગપુરાણ ૧/૧૩/૧૩માં મહાદેવધ્યાનના પ્રસંગમાં રૌદ્રી

ગાયત્રીનો ઉલ્લેખ છે. શિવપુરાણ ૨/૧/૧૧/૫૦—૫૧ અને વાયુપુરાણ ૨૩/૧૩માં રુદ્રગાયત્રીનો સંબંધ શિવની સાથે બતાવ્યો છે. તૈત્તિરીયારણ્યક ૧૦/૧માં 'तत्पुरुषाय विद्महे महादेवाय धीमहि तन्नो रुद्रः प्रचोदयात् ।' મંત્ર છે. કાઠકસંહિતા ૧૭/૩૨માં પણ આ મંત્ર છે.

આ આરણ્યકમંત્રોની જેમ પુરાણોમાંથી કેટલાંક આરણ્યકવાકયો પણ પ્રાપ્ત થાય છે, જે પુરાણો અને આરણ્યકોના સંબંધને સ્પષ્ટ કરે છે. એવાં કેટલાંક આરણ્યકવાકયો કે જેની પુરાણોમાં વ્યાખ્યા કરવામાં આવી છે, તેમાંથી કેટલાંક આ પ્રમાણે છેઃ

(૧) બૃહદારણ્યક ૪/૪/૨૨માં 'तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन दानेन तपसाऽनाशकेन ।' કહ્યું છે. અગ્નિપુરાણ આ વાકયની વ્યાખ્યા આ પ્રમાણે કરે છેઃ

'वेदानुवचनं यज्ञा ब्रह्मचर्यं तपो दमः ।
श्रद्धोपवासः सत्यत्वमात्मनोज्ञानहेतवः ।।'[૧૪]

અગ્નિપુરાણના વર્ણાશ્રમધર્મગત અને વ્યવહારપ્રકરણગત અનેક શ્લોક થોડા પાઠભેદ સાથે યાજ્ઞવલ્કયસ્મૃતિમાં મળે છે. અહીં 'विविदिषन्ति' પદને લક્ષ્ય કરીને 'ज्ञानहेतवः' પદ આપવામાં આવ્યું છે. 'अनाशक' માટે 'श्रद्धोपवासः' પદ જ સાર્થક છે. મૂળમાં 'दान' છે, તેના માટે પુરાણમાં ઉપયુકત પદ નથી. 'ब्रह्मचय' અને 'दम' એ બન્ને પદ વ્યાખ્યાના રૂપમાં વધારે જોડવામાં આવ્યાં છે. જેમાં 'दान' નો ઉચિત અંતર્ભાવ કરી શકાય.

(૨) બૃહદારણ્યક ૨/૪/૫માં કહેવામાં આવ્યું છે કે,— 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः ।' આની વ્યાખ્યા અગ્નિપુરાણમાં આ પ્રમાણે કરવામાં આવી છેઃ

'स त्वाश्रमैर्निदिध्यास्यः समस्तैरेवमेव तु ।
द्रष्टव्यस्त्वथ मन्तव्यः श्रोतव्यश्च द्विजातिभिः ।।'[૧૫]

જોકે, અહીં પાઠમાં થોડો ભેદ છે. છતાં આ વાકયમાં આરણ્યકવાકયની વ્યાખ્યા હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે.

(૩) શાંખાયનારણ્યક ૮/૪માં કહેવામાં આવ્યું છે કે,— 'एतमुहैव बृह्वृचामहत्युक्थे मीमांसन्ते एतम् अग्नावध्वर्यव एतं महाव्रते छन्दोगाः ।' પદ્મપુરાણમાં તેની વ્યાખ્યા આ પ્રકારે છેઃ

'उक्थे मीमांस्ये यत् तद् ब्रह्म प्रकाशते ।

तथैव चाध्वरे चैतद् एतदेव महाव्रते ।।'[१६]

(૪) વિષ્ણુપુરાણ ૨/૧૨/૩૩માં શિશુમારના વિષયમાં કહેવામાં આવ્યું છે :

'पृच्छेऽग्निश्च महेन्द्रश्चकश्यपोऽथ ततो ध्रुवः ।

तारका शिशुमारस्य नास्तमेति चतुष्टयम् ।।

આ શ્લોકનું મૂળ તૈત્તિરીયારણ્યકમાં આ પ્રમાણે છે : 'अग्निः पुच्छस्य प्रथमं काण्डं तत् इन्द्रः प्रजापतिः अभयं चतुर्थम् ।'[१७] આ વાકય શિશુમાર વિષયક છે, જે સાયણભાષ્યથી સ્પષ્ટ થાય છે. અહીં એ ધ્યાનાર્હ છે કે, શ્રુતિમાં 'કશ્યપ' પદ નથી 'પ્રજાપતિ' પદ છે; પરંતુ પુરાણમાં 'કશ્યપ' પદ એટલા માટે વપરાયેલ છે કે ત્યાં કશ્યપ પ્રજાપતિ–વિશેષ છે તથા આ વાકયથી પહેલાં જ 'तेजसा कश्यपस्य' નો પ્રયોગ થયેલ છે. મૂળશ્રુતિમાં 'अभय' પદ છે. જેનો અર્થ છે– 'भयरहितपरब्रह्म' પુરાણમાં તેના માટે 'ध्रुव' પદ વપરાયેલ છે, જે યોગ્ય જ છે.

(૫) બૃહદારણ્યક ૫/૮માં 'વાક્‌રૂપધેનુ' નું વર્ણન છે ('वाचं धेनुमुपासीत.......मनो वत्सः'). માર્કણ્ડેયપુરાણ ૨૮/૬–૧૧માં તેની વિશદ વ્યાખ્યા છે. અહીં જુદા જુદા મુનિઓનો ઉલ્લેખ છે.

(૬) સંધ્યાકર્મના વિવરણમાં મંદેહ રાક્ષસોનો ઉલ્લેખ તૈત્તિરીયારણ્યક ૨/૨માં મળે છે. કર્મોનું વિસ્તૃત વર્ણન વાયુપુરાણ ૫૦/૧૬૩–૧૬૫માં મળે છે. ત્યાં તૈત્તિરીયારણ્યકના વાકયની વ્યાખ્યા પણ મળે છે. પ્રસંગતઃ આ વર્ણન લઘુહારિતસ્મૃતિ, બૃહત્પરાશરસ્મૃતિ અને બુદ્ધગૌતમસ્મૃતિમાં પણ મળે છે.

(૭) શ્રીમદ્‌ભાગવતપુરાણ ૮/૧૯/૩૯–૪૦માં 'बह्वृचैर्गीतम्' કહી સત્યાનૃતસંબંધી એક વિશિષ્ટ સિદ્ધાંતનો ઉલ્લેખ છે. આનું મૂળ ઐતરેયારણ્યક ૨/૩/૬માં મળે છે. આ આરણ્યક ઋગ્વેદીય છે. તેથી 'बह्वृचैर्गीतम्' કહેવું યોગ્ય જ છે. આરણ્યકનું 'ओमिति सत्यम् नेत्यनृतम्..............उद्वर्तते तस्मादनृतं न वदेत्' વાકય અહીં સંક્ષેપતઃ વ્યાખ્યાત છે.

(૮) 'त्रय्येव विद्या तपति' એ વાકય શતપથબ્રાહ્મણ (૧૦/૫/૨/૨)નું છે, જે આદિત્ય વિષયક છે. તે તૈત્તિરીયારણ્યક ૧૦/૧૩થી પણ જાણવા મળે છે. આ વાકયની વિષ્ણુપરક વ્યાખ્યા વિષ્ણુપુરાણમાં મળે છે. જયાં 'ऋग्यजुःसाम' ને વિષ્ણુની શકિત માનવામાં આવેલ છે. સૂર્ય 'ऋग्यजुःसामात्मक' રૂપથી ત્રયી સંજ્ઞક વિશ્વને તપાવે છે. આ વ્યાખ્યા બ્રહ્મપુરાણ ૩૨/૧૪–૧૬માં મળે છે. જે આ વાકયની પ્રકૃતિરૂપ આધિદૈવિક વ્યાખ્યા છે. માર્કણ્ડેયપુરાણ ૧૦૨/૧૫માં પણ આ વાકયની અસાંપ્રદાયિક વ્યાખ્યા પ્રાપ્ત થાય છે.

વૈદિકગ્રંથોમાંથી પ્રાપ્ત અવતારતત્ત્યવનાં બીજોનો પુરાણોમાં વિકાસ થયેલો છે. ઘણાં પુરાણોનાં નામો જ અવતારકથા મુજબ આપવામાં આવ્યાં છે. વૈદિક અવતારોની કથાને પુરાણો સુધી પહોંચાડવામાં આરણ્યકોનો પણ મહત્ત્યવનો ફાળો છે. પુરાણોમાં વર્ણવાયેલા કેટલાક અવતારોનાં બીજ આરણ્યકોમાં પણ જોઈ શકાય છે, જે આ પ્રમાણે છેઃ

(૧) કૂર્માવતાર : તૈત્તિરીયારણ્યકમાં આ કથાને સંક્ષેપમાં આ પ્રમાણે કહેવામાં આવી છે : 'अन्तरतः कर्मभूत् - पर्यन्तं तमब्रवीत् मम वै त्वङ्मासात् समभूत नेत्यब्रवीत् । पूर्वमेवाहमिहासमिति । तत् पुरुषस्य पुरुषत्वम् । स सहस्रशीर्षाः पुरुषः सहस्त्राक्षः सहस्त्रपात् भूत्वोद्तिष्ठत् ।'[૧૮] આ પ્રસંગનો આશય એ છે કે, પ્રજાપતિના શરીરથી રસ કંપાયમાન થયો. જળની અંદર કૂર્મરૂપે વિચરણ કરતાં પ્રજાપતિએ કહ્યું– 'હે કૂર્મ ! તું મારી ત્વચા તથા માંસથી ઉત્પન્ન થયો છે.' કૂર્મે ઉત્તર આપ્યો , 'નહીં, હું અહીં તારાથી પણ પહેલાં હતો.' તેથી તેને 'પુરુષ'ની સંજ્ઞા પ્રાપ્ત થઈ. 'पुरस्तिष्ठतीति पुरुषः' એ વ્યુત્પત્તિ મુજબ '(જે) પહેલેથી રહેનાર (છે), તે પુરુષ' કૂર્મ ત્યાં પહેલેથી રહેનાર હોવાથી 'પુરુષ' તરીકે ઓળખાયા. તેના હજાર મસ્તકો હતાં, હજાર આંખો તથા હજાર પગ હતાં. 'આ રૂપમાં તે કૂર્મ પુરુષ ઉઠયો' નું તાત્પર્ય એ છે કે– 'सहस्रशीर्षाः पुरुषः सहस्त्राक्षः सहस्त्रपात्' એવા પુરુષસૂકતના મંત્રથી કૂર્મનું જ વર્ણન મળે છે. આ આરણ્યકના ભાષ્યે તે કૂર્મરૂપને પરમાત્માથી અભિન્ન માન્યું છે. શતપથબ્રાહ્મણે પણ આ તથ્યનું પ્રતિપાદન કર્યું છે– 'स यत् कूर्मोनाम एतद् वै रूपं कृत्वा प्रजापतिः प्रजा असृजत् ।'[૧૯] અહીં કૂર્મનું રૂપ ધારણ કરીને પ્રજાપતિ દ્વારા સૃષ્ટિનું સર્જન થયાનો ઉલ્લેખ છે. આ વૈદિક તત્ત્યવનું ઉપબૃંહણ સમુદ્રમંથનના અવસરે પુરાણોમાં કરવામાં આવ્યું છે. શ્રીમદ્ભાગવતપુરાણના આઠમા સ્કંધના સાતમા અધ્યાયમાં સમુદ્રમંથનના પ્રસંગે નિરાધાર હોવાને કારણે મંદરાચળ જયારે સમુદ્રમાં ડૂબવા લાગ્યો અને સમુદ્રમાં જયારે મહાન પ્રત્યૂન ઉત્પન્ન થયો ત્યારે ભગવાને કાચબાનું રૂપ ધારણ કરી, મંદરાચળને પોતાના પર ધારણ કરી લીધો. એ કાચબો એકલાખ યોજન સુધી વિસ્તરેલા જમ્બુદ્વીપ જેવડા શરીરને ધારણ કરતો હતો. આવા દઢ આધાર પર મંદરાચળને રાખીને સમુદ્રનું મંથન કરવામાં આવ્યું.

કૂર્માવતારની આ કથા શ્રીમદ્ભાગવતપુરાણ ૮/૭ ઉપરાંત, કૂર્મપુરાણ ૧/૧૬/૭૭–૭૮; અગ્નિપુરાણ અધ્યાય ૪ તથા ૪૯; ગરુડપુરાણ ૧/૧૪૨;

પદ્મપુરાણ ૫/૪ તથા અ. ૧૩; બ્રહ્મપુરાણ અધ્યાય ૧૮૦ તથા ૨૧૩; વિષ્ણુપુરાણ ૧/૪માં વૈદિક કથાને સમાન જ જોવા મળે છે. આ પુરાણોએ કરેલ આ કથાનું વૈદિક ઉપબૃંહણ જ છે.

(૨) નૃસિંહાવતાર : તૈત્તિરીયારણ્યકના દસમા પ્રપાઠકના પ્રથમ અનુવાક્માં નૃસિંહની ગાયત્રી આપવામાં આવી છે : 'वज्रनखाय विद्महे तीक्ष्णदंष्ट्राय धीमहि तन्नो नारसिंहः प्रचोदयात् ।' ગાયત્રી છંદના આ મંત્રમાં નરસિંહ અવતાર માટે 'वज्रनख' તથા 'तीक्ष्णदंष्ट्र' પદોનો પ્રયોગ તેની ભયંકરતાને પ્રદર્શિત કરે છે. શ્રીમદ્–ભાગવતપુરાણના સાતમા સ્કંધના આઠમા અધ્યાયમાં નૃસિંહનું જે સટામંડિત કરાલરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે, તે આ ગાયત્રીના 'वज्रनखाय' તથા 'तीक्ष्णदंष्ट्राय' શબ્દ પરથી સિદ્ધ થાય છે. તેનું ઉપબૃંહણ હિરણ્યકશિપુને મારી, પ્રહ્લાદને આશીર્વાદ આપનાર નૃસિંહ ભગવાનના ચરિત્રચિત્રણના અવસરે પુરાણોમાં ક્યાંક વિસ્તારથી તો ક્યાંક સંક્ષેપમાં કરવામાં આવ્યું છે.[૨૦]

આ પ્રમાણે આરણ્યકગ્રંથોએ સંહિતા અને ઉપનિષદોની વચ્ચે સેતુ બનવાનું કાર્ય તો કર્યું જ છે, સાથેસાથે વેદસંહિતાઓ અને પુરાણો વચ્ચે પણ કડી જોડી આપવામાં ફાળો આપ્યો છે. આરણ્યકો મહદંશે કર્મકાંડ તથા અધ્યાત્મપરક સાહિત્ય હોવા છતાં કેટલીક કથાઓ અને ઘટનાઓની બાબતમાં પણ તે પુરાણોનાં ઉપજીવ્ય બન્યાં છે. પુરાણોએ પણ એમાંથી ઘણું જ ગ્રહણ કરીને પોતાની ઉપાદેયતા સિદ્ધ કરી છે.

## : પાદટીપ :–

૦૧ ઐતરેયારણ્યક, શ્લોક–૫ ૫૨નું સાયણભાષ્ય

૦૨ ગોપથબ્રાહ્મણ ૨/૧૦, બૌધાયનધર્મસૂત્ર ૨/૮/૩

૦૩ મહાભારત, શાંતિપર્વ, ૩૩૧/૩

૦૪ મહાભારત, આદિપર્વ, ૧/૨૬૫

૦૫ 'વૈદિકસાહિત્ય અને સંસ્કૃતિ' પૃ. ૨૭૪–૨૭૮ ના આધારે

૦૬ હરિવંશપુરાણ, ૩/૭૩/૧૪

૦૭ પ્રો. હાજરાનો 'Did Vyasa own his origin to berosses' શીર્ષકથી 'PURAN' Voll. II, PP. 17-22 પર પ્રસિદ્ધ લેખ.

૦૮ 'ब्रह्मयज्ञप्रकरणे यद् ब्राह्मणानीतिहासान् पुराणानि कल्पान् गाथा नाराशंसीर्भेदाहुतयो देवानामभवन् ।' તૈત્તિરીયારણ્યક, ૨/૯/૧૦–૧૧

૦૯ મત્સ્યપુરાણ, ૩/૩૦–૩૧

૧૦ 'स वा एषः यज्ञः पञ्चविधाऽग्निहोत्रं दर्शपूर्णमासौ चातुर्मास्यानि पशुः सोमः ।' ઐતરીયારણ્યક, ૨/૩

૧૧ કાલિકાપુરાણ, ૩૧/૪૦

૧૨ એજન, ૩૨/૭–૮

૧૩ તૈત્તિરીયારણ્યક ૧૦/૪૩ પરના સાયણભાષ્યમાં કહ્યું છે– 'महादेव सम्बन्धिषु पञ्चवक्त्रेषु मध्ये..........।'

૧૪ અગ્નિપુરાણ, ૩૭૬/૩૬

૧૫ એજન, ૩૭૬/૩૭

૧૬ પદ્મપુરાણ, ૬/૨૭૨/૧૧૭–૧૧૮

૧૭ તૈત્તિરીયારણ્યક, ૨/૧૯

૧૮ એજન, ૧/૨૩/૩

૧૯ શતપથબ્રાહ્મણ, ૭/૫/૧/૫

૨૦ શ્રીમદ્ભાગવતપુરાણ ૭/૮; અગ્નિપુરાણ ૪/૩–૫, ૨૭૬/૧૦, ૨૭૬/૧૩ વગેરે

# પ્રકરણઃ —૭
# પુરાણોમાં ઉપનિષદગ્રંથો સંબંધી માહિતી

## પ્રકરણ– ૭, પુરાણોમાં ઉપનિષદગ્રંથો સંબંધી માહિતી

ઉપનિષદોનું મહત્ત્યવ ભારતમાં પ્રાચીન સમયથી અવિવાદાસ્પદ રીતે સ્વીકારાયું છે. માનવજાતની સત્યની શોધના ઇતિહાસનું ઉપનિષદો એ એક અત્યંત પ્રોજ્જ્વળ પ્રકરણ છે. ઋગ્વેદથી આરંભાયેલી જીવનસૃષ્ટિના મૂળ તત્ત્યવોની શોધે ઉપનિષદોમાં સર્વોચ્ચ શિખરો સર કર્યાં છે. ભારતીય અને પાશ્ચાત્ય અનેક વિદ્વાનોએ ઉપનિષદોની ફિલસૂફીની ઉદાત્તતા અને ગહનતાની મુકત કંઠે પ્રશંસા કરી છે. ઉપનિષદોની ફિલસૂફીએ પ્રાચીનકાળથી માંડીને અર્વાચીનકાળ સુધીનાં માનવજીવન અને સાહિત્યને પ્રભાવિત કરેલ છે.

'उपनिषद्' શબ્દનો વ્યુત્પત્તિની દૃષ્ટિએ 'उप + नि + सद्' અર્થાત્, '(ગુરુની) પાસે નિષ્ઠાપૂર્વક બેસવું' એવો અર્થ થાય છે. જોકે આ તેનો યૌગિક અર્થ છે. કેમકે, આ અર્થ તો વેદો, બ્રાહ્મણગ્રંથો, વ્યાકરણ, જયોતિષ્ વગેરેને પણ લાગુ પાડી શકાય છે. માત્ર પરંપરાને કારણે જ આ અર્થને સ્વીકારી શકાય. વસ્તુતઃ આ 'ઉપનિષદ્' શબ્દ પ્રાચીન સાહિત્યમાં જયાં કયાંય વપરાયો છે, ત્યાં તે મહદંશે 'સિદ્ધાંત' કે 'ગૂઢવિદ્યાના અર્થમાં જ વપરાયો છે.

ઉપનિષદોને મુખ્યત્વે બે પ્રકારમાં વિભાજીત કરી શકાયઃ (૧) વેદો સાથે સંકળાયેલાં ઉપનિષદો અને (૨) પરવર્તી વિદ્વાનો દ્વારા રચાયેલાં ઉપનિષદો. પ્રથમ પ્રકારના ઉપનિષદોમાં ઈશ, કઠ, કેન, મુંડક, માંડૂકય, પ્રશ્ન, શ્વેતાશ્વતર, બૃહદારણ્યક વગેરે ઉપનિષદોનો સમાવેશ થાય છે. આ બધાં ઉપનિષદો કોઈને કોઈ વેદ સાથે સંકળાયેલાં છે. જયારે બીજા પ્રકારનાં ઉપનિષદોમાં કલિસંતરણોપનિષદ, ભસ્મજાબાલોપનિષદ, ભાવનોપનિષદ વગેરે જેવાં ઉપનિષદોનો સમાવેશ થાય છે. પુરાણોમાં આ બન્ને પ્રકારનાં ઉપનિષદોના વિચારો મળે છે. પુરાણોમાં ઉપનિષદના મંત્રો, વ્યાખ્યાઓ, વાકયો, વિચારો અને આખ્યાનો પ્રાપ્ત થાય છે. પુરાણો અને ઉપનિષદોનો સંબંધ ઘણો જ ગાઢ છે. શ્રીમદ્ભાગવત– પુરાણાદિ ગહન અધ્યાત્મનું નિરૂપણ કરનારાં પુરાણો સાથે તો ઉપનિષદો એકદમ નિકટનો સંબંધ ધરાવે છે. ગુરુપરંપરાથી ઉપનિષદજ્ઞાનનું શ્રવણ કરવામાં આવ્યું હોવાથી, તે શ્રુતિસાહિત્ય કહેવાય છે. મંત્રબ્રાહ્મણાત્મક વેદના એટલે કે વેદ અને બ્રાહ્મણગ્રંથોના તેમાં પ્રતિપાદિત થયેલા વિષયો પ્રમાણે ત્રણ વર્ગ પડે છેઃ (૧) કર્મ, (૨) ઉપાસના (૩) જ્ઞાન અને તેથી આ ત્રણ કાંડમાં વહેંચાય છેઃ કર્મકાંડ, ઉપાસના–

કાંડ અને જ્ઞાન કાંડ. સંહિતા અને બ્રાહ્મણગ્રંથો કર્મકાંડ અને ઉપાસનાકાંડ છે. બ્રાહ્મણગ્રંથોના ભાગરૂપે જે આરણ્યકો અને ઉપનિષદો છે, તે જ્ઞાનકાંડ છે. શ્રીમદ્–ભાગવતપુરાણમાં આ ત્રણે કાંડનો ઉલ્લેખ થયેલો જોવા મળે છેઃ –

'वेदा ब्रह्मात्मविषयास्त्रिकाण्डविषया इमे ।
परोक्षवादा ऋषयः परोक्षं मम च प्रियं ।।
शब्दब्रह्म सदुर्बोधं प्राणेन्द्रियमनोमयम् ।
अनन्तपारं गम्भीरं दुर्विगाह्यं समुद्रवत् ।।[1]

અર્થાત્, 'વેદોમાં ત્રણ કાંડ છે– કર્મ, ઉપાસના અને જ્ઞાન. આ ત્રણેય કાંડો દ્વારા કહેવાયેલ વિષય બ્રહ્મ અને આત્માની એકતા છે. બધા મંત્ર અને મંત્રદષ્ટાઓ આ વિષયોને સ્પષ્ટરૂપથી નહીં પરંતુ ગુપ્તભાવથી બતાવે છે. અને મને પણ આ વાત ગુપ્તરૂપે કહેવી અભિષ્ટ છે.'

આમ, અપ્રત્યક્ષરીતે ઉપનિષદ અને તેના વિષયોનો ઉલ્લેખ અહીં જોઈ શકાય છે.

**❖ 'ઉપનિષદ્' શબ્દ :**

પુરાણોમાં 'ઉપનિષદ' શબ્દનો પ્રયોગ ઘણી જગ્યાએ થયેલો જોઈ શકાય છે. આ શબ્દ કોઈપણ પ્રાચીન વૈદિક ગ્રંથમાં અકારાન્તના રૂપમાં પ્રયોજાયેલ નથી. મહદંશે તે 'द्'–અંતવાળો જ જોવા મળે છે. મહાનારાયણોપનિષદમાં – 'एतदेवमहोपनिषद्' વાકયની વ્યાખ્યામાં ભટ્ટ ભાસ્કર – 'महोपनिषद्वदज्ञानम्' એમ કહે છે. છાંદોગ્યોપનિષદ ૩/૧૧/૩માં 'ब्रह्मोपनिषद्' શબ્દ પ્રયોજાયેલ છે. જેનો અર્થ 'વેદગુહ્ય' કરવામાં આવે છે. કૂર્મપુરાણ ૧/૧૨/૨૨૧માં 'सर्वोपनिषदां गुह्योपनिषत्' વાકય મળે છે. (બ્રહ્મોપનિષદ પાઠ પણ મળે છે) ગુહ્યોપનિષદનો અર્થ છે – 'ગુઢ અર્થનું પ્રકાશક ઉપનિષદ'. ઉપનિષદોમાં અતિગૂઢબ્રહ્મવિદ્યાનું વર્ણન છે. અહીં 'વેદાન્તરૂપ જે ગુહ્યોપનિષદ' એવો અર્થ કરવો જોઈએ. વેદાન્તનો અર્થ છે 'વેદનો અંતિમ ભાગ'. 'वेदगुह्योपनिषत्' શબ્દ શ્વેતાશ્વતરોપનિષદ ૫/૫/૬માં છે. શંકરાચાર્ય તેની વ્યાખ્યા 'वेदानां गुह्योपनिषदः' કરે છે. માર્કણ્ડેયપુરાણ[2]માં દેવીસ્તુતિમાં 'મહાવિદ્યા' શબ્દ મળે છે. આ પુરાણ પરની નાગેશ ભટ્ટની ટીકામાં 'મહાવિદ્યા'નો અર્થ 'મહાવિદ્યા–ઉપનિષદ્' આપેલ છે અને 'મહાવિદ્યા'નો અર્થ અપ્રચલિત ગણાવી, તેના સ્થાને 'રહસ્યવિદ્યા' શબ્દ જ જાણિતો છે, તેમ કહે છે. ઉપનિષદો બ્રહ્મના રહસ્યને પ્રગટ કરનારા ગ્રંથો હોવાથી, તે ઉચિત પણ જણાય છે.

❖ 'ઉપનિષદ્' ના પર્યાયો :

પુરાણોમાં 'ઉપનિષદ્' માટે 'શ્રુતિ' શબ્દ મળે છે. શિવપુરાણ અને લિંગપુરાણ વગેરેમાં શ્રુતિવાકયોના રૂપમાં અનેક ઉપનિષદ–વાકય લીધેલ છે. શિવપુરાણ[3] માં 'શ્રુતિઃ' કહી જે વાકય લીધેલ છે, તે માંડૂકયોપનિષદનું વાકય છે. સ્કંદપુરાણ[4]માં આવતું 'आनन्दं ब्रह्मणो रूपं श्रुत्यैव यन्निगद्यते..........।' વાકય તૈત્તિરીયોપનિષદના ભૃગુવલ્લીપ્રકરણનું છે. અહીં એ પણ નોંધનીય છે કે, માત્ર 'इतिश्रुतिः' કહેવાથી બધાં વાકયો શ્રૌત બની જતાં નથી.

'શ્રુતિ' શબ્દની જેમ 'વેદ' શબ્દ પણ ઉપનિષદ્ માટે પ્રયોજવામાં આવે છે. શ્રીમદ્ભાગવતપુરાણ ૨/૨/૩૨ અને ૨/૨/૩૭ માં 'वेदगीतं' કહીને જે મતને લક્ષ્ય કરવામાં આવ્યો છે, તે સદ્યોમુકિત અને ક્રમમુકિત ઉપનિષદોમાં આવે છે. જેનો સ્વીકાર શ્રીધરે પોતાની ટીકામાં કરેલ છે. વાયુપુરાણ ૧૦૪/૪૩માં 'इत्येवं श्रूयते वेदे' કહી જે 'अक्षरान् न परं किञ्चित्........।' વાકય લીધેલ છે, તે કઠોપનિષદ ૧/૩/૧૧નું છે. સ્કંદપુરાણના કુમારિકાખંડ ૪૦/૧૫માં 'वेदेषु प्रोक्तौ' કહી જે અર્ચિરાદિ બે માર્ગોની વાત કહેવામાં આવી છે, તે છાંદોગ્યોપનિષદ ૫/૧૦નો મત છે. પુરાણોમાં 'औपनिषद्धर्मः' તથા 'औपनिषदी श्रुतिः' શબ્દો પણ પ્રયોજાયેલ છે. તદુપરાંત, 'वेदान्त' શબ્દ પણ મળી આવે છે.[5] શંકરાચાર્યે 'वेदन्ति' નો અર્થ 'ઉપનિષદ' માન્યો છે.[6] તેમજ શ્વેતાશ્વતરોપનિષદ ૬/૨૨ પરની વ્યાખ્યામાં પણ 'વેદાંત' નો અર્થ કહ્યો છે. વેદાંતમય કહી સાંપ્રદાયિક પૌરાણિકોના સ્વાભિમત સિદ્ધાંતનો ઉલ્લેખ કર્યો છે. છતાં પુરાણોમાં કેટલાંક સ્થળોએ શ્રુત્યુકતમતથી પ્રકૃત વેદાંતનો ભાવ મળી જાય છે. પ્રત્યેક સંપ્રદાય પોતાના ઈષ્ટદેવતાને વેદાંત–પ્રતિપાદ્ય માને છે. જેમકે, કૂર્મપુરાણ ૧/૧૦/૪૯માં શૈવોની દષ્ટિએ શિવને વેદાંતસાર કહેવામાં આવ્યા છે. તે જ રીતે પુરુષોત્તમમાહાત્મ્ય ૨૭/૪૯માં નારાયણની વેદાંતતા સ્વીકારી છે. ઉપનિષદ માટે 'નિગમ' શબ્દ પણ પ્રયોજાયેલ છે. શ્રીમદ્ભાગવતપુરાણ ૩/૭/૩૮માં 'ज्ञानं च नैगमम्' કહેવામાં આવેલ છે. શ્રીધરે 'नैगमम्' નો અર્થ 'औपनिषद' કર્યો છે. ઉપનિષદ વેદાંતનો અંતિમ કે ઉત્તરભાગ છે, એવું દાર્શનિક સંપ્રદાયો સ્વીકારે છે. વેદને માટે જયારે 'सोत्तरः' વિશેષણ પ્રયોજવામાં આવે છે ત્યારે 'ઉત્તર'નો અર્થ મહાભારત, શાંતિપર્વ ૩૧૮/૧૦ની નીલકંઠી ટીકામાં 'ઉપનિષદ' જ કર્યો છે.

પુરાણોમાં વેદ અને ઉપનિષદ શબ્દોને એકસાથે પણ પ્રયોજવામાં

આવ્યા છે. જેમકે, વાયુપુરાણ, ૨૦/૨૫માં 'वेदोपनिषदः' એવો શબ્દપ્રયોગ થયેલ છે. શ્રીમદ્ભાગવતપુરાણ ૧૦/૪૫/૨૩ તેમજ સ્કંદપુરાણના પ્રભાસખંડ ૨/૯૩માં 'वेदान् साङ्गोपनिषदः' અને વરાહપુરાણ ૧૭૭/૩૪માં 'वेदोपनिषदादिभिः' પ્રયોગ જોવા મળે છે. આ ઉપરાંત, મહાભારતમાં પણ આવા શબ્દો પ્રયોજાયેલા જોવા મળે છે.[૭] આથી વેદ અને ઉપનિષદના અર્થો ભિન્ન થતા હશે એમ માની શકાય છે. પૂર્વમીમાંસાના આચાર્યો મુજબ અક્રિયાર્થક હોવાથી ઉપનિષદ વેદ નથી. કારણ કે જૈમિનીના મીમાંસાસૂત્ર ૧/૩/૧માં 'आम्नाय' ક્રિયાર્થક જ છે. આ દષ્ટિએ કોઈ આચાર્ય કહે છે– ઋગ્વેદાદિ વેદ 'अपराविद्या' છે અને ઉપનિષદ 'पराविद्या' છે. મનુએ ૨/૧૬૫માં 'वेदः कृत्स्नोऽधिगन्तव्यः सरहस्यः' કહ્યું છે. જ્યાં 'सरहस्य' નો અર્થ ઉપનિષદ છે. જે વેદથી અલગ છે. મીમાંસાચાર્ય પ્રભાકરના મતે વસ્તુવાદી કોઈ વેદભાગ નથી. તેથી સંહિતાના શ્રૂયમાણ આત્મજ્ઞાનને લગતા મંત્રો પણ ક્રિયાર્થક જ છે. ઉત્તરમીમાંસા મુજબ ઉપનિષદ વેદનો અંતિમ ભાગ છે અને તે ક્રિયાપ્રતિપાદક વેદાંશથી શ્રેષ્ઠતમ છે. શંકરાચાર્યે શારીરકભાષ્ય ૧/૧/૪માં આ વિષય પર વિસ્તૃત વિચારણા કરેલ છે. ઉપનિષદ માત્ર જ્ઞાનકાંડ છે અને સંહિતા બ્રાહ્મણગ્રંથ કર્મકાંડ પ્રતિપાદક છે. એવા દ્વિકાંડવિભાગ વિશે સાયણે સામવેદભાષ્યભૂમિકા પૃ. ૬૩માં વિવરણ કરેલ છે. કેટલાક આચાર્યોએ ઉપનિષદને બ્રાહ્મગતવિધિભાગનું રૂપ માન્યું છે.[૮] સાયણ 'आत्मा वा इदम् एक एवाग्र आसीत्' વગેરે જેવાં ઉપનિષદવાક્યોને અજ્ઞાતજ્ઞાપકવિધિના રૂપમાં સ્વીકારે છે.[૯] પરંતુ બીજા ઘણા યાજ્ઞિક આચાર્યો સાયણના મતને પ્રૌઢિવાદ ગણાવી, આ મતનો અસ્વીકાર કરે છે.[૧૦] પુરાણોમાં ઉપનિષદને વેદથી અલગ માનવામાં આવે છે. (અહીં અલગ હોવાનો અર્થ એ નથી કે તે વેદાંશ નથી)

પુરાણોમાં વિષયભેદને માની 'त्रयी' અને 'ઉપનિષદ'નો અલગ અર્થ કરવામાં આવ્યો છે. શ્રીમદ્ભાગવતપુરાણ ૧૦/૮/૪૫માં 'त्रय्या चोपनिषद्भिश्च' કહેવામાં આવેલ છે. આ શ્લોકની વ્યાખ્યામાં શ્રીધરે કર્મકાંડરૂપ ત્રયીમાં ઈન્દ્રાદિ દેવતાની પૂજા કરવામાં આવે અને ઉપનિષદનો લક્ષ્યવિષય બ્રહ્મ છે, એવું સમજાવેલ છે.

### ❖ ઉપનિષદનું સ્વરૂપ :

પુરાણોમાં ઉપનિષદ શબ્દના અર્થ–નિર્વચન વગેરે મળે છે, પરંતુ કેટલાંક એવાં વાક્યો પણ મળે છે જેનાથી ઉપનિષદનું સ્વરૂપ સ્પષ્ટ થતું હોય. 'સાર'ના અર્થમાં 'ઉપનિષદ' શબ્દનો પ્રયોગ શ્રીમદ્ભાગવતપુરાણ ૮/૧/૧૭માં

'इति मन्त्रोपनिषदम् व्याहरन्तम्' છે. 'वेदस्योपनिषत् सत्यम्' એવો મહાભારતના શાંતિપર્વ૨૯૯/૧૩માં પ્રયોગ થયેલો છે. તૈત્તિરીયોપનિષદ ૭/૧૧ના ભાષ્યમાં સાયણે 'ઉપનિષદ'નો અર્થ 'રહસ્ય—સારભાગ' કર્યો છે.

મત્સ્યપુરાણ ૨૪૮/૭૩માં 'गुह्योपनिषत्' શબ્દનો પ્રયોગ થયેલો છે. હરિવંશપુરાણ ૩૦/૧ અને ભવિષ્યપુરાણ ૩૪/૪૦માં આ શબ્દ પ્રયોજાયેલો છે. મહાભારતના સભાપર્વ ૫/૨માં 'वेदोपनिषत्' શબ્દપ્રયોગ થયેલ છે. તેની વ્યાખ્યામાં નીલકંઠે પણ ઉપનિષદને 'રહસ્યવિદ્યા' કહ્યું છે. મનુસ્મૃતિ ૨/૧૬૫ પરની ટીકામાંમેધાતિથિ અને કૂલ્લકભટ્ટ પણ રહસ્યનો અર્થ ઉપનિષદ્ જ કરે છે.

આ રહસ્યવિદ્યા વસ્તુતઃ બ્રહ્મવિદ્યા જ છે, એમ સાયણ માને છે.[११] તેને વીરમિત્રોદય 'आध्यात्मिकविद्या' કહે છે.[१२] નિરુકત ૩/૧ પરની ટીકામાં આચાર્ય દુર્ગ પણ અધ્યાત્મવિદ્યારૂપી ઉપનિષદના સ્વરૂપને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે.[१३] દુર્ગાચાર્યે નિરુકત ૧/૨ પરની ટીકામાં 'રહસ્યબ્રાહ્મણ' કહી છાંદોગ્યોપનિષદનું ઉદાહરણ આપેલ છે, જેનાથી ઉપનિષદનું એક અન્ય નામ પણ જાણવા મળે છે.[१४]

**❖ પુરાણોમાં પ્રાપ્ત થતાં ઉપનિષદ—નામો :**

પુરાણોમાં નીચેના ઉપનિષદોનાં નામો પ્રાપ્ત થાય છેઃ

૧) કેન : કેદારખંડ ૧૧/૬૧માં સમુદ્રમંથનના સમયે લક્ષ્મીપ્રસંગે – 'वदन्ति केनसिद्धांतयुक्तां यां योगमायाम्' કહેલ છે. અહીં 'કેન' નો અર્થ 'કેનોપનિષદ' છે.

૨) મુંડક : વિષ્ણુપુરાણ ૬/૫/૬૫ અને બ્રહ્મપુરાણ ૨૩૩/૬૨—૬૩માં બે વિદ્યાઓ પરા અને અપરા વેદવિત્ત છે. અહીં આથર્વણી શ્રુતિનો મત છે. આ મત મુંડકોપનિષદ ૧/૧/૪માં પ્રાપ્ત થાય છે.

૩) જાબાલ : ત્રિપુંડ લગાવવા માટે જાબાલોપનિષદ મંત્રનો ઉલ્લેખ પદ્મપુરાણ, રેવાખંડ ૩૫/૪૫માં મળે છે. જ્યાં ત્રિપુંડધારણ માટે પાંચ જાબાલ મંત્રો કહેવામાં આવ્યા છે. આ વિવરણનો સંબંધ જાબાલોપનિષદની સાથે નથી, પરંતુ બૃહજ્જાબાલોપનિષદની સાથે છે. કાશીથી પ્રકાશિત ઈશાદ્યષ્ટોત્તરશતોપનિષદમાં આ ઉપનિષદનું સ્થાન ૨૭મું છે.

૪) અથર્વશિરસ્ : કૂર્મપુરાણ ૨/૩૯/૨૦ શિવમહિમાના પ્રસંગમાં આ ઉપનિષદનો ઉલ્લેખ કરે છે. શ્રાદ્ધયોગ્ય બ્રાહ્મણોને માટે કૂર્મપુરાણ ૨/૨૧/૫માં 'તે અથર્વશિરસ્ના અધ્યેતા હોવા જોઈએ' એમ કહ્યું છે. વાનપ્રસ્થાશ્રમનાં કર્તવ્યોમાં રુદ્રાધ્યાય અને અથર્વશિરસ્નું અધ્યયન પણ પુરાણોમાં અનેક સ્થળોએ નિર્દેશાયેલ છે. લિંગપુરાણ

૨/૧૭/૧૯માં અથર્વશિરસ્ ઉપનિષદનો આદિમ અંશ મળે છે. ગરુડપુરાણ[16] અને અગ્નિપુરાણ[17] માં પણ તેનો જપ વિહિત છે.

૫) બૃહદારણ્યકઃ શ્રાદ્ધ—વર્ણનમાં બ્રહ્મપુરાણ ૨૧૯/૬૧માં તેના જપનો નિર્દેશ છે.

૬)મંડલબ્રાહ્મણોપનિષદ : શિવપૂજામાં યજુર્વેદીય દ્વારા તેના જપનો ઉલ્લેખ પદ્મપુરાણમાં મળે છે.[18] કદાચ આ મંડલબ્રાહ્મણોપનિષદ શતપથબ્રાહ્મણનું દસમું મંડળ પણ હોય શકે છે. મત્સ્યપુરાણમાં પણ મંડલાધ્યાયનો ઉલ્લેખ છે.[19]

પુરાણોમાં કેટલાંક એવાં વચનો પણ મળે છે, જે ઉપનિષદનાં હોવાનું કહ્યું છે, પરંતુ ઉપનિષદનું નામ આપેલ નથી. જેમકે, —

૧) 'त्यागेनैवामृतत्वं हि................कर्मणा प्रजया नास्ति ।' વગેરે વાકય લિંગપુરાણમાં મળે છે.[20] સ્પષ્ટતઃ આ કૈવલ્યોપનિષદના 'त्यागेनैकमनमृितत्वमानशुः' (શ્લોક—૩) ના આધારે કહેવામાં આવ્યું છે. પુરાણમાં પ્રસ્તુત સ્થળે 'શ્રુતિ' શબ્દ પણ મળે છે, જે આ અનુમાનને સિદ્ધ કરે છે.

૨) ગરુડપુરાણ[21]માં કઠોપનિષદના અનેક વાકયો મળે છે. ત્યાં પણ કઠશ્રુતિનું નામ આપવામાં આવેલ નથી.

૩) શિવપુરાણ ૬/૧૬/૫૨માં 'ओमिदिदं सर्वमिति श्रुतिराह सनातनी' વાકય છે. અહીં માંડૂકયોપનિષદનું પ્રથમ વાકય— 'ओमित्येकाक्षरमिदं सर्वम्' લક્ષ્ય હોય, તેમ જણાય છે. ઉપરાંત, તૈત્તિરીયોપનિષદ ૭/૮નું 'ओमितीदं सर्वं' વાકય પણ લક્ષિત હોવાનું માની શકાય.

૪) વાયુપુરાણ અધ્યાય ૧૧ થી ૧૩ના યોગપ્રકરણમાં તથા લિંગપુરાણ ૧/૮—૯માં શ્વેતાશ્વતરોપનિષદના શ્લોકો હોવાનું પ્રતીત થાય છે.

૫) શિવપુરાણ[22]માં એક 'तस्माद् वेत्युपक्रम्य जगत् सृष्टिः प्रजायते ।' વાકય છે, જે તૈત્તિરીયોપનિષદ ૨/૧ના વાકય— 'तस्माद् वा एतस्मादात्मनः आकाशः संभूतः' પર આધારિત હોવાનું જણાય છે.

૬) કૂર્મપુરાણ ૨/૩૯/૬૮—૭૦માં જે ઘટનાનું વર્ણન છે, તે શ્વેતાશ્વતરોપનિષદના પ્રારંભના અંશ પરથી લખાયેલ હોવાનું જણાય છે.

૭) કૂર્મપુરાણ ૧/૩/૯માં 'प्रव्रजकत् तु गृही विद्वान् वनाद्वा श्रुति चोदनात् ।' કહેવામાં આવ્યું છે. અહીં શ્રુતિનું લક્ષ્ય જાબાલોપનિષદનું વાકય છે. જાબાલોપનિષદ અત્યંત અર્વાચીન નથી કેમકે, શંકરાચાર્યે પણ બ્રહ્મસૂત્રભાષ્ય (૨/૪/૨૦)માં ઉલ્લેખ કર્યો છે. બૌધાયન ધર્મસૂત્ર ૨/૧૦/૨ અને ૧૮માં પણજાબાલોકત પ્રવજયાપરક

મતનું સ્મરણ કરવામાં આવ્યું છે. ધર્મસૂત્રમાં 'જાબાલ' નામ નથી, છતાં વાકયમાં પ્રયોજાયેલી ભાષાથી તથા ‘एकेषाम्’ અને ‘विज्ञायते’ શબ્દોના પ્રયોગથી આ અનુમાન દઢ બને છે.

પુરાણોમાં ઉપનિષદોનાં આવાં અન્ય પણ ઘણાં વચનો મળે છે, પરંતુ સંક્ષેપાર્થ અહીં થોડાં જ ઉદાહરણો લીધેલ છે.

પુરાણોના ઉલ્લેખોથી અનેક ઉપનિષદોના અસ્તિત્વ વિશે માહિતી મળે છે. વાયુપુરાણ ૩૦/૨૩૧નું ‘उपनिषदां गणैः’ અને કૂર્મપુરાણ ૨/૨૭/૩૭નું ‘विविधा उपनिषदः’ વગેરે પ્રયોગ આ બાબતને સમર્થન આપે છે. કયાંક કયાં ઉપનિષદ–સંખ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. અગ્નિપુરાણ ૨૭૧/૮–૯માં અથર્વવેદના ઉપનિષદોની સંખ્યા સો કહેલ છે, પરંતુ અથર્વવેદના ઉપનિષદોની આટલી સંખ્યા પ્રાપ્ત નથી. છતાં અર્વાચીન સમયમાં સાંપ્રદાયિક વિદ્વાનો દ્વારા નિર્મિત અનેક ઉપનિષદોને અથર્વવેદીય કહેવામાં આવ્યાં છે. સંભવતઃ અગ્નિપુરાણના સમય સુધી સો આથર્વણ ઉપનિષદો પ્રસિદ્ધ થઈ ગયાં હશે, જેના કારણે આ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ઉપનિષદોમાં ‘त्रयी’ નો અર્થ 'ઋક્, યજુષ્ અને સામરૂપી મંત્રાત્મક વિદ્યા' એવો અભિપ્રેત છે. ‘अग्ने ऋचो वायो यर्जूंषि सामान्यादित्यात् । स एतां विद्यामभ्यतपत् ।’[23] તથા ‘एतद्वै ह वा अक्षरं त्रय्यै विद्यायै प्रतिष्ठ ।’[24] અને ‘भूर्भुवस्वरिति सा त्रयी विद्या ।’ [25] તેમજ ‘दैवा वै मृत्योर्बिभ्यतस्त्रयीं विद्यां प्राविशन् । ते छन्दोभिरच्छादयन् ।’[26] વગેરે નિર્દેશોમાં ‘त्रयी’ એટલે 'ત્રણ વેદ' એવો ભાવ નથી, પરંતુ 'ત્રયીવિદ્યા' એ ભાવ છે. અને એમાં પણ અહીં આપવામાં આવેલ ઉદ્ધરણોમાંથી પ્રથમમાં તો સ્પષ્ટપણે ઋક્, યજુષ્ અને સામને ત્રયીવિદ્યા કહેલ છે. આમ, ત્રયી એટલે ત્રણ પ્રકારના મંત્રો એ અર્થ સર્વત્ર અભિપ્રેત છે. આથી જયારે અને જયાં જયાં ‘त्रयी’ નો પ્રયોગ થાય ત્યારે 'ત્રણવેદ' એમ નહીં, પરંતુ 'ઋક્, યજુષ્ અને સામ એ ત્રણ પ્રકારના મંત્રોથી ઉપનિબદ્ધ એવો વેદ' એમ સમજવું જોઈએ. માર્કણ્ડેયપુરાણ ૧૦૨/૧૫ અને વિષ્ણુપુરાણ ૨/૧૧/૭ તથા ૩/૧૭/૫માં ઋક્, યજુષ્ અને સામ ત્રિવિધ મંત્રોને ત્રયી કહ્યા છે. કયારેક ‘त्रयं ब्रह्म’ પ્રયોગ પણ મળે છે. 'ત્રય'નો અર્થ 'ત્રણ અવયવથી યુકત' કે 'ત્રિવિધ' એવો થાય છે. વિદ્યાના વિશેષણને કારણે ત્રયને સ્થાને 'ત્રયી' શબ્દ પ્રયોજાય છે. શ્રીમદ્ભાગવતપુરાણ ૧૧/૧૭/૧૨માં ‘त्रयी विद्या’ શબ્દનો પ્રયોગ થયેલો છે.

ઉપરાંત, 'આ ત્રણ પ્રકારના મંત્રો દ્વારા શ્રૌતયજ્ઞ' એવો અર્થ પણ થાય છે. આ દષ્ટિએ જ પુરાણોમાં 'ऋचो यजूंषि सामानि निर्ममे यज्ञसिद्धये' કહેવામાં આવ્યું છે. બ્રહ્મપુરાણ ૧/૪૯; બ્રહ્માંડપુરાણ ૧/૫/૮૮ અને અગ્નિપુરાણ ૧૭/૧૩ વગેરે પુરાણોમાં શ્રૌતયજ્ઞ કહેલ છે. તેથી યજ્ઞ (કર્મકાંડ) પ્રતિપાદક મંત્રભાગ જ 'ત્રયી' પદથી સિદ્ધ થાય છે. માર્કણ્ડેયપુરાણ ૧૦/૨૭માં 'ऋग्यजुःसामसंज्ञितः क्रियाकलापः' વાકયથી આ સ્વરૂપ વધારે સ્પષ્ટ બને છે. સામશ્રમીએ 'ત્રયીપરિચય' પૃ. ૩માં નોંધ્યું છે કે, "બ્રાહ્મણભાગનું ગ્રહણ ત્રયીમાં થતું નથી, પરંતુ મંત્રાનુગત હોવાના કારણે તથા કર્મકાંડના વિધાયક હોવાના કારણે ગૌણરૂપે બ્રાહ્મણોનો અંતર્ભાવ ત્રયીમાં કરવામાં આવે છે." શ્રીમદ્‌ભાગવતપુરાણ ૧૦/૪૦/૫, ૧/૫/૨૫, ૪/૧૪/૨૧ અને ૪/૩૧૧૦માં યજ્ઞની સાથે ત્રયી કે ત્રયીવિદ્યાનો ઉલ્લેખ હંમેશા મળે છે. જેનાથી એ સ્પષ્ટ થાય છે કે ત્રયી નિયમ મુજબ યજ્ઞપ્રતિપાદક છે. શ્રીમદ્‌ભાગવતપુરાણ ૧૦/૮/૪૫ પરની શ્રીધરી ટીકામાં ત્રયીના આ કાંડાત્મક સ્વરૂપને કારણે જ જ્ઞાનકાંડપ્રતિપાદક ઉપનિષદભાગથી અલગ કરી ત્રયીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૨૭] આ ઉપરાંત, શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૫/૯/૮માં 'त्रय्या विद्यायामेव पर्यवसितमतयो न परिविद्यायाम्' માં પરવિદ્યાથી અલગ કરી ત્રયીનો ઉલ્લેખ થયો છે.

માર્કણ્ડેયપુરાણમાં વેદસામાન્યના અર્થમાં ત્રયીનો પ્રયોગ થયેલો છે. વાયુપુરાણ ૭/૬૬માં 'सहस्त्रशीर्षा पुरुषः...........त्रयीपथे निरुच्यते' કહેલ છે. તો શ્રીમદ્‌ભાગવતપુરાણ ૧/૪/૨૫માં 'स्त्रीशूद्रद्विजवन्धूनां त्रयी न श्रुतिगोचरा' કહેલ છે. ત્રયીનો અર્થ પૂર્ણવેદ છે. જેમાં અથર્વવેદનો પણ સમાવેશ થયો છે.

**❖ યોગતત્ત્યવ :**

પુરાણોમાં ઉપનિષદોમાં નિરૂપાયેલ યોગ વિષયક વિવરણનું ઘણું જ વિશદ વર્ણન મળે છે. શ્વેતાશ્વતરોપનિષદના બીજા અધ્યાયમાં પ્રાણાયામ વિશેનું વર્ણન કરવામાં આવેલ છે. પ્રાણાયામ કેવી રીતે કરવો? કેવા સ્થાન પર કરવો? અને પ્રાણાયામ દ્વારા શરીર પર થતી અસરો તેમજ મન પર થતી અસર વિશે કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત, પ્રાણાયામ દ્વારા જીવનદષ્ટિકોણમાં થતો ફેરફાર જેમકે, સર્વત્ર ઈશ્વરભાવ જાગૃત થવો અને યોગીની અવસ્થાને જણાવીને યોગનાં લક્ષણો કહેવામાં આવ્યાં છે. શ્વેતાશ્વતરોપનિષદ ૨/૮–૧૩માં યોગની વાતને વર્ણવેલ છે. પુરાણોમાં પણ યોગ વિષય પર વિચારણા થયેલ જોવા મળે છે.

શ્રીમદ્‌ભાગવતપુરાણના ત્રીજા સ્કંધમાં યોગનું વિશેષ વિવરણ પ્રાપ્ત થાય છે. બીજા સ્કંધના પહેલા તથા બીજાઅધ્યાયમાં, ત્રીજા સ્કંધના ૨૫મા તથા ૨૮મા અધ્યાયમાં કપિલનો પોતાની માતા દેવહૂતિને યોગનો ઉપદેશ અને અગિયારમા સ્કંધના ૧૩મા અધ્યાયમાં સનકાદિને હંસરૂપધારી ભગવાન દ્વારા યોગનું વર્ણન અને ૧૪મા અધ્યાયમાં ધ્યાનયોગનું તથા ૧૫મા અધ્યાયમાં યોગના પ્રભાવથી પ્રાપ્ત થતી અણિમાદિ અઢાર પ્રકારની સિદ્ધિઓનું વિશદ વર્ણન છે. જ્યારે ૧૯મા અધ્યાયમાં યમનિયમાદિનું વર્ણનઅને ૨૮–૨૯માં અધ્યાયોમાં યથાક્રમ જ્ઞાનયોગ અને ભક્તિયોગની સાથે અષ્ટાંગયોગનું વર્ણન પણ જોવા મળે છે. યોગના આઠ અંગો– યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ છે. તેમાં **યમ** અને **નિયમ**નું ટૂંકું છતાં વિશદ વર્ણન અગિયારમા સ્કંધના ૧૯મા અધ્યાયમાં મળે છે. પાતંજલસૂત્રોમાં તો યમ તથા નિયમ માત્ર પાંચ પ્રકારના જ બતાવ્યા છે, પરંતુ શ્રીમદ્‌ભાગવતપુરાણમાં તે પ્રત્યેકના બાર ભેદ માનવામાં આવ્યા છે. જે આ પ્રમાણે છેઃ (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય, (૪) અસંગ, (૫) હ્રી, (૬) અસંચય, (૭) આસ્તિક્ય, (૮) બ્રહ્મચર્ય, (૯) મૌન, (૧૦) સ્થૈર્ય, (૧૧) ક્ષમા અને (૧૨) અભય.[૨૮] આ યમોમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહ(અસંચય) પાતંજલદર્શનમાં પણ છે. બાકીના સાત નવા છે. શ્રીમદ્‌ભાગવતપુરાણે બાર નિયમોને આ પ્રમાણે બતાવ્યા છેઃ (૧) શૌચ(બાહ્ય), (૨) શૌચ (આભ્યંતર), (૩) જપ, (૪) તપ, (૫) હોમ, (૬) શ્રદ્ધા, (૭) આતિથ્ય, (૮) ભગવદર્ચન, (૯) તીર્થાટન, (૧૦) પરાર્થચેષ્ટા, (૧૧) સંતોષ અને (૧૨) આચાર્યસેવન.[૨૯] જેમાંથી શૌચ, સંતોષ, તપ, સ્વધ્યાય અને ઈશ્વરપ્રણિધાન (ભગવદર્ચન) પાતંજલયોગ પ્રમાણે છે, બાકીના નવા છે.

❖ **આસન :** આ યોગનું ત્રીજું અંગ છે. શુદ્ધ, પવિત્ર તથા એકાંત સ્થાનમાં આસન લગાવવું જોઈએ. આસન 'શૈલાજીનકુશોત્તર' હોવું જોઈએ. તેનો 'કલ્પિતાસન' શબ્દ દ્વારા શ્રીમદ્‌ભાગવતમાં અનેક સ્થળો પર સંકેત કરવામાં આવેલ છે.[૩૦] યોગમાં અનેક આસન બતાવવામાં આવ્યાં છે. સ્વસ્તિકાસનમાં બેસીને યોગી પોતાના શરીરને એકદમ સીધું બનાવી રાખે છે વગેરે ક્રિયાઓનું વર્ણન છે.[૩૧]

❖ **પ્રાણાયામ :** પ્રાણોનો આયામ યોગનું ચોથું અંગ છે. શ્રીમદ્‌ભાગવતપુરાણમાં પણ પૂરક, કુંભક તથા રેચક દ્વારા પ્રાણાયામના માર્ગને શુદ્ધ કરવાનો ઉપદેશ દેવામાં આવ્યો છેઃ 'प्राणस्य शोधयेन्मार्गं पूरककुम्भकरेचकैः ।'[૩૨] પ્રાણાયામ પુરાણોમાં

બે પ્રકારના બતાવવામાં આવ્યા છેઃ (૧) અગર્ભ અને (૨) સગર્ભ. અગર્ભ પ્રાણાયામમાં જપ તથા ધ્યાન વિના જ, માત્રા મુજબ પ્રાણાયામ કરવામાં આવે છે. સગર્ભ પ્રાણાયામમાં જપ તથા ધ્યાન ચોક્કસ થવું જ જોઈએ. આ બંનેમાં સગર્ભ પ્રાણાયામ શ્રેષ્ઠ છે. તેથી પુરાણોએ તે કરવાનો ઉપદેશ આપ્યો છે. શિવપુરાણની વાયવીયસંહિતાના ઉત્તરખંડના ૩૭મા અધ્યાયમાં આ બન્નેના ભેદ તથા ઉપયોગનું સુંદર વર્ણન આ પ્રમાણે મળે છેઃ

'अगर्भश्च सगर्भश्च प्राणायामो द्विधा स्मृतः ।
जपं ध्यानं विनाऽगर्भः सगर्भस्तत्समन्वयात् ।।
अगर्भाद् गर्भसंयुक्तः प्राणायामः शताधिकः ।
तस्मात्सगर्भं कुर्वन्ति योगिनः प्राणसंयमम् ।।"[૩૩]

અગર્ભ કરતાં સગર્ભ પ્રાણયામનો ગુણ સોગણો કહ્યો છે. તેથી યોગીએ સગર્ભ પ્રાણાયામ જ કરવો જોઈએ. વિષ્ણુપુરાણમાં અગર્ભને અબીજ તથા સબીજ પ્રાણાયામ કહેવામાં આવ્યા છે.[૩૪] શ્રીમદ્ભાગવતપુરાણમાં પણ આ સગર્ભપ્રાણાયામનું મહત્ત્યવ દર્શાવવામાં આવ્યું છે.[૩૫] પ્રાણાયામની કુંભકાદિ ક્રિયાઓની સાથે 'अ - उ - म्' થી ગ્રથિત બ્રહ્માક્ષર 'ॐ' ની મનમાં આવૃતિ કરતી જવી જોઈએ. ॐકારને ભૂલ્યા વિના શ્વાસને જીતવો જોઈએઃ

'अभ्यसेन्मनसा शुद्धं त्रिवृद् ब्रह्माक्षरं परम् ।
मनो यच्छेज्जितश्वासो ब्रह्मबीजमविस्मरन् ।।'[૩૬]

આ ત્રણ અક્ષરવાળા શુદ્ધ બ્રહ્માક્ષરમંત્રનો મનથી જાપ કરવો. એને ભૂલ્યા વિના શ્વાસને જીતી મનને એકાગ્ર કરવું. જે યોગી આ પ્રકારે સગર્ભ પ્રાણાયામના અભ્યાસથી શ્વાસજય પ્રાપ્ત કરી લે છે, તેના મનથી આવરક મળ—રજ તથા તમનો નાશ તે પ્રકારે થઈ જાય છે, જે પ્રકારે આગમાં તપાવેલ લોઢાથી મલિનતા દૂર થઈ જાય છે. શ્રીમદ્ભાગવતપુરાણ ૩/૨૮/૧૦માં પૂરક, કુંભક તથા રેચકના ક્રમથી પ્રાણાયામ કરવાનું વિધાન બતાવવામાં આવ્યું છે. પરંતુ શ્રીભદ્ભાગવતપુરાણ ૧૧/૧૪/૩૩માં — 'विपर्ययेणापिशनैरभ्यसेन्निर्जितेन्द्रियः' અને ૩/૨૮/૯ માં 'प्रतिकूलेन वा चित्तम्' કહીને તેનાથી ઉલટા ક્રમમાં પ્રાણાયામ કરવાનો વિધિ પણ શાસ્ત્રીય માનવામાં આવેલ છે. અહીં 'विपर्ययेणापि' તથા 'प्रतिकूलेन'નો અર્થ શ્રીધરસ્વામીએ બે પ્રકારે કર્યો છે. એક તો સાધારણ નિયમનો ઉલટો ક્રમ અર્થાત્ રેચક, પૂરક અને કુંભકનો ક્રમ. પરેલા રેચક કરવો, પછી કુંભક અને અંતમાં

પૂરક. કુભકના બે પ્રકાર હોય છે– અંતઃકુંભક અને બહિર્કુંભક. શ્રીમદ્‌ભાગવત–પુરાણમાં આ બન્ને પ્રકારના કુંભકોનું વર્ણન છે અને બેમાંથી કોઈપણ એક દ્વારા ચિત્તને સ્થિર કરવાનો ઉપદેશ છે. બીજો અર્થ એ બતાવવામાં આવ્યો છે કે, જમણી નાડીથી પૂરક કરવો તથા ડાબી નાડીથી રેચક કરવો અથવા તેનો ઉલટો ક્રમ અર્થાત્ દક્ષિણ નાડીથી રેચક કરવો અને વામ નાડીથી પૂરક કરવો. આ બન્ને અર્થ યોગાભ્યાસીઓને માન્ય છે. પ્રાણાયામને ત્રણકાળ– પ્રાતઃ, મધ્યાહ્ન તથા સાંજે કરવો નોઈએ અને દરેક વખતે દસ પ્રાણાયામ કરવા જોઈએ. જો આ નિયમથી પ્રાણાયામ કરવામાં આવે તો એક માસથી પૂર્વ જ સાધક પવનને વશમાં કરી લે છે.[૩૭]

❖ **પ્રત્યાહાર :** આ પ્રકારે આસન તથા શ્વાસને જીતી સાધક પોતાની ઈન્દ્રિયોને તેના તે વિષયોથી ખેંચી આ કાર્યમાં સહાયતા માટે બુદ્ધિવાળું મન સહાયરૂપ બનશે. મન દ્વારા નિશ્ચયબુદ્ધિની સહાયતાથી મનુષ્ય પોતાની ઈન્દ્રિયોને વિષયોથી ખેંચી, તેને એક સ્થાન પર રાખવાનો પ્રયત્ન કરે.[૩૮]

❖ **ધારણા :** મનને એક વસ્તુમાં એકાગ્ર કરવાને ધારણા કહે છે. શ્રીમદ્‌ભાગવતપુરાણમાં ધારણા બે પ્રકારની કશી છે. તે જ (બન્ને) અન્ય પુરાણોમાં પણ નામભેદથી બતાવવામાં આવી છે. ભગવાનના બે રૂપ છે. સ્થૂળ અને સૂક્ષ્મ. આને જ વિષ્ણુપુરાણમાં મૂર્ત અથવા 'વિશ્વ' અને અમૂર્ત અથવા 'સત્' ના નામથી દર્શાવવામાં આવેલ છે.[૩૯] ભગવાનના આ બન્ને રૂપોની ધારણા તથા ધ્યાન કરવું જોઈએ. તેથી શ્રીમદ્‌ભાગવતવિહિત ધારણાના બે પ્રકાર થયા– વૈરાજધારણા અને અંતર્યામીધારણા. સૌ પ્રથમ ભગવાનના સ્થૂળરૂપમાં જ ધારણા તથા ધ્યાન લગાવવું જોઈએ. શ્રીમદ્‌ભાગવતના બીજા સ્કંધના પહેલા અધ્યાયમાં ભગવાનના વિરાટરૂપનું સંદર તથા સાંગોપાંગ વર્ણન કરવામાં આવ્યું છે. સ્થૂળ હોવાને કારણે મૂર્તરૂપમાં મન આસાનીથી લગાવી શકાય છે. આ ધારણાનું નામ થયું વૈરાજધારણા જ્યારે આ ધારણા સાધકને સિદ્ધ થઈ જાય, ત્યારપછી જ અમૂર્તની ધારણા કરવી જોઈએ. આ બીજી ધારણા અંતર્યામીધારણાનું ઘણું સુંદર વર્ણન ભાગવતમાં અનેક સ્થળો પર કરવામાં આવ્યું છે. બીજા સ્બંધના બીજા અધ્યાયમાં, ત્રીજા સ્કંધના ૨૮મા અધ્યાયમાં તથા અગિયારમા સ્કંધના ૧૪મા અધ્યાયમાં. આ વર્ણનનો ઉદેશ છે કે, પોતાના શરીરની અંદર ઉર્ધ્વમાલવાળા અધોમુખ હીત્પુંડરીકને ઉર્ધ્વમુખ, વિકસિત અષ્ટદળવાળા તથા કર્ણિકાયુકત ધ્યાન કરવું. કર્ણિકામાં ક્રમશઃ સૂર્ય, ચંદ્ર

અગ્નિના મંડળને રાખવા. આ અગ્નિની અંદર આનંદકંદ શ્રીવૃંદાવનચંદ્રની મનમોહિની મૂર્તિનું ધ્યાન ધરવું. ભગવાનના આ સોહામણારૂપનું જેવું વર્ણન ભાગવતમાં મળે છે, તેવું અન્યત્ર મળવું દુર્લભ છે.

❖ **ધ્યાન :** કોઈ વસ્તુવિશેષમાં અનુસ્યૂતરૂપમાં ધારણા ધારણ કરવી, પ્રત્યયની એકતા હોય તો તેને ધ્યાન કહે છે. 'तत्रैकतानता ध्यानम्' શ્રીમદ્‌ભાગવતપુરાણમાં ધ્યાનના વિષયમાં બહુ જ થોડું કહેવામાં આવ્યું છે. હૃત્કર્ણિકામાં ભગવાનના સમગ્ર શરીરની ધારણા નિશ્ચલ થઈ જાય ત્યારે પ્રત્યેક અંગનું ધ્યાન કરવું જોઈએ. અંગોનો ક્રમ 'पादादि यावत् हसितं गदाभृतः' છે. તેનું વર્ણન ત્રીજા સ્કંધના ૨૮મા અધ્યાયમાં જોવા મળે છે. ભગવાનના પગના ધ્યાનથી આરંભ કરી, ઉપરની તરફ જતાં અંતે સુખની મંદ મુસ્કાન ઉપર પોતાનું ધ્યાન જમાવવું જોઈએ. ઉત્તમ પ્રકારથી ભગવાનના તે ચરણકમળનું ધ્યાન કરવું જોઈએ, જે ચરણ વજ્ર, અંકુશ, ધજા અને કમળના ચિહ્નોથી યુકત છે તથા જેનાથી પોતાના ઊંચા, ઊભા લાલ નખોની જ્યોત્સ્નાથી સત્પુઢષોના હૃદયનો અંધકાર દૂર કરે છે.[૪૦]

❖ **સમાધિ :** ધ્યાન પછી સમાધિનું સ્થાન આવે છે. તે સમયે ભકિતથી દ્રવીભૂત હૃદય આનંદથી રોમાંચિત થઈ, ઉત્કંઠાથી આંસુઓની ધારામાં ન્હાવાવાળા ભગવાનના ભકત પોતાના ચિત્તને ધ્યેયપદાર્થથી તે રીતે અલગ કરી દે છે, જેમ મરેલ માછલીમાં માછીમાર કાંટો અલગ કરે છે. આ સમયે નિર્વિષય મન અર્ચિની જેમ ગુણપ્રવાહથી રહિત થઈ, ભગવાનમાં લય પ્રાપ્ત કરી લે છે, બ્રહ્માકારમાં લીન થઈ જાય છે.[૪૧] આ પ્રકારે ભગવાન શ્રીહરિમાં જેનો પૂર્ણ પ્રતિભાવ થઈ ગયો છે, જેનું હૃદય ભકિતથી દ્રવીભૂત થઈ ગયું છે, પ્રેમાનંદથી જે પુલકિત થઈ ગયા છે, જે વારંવાર ઉત્કંઠાથી ઉત્પન્ન થયેલ અશ્રુધારામાં ન્હાતા રહ્યા છે, તે ચિદ્રૂપને પણ ધીરે ધીરે પાછળ છોડી દે છે. ત્રિગુણનો પ્રવાહ જેનાથી દૂર થઈ ગયો, તેવા પુઢષ પોતાના સિવાય અન્ય કોઈ વ્યવધાન ન જોતાં અખંડ આત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે. તે પુઢષ મનની આ ચરમ નિવૃત્તિથી સુખ–દુઃખથી પરની લીલામાં લીન થઈ જાય છે. આત્મસ્થિતિની પરાકાષ્ઠાને પ્રાપ્ત થયેલ એવા પુઢષ પોતાને કર્તા નહીં માનતાં છતાં સુખ–દુઃખનું મૂળ પોતાની અંદર જૂએ છે. આ યોગની આ મોટી વિશેષતા જોવા મળે છે. અષ્ટાંગયોગ ભકિતની સાથે સંબદ્ધ છે. વાસ્તવિક યોગી માત્ર શુષ્ક સાધક નથી, પરંતુ ભગવાનની ઉત્તમ ભકિતથી આપ્લાવ્યમાન હૃદયવાળા પરમ ભગવાન છે. ભકિત વિના લોકવિહિત સમાધિની નિષ્પત્તિ કેવી રીતે ન હોય!

વ્યાસજીએ અત્યંત સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, યોગનો ઉદેશ 'કાયાકલ્પ' નથી. શરીરને માત્ર દઢ બનાવવું, તે યોગ નથી; પરંતુ તેનું ધ્યેય શ્રીભગવાનમાં ચિત્ત લગાવવાનું, ભગવત્પરાયણ હોવું છે. શ્રીમદ્ભાગવતપુરાણ ૧૧/૨૮/૪૧–૪૩માં યોગના વિષયમાં જ પરિનિષ્ઠિત સિદ્ધાંત પ્રતીત થાય છે કે, યોગીઓ માટે જગદાધાર ભગવાનમાં ભકિત દ્વારા ચિત્ત લગાવવા સિવાય બ્રહ્મપ્રાપ્તિનો અન્ય કોઈ ઉપાય નથી.[૪૨] અખિલ આત્મસ્વરૂપ ભગવાનમાં લાગેલી ભકિત સમાન કલ્યાણકારી માર્ગ યોગીઓ માટે બ્રહ્મની પ્રાપ્તિમાં આ એક જ છે.

**❖ ભકિતતત્ત્યવ :**

બ્રાહ્મણયુગમાં ભકિતની ભાવના ઉપાસનાક્ષેત્રમાં દઢરૂપે મળે છે. બ્રાહ્મણગ્રંથોમાં કર્મકાંડની પ્રધાનતા હોવા છતાં પણ ભકિતની ભાવના લેશ પણ ન્યૂન નથી. આરણ્યકોમાં બહિર્યાગની અપેક્ષાએ અંતર્યાગને વિશેષ મહત્ત્યવ દેવામાં આવ્યું છે. ચિત્તવૃત્તિનિરોધાત્મકયોગના પ્રચારનો એ યુગ છે. આ બન્નેથી પુષ્ટ થઈ, ભકિતની પ્રબળતા તરફ સાધકોનું ધ્યાન આકર્ષાય છે. ઉપનિષદો જ્ઞાનકાંડનાં સર્વશ્રેષ્ઠ ગ્રંથો છે, પરંતુ તેમાં પણ ભકિતની ગરિમા સ્થાને સ્થાને દર્શાવેલ છે. કઠોપનિષદના અનુશીલનથી ભકિતના સિદ્ધાંતોનો સ્પષ્ટ નિર્દેશ મળે છે. આત્મપ્રાપ્તિના ઉપાયોનું વર્ણન કરતાં ઉપનિષદ દર્શાવે છેઃ

‘नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैक आत्मा वृणुते तनूं स्वाम् ।।’[૪૩]

આ મંત્રનું તાત્પર્ય એ છે કે, માત્ર આત્મલાભ માટે જ પ્રાર્થના કરવાવાળા નિષ્કામ પુઢષને આત્મા દ્વારા જ આત્માની ઉપલબ્ધિ થાય છે. આ મંત્રમાં આત્માના અનુગ્રહની તરફ ગૂઢ સંકેત છે. પરંતુ અન્ય મંત્રમાં 'પ્રસાદ' અર્થાત્ અનુગ્રહનો સિદ્ધાંત સ્પષ્ટપણે નિર્દેશવામાં આવ્યો છેઃ

‘तमक्रतुः पश्यति वीतशोको ।
धातुः प्रसादान्महिमानमात्मनः ।।’[૪૪]

અર્થાત્, 'નિષ્કામ પુઢષ જગત્કર્તાના પ્રસાદથી પોતાના આત્માની અમરતા દર્શાવે છે અને શોકરહિત થઈ જાય છે.'

વૈષ્ણવધર્મમાં 'પ્રસાદ'નો આ સિદ્ધાંત મહત્ત્યવપૂર્ણ છે. ભગવાનના અનુગ્રહથી જ ભકિતની કામનાવલ્લરી પુષ્પિત તથા ફલિત થાય છે. શ્રીમદ્ભાગવત–પુરાણમાં આ 'પોષણ'નો સિદ્ધાંત– ‘पोषणं तदनुग्रहः’ છે.[૪૫] શ્રીવલ્લભાચાર્યનો

વૈષ્ણવમત તેથી જ 'પુષ્ટિમાર્ગ'ના નામથી પણ ઓળખાય છે. શ્વેતાશ્વતરના મંત્ર (૬/૨૧)માં તપસ્યાના પ્રભાવ સિવાય દેવતાના પ્રસાદથી શ્વેતાશ્વતરઋષિને સિદ્ધિ મળ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપનિષદમાં ભકિત શબ્દનું સર્વપ્રથમવાર વિવરણ કરવામાં આવ્યું છેઃ

'यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।

तस्यैते कथिता ह्यर्थाः प्रकाशते महात्मनः ।।'[૪૬]

જે પુઢષને દેવતામાં ઉત્કૃષ્ટ ભકિત હોય છે તથા દેવ સમાન ગુઢમાં પણ જેની ભકિત હોય છે, તે મહાત્માને આ કહેવામાં આવેલ અર્થ સ્વયં પ્રકાશિત થાય છે. ઉપનિષદ—સાહિત્યમાં 'ભકિત' શબ્દનો આ પ્રથમ પ્રયોગ માનવામાં આવે છે. વૈષ્ણવદર્શનમાં ગુઢનો જે વિશેષ મહિમા સ્વીકારવામાં આવ્યો છે, તેની સૂચના આ મંત્રમાં આપવામાં આવી છે. વૈષ્ણવ મતમાં ભકિતની અપેક્ષાએ પ્રપત્તિનું ગૌરવ વધારે માનવામાં આવે છે. પ્રપત્તિમાં ભગવાન જ ઉપેય છે તથા ઉપાય પણ તે જ છે. ભકતે તો માત્ર તેના શરણમાં જ જવાની જરૂરિયાત હોય છે. શરણાગત બન્યાની સાથે જ ભગવાન પોતાની નિર્મળ દયાના પ્રભાવથી તે ભકતનો ઉદ્ધાર કરી દે છે. ભકત માટે તે સિવાય કોઈ કાર્ય નથી રહેતું. આ પ્રપત્તિનો સિદ્ધાંત પણ શ્વેતાશ્વતરોપનિષદમાં સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યો છેઃ

'यो ब्राह्मणं विदधाति पूर्वं यो वेदाँश्च प्रहिणोति तस्मै ।

तं ह देवमात्मबुद्धिप्रकाशं मुमुत्तुवै शरणमहं प्रपद्ये ।।'[૪૭]

આ મંત્રમાં બ્રહ્માનું પણ નિર્માણ કરનારાતથા તેના દ્વારા નિર્મિત વેદોને પણ ઉત્પન્ન કરવાવાળા, પોતાની બુદ્ધિથઇ પ્રકાશિત થવાવાળા ભગવાનના શરણમાં જવાનું વર્ણન કરવામાં આવ્યું છે. વૈદિકસંહિતાઓ તથા ઉપનિષદોમાં પણ આ વિષયના રહસ્યનું પ્રતિપાદન છે. બ્રહ્મ સર્વકામ, સત્યસંકલ્પ છે. તેના પ્રસાદથી જ સાધક આ લોકની માયાથી પર થઈ શકે છે. વૈષ્ણવધર્મની પીઠિકા નિઃસંદેહ વેદો પર આધારિત છે.

શ્રીમદ્‌ભાગવતપુરાણના દસમા સ્કંધના ૮૭મા અધ્યાયમાં વેદ—સ્તુતિ કે શ્રુતિગીતાનું તાત્પર્ય છે. વેદસ્તુતિનું તાત્પર્ય ધર્મ તથા જ્ઞાનને સમાન ભકિતનું પ્રતિપાદન કરવું, શ્રુતિઓને પણ સ્વીકાર્ય છે. આ સ્તુતિમાં અનેક મંત્રોનો અભિપ્રાય ભકિતના વિવરણમાં દર્શાવવામાં આવ્યો છે. પુરાણોના કર્તા વેદવ્યાસને પણ આ અર્થ સ્વીકાર્ય છે. વેદમંત્રદષ્ટાઋષિઓ દ્વારા આર્ષદષ્ટિએ પ્રત્યક્ષીકૃત સત્યોનો

અલૌકિક ભંડાર છે. ભારતમાં અવાંતરકાલમાં વિકસનારા દાર્શનિક મતો તથા ધાર્મિક સંપ્રદાયોનાં બીજ પ્રસ્તુત કરે છે. તેથી શ્રુતિને કર્મ તથા જ્ઞાનની ઉદ્ગમભૂમિ હોવાને કારણે ભક્તિની ઉદ્ગમકર્ત્રી કહેવી યોગ્ય છે. મનને વશમાં કરવાથી ભગવદ્ભક્તિનો ઉદય થાય છે અને મનનું વશીકરણ ગુઢની કૃપાથી જ થાય છે. આ વિષય ઉપનિષદની શ્રુતિઓમાં છે.[૪૮] શ્રીમદ્ભાગવતપુરાણ ૧૦/૮૭/૩૩માં તેની સમજુતિ આપેલ છે. તેમાં ભક્તિ–તત્ત્યવની મીમાંસા પણ વિસ્તારથી પ્રાપ્ત થાય છે. શ્રવણ, કિર્તન, સ્મરણાદિ નવધા ભક્તિનું તેના સૂક્ષ્મભેદ સાથે સવિસ્તર અને સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. તેના ક્રમમાં એક મનોવૈજ્ઞાનિક આરોહણ પણ જોવા મળે છે. ભક્તિનો આરંભ ભગવાનના ગુણોના શ્રવણથી થાય છે, જે કિર્તન, સ્મરણ વગેરે સોપાનોને સર કરીને સાધકને 'આત્મનિવેદન' દ્વારા ભગવત્પ્રાપ્તિ કરાવી આપે છે.[૪૯] આત્મસમર્પણ આ શ્રૃંખલાની અંતિમ કડી છે.

❖ **ઉપનિષદમાં નચિકેતોપાખ્યાન :** કઠોપનિષદમાં આવેલ નચિકેતાનું આખ્યાન ઘણું જ પ્રસિદ્ધ છે. ફળની ઈચ્છાવાળા વાજશ્રવાએ યજ્ઞમાં પોતાનું બધું જ ધન આપી દીધું. તેણે નિર્બળ, ઘાસ ન ખાતી ગાયોને પણ દાનમાં આપી દીધી. આ જોઈને તેનો પુત્ર નચિકેતા તેના પિતાને વારંવાર પૂછવા લાગ્યો કે તમે મને કોને દાનમાં આપશો? આથી ક્રોધે ભરાયેલા વાજશ્રવાએ કહ્યું, 'હું તને યમને આપું છું' આ સાંભળી નચિકેતા યમપુરીમાં જવા માટે નીકળી ગયો. યમપુરીના દ્વારે ત્રણ દિવસ ઉપવાસ કરી, ત્યાં જ રહ્યો, આથી યમે તેને ત્રણ વરદાનો માગવા કહ્યું. તેણે પ્રથમ વરદાનમાં–

'शांतसंकल्पः सुमना यथा स्याद्वीतमन्युर्गौतमो माभिमृत्यो ।
त्वत्प्रसृष्ट माभिवरेत्प्रतीत एतत्त्रयाणां प्रथमं वरं वृणे ।।'[૫૦]

આ પ્રમાણે પોતાના પિતાનું પોતાના પ્રત્યેનું વર્તન પૂર્વવત્ બને, તેવું વરદાન માગીને બીજા વરદાનમાં –

'स त्वमग्नि स्वर्ग्यमध्येपि मृत्यो प्रब्रूहि त्वं श्रद्धानाय ।
स्वर्गलोका अमृतत्वं भजन्ते एतद् द्वितीयेन वृणे वरेण ।।'[૫૧]

બીજા વરદાનમાં હૃદયરૂપી ગુફામાં રહેલ પ્રાણરૂપ વૈશ્વાનર અગ્નિને જાણવાથી જીવ સ્વર્ગને પામે છે. તે અગ્નિ–પ્રાપ્તિ/જ્ઞાન દ્વારા નચિકેતા સ્વર્ગમાં જઈ, અમરત્વ પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવે છે અને ત્રીજા વરદાનમાં–

'यं यं प्रेते विचिकित्सा मनुष्यकेऽस्तीत्येके नायमस्तीति चैके ।

एतद्विधामनुशिष्टस्त्वयाहं वराणामेष वरस्तृतीयः ।।'[52]

ત્રીજા વરદાનમાં નચિકેતા યમરાજ પાસેથી આત્મજ્ઞાન મેળવવા ઈચ્છે છે. યમરાજા ઘણા જ પ્રલોભનો આપે છે, પરંતુ નચિકેતા તેનો સ્વીકાર કરતો નથી. આથી, અંતે યમરાજા નચિકેતાને આત્મજ્ઞાન આપવા તૈયાર થાય છે. નચિકેતા આત્મજ્ઞાનને મેળવી, યમપુરીથી સદેહે પૃથ્વી પર આવે છે. આથી જ જ્ઞાનકાંડમાં કઠોપનિષદની આ આધ્યાત્મિકતા સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. નચિકેતાનું આખ્યાન પુરાણોમાં પણ પ્રાપ્ત થાય છેઃ

❖ **પૌરાણિક નચિકેતોપાખ્યાન :** પુરાણોમાં નચિકેતાનું આખ્યાન ખુબ જ સુંદર રીતે વર્ણવવામાં આવ્યું છે. વરાહપુરાણમાં અધ્યાય ૧૯૩ થી ૨૧૨ સુધી નચિકેતોપાખ્યાન વર્ણવવામાં આવ્યું છે. જેનાથી તેની પ્રાચીનતા આપમેળે જ સિદ્ધ થાય છે. ત્યાં આ આખ્યાનનો મહિમા પણ વર્ણવાયેલો જોવા મળે છે. જેમકે,–

'श्रुणु राजन् पुरावृतां कथां परम शोभनाम् ।
धर्मवृद्धिकरीं नित्यां यशस्यां कीर्तिवर्धिनीम् ।।
पावनीं सर्वपापानां प्रवृत्तौ कीर्तिवर्धिनीम् ।
इतिहासपुराणानां कथां वै विदुषां प्रियाम् ।।'[53]

વરાહપુરાણના ૨૧૨મા અધ્યાયના અંતમાં કથા–સમાપન સમયે પણ આ મહત્ત્યવ પ્રતિપાદિત થયેલ છે.[54] આ કથાને આવી રીતે વર્ણવવામાં આવી છેઃ 'ઉદ્દાલક નામના એક પ્રસિદ્ધ ઋષિ હતા, જે વેદ–વેદાંગમાં પારંગત હતા. તેનો પુત્ર નચિકેતા હતો. તે પણ અત્યંત બુદ્ધિશાળી અને વેદ–વેદાંગમાં પારંગત હતો. એકવાર પિતાએ ક્રોધિત થઈને પુત્રને શાપ આપ્યો, 'જા જલ્દી યમને જો' યોગવિધિના જ્ઞાતા પુત્રે પિતાને કહ્યું 'તમારું વચન મિથ્યા ન થાય, તેથી હું જલ્દી ધર્મરાજપુરીમાં જઈશ અને યમના દર્શન કરીશ.' ક્રોધમાં ઋષિએ શાપ તો આપ્યો પણ પછી પશ્ચાતાપ કરવા લાગ્યા અને પુત્રને યમપુરીમાં ન જવાં સમજાવવા લાગ્યા. નચિકેતાએ પિતાને સત્યમાર્ગથી વિચલિત થતાં જોઈને સત્યનો મહિમા દર્શાવ્યો.[55] પિતાને પોતાના ધર્મ પર સ્થિર કરી, નચિકેતા તે પરમ સ્થાન પર ગયો જ્યાં રાજા યમ રહે છે. તેણે બાળકને આવેલ જોઈ, યથાવિધિ અર્ચના કરી તરત પાછો મોકલ્યો. નચિકેતા ત્યાંથી ફરી પોતાના પિતાને આનંદિત કરતો પોતાના આશ્રમમાં આવ્યો. પુત્રને પાછો આવેલ જોઈ, ઉદ્દાલક પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા અને પરલોકની કથા સાંભળવાની ઈચ્છાવાળા અન્ય ઋષિઓને

બોલાવવા લાગ્યા. આશ્રમમાં ભેગા થયેલ લોકો યમલોક વિષયક અનેક કૌતુહલોત્પાદક પ્રશ્નો પૂછવા લાગ્યા.[૫૬] વરાહપુરાણના ૨૧૨મા અધ્યાય સુધી નચિકેતાએ તે લોકોને પ્રશ્નોના જવાબ આપી, સંતુષ્ટ કર્યાનું વર્ણન આવે છે. પરલોક વિષયક જિજ્ઞાસુઓને માટે આ અધ્યાયો ઘણા જ ઉપયોગી છે.

**❖ પુરાણોદ્ધૃત ઉપનિષદવાકયો અને મંત્રો :**

પુરાણોમાં ઉપનિષદોનાં અનેક વાકયો ઉદ્ધૃત થયેલાં છે. કયારેક તો ઉપનિષદનું નામ પણ જોવા મળે છે. મોટાભાગે 'वेद' અને 'श्रुति' શબ્દનો પ્રયોગ કરી, ઉપનિષદવાકય દર્શાવેલ છે. ઘણાં સ્થળોએ ઉપનિષદનું પ્રકૃત નામ પ્રાપ્ત થતું નથી. જેમકે, વાયુપુરાણના યોગપ્રકરણમાં અધ્યાય ૧૧–૧૩માં શ્વેતાશ્વતરોપનિષદના ઘણા શ્લોકો મળે છે. પરંતુ આ શ્લોકો કયાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યા છે, તેનો કોઈ સંકેત ત્યાં મળતો નથી. 'यतो वाचो निर्वतन्ते..... .........कुतश्चन ।।' શ્લોક લિંગપુરાણ ૧/૨૮/૧૮–૧૯, કૂર્મપુરાણ ૨/૯/૧૨ વગેરેમાં મળે છે. પુરણોદ્ધૃત ઉપનિષદ–વાકયોનું અધ્યયન કરવાથી એ જાણવા મળે છે કે, કોઈ ભાવને પ્રતિપાદિત કરવા માટે જ પુરાણોએ ઉપનિષદવાકયોનો આશરો લીધેલ છે. ઘણાં સ્થળોએ ઉપનિષદના મૂળ ભાવને જ બદલાવી નાખેલ છે. આવાં કેટલાંક ઉપનિષદવાકયોને આ પ્રમાણે ટાંકી શકાયઃ

(૧) મુડકોપનિષદ, ૨/૨/૨૪નું 'प्रणवो धनुः.............भवेत् ।' વાકય અગ્નિપુરાણ ૩૭૨/૨૭માં છે. ઉપરાંત થોડા પાઠભેદ સાથે ૪૨/૭–૮માં પણ પ્રાપ્ત થાય છે.

(૨) કઠોપનિષદ ૧/૩/૧૬નું વાકય 'एतदेवाक्षरं ब्रह्म.........तत् ।' વાકય અગ્નિપુરાણ ૩૭૨/૨૯માં છે.

(૩) કઠોપનિષદ ૧/૩/૩–૪નું 'आत्मानं रथिनं विद्धि...........।' વાકય ગઢડપુરાણ ૧/૪/૬–૮માં પ્રાપ્ત થાય છે.

(૪) શ્વેતાશ્વતરોપનિષદ ૪/૫નું 'अजामेकाम्.........।' વાકય વાયુપુરાણ ૨૦/૨૮માં જોવા મળે છે.

(૫) કઠોપનિષદ ૧/૩/૧૦–૧૧નું 'इन्द्रियेभ्यः परा ह्यर्थाः.........।' વાકય બ્રહ્મપુરાણ ૨૩૬/૨૩–૨૪માં છે. પુરાણમાં 'पुरुष' ના સ્થાને 'अमृत' પાઠ છે.

(૬) તૈત્તિરીયોપનિષદ ૨/૯નું 'यतो वाचो निवर्तते.......।' વાકય કૂર્મપુરાણ અને બ્રહ્માંડપુરાણ ૩/૨૭/૮૭માં મળે છે. પુરાણોમાં તે શિવપરક છે.

(૭) છાંદોગ્યોપનિષદ ૩/૧૪/૧ નું 'सर्वं खल्विदं ब्रह्म........।' વાક્ય લિંગપુરાણ ૧/૨૮/૨૧માં પ્રાપ્ત થાય છે. ત્યાં આ વાક્ય શિવરુદ્રપરક જોવા મળે છે.

(૮) મુંડકોપનિષદ ૨/૨/૮નું 'भिद्यते हृदयग्रन्थिः..........।' વાક્ય પદ્મપુરાણ ૬/૧૯૩/૬૬–૬૭માં થોડા પાઠભેદ સાથે છે.

(૯) શ્વેતાશ્વતરોપનિષદ ૬/૧૨નું 'तमात्मस्थं येऽनुपश्यन्ति..........।' વાક્ય લિંગપુરાણ ૨/૧૮/૩૪માં છે.

(૧૦) શ્વેતાશ્વતરોપનિષદ ૨/૧૩નું 'आलोलयमारोग्यमनिष्ठुरत्वम्..........।' વાક્ય માર્કણ્ડેયપુરાણ ૩૯/૬૨માં છે.

(૧૧) શ્વેતાશ્વતરોપનિષદ ૬/૧૧નું 'एको देवः सर्वभूतेषु गूढः....... नेतरेषाम् ।' વાક્ય કૂર્મપુરાણ ૨/૯/૧૮માં પ્રાપ્ત થાય છે.

(૧૨) શ્વેતાશ્વતરોપનિષદ ૩/૧૧ નું 'सर्वाननशिरोग्रीवः...........।' વાક્ય કૂર્મપુરાણ ૨/૯/૧૯માં પ્રાપ્ત થાય છે.

(૧૩) શ્વેતાશ્વતરોપનિષદ ૬/૨૧માં પાશુપતયોગને સર્વવેદાંતમાર્ગ અને અત્યાશ્રમ કહેલ છે. કૂર્મપુરાણ ૨/૧૧/૬૭–૬૮માં પણ એ જ ભાવ પ્રાપ્ત થાય છે.

ઉપનિષદવાક્યોના ઉદાહરણમાં પુરાણોએ ઘણી જગ્યાએ મૂળ પાઠને ભ્રષ્ટ કરી દીધેલ છે. જેમકે, કઠોપનિષદ ૧/૩/૩૯માં 'सोऽध्वनः पारमाप्नोति... ।' વાક્ય ગરુડપુરાણમાં લીધેલ છે, પરંતુ અહીં 'स्वर्धून्याः पारमाप्नोति.......।' એવો પાઠ મળે છે. કૂર્મપુરાણમાં ભસ્મધારણમાટે 'अग्निरित्यादिकं पुण्यम्' કહેવામાં આવ્યું છે, જે 'अग्निरिति भस्म वायुरिति भस्म........।' છે. કાલાગ્નિરુદ્રોપનિષદ વગેરેમાં આ મંત્ર મળે છે. પુરાણોમાં કેટલાંક એવાં વચનો પણ છે, જેના વિશે ચોક્કસપણે કશું જ કહી શકાતું નથી કે તે ખરેખર કયાં ઉપનિષદનું વાક્ય છે.

**❖ મંત્રો :**

(૧) 'ईशावास्यमिदं सर्वम्.........।' એ ઈશાવાસ્યોપનિષદના પ્રથમ મંત્રની વ્યાખ્યા માત્ર પહેલા પદના પરિવર્તન સાથે 'आत्मावास्यमिदं विश्वम्......... ।' શ્રીમદ્‌ભાગવતપુરાણ ૮/૧/૧૦માં કરવામાં આવી છે. અહીં ૯ થી ૧૬ સુધીના શ્લોકોને 'મંત્રોપનિષદ' તરીકે ઓળખાવેલ છે.[૫૭] આને જોતાં સ્પષ્ટપણે કહી શકાય છે કે, ગ્રંથકારે ઉપનિષદના જ મંત્રોનો પ્રયોગ સાક્ષાત્ભાવે કર્યો છે.

(૨) શ્વેતાશ્વતરોપનિષદ ૪/૬ના 'द्वा सुपर्णा सयुजा सखाया.............।' મંત્રની વ્યાખ્યા શ્રીમદ્‌ભાગવતપુરાણ ૧૧/૧૧/૬માં કરવામાં આવી છે. વાયુપુરાણ

૯/૧૧૯માં પણ આ મંત્રનો સંકેતિત અર્થ કરવામાં આવ્યો છેઃ

'दिव्यौ सुपर्णौ सयुजो सशाखौ पटविद्रुमौ ।

एकस्तु यो द्रुमं वेतिनान्यः सर्वात्मनस्ततः ।।' પરંતુ અહીં મૂળ ઉપનિષદ જેવી ચોક્કસતા કે શ્રીમદ્‌ભાગવતપુરાણ જેટલો ચોટદાર ભાવ જોવા મળતો નથી.

(૩) મુંડકોપનિષદ ૨/૨/૪ના 'प्रणवो धनुः...... ।' મંત્રની વ્યાખ્યા શ્રીમદ્– ભાગવતપુરાણ ૭/૧૫/૪૨માં કરવામાં આવી છે.

(૪) બૃહદારણ્યકોપનિષદ ૪/૪/૧૨ના 'आत्मानं वेद.........।' મંત્રની સમજુતિ શ્રીમદ્‌ભાગવતપુરાણ ૭/૧૫/૪૦ ના 'आत्मानं चेद् विजानीयात्........।' માં છે.

(૫) તૈત્તિરીયોપનિષદ ૧/૩ ની વ્યાખ્યા શ્રીમદ્‌ભાગવતપુરાણ ૧૧/૧૦/૧૨માં આચાર્ય અને અંતેવાસીને અરણિરૂપ દર્શાવીને કરેલ છે. અહીં બન્નેનું સંધાન પ્રવચનરૂપમાં નિશ્ચિત કરવામાં આવ્યું છે.

(૬) બૃહદારણ્યકોપનિષદ ૧/૩/૩ની વ્યાખ્યા વિષ્ણુપુરાણ ૬/૫/૬૫માં મળે છે.

(૭) શ્વેતાશ્વતરોપનિષદ ૩/૧૪–૧૫ ના ભાવને વિષ્ણુપુરાણ ૧/૧૨/૫૮–૬૬માં દર્શાવવામાં આવ્યો છે.

(૮) મુંડકોપનિષદ ૧/૧/૪–૫ માં પરા અને અપરા પકૃતિની વાતને બ્રહ્મપુરાણ ૨૩૩/૬૧–૬૩માં વર્ણવેલ છે.

(૯) શ્વેતાશ્વતરોપનિષદ ૬/૨૧મા મંત્રની વ્યાખ્યા કૂર્મપુરાણ ૨/૧૧/૬૭–૬૮માં કરવામાં આવી છે.

(૧૦) છાંદોગ્યોપનિષદ ૫/૧૦/૪–૫ની વ્યાખ્યા શ્રીમદ્‌ભાગવતપુરાણ ૭/૧૫/૫૪– ૫૫માં કરવામાં આવી છે.

આ પ્રમાણે પુરાણોએ અનેક ઉપનિષદ–વાકયો અને મંત્રોનું ઉપબૃંહણ કરેલું જોઈ શકાય છે. ઉપનિષદોના વિવિધ સંદર્ભોને પુરાણોએ કયાંક મૂળ રૂપમાં તો કયાંક થોડા ફેરફાર સાથે પ્રસ્તુત કર્યા છે. તો કયાંક વળી, માત્ર ભાવને જ પ્રગટ કર્યો છે. ઉપનિષદો મહદંશે દાર્શનિક ગ્રંથો છે. તેથી, પુરાણોએ ખાસ કરીને દાર્શનિકતાના વિવરણમાં ઉપનિષદોના સંદર્ભોનો સવિશેષ આધાર લીધો છે. ઉપનિષદોના અધ્યાત્મનો પુરાણો પર એટલો બધો ગાઢ પ્રભાવ છે કે, પુરાણોની સાંપ્રદાયિક દાર્શનિકતા પણ તેનાથી પ્રભાવિત થયેલી જોઈ શકાય છે. પોતાના ઈષ્ટદેવતાના સ્વરૂપના સૂક્ષ્મતમ–વિકાસમાં પુરાણો ઉપનિષદો પર નિર્ભર હોય, તેવું જણાય છે.

## : પાદટીપ :–

૦૧ શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૧/૨૧/૩૫–૩૬

૦૨ માર્કણ્ડેયપુરાણ, ૮૧/૫૮

૦૩ શિવપુરાણ, ૬/૧૬/૫૨

૦૪ સ્કંદપુરાણ, કાશીખંડ, ૫૮/૧૧૪

૦૫ કૂર્મપુરાણ, ૧/૧/૧૧૮; બ્રહ્મપુરાણ, ૧૭૭/૨૩; ગરુડપુરાણ, ૧/૨૧૯/૧૨; સ્કંદપુરાણ, કેદારખંડ, ૧૩/૩૯; લિંગપુરાણ, ૧/૨૭/૫૦ વગેરે

૦૬ 'वेदान्तवाक्यानि हि सूत्रैरुदाहृत्य विचार्यन्ते' શારીરકભાષ્ય, ૧/૧/૨

૦૭ સભાપર્વ ૫/૨, આદિપર્વ ૬૪/૧૯, વનપર્વ ૪૫/૮ તથા ૯૯/૫૯ વગેરે

૦૮ પ્રશ્નોપનિષદભાષ્યના આરંભમાં શંકરાચાર્ય 'मन्त्रोक्तस्यार्थस्य विस्तरानुवादीदं ब्राह्मणमरिभ्यते ।' કહ્યું છે.

૦૯ સાયણ, ઋગ્વેદભાષ્યભૂમિકા, પૃ. ૨૪

૧૦ ત્રયીપરિચય, પૃ. ૫૫

૧૧ ઐતરેયારણ્યક, પૃ. ૮૧ પરનું સાયણભાષ્ય

૧૨ યાજ્ઞવલ્કયસ્મૃતિ ૧/૧૦૧ પરની વીરમિત્રોદયની ટીકા

૧૩ 'यद्विज्ञानमुपागतस्य सतो गर्भजन्मजरामृत्यवो विनिश्चयेन सीदन्ति सा रहस्या विद्या उपनिषदित्युच्यते ।' નિરુકત ૩/૧ પરની દુર્ગાચાર્યની ટીકા

૧૪ ઉપનિષદની બ્રહ્મવિદ્યાપરાયણતાને લક્ષ્ય કરીને જ આત્મજ્ઞાન માટે વાનપ્રસ્થો દ્વારા ઉપનિષદ–જપનું વિધાન કરવામાં આવ્યું છે. પદ્મપુરાણ,૧/૫૮/૩૫માં વિધિલિઙ્નો પ્રયોગ છે. આ મત સ્મૃતિઓમાં પણ પ્રાપ્ત થાય છે.

૧૫ અથર્વશિરસ્‌ની મહત્તા ગૌતમધર્મસૂત્ર ૧૯/૧૩; વશિષ્ઠધર્મસૂત્ર ૨૮/૧૪ તથા વિષ્ણુધર્મસૂત્ર ૫૬/૨૨વગેરેમાં દર્શાવવામાં આવી છે.

૧૬ ગરુડપુરાણ ૧/૪૮/૫૩–૫૬

૧૭ અગ્નિપુરાણ ૯૬/૪૦–૪૩

૧૮ પદ્મપુરાણ, રેવાખંડ ૫૧/૪૫

૧૯ મત્સ્યપુરાણ, ૨૬૫/૨૬

૨૦ લિંગપુરાણ ૨/૮/૨૭

૨૧ ગરુડપુરાણ, ૧/૪૪

૨૨ શિવપુરાણ, ૬/૧૬/૫૨
૨૩ છાંદોગ્યોપનિષદ, ૪/૧૭/૨–૩
૨૪ જૈમિનીયોપનિષદ, ૩/૪/૫/૬
૨૫ એજન, ૨/૩/૩/૭
૨૬ છાંદોગ્યોપનિષદ, ૧/૪/૨
૨૭ બૃહદારણ્યકોપનિષદ ૪/૪/૨૨માં જે 'वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति' વાકય છે, તેના ભાષ્યમાં શંકરાચાર્યે 'કર્મકાંડપરકમંત્રબ્રાહ્મણાત્મકવેદ' અને 'ઉપનિષદાત્મકવેદ' એવા દ્વિવિધ વેદની સત્તા માની છે.
૨૮ શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૧/૧૯/૩૩
૨૯ એજન, ૧૧/૧૯/૩૪
૩૦ 'गृहात् प्रव्रजितो धीरः पुण्यतीर्थजलाप्लुतः ।
शुचौ विविक्तासीनो विधिवत् कल्पितासने ।।' શ્રીમદ્ભાગવતપુરાણ, ૨/૧/૧૬
૩૧ 'शुचौ देशे प्रतिष्ठाप्य विजितास आसनम् ।
तस्मिन् स्वस्ति समाचीन ऋजुकायः समभ्यसेत् ।।' એજન, ૩/૨૮/૮
૩૨ એજન, ૩/૨૮/૯
૩૩ શિવપુરાણ, વાયવીયસંહિતા, ૩૭/૩૪
૩૪ વિષ્ણુપુરાણ, ૬/૭/૪૦
૩૫ શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૧/૨૪/૩૪
૩૬ એજન, ૨/૧/૧૭
૩૭ એજન, ૧૧/૧૪/૩૫
૩૮ એજન, ૨/૧/૧૮ તથા ૧૧/૧૪/૪૨
૩૯ વિષ્ણુપુરાણ, ૬/૭/૪૨
૪૦ શ્રીમદ્ભાવતપુરાણ, ૩/૨૮/૨૧
૪૧ એજન, ૩/૨૮/૩૪–૩૮
૪૨ એજન, ૩/૨૫/૧૯
૪૩ કઠોપનિષદ, ૧/૨/૨૩
૪૪ એજન, ૧/૨/૨૦. આ મંત્ર શ્વેતાશ્વતરોપનિષદ(૩/૨૦) તથા મહાનારાયણ–ઉપનિષદમાં પણ આવે છે.
૪૫ શ્રીમદ્ભાગવતપુરાણ, ૨/૧૦/૪

૪૬ શ્વેતાશ્વતરોપનિષદ, ૬/૨૩

૪૭ એજન, ૬/૧૮

૪૮ 'आचार्यवान् पुरुषो वेद ।' છાંદોગ્યોપનિષદ, ૬/૧૪/૨

'नैषा तर्केण मतिरापनेया ।

प्रोक्ताऽन्येनैव सुज्ञानाय प्रेष्ठ ।।' કઠોપનિષદ, ૧/૨૮

'तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् ।

समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ।।' મુંડકોપનિષદ, ૧/૨/૧૨

૪૯ શ્રીમદ્ભાગવતપુરાણ, ૭/૫/૨૩–૨૪

૫૦ કઠોપનિષદ, ૧/૧/૧૦

૫૧ એજન, ૧/૧/૧૩

૫૨ એજન, ૧/૧/૨૦

૫૩ વરાહપુરાણ, ૧૯૩/૧૦–૧૧

૫૪ એજન ૨૧૨/૨૦–૨૧

૫૫ એજન, ૧૯૩/૩૮–૪૧

૫૬ એજન, અધ્યાય–૧૯૪

૫૭ શ્રીમદ્ભાગવતપુરાણ ૮/૧/૧૭

## પરિશિષ્ટ – ૧, વૈદિક સાહિત્ય સંબંધી ચાર્ટ–(૧)

(શ્રીમદ્ભાગવતપુરાણાનુસાર વેદોની શાખાઓનું વિવરણ)

### ઋગ્વેદની શાખાઓ*




* શ્રીમદ્ભાગવતપુરાણ ૧૨/૬/૫૨–૬૦ ના આધારે

** બધી જ શાખાઓ પર આધારિત 'વાલખિલ્ય'ની રચના કરી

**<u>પરિશિષ્ટ – ૧, વૈદિક સાહિત્ય સંબંધી ચાર્ટ–(૨)</u>**

(શ્રીમદ્‌ભાગવતપુરાણાનુસાર વેદોની શાખાઓનું વિવરણ)

**<u>યજુર્વેદની શાખાઓ*</u>**




* શ્રીમદ્‌ભાગવતપુરાણ ૧૨/૬/૬૧–૭૪ ના આધારે

**<u>પરિશિષ્ટ – ૧, વૈદિક સાહિત્ય સંબંધી ચાર્ટ(૩)</u>**

(શ્રીમદ્ભાગવતપુરાણાનુસાર વેદોની શાખાઓનું વિવરણ)

**<u>સામવેદની શાખાઓ</u>***




* શ્રીમદ્ભાગવતપુરાણ ૧૨/૬/૭૫–૮૦ ના આધારે

**<u>પરિશિષ્ટ – ૧, વૈદિક સાહિત્ય સંબંધી ચાર્ટ(૪)</u>**

(શ્રીમદ્‌ભાગવતપુરાણાનુસાર વેદોની શાખાઓનું વિવરણ)

**<u>અથર્વવેદની શાખાઓ*</u>**




* શ્રીમદ્‌ભાગવતપુરાણ ૧૨/૭/૧–૪ ના આધારે

## પરિશિષ્ટ – ૨, અષ્ટાદશપુરાણો સંબંધી ચાર્ટ

### અઢાર પુરાણોનાં નામો, શ્લોકસંખ્યા અને અધ્યાયો

| ક્રમ | પુરાણનું નામ | નારદપુરાણાનુસાર શ્લોકસંખ્યા | મત્સ્યપુરાણાનુસાર શ્લોકસંખ્યા | અધ્યાયોની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| ૧. | બ્રહ્મપુરાણ | ૧૦,૦૦૦ | ૧૩,૦૦૦ | ૨૪૫ | |
| ૨. | પદ્મપુરાણ | ૫૫,૦૦૦ | ૫૫,૦૦૦ | ૬૪૧ | |
| ૩. | વિષ્ણુપુરાણ | ૨૩,૦૦૦ | ૨૩,૦૦૦ | ૧૨૭ | |
| ૪. | શિવપુરાણ | ૨૪,૦૦૦ | ૨૪,૦૦૦ | ૪૬૪ | |
| ૫. | શ્રીમદ્‌ભાગવતપુરાણ | ૧૮,૦૦૦ | ૧૮,૦૦૦ | ૩૩૨ | |
| ૬. | નારદપુરાણ | ૨૫,૦૦૦ | ૨૫,૦૦૦ | ૨૦૭ | |
| ૭. | માર્કંડેયપુરાણ | ૯,૦૦૦ | ૯,૦૦૦ | ૧૩૪ | |
| ૮. | અગ્નિપુરાણ | ૧૫,૦૦૦ | ૧૫,૦૦૦ | ૩૮૩ | |
| ૯. | ભવિષ્યપુરાણ | ૧૪,૦૦૦ | ૧૪,૫૦૦ | ૬૦૫ | |
| ૧૦. | બ્રહ્મવૈવર્તપુરાણ | ૧૮,૦૦૦ | ૧૮,૦૦૦ | ૨૬૬ | |
| ૧૧. | લિંગપુરાણ | ૧૧,૦૦૦ | ૧૧,૦૦૦ | ૧૬૦ | |
| ૧૨. | વરાહપુરાણ | ૨૪,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨૧૮ | |
| ૧૩. | સ્કંદપુરાણ | ૮૧,૧૦૦ | ૮૧,૧૦૦ | ૧૬૭૧ | |
| ૧૪. | વામનપુરાણ | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ | –– | (૯૫)* |
| ૧૫. | કૂર્મપુરાણ | ૧૭,૦૦૦ | ૧૮,૦૦૦ | –– | (૯૯)** |
| ૧૬. | મત્સ્યપુરાણ | ૧૫,.૦૦૦ | ૧૪,૦૦૦ | ૨૯૦ | |
| ૧૭. | ગરુડપુરાણ | ૧૯,૦૦૦ | ૧૮,૦૦૦ | ૩૧૮ | |
| ૧૮. | બ્રહ્માંડપુરાણ | ૧૨,૦૦૦ | ૧૨,૨૦૦ | ૧૬૧ | |
| | | **૪,૦૦,૧૦૦** | **૪,૦૨,૮૦૦** | **૬૨૨૨** | **(૬૪૧૬)*** |

**નોંધ :** અઢાર પુરાણોમાંથી અત્યારે માત્ર શ્રીમદ્‌ભાગવતપુરાણ, લિંગપુરાણ, મત્સ્યપુરાણ અને બ્રહ્માંડપુરાણ જ પૂર્ણરૂપે મળે છે. બાકીના પુરાણોની શ્લોકસંખ્યામાં ઘણું જ અંતર છે.

* હાલ પ્રાપ્ત થતાં વામનપુરાણમાં માત્ર ૬૦૦૦ શ્લોકો અને ૯૫ અધ્યાયો જ છે.

** હાલ પ્રાપ્ત થતાં કૂર્મપુરાણમાં માત્ર ૬૦૦૦ શ્લોકો અને ૯૯ અધ્યાયો જ છે.

*** હાલ પ્રાપ્ત થતાં વામનપુરાણ તથા કૂર્મપુરાણના અધ્યાયો ઉમેરતાં કુલ અધ્યાયોની સંખ્યા.

## <u>પરિશિષ્ટ – ૩, સહાયક સંદર્ભગ્રંથોની અકારાદિ ક્રમે સૂચિ</u> ::

### <u>સંસ્કૃતગ્રંથો</u>


| ક્રમ | ગ્રંથનું નામ | લેખક/અનુ./સંપા./પ્રકાશક......... |
|---|---|---|
| ૦૧ | અગ્નિપુરાણ | – સંપા. બલદેવ ઉપાધ્યાય, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, પ્રથમાવૃત્તિ, ૧૯૫૭, બનારસ. |
| ૦૨ | અથર્વવેદ સંહિતા | – સંપા. પં. રામસ્વરૂપ શર્મા ગૌડ ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, સંસ્કરણ–વર્ષ–૨૦૦૩. |
| ૦૩. | અમરકોશ | – સંપા. પં. શિવદત્ત, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ઈ.સ. ૧૯૪૪. |
| ૦૪ | અર્થશાસ્ત્ર | – પ્રાચ્યવિદ્યા સંશોધન મંડળ, મૈસુર વિશ્વવિદ્યાલય, ૧૯૬૦. |
| ૦૫ | અષ્ટાધ્યાયી | – પાણિનિ, શ્રી શરદ્ચન્દ્ર બસુ, ઈન્ડિયન પ્રેસ, ઈલાહાબાદ, ઈ.સ. ૧૯૯૧. |
| ૦૬ | આદિપુરાણ | – સંપા. જિનસેન, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી. ઈ.સ. ૧૯૬૩. |
| ૦૭ | આપસ્તમ્બધર્મસૂત્ર | – સંપા. ડૉ. ઉમેશચંદ્ર પાંડેય, ચૌ. સં. સી., વારાણસી, દ્વિતીય આવૃત્તિ, ઈ.સ. ૧૯૬૯. |
| ૦૮ | આશ્વલાયનગૃહ્યસૂત્ર | – સંપા. મંગલદેવ શાસ્ત્રી, ગાર્ગ્યનારાયણની ટીકા સહિત, કલકત્તા, ૧૯૩૮. |
| ૦૯ | આશ્વલાયનશ્રૌતસૂત્ર | – સંપા. મંગલદેવ શાસ્ત્રી, બનારસ, ઈ.સ. ૧૯૩૮. |
| ૧૦ | ઈશાવાસ્યોપનિષદ | – સંપા. શાસ્ત્રી પુરુષોત્તમ વી., સ્વામીનારાયણ મંદિર, જૂનાગઢ, પ્રથમ સંસ્કરણ, વિ. સં. ૨૦૪૯. |
| ૧૧ | ઉત્તરરામચરિત | – ભવભૂતિ, સંપા. ઉમાશંકર જોશી, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, ઈ.સ. ૧૯૫૮. |
| ૧૨ | ઐતરેયબ્રાહ્મણ | – સંપા. એ. હોગ, મુંબઈ, ઈ.સ. ૧૮૬૩. |
| ૧૩. | ઋગ્વેદસંહિતા (સાયણભાષ્યસહિત) | – વૈદિક સંશોધક મંડળ, પૂના, (ક્રમિક ભાગ–૧ થી ૫), ઈ.સ. ૧૯૩૩, ૧૯૩૬, ૧૯૪૧, ૧૯૪૬ તથા ૧૯૫૧. |
| ૧૪ | ઋગ્વેદસંહિતા | – સંપા. પં. શ્રીરામ શર્મા આચાર્ય, સંસ્કૃતિ સંસ્થાન, બરેલી (યુ. પી.), ઈ.સ. ૧૯૬૭. |
| ૧૫ | ઋતુસંહાર | – કાલિદાસ, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ઈ.સ. ૧૯૧૬. |
| ૧૬ | કાઠકસંહિતા | – સંપા. એલ. વી. શ્રોડર, લીપજીંગ, ઈ.સ. ૧૯૨૨. |
| ૧૭ | કાવ્યમીમાંસા | – રાજશેખર, ડૉ. ગંગાધરરાય ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ૧૯૮૨ |
| ૧૮ | કેનોપનિષદ, | – અનુ. ભકિતવેદાન્ત સ્વામી પ્રભુપાદ, ભકિતતવેદાન્ત બુક ટ્રસ્ટ, હરેકૃષ્ણ લેંડ, જૂહુ, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ.૧૯૭૮. |

| | | |
|---|---|---|
| ૧૯ | કુમારસંભવ | – કાલિદાસ, સંપા. ડૉ. ગૌતમ પટેલ, અમદાવાદ, ઈ.સ. ૧૯૮૬. |
| ૨૦ | કૂર્મપુરાણ | – ખેમરાજ શ્રીકૃષ્ણદાસ, નાગ પ્રકાશક જવાહર નગર, દિલ્હી–૭, દ્વિતીય સંસ્કરણ, ઈ.સ. ૧૯૯૬. |
| ૨૧ | ગણેશપુરાણ | – સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ, નાગ પ્રકાશક, જવાહરનગર, દિલ્હી–૭, દ્વિતીય સંસ્કરણ, ૧૯૯૩. |
| ૨૨ | ગરુડપુરાણ | – સંપા. રામશંકર ભટ્ટાચાર્ય, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી, ઈ. સ. ૧૯૬૪. |
| ૨૩ | ગોપથબ્રાહ્મણ | – સંપા. ડૉ. વિજયપાલ વિદ્યાવારિધિ, સાવિત્રીદેવી બાંગરીયા ટ્રસ્ટ, કલકત્તા, પ્રથમ સંસ્કરણ, ઈ.સ. ૧૯૮૦. |
| ૨૪ | ગૌતમધર્મસૂત્ર | – અનુ. ડૉ. ઉમેશ પાંડેય, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૧૯૬૬. |
| ૨૫ | છાંદોગ્યોપનિષદ | – ગીતાપ્રેસ, ગોરખપુર, પ્રથમ સંસ્કરણ, વિક્રમ સં. ૨૦૨૩. |
| ૨૬ | જૈમિનીયોપનિષદ–બ્રાહ્મણ | – સંપા. પં. રામદેવ, દયાનંદ મહાવિદ્યાલય, સંસ્કૃત ગ્રંથમાલા, લાહોર, ઈ.સ. ૧૯૨૧. |
| ૨૭ | તાંડ્યબ્રાહ્મણ | – કેન્દ્રિય સંસ્કૃત વિદ્યાપીઠ, તિરુપતિ, ઈ.સ. ૧૯૬૫. |
| ૨૮ | તૈત્તિરીયારણ્યક | – સંપા. વેંકટરામ શર્મા, મદ્રાસ, ૧૯૩૦. |
| ૨૯ | તૈત્તિરીયબ્રાહ્મણ | – સંપા. એ. મહાદેવ શાસ્ત્રી તથા એલ. શ્રી નિવાસાચાર્ય, ગવર્નમેન્ટ બ્રાંચ પ્રેસ, મૈસૂર, વિ. સં. ૧૯૧૧. |
| ૩૦ | તૈત્તિરીયસંહિતા | – સંપા. એ. મહાદેવ શાસ્ત્રી, ગવર્નમેંટ ઓફ મૈસૂર, પ્રથમ સંસ્કરણ, ઈ.સ. ૧૮૯૪. |
| ૩૧ | દેવીભાગવતપુરાણ | – સંપા. ડૉ. પુષ્પેન્દ્રકુમાર, નાગ પબ્લિશર્સ, પ્રથમ સંસ્કરણ, ૧૯૮૬. |
| ૩૨ | નારદમહાપુરાણ | – સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ, નાગ પ્રકાશક, જવાહરનગર, દિલ્હી, દ્વિતીય સંસ્કરણ, ૧૯૯૫. |
| ૩૩ | નિરુક્ત (સંસ્કૃત–હિન્દી ટીકા સહિત) | – મેહરચંદ લક્ષ્મણદાસ, દિલ્હી, પ્રથમ સંસ્કરણવિ. સં. ૧૯૬૪. |
| ૩૪ | નૈષધીયચરિત | – શ્રીહર્ષ, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ઈ. સ. ૧૯૩૩. |
| ૩૫ | નારદસંહિતા | – સંપા. આચાર્ય રામજન્મ મિશ્ર, ચૌખમ્બા સંસ્કૃત સંસ્થાન, વારાણસી, તૃતીય આવૃત્તિ, ઈ. સ. ૧૯૯૫. |
| ૩૬ | નૃસિંહપુરાણ | – સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ, વૈંકટેશ્વર સ્ટીમ પ્રેસ, મુંબઈ, ઈ. સ. ૧૯૪૧. |
| ૩૭ | ન્યાયદર્શન | – ગૌતમ, સંપા. દ્વારકાદાસ શાસ્ત્રી, બૌદ્ધ ભારતી, વારાણસી, ૧૯૭૬. |
| ૩૮ | પદ્મપુરાણ | –શ્રી રામ મહર્ષિ દ્વૈપાયન, પ્રકા. મનસુખરાય મોર, પ્રથમ આવૃત્તિ, ઈ. સ. ૧૯૫૭. |
| ૩૯ | પાતંજલ મહાભાષ્ય | – પતંજલિ, રાજસ્થાન સંસ્કૃત કોલેજ ગંથમાલા,કાશી, ઈ.સ. ૧૯૩૯. |

| | | |
|---|---|---|
| ૪૦ | પારાશરસ્મૃતિ | – સંપા. પં. ગુરુપ્રસાદ શર્મા, માસ્ટર ખેલાડીલાલ એન્ડ સન્સ, દ્વિતીય આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૨. |
| ૪૧. | પંચવીશબ્રાહ્મણ | – કલકત્તા સંસ્કરણ, ઈ.સ. ૧૯૩૧. |
| ૪૨ | બ્રહ્મપુરાણ (મૂલ, હિન્દી અનુવાદ એવં પાઠાન્તર સહિત) | – અનુ. શ્રી તારિણીશ ઝા હિન્દી સાહિત્ય સમ્મેલન, પ્રયાગ, ૧૨, સમ્મેલન માર્ગ, ઈલાહાબાદ. |
| ૪૩ | બ્રહ્મવૈવર્તપુરાણ | – જીવાનંદ ભટ્ટાચાર્ય દ્વારા સંશોધિત, કલકત્તા, ૧૯૪૪. |
| ૪૪ | બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય (ગુજ. અનુ. તથા ટીપ્પણ સાથે) | – અનુ. કા. વા. અભ્યંકર અને જ. મો. શુકલ, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૧૯૮૧. |
| ૪૫ | બ્રહ્માંડપુરાણ (મૂલમાત્ર) | – ચૌખમ્બા પ્રકાશન, ચૌક, વારાણસી, ઈ. સ. ૧૯૭૨. |
| ૪૬ | બૃહદારણ્યકોપનિષદ (શાંકરભાષ્ય સાથે) | – સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, વિ. સં. ૨૦૧૦. |
| ૪૭ | ભવિષ્યમહાપુરાણ (ભાગ ૧ અને ૨) | – નાગ પ્રકાશક, ૧૧/એ (યૂએ), જવાહરનગર, દિલ્લી–૭, પ્ર. સં., ૧૯૮૭. |
| ૪૮ | ભવિષ્યોત્તરપુરાણ | – સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ, નાગ પ્રકાશક, જવાહરનગર, દિલ્હી–૭, દ્વિતીય સંસ્કરણ, ૧૯૯૨. |
| ૪૯ | મત્સ્યપુરાણ (પૂર્વભાગ) (શ્લોક, હિન્દી અનુ., પાઠભેદ સહિત) | – અનુ. રામપ્રતાપ ત્રિપાઠી, સંપા. તારિણીશ ઝા, હિન્દી સાહિત્ય સમ્મેલન, પ્રયાગ, ૧૨, સમ્મેલન માર્ગ, ઈલાહાબાદ–૩, ઈ. સ. ૧૯૮૯. |
| ૫૦ | મત્સ્યપુરાણ(ઉત્તરભાગ) (શ્લોક, હિન્દી અનુવાદ, પાઠભેદ સહિત) | – અનુ. રામપ્રતાપ ત્રિપાઠી, સંપા. તારિણીશ ઝા, હિન્દી સાહિત્ય સમ્મેલન, પ્રયાગ, ૧૨, સમ્મેલન માર્ગ, ઈલાહાબાદ–૩ ઈ. સ. ૧૯૮૮. |
| ૫૧ | મત્સ્યપુરાણ | – ગ્રંથાંક–૪૧, આનંદાશ્રમ ગ્રંથાવલિ, પૂના, ઈ.સ. ૧૯૦૦. |
| ૫૨ | મનુસ્મૃતિ | – સંપા.શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ૧૯૭૦. |
| ૫૩ | મહાનારાયણોપનિષદ | – સંપા. દેવરાય શ્યામકરણ મુંદેર, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૩૨. |
| ૫૪ | મહાભારત | – સંપા. શ્રીપાદ દામોદર સાતવળેકર, સ્વાધ્યાય મંડળ, પારડી, ૧૯૬૮. |
| ૫૫ | માર્કણ્ડેયમહાપુરાણ (મૂળ, હિન્દી અનુ. તથા શ્લોકાનુક્રમણી સહિત) | – અનુ. ડૉ. શિવરામ શાસ્ત્રી, નાગ પ્રકાશક, જવાહરનગર, દિલ્લી, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૦. |
| ૫૬ | મૈત્રાયણી ઉપનિષદ | – સંપા. નારાયણરામ આચાર્ય |

| | | |
|---|---|---|
| ૫૭ | મૈત્રાયણીસંહિતા | – સંપા. પં. સાતવલેકર સ્વાધ્યાય મંડલ, સતારા,મુંબઈ, વિ. સં. ૧૯૯૮. |
| ૫૮ | યજુર્વેદ | – અનુ. પં શ્રીપાદ દામોદર સાતવળેકર, ઔંધનગર (સતારા પ્રદેશ), મુંબઈ, વિ. સં. ૧૯૮૪ |
| ૫૯ | યાજ્ઞવલ્ક્યસ્મૃતિ | – સંપા. ડૉ. ઉમેશચંદ્ર પાંડેય, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી, પ્રથમાવૃત્તિ, વિ. સં. ૨૦૨૪. |
| ૬૦ | યોગવાસિષ્ઠ | – અનુ. રામચન્દ્ર વર્મા શાસ્ત્રી, ઈસ્ટર્ન બૂક લિંકર્સ, ૫૮૨૫, ન્યૂ ચંદ્રાવલ, દિલ્લી, ૧૯૭૪. |
| ૬૧ | રઘુવંશ | – કાલિદાસ, સંપા. અરુણા ભટ્ટ સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ |
| ૬૨ | રામાયણ | – સંપા. અમરેન્દ્ર લક્ષ્મણ ગાડગીલ, શ્રી રામકોશ મંડલ, ગુણપત્તનમ્, પ્રથમાવૃત્તિ, ૧૯૮૨. |
| ૬૩ | લિંગપુરાણ | – સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ, વૈંકટેશ્વર સ્ટીમ પ્રેસ, મુંબઈ, ઈ. સ. ૧૯૪૧. |
| ૬૪ | વરાહપુરાણ | – અનુ. ડૉ. શિવરામ શાસ્ત્રી, નાગ પ્રકાશક, જવાહરનગર, દિલ્લી, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૨. |
| ૬૫ | વાજસનેયીસંહિતા (શ્રીમન્મહીધરકૃતવેદ દીપાખ્યભાષ્યસહિત) | – ડૉ. વેબર સંશોધિત, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી, ઈ.સ. ૧૯૬૮. |
| ૬૬ | વામનપુરાણ | – સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ, નાગ પ્રકાશક, ૧૧/એ, જવાહરનગર, દિલ્હી–૭, દ્વિતીય સંસ્કરણ, ૧૯૯૬. |
| ૬૭ | વાયુપુરાણ | – સંપા. બી. ટી. શાસ્ત્રી, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૧૯૬૮. |
| ૬૮ | વિષ્ણુપુરાણ (સચિત્ર, હિન્દી–અનુ. સહિત) | – અનુ. મુનિલાલ ગુપ્ત, ગીતાપ્રેસ, ગોરખપુર, સત્તાવીસમું સંસ્કરણ, વિ. સં.. ૨૦૬૦. |
| ૬૯ | વિષ્ણુપુરાણ (ભાગ ૧–૨) (મૂલ, હિન્દી અનુ. સહિત) | – ડૉ. શ્રદ્ધા શુક્લા, નાગ પ્રકાશક, ૧૧/એ, (યૂએ), જવાહરનગર, દિલ્લી–૭, પ્રથમ સંસ્કરણ, ૧૯૯૮. |
| ૭૦ | વિષ્ણુમહાપુરાણ (ભાગ–૨) (श्रीधरस्वामीकृतात्मप्रकाशाख्य-व्याख्यया टिप्पण्यादिभिश्च संयुतम्) | – સંપા. પં. થાનેશચન્દ્ર ઉપ્રૈતિ, પરિમલ પબ્લિકેશન્સ, દિલ્લી–૧૧૦૦૦૭ |
| ૭૧ | વિષ્ણુધર્મોત્તરપુરાણ | – સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ, નાગ પ્રકાશક, જવાહરનગર, દિલ્હી–૭, દ્વિતીય સંસ્કરણ, ૧૯૯૬. |
| ૭૨ | વ્યાસપુરાણ | – ગ્રંથાંક–૪૬, આનંદાશ્રમ ગ્રંથાવલિ, પૂના, ઈ.સ. ૧૯૦૦. |
| ૭૩ | શતપથબ્રાહ્મણ | – ડૉ. વેબર સંશોધિત, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી ઈ. સ. ૧૯૬૪. |

૭૪ શાંખ્યાયનગૃહ્યસૂત્ર – સંપા. મોતીલાલ ર. ઘોડા, ગિરિજાશંકર રવિશંકર કવિશંકર, જૂનાગઢ, પ્રથમાવૃત્તિ, ૧૯૪૨.

૭૫ શાંખ્યાયનશ્રૌતસૂત્ર – હિલેબ્રાન્ટ, કલકત્તા, ઈ. સ. ૧૮૮૮.

૭૬ શિવમહાપુરાણ – પંડિત પુસ્તકાલય, કાશી, સંવત્ ૨૦૨૦.

૭૭ શ્રીમદ્ભગવદ્ગીતા (મૂળ , અન્વય, શબ્દાર્થ, અનુ., વિવે. અને પ્રસ્તા. સાથે) – સંપા. ડૉ. સુહાસ ધર્મેન્દ્રસિંહ ઝાલા સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ. પ્રથમાવૃત્તિ, જુલાઈ, ૨૦૦૨.

૭૮ શ્રીમદ્ભગવદ્ગીતા (શાંકરભાષ્ય સાથે) – સંપા. ડૉ. ગૌતમ પટેલ, સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ, ઈ. સ. ૨૦૦૪.

૭૯ શ્રીમદ્ભાગવતપુરાણ (મૂલમાત્રમ્) – ગોવિંદભવનકાર્યાલય, ગીતાપ્રેસ, ગોરખપુર, તેરમી આવૃત્તિ, વિ. સં. ૨૦૫૧.

૮૦ શ્રીમદ્ભાગવતપુરાણ ('શ્રીધરી' ટીકા સાથે) – ગીતાપ્રેસ, ગોરખપુર, વિક્રમ સંવત્–૨૦૧૩.

૮૧ શ્વેતાશ્વતરોપનિષદ – સંપા. નારાયણરામ આચાર્ય, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૪૮.

૮૨ સામવેદસંહિતા – અનુ. શ્રીપાદ દામોદર સાતવળેકર, સ્વાધ્યાય મંડલ, ઔંધ, પ્રથમાવૃત્તિ, ૧૯૯૬.

૮૩ સ્કન્દપુરાણ – અનુ. શ્રી શાંતિલાલ ઠાકર, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૭૩.

૮૪ હરિવંશપુરાણ – ગીતાપ્રેસ, ગોરખપુર, વિ. સં. ૨૦૨૪.

## हिन्दीग्रन्थ


| क्रम | ग्रन्थ-नाम | लेखक/अनु/संपा/प्रकाशक |
|---|---|---|
| ०१ | ऋग्वेदीय शाखा-प्रशाखा | पं. श्रीपाद दामोदर सातवळेकर, प्रकाशनवर्ष इ. स. १९४० |
| ०२ | 'कल्याण' (पुराणकथाङ्क) | व्यवस्थापक, कल्याण कार्यालय, गीताप्रेस, गोरखपुर, ईस्वी. १९९३. |
| ०३ | कौथुमशाखी ग्रामगेयगान | ले. नारायणस्वामी, , स्वाध्यायमंडलप्रकाशन, पारडी,<br>प्रथम संस्करण, वि सं. १९९९. |
| ०४ | पुराण-तत्त्व विमर्श | ले. गिरिधरशर्मा चतुर्वेदी, प्रकाशक, बिहार राष्ट्रभाषा परिषद्,<br>पटना, १९७०. |
| ०५ | पुराण - विमर्श | आचार्य बलदेव उपाध्याय, चौखम्बा विद्याभवन, वाराणसी,<br>द्वितीय संस्करण, ईस्वी. १९७८ |
| ०६ | पुराण विषयानुक्रमणी | ले. डॉ. राजबली पाण्डेय, हिन्दू विश्वविद्यालय, काशी, १९५७. |
| ०७ | पौराणिक रहस्यों का<br>समीक्षात्मक अनुशीलन | ले. पं. श्रीकृष्णमणि त्रिपाठी, कृष्णदास अकादमी, वाराणसी,<br>संपा. डॉ. रमेश मिश्र, प्रथम संस्करण, ई. स. १९८४. |
| ०८ | ब्रह्म-वैवर्त पुराण<br>सांस्कृतिक विवेचन | डॉ. वैकुण्ठनाथ शर्मा, देवनागर प्रकाशन, चौड़ा रास्ता, जयपुर,<br>प्रथम संस्करण, सन् १९८९. |
| ०९ | भारतवर्षीय प्राचीन<br>चरित्रकोश | म. म. सिद्धेश्वरशास्त्री चित्राव, भारतीय चरित्रकोश मण्डल,<br>१२०६, अ/४५, जंगलीमहाराजपथ, पूना-४, प्र.सं.ईस्वी. १९६४. |
| १० | भारतीयसंस्कृति का विकास | डॉ .मङ्गलदेव शास्त्री, प्रथम संस्करण, काशी (बनारस) |
| ११ | रामकथा | फादर कामिल बुल्के, प्रका. हिन्दी परिषद् विश्वविद्यालय, प्रयाग, १९५० |
| १२ | वैदिक इण्डेक्स<br>(भाग १) | मू. ले. ए. ए. मैकडौनल और ए. बी. कीथ,<br>हिन्दी अनु. रामकुमार राय, चौखम्बा विद्या- भवन, वाराणसी - १,<br>प्र. सं., वि. सं. २०१८ |
| १३ | वैदिक इण्डेक्स<br>(भाग २) | मू. ले. ए. ए. मैकडौनल और ए. बी. कीथ, हिन्दी अनु. रामकुमार राय,<br>चौखम्बा विद्या- भवन, वाराणसी - १, प्र. सं., वि. सं. २०१९ |
| १४ | वैदिक देवशास्त्र | मूल ले. प्रोफे.ए. ए.मैकडौनल, हिन्दी अनु. डॉ. सूर्यकान्त,<br>मेहरचन्द लछमनदास, नई दिल्ली, १९८२. |
| १५ | वैदिक - देवता - दर्शन | ले. प्रभुदयाल अग्निहोत्री, ईस्टर्न बूक लिंकर्स, ५८२५,<br>न्यू चन्द्रावल, जवाहर नगर, दिल्ली, प्र. संस्करण, १९८९. |
| १६ | वैदिक देवता<br>उद्भव और विकास | डा. गयाचरण त्रिपाठी, भारतीय विद्या प्रकाशन, दिल्ली-वाराणसी<br>द्वितीय खण्ड, प्र.सं.अक्टूबर १९८२ |
| १७ | वैदिक धर्म एवं दर्शन | मू. ले. ए.बी.कीथ, हिन्दी अनु. डॉ. सूर्यकान्त,<br>चौखम्बा विद्याभवन, वाराणसी - १, प्रथम संस्करण, ई. स. १९६३. |
| १८ | वैदिक माइथोलोजी | मू. ले. ए.ए.मैकडौनल, हिन्दी अनु., चौखम्बा विद्याभवन, वाराणसी - १,<br>प्रथम संस्करण, ईस्वी. १९६४. |

| | | |
|---|---|---|
| १९ | वैदिक वाङ्मय का इतिहास | पं .भगवद्‌दत्त, संपा. सत्यश्रवा सामश्रमी, प्रणव प्रकाशन, न्यु दिल्ली-२६, सन् १९७४. |
| २० | वैदिक साहित्य का इतिहास | डॉ. राजकिशोर सिंह, विनोद पुस्तक मन्दिर, आागरा दसम संस्करण १९८९ |
| २१ | वैदिक साहित्य और संस्कृति | ले. आचार्य बलदेव उपाध्याय, शारदा संस्थान, वाराणसी-१, पञ्चम संस्करण, ईस्वी. १९९८. |
| २२ | वैदिक साहित्य एवं संस्कृति | डा. निर्मला भार्गव, देवनागर प्रकाशन, जयपुर-३ प्र. सं., ई. स. १९७२. |
| २३ | हिन्दू धर्मकोश | संपा. डॉ. राजबली पाण्डेय, उत्तर प्रदेश हिन्दी संस्थान, हिन्दी समिति प्रभाग, महात्मा गांधी मार्ग, लखनऊ, प्रथम संस्करण, ईस्वी. १९७८. |
| २४ | संस्कृत और वैदिक संस्कृति | डॉ. शिवदत्त शर्मा चतुर्वेदी, कला प्रकाशन, बी. 33/33- ए-1, न्यू साकेत कालोनी, बी. एच. यू.- वाराणसी, प्र. सं. १९९९ |
| २५ | संस्कृत साहित्य का इतिहास | शेठ कन्हैयालाल पोद्दार, नागरी प्रचारिणी सभा, वाराणसी, तृतीय संस्करण, वि. सं. २०३०. |
| २६ | संस्कृत साहित्य का इतिहास | पं. बलदेव उपाध्याय, द्वारका मंदिर, वाराणसी, सप्तम संस्करण, १९२५. |

## *ENGLISH - BOOKS*


01 Adyar Library Bulletin, Voll. XXV
02 History of Sanskrit Literature- Sruti Period : C.V.Vaidya, Poona, A.D. 1930.
03 History of Indion Literature, Vol. I : M. Winternitz, Culcutta, A.D. 1927.
04 Hymns from the Vedas-Vibhutiyoga : A.C.Bose, London, 1965
05 Puran Index, Vol. II : Prof. V. R. Ramchandra Diksitar, Madras University Historical Series, A.D. 1951.
06 'PURAṆ' Bulletin, Vol. III, Published by All-India Kashiraj Trust, Ramnagar Fort, Varanasi, July 1960.
07 'PURAṆ' Bulletin, Vol. IV, Published by All-India Kashiraj Trust, Ramnagar Fort, Varanasi, July 1962.
08 Rigveda and Indus Vally Civilization: Buddha Prakash, Hoshiyarpur, 1966
09 Ṛgvedic Culture : A. C. Das, Culcutta, 1925.
10 Rigvedic India: A.C.Das, Calcutta, 1920
11 The Cradle of Indion History : C. R. Krishnamacharlu, Adyar Library Series No. 56, Adyar Library, 1947.
12 The Religion and Mythology, R.N.Dandeker, Poona, 1965
13 Vedic India : G. S. Ghurye, Bombay, 1979.
14 Vedic Mythological Tracts : R. N. Dandekar, Delhi, A.D. 1979.

## ગુજરાતી ગ્રંથો


| ક્રમ | ગ્રંથનું નામ | લેખક/અનુ./સંપા./પ્રકાશક |
|---|---|---|
| ૦૧ | અ–વૈદિક દર્શનો (ચાર્વાક,જૈન અને બૌદ્ધદર્શન) | પ્રો. સી. વી. રાવળ, સ્વપ્નીલ પ્રકાશન, વઢવાણ સીટી પ્રથમ આવૃત્તિ, ઈ. સ. ૧૯૯૧ |
| ૦૨ | ઉપનિષદ્ વિચારણા | લે. નર્મદાશંકર મહેતા, અમદાવાદ, ૧૯૭૨ |
| ૦૩ | ઋગ્વેદ–તૃતીય–મંડલ | ડૉ. જયદેવ શુકલ, અમદાવાદ, ૧૯૮૭ |
| ૦૪ | ઋગ્વેદની કવિતા | ડૉ ગૌતમ પટેલ, દ્વારકા, ૧૯૭૬ |
| ૦૫ | ઋગ્વેદમાં વસિષ્ઠનું દર્શન | લે. ડોલરરાય રંગીલરાય માંકડ અમદાવાદ, ૧૯૬૪ |
| ૦૬ | પુરાણમ્ | ડૉ. નવનીત જે. જોશી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આર્થિક સહાયથી પ્રકાશિત, પ્રથમ આવૃત્તિ, માર્ચ – ૨૦૦૮ |
| ૦૭ | પુરાણ પરિચય | શ્રી મોહનલાલ ગોપાલદાસ પ્રજાપતિ પ્રેરિત, સ્વ. માતુશ્રી ગંગાબહેન ગોપાલદાસ સ્મારક પ્રકાશન, મહર્ષિ વેદ–વિજ્ઞાન અકાદમી, વેદ ભુવન, હાઈલેન્ડ પાર્ક સોસાયટી, અમદાવાદ. |
| ૦૮ | પુરાણ વિવેચન | લે. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ઈ.સ. ૧૯૩૧. |
| ૦૯ | ભારતીય દર્શન (ષડ્ દર્શનો) | પ્રો. સી. વી. રાવળ, સ્વપ્નીલ પ્રકાશન, વઢવાણ સીટી પ્રથમ આવૃત્તિ, ઈ. સ.૧૯૯૦ |
| ૧૦ | ભારતીય સાહિત્ય વિચાર મંજૂષા, ખંડ–૨. | લે. ડૉ. રમેશ સુંદરજી બેટાઈ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬, પ્રથમ આવૃત્તિ, ઈ. સ. ૧૯૭૫. |
| ૧૧. | મત્સ્યપુરાણ (સરળ ગુજરાતી ભાષાંતર) | ભાષાંતરકાર શ્રી હિમ્મતરામ મહાશંકર જાની, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ. સ. ૧૯૮૩. |
| ૧૨. | વશિષ્ઠ ઋષિનું દર્શન | લે. ડૉ. અ. દે. શાસ્ત્રી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ–૬, બીજી આવૃત્તિ, ઈ. સ. ૧૯૯૫. |
| ૧૩. | વેદના વસિષ્ઠમંડલનું દર્શન | ડૉ. જયદેવ મો. શુકલ દ્વારકા, પ્રથમ આવૃત્તિ ૧૯૭૬ |
| ૧૪. | વેદનો વારસાવૈભવ | લે. ડૉ. ગૌતમ વાડીલાલ પટેલ અમદાવાદ, ૧૯૮૫ |
| ૧૫. | વેદનું રહસ્ય | શ્રી અરવિંદ, અનુ. શાંતિલાલ ઠાકર પોંડિચેરી, ૧૯૭૪ |
| ૧૬ | વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ | લે. ડૉ. ગૌતમ વાડીલાલ પટેલ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ–૬, દ્વિતીય આવૃત્તિ, ઈ. સ. ૧૯૯૦. |

| | | |
|---|---|---|
| ૧૭ | સનાતન ધર્મ | લે. મણિલાલ નભુભાઈ દ્વિવેદી,<br>દ્વિતીય આવૃત્તિ, ઈ. સ. ૧૯૫૬. |
| ૧૮ | શ્રી ઉપનિષદો | શ્રીમન્નથુરામ શર્મા આચાર્ય,<br>પ્રકા. વ્યવસ્થાપક ટ્રસ્ટી મંડળ,<br>શ્રી આનંદાશ્રમ, બીલખા.<br>સાતમી આવૃત્તિ, ઈ. સ. ૧૯૮૮. |
| ૧૯ | શ્રીમદ્ભાગવતપુરાણ,<br>(ભાગ પહેલો અને બીજો)<br>(શ્રીધરી અને બાલપ્રબોધિની ટીકા<br>અનુસાર શુદ્ધ ગુજ. ભાષાંતર સાથે) | ભાષાંતરકર્તા શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર,<br>સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ,<br>અઠ્ઠાવીસમી આવૃત્તિ, ઈ. સ. ૨૦૦૪. |
| ૨૦. | હિંદુ વેદધર્મ | આનંદશંકર ધ્રુવ<br>સંપા. ડૉ. ગૌતમ પટેલ<br>સંસ્કૃતસાહિત્ય અકાદમી, ગાંધીનગર<br>ઈ. સ. ૨૦૦૦ |

# કોશગ્રંથો


| | | |
|---|---|---|
| ૦૧ | અમરકોશ (ગુજરાતી અનુવાદ સાથે) | – સંપા. કેશવરામ કા. શાસ્ત્રી, પ્રકા. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૫. |
| ૦૨ | ગૂજરાતી સંસ્કૃત કોશ | – રચયિતાઓ– ડૉ. નારાયણ મ. કંસારા, પ્રકા. ઈશ્વરલાલ પટેલ, મહર્ષિ વેદ–વિજ્ઞાન અકાદમી, ઈ. સ. ૧૯૯૦. |
| ૦૩ | સંસ્કૃત–ગૂજરાતી વિનીત કોશ | – સંપા. ગોપાળદાસ જીવાભાઈ પટેલ, ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલીઃ પુસ્તક ૧૨૫, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ પુનર્મુદ્રણ, નવે. ૧૯૯૨. |
| ०४ | भारतीय साहित्य कोश | - संपा.डॉ. सुरेश गौतम, संजय प्रकाशन, दिल्ली, २००८ |
| ०५ | हलायुधकोशः (अभिधानरत्नमाला) | - संपा. जयशङ्करजोशी, उत्तर प्रदेश हिन्दी संस्थान, हिन्दी समिति प्रभाग ग्रन्थमाला - १५०, महात्मा गांधी मार्ग, लखनऊ, तृतीय संस्करण, १९९३. |
| ०६ | संस्कृत - हिन्दी कोश | - लेखक वामन शिवराम आप्टे मोतीलाल बनारसीदास पब्लिशर्स प्राइवेट लिमिटेड, बंगलो रोड़, जवाहरनगर, दिल्ली-७, द्वितीय संस्करण, पुनर्मुद्रणः १९९३. |
| ०७ | संस्कृत-शब्दार्थ-कौस्तुभ | - चतुर्वेदी द्वारकाप्रसाद शर्मा तथा पं. तारिणीश झा प्रका. रामनारायणलाल बेनीप्रसाद इलाहाबाद, पंचम संस्करण, १९८९. |
| ०८ | पौराणिक कोश | - राणाप्रसाद शर्मा, ज्ञानमण्डल लिमिटेड, वारासणी द्वितीय संस्करण, पुनर्मुद्रण, फरवरी २००८. |